# પરમાત્મ વૈભવ

ભાગ ૧

## પરમાત્મપ્રકાશ પ્રવચનો



ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# પરમાત્મ વૈભવ

(ભાગ–૧)

(શ્રીમદ્ ભગવત્ યોગીન્દુદેવ પ્રણીત શ્રી પરમાત્મપ્રકાશ
પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
ઈ.સ. ૧૯૬૫-૬૬ની સાલના શબ્દશઃ પ્રવચનો)

પ્રકાશક

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ

મુંબઈ

વિક્રમ સંવત ૨૦૭૯

વીર સંવત ૨૫૪૯

ઈ. સન ૨૦૨૩


**પ્રકાશન**

જેઠ સુદ-૫, તા. ૨૪-૫-૨૦૨૩

શ્રુતપંચમી તથા શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિર, વિલેપાર્લાનો વાર્ષિક પ્રતિષ્ઠા દિન

**પ્રાપ્તિ સ્થાન**

૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર)-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪

૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન-(૦૨૨) ૨૬૧૩૦૮૨૦

www.vitragvani.com, email-info@vitragvani.com

**ટાઈપ સેટિંગ**

**પૂજા ઈમ્પ્રેશન્સ**

ભાવનગર

મો. ૯૭૨૫૨૫૧૧૩૧

સહજ ચિદાનંદ

## પ્રકાશકીય નિવેદન

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,
મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં.

શાસનનાયક અંતિમ તીર્થંકર દેવાધિદેવ શ્રી મહાવીરસ્વામી દ્વારા પ્રવર્તમાન જિનશાસન અખંડ મોક્ષમાર્ગથી આજે પણ સુશોભિત છે. તેમની દિવ્યધ્વનિમાં પ્રકાશિત થયેલ મોક્ષમાર્ગ, ત્યારબાદ થયેલ અનેક આચાર્યો તથા સંતો દ્વારા અખંડપણે પ્રકાશિત થઈ રહ્યો છે. આચાર્યોની પરંપરાનો ઈતિહાસ જોવામાં આવે તો શ્રી યોગીન્દુદેવ ઈ.સ.ની છઠ્ઠી શતાબ્દીમાં થયા. તેઓશ્રીએ સ્વયંની સાતિશય અનુભવ લેખની દ્વારા અનેક મહાન પરમાગમોની રચના કરી. તેઓશ્રીએ સ્વાનુભવ દર્પણ, પરમાત્મપ્રકાશ, યોગસાર, દોહાપાહુડ ઈત્યાદિ અનેક વીતરાગી ગ્રંથોની રચના કરી છે. પરમાત્મ પ્રકાશ ગ્રંથ તેઓશ્રીની જ કૃતિ છે. આ ગ્રંથમાં તેઓશ્રીની સ્વરૂપની ભાવના તથા તેના આશ્રયે ઉત્પન્ન થયેલ સ્વસંવેદનજ્ઞાન અને વીતરાગી અતીન્દ્રિય સુખનો રસ પ્રત્યેક ગાથામાં નીતરે છે. ભવ્ય જીવોના હિતાર્થે થયેલ ગ્રંથરચના પાઠકવર્ગને પણ અત્યંત રસ ઉત્પન્ન થવાનું નિમિત્ત થાય છે. તેઓશ્રીની લેખનીમાં દ્રવ્યદૃષ્ટિનું જોર દર્શાવતી અનેક ગાથાઓ ગ્રંથમાં જોવામાં આવે છે.

પરમાત્મ પ્રકાશ ગ્રંથના ટીકાકાર શ્રી બ્રહ્મદેવજી પણ અધ્યાત્મરસિક મહાન આચાર્ય હતા. તેઓનું મૂળ નામ 'દેવ' અને બાલબ્રહ્મચારી હોવાથી બ્રહ્મચર્યનો ઘણો રંગ હોવાને લીધે 'બ્રહ્મ' એની ઉપાધિ જતાં 'બ્રહ્મદેવ' નામ પડેલ હતું. તેઓ ઈ.સ. ૧૦૭૦ થી ૧૧૧૦ના અરસામાં થયેલ હોવાનું માનવામાં આવે છે. પંડિત દૌલતરામજીએ સંસ્કૃત ટીકાનો આધાર લઈ અન્વયાર્થ તથા તેમના સમયની પ્રચલિત દેશભાષા ઢુંઢારીમાં સુબોધ ટીકા રચેલ છે. ગ્રંથ બે મહાઅધિકારોમાં વિભાજીત થયેલ છે. આત્મા પરમાત્મા કઈ રીતે થાય તેનું અત્યંત સુંદર વર્ણન જોવામાં આવે છે. પ્રથમ અધિકારમાં ભેદવિવિક્ષાથી આત્મા-બહિર્આત્મા, અંતરઆત્મા અને પરમાત્મા એમ ત્રણ ભેદ બતાવવામાં આવ્યા છે. દરેક સંસારી જીવે ભેદજ્ઞાન નિરંતર ભાવવું જોઈએ તેનું વિસ્તારથી વર્ણન કરી પરમાત્મા થવાની ભાવના બતાવી છે. દ્વિતીય અધિકારમાં પ્રથમ મોક્ષ અને મોક્ષના ફળની રુચિ થવા અર્થે સર્વપ્રથમ મોક્ષ અને મોક્ષના ફળનું સ્વરૂપ બતાવેલ છે.

પ્રવર્તમાન શાસનમાં આપણા સૌના પરમતારણહાર ભાવિતીર્થાધિનાથ શાસન દિવાકર અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ લુપ્તપ્રાયઃ થયેલ અખંડ મોક્ષમાર્ગને ફરીને જાગૃત કરી ભરતક્ષેત્રના જીવો પર અવિસ્મરણીય અનંત ઉપકાર કર્યો છે. જન્મ-મરણથી મુક્ત થવું અને સાદિઅનંત સ્વરૂપસુખમાં બિરાજમાન થવાનો માર્ગ પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્વયંબુદ્ધત્વ યોગ પ્રગટ કરી પ્રકાશિત કર્યો છે. તેઓશ્રીનો આ કાળમાં ઉદય એ એક એવી અપૂર્વ ઘટના છે, જેમ સૂર્ય

પ્રકાશિત થતાં કમળો ખીલી ઉઠે છે, તેવી જ રીતે ભવ્ય જીવોનો આત્મા રસવિભોર થઈ પુલકિત થઈ ખીલી ઉઠે છે. અનેક જીવો મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવા પ્રત્યે પ્રયત્નશીલ બન્યા છે. અને પંચમ કાળના અંત સુધી તેમના દ્વારા પ્રસ્થાપિત મોક્ષમાર્ગ અખંડપણે ચાલતો રહેશે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક અધ્યાત્મ શાસ્ત્રો ઉપર અનુભવરસ ઝરતા પ્રવચનો કરેલ છે. તેમાંનો એક ગ્રંથ છે-પરમાત્મ પ્રકાશ. પ્રસ્તુત ગ્રંથ ઉપરના પ્રવચનો ઓડિયોમાં આજે મોજૂદ છે, તે સાંભળતા તેઓશ્રીની અમીરસ ઝરતી વાણીના દર્શન થાય છે. તેઓશ્રીના પ્રત્યેક પ્રવચનોમાં અનેક પડખેથી આત્મસ્વરૂપને પ્રકાશતું તત્ત્વ પ્રકાશમાન થાય છે. તેઓશ્રીના ઉગ્ર અધ્યાત્મપરિણતિના દર્શન તેમની વાણી દ્વારા થઈ શકે છે. પૂર્વાપર અવિરોધ વાણી, અનુભવશીલપણું, આત્માને સતત જાગૃત કરનાર વાણીનો લ્હાવો જેમણે પ્રત્યક્ષ લીધો છે તેઓ ધન્ય છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ કોઈપણ પ્રકારના સંસ્કૃત, વ્યાકરણના અભ્યાસ વિના આચાર્યોના હૃદય ખોલીને જે અનુપમ ભાવો તેમણે જગત સમક્ષ પ્રકાશિત કર્યા છે તે અલૌકિક છે! સ્વલક્ષે સ્વયંના ભાવો સાથે મેળવીને તેને સમજવામાં આવે તો તે એક અપૂર્વ કલ્યાણનું કારણ છે. પૂજ્ય ગુરુદેવશ્રી માટે કે તેમની વાણી માટે કંઈ પણ કહેવું, લખવું કે બોલવું તે સૂર્યને દીપક બતાવવા સમાન છે. તેમ છતાં તેઓશ્રીનો અમાપ ઉપકાર હૃદયગત થતાં શબ્દો તેની મેળાએ જ ભક્તિભાવથી નીકળી પડે છે. તેઓશ્રીના ઉપકારનો બદલો તો કોઈ રીતે વાળી શકાય તેમ નથી, માત્ર તેમના દ્વારા પ્રકાશિત પંથ ઉપર શુદ્ધ ભાવનાથી પ્રયાણ કરીએ તે જ ભાવના છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરત ધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી., વેબ સાઈટ (**www.vitragvani.com**), **vitragvani app, vitragvani YouTube channel** જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે આ પ્રવચનો પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. આ પહેલા ઈ.સ. ૧૯૭૬-૭૭માં ચાલેલા પ્રવચનો પ્રકાશિત થઈ ચૂક્યા છે. પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને સાદર સમર્પિત કરીએ છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય પૂજા ઈમ્પ્રેશન્સ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રીમતી પારૂલબેન શેઠ, વિલેપાર્લા, મુંબઈ, શ્રીમતી આરતીબેન જૈન, મલાડ, મુંબઈ, શ્રી અતુલભાઈ જૈન, મલાડ, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે. જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી

અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. ટ્રસ્ટ મુમુક્ષુગણને વિનંતી કરે છે કે અશુદ્ધિઓ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો **www.vitragvani.com** તથા **vitragvani app** ઉપર ઉપલબ્ધ છે. પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ.

ઈતિ શિવમ્.

ટ્રસ્ટીગણ<br>
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,<br>
વિલે પાર્લા, મુંબઈ




શ્રીમદ્ ભગવત યોગીન્દુદેવ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે

અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી

કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા

વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની

દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો

કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૦૧ | ૧૭–૦૯–૧૯૬૫ | મંગલાચરણ અને ગાથા–૧ | ૦૦૧ |
| ૦૨ | ૧૯–૦૯–૧૯૬૫ | ગાથા–૧ | ૦૧૭ |
| ૦૩ | ૨૧–૦૯–૧૯૬૫ | ગાથા–૧–૨ | ૦૩૩ |
| ૦૪ | ૨૨–૦૯–૧૯૬૫ | ગાથા–૨ થી ૫ | ૦૪૯ |
| ૦૫ | ૨૩–૦૯–૧૯૬૫ | ગાથા–૫ થી ૭ | ૦૬૫ |
| ૦૬ | ૨૪–૦૯–૧૯૬૫ | ગાથા–૭ | ૦૮૧ |
| ૦૭ | ૨૬–૦૯–૧૯૬૫ | ગાથા–૮–૯ | ૦૯૭ |
| ૦૮ | ૨૭–૦૯–૧૯૬૫ | ગાથા–૧૦–૧૧ | ૧૧૨ |
| ૦૯ | ૨૮–૦૯–૧૯૬૫ | ગાથા–૧૧–૧૨ | ૧૨૬ |
| ૧૦ | ૨૯–૦૯–૧૯૬૫ | ગાથા–૧૨ | ૧૪૦ |
| ૧૧ | ૩૦–૦૯–૧૯૬૫ | ગાથા–૧૩ થી ૧૫ | ૧૫૬ |
| ૧૨ | ૦૧–૧૦–૧૯૬૫ | ગાથા–૧૫–૧૬ | ૧૭૦ |
| ૧૩ | ૦૩–૧૦–૧૯૬૫ | ગાથા–૧૭–૧૮ | ૧૮૪ |
| ૧૪ | ૦૪–૧૦–૧૯૬૫ | ગાથા–૧૮ થી ૨૧ | ૧૯૫ |
| ૧૫ | ૦૫–૧૦–૧૯૬૫ | ગાથા–૧૯ થી ૨૩ | ૨૦૯ |
| ૧૬ | ૦૬–૧૦–૧૯૬૫ | ગાથા–૨૩ | ૨૨૨ |
| ૧૭ | ૦૭–૧૦–૧૯૬૫ | ગાથા–૨૪ થી ૨૬ | ૨૩૫ |
| ૧૮ | ૦૮–૧૦–૧૯૬૫ | ગાથા–૨૬ થી ૨૮ | ૨૪૭ |
| ૧૯ | ૦૯–૧૦–૧૯૬૫ | ગાથા–૨૮–૨૯ | ૨૬૧ |
| ૨૦ | ૧૦–૧૦–૧૯૬૫ | ગાથા–૩૦ | ૨૭૪ |

| | | | |
|---|---|---|---|
| ૨૧ | ૧૧–૧૦–૧૯૬૫ | ગાથા–૩૧–૩૨ | ૨૮૮ |
| ૨૨ | ૧૨–૧૦–૧૯૬૫ | ગાથા–૩૨–૩૩ | ૩૦૧ |
| ૨૩ | ૧૪–૧૦–૧૯૬૫ | ગાથા–૩૪–૩૫ | ૩૧૪ |
| ૨૪ | ૧૫–૧૦–૧૯૬૫ | ગાથા–૩૫–૩૬ | ૩૨૮ |
| ૨૫ | ૧૬–૧૦–૧૯૬૫ | ગાથા–૩૬ થી ૩૮ | ૩૪૦ |
| ૨૬ | ૧૭–૧૦–૧૯૬૫ | ગાથા–૩૮ થી ૪૦ | ૩૫૨ |
| ૨૭ | ૧૯–૧૦–૧૯૬૫ | ગાથા–૪૦–૪૧ | ૩૬૬ |
| ૨૮ | ૨૦–૧૦–૧૯૬૫ | ગાથા–૪૨–૪૩ | ૩૭૯ |
| ૨૯ | ૨૧–૧૦–૧૯૬૫ | ગાથા–૪૪–૪૫ | ૩૯૩ |
| ૩૦ | ૨૨–૧૦–૧૯૬૫ | ગાથા–૪૬–૪૭ | ૪૦૬ |
| ૩૧ | ૨૪–૧૦–૧૯૬૫ | ગાથા–૪૭–૪૮ | ૪૨૧ |

# શ્રી સદ્‌ગુરુદેવ સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્‌ઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્ત્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, -મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

# પરમાત્મ વૈભવ

(ભાગ-૧)
(શ્રીમદ્ યોગીન્દુદેવ વિરચિત શ્રી પરમાત્મપ્રકાશ ગ્રંથ ઉપર
અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
૧૯૬૫-૬૬ની સાલના શબ્દશઃ સળંગ પ્રવચનો)

ભાદરવા વદ ૭, શુક્રવાર, તા. ૧૭-૯-૧૯૬૫
મંગલાચરણ તથા ગાથા-૧, પ્રવચન-૧

'ૐ શ્રીપરમાત્મને નમઃ, શ્રીમદ્યોગીન્દુદેવવિરચિત' યોગીન્દ્રદેવથી બનાવેલું આ શાસ્ત્ર પરમાત્મપ્રકાશ બે ટીકા સહિત, બે ટીકા છે એની—એક શ્રીમદ્બ્રહ્મદેવકૃત સંસ્કૃત ટીકા અને શ્રી પંડિત દૌલતરામજીકૃત મંગલાચરણ ભાષા ટીકા. બે ટીકા છે. હવે પહેલી બ્રહ્મદેવ ટીકાનો પહેલો શ્લોક. છે?

श्रीमद्ब्रह्मदेवकृतसंस्कृतटीका

चिदानन्दैकरूपाय जिनाय परमात्मने।
परमात्मप्रकाशाय नित्यं सिद्धात्मने नमः।।१।।

એ શ્લોક છે બ્રહ્મદેવ સંસ્કૃત ટીકા. હવે શ્રી પંડિત દૌલતરામજીકૃત ભાષાટીકા. એનું પહેલા મંગલાચરણ કરે છે. પછી શ્લોકનો અર્થ ચાલશે.

दोहा

चिदानंद चिद्रूप जो, जिन परमातम देव।
सिद्धरूप सुविसुद्ध जो, नमों ताहि करि सेव।।१।।
परमातम निजवस्तु जो, गुण अनंतमय शुद्ध।
ताहि प्रकाशनके निमित, वंदू देव प्रबुद्ध।।१।।

જુઓ! શું અર્થ કર્યો આનો? '**ચિદાનંદ ચિદ્રૂપ...**' આ આત્મા ચિદાનંદ—ચિદ્ એટલે જ્ઞાન. જ્ઞાનાનંદ ચિદ્રૂપ અને જ્ઞાનરૂપ, જ્ઞાનાનંદ અને જ્ઞાનરૂપ. '**જો જિન પરમાત્મ દેવ.**' વીતરાગી પરમાત્મદેવ. '**સિદ્ધરૂપ સુવિસુદ્ધ જો,...**' જે સિદ્ધરૂપ દશા પ્રગટ થઈ, સુવિશુદ્ધ નિર્મળ થઈ. '**નમોં તાહિ કરિ સેવ.**' જે પરમાત્મા પૂર્ણ વીતરાગપર્યાયને પ્રાપ્ત થયા એવા પરમાત્માની દૃષ્ટિ, સેવન કરી અને નમસ્કાર કરું છું. દૌલતરામજી (કૃત છે).

'**પરમાત્મ નિજ વસ્તુ...**' એ ખરેખર તો પરમાત્મ નિજ વસ્તુ છે. પોતાનો આત્મા જ પરમ સ્વરૂપે (છે). એક પર્યાયનું, એક સમયની અવસ્થા રાગ-દ્વેષનું લક્ષ છોડી દ્યો તો ભગવાન આત્મા પરમાત્મા હી હૈ—પરમાત્મા જ છે.

'**પરમાત્મ નિજ વસ્તુ જો, ગુણ અનંતમય શુદ્ધ**' એ દ્રવ્ય લીધું. એમાં અનંત ગુણ શુદ્ધ છે. વસ્તુ એક અને ગુણ અનંત. છે? '**ગુણ અનંતમય શુદ્ધ**', અનંતમય અભેદ '**તાહિ પ્રકાશન કે નિમિત્ત,..**' એ પરમાત્માના પ્રકાશવા માટે '**વંદૂં દેવ પ્રબુદ્ધ.**' જે પરમાત્મસ્વરૂપ પામેલા (છે) એને હું વંદન કરું છું. એ માંગલિક કરીને એની ટીકા કરે છે. આ તો હિન્દી છે, હિન્દીનો અર્થ થયો. હવે સંસ્કૃત જે છેને એનો અર્થ.

'**चिदानंद इत्यादि**' '**શ્લોક કા અર્થ :— શ્રી જિનેશ્વરદેવ શુદ્ધ પરમાત્મા આનંદરૂપ ચિદાનંદચિદ્રૂપ હૈ,...**' લ્યો! વીતરાગ પરમેશ્વર સિદ્ધ પરમાત્મા, શુદ્ધ પરમાત્મા આનંદરૂપ છે, જ્ઞાનાનંદ ચિદ્રૂપ છે. '**ઉનકે લિયે સદાકાલ મેરા નમસ્કાર હોવે,...**' '**ઉનકે લિયે...**' એટલે એને મારો નમસ્કાર ત્રણે કાળ પહોંચો. સદા કાળ નમસ્કાર. પરમાત્મ પૂર્ણાનંદ એ જ આદરણીય છે, એ જ વંદનીય છે અને એ જ પ્રાપ્ત કરવા લાયક છે. '**કિસ લિયે? પરમાત્મ કે સ્વરૂપ કે પ્રકાશને કે લિયે.**' નમસ્કાર શું કરવા કરું છું? કે, પરમાત્માનો પ્રકાશ અંદરમાં પ્રગટે અને આ શાસ્ત્ર પરમાત્મ પ્રકાશ કહેવા માગું છું.

'**કૈસે હૈં વે ભગવાન? શુદ્ધ પરમાત્મસ્વરૂપ કે પ્રકાશક હૈં, અર્થાત્ નિજ ઔર પર સબકે સ્વરૂપ કો પ્રકાશતે હૈં.**' પોતાના સ્વરૂપને પોતે પ્રકાશે, પરના સ્વરૂપને એવા જ બધા આત્માઓ શુદ્ધ પરમાત્મા છે એમ પરમાત્મા પ્રકાશે છે. '**ફિર કૈસે હૈં?**' '**सिद्धात्मने**' '**જિનકા આત્મા કૃતકૃત્ય હૈં.**' સિદ્ધ સિદ્ધ. જેનો આત્મા કૃતકૃત્ય—સિદ્ધસ્વરૂપ—થઈ ગયા. પૂર્ણાનંદની પ્રાપ્તિ સિદ્ધ થઈ ગઈ.

'**સારાંશ યહ હૈ કિ નમસ્કાર કરને યોગ્ય પરમાત્મા હી હૈ, ઈસલિયે પરમાત્મા કો નમસ્કાર કર પરમાત્મપ્રકાશ નામા ગ્રંથ કા વ્યાખ્યાન કરતા હૂં.**' લ્યો! એટલું તો વંદન બ્રહ્મદેવ સંસ્કૃત ટીકાકારે કર્યું. પહેલું હિન્દીમાં કર્યું હતું. આ હવે મૂળ શ્લોક, મૂળ શ્લોક. એ તો પછી એમાં શું શું આવશે એ બધી (વાત કરી છે).

મૂળ શ્લોક. આ યોગીન્દ્રદેવનું માંગલિક છે. પહેલું માંગલિક દૌલતરામજીનું કર્યું, બીજા માંગલિકનો અર્થ કર્યો બ્રહ્મદેવસૂરીનો. બ્રહ્મદેવ બ્રહ્મચારી (હતા). હવે આ યોગીન્દ્રદેવ મહા મુનિ દિગંબર સંત જંગલમાં—વનમાં વસવાવાળા એણે પરમાત્માનું સ્વરૂપ પ્રકાશવા આ ગ્રંથ બનાવ્યો.

जे जाया झाणग्गियएँ कम्म-कलंक डहेवि।
णिच्च-णिरंजण-णाण-मय ते परमप्प णवेवे।।१।।

એમાં કાંઈ હાથ આવે એવું નથી ન્યાં. નાના પુસ્તકમાં શું હોય? હવે એનો અર્થ. '**અબ, પ્રથમ પાતનિકા કે અભિપ્રાય સે...**' બે પ્રકારની અંદર કથન પદ્ધતિ છે, એમાં પહેલી કથન પદ્ધતિના અભિપ્રાયે '**વ્યાખ્યાન કિયા જાતા હૈ. ઉસમેં ગ્રંથકર્તા શ્રી યોગીન્દ્રાચાર્યદેવ ગ્રંથકે આરંભ મેં મંગલ કે લિયે...**' માંગલિક માટે '**ઈષ્ટદેવતા શ્રી ભગવાન કો નમસ્કાર કરતે હુએ એક દોહા છંદ કહતે હૈં.**'. માંગલિક—મહા માંગલિક કરે (છે). કહો, આ લગનમાં મંગલિક નાખે છે ને? માણેક સ્થંભ. માણેક સ્થંભ કહતે હૈં? ક્યા કહતે હૈં? લગન મેં લકડી નહિ ડાલતે? લકડી નહીં ડાલતે? મંગલ સ્થંભ, માણેક સ્થંભ. લાકડું નાખે છે કાંઈક. ચાર લાકડા હોયને? ચાર બાજુ ચાર. રખડવાની ચાર ગતિ. માંડવામાં નાખે. મંડપ કરેને? મંડપ. અંદર ચાર હોય છે, તમને ખબર નથી. એની અંદર ચાર માથે ઝીણા અંદર આમ નીકળેલા હોય ઉપર. શું કહે છે?

'**અન્વયાર્થ :— જો ભગવાન,**' ન્યાંથી ઉપાડ્યું છે. '**યે**' નામ '**જો ભગવાન ધ્યાનરૂપી અગ્નિ સે...**' જુઓ! અહીંથી વાત ઉપાડી. પહેલા તો એ ભગવાન પણ પર્યાયમાં મલિન હતા. પર્યાય, પર્યાય એટલે અવસ્થા (એમાં) મલિન હતા. પર્યાયમાં અનાદિના કાંઈ શુદ્ધ નહોતા. એ '**ધ્યાનરૂપી અગ્નિ...**' દેખો! એ સ્વરૂપ પરમાત્માનું નિજ સ્વરૂપ એનું ધ્યાન લગાવીને. જેવું અનાદિનું રાગ-દ્વેષનું, વિકારનું ધ્યાન હતું, એ જ ધ્યાન સ્વભાવ તરફનું લક્ષ કરીને, દિશા ધ્યાનની પલટી. અનાદિથી ધ્યાન રાગ ને દ્વેષ, ચિંતા-કલ્પના કર્યા જ કરે. નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક ગયો તોપણ એ આર્ત ને રૌદ્રધ્યાનની જ કલ્પાનાનું ધ્યાન (હતું). સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :— ભગવાન પણ પહેલેથી..

ઉત્તર :— ભગવાન પણ પહેલેથી હતા. છેને? આ શું વાત કરે છે? ભગવાન પહેલેથી પર્યાયમાં નિર્મળ નહોતા. શું અત્યાર સુધી સાંભળ્યું આ?

મુમુક્ષુ :— .... વાંક નહિ?

ઉત્તર :— વાંકની ક્યાં વાત છે. પહેલેથી મલિન અવસ્થા અનાદિની જીવોની છે. વસ્તુ સ્વરૂપ-વસ્તુએ પરમાનંદમૂર્તિ અખંડ આનંદકંદ હોવા છતાં, પર્યાયમાં—અવસ્થામાં—હાલતમાં બધું-

ત્રણે એક કહેવાય, અનાદિથી મલિન (હતા). મલિન ન હોય તો આ દુઃખ કોને હોય? રાડ પાડે છે. જરીક શરીર મોળું પડે તો રાડ કોણ પાડે છે એ અંદર?

એ પર્યાયમાં એટલે અવસ્થા, પર્યાય એટલે અવસ્થા. હજી તો મૂળ (વાતની ખબર ન મળે). એક જણો કહેતો હતો કે, આત્માની પર્યાય તો રૂપી છેને બધી? પંડિત નામ ધરાવે. ખબર પણ ન મળે. કોણ જાણે શું ચાલ્યું છે બધું? રસ્તામાં કહેતા હતા. રૂપી (છે ને?) કીધું, એમ રૂપી ન હોય. એ તો વિકારને રૂપી કહ્યો છે (એ) નીકળી જાય માટે કહ્યો છે. વિકાર કંઈ રૂપી છે? અમરચંદભાઈ! મોટા પંડિત હતા, હોં! સમજ્યાને. રસ્તામાં આવું પૂછે તો એવું થઈ જાય કે અરે..! આ શું પણ ભણ્યા છે? ખબર જ ન મળે ન્યાં.

આ આત્મામાં.. વસ્તુ જે આત્મા એ તો શુદ્ધ ચિદાનંદમૂર્તિ પરમાનંદનો કંદ, અનંત ગુણ શુદ્ધ (છે). એ તો કહ્યું ને? અનંત ગુણ શુદ્ધ કહ્યું. પણ એની અવસ્થામાં મલિનતા છે, એ મલિનતા અરૂપી છે. આત્માની પર્યાય છે, પણ એને રૂપી કેમ કહી છે? કે નીકળી જાય છે માટે. એનો મૂળ સ્વભાવ નથી. સમજાણું કાંઈ? છતાં બધી પર્યાય એવી નથી. આત્મા વસ્તુ અનંત ગુણનો પિંડ એની બધી પર્યાય મલિન નથી. અસ્તિત્વગુણ, વસ્તુત્વગુણ, પ્રમેયત્વગુણ આદિ ગુણની પર્યાય તો નિર્મળ (છે). અત્યારે નિર્મળ છે, નિગોદના જીવને નિર્મળ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એટલે આત્મા વસ્તુ, એની પર્યાય રૂપી છે એમ નથી, બધી પર્યાય વિકારી છે એમ નથી. કેટલીક વિકારી ને કેટલીક અવિકારી (છે). શ્રદ્ધા, ચારિત્ર, આનંદ, કર્તા, કર્મ આદિ ગુણની ઊલટી અવસ્થા તે વિકારી છે. અને અસ્તિત્વગુણ, પ્રમેયત્વગુણ, અગુરુલઘુગુણ, દ્રવ્યત્વગુણ એ બધી એની પર્યાય તે નિર્મળ, અનાદિથી નિર્મળ છે. પણ અસ્તિત્વગુણની પર્યાયમાં મલિનતા શું આવે? અસ્તિત્વગુણની પર્યાયમાં મલિનતા આવે તો અસ્તિત્વગુણ ઓછો થઈ જાય, ઘટી જાય. એમ બને કોઈ દિ'? આહા..હા..! સમજાય છે કાંઈ?

જુઓ! આ વાત, સર્વજ્ઞ સિવાય આવો આત્મા ક્યાંય ન હોય. બધા આત્મા આત્મા વાતું કરે પણ એ આત્માનું મૂળ સ્વરૂપ છે એ સમજ્યા વિના વાતું કરે છે. સેઠી! આવો આત્મા કે જેમાં અનંત ગુણ શુદ્ધ ત્રિકાળ (રહ્યા છે). છતાં એની પર્યાયના બે ભાગ (પડે છે). કેટલીક પર્યાયો નિર્મળ (છે) અને કેટલીક મલિન (છે). છે તો મલિન ને નિર્મળ બેય અરૂપી, અમૂર્ત છે. આત્મા અરૂપી અમૂર્ત છે અને એના ગુણો અમૂર્ત અરૂપી છે, એની પર્યાય અમૂર્ત ને અરૂપી છે. ત્રણે અરૂપી, ત્રણે અમૂર્ત છે. સમજાણું કાંઈ? પણ કોઈ ઠેકાણે એને પુદ્‌ગલના પરિણામ અને રૂપી વિકારને કહ્યો એ શું કરવા? એ સ્વભાવમાં રહી શકતું નથી, અંતર ભાન થયે તે છૂટી જાય છે. વિકાર છૂટી જાય છે એથી તેને રૂપી કહ્યો, તેને પુદ્‌ગલના પરિણામ કહ્યા, તેને જડના પરિણામ પણ એક ન્યાયે કહ્યા. આહા..હા..! અમરચંદભાઈ! અપેક્ષા

સમજે નહિ.

મૂળ આ ચીજ શું છે? સર્વજ્ઞદેવે જોયેલો, કહેલો આત્મા. બીજા અજ્ઞાની આ સમજ્યા વિના કલ્પિત વાતું કરે (કે) આવો આત્મા (છે) ને આમ ધ્યાન કરો ને... એ બધા થોથા. આકાશના ફૂલ નીકળશે એમાંથી. ધ્યાન કરશે તો એમાં ધૂળ પણ નહિ નીકળે, ચાર ગતિ પ્રાપ્ત થાશે.

આવો આત્મા, જે એક સમયની અંદર પૂર્ણ શુદ્ધ દ્રવ્યે (છે) પણ પર્યાયમાં મલિન છે. એ મલિન અવસ્થા આત્માની દશામાં છે. એ અરૂપી, નિશ્ચયથી તો અરૂપી છે, અમૂર્ત છે, એને—વિકારને રંગ, ગંધ, રસ, સ્પર્શ નથી. અને કેટલીક નિર્મળ પર્યાય છે, એ તો તદ્દન અરૂપી છે. આ પણ અરૂપી છે પણ એને રૂપી કહેવાનો આશય વિકાર ટળશે માટે. એવા આ ભગવાને **'ध्यानाग्निना'**, એમ લગાવ્યું પહેલું. દેખો! ધ્યાનાગ્નિનો અર્થ શું કર્યો? કે ધ્યાન લગાવ્યું દ્રવ્ય ઉપર. વસ્તુ જે છે એના ઉપર આમ (ધ્યાન) લગાવ્યું. શું ચીજ છે એ? અનંત ગુણનો પિંડ એ પોતે છે. ઈ કહેશે હમણાં, બધો એનો ખુલાસો (કરશે). સમજાય છે?

**'निरंजनज्ञानमयाः'** જુઓ! કહે છે કે, જે ભગવાન આત્માઓએ અનાદિથી જે મલિન દશા હતી; રજકણ કર્મ જુદા છે, શરીર જુદા છે, મલિન અવસ્થા એની પર્યાયમાં એની હાલતમાં છે, પણ એ મલિન પર્યાયને ધ્યાનાગ્નિ દ્વારા. ધ્યાન (કરીને). આમ દ્રવ્યસ્વરૂપ પૂર્ણ અખંડ આનંદ (છે) એ ઉપર દૃષ્ટિ લગાવી. સમ્યગ્દર્શન પણ એક ધ્યાન છે, સમ્યગ્જ્ઞાન પણ એક ધ્યાન છે ને સમ્યક્ચારિત્ર પણ એક ધ્યાન છે. આહા..હા..! સમજાય છે કાંઈ? વસ્તુ... જુઓ! આ પર્યાય પલટે છે. પર્યાયમાં મલિનતા હતી એ ધ્યાનાગ્નિ રૂપી પર્યાય દ્વારા... જુઓ! ધ્યાન અગ્નિ કીધી છે.

**'कर्मकलङ्कान्'** **'पहले कर्मरूपी मैलों को...'** દેખો! પહેલા કર્મરૂપી મેલ હતો. ભાવરૂપી કલંક હતું અને જડના કર્મનો નિમિત્તરૂપે સંબંધ હતો. બેની વાત કરશે, એકલું નહિ. તેથી નયે ઉપાડશે. આ આખી ઝીણી વાત છે. આખું વીતરાગનું કહેલું તત્ત્વ શી રીતે સિદ્ધ થાય છે અને કેમ એ ઉભું થાય ને કઈ નયની અપેક્ષાએ તેના કથનો છે એ બધું આમાં સમાડી દીધું છે. આહા..હા..! સમજાય છે કાંઈ? પહલે કર્મરૂપી કલંક થા, મેલ હતો. (તેને) **'भस्म करके...'** લ્યો! ભસ્મ કર્યું એટલે? વિકારી પર્યાય તો નાશ થઈ ગઈ અને કર્મને ભસ્મ કર્યા એટલે? રજકણો-પરમાણુઓ કર્મરૂપ અવસ્થા છે એની અવસ્થા પલટી ગઈ. પલટી ગઈ એનું નામ આત્માએ તેને ભસ્મ કર્યા એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ આવશે હમણા. ... આ તો હજી શબ્દાર્થ ચાલે છે ને? આ તો ભસ્મ

શું કર્યું? રાખ થઈ ગઈને કર્મની? શું રાખ થાય? કર્મ તો ઝીણા રજકણ છે. જેમ લાકડું, લાકડું છે કે નહિ? લાકડું. એ લાકડાની રાખ થઈ. રાખ થઈ એટલે શું થયું? એની અવસ્થા પલટી ગઈ. લાકડાની જે અવસ્થા હતી એ રાખની અવસ્થા થઈ. પરમાણુ તો એવા ને એવા અહીંયા છે. પરમાણુ તો અહીં હતા એવા ન્યાં છે. ફક્ત અહીં લાકડાની અવસ્થા હતી એ વ્યય થઈને રાખની અવસ્થાનો ઉત્પાદ્ (થયો). પરમાણુ કાયમ ધ્રુવ (રહ્યા). રાખ કોને થાય? રાખ કહેવી કોની? ઈ પેલામાં આવ્યું છે આપણે કે, અકર્મ અવસ્થા ભાઈ! આવ્યું હતું ને? કળશ-ટીકામાં. અકર્મ અવસ્થા ધારણ કરી. કર્મની અકર્મ અવસ્થા થઈ એનું નામ ભસ્મ કર્યું કહેવામાં આવે છે. એમાં છે કે નહિ ક્યાંક? એઈ..! શેમાં છે? એ કાંઈ યાદ રહે? આમાં નથી આવ્યું? પહેલું કીધું કર્મ. ક્યાંક હતું ખરું. કર્મનું અકર્મ કર્યું. નહોતું આવ્યું? શી ખબર પડે આટલા બધામાં? ૧૧૫ શ્લોક? (આ ભાઈએ) યાદ રાખ્યું. રાખવું જોઈએ ને. કહો, સમજાણું કાંઈ? પરમાણુની કર્મ અવસ્થા થઈ હતી તે અવસ્થા પલટીને અકર્મરૂપ અવસ્થા થઈ એનું નામ કર્મને ભસ્મ કર્યા કહેવામાં આવે છે.

મુમુક્ષુ :— પરમાણુ પરમાણુરૂપ ...

ઉત્તર :— પરમાણુરૂપના નહિ, પરમાણુ તો પરમાણુ છે જ, પણ પરમાણુની પર્યાય કર્મરૂપ હતી તે બીજી અકર્મરૂપ અવસ્થા થઈ. સમજાય છે કાંઈ? પરમાણુ તો દ્રવ્ય છે, પણ એ દ્રવ્યની-વસ્તુની કર્મરૂપ અવસ્થા હતી એ અવસ્થા પલટીને પાછી સાધારણ પરમાણુની જે અવસ્થા હતી એ અવસ્થા થઈ ગઈ. સમજાણું કાંઈ?

'**ભસ્મ કરકે...**' '**नित्यनिरंजनज्ञानमयाः जाताः**' જુઓ! ભાષા આટલી વાપરી છે. '**નિત્ય, નિરંજન ઔર જ્ઞાનમયી સિદ્ધ પરમાત્મા હુએ હૈં,...**' દેખો! નિત્ય, વસ્તુમાં નિત્ય હતા, વસ્તુમાં નિરંજન હતા, વસ્તુમાં જ્ઞાનસ્વરૂપ જ હતું, એ અહીં પર્યાયમાં થઈ ગયું, એમ બતાવવું છે. સમજાણું કાંઈ? '**નિત્ય, નિરંજન ઔર જ્ઞાનમયી સિદ્ધ પરમાત્મા હુએ હૈં,...**' નિત્ય વસ્તુ તો નિત્ય હતી. એ પર્યાયમાં ધ્યાનાગ્નિ દ્વારા મલિનતાનો નાશ કરી એ પર્યાય નિત્ય એમ ને એમ, એમ ને એમ સાદિ-અનંત રહી ગઈ. '**નિરંજન,...**' વસ્તુ નિરંજન હતી, પર્યાય નિરંજન-મલ રહિત થઈ ગઈ અને નિરંજનમ જ્ઞાનમયી. વસ્તુ તો જ્ઞાન ને આનંદમય જ હતી પણ એ પર્યાયમાં એકલી જ્ઞાન ને આનંદમય દશા થઈ એને સિદ્ધ ભગવાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓ!

'**સિદ્ધ પરમાત્મા હુએ હૈં,...**' અનાદિના સિદ્ધ નહોતા, એક જીવ અપેક્ષાએ, હોં! સિદ્ધ આમ સદાય છે એ જુદી વાત છે. પણ એક સિદ્ધની જ્યારે વ્યાખ્યા કરે ત્યારે આ ધ્યાનાગ્નિ દ્વારા, એમ કહીને અનાદિ શુદ્ધ જ છે બધા જીવો, બધા શુદ્ધ જ જીવ છે, સદા

શિવ છે એમ નથી. જ્યારે જ્યારે એ ભગવાન સિદ્ધ સ્વરૂપ ધારણ કરે છે ત્યારે ભગવાન પોતાના આનંદ, જ્ઞાન આદિ અનંત ગુણનો પિંડ પ્રભુ, એના ઉપર દૃષ્ટિ, ધ્યાન લગાવીને, જે ધ્યાન પરદ્રવ્ય અને પરસંયોગ ઉપર હતું, એ ધ્યાન સ્વના અનંત ગુણના પિંડ ઉપર લગાવ્યું એથી કર્મનો મેલ અને કર્મનો નાશ થઈ સિદ્ધસ્વરૂપને નિત્ય, નિરંજન, જ્ઞાનમય પર્યાયને પામ્યા. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ણમો અરિહંતાણં...?

ઉત્તર :— આ ણમો અરિહંતાણની વાત ચાલે છે, આ સિદ્ધની. અત્યારે સિદ્ધની (વાત ચાલે છે).

મુમુક્ષુ : ...

ઉત્તર : હા, પણ એ સિદ્ધ જ છે ને. સમજાણું? અરિહંત ને સિદ્ધ આવા હોય. આની કોર શ્લોક છે ને? અકર્મ સહિત. ક્યો શ્લોક છે? પંદર મેં પાને. હા, એ બરાબર હશે. નિર્જરાનો પહેલો બોલ, જુઓ! બરાબર. નિર્જરાનો પહેલો બોલ, ૧૧૫ પાને. જુઓ! નિર્જરાની વ્યાખ્યા : પૂર્વબદ્ધ કર્મકા અકર્મરૂપ પરિણામ. નિર્જરાનો પહેલો શ્લોક. આણે તો ભારે એક એકના અર્થ કર્યા છે. નિર્જરા એટલે શું? આત્મામાં કર્મ નિમિત્તરૂપે હતા, મલિનરૂપ પર્યાય (હતી), એ સ્વભાવનું ધ્યાન થતાં મલિનની પર્યાય ટળી અને કર્મ બદ્ધ હતા એ અકર્મ પરિણામ થયું. કર્મના પરિણામનું અકર્મરૂપ પરિણામ થવું એનું નામ નિર્જરા. આ નિર્જરાની વ્યાખ્યા. એનું નામ ભસ્મ કર્યું કહેવાય. આહા..હા..! જૈનદર્શનમાં લોકોને અભ્યાસ ન મળે. વાડામાં નવરા ન મળે. કલાક-બે કલાક આવે અને ધૂન લગાવે ને એની બધી બહારની લાગી હોય ચોવીસ કલાક. ભાઈ! એ તમાકુની, એ પડિયાની, ફલાણા ને ઢીંકણા ને એ આખો દિ' આ હીરા-માણેકનું આને. આ ભાઈને તો હવે ઓછું થઈ ગયું હશે. ચારે કોરનો નવરો ન મળે. કલાક-બે કલાક સાંભળી હવે કાંઈક, કાંઈક કહેતા હતા. સમજ્યા ને?

એક જણો (બોલતો હતો), હે ગૌતમ! હે ગૌતમ! આવે છે ને? આવે છે ને? ભગવાન કહે, હે ગૌતમ! ભગવાન એમ કહે છે, હે ગૌતમ! સમયમાત્રનો પ્રમાદ ન કરવો, હે ગૌતમ! આત્માનો પુરુષાર્થ કરવો. એક બાઈ ગઈ હશે, એનો ધણી સાંભળવા ગયો તે. સમજે નહિ કાંઈ. પછી ગઈ ઘરે. (પૂછ્યું), શું સાંભળી આવ્યા? ઓય મા, ઓય મા કરતા હતા. પેલા ગોરમાને ઠેકાણે ઓય મા. ઓય મા, સમજાય છે? અમારા કાઠિયાવાડમાં... ઓય મા, ઓય મા (એટલે) પેટમાં દુઃખાવો હોય ને? પેટમાં દુઃખાવો (થાય ત્યારે) ઓય મા, ઓય મા એમ કરે છે ને? હે મા, હે મા એમ નથી કરતાં? એમ કે કો'ક કાંઈક ઓય મા, ઓય મા કરતાં હતા. શું મહારાજને દુઃખ હશે કોણ જાણે? ઓય મા, ઓય મા કરતાં હતા, લ્યો! આવા

ને આવા સાંભળનારાને કાંઈ ભાન ન મળે. શું માર્ગ છે, શું તત્ત્વ છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અવગ્રહ શેનો કર્યો? ઊંધો કર્યો.

અહીંયા નિર્જરાની વ્યાખ્યા કરી, દેખો! ૧૧૫ પાને અથવા નિર્જરાનો પહેલો શ્લોક અને સળંગનો ૧૩૩ શ્લોક, લ્યો! બે તગડા થયા. નિર્જરા એટલે અહીં શું કીધું? ધ્યાનાગ્નિ છે ને? ધ્યાનરૂપી અગ્નિ લગાવતા નિર્જરા કરી એટલે કર્મને ભસ્મ કર્યા. એટલે શું? કે, એ કર્મના રજકણની વિકારી અવસ્થા કર્મરૂપ પુદ્‌ગલની પર્યાય કર્મરૂપે હતી એ પલટીને અકર્મરૂપ અવસ્થા થઈ ગઈ. પરમાણુ તો એમ ને એમ રહ્યા. અકર્મરૂપ અવસ્થા થઈ ગઈ એનું નામ નિર્જરા અને એનું નામ ધ્યાનાગ્નિથી કર્મને બાળ્યા એમ કહેવામાં આવે છે.

આ કાળ માંડ માંડ મળ્યો. દાખલો શાસ્ત્રમાં આપ્યો છે ને? લીલી-ફુગના ગોદડા પડ્યા હોય માથે. લીલ.. લીલ-કાઈ. આ તળાવ ઉપર કાઈ થાય છે ને? થર. એમાંથી કો'ક દિ' છૂટે અને અંદર કાચબાની આમ નજર પડે આકાશ ઉપર (ત્યારે એને એમ થાય), અરે..! આ શું? મેં તો કોઈ દિ' જોયું નહોતું. ઘરે કુટુંબને કહેવા ગયો ત્યાં બીડાઈ ગયું. ત્યાં કુટુંબી જ્યાં આવ્યા તો કાંઈ ન મળે. પેલા કહે, ગાંડો થઈ ગયો લાગે છે આ, પાગલ હો ગયા હૈ. અમે તો કોઈ દિ' સાંભળ્યું નથી. ભાઈ! કાંઈક મેં જોયું છે. આમ કાંઈક ઉપર હતું. પાણી ઉપર બહુ કાઈ લાગી જાય ને? આ તળાવ ઉપર, સરોવર ઉપર બહુ આટલી આટલી લીલ.. લીલ-કાઈ, કાઈ જામી જાય. કદી કોઈ દિ' (જોઈ નહોતી). અંદર કાચબા બહુ રહેતા. કાચબા જનાવર હોય છે ને? એ વખતે પવન આવ્યો અને પડ તુટી ગયું અને આમ જોયું તો ચંદ્ર ને તારા, પ્રકાશ... પ્રકાશ... પ્રકાશ. લાવને કુટુંબને કહેવા જાઉં. કહેવા ગયો ત્યાં (બીડાઈ ગયું). બધા જોવા આવ્યા તો કહે, આ પાગલ થઈ ગયો છે. કોઈ દિ' અમે બાપ-દાદાએ સાંભળ્યું નથી, તેં આ ક્યાંથી વળી (જોયું)? ભાઈ! પણ કાંઈક છે, હોં! હતું, મેં જોયું છે નજરે.

એમ અનાદિનો અજ્ઞાની કંઈક આત્માનું ભાન થતાં બીજાને કહે, અરે...! કાંઈક આત્મા આવો છે, હોં! ભાઈ! અરે..! ચાલ ચાલ. કોઈ દિ' અમે સાંભળ્યું નથી. આત્મા વળી અંદર આનંદ ને શુદ્ધ ને આવો કેવો? જાદવજીભાઈ! અરે..! આત્મા તો અનંત આનંદકંદ જ્ઞાનની જ્યોત ચૈતન્યસૂર્ય, ચૈતન્યધાતુનો તારો છે એ તો. હવે ચાલ, અમે તો કોઈ દિ' જોયો નથી અનંત કાળમાં.

અહીં આચાર્ય કહે છે કે, એવું ધ્યાન કરીને જેણે **'સિદ્ધોંકો...'** એવા સિદ્ધપદને પ્રાપ્ત થયા એને **'નમસ્કાર કરકે...'** હું એને નમસ્કાર કરું છું. જુઓ! સિદ્ધને સીધો નમસ્કાર. 'સમયસાર'માં એમ આવે છે ને? **'वंदित्तु सव्व सिद्धे'** **'मैं परमात्मप्रकाश का વ્યાખ્યાન**

કરતા હૂં...' 'બ્રહ્મદેવ' કહે છે. '**યહ સંક્ષેપ વ્યાખ્યાન કિયા.**' ઈસકે બાદ વિશેષ વ્યાખ્યાન કરતે હૈં. હવે એક એક શબ્દનો ભંગ પાડી પાડીને, ખંડ ખંડ કરીને એનો અર્થ કરે છે.

ભાવાર્થ :— '**જૈસે મેઘ-પટલ સે બાહર નિકલી હુઈ સૂર્યકી કિરણોં કી પ્રભા પ્રબલ હોતી હૈ,...**' છે? જેમ મેઘનો પટલ. પટલ નામ વાદળા. દળ, દળ. એનાથી '**બાહર નિકલી હુઈ સૂર્યકી કિરણોં કી પ્રભા...**' સૂર્યના કિરણોની પ્રભા બહાર નીકળી '**પ્રબલ હોતી હૈ, ઉસી તરહ કર્મરૂપ મેઘસમૂહ કે વિલય હોનેપર...**' એમ કર્મરૂપ મેઘ, એનો સમૂહ આત્માના ધ્યાન દ્વારા વિલય હોનેપર, નાશ હોનેપર '**અત્યંત નિર્મલ કેવલજ્ઞાનાદિ...**' અત્યંત નિર્મળ કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ, અનંત વીર્ય. '**અનંતચતુષ્ટ્ય કી પ્રગટતાસ્વરૂપ પરમાત્મા પરિણત હુએ હૈં.**' લ્યો! એ ભગવાન અનંતચતુષ્ટ્ય શક્તિરૂપે હતા, શક્તિરૂપે તો પરમાત્મા અનંત જ્ઞાન (આદિ) અનંત ચતુષ્ટ્ય હતા, (એનું) ધ્યાન કરીને, અંતરની એકાગ્રતા કરીને પ્રગટરૂપે પર્યાયમાં અનંત ચતુષ્ટ્યરૂપ થયા. '**પરમાત્મા પરિણત હુએ હૈં.**' દેખો! આહા..! પરિણમ્યા છે, પરિણમ્યા છે. એ અવસ્થામાં પરિણત થઈ ગયા છે. અનાદિની અવસ્થા મલિન વિકારીરૂપે વસ્તુનું પરિણમન હતું, એ વસ્તુનું ધ્યાન કરતાં પર્યાયમાં પરમાત્મરૂપ પર્યાય પરિણમી ગઈ છે, થઈ ગઈ છે. સમજાણું કાંઈ?

સિદ્ધ પણ એક પર્યાય છે, સંસાર પણ એક પર્યાય છે, મોક્ષમાર્ગ પણ પર્યાય છે અને સિદ્ધ પણ પર્યાય છે. એટલે પર્યાયને કોઈ એકદમ રૂપી કહે તો સિદ્ધ પણ પર્યાય છે. વસ્તુ છે ત્રિકાળ દ્રવ્ય ધ્રુવ, એનું પરિણમન પલટતા... પલટતા... પલટતા... વિકાર જે અનાદિનો હતો, અંતર સ્વરૂપની દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાય થઈ. એ નિર્મળ પર્યાય મોક્ષનો માર્ગ (છે). જેટલો મલિન રહ્યો એટલો બાધક. એ પૂર્ણ જ્યાં ધ્યાન થઈને પૂર્ણ નિર્મળ પર્યાય પ્રગટ થઈ ગઈ એ સિદ્ધ પરમાત્મા પરમાત્મારૂપે પરિણમી ગયા. આહા..હા..!

વળી સિદ્ધમાં પણ હજી પર્યાય? એક જણો કહે, સિદ્ધને પણ પર્યાય? અરે..! ભગવાન! હજી ખબર ન મળે દ્રવ્યની. પર્યાય એટલે પરિણમનની અવસ્થા. અવસ્થા વિનાનું કોઈ તત્ત્વ ત્રણકાળ, ત્રણલોકમાં હોય નહિ. આહા..હા..! મૂળ વસ્તુની ખબર નહિ ને ઓઘેઓઘે મંડ્યા કૂટવા. સામાયિક, પડિકમણા અને ચોવિહાર, લ્યો! ત્રણ. દેખો!

'**નિર્મલ કેવલજ્ઞાનાદિ અનંતચતુષ્ટ્ય કી પ્રગટતાસ્વરૂપ પરમાત્મા પરિણત હુએ હૈં.**' જે ભગવાન આત્મા વર્તમાન અવસ્થામાં—પર્યાયમાં વિકાર ને મિથ્યાત્વ ને રાગ-દ્વેષરૂપ પર્યાય હતી તે પર્યાયનો વ્યય નામ નાશ થઈ ભગવાન આત્મા પોતાની નિર્મળ શુદ્ધ પર્યાયરૂપે ભગવાન પરિણમી ગયા. એ સિદ્ધની પર્યાય સાદિ-અનંત પરિણમી રહે છે. સિદ્ધ ભગવાનમાં પણ એ પરિણતિ સાદિ-અનંત સદાય પરિણમ્યા જ કરે. થાક લાગતો હશે કે નહિ? અરે..! એ તો

અતીન્દ્રિય આનંદનું પરિણમન છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, પૂર્ણ આનંદ અનંત ગુણની નિર્મળ પર્યાય છે. એ પૂર્ણ પર્યાયનું પરિણમન એ તો વસ્તુની સ્થિતિ થઈ ગઈ. એ પરિણમન સિદ્ધને સમયે સમયે ચાલુ છે. સમયે સમયે એ પરિણમન (ચાલે છે). પહેલે સમયે હતું એ બીજે (સમયે) નહિ, બીજે (સમયે) હતું એ ત્રીજે નહિ. એમ પરમાત્મદ્રવ્ય પર્યાયમાં પૂર્ણ પરિણમ્યા બીજે સમયે, ત્રીજે (સમયે) એમ સાદિ-અનંત પરિણમ્યા કરે છે. આહા..હા..!

મુમુક્ષુ :— વ્યય વિનાનો ઉત્પાદ.

ઉત્તર :— વ્યય એટલે સંસારના વ્યય વિનાનો ઉત્પાદ. પોતાનો તો વ્યય છે. ઈ ભાષા કીધી ન્યાં, આ વ્યય નહિ. આ તો પરમાત્માની પર્યાય એક સમયે ઉત્પન્ન થઈ એનો વ્યય થઈને પરમાત્મા બીજા થાય છે. પેલો વ્યય વિનાનો ઉત્પાદ એટલે સંસારનો જે વ્યય છે એ હવે ઉત્પાદ નહિ થાય. 'પ્રવચનસાર'માં એ બીજી વાત છે. આ બીજી વાત છે. આ તો આત્મામાં જે અનંત ગુણો જે શક્તિરૂપે હતા એનું અંતર ધ્યાન કરીને પર્યાયમાં પૂર્ણ પર્યાય પ્રગટ થઈ, એક સમયમાં થઈ એ વ્યય થાય છે, બીજે સમયે ઉત્પાદ થાય છે. એ પરમાત્મ પર્યાય બીજે સમયે ઉત્પન્ન થઈ ત્રીજે સમયે નાશ થાય, ચોથે સમયે બીજી ઉત્પન્ન થાય. વસ્તુનું પર્યાયરૂપે પરિણમવું એ એનો સ્વતઃ ધર્મ છે. સમજાણું કાંઈ?

સંસારની પર્યાય તો અનાદિ-સાંત થઈ. બહુ થોડી. સંસારની અનાદિથી એક એક સમયની પર્યાય લ્યો તો અનંત છે, અનાદિ-સાંત. ત્યારે ભગવાનની પર્યાય સાદિ-અનંત એટલે જેટલી પર્યાયની સંખ્યા સંસારની હતી એથી મોક્ષની પર્યાય અનંતગુણી થઈ ગઈ. અનંતગુણી એની પર્યાય એમ ને એમ સાદિ-અનંત (રહેશે). આહા..હા..! દ્રવ્ય, ગુણ અને પર્યાય, તેનું વાસ્તવિક સ્વરૂપ જાણ્યા વિના જૈન, ભગવાન કહે છે તે તત્ત્વ હાથ નહિ લાગે. એમ ને એમ વાતું કરે આત્માની ને આત્મા આવો છે ને આત્મા આવો છે ને આત્મા (આવો છે). સમજાણું કાંઈ?

જૈન એટલે વસ્તુનું તત્ત્વ. જૈન એટલે શું? જીત્યું. વસ્તુના સ્વભાવનું લક્ષ કરીને અજ્ઞાન અને રાગ-દ્વેષને જીત્યા એને જૈન કહે છે. એ જૈન કોઈ સંપ્રદાય નથી, જૈન કોઈ વાડો નથી. વસ્તુનું સ્વરૂપ આત્માનું, આત્માનું હોં! જડનું એ તો જાણવાનો વિષય છે, જડ તો જાણવાનો વિષય છે પણ એ વિષય છે એવડો મોટો એ જ્ઞાનનો સ્વભાવ છે. સમજાય છે? જ્ઞાનનો એક સમયનો પર્યાય પોતાને ને ત્રણકાળના પદાર્થને જાણે એવડો એક સમયનો પર્યાય એ જૈનની પર્યાય છે. જૈન આત્માની એ પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, '**અનંતચતુષ્ટય અર્થાત્ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્ય, યે અનંતચતુષ્ટય સબ પ્રકાર અંગીકાર કરને યોગ્ય હૈં,...**' લ્યો! જીવને એ જ અનંત ચતુષ્ટય

જે પરમાત્માને પર્યાયમાં પ્રગટ્યા, એ જ આત્માને અંગીકાર કરવા લાયક છે. રાગ-દ્વેષ નહિ, વિકાર નહિ, મોક્ષમાર્ગની પર્યાય પણ એ ખરેખર તો ક્ષણિક છે. ત્રિકાળ સ્વરૂપમાંથી એ અનંત જ્ઞાન આદિ પ્રગટ્યા એ જ અંગીકાર નામ પ્રગટ કરવા લાયક છે. પ્રગટ કરવા લાયક આત્મામાંથી. આત્મામાં અનંતચતુષ્ટય છે. કહો, સમજાણું કાંઈ?

અનંતચતુષ્ટય છે ને આત્મામે? સ્વચતુષ્ટય ને અનંતચતુષ્ટય બે એક જ છે ને? સ્વચતુષ્ટય ને અનંતચતુષ્ટય. સ્વચતુષ્ટય જુદા ને અનંતચતુષ્ટય જુદા. કેટલી વાર કહીએ છીએ. તમે ધ્યાન ક્યાં રાખો છો? ... ધ્યાન રાખે છે. સ્વચતુષ્ટય કા અર્થ પ્રત્યેક દ્રવ્ય, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી છે એ સ્વચતુષ્ટય અને પરદ્રવ્યના ક્ષેત્ર, કાળ, ભાવથી નથી, એ પરચતુષ્ટયથી નથી. સ્વચતુષ્ટય એટલે દ્રવ્ય વસ્તુ. ક્ષેત્ર (એટલે) પહોળાઈ. કાળ (અર્થાત્) અવસ્થા ને ભાવ (અર્થાત્) ગુણ. એ બધા દ્રવ્યમાં સ્વચતુષ્ટય હોય છે. અને આ અનંત ચતુષ્ટય જે ભાવમાં ગુણરૂપે અંદર પડ્યા છે એ પર્યાયરૂપે પ્રગટ કરવા એનું નામ સિદ્ધની પર્યાય છે. ભાવમાંથી કાળમાં લાવવું. અનંત ચતુષ્ટય ગુણ શક્તિરૂપે છે એની પ્રગટ પર્યાય કરવી એ અવસ્થા છે. અને સ્વચતુષ્ટય તો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને સ્વચતુષ્ટય કહેવામાં આવે છે. થોડા દિ' પહેલા એ વાત થઈ ગઈ હતી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ : ...

ઉત્તર : થઈ હતી ને. અહીં તો ઘણી વાત થાય છે, ભાઈ! પેલા ગાળને ગાંઠે બાંધે, પણ આ ગુણને ગાંઠે બાંધતા વાર લાગે છે એને. ગાળ.. ગાળ. ગાળ યાદ રાખે કે પાંચ વર્ષ પહેલા એણે ગાળ દીધી હતી. ગુણને તો ગાંઠે બાંધ! ગાળ દીધી હોય તો કેવું લાગે એને! આહા..હા..! ખરે ટાણે જમાઈએ માંડવામાં નાક કાપ્યું હતું મારું. લગન હોય ને? લગન, એમાં જમાઈ એવો કડક હોય, જમાઈ એવું વચન બોલ્યો હોય, આમ યાદ રહે મરણ સુધી, હોં! એક તો સાસરો મરતો હતો તો મરતા મરતા કહે, મારી અગ્નિ જળશે. મારા બન્ને જમાઈ એવા પાક્યા છે. સમજ્યા? નામ ન દઈએ. સમજાણું કાંઈ?

એ સસરો હતો. એ સસરો મરતા મરતા એનો એક જમાઈ હતો અમુક જાતનો એક જમાઈ એવો હતો બીજી જાતનો. એને બન્ને દીકરીનો સંતોષ નહોતો. એટલે મરતા મરતા કહે, મારી અગ્નિ સ્મશાનમાં ધગધગશે, શાંત નહિ થાય. એવા બે જમાઈ મળ્યા છે. આવા ને આવા હોળી. જમાઈ કહતે હૈં ન? સંસારની એવી સ્થિતિ (છે). એક જમાઈને મતલબ પહેલેથી લગન કર્યા હતા ત્યારથી બંધી હતી પહેલેથી, લગ્ન પહેલાની બ્રહ્મચર્યની બંધી. હવે એમ ને એમ રહી ગયા આખી જિંદગી. બાર મહિના, બાર મહિના વધાર્યે ગયા. લગન પહેલા બાર મહિનાની બંધી હતી. પછી લગન કર્યા એટલે બંધી હતી પછી વળી બાર મહિના પૂરા થયા એટલે

પછી બીજે બાર મહિને એટલે બાર મહિના એટલે આખી જિંદગી કાઢી. એટલે પેલા સાસરાને બળતરા (થઈ), મારી દીકરી (સાથે) લગન કર્યા પણ.. (પેલાને) બીજી કાંઈક હતી. એ આ ભાઈને ખબર હશે. રાંડી હશે. એ તો એને ખબર હોય ને તારાચંદભાઈને. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! શું છે પણ આ? મારી અગ્નિ સ્મશાનમાં ધગધગશે. મને શાંતિ નથી. પણ પરને લઈને શું છે તને હવે? પણ ખદબદાટ, ખદબદાટ. કષાયની કલ્પના... કલ્પના... કલ્પના.

કહે છે, અરે..! જીવ ક્યાં ભૂલ્યો ભમે છો? ભાઈ! ભગવાન તારું સ્વરૂપ છે ને! એ પર્યાયમાં ભગવાને પ્રગટ કર્યું એ તારે પ્રગટ કરવા જેવું છે. તારું કામ એ છે, બીજું કામ નથી, એમ કહે છે, લ્યો! આહા..હા..! તારા ગુંજામાં ભર્યું છે. ગુંજા કહતે હૈં? જેબ જેબ. જેબ મેં ભરા હૈ, નિકાલકર ખા. ઈતની વાત હૈ. ભૂખ લાગી હોય ને પછી જેબમાં પેંડા-બેંડા ઊંચા આમ માવાના પડ્યા હોય. (આ ભાઈ) વળી બદામ કહે છે. ઠીક છે, લ્યો! બદામ-પિસ્તા એમ ભગવાન તારા સ્વરૂપમાં અંદર અનંત આનંદ ને જ્ઞાન આદિ, મહા પેંડા અંદર પડ્યા છે. અંતર દૃષ્ટિ કર ને ખા એટલી તારી વાર છે. આહા..હા..!

મુમુક્ષુ :— ..

ઉત્તર :— એનું માહાત્મ્ય આવવું જોઈએ ને! આ તે શું છે પણ આ!! શાસ્ત્ર કહે છે ને? કુતૂહલ તો કર એકવાર. એ આવે છે ને? ભાઈ! એ 'અમૃતચંદ્રાચાર્ય'ના કળશમાં આવે છે. કુતૂહલ તો (કર). તત્ત્વનું કુતૂહલ તો (કર). તત્ત્વ કૌતૂહલીનમ્. એક કળશ છે. કુતૂહલ તો કર કે, આ તત્ત્વ શું છે? આ શું વાત કરે છે? આ કોની કરે છે? મારી! એવડો હું! કુતૂહલ તો કર એકવાર, કુતૂહલ. કળા ને ખેલ તો કરો કે, આ શું કહે છે પણ આ? અંદર આવો... આવો... આવો... શું કહે છે આ? કુતૂહલ કર. બીજાની કુતૂહલતા કેમ (કરે છે)? એક બાઈ ઘણા વર્ષથી નહોતી નીકળી. ન નીકળી હોય. પેલામાં હોયને? પડદામાં. શું કહેવાય આપણે? ઓઝલ ઓઝલ. બહાર નીકળે તો આમ બધા જોવા નીકળે. આ ભગવાન અંદર પડ્યો છે અનાદિ-અનંત શાંત અનંત ચતુષ્ટ્યનો ભંડાર! એ ઓઝલમાં રાગની આડમાં પડ્યો છે. આહા..હા..! એક વિકલ્પની આડ, પુણ્ય-પાપનો પ્રેમ, પ્રેમ-રુચિની આડમાં આખો ભગવાન પડ્યો છે. આહા..હા..!

કહે છે, એ અનંત ચતુષ્ટ્ય ભગવાને પ્રગટ કર્યા એ તારે પ્રગટ કરવા લાયક છે. '**તથા લોકાલોક કે પ્રકાશનકો સમર્થ હૈં.**' કોણ? સિદ્ધ પરમાત્મા. સિદ્ધ પરમાત્મા એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણે. સિદ્ધ ભગવાન પોતાની પર્યાયમાં (જાણે). આ કેવી વાત પણ! સિદ્ધ, અનંત સિદ્ધ જે છે... '**वंदित्तु सव्व सिद्धे**' સમયસારની પહેલી ગાથા. સિદ્ધોની કેવળજ્ઞાનની અનંત પર્યાય છે, એવી અનંતી પર્યાયો અનંતા ગુણની છે. પણ સિદ્ધને એક

ગુણની પર્યાયમાં લોકાલોક ભાસે છે. સિદ્ધની એક કેવળજ્ઞાનની પર્યાયમાં લોકાલોક ભાસે છે. **'સમર્થ હૈં.'**

**'જબ સિદ્ધપરમેષ્ઠી અનંતચતુષ્ટયરૂપ પરિણમે, તબ કાર્ય-સમયસાર હુએ.'** દેખો! શું કહે છે? ભગવાન સિદ્ધ પરમાત્મા પોતાની વર્તમાન પર્યાયમાં કેવળજ્ઞાન, કેવળદર્શનરૂપે, કાર્યરૂપે પરિણમ્યા, કાર્યરૂપે અવસ્થા થઈ, કાર્યરૂપ દશારૂપે પરિણમ્યા ત્યારે તેને કાર્યસમયસાર કહેવામાં આવે છે, એ કાર્યસમયસાર થયા. **'અંતરાત્મ અવસ્થા મેં કારણ-સમયસાર થે.'** એ પર્યાય જે અંતર આત્મા હતી ને? કારણસમયસાર ત્રિકાળી તો છે. આ તો સાધક અવસ્થામાં કારણસમયસાર છે. શું કહ્યું? શું કહ્યું? ક્યા કહા, એ થોડા થોડા શબ્દમાં ફેર છે. બહુ ધ્યાન રાખે તો હળવે હળવે અભ્યાસ થઈ જાય. હિન્દીને ગુજરાતીનો એક કોષ છે. આપ્યો તમને? છે. આપ્યો કે નહિ? આપણે બે પાનાનો છે. કાલે આવ્યા હતા, (કીધું), શીખો. તમે હવે અહીંયા રહેવા માંડ્યા છો તો થોડા થોડા શીખો. એ..ઈ..! અમારા શેઠિયા આવે છે ને? એ તો કહે, હિન્દી બોલો જ નહિ, તમે ગુજરાતી જ બોલો. અમને તો ગુજરાતી બહુ સારુ મીઠું લાગે છે. એ હિન્દી છે. 'સરદારશહેર' દીપચંદ શેઠીયા. ગુજરાતી મીઠી ભાષા છે. સરસ... સરસ તો હિંદીમાં પણ ચાલે છેને. સરસ, સરસ એમ ગુજરાતીમાં બોલે. રસ રહિત. આત્મા રસસહિત-સરસ છે. સરસ છે એટલે આત્માના આનંદના રસ સહિત આત્મા છે. એ **'કાર્ય-સમયસાર હુએ.'**

**'જબ કાર્ય-સમયસાર હુએ તબ સિદ્ધપર્યાય પરિણતિકી પ્રગટતા રૂપકર શુદ્ધ પરમાત્મા હુએ.'** કેટલું સ્પષ્ટ કર્યું છે! જ્યારે ભગવાન આત્મા કાર્યપરમાત્મા પર્યાયમાં થયા ત્યારે સિદ્ધપર્યાય પરિણતિ થઈ. સિદ્ધરૂપી અવસ્થા એની પરિણતિ એટલે પર્યાયની પ્રગટતારૂપ-વ્યક્તરૂપ શુદ્ધ પરમાત્મા હુએ, શુદ્ધ પરમાત્મા થયા. આહા..હા..! કેટલી વ્યાખ્યા કરી છે! સિદ્ધપર્યાય પરિણતિથી પ્રગટતારૂપ. એટલે સિદ્ધપર્યાય પહેલી પ્રગટરૂપ નહોતી, શક્તિરૂપે હતી. એની સિદ્ધ પર્યાય, પરમાત્મા અનંત સિદ્ધો થયા એની પર્યાય પ્રગટરૂપે પર્યાયની પરિણતિ પ્રગટ થઈ ગઈ. એને કાર્યસમયસાર ને સિદ્ધ ભગવાન કે કાર્યજીવ, કાર્યજીવ (એટલે) એ જીવે પૂરું કાર્ય કર્યું, કૃત્ય કૃત્ય થઈ ગયા એને કાર્યજીવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એ વાત એવી નથી, ન સમજાય એવી નથી. સમજાણું કાંઈ? પણ ભાઈ! કેવળજ્ઞાન પ્રગટ થઈને પડે એવો કેવળજ્ઞાનનો કંદ તારા મૂળમાં કેવળજ્ઞાન પડ્યું છે અને એ કેવળજ્ઞાન પ્રગટ જેમાં થાય (એ) એક સમયમાં લોકાલોક જાણે. જુઓ! સિદ્ધને લોકાલોક જણાય છે. જેટલા સિદ્ધ પરમાત્મા થયા એ બધાને એક પર્યાયમાં લોકાલોક જણાય. અનંતી પર્યાય તો બીજી રહી ગઈ. દર્શનની, આનંદની, અસ્તિત્વની, વસ્તુત્વની, સ્વચ્છતાની અનંત પર્યાયો. એક

સમયમાં અનંત ગુણની અનંત પર્યાય. એક કેવળજ્ઞાનની પર્યાયમાં લોકાલોક સિદ્ધ ભગવાન જાણે છે. સમજાણું કાંઈ? આહા..હા...!

ણમો સિદ્ધાણં કેવા, એની વ્યાખ્યા ચાલે છે, લ્યો! પહેલેથી ગડિયો હાંકે રાખતા હતા. ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આયરિયાણં, ણમો ઉવ્વજઝાયાણં... આડા અવળું કરતા હશે. ણમો લોએ સવ્વસાહૂણં. ભાઈ! સિદ્ધને નમસ્કાર કરનાર આત્મા કેવો છે એમ જાણીને અમે નમસ્કાર કરીએ છીએ, એમ આચાર્ય કહે છે. એમ ને એમ અમે સિદ્ધને નમસ્કાર નથી કરતા. એ સિદ્ધનું સ્વરૂપ શક્તિરૂપે હતું એણે ધ્યાનથી પ્રગટ કર્યું. પર્યાયમાં અનંતી પર્યાયો નિર્મળ થઈ ગઈ. એની એક જ્ઞાનની પર્યાયમાં લોકાલોક જણાય એવા સિદ્ધ છે એને સમજીને અમે નમસ્કાર કરીએ છીએ સમજ્યા વિના ણમો સિદ્ધાણં નમસ્કાર અમે કરતાં નથી. સમજાણું કે નહિ? મોટું માંગલિક માંગલિક (કર્યું).

**'જૈસે સોના અન્ય ધાતુકે મિલાપસે રહિત હુઆ,...'** સોનું હતું ને સોળ વલું? એની જોડે આની અન્ય ધાતુ કથીર કે ત્રાંબુ હતું. **'અપને સોલહવાનરૂપ પ્રગટ હોતા હૈ,...'** એ ધાતુ ... રહિત થયો. સોળવલું. તમારા સોળવલું કહે છે ને? શું કહે છે? સો ટચકા સોના સોળ વલા. આ તમારે હિન્દીમાં તો છે. આ પાઠ છે ને? સોળ વલા. સમજાણું? **'ઉસી તરહ કર્મ-કલંક રહિત...'** જેમ સોનામાં પહેલા તાંબાનું કલંક હતું, તાંબુ આદિ. એ કલંક રહિત થઈને સોળ વલું થયું. એમ સિદ્ધ ભગવાનનો આત્મા પહેલા કર્મ-કલંક સહિત, નિમિત્ત સંબંધ ને વિકાર સહિત હતો તેનાથી **'રહિત સિદ્ધપર્યાયરૂપ પરિણમે.'** સિદ્ધની પર્યાયરૂપે પરિણમી ગયા, પરિણમી ગયા. એ પરિણમન થઈ ગયું, ખલાસ. સમજાય છે કાંઈ?

**'તથા પંચાસ્તિકાય ગ્રંથમેં ભી કહા હૈ જો પર્યાયાર્થિકનયકર' 'अभूदपुव्वो हवदि सिद्धो'**. શું કહે છે? ભગવાન 'કુંદકુંદાચાર્ય' મહારાજે 'પંચાસ્તિકાય'માં એમ ફરમાવ્યું છે કે, **'પહલે સિદ્ધપર્યાય કભી નહીં પાઈ થી,..'** અનંત કાળમાં સિદ્ધની નિર્મળ પર્યાય કદી મળેલી નહોતી, પામ્યા નહોતા. **'વહ કર્મ-કલંક કે વિનાશ સે પાઈ.' 'अभूदपुव्वो'** છે ને? **'अभूदपुव्वो'**. પૂર્વે કોઈ દિ' સિદ્ધ પર્યાય પામી ન હતી. પર્યાય. દ્રવ્ય તો છે ઈ છે, વસ્તુ અનંત ગુણ. મોક્ષમાર્ગની પર્યાય મલિનથી રહિત થઈને શરૂ થઈ અભૂતપૂર્વ—પૂર્વે નહિ પ્રગટેલી અભૂતપૂર્વ (પ્રગટ થઈ). પૂર્વે અનંત કાળમાં નહિ થયેલી એવી પર્યાય ભગવાનને પ્રગટ થઈ. **'યહ પર્યાયાર્થિકનય કી મુખ્યતા સે કથન હૈ...'** શું કીધું? શું કહ્યું ઈ? સિદ્ધની પર્યાય પ્રગટ થઈ એ પર્યાયાર્થિકનયનું કથન છે. પર્યાય પ્રગટી ને? એ તો પર્યાયનયનું કથન છે. દ્રવ્યાર્થિકનયે તો શક્તિ ત્રિકાળ હતી. સમજાણું કાંઈ?

શું કહ્યું? ભગવાન 'કુંદકુંદાચાર્યે' પંચાસ્તિકાયમાં કહ્યું કે, સિદ્ધ ભગવાન પર્યાયનયે અભૂતપૂર્વ

પૂર્વે નહોતા એવા થયા. નહોતા એવા થયા એ પર્યાયમાં થયા, અવસ્થામાં થયા એ પર્યાયનયનું કથન છે. જે અવસ્થાને જાણે એવા નયનું એ કથન છે. દ્રવ્યમાં જે ત્રિકાળ શક્તિરૂપે સિદ્ધ છે એ દ્રવ્યાર્થિકનયનું કથન છે. સમજાણું કાંઈ? હવે આ નય શરૂ થઈ.

નય એટલે જે પદાર્થનો એક અંશ જાણે. પૂર્ણ જાણે તેને પ્રમાણ કહીએ. એક એક દ્રવ્યના એક પર્યાયને કે દ્રવ્યના એક એક ભાગને જાણે તેને નય કહીએ. સમજાણું કાંઈ? તો સિદ્ધ ભગવાન સિદ્ધપણે પરિણમ્યા એ કઈ નયનું વચન છે? પર્યાયનું, પર્યાય પ્રગટીને? પર્યાયપણે થયા ને? વર્તમાન સિદ્ધ પર્યાયપણે થયા. નહોતા ને થયા એ પર્યાયનયનું વચન છે. અવસ્થાનું વચન છે, અવસ્થા-દૃષ્ટિનું વચન છે, અવસ્થાને સૂચવે તેનું એ કથન છે. મુખ્યતા છે, હોં!

**'ઔર દ્રવ્યાર્થિકનયકર...'** વસ્તુને દ્રવ્યથી જુઓ, દ્રવ્ય એટલે વસ્તુ, એના નયથી જુઓ તો **'જીવ સદા હી શુદ્ધ બુદ્ધ (જ્ઞાન) સ્વભાવ તિષ્ઠતા હૈ.'** વસ્તુ તરીકે જુઓ તો ત્રિકાળ જ્ઞાન ને આનંદ ને શુદ્ધ જ આત્મા છે. એ દ્રવ્યદૃષ્ટિ, દ્રવ્યાર્થિકનયથી. પૂરા દ્રવ્યને જોવાની દૃષ્ટિથી જુઓ તો અનંત જ્ઞાન, દર્શન આદિ શક્તિરૂપે ત્રિકાળ છે. એને પ્રગટ થવું કે ઢંકાવું એમાં છે નહિ. પર્યાયની અંદર ભગવાન પ્રગટ્યા. જે સ્વભાવમાં હતા, એ સ્વભાવમાં હતા એ પર્યાયે પ્રગટ્યા. સિદ્ધ પ્રભુ એને સિદ્ધ કહીએ. એ પર્યાયનયનું વચન છે. અવસ્થાને બતાવનાર એ નય છે. અને જે ત્રિકાળ હતા... પ્રગટ્યા એ તો પર્યાય થઈ. ત્રિકાળ વસ્તુ અનંત જ્ઞાન, દર્શન, આનંદ શુદ્ધ સ્વરૂપ ધ્રુવ, ધ્રુવ ગુણરૂપે જેવી હતી એ દ્રવ્યાર્થિકનયનું વચન છે. દ્રવ્ય નામ શક્તિને બતાવનાર જ્ઞાનનો તે વિષય છે. સમજાય છે કાંઈ? હળવે હળવે આ પોચું તો થાય છે.

જુઓ! વસ્તુ છે કે નહિ? આ પીપર છે ને? પીપર. પીપરનો દાણો, આ લીંડી પીપર. ભાઈ! આ છોટી પીપર લીંડી પીપર, નહિ? આ છોટી પીપર. એમાં ચોસઠ પોરી ચરપરાઈ-તિખાશ પડી છે કે નહિ? શક્તિરૂપે છે કે નહિ? એ શક્તિરૂપે છે એ દ્રવ્યાર્થિકનયનું વચન (થયું). દ્રવ્ય, દ્રવ્યની શક્તિને બતાવનાર જ્ઞાન. અને પ્રગટ થઈ બહારમાં એ પર્યાયનયનું વચન (અર્થાત્) પ્રગટેલીને બતાવનાર. એમ સંસારી દરેક જીવમાં સિદ્ધપદ ને કેવળજ્ઞાન તો શક્તિરૂપે ત્રિકાળ પડ્યું છે, એ દ્રવ્યનયનું વચન. પ્રગટ થયું એ પર્યાયનું વચન. સમજાણું કાંઈ?

વાત તો ઘણી સીધી ને સાદી હોય છે, પણ કોઈ દિ' અભ્યાસ ન મળે. આંગણે ચડ્યો નથી, અને આંગણે આવ્યો હોય તો ઉપર ટપકે. મૂળ એના પડદા ફાડીને-ચીરીને તત્ત્વ શું છે એ જોવાની દરકાર કરી નથી. પડદાના આડે આડે કાંઈક દેખાય, કાંઈક કાંઈક લાગે છે. પેલા પડદા હોય ને ઘરે? ત્યાં કો'ક લાગે છે ખરું, રાતું લુગડું છે. બાઈ હશે કે આદમી ખબર નથી, રાતો કોટ છે કે સાડલો, ખબર નથી. આ તો પડદો ચીરીને આ આત્મા આવો છે,

(એમ કહે છે). સમજાય છે કાંઈ?

વસ્તુએ આત્મા, એક એક આત્મા, હોં! દ્રવ્યાર્થિક દ્રવ્ય એટલે વસ્તુ, અર્થિ એટલે પ્રયોજન, નય એટલે જ્ઞાન. જે જ્ઞાનનું પ્રયોજન પૂર્ણ દ્રવ્યને જોવાનું છે તે નયથી જોઈએ તો આત્મામાં સદાય સિદ્ધપદ શક્તિરૂપે પડેલું છે. એ નહોતું ને પ્રગટ્યું અને પ્રગટવું છે એવું છે નહિ. એ અભૂતપૂર્વ કીધું હતું ને? નહોતું પ્રગટ્યું સિદ્ધ(પદ). એ પર્યાયપણે નહોતી ને પર્યાય પ્રગટી. દ્રવ્યપણે ત્રિકાળ છે. બે નયથી વસ્તુને જોવાને આંખ છે, વસ્તુને જોવાની આંખો બે છે. એક ત્રિકાળ દ્રવ્યને જોવાની આંખ એ દ્રવ્યાર્થિક આંખ અને એક વર્તમાન પ્રગટ પર્યાયને પ્રગટેલીને જોવાની આંખ, એટલે પર્યાયાર્થિકની આંખ. એ બે આંખ થઈને આખું દેખાય છે. સમજાણું કાંઈ?

દ્રવ્ય, દ્રવ્ય નામ વસ્તુ તરીકે આત્માને એક એકને જોવો તો '**શક્તિ કી અપેક્ષા યહ જીવ સદા હી શુદ્ધ બુદ્ધ (જ્ઞાન) સ્વભાવ તિષ્ઠતા હૈ. જૈસે ધાતુ પાષાણ કે મેલ મેં ભી શક્તિરૂપ સુવર્ણ મૌજૂદ હી હૈ,...**' શું કહે છે? ધાતુપાષાણ(રૂપ) છે જ્યારે પથ્થર ને સોનું, એમાં પણ શક્તિરૂપે સોનું તો શુદ્ધ જ શુદ્ધ છે. '**ક્યોંકિ સુવર્ણ-શક્તિ સુવર્ણ મેં સદા હી રહતી હૈ,...**' એ પથ્થરના સોનામાં સુવર્ણ શક્તિ એમ જોઈએ. સમજાણું કાંઈ? ધાતુ પાષાણે સુવર્ણ શક્તિ એમ જોઈએ. છે ને અંદર? જુઓ! છઠ્ઠી લીટી. ધાતુ પાષાણેષુ, એમ જોઈએ. સુર્વણ શક્તિ સુવર્ણમાં સદાય રહે છે એમ ન જોઈએ. ધાતુવાળો છે ને સોનાનો પથરો? ધાતુ સહિત પથરો. એ પથરામાં જ સોનાપણું શક્તિ કાયમ રહેલી છે અને ધાતુથી ભિન્ન કરો ત્યારે સોનું એકલું પ્રગટ થઈ જાય છે. સમજાય છે કાંઈ? આ પથરા હોય છે ને મોટા? સોનાના આવે છે ખાણમાંથી. એના કારખાના હોય, ઓગાળે છે, એકલું સોનું પડ્યું હોય. પણ એ પથરાના સોનામાં એ સોનાની શક્તિ છે. સમજાય છે?

'**જબ પરવસ્તુ કા સંયોગ દૂર હો જાતા હૈ, તબ વહ વ્યક્તિરૂપ હો જાતા હૈ.**' સોનું, સોનું, હોં! '**સારાંશ યહ હૈ કિ શક્તિરૂપ તો પહલે હી થા, લેકિન વ્યક્તિરૂપ સિદ્ધપર્યાય પાને સે હુઆ.**' એમ આત્મામાં, દરેક આત્મામાં શક્તિરૂપ, સામર્થ્યરૂપ, સત્ત્વરૂપ, ભાવરૂપ સિદ્ધપદ ગુણરૂપ તો સદાય અનાદિ-અનંત છે. પ્રગટ અવસ્થા થઈ ત્યારે પર્યાયપણે પરિણમ્યા ત્યારે એને મોક્ષ દશા કહેવામાં આવે છે. એ પર્યાયનયનો વચન છે. કહો, સમજાય છે કાંઈ? એનો આધાર આપીને વાત કરશે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૯, રવિવાર, તા. ૧૯-૯-૧૯૬૫**
**ગાથા-૧, પ્રવચન-૨**

'પરમાત્મપ્રકાશ' પહેલા અધ્યાયની પહેલી ગાથા. જુઓ! શું અધિકાર ચાલે છે? કે, જે સંસારમાંથી સિદ્ધ ભગવાન થયા એ ધ્યાનાગ્નિ દ્વારા કર્મને નાશ કરીને થયા. જે આ સંસારી જીવ છે ચોરાશી લાખના અવતારના જીવ એમાંથી જે સિદ્ધ ભગવાન પરમાત્મા થયા, એ કેવી રીતે થયા એ ગાથામાં નયો ઊતારે છે. આત્મા... જુઓ!

**'ऐसा ही द्रव्यसंग्रह में कहा है,...'** છે? આ બાજુ ત્રીજી લીટી છે. **'सव्वे सुद्धा हु सुद्धणया'** એ સંસારી જીવ પણ અનંતા જેટલા આત્માઓ છે એ **'शुद्ध नयकर,...'** શુદ્ધનય એટલે જે એની વસ્તુ શુદ્ધ પવિત્ર છે એને જાણનાર નય દ્વારા જોઈએ તો **'सभी जीव शक्तिरूप शुद्ध हैं...'** બધા આત્મા શક્તિરૂપે પરમાત્મા જ છે, શુદ્ધ જ છે. સમજાણું કાંઈ? આ લોકો નથી કહેતા? કે, ભાઈ! માલ કાઢી લ્યો શરીરમાંથી જેટલો નીકળે એટલો. અપવાસ કરીને ફલાણા નથી કહેતા? ધૂળમાં-શરીરમાં ક્યાં માલ હતો? આત્મામાં માલ છે, અંદર શક્તિરૂપે પરમાત્મા છે. એમાંથી જેટલો માલ કાઢવો હોય એટલો એકાગ્ર થઈને કાઢ. કહો, સમજાય છે કાંઈ? કહે છે કે, **'शुद्ध नयकर...'** શુદ્ધ એટલે વસ્તુ આત્મા પવિત્ર અનંત ગુણનું શુદ્ધ સ્વરૂપ, પરમાત્મ શુદ્ધ શક્તિરૂપે પરમાત્મા ઈ છે. એ નયથી એટલે એ જ્ઞાનથી જોઈએ તો બધા શક્તિરૂપે, સામર્થ્યરૂપે, સ્વભાવરૂપે ચૈતન્ય અંતર ચમત્કારના સ્વભાવરૂપે શુદ્ધ જ છે.

**'पर्यायार्थिकनयसे व्यक्तिकर शुद्ध हुए.'** જુઓ! શું કહે છે? પણ વર્તમાન પર્યાયમાં અવસ્થામાં જે સિદ્ધ થયા એ પર્યાયનય એટલે અવસ્થાની દૃષ્ટિ જોઈએ તો પર્યાયનયથી શક્તિની વ્યક્તિ થઈ. પ્રગટ અવસ્થા થઈ એ પર્યાયનયથી થઈ, વસ્તુનયે તો ત્રિકાળ શુદ્ધ જ છે. સમજાણું કાંઈ? પર્યાયથી એટલે અવસ્થા એની હાલત. સિદ્ધ ભગવાન છે એ પર્યાય છે. સિદ્ધ ભગવાન કાંઈ દ્રવ્ય ને ગુણ નથી. દ્રવ્ય, ગુણ તો કાયમી ચીજ છે. સિદ્ધ પર્યાય છે, પરિણમન એક અવસ્થા (છે), એ અવસ્થાની દૃષ્ટિએ જોઈએ તો વ્યક્તરૂપ ભગવાન થયા છે એ અવસ્થા દૃષ્ટિએ થયા છે. વસ્તુ દૃષ્ટિએ તો ત્રિકાળ શુદ્ધ જ છે. કહો, સમજાણું કાંઈ?

**'पर्यायार्थिकनय से व्यक्तिकर...'** વ્યક્તિ એટલે પ્રગટ. પ્રગટરૂપે **'शुद्ध हुए.'** એ પર્યાયનયની અપેક્ષાએ પ્રગટરૂપ શુદ્ધ થયા, વસ્તુરૂપે તો શુદ્ધ જ હતા, અનાદિ હતા જ. બધા જીવો શુદ્ધ જ છે. પર્યાયમાં ધ્યાન કરીને (શુદ્ધ થયા). ધ્યાન પણ એક પર્યાય છે. વસ્તુનું

સ્વરૂપ પૂર્ણ આનંદ (છે) એનું ધ્યાન એ પણ એક પર્યાય છે, અવસ્થા છે. એ ધ્યાન પણ ખરેખર પર્યાયનયનો વિષય છે. એ દ્વારા પરમાત્માની પ્રગટ અવસ્થા થઈ એથી એને સિદ્ધ કહેવામાં આવે છે.

**'કિસ કારણ સે? ધ્યાનાગ્નિના...'** એ મૂળ શબ્દ છે ને એનો અર્થ કરે છે. **'ધ્યાનરૂપી અગ્નિકર...'** જુઓ! ધ્યાનરૂપી અગ્નિ. વસ્તુ અખંડ આનંદ ને શુદ્ધ વસ્તુ છે એને અંતર નિર્વિકલ્પ ધ્યાન દ્વારા (સાધી). કર્મ રૂપી, જડ છે એનો નાશ એટલે રૂપાતંર થઈ અને આત્મા પોતાને કારણે સિદ્ધપદને પામ્યા. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ધ્યાનાગ્નિની પર્યાય...

ઉત્તર :— ઈ એકાગ્ર કીધું ને! વાત કીધી ને! અંદર શબ્દ કીધો. વસ્તુસ્વરૂપ જે છે એમાં અંતર એકાગ્ર થવું તે. ઈ ધ્યાનાગ્નિ (છે). ઈ કહ્યો હતો, વચ્ચે શબ્દ કહ્યો હતો. કોઈને પૂછવું પડે નહિ. ધ્યાન રાખે તો બધું આવી જાય. વસ્તુ જે શુદ્ધ ચિદાનંદ અનંત ગુણનો પિંડ છે એનું એકાગ્ર થઈને અંતર્મુખ થઈને ધ્યાન એટલે એકાગ્ર થવું એ ધ્યાનાગ્નિ (છે). અંતર સ્વભાવ પૂર્ણ (છે) એના ઉપર લક્ષ કરીને એકાગ્ર થવું તે ધ્યાનાગ્નિ (છે). અમરચંદભાઈ!

મુમુક્ષુ :— દેવ-ગુરુ-શાસ્ત્રની જરૂર પડે?

ઉત્તર :— ના, અંદર કોઈની જરૂર પડતી નથી. કહો, સમજાણું કાંઈ?

**'ધ્યાનાગ્નિના અર્થાત્ ધ્યાનરૂપી અગ્નિકર...'** એટલે ભગવાન આત્મા અંદર શક્તિરૂપે છે. જેમ દિવાસળીમાં શક્તિ છે ને? દિવાસળી કહે છે ને? દિવાસળી. દિવાસળીમાં શક્તિ છે ને? અગ્નિ(રૂપ) શક્તિ તો છે અંદર. આમ થઈ તો અવસ્થામાં પ્રગટ થઈ, વર્તમાન પર્યાયમાં પ્રગટ અગ્નિ થઈ. દિવાસળી. કહો, સમજાણું કાંઈ? આત્માની શક્તિ...

જેમ દિવાસળીમાં અગ્નિની શક્તિ છે ને? એ અગ્નિની શક્તિ તો અંદર છે, ઘસી ત્યારે વર્તમાન દશામાં પ્રગટ થઈ. આમ ઘસી. એમ આત્મામાં પૂર્ણ આનંદ ને જ્ઞાન ને પરમાત્મા જ શક્તિરૂપે છે. એની એકાગ્રતા રૂપી ધ્યાન લગાવ્યું. એકાગ્રતાનો ઘસારો, અંતર્મુખ એકાગ્રતાનો ઘસારો, ઘસવું. એ એકાગ્રતાના ઘસવાથી સિદ્ધપર્યાય પ્રગટ થાય છે. કહો, સમજાણું કાંઈ? આમાં તો સિદ્ધ કેમ થવાય એ બધી વાત ભેગી આવે છે. પણ માણસને અંદર રસ ન મળેને રસ, એટલે આમ જાણે લુખ્ખું લાગે. રસ ભરેલી આમ તરબોળ વાત છે. પૂરણપોળી કરે ને? પૂરણપોળી નહિ? લબાલબ આમ ઘીની તપેલીમાં ઊની નાખે. પૂરણપોળી કહે છે, સમજાય છે? પૂરણપોળી, ઊની ઊની થાય છે ને? પૂરણપોળી. પછી ઘીની તપેલી તૈયાર હોય. ઊંચા ઘી. પાંચ રૂપિયાનું શેર અત્યારે તો મળે છે ને! બહુ સરસ ઘી. આમ અંદર નાખે. રસબોળ (થઈ જાય).

એમ આત્મા અંતરમાં પૂર્ણ આનંદનો રસબોળ સ્વભાવ છે. એની અંતર્મુખ એકાગ્રતા (કરે). પણ એકાગ્રતા એ પર્યાય છે. પર્યાય પહેલું છે એમ નક્કી થવું જોઈએ. તો દ્રવ્યમાં એકાગ્ર થતાં, વસ્તુમાં એકાગ્ર થતાં વાસ્તવિક ભગવાને કહ્યો એ આત્મા, હોં! અનંત ગુણનો પિંડ પ્રભુ શક્તિરૂપે શુદ્ધ છે, પરમાત્મા જ છે. એની એકાગ્રતા થતાં ધ્યાનરૂપી અગ્નિ. એ તો ઉપમા આપી છે.

‘**કર્મરૂપી કલંકોં કો ભસ્મ કિયા,...**’ ભગવાન સિદ્ધોએ કર્મરૂપી કલંક હતું (એને ભસ્મ કર્યું). કલંક હતું, જડ કર્મનો સંબંધ એ કલંક હતો અને પુણ્ય-પાપના મેલા ભાવ (હતા) એ કલંક હતું. આહા..હા..! લ્યો! અહીં કલંક તો કહે છે. આત્મા ઉપર વર્તમાન પર્યાયમાં જે પુણ્ય ને પાપ જીવ કરતો હતો એ પુણ્ય-પાપ કલંક છે, મેલ છે. એને અંતરની એકાગ્રતા દ્વારા એ કલંકને ધોઈ નાખ્યું—નાશ કર્યો. આમાં સમજાય એવું છે, હોં! શોભાલાલભાઈ! બહુ એવું ન સમજાય એવું નથી, આ તો સાદી ભાષા છે. ભાઈ! શેઠિયાઓને આમ તૈયાર કરવા થોડા, ન હોય તો ઊંચા કરીને તૈયાર કરવા. ન સમજાય એવું નથી એમ ગુજરાતી(માં કહીએ છીએ). કેમ, ભાઈ! આહા..હા..! ‘**કર્મરૂપી કલંકોં કો ભસ્મ કિયા,...**’ ભસ્મનો અર્થ શું? કર્મરૂપી જે પર્યાય હતી (એ) અકર્મરૂપ થઈ ગઈ અને અહીં વિકારનો નાશ થઈ ગયો. ‘**તબ સિદ્ધ પરમાત્મા હુએ.**’ ત્યારે સિદ્ધ ભગવાન થયા.

‘**વહ ધ્યાન કૌન-સા હૈ?**’ હવે એ ધ્યાનની વ્યાખ્યા (કરે છે). એક એક શબ્દની વ્યાખ્યા સ્પષ્ટ (આવે છે). ધ્યાન શું છે? ધ્યાન શું છે? એટલે ધ્યાન ક્યા હૈ?

‘**આગમ કી અપેક્ષા તો વીતરાગ નિર્વિકલ્પ શુક્લધ્યાન હૈ...**’ શાસ્ત્રની આગમ અપેક્ષાની શૈલીએ તો વસ્તુસ્વરૂપ જે છે, એનું રાગરહિત વીતરાગી અભેદ આત્માનું ધ્યાન-શુકલધ્યાન એ શુકલધ્યાનની અગ્નિ દ્વારા કેવળજ્ઞાન પામ્યા, કર્મનો નાશ કર્યો. વીતરાગ નિર્વિકલ્પ એટલે અભેદ રાગરહિત સ્વરૂપની એકાકાર દૃષ્ટિ. એવું શુકલ નામ ધોળું એટલે કે ઉજળું એટલે કે ઉજળી પર્યાય પ્રગટ કરવાનું કારણ. ઉજળી એકાગ્રતા, ઉજળી. તમારામાં ઉજળી કહે છે? શુકલ... શુકલ-સફેદ. આ સફેદ રંગ નહિ. નિર્મળ નિર્મળ વસ્તુસ્વરૂપમાં એકાગ્ર થતાં નિર્મળ પરિણતિ-નિર્મળ પર્યાય પ્રગટ થઈ તેને શુકલધ્યાન કહે છે. એ શુકલધ્યાન દ્વારા કર્મનો નાશ કર્યો.

‘**અધ્યાત્મ કી અપેક્ષા વીતરાગ નિર્વિકલ્પ રૂપાતીત ધ્યાન હૈ.**’ લ્યો! એટલું કર્યું. અધ્યાત્મ અપેક્ષાએ ‘**વીતરાગ નિર્વિકલ્પ રૂપાતીત ધ્યાન,...**’ ધ્યાન એક જ (છે), નામ ફેર છે. અહીં રૂપાતીત કહ્યું, ત્યાં વીતરાગ નિર્વિકલ્પ કહ્યું. રૂપાતીતનો અર્થ જ એ સિદ્ધ સમાન પર્યાય અંદર એકાકાર થયો, સિદ્ધને પ્રગટ કરવા માટે એકાકાર થયો, એનું નામ અહીંયા નિર્વિકલ્પ રૂપાતીત કહ્યું છે, પેલામાં નિર્વિકલ્પ શુકલધ્યાન કહ્યું હતું. આ વીતરાગ નિર્વિકલ્પ શુકલધ્યાન

કહ્યું, અહીં વીતરાગ નિર્વિકલ્પ રૂપાતીત (કહ્યું). એટલો શબ્દ ફેર પાડ્યો. કેટલો પાડ્યો? પેલામાં શુકલધ્યાન (કહ્યું) અને અહીં રૂપાતીત (કહ્યું) એટલું.

હવે રૂપાતીતની વ્યાખ્યા કરે છે. '**તથા દૂસરી જગહ ભી કહા હૈ – 'પદસ્થં' ઈત્યાદિ, ઉસકા અર્થ યહ હૈ, કિ ણમોકાર મંત્ર આદિ કા જો ધ્યાન હૈ, વહ પદસ્થ કહલતા હૈ,...**' પદસ્થ-પાંચ પદમાં રહેલા પાંચ ભાવ. ણમો અરિહંતાણં, ણમો (સિદ્ધાણં) એ પાંચે આત્માની દશા (છે), હોં! આત્માની દશા (છે). અરિહંતની દશા, સિદ્ધની દશા, આચાર્યની દશા, ઉપાધ્યાય અને સાધુ(ની દશા). એ પાંચ પદ. પદ એટલે પદમાં સ્થ (અર્થાત્) પાંચ પદમાં રહેલા આત્માની અવસ્થારૂપ પાંચ પદ. એનું ધ્યાન કરવાથી... એને પદસ્થ ધ્યાન કહેવાય છે.

'**પિંડ (શરીર) મેં ઠહરા હુઆ જો નિજ આત્મા હૈ, ઉસકા ચિંતવન વહ પિંડસ્થ હૈ,...**' 'ખોજ પિંડ બ્રહ્માંડકા તો પત્તા લગ જાય.' આ પિંડની અંદર રહેલો ભગવાન પૂર્ણાનંદ, શાસ્ત્રજ્ઞાનથી બરાબર જ્ઞાન કરી, ગુરુગમે જ્ઞાન કરી, અંતરમાં શોધ અને અંતર ઉતર, એને અહીંયા પિંડસ્થ ધ્યાન કહે છે. પિંડ નામ શરીરમાં, સ્થ નામ રહેલો આત્મા. એનું અંતર એકાગ્ર ધ્યાન તેને પિંડસ્થ કહે છે.

રૂપસ્થ. '**સર્વ ચિદ્રૂપ (સકલ પરમાત્મા)...**' એટલે અરિહંત. સકલ એટલે શરીર સહિત. '**જો અરહંતદેવ ઉનકા ધ્યાન વહ રૂપસ્થ હૈ,...**' રૂપ છે ને? ભગવાન અરિહંત હજી શરીરમાં છે ને બહારમાં. રૂપસ્થ છે. રૂપસ્થ ધ્યાન છે. એમનું ધ્યાન છે એ રૂપસ્થ કહેવાય.

'**ઔર નિરંજન (સિદ્ધ ભગવાન) કા ધ્યાન રૂપાતીત કહા જાતા હૈ.**' લ્યો! તદ્દન નિરંજન-અંજન વિનાનો સ્વભાવ ભગવાનનો (છે), એવો જ મારો (સ્વભાવ) છે, એમ અંદરમાં ધ્યાન કરવું એનું નામ રૂપાતીત નિર્વિકલ્પ વીતરાગ ધ્યાન કહેવામાં આવે છે.

'**વસ્તુકે સ્વભાવસે વિચારા જાવે,...**' વસ્તુ એટલે ભગવાન આત્મા. પોતાનો, હોં! એના સ્વભાવથી વિચારીએ તો '**શુદ્ધ આત્માકા સમ્યગ્દર્શન,...**' શુદ્ધ ભગવાન આત્મા, એની અંતર્મુખની નિર્વિકલ્પ પ્રતીતિ. એનું '**સમ્યગ્જ્ઞાન...**' એ શુદ્ધ આત્મા પૂર્ણાનંદનું અંતર જ્ઞાન, અંતર સ્વરૂપનું જ્ઞાન. અને અંતર '**સમ્યક્ચારિત્રરૂપ...**' અંદર રમણતા. એ '**અભેદ રત્નત્રયમયી જો નિર્વિકલ્પ સમાધિ હૈ,...**' એ નિર્વિકલ્પ સમાધિ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે રાગ વિનાની, વિકલ્પ વિનાની સમાધિ એટલે શાંતિ છે. સમ્યગ્દર્શન શાંતિ, સમ્યગ્જ્ઞાન શાંતિ, સમ્યક્ચારિત્ર શાંતિ એ ત્રણે શાંતિને અહીંયા સમાધિ કીધી છે. ઓલી બાવા લોકો સમાધિ (લગાવે) એની વાત નથી, હોં! આ. વસ્તુ પૂર્ણ અંદરમાં શક્તિએ ચૈતન્ય ચમત્કાર પદાર્થ ભગવાન પૂર્ણ પડ્યો છે એની અંદરમાં એકાકાર થઈને શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રરૂપી શાંતિ પ્રગટ કરવી. '**ઉસસે**

**ઉત્પન્ન હુઆ વીતરાગ પરમાનંદ...**' એનાથી ઉત્પન્ન થયેલો રાગ વિનાનો '**પરમાનંદ સમરસી ભાવ સુખરસકા આસ્વાદ વહી જિસકા સ્વરૂપ હૈ,...**' આ ધ્યાનની વ્યાખ્યા કરે છે, ધ્યાનની વ્યાખ્યા કરે છે. આહા..હા..! ધ્યાનમાં લોકો આમ કલ્પના કરે કે, આ છે એમ નહિ.

આ આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ પરમાનંદનું રૂપ, અનંત ગુણનું સ્વરૂપ, એની શુદ્ધની શ્રદ્ધા, એનું જ્ઞાન અને એનું ચારિત્ર, એનાથી ઉત્પન્ન થયેલી શાંતિ, એનાથી ઉત્પન્ન થયેલો વીતરાગ પરમાનંદ સમરસી ભાવ. એનાથી ઉત્પન્ન થયેલો રાગ વિનાનો પરમ આનંદનો વીતરાગી ભાવરૂપ સુખરસ, એનો આસ્વાદ. '**વહી જિસકા સ્વરૂપ હૈ, ઐસા ધ્યાનકા લક્ષણ જાનના ચાહિયે.**' આ ધ્યાનનું લક્ષણ. આહા..હા...! કહે છે કે, આ ભગવાન આત્મા... જુઓ! ધ્યાન તો કરે છે અનાદિનું, આર્તધ્યાન અને રૌદ્રધ્યાન. ધ્યાન તો કરે છે અનાદિનું. બબ્બે કલાક વિચારે ચડી જાય તો બીજો વિચારેય ન આવે એને. હાલ્યું જાય એક પછી એક, પુણીમાં પુણી, પુણીમાં પુણી. પુણી સમજાણું? રૂની પુણી થાય છે ને?

મુમુક્ષુ :— ચોવીસે કલાક.

ઉત્તર :— ચોવીસ કલાક ચાલે. આ તો એક ધારા બબ્બે કલાક કોઈ વાર ચડી જાય. રોગને લક્ષણે કે છોકરાના થોડા અલ્પતાની આબરુએ કાં છોકરાની વિશેષ આબરુએ કાં પૈસાના ઢગલે વિચાર ચડી જાય (તો) બબ્બે કલાક સુધી મશગૂલ થઈ જાય ધ્યાનમાં. ભાઈ! મલુકચંદભાઈ!

ધ્યાનનો અર્થ એક જ્ઞેયમાં લક્ષ રાખીને બીજા વિચારો આવવા દેવા નહિ એનું નામ ધ્યાન. તો સંસારમાં પણ એક લક્ષ કરીને જ્યાં ત્યાં કોઈ રળવાની, ભોગની વિષયની, કોઈ કલ્પનાની, આબરૂની, કીર્તિની (એમાં) એકાકાર (થઈ જવું) એ ધ્યાન છે તે સંસારના આર્તધ્યાન અને રૌદ્રધ્યાન છે.

એ અહીં ગુલાટ ખાય છે, હવે પલટો મારે છે. એક સમયનો ભગવાન પૂર્ણ આમ શુદ્ધ શુદ્ધ નિર્લેપ ભીંત. એવી આમ ધ્રુવ ભીંતવસ્તુ, એને ચોંટીને, એમાં અંતર એકાગ્ર થઈને જે પરમ આનંદનો સ્વાદ (આવ્યો), સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી ઉત્પન્ન થયેલી શાંતિ અને એનાથી ઉત્પન્ન થયેલો પરમ આનંદ, એનો જે સ્વાદ-સુખરસનો સ્વાદ એ જેનું સ્વરૂપ છે. કોનું? કે, ધ્યાનનું. પેલામાં (સાંસારિક વિષયમાં) ધ્યાનનું સ્વરૂપ હતું દુઃખ. સંસારમાં રળવું, પેલામાં બે-બે ચાર ચાર કલાક, વળી બીજા બે કલાક ચાલે, વળી બીજા બે કલાક ચાલે, વચ્ચે થોડો ઘણો બીજો વિચાર થઈ જાય. એનો સ્વાદ દુઃખરૂપ સ્વાદ, એ ગુંગાનો સ્વાદ. નાકનો ગુંગો હોય છે ને? નાકનો મેલ. એનો સ્વાદ. નહોતો દાખલો આપ્યો અમારે (ઉમરાળાના) ભાવસારનો? ગુંગો સમજ્યા? નાકનો મેલ. એમ રાગ અને દ્વેષ, પુણ્ય ને પાપનું ધ્યાન (મેલ છે). સમજાણું કાંઈ? રાગ અને દ્વેષ, પુણ્ય ને પાપ, રળવા, ખાવા, પીવા, ભોગ, વિષય, છોકરાના લગન

કરવા એ બધું ધ્યાન છે તે એકલું દુઃખરૂપ છે. એકલું રાગ અને દ્વેષરૂપ દુઃખરૂપ ધ્યાન (છે) કે, જેમાં દુઃખનો સ્વાદ છે એનું નામ આર્ત ને રૌદ્ર ધ્યાન. જેમાં આનંદનો સ્વાદ છે એનું નામ આત્માનું ધ્યાન. સમજ્યા? એ ધર્મધ્યાન અને શુક્લધ્યાનના ભેદ. સમજાણું કાંઈ?

**'ઐસા ધ્યાનકા લક્ષણ જાનના ચાહિયે.'** એટલે પેલા માંડીને આમ કરે, કુંભક ને રેચક ને ફલાણું એ ધ્યાન-ફાન નહિ, એમ કહે છે. યોગને કરે છે ને કેટલાક? યોગથી આ સાધે ને ઢીંકણા સાધે. ઈ યોગ-બોગ નહિ. યોગ તો આત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ શુદ્ધ અનંત ગુણની પ્રતીત કરીને, એનું જ્ઞાન કરીને એમાં લીનતામાંથી ઉત્પન્ન થયેલો આનંદ, એ આનંદ જેનું લક્ષણ છે એવું ધ્યાન. એ ધ્યાન વડે કરીને કર્મકલંકનો નાશ કર્યો. ભગવાને એવા (કર્મકલંકનો ધ્યાનાગ્નિ દ્વારા નાશ કર્યો). અહીં શું કહ્યું? કે, કર્મનો નાશ થયો તે દુઃખથી કર્યો કે બહુ સહન કરવું પડ્યું? આનંદનો સ્વાદ લેતા લેતા અનુભવમાં, ધ્યાનમાં એણે આઠ કર્મનો નાશ કરી દીધો. આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, ચાર. પણ બધું આવે. પછી જાય છે તો અંતરમાં. એ તો પ્રકાર ને ભેદ પાડ્યા. મૂળ તો આત્મામાં (લીન થાય છે). સમજાય છે? પદસ્થ નામ પાંચ પદમાં રહેલા. રૂપસ્થ એ અરિહંતમાં રહેલો આત્મા. એમ મૂળ તો આત્માનું ધ્યાન છે. સિદ્ધ રૂપાતીત છે. સમજાય છે કાંઈ? પિંડસ્થ-પિંડમાં રહેલો ભગવાન એ તો એ ને એ આત્મા છે. ચારેમાં આત્માનું અંતરમાં ધ્યાન (છે). સિદ્ધનું લક્ષ કરીને પણ અહીં ધ્યાન, અરિહંતનું લક્ષ કરીને અહીંયા ધ્યાન, રૂપસ્થ, પાંચ પદમાં રહેલા આત્માનું લક્ષ કરીને અહીંયા ધ્યાન અને પિંડસ્થ એ તો પોતાનું સ્વરૂપ (છે).

મુમુક્ષુ :— પાદસ્થ?

ઉત્તર :— પદસ્થ, પાદસ્થ નહિ, પદસ્થ. પદ એટલે પાંચ પદ કીધું, પાંચ પદમાં રહેલા પાંચ પદ, જે અરિહંત, સિદ્ધ (આદિ) એ પાંચ પદમાં રહેલા આત્માઓ, એનું પદસ્થ-પાંચ પદ, પદમાં રહેલા આત્મા એની જે પર્યાય નિર્મળ થઈ એ દ્વારા અહીં વિચાર કરીને આત્મામાં ઉતરવું એનું નામ પદસ્થ ધ્યાન.

મુમુક્ષુ :— .....રોજ ગણે એ પદસ્થ?

ઉત્તર :— એકલા ધૂળ ગણે તો શું કરે? કહો, ઠીક કહે છે આ. દરરોજ નવકાર ગણે ને? ણમો અરિહંતાણં... ઈ ક્યાં (પદસ્થ ધ્યાન છે)? આ તો એનો ભાવ. આત્મા છે એ એનું બરાબર જ્ઞાન કરીને, એ આત્માનું જ્ઞાન કરીને અંદરમાં ઉતરે એ ધ્યાન છે. ણમો અરિહંતાણં કરીને મરી જાય નહિ, અનંત વાર કર્યા એવા તો. એ તો વિકલ્પ છે, રાગ છે. કહો, સમજાણું

કાંઈ? ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... અંતરજલ્પ છે, બોલે નહિ તો ઈ અંદર તો રાગ છે. વીતરાગ નિર્વિકલ્પ ધ્યાન એ માટે તો વિશેષ નાખ્યું હતું. બન્ને ઠેકાણે આગમમાં અને અધ્યાત્મમાં, બન્નેમાં. છે? જુઓ! વીતરાગ નિર્વિકલ્પ રૂપાતીત ધ્યાન, વીતરાગ નિર્વિકલ્પ શુક્લધ્યાન. માટે તે વિશેષણ આપ્યું છે. એ વિકલ્પ નહિ. આ વાત, બાપુ..! ઓ..હો..હો...!

પૂર્ણ સ્વરૂપ એને અંતરમાં રાગ વિનાની પર્યાય દ્વારા એકાગ્ર થઈ અને જે કલંકનો નાશ થાય ત્યારે તેને સિદ્ધપદની પર્યાય પ્રગટે. '**ઉનકો ભસ્મકર સિદ્ધ હુએ.**' એને નાશ કરીને સિદ્ધ થયા, ધ્યાનાગ્નિની એટલી વ્યાખ્યા કરી, લ્યો! '**जे जाया झाणग्गियएँ कम्मकलंक डहेवि।**' પહેલાં બે પદની વ્યાખ્યા કરી. હજી એના નયો ઉતારશે. '**ઉનકો ભસ્મકર સિદ્ધ હુએ.**'

'**કર્મ-કલંક અર્થાત્ દ્રવ્યકર્મ...**' આઠ કર્મના રજકણો. '**ભાવકર્મ...**' પુણ્ય-પાપના ભાવ એ ભાવકર્મ. '**ઈનમેંસે જો પુદ્ગલપિંડરૂપ જ્ઞાનાવરણાદિ આઠ કર્મ વે દ્રવ્યકર્મ હૈં, ઔર રાગાદિક સંકલ્પ-વિકલ્પ પરિણામ ભાવકર્મ કહે જાતે હૈં.**' બન્ને—દ્રવ્યકર્મ આઠ કર્મની ઝીણી ધૂળ અને ભાવકર્મ પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ એ ભાવકર્મ. '**યહાં ભાવકર્મકા દહન...**' હવે જરીક વધારે ધ્યાન રાખવું પડશે, તો સમજાશે. '**અશુદ્ધનિશ્ચયનયકર હુઆ,...**' શું કહ્યું? શેઠી! અભ્યાસ ન મળે, અભ્યાસ. આત્મા પૂર્ણ શુદ્ધ સ્વરૂપ વસ્તુએ (છે), એની વર્તમાન દશામાં જે વિકાર-ભાવકર્મ હતો, એનો નાશ કર્યો એમ કહેવું એ અશુદ્ધ નિશ્ચયનયથી છે. કેમકે પોતાની પર્યાયમાં હતો માટે નિશ્ચય અને મલિન છે માટે અશુદ્ધ, અશુદ્ધ નિશ્ચયનયે ભાવકર્મનો નાશ કર્યો એમ એનું જ્ઞાન કરવું. ફરીને.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— નહિ. શુદ્ધ નિશ્ચયમાં તો છે જ ક્યાં. એ શુદ્ધ તો ત્રિકાળ છે. આ તો આત્માની પર્યાયમાં જેટલો વિકાર પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત, ભક્તિ, કામ-ક્રોધનો જે હતો એનો આત્માએ નાશ કર્યો, એ કઈ નયે? ક્યા જ્ઞાન વડે એનું જોવું? કે, અશુદ્ધ જ્ઞાન વડે એટલે જે જ્ઞાન આ અશુદ્ધતાને જોવે. એની પર્યાયમાં હતું ને અશુદ્ધ? અને તે અશુદ્ધ પોતામાં હતું માટે નિશ્ચય, અશુદ્ધ નિશ્ચયનયને તેનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. શેઠી! સિદ્ધ ભગવાને પોતાના શુદ્ધ આનંદસ્વરૂપનું અંતર ધ્યાન કરીને નિર્વિકલ્પ રૂપાતીત થયા. જે મેલ નામ પુણ્ય-પાપના મેલ, જે અરૂપી વિકાર છે એનો નાશ કર્યો એને કઈ નય લાગુ પડે, નય એટલે ક્યા જ્ઞાનની અપેક્ષા લાગુ પડે? કે એને અશુદ્ધનય લાગુ પડે. લાગુ પડે, સમજો છો?

આમ આત્મા તો ત્રિકાળ શુદ્ધ છે. હવે પર્યાયમાં-અવસ્થામાં જે અશુદ્ધતા હતી એનો આત્માએ

નાશ કર્યો એમ કહેવું, એમ જે જાણવું, એ અશુદ્ધતાને જાણવું એટલે નાશ થયો ને અશુદ્ધતાનો? અને તે પણ પોતામાં હતો માટે નિશ્ચય. અશુદ્ધનિશ્ચયથી નાશ કર્યો એમ કહેવામાં આવે છે. જાણાય છે. ખરેખર તો અશુદ્ધત્તા અંદર છે જ નહિ. આ પર્યાયનું લક્ષ કરીને અશુદ્ધ(નય)થી 'નાશ કર્યો' એમ કહેવામાં આવે એટલે જાણવામાં આવે છે. અશુદ્ધનયે નાશ કર્યો એમ જાણવામાં આવે છે. શુદ્ધનિશ્ચયનયમાં નાશ કરવું કે કાંઈ છે નહિ. શુદ્ધ તો શુદ્ધ જ છે, ત્રિકાળ છે. એ આવશે, જુઓ! એક એક શબ્દના (ખુલાસા) આવશે. એક એકનો ખુલાસો કરશે. આ તો વંચાઈ ગયું છે. આ તો ફક્ત (ટેપ રોકોર્ડિંગ) ઉતારવા માટે ફરીને લીધું છે.

**'દ્રવ્યકર્મકા દહન...'** જુઓ! બધી વસ્તુ છે, એમ સિદ્ધ કરે છે. ભગવાન આત્મા આ શુદ્ધ વસ્તુ છે એમાં તો દહન કરવું ને ઉત્પન્ન થવું એ વસ્તુમાં નથી. શુદ્ધ નિશ્ચયનય વસ્તુના સ્વભાવની અપેક્ષાએ આ લાગુ પડતું નથી. પણ વર્તમાન પર્યાયમાં મલિનતા છે એનો નાશ કર્યો એ અશુદ્ધનિશ્ચયથી જાણવા લાયક છે. કહેવા લાયક કહો તો વાણી છે અને જાણવા લાયક કહો તો જ્ઞાનનો અંશ છે. એક વાત એ સિદ્ધ કરી કે મલિન પરિણામ હતા. નહોતા કાંઈ નહિ ને મેં શ્રદ્ધા (કરી), એમ નહિ.

શું કહ્યું? સાત તત્ત્વની શ્રદ્ધા કહ્યું છે ને? સાત તત્ત્વની (શ્રદ્ધા). તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં. હવે જ્યારે તત્ત્વાર્થ સાત છે, એમાં આત્મા એક તત્ત્વ આવ્યું, એ તો પૂર્ણ શુદ્ધ (છે). હવે એમાં પર્યાયમાં પુણ્ય-પાપ જે છે એ આસ્રવ ને બંધ. એ આસ્રવ, બંધ અસ્તિપણે હતા એમ જાણવું એ પણ અશુદ્ધનિશ્ચયથી અને એનો નાશ કર્યો એ પણ અશુદ્ધનિશ્ચયથી.

મુમુક્ષુ : ...

ઉત્તર : વસ્તુમાં તો છે નહિ, પર્યાયમાં છે. હવે પર્યાયમાં સિદ્ધપદ પ્રગટ કરવું છે. હવે સિદ્ધપદ સ્વરૂપે તો છે. હવે પ્રગટ કરવું એ પરમાત્મા છે. ત્યારે (કોઈ કહે) કે, પ્રગટ કેમ થયું? કે, અશુદ્ધ પર્યાય જે મલિન હતી એ અશુદ્ધ નિશ્ચયનયે હતી, અસ્તિપણે હતી, બફમ્ છે એમ નહિ. પેલા કહે છે ને કે, આત્મા શું કહે છે? બ્રહ્મ સત્ય ને જગત મિથ્યા. કાંઈ જગત છે જ નહિ, એમ નહિ. મલિનતા હતી, હતી તેનો નાશ થયો એમ અશુદ્ધ નિશ્ચયનયથી જાણવામાં આવે છે.

હવે કર્મનો નાશ થયો એ કર્મ પણ હતા. નિમિત્તરૂપે જોડે જડ કર્મ (હતા). એ **'દ્રવ્યકર્મકા દહન...'** દહન નામ બળવું, એટલે દ્રવ્યકર્મનું ટળવું. કઈ નય લાગુ પડે એમાં? ક્યા જ્ઞાનથી જોવું એને? **'અસદ્‌ભુત અનુપચરિત વ્યવહારનયકર...'** અસદ્‌ભુત નામ જૂઠી દૃષ્ટિ. કારણ કે આત્મામાં એ છે નહિ. પેલો વિકાર તો આત્મામાં હતો. વિકાર પુણ્ય-પાપ, મિથ્યાત્વ, અજ્ઞાન, અવ્રત તો પર્યાયમાં હતું. એનો નાશ કર્યો એટલે એને અશુદ્ધનિશ્ચય કહેવામાં આવ્યું. કર્મ આત્મામાં

નથી, એ તો પરવસ્તુ છે. તો પરવસ્તુ છે એનો નાશ કર્યો (એમ) કઈ નયે કહેવામાં આવે? કે અસદ્ભુત જૂઠી દૃષ્ટિએ. એમાં નથી એટલે અસદ્ભુત અનુપચરિત. પણ આમ નિમિત્ત-નૈમિત્તિક નજીક સંબંધ છે. સંબંધ છે ને નજીક? તેથી અનુપચરિત સંબંધ કહ્યું. વ્યવહાર એટલે નિમિત્ત. '**નયકર હુઆ...**' એનો નાશ અશુદ્ધ '**અસદ્ભુત અનુપચરિત વ્યવહારનયકર હુઆ...**' એમ જાણવામાં, જ્ઞાન કરવામાં આવે. કહો, શશીભાઈ! બહુ આ તો ઝીણું આવ્યું, ભાઈ! કાંઈ ખબર ન મળે આત્મા શું? વિકાર શું? વિકાર કેમ નાશ થાય? એનો ઉપાય શું? એની પર્યાય (શું)? આ ઓઘે ઓઘે કરવા મંડ્યા, કરો ધર્મ. શેના ધર્મ? ધૂળમાં થાતા હશે. જાદવજીભાઈ!

અહીં તો ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા દેવાધિદેવ... એક શબ્દ જ્યાં ઉપાડ્યો કે, આત્માએ ધ્યાનાગ્નિ દ્વારા સિદ્ધપદ પ્રગટ કર્યું. હવે એમાં બધા જ્ઞાનના ન્યાય ઉતારે છે. આત્માએ અશુદ્ધતાનો નાશ કર્યો એમ જાણવું એ અશુદ્ધ નિશ્ચયનય છે. કર્મનો નાશ કર્યો એમ જાણવું એ અસદ્ભુત, અસદ્ભુત, સંબંધવાળું નિમિત્ત હતું અને વ્યવહાર એટલે નિમિત્ત હતું તે દૃષ્ટિએ અસદ્ભુત અનુપચાર વ્યવહારનયે નાશ કર્યો એમ કહેવામાં આવે છે. ખરેખર એનો નાશ આત્માએ કર્યો નથી, એ તો એને કારણે થઈ જાય છે. પણ નિમિત્તનો સંબંધ હતો એટલે વ્યવહાર એટલે અનુપચરિત અને અસદ્ભુત એટલે આત્મામાં એ નથી, આત્મામાં એ નથી, આમાં અસત્ છે. એ રીતે અસદ્ભુત સંબંધવાળા વ્યવહારનયે તેનું દહન કર્યું, કર્મનો નાશ કર્યો એમ જ્ઞાન કરવામાં આવે છે. એનો નાશ આત્માએ કર્યો નથી. ઈ કર્મ કાંઈ આત્મામાં નહોતા. કર્મ તો કર્મમાં હતા, જડમાં છે, એ તો પરમાં છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પણ અસર-ફસર શું પહોંચે? ધૂળ. સમજાય છે કાંઈ? તેથી તો અસદ્ભુત કીધું, વસ્તુ પર્યાયે પોતામાં સત્ છે અને પોતાની અપેક્ષાએ કર્મ અસત્ છે. પોતાની અપેક્ષાએ... પોતાની સમજ્યા? નિજની અપેક્ષાએ. એ કર્મ અસત્ છે. તો અસત્ એનો નાશ કરે તો અસત્ દૃષ્ટિએ (આત્માએ) તેનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..! ભાષા તો એવી વાપરી છે. ઉપચાર (એટલે) આ બાહ્યનું આ મકાન બનાવે છે, ફલાણું કરે, તોડે ઈ ઉપચાર. આ નજીક નજીક સંબંધ છે ને. આ બહારના ઉપચાર. સમજાણું કાંઈ?

આ બીડી સળગાવી ને બીડી ઓલવી દીધી. એ ઉપચારથી અસદ્ભુત વ્યવહારનયનો ઉપચાર છે. કારણ કે, આત્મામાં નહોતું. એને કારણે ત્યાં થયું, પણ પેલો નિમિત્ત બાહ્ય દૂર છે અને એટલું નિમિત્તપણું છે એટલું કહીને અસદ્ભુત ઉપચાર વ્યવહારનયથી બીડી સળગાવી અને બીડી ઓલવી. શોભાલાલભાઈની બીડી લીધી પાછી. કહો, સમજાણું કાંઈ? આ હીરો લ્યો, હીરો, પન્ના. આ શેઠિયાએ હીરો હાથમાં લીધો અને કો'કને આપ્યો. એ બધો અસદ્ભુત ઉપચાર

વ્યવહારનય છે. ઉપચાર છે ને! દૂર છે ને વસ્તુ! કર્મ તો અહીં નજીક છે, એક ક્ષેત્રે છે. જ્યાં આત્મા છે ત્યાં કર્મ (છે). પેલા હીરો અને બીડી કાંઈ એક ક્ષેત્રે નથી. આઘે ક્ષેત્રે છે, ભિન્ન આઘી છે. ભિન્ન ક્ષેત્રની અપેક્ષાએ ઉપચાર. કહો, સમજાણું કાંઈ? ઉપચાર કહો કે આરોપ કહો. આ જરીક આમ નજીક છે ખરું એટલે અનુપચારનો સંબંધ લીધો. આહા..હા..!

આ વસ્તુ સર્વજ્ઞના ઘરમાં જ હોય, બીજે ક્યાંય (નથી). બધા વાતું ભરે કરે વેદાંતવાળા કે, આત્મા આવો છે ને ફાલણું આમ ને ધ્યાન આમ કરો. બધી ધૂળ-ધાણી (છે), એને આત્માની કાંઈ ખબર નથી. ભગવાને જોયો એવો આત્મા ને ભગવાને પ્રગટ કર્યો એવો આત્મા, એ સર્વજ્ઞ વીતરાગ પંથની અંદર જ હોય છે. આવી વાતું ઘણાય કરે છે આમ ધ્યાન કરવું, આમ કરવું ધ્યાન. પણ શેના ધ્યાન? વસ્તુ શું છે? પદાર્થ કેવો છે? કેટલા ગુણથી ભરેલો (છે)? અનંતા અનંત ગુણનો પિંડ આત્મા (છે). એવા ગુણની અવસ્થામાં વર્તમાન વિકાર કેટલીક અવસ્થામાં (છે) અને કેટલીક અવસ્થા તો અનાદિથી નિર્મળ છે, અસ્તિત્વ, વસ્તુત્વ એ નિર્મળ છે.

એમાં અશુદ્ધતાનો નાશ જીવે કર્યો અને સિદ્ધ થયા એમ કહેવું એ અશુદ્ધ નિશ્ચયનું વાક્ય છે અને અશુદ્ધ નિશ્ચયનું જ્ઞાન છે, બસ એટલું. ભગવાને દ્રવ્યકર્મનો નાશ કર્યો. ણમો અરિહંતાણં, લ્યોને. કર્મરૂપી વેરીને ભગવાને હણ્યા આ શબ્દ. અરિહંત આવ્યું ને? અરિ. ભાઈ! કઈ નયનું વાક્ય છે? કર્મ તો જડ છે. શું આત્મા જડનો નાશ કરે? એ તો એની ઉત્પાદ પર્યાય એને લઈને થાય છે. કર્મની અવસ્થા એને લઈને ઉપજી, પાછો વ્યય અભાવ થાય એ એને લઈને થાય છે. આત્મા જડનો નાશ કરે? કે ત્યારે કહ્યું કઈ રીતે? કે, અસદ્ભુત-જૂઠી નયે. જે નય પોતામાં લાગુ ન પડે, પરની અપેક્ષાએ આમાં એ નથી ને ઈ આમાં નથી. એવી નયના જ્ઞાન દ્વારા અનુપચરિત નિમિત્ત સંબંધ હતો એ વ્યવહારનયથી તેને 'કર્મનો નાશ કર્યો' એમ કહેવામાં આવે છે. નિશ્ચયનયથી આત્મા કર્મને શું નાશ કરે? એ તો જડ છે. આહા..હા..! કહો, જયંતિભાઈ!

મુમુક્ષુ :— .....

ઉત્તર :— ... અસદ્ભુત નામ આત્મામાં વિકાર તો હતો. એનો નાશ કર્યો એનું નામ અશુદ્ધ નિશ્ચય. સ્વમાં હતો માટે અશુદ્ધ નિશ્ચય અને કર્મનો નાશ કર્યો (એમ કહ્યું એ) સ્વમાં નથી માટે અસદ્ભુત. પણ નિમિત્ત સંબંધ હતો માટે અનુપચરિત વ્યવહારનયે નાશ કર્યો એમ જાણવામાં-જ્ઞાન કરવા માટે છે. નાશ-ફાશ પરનો કર્યો નથી. એની મેળે નાશ થઈ ગયો છે. આહા..હા..!

અહીં તો હજી ણમો અરિહંતાણંના અર્થની ખબર ન મળે. ણમો અરિહંતાણં કર્મરૂપી વેરીને (જેમણે હણ્યા છે). જડ કર્મ વેરી હશે આત્માના? જડ વેરી હશે આત્માનો? એ જડને ખબર

પણ નથી બિચારો કોણ છે? એની ખબર પણ નથી. વેરી તો અંદર વિપરીત માન્યતા ને રાગ-દ્વેષનો ભાવ એ વેરી છે, એ વેરી છે એ અશુદ્ધ નિશ્ચયથી છે અને એનો નાશ કર્યો એ પણ અશુદ્ધ નિશ્ચયથી છે. કર્મ-બર્મને વેરી કહેવો એ અસદ્ભુત અનુપચારનયનું કથન છે. વસ્તુમાં એ છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ભજન કરે એમાં પાપ બાંધે છે મિથ્યાત્વના. શ્રદ્ધાન મિથ્યાત્વનું. ઓળખાણ વિના શેની શ્રદ્ધા? પાપની શ્રદ્ધા છે એને. વસ્તુ શું છે અને આ વિકલ્પ શું ઉઠે છે અને વિકલ્પ શું ટળે, એનું જ્ઞાન નથી ત્યાં પાપનું જ ધ્યાન છે, મિથ્યાત્વ છે ત્યાં તો. વાત આકરી વાત છે, ભાઈ! નવ લાખ શું, અનંત લાખ જપે નહિ, એ રાગ છે, એ તો વિકલ્પ છે.

એક માસ્તર હતા, આમના ગામના. તે દિલ્હી જૈનશાળા ભણાવવા જતા, દિલ્હી, દિલ્હી. પાઠશાળા કહેવાય ને? પાઠશાળા. ત્યાં આગળ ઝવેરી ઈન્દ્ર મોટા લાખોપતિ ઝવેરી હતા. એ વખતે બહુ ગણાતું ને લાખોપતિ. ચાલીસ, પચાસ લાખ. હવે તો લાખોપતિ ધૂળમાં ગણાય. અત્યારે હવે કરોડપતિ ગણાય. પચીસ લાખ, ચાલીસ લાખ ને પચાસ લાખ. એ ઝવેરી લાખોપતિ હતા. એટલે આ માસ્તર પાઠશાળા (ભણાવવા જતા). પગાર પચ્ચીસનો, ત્રીસનો મહિને આપતા. નાગનેશના વિસાશ્રીમાળી હતા. હરજીવભાઈ, નહિ? એ પછી ત્યાંના ઓળખીતા થયા ને એટલે અહીં નાગનેશ આવ્યા. એનું ગામ ઈ ને. પછી દિશાએ જંગલ દરરોજ જાય ને (ત્યાં) મોટી નદી છે. નદીનું નામ શું? ભાદરણ. એ નદી છે, નદીમાં કલાક, બે કલાક બેસે, જોવે. તપાસ કરતાં કરતાં ધોળા કાંકરા નીકળે સારા, એમાંથી કોઈ હીરો નીકળી જાય તો. ઝીણા, ઝીણા કાંકરા ગોતે. કારણ પેલો ઓળખીતો ખરોને દિલ્હીનો ઝવેરી. ઝવેરી પાસે રહેતા. ... એટલે આ જાણે કે મારો ઓળખીતો છે તો લાવને આમાં ભાદરણ નદીમાંથી કો'ક હીરો નીકળી જાય તો બે-પાંચ હજાર આવી જાય. દરરોજ ઝીણા ઝીણા ગોતે. બહુ થોડા નાના ધોળા ધોળા શેર-સવા શેર ભેગા કર્યા હશે. ઝીણા ઝીણા પથરા સમજ્યા ને? કોથળી ભરી, હોં! મને વાત કરી એણે પોતે. પછી લઈને હું ગયો દિલ્હી. બહુ લોભી હતા, વાંઢા હતા ને. અંતે મરી ગયા ત્યારે ચાર હજાર નીકળ્યા. પણ દવા-બવા કરાવે નહિ ને એવું બધું. અમારા બહુ જાણીતા હતા. પછી પેલા શેઠિયા પાસે ગયા. ઈન્દ્રલાલ કે એવું કાંઈક નામ છે. આવો આવો, માસ્તર સાહેબ! બીજું નામ (બોલતા), પંડિતજી, હા પંડિતજી. પંડિતજી! આવો આવો પંડિતજી! (આ કહે), મારી નદીમાંથી ગોતી ગોતીને આ સવા શેર ઝીણા ઝીણા (કાંકરા) ગોતીને લાવ્યો છું. એમાંથી કોઈ હીરો નીકળે પચ્ચીસ, પચાસ, સો, બસ્સો, પાંચસેનો તો ગોતો. જોયું, પછી જોઈને પોતાની જે ઓસરી હતીને ઓસરી, બહાર હેઠે ફળીયામાં નાખી દીધા.

કેમ? કે, આમાં હીરો તો નથી, પણ હીરાના તોળમાં જે ચળોઠિયું જોઈએ ને, આ એમાં પણ કામ આવે એવું નથી. તોલા તો એના કેવા હોય. તોલા તોલા સમજ્યા ને? ન ઘસાઈ એવા. શું કહેવાય? ચલોઠી હોય તો ઊંચી સુંવાળી ચીજ ઘસાય નહિ એવી હોય ત્યાં તોલા. આ તોલા ઘસાઈ જાય તો દશ હજાર રૂપિયાનો એક રતિ ભાર હીરા આવે છે. દશ હજારનો એક રતિ ભાર હીરો. અત્યારે આવે છે, આવે છે કે નહિ? મેં જોયા છે ને. આઠ રતિનો લાવ્યા હતા ૮૦ હજારનો હીરો (બેચરભાઈ) લાવ્યા હતા. આ આઠ રતિનો છે, ૮૦ હજાર રૂપિયાનો છે. દશ હજારની એક રતિ. હવે એના તોલા કેવા હોય પાકા કે, ઘસાયેલા ન હોય. ઘસાયેલા સમજો છો? એના કાંટા પણ કેટલા! આમ ચાર મણ ચોખા તોલે આમ આમ જાય એમ ન હોય એના કાંટા. એનો કાંટો તો એક જરીક આમ નમે, બસ. જરી જરી (નમે). કાંટો એક જરીક આમ નમે ને જરીક આમ નમે. કારણ કે, ન્યાં ઘસારો ન લાગે પાછો કાંટાના ... (ઝવેરી) કહે છે, પંડિતજી! આમાં હીરો તો એક્કે પાઈનો નથી પણ આને તોલામાં કામ આવે એવો નથી. તારા નાગનેશની નદીમાં હીરા કેવા? આ નાગનેશના શેઠિયા છે. કહો, સમજાણું કાંઈ? મલુકચંદભાઈ! ન્યાં હીરા કેવા? આશાથી મહેનત કરી એટલે ધૂળમાં નીકળી.

એમ ભગવાન આત્મા શું ચીજ છે તેનું જ્ઞાન યથાર્થ થયા વિના એને તોળવા જાય એનું માપ કરીને ધ્યાન કરવા જાય થોથે થોથા નીકળે. પાઈ ન ઉપજે, જાય મફતની મહેનત. કેટલા વખતની મહેનત એની. અરે..! અરે..! કાંઈ ન નીકળ્યું, હોં! પણ ન નીકળે. શું કહો છો? ઠગાશો ક્યાંક. કો'ક જોવા આવશે તો (કહેશે) તોલા પણ ન હોય આવા. આહા..હા..!

મુમુક્ષુ :— અત્યાર સુધી માનેલું...

ઉત્તર :— ત્યાં સુધી માની મમતા. નીકળ્યું ખોટું ખોટું, ગપ નીકળ્યા. આહા..હા..! એમ ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવે જોયો એવો એના જ્ઞાનમાં ન આવે ત્યાં સુધી એની યથાર્થ શ્રદ્ધા થાય નહિ અને યથાર્થ શ્રદ્ધા વિના એનું ધ્યાન સાચું હોય નહિ. ત્રણે આવી ગયા જ્ઞાન, દર્શન ને ચારિત્ર.

મુમુક્ષુ :—

ઉત્તર :— ઊંધું બધું. મરી ગયો અનંતવાર એવું ધ્યાન કરીને. નવમી ગ્રૈવેયક ગયો અનંતવાર જૈન સાધુ થઈને, પંચ મહાવ્રત પાળ્યા, અઠ્યાવીસ મૂળગુણ અનંતવાર કર્યા. જંગલમાં રહેતો હજારો રાણી છોડીને. શું થાય? વસ્તુ શું છે એની ખબર નથી.

ભગવાન આત્મા પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવે જેવો અંદર જોયો એવો તું છો અંદર. એણે જોયો કે, આ પૂર્ણાનંદ છે. પુણ્ય-પાપનો વિકાર તો ભગવાને તારામાં આસ્રવતત્ત્વ તરીકે જોયું છે. કર્મ, શરીર અજીવ તરીકે જોયું, ભગવાન પૂર્ણ જ્ઞાનમૂર્તિ પૂર્ણાનંદ સ્વરૂપે ભગવાને

જોયો. એમ અંતરમાં દૃષ્ટિ કરીને જોવે અને પ્રતીત કરે ને પછી ધ્યાન કરે એને ધ્યાન સાચા કહેવાય. સમજાણું કાંઈ? આહા..હા..! એવી મહેનત હજી... જુઓ!

'**શુદ્ધ નિશ્ચયકર તો જીવકે બંધ મોક્ષ દોનોં હી નહીં હૈ.**' વસ્તુ તરીકે જુઓ તો ત્યાં બંધ ને મોક્ષ વસ્તુમાં તો છે જ નહિ. પર્યાયમાં બંધ ને પર્યાયમાં મુક્તિ (છે). શું કીધું? વસ્તુ જે છે આમ ત્રિકાળ ચૈતન્યમૂર્તિ અખંડાનંદ સૂર્ય પ્રભુ, એ તો બંધ ને મોક્ષ એવી જે પર્યાય રહિતની ચીજ છે. પર્યાયમાં બંધ ને મોક્ષ છે. મોક્ષમાર્ગ પણ પર્યાય છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, ધ્યાન આ કીધું એ પણ પર્યાય છે, વિકારીભાવ પણ પર્યાય છે, આ કેવળજ્ઞાન આદિ પણ એક પર્યાય છે. એ બધી પર્યાયો છે. પર્યાયો એ વર્તમાન પર્યાયનયનો વિષય છે. વસ્તુ જે ત્રિકાળ અખંડાનંદ પ્રભુ એ બંધ-મોક્ષ રહિત વસ્તુ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સાદડી-બાદડીમાં છે કે નહિ ત્યાં? શું કરવું છે તમારે?

ત્રણ ન્યાય આપ્યા. ક્યા ત્રણ? એક તો ભગવાન આત્મા વસ્તુ તરીકે જુઓ તો એની અંદર પર્યાય ઉત્પાદ્-વ્યયની પર્યાય ધ્રુવમાં નથી. શું કીધું? આત્માના ત્રણ અંશો છે. એમ દરેક તત્ત્વમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તમ સત્. દરેક તત્ત્વના ત્રણ અંશો ભગવાને અનાદિ-અનંત જોયા છે. તો આત્મામાં ત્રણ અંશ છે. ઉત્પાદ-નવી અવસ્થા ઉત્પન્ન (થવી). વ્યય-પૂર્વ અવસ્થાનો વ્યય. અને ધ્રુવ કાયમ. તો કહે છે કે, ધ્રુવરૂપ જે શુદ્ધ વસ્તુ છે એમાં તો ઉત્પાદ-વ્યયની પર્યાયનો અભાવ છે. માટે તેમાં બંધ ને મોક્ષ નથી.

બંધ એ વિકારનો ઉત્પાદ છે અને એનો વ્યય થઈને મોક્ષની પર્યાયનો ઉત્પાદ થાય, એ બન્ને પર્યાયો છે. એક પર્યાયનો વ્યય-નાશ થયો અને એક પર્યાયનો ઉત્પાદ થયો. એ બન્ને પર્યાયનયનો—અવસ્થાદૃષ્ટિનો—વિષય છે. અવસ્થાની દૃષ્ટિએ બંધ, મોક્ષ છે, વસ્તુની દૃષ્ટિએ બંધ, મોક્ષ અંદરમાં છે નહિ. સમજાણું કાંઈ? ભગવાન જાણે, આમાં વળી અવસ્થા શું ને ધ્રુવ શું? ભગવાન તો જાણે જ છે. ઈ તો કહે છે કે ભાઈ! સાંભળ તો ખરો, સમજ તો ખરો. લ્યો!

વસ્તુ ત્રિકાળ એક ધ્રુવ અખંડ આનંદ ને શુદ્ધ સ્વરૂપ ધ્રુવ. એમાં તો બંધ મોક્ષ નથી. કેમકે એમાં ઉત્પાદ-વ્યય નથી. હવે બંધની પર્યાય જે હતી એ અશુદ્ધ નિશ્ચયથી હતી, એનો નાશ કર્યો અશુદ્ધ નિશ્ચયથી. હવે મોક્ષની પર્યાય નહોતી એ દ્રવ્યમાંથી નવી પ્રગટ થઈ એ પણ શુદ્ધ પર્યાયનયનો વિષય છે, એ શુદ્ધ પર્યાયનયનો વિષય છે. ત્રિકાળ શુદ્ધમાં છે નહિ. અને ત્રિકાળ શુદ્ધમાં એ મોક્ષ અને બંધ બન્ને છે નહિ. સમજાય છે? સદ્ભુત વ્યવહારનયે એ પર્યાય પ્રગટી. કેવળજ્ઞાન પણ સદ્ભુત વ્યવહારનયનો વિષય છે. પર્યાય છે એની અને એક અંશ છે માટે વ્યવહાર. સદ્ભુત વ્યવહારનયે પર્યાય પ્રગટી. ત્રિકાળ સદ્ભુત ભગવાન તો

ધ્રુવરૂપ ત્રિકાળ છે એમાં બંધ મોક્ષ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

આ વાત આમણે ટીકામાં વિશેષ સ્પષ્ટ શું કરવા કરી છે? કે, જૈનને નામે કોઈ બીજે રસ્તે ચડી જાય છે અને ધ્યાન કરવું ને આ કરવું ને અમારામાં પણ ધ્યાન છે ને તમારામાં પણ ધ્યાન છે. બીજાના ધ્યાન આદિ એ બધું ખોટું છે. આ વીતરાગ કહે છે તે તત્ત્વને સમજ્યા વિના એને સાચા ધ્યાન, સાચો નય કે સાચું સિદ્ધપદ પ્રગટે નહિ. સમજાય છે કાંઈ? ધ્યાન તો બધાય કહે. કુંભક કરો ને આમ કરો ને આમ કરો ને ધ્યાનમાં ચડી જવું ને યોગ સાધે ને. યોગ સાધે કુંભક ને રેચક ને પૂરક ને ધૂળ ને ધાણી. ધૂળમાં પણ કાંઈ નથી એમાં. સમજાણું કાંઈ?

આ તો ભગવાન આત્મા જેટલા સિદ્ધો થયા એ બધા સ્વરૂપે શક્તિએ તો સિદ્ધ હતા. એને તો બંધ મોક્ષ કાંઈ લાગુ પડતું નથી. અહીં સંસાર અવસ્થાનો અભાવ અને સદ્‌ભાવ એ અશુદ્ધ નિશ્ચયથી છે. મોક્ષ અવસ્થાનો સદ્‌ભાવ પર્યાયમાં પ્રગટ્યો સદ્‌ભાવ, પર્યાય પણ અંશ છે એટલે વ્યવહાર (કહ્યું). સદ્‌ભુત વ્યવહારનયે મોક્ષ થાય છે. સમજાણું કાંઈ? ભારે વાત, ન્યાલભાઈ! આ બધા સમજ્યા વિના જ્ઞાનના નયો વિના કેટલાય ઉંધુ મારે છે. તેથી આ ખુલાસો કર્યો છે.

‘**ઈસ પ્રકાર કર્મરૂપમલોંકો ભસ્મકર જો ભગવાન હુએ,...**’ આ અરિહંતની વ્યાખ્યા. આઠ કર્મનો નાશ ને ચારનો નાશ ને એમાં વસ્તુ શું? નાશ કેમ થયું? ‘નાશ થયું’ ને કેમ કહેવું? પ્રગટ્યું શું? ને પ્રગટ્યા વિનાની ચીજ શું? સમજાણું કાંઈ? ‘**ઈસ પ્રકાર...**’ એટલે ઈ પ્રકારે. અશુદ્ધ નિશ્ચયે ભાવકર્મનો પુણ્ય-પાપનો નાશ કર્યો, અસદ્‌ભુત અનુપચારિત વ્યવહારનયે કર્મનો નાશ કર્યો. વસ્તુ દૃષ્ટિએ બંધ ને મોક્ષ છે નહિ. ‘**ઈસ પ્રકાર કર્મરૂપમલોંકો ભસ્મકર જો ભગવાન હુએ,...**’

‘**વે કૈસે હૈં? વે ભગવાન સિદ્ધ પરમેષ્ઠી નિત્ય નિરંજન જ્ઞાનમયી હૈં.**’ એ સિદ્ધ ભગવાન તો નિત્ય નિરંજન જ્ઞાનમયી (છે). એકલો જ્ઞાનસૂર્ય રહી ગયો પ્રગટ. સિદ્ધ એટલે આત્માનો જે જ્ઞાનસૂર્ય સ્વભાવ હતો એ પર્યાયમાં એકલી જ્ઞાનમય દશા, આનંદમય દશા, શુદ્ધ દશા, અનંત વીર્ય દશા, પૂર્ણ પવિત્ર દશા (પ્રગટ થઈ ગઈ), એનું નામ સિદ્ધ દશા કહેવામાં આવે છે. આ તકરારું. તકરારું, જ્યાં હોય ત્યાં. એની પણ તકરાર કે શું છે ધર્મ. મહાવ્રત હશે મહાવ્રત, કરો. અહીં બહારને નામ તકરાર ને ઝઘડા. વસ્તુ સમજ્યા વિના ચકલા જેવી જ લડાઈ છે કે નહિ, શું છે ન્યાં?

‘**યહાં પર નિત્ય જો વિશેષણ કિયા હૈ,...**’ દેખો! હવે સિદ્ધ ભગવાનને ત્રણ વિશેષણ આપ્યા. નિત્ય, નિરંજન અને જ્ઞાનમય. એ ત્રણ વિશેષણ. ક્યા ત્રણ? પર્યાયમાં ત્રણ વિશેષણ

લીધા ને? '**યહ એકાંતવાદી બૌદ્ધ જો કિ આત્માકો નિત્ય નહીં માનતા,...**' દેખો! બૌદ્ધ મત એકાન્ત છે. એ નિત્યને નથી માનતા. એનો નિષેધ કરવા (નિત્ય કહ્યું છે). એ અજ્ઞાની છે એને બૌદ્ધને ભાન નથી આત્માનું. '**યહ એકાંતવાદી બૌદ્ધ જો કિ આત્માકો નિત્ય નહીં માનતા, ક્ષણિક માનતા હૈ...**' એ તો ક્ષણિક જ માને છે. '**ઉસકો સમજાને કે લિયે હૈ.**' આત્મા ક્ષણિક નથી, નિત્ય છે. પર્યાયે પણ પૂર્ણ શુદ્ધ થાય ત્યારે કાયમ રહેનારી થાય છે. '**દ્રવ્યાર્થિકનયકર આત્માકો નિત્ય કહા હૈ,...**' વસ્તુ દૃષ્ટિએ વસ્તુ નિત્ય, ત્રિકાળ નિત્ય છે. પર્યાયે એક ક્ષણિક મલિન પર્યાયનો નાશ થઈ, ક્ષણિક પર્યાયનો સિદ્ધનો ઉત્પાદ થાય છે, વસ્તુ તરીકે ત્રિકાળ નિત્ય છે. સમજાય છે?

'**ટંકોત્કીર્ણ અર્થાત્ ટાંકીકાસા ઘડ્યા સુઘટ જ્ઞાયક એકસ્વભાવ પરમ દ્રવ્ય હૈ.**' ભગવાન આત્મા દ્રવ્ય. દ્રવ્ય એટલે વસ્તુ, ઉત્પાદ-વ્યય વિનાની '**ટાંકીકાસા ઘડ્યા સુઘટ જ્ઞાયક...**' એમ. ભલો ઘડાયેલો જાણે આમ ઘાટ વિનાની, બહારના ઘાટ વિનાની ચીજ. જ્ઞાયક એક સ્વભાવ... જ્ઞાયક એક સ્વભાવ... જ્ઞાયક એક સ્વભાવ. ચૈતન્યપ્રકાશ દ્રવ્ય એક સ્વભાવ, એને ભગવાન દ્રવ્ય કહે છે. '**ઐસા નિશ્ચય કરાનેકે લિયે નિત્યપનેકા નિરૂપણ કિયા હૈ.**' કહો, સમજાણું કાંઈ? પાઠ છે ને? '**णिच्च-णिरंजण-णाण-मय**' આ પહેલા શ્લોકનો અર્થ ચાલે છે.

**जे जाया झाणग्गियएँ कम्म-कलंक डहेवि।**
**णिच्छ-णिरंजण-णाण-मय ते परमप्प णवेवि।।१।।**

એનો અર્થ ચાલે છે આ. હજી તો એક એક શ્લોકનો, એક એક શબ્દનો અર્થ ચાલશે. આહા..હા..! પહેલાં શ્લોકમાં નિત્ય કેમ કહ્યું? કે બોદ્ધ નિત્ય માનતા નથી. એકાન્ત મિથ્યાદૃષ્ટિને સમજાવવા નિત્ય એવું વિશેષણ આપ્યું.

બીજું, '**ઈસકે બાદ નિરંજનપને કા કથન કરતે હૈં. જો નૈયાયિકમતી હૈં વે ઐસા કહતે હૈં, સૌ કલ્પકાલ ચલે જાનેપર જગત શૂન્ય હો જાતા હૈ ઔર સબ જીવ ઉસ સમય મુક્ત હો જાતે હૈં,...**' નૈયાયિકનો મત છે, બધા મુક્ત થઈ જાય. સદાશિવ. '**તબ સદાશિવકો જગતકે કરનેકી ચિંતા હોતી હૈ.**' નવું જગત બનાવવું. એ ખોટા છે. એ વસ્તુ એમ છે નહિ.

'**ઉસકે બાદ જો મુક્ત હુએ થે, ઉન સબકે કર્મરૂપ અંજનકા સંયોગ કરકે સંસારમેં પુનઃ ડાલ દેતા હૈ.**' મુક્ત થઈ જાય ને વળી સંસારના કલંક લગાવી જાય. '**ઐસી નૈયાયિકોંકે શ્રદ્ધા હૈ. ઉનકે સમ્બોધનકે લિયે નિરંજનપનેકા વર્ણન કિયા...**' હવે સિદ્ધને કોઈ અંજન નથી. ભાવકર્મ નથી, દ્રવ્યકર્મ નથી ને નોકર્મ નથી. એ ત્રણે કોઈ નથી. એને હવે અવતાર-બવતાર હોય નહિ. નૈયાયિક માને છે કે એને અવતાર હોય, જીવ ખુટી જાય. એટલા બધા

જીવ મોક્ષ જાય તો પછી અહીં કોણ રહે? એ પાછા ન્યાંથી આવે. અનેક એકાન્ત મત વીતરાગ સિવાય જેટલા માનનારા છે એ જૈનના વાડાવાળાને પણ ખબર નથી ને માનતા હોય વીતરાગ, કહે એનાથી ઊંધુ. સમજાણું કાંઈ?

**'ઐસી નૈયાયિકોંકી શ્રદ્ધા હૈ. ઉનકે સમ્બોધનકે લિયે નિરંજનપનેકા વર્ણન કિયા કિ ભાવકર્મ-દ્રવ્યકર્મ-નોકર્મરૂપ અંજનકા સંસર્ગ સિદ્ધોંકો કભી નહીં હોતા.'** પેલા પાછો અવતાર કહે છે ને? નહિ. હવે કદી સિદ્ધ પરમાત્મા સંસારમાં આવે નહિ. અવતાર લે છે એમ કહે છે ને કેટલાક? રાક્ષસોને મારવા ને ભક્તોને તારવા અવતાર લે. ... ઉપરથી ઉતરે ભગવાન એમ હોય નહિ, ત્રણકાળમાં એ વાત ખોટી છે એમ બતાવવા આનું સ્પષ્ટીકરણ કર્યું છે.

મુમુક્ષુ :— નિરંજનનો ભાવ શું?

ઉત્તર :— નિરંજન—અંજન નહિ, મેલ નહિ. ભાવકર્મ, દ્રવ્યકર્મ. હવે સિદ્ધને ભાવકર્મ ને દ્રવ્યકર્મ નથી. પર્યાયમાં, હોં! દ્રવ્યમાં તો છે જ નહિ. સિદ્ધની પર્યાયને પર્યાય નિર્મળાનંદ છે. એ નિર્મળ પર્યાયનો અનુભવ તે સિદ્ધ છે. એને હવે મલિનતા દ્રવ્યકર્મની, ભાવકર્મની છે નહિ. ઈ લોકો પાછા અંજન કહે છે. સમજાણું? સંસારમાં પાછા આવે, પાછા મોકલે. હવે સાંખ્યમતી કહે છે. અરે..! જૈનમાં પણ ગોટા અત્યારે ચાલે છે. હમણાં એક પંડિત પૂછતા હતા, બધા જીવ એટલા બધા અહીંથી મોક્ષ જાય પછી કાંઈક કાંઈક ખુટી જાય કે નહિ આમાંથી? અંદરમાં ઊંડે ઊંડે કેટલી શંકાઓ હોય. અરે..! ભાઈ! અનંત જીવની સંખ્યા એટલી છે, છ મહિના ને આઠ સમયમાં ૬૦૮ મુક્તિએ જાય. છ મહિના ને આઠ સમયમાં ભગવાને ૬૦૮ મુક્તિએ જાય એવું જોયું છે. આ અનંત અનાદિ કાળ ગયો તે એક શરીરના અનંતમે ભાગે મોક્ષ ગયા છે. એક શરીરના અનંતમે ભાગે. કે દિ' ખુટે? તું નીકળને હવે. છ મહિના ને આઠ સમયમાં ૬૦૮. પહેલાં મિથ્યાત્વ જાય, વિપરીત મિથ્યાત્વ પહેલા જાય.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આ કહ્યું ને. આ શા માટે કહેવાય છે? જૈનનો એટલે? ... કરવા માટે તો આ વાત ચાલે છે. જૈનીઓ માટે તો આ ચાલે છે. જૈન નામ ધરાવીને જૈન (કહેવડાવે) પણ એમ છે નહિ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— જૈન ક્યાં છે? ઈ જૈન હોઈ નહિ. અરે..! ઘણા જૈન પડ્યા છે ને. મહાવિદેહમાં ઘણા સંત છે ને. જૈન પરમેશ્વર પાસે ઘણા સંત છે. મહા આત્મધ્યાન જ્ઞાનમાં પડ્યા છે. અહીં જૈનનો પણ મોટો ભાગ એવો છે. ... છે નહિ? છે કે નહિ? કો'ક પણ છે ને. સમજાણું?

બાકી મોટો ભાગ તો જૈનના નામ ધરાવે એટલે કાંઈ જૈન થઈ ગયો? વાડામાં નામ ધરાવે. જૈનની ખબર ન મળે. જૈન પરમેશ્વર શું કહે છે? ઉપાય શું? વસ્તુ શું? પર્યાય શું? મલિન શું? સંયોગ શું? કાંઈ ભાન મળે, જૈન કહે કોણ એને? કોથળીમાં લખ્યા લાખ રૂપિયા, કોથળીની માથે લખ્યા લાખ ને અંદર ભર્યું કરીયાતું. એટલે કાંઈ કરીયાતા મીઠા થઈ જાય? કરીયાતા રૂપિયા થઈ જાય? કરીયાતા સમજો છો? કિરાતા. થેલીમાં કરિયાતુ ભર્યું હોય ને ઉપર લખે સાકર. તો કરિયાતું ગળ્યું થઈ જાય?

એમ ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ કહ્યો આત્મા અને એનું અંતરમાં શુદ્ધનું ધ્યાન અને અશુદ્ધતાનો નાશ, કર્મનો અભાવ ને પૂર્ણાનંદની પ્રાપ્તિ એવી જેને અંતરમાં ઓળખાણ ને પ્રતીત હોય એને અંતર અનુભવની દૃષ્ટિ, એને જૈન કહેવામાં આવે, બીજાને જૈન પરમેશ્વર કહેતા નથી. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૧૧, મંગળવાર, તા. ૨૧-૯-૧૯૬૫**
**ગાથા-૧,૨. પ્રવચન-૩**

'પરમાત્મપ્રકાશ' ચાલે છે. પહેલી ગાથા, પહેલી ગાથામાં શું કહે છે? જુઓ!

जे जाया झाणग्गियएँ कम्म-कलंक डहेवि।
णिच्छ-णिरंजण-णाण-मय ते परमप्प णवेवि।।१।।

એક એક શબ્દનો અર્થ કરે છે. ક્યાં સુધી આવ્યું? જુઓ! આપણે આ બાજુ. સિદ્ધ ભગવાન જે અત્યાર સુધી થયા, એ બધા ધ્યાનરૂપી અગ્નિથી થયા છે. કર્મરૂપી કલંકને દહન કરીને. આત્મા પૂર્ણાનંદ વસ્તુ અનંત જ્ઞાન, દર્શન, આનંદનું સ્વરૂપ એનું ધ્યાન એટલે તેના તરફની એકાગ્રતા કરી અને પૂર્ણ સિદ્ધપદને પામ્યા છે. એટલે સિદ્ધને પદ કેમ મળ્યું એની ઓળખાણ થઈ સિદ્ધને નમસ્કાર કર્યો.

પછી એણે ઘણા પ્રકાર લીધા. નિત્ય, નિરંજન, જ્ઞાનમય એ ત્રણ શબ્દની વ્યાખ્યા ચાલે છે. સિદ્ધ ભગવાન એ નિત્ય છે. બૌદ્ધ આદિ કોઈ અનિત્ય કહેતા હોય તો એનું ખંડન કર્યું. અનિત્ય હોઈ શકે નહિ. વસ્તુએ નિત્ય છે અને પર્યાય પણ સાદિ-અનંત છે. એ પર્યાય ક્ષણે

ક્ષણે ભલે નવી નવી થાય, છતાં અનંત કાળ એમ ને એમ રહેશે, પણ દ્રવ્ય તો નિત્ય ત્યાં છે.

નિરંજન. .. વ્યાખ્યા કરી. નૈયાયિક કહે છે કે સિદ્ધ થયા પછી પણ પાછા અવતાર ધારણ કરે. એને માટે નિરંજન કહે છે. એને મેલ હોતો નથી. હવે અવતાર ન હોય એને કર્મ-બર્મ હવે નથી. પૂર્ણાનંદનું ધ્યાન કરીને જે આનંદને પામ્યા એવા પરમાત્માને (હવે જન્મ હોય નહિ. એમ કહીને) ઉપાય પણ બતાવ્યો કે, આત્માનો સ્વભાવ એનું ધ્યાન કરવું એ ઉપાય. અને ફળમાં સિદ્ધપદ પ્રાપ્તિ થઈ એને ફરીને અવતાર હોતો નથી. કહો, સમજાણું? એટલે નિરંજન વિશેષણ કહ્યું.

હવે એક વિશેષણ રહી ગયું જ્ઞાનમય. સિદ્ધમાં પણ જ્ઞાન રહે છે. જ્ઞાન ક્યાં જાય? જ્ઞાન તો એનું સ્વરૂપ છે. એ જ્ઞાનની પર્યાય પ્રગટી એ કેવળજ્ઞાન છે. કેવળજ્ઞાનમય સિદ્ધ ભગવાન છે. એને પરમાત્માને સિદ્ધ કહેવામાં  આવે છે.

**'અબ સાંખ્યમતી કહતે હૈં જૈસે સોનેકી અવસ્થામેં સોતે હુએ પુરુષકો બાહ્ય પદાર્થોંકા જ્ઞાન નહીં હોતા.'** શું કહે છે? સાંખ્યમતીમાં એવો એક અભિપ્રાય છે (કે) સુતેલો માણસ (હોય) એને બાહ્ય પદાર્થનું જ્ઞાન હોતું નથી. સુતેલો ઊંઘમાં. એમ સિદ્ધને. સિદ્ધ સુઈ ગયા છે હવે. પરમાત્મા થયા એ સુઈ ગયા, હવે એને જ્ઞાન હોતું નથી. પરમાત્મા થાય તો હજી ત્રણ કાળનું જ્ઞાન? ઉપાધિ કેટલી! શેઠી! કેવળજ્ઞાન તો એનો પર્યાય સ્વભાવ છે. ત્રણ કાળ, ત્રણ લોકને અને સ્વને પૂર્ણ જાણવું એવો પર્યાય એ સિદ્ધનો પર્યાયધર્મ છે, એ જ્ઞાનમય છે, એ જ્ઞાનથી ખાલી નથી. દેખો!

**'વૈસે હી મુક્ત જીવોંકો બાહ્ય પદાર્થોંકા જ્ઞાન નહીં હોતા. ઐસે જો સિદ્ધદશામેં જ્ઞાનકા અભાવ માનતે હૈં, ઉનકો પ્રતિબોધ કરાનેકે લિયે તીન જગત તીનકાલવર્તી...'** આત્મા સર્વજ્ઞપદ પામ્યો, અહીંયા આત્માના અંતર ધ્યાન, જ્ઞાન, શ્રદ્ધા, અનુભવથી, એ પર્યાય ત્યાં પણ પૂર્ણ સિદ્ધમાં રહી. **'તીન જગત તીનકાલવર્તી સબ પદાર્થોંકા એક સમયમેં હી જાનના હૈ,...'** સિદ્ધ પણ કેવળજ્ઞાનથી ત્રણ કાળ, ત્રણ લોકને જાણે છે. હવે એને શું બાકી રહી ગયું હશે તે જાણતા હશે? જાણવાનો તો એનો સ્વભાવ છે. બાકી શું રહે? કેવળજ્ઞાન આત્માનો પર્યાય પૂર્ણ પ્રગટ્યો, એ પૂર્ણ પ્રગટ્યો એમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણવાની અવસ્થા, એના આનંદ સહિત, એના જ્ઞાન સાથે વર્તે છે. **'અર્થાત્ જિસમેં સમસ્ત લોકાલોકકે જાનનેકી શક્તિ હૈ,...'** પર્યાયમાં. સિદ્ધની પરમાત્માની પર્યાયમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણવાની તાકાત છે. એવી પર્યાય સહિત સિદ્ધને સિદ્ધપણું પ્રાપ્ત થયું છે. કહો, સમજાણું કાંઈ?

'**ઐસે ज्ञायकतारूप केवलज्ञानके स्थापन करनेके लिये सिद्धोंका ज्ञानमय विशेषण किया.**' સિદ્ધ જ્ઞાન નિરંજન કહ્યું, નિત્ય કહ્યું, નિરંજન ને જ્ઞાનમય. ત્રણ વિશેષણના હેતુ બતાવ્યા. '**वे भगवान नित्य हैं, निरंजन हैं, और ज्ञानमय हैं,...**' નિત્ય કહેતા સિદ્ધ દ્રવ્યપણે નિત્ય છે અને પર્યાય એક ક્ષણની રહે છે. એવી પર્યાય પાછી એમ ને એમ નવી નવી થતાં પણ અનંતકાળ રહે છે. નિરંજન-અંજન નથી અને જ્ઞાનમય ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન પણ સિદ્ધપદને હોય છે. '**ऐसे सिद्धपरमात्माओंको नमस्कार करके ग्रंथका व्याख्यान करता हूं.**' એક એક શબ્દની વ્યાખ્યા કરી.

'**यह नमस्कार...**' છે ને? નમસ્કાર કરકે આવ્યું ને? છેલ્લો '**णवेवि**' છે, છેલ્લો શબ્દ. '**णवेवि**'-નમસ્કાર કરકે. '**यह नमस्कार शब्दरूप वचन द्रव्यनमस्कार है...**' સિદ્ધ ભગવાનને ઓળખ્યા કે, આવા સિદ્ધ, દ્રવ્યસ્વભાવનું ધ્યાન કરી, વસ્તુ જે અખંડ આનંદની જ્ઞાન, શ્રદ્ધા, સ્થિરતા કરી અને કેવળજ્ઞાન પામ્યા (એ) નિત્ય, નિરંજન, જ્ઞાનમય રહ્યા એને મારો નમસ્કાર. વાણીરૂપે નમસ્કાર એને દ્રવ્ય નમસ્કાર અસદ્ભુત વ્યવહારનયે કહેવામાં આવે છે. અસદ્ભુત એટલે વાણી છે ને? એ આત્મામાં નથી. એને નિમિત્ત તરીકે અસદ્ભુત વચનનો નમસ્કાર વ્યવહાર કહ્યો અને '**और केवलज्ञानादि अनंत गुणस्मरणरूप भावनमस्कार कहा जाता है.**' પરમાત્માના અનંતા ગુણોનું સ્મરણરૂપ, છે વિકલ્પ, એ ભાવનમસ્કાર. સમજાણું કાંઈ? એ અશુદ્ધ નિશ્ચયનયે. આ અશુદ્ધ નિશ્ચય ને વ્યવહાર ને ક્યાં કોઈ (વાત સાંભળી ન હોય).

નમસ્કાર કરવાના બે પ્રકાર. એક તો વાણી દ્વારા નમસ્કાર કર્યો એ અસદ્ભુત વ્યવહારનયથી કહેવામાં આવે છે. કારણ કે, એ આત્માની પર્યાય નથી. અને ભાવનમસ્કાર, આ ભાવનમસ્કાર અશુદ્ધ નિશ્ચયનો છે. એ સિદ્ધપદ જે પહેલો સમયસારમાં (ભાવ નમસ્કાર કર્યો છે) એ આ નથી. 'સમયસાર'માં ભાવ નમસ્કાર (એટલે) નિર્વિકલ્પ સમાધિ છે. સમજાણું કાંઈ? ભાવ એટલે અનંત ગુણના સ્મરણરૂપ જે વિકલ્પ, એનાથી નમસ્કાર જે કરવામાં આવે એને અશુદ્ધ નિશ્ચયનયે નમસ્કાર કર્યો એમ કહેવાય. હવે અશુદ્ધ નિશ્ચય શું હશે? આત્મામાં ભગવાનને વંદન કરવાનો વિકલ્પ ઉઠ્યો ને તે અશુદ્ધ છે. છે પોતાની પર્યાયમાં માટે નિશ્ચય છે. એ વડે નમસ્કાર કર્યો એમ અશુદ્ધ નિશ્ચયથી કહેવામાં આવે છે. વાણીથી નમસ્કાર કર્યો એ અસદ્ભુત વ્યવહારનયથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એણે લખાણમાં નય નથી ઉતારી. ટીકામાં છે. સમજાણું? એક એકમાં નય ઉતારી છે.

'**यह द्रव्य-भावरूप नमस्कार व्यवहारनयकर साधक-दशामें कहा है,...**' પૂર્ણ સ્વરૂપમાં તો પછી કાંઈ વંદન કરું ને વંદન યોગ્ય ને એવું રહેતું નથી. એ તો પૂર્ણાનંદને પ્રાપ્ત થયા. અહીંયા તો '**व्यवहारनयकर साधक-दशामें कहा है, शुद्धनिश्चयनयकर वंद्य-वंदक भाव**

**નહીં હૈ.'** શુદ્ધ નિશ્ચયમાં, ભગવાન વંદન યોગ્ય છે અને હું વંદન કરનાર—એવો ભેદ હોતો નથી. એકાકાર સ્વરૂપમાં એકલી રમણતા એ નમસ્કાર છે. કહો, સમજાણું?

**'ઐસે પદખંડનારૂપ...'** પદ પદ. એક એક પદનું ખંડન—ભિન્ન ભિન્ન પાડીને **'શબ્દાર્થ કહા...'** એક એકનો શબ્દાર્થ કહ્યો. કહ્યું ને? **'जे जाया'** ધ્યાન કર્યું એ શું? **'झाणग्गियएँ'** શું કર્યું? **'कम्म-कलंक'** શું હતું? એ દ્રવ્યકર્મ શું ટળ્યું? ભાવકર્મ કેમ ટળ્યા? કઈ નયે (કહ્યું)? **'णिच्छ-णिरंजण-णाण-मय ते परमप्प णवेवि'** છેલ્લો નમસ્કાર હતો. એ નમસ્કાર પદના પણ આ રીતે બે અર્થ કર્યા. **'ઐસે પદખંડનારૂપ શબ્દાર્થ કહા ઔર નયવિભાગરૂપ કથનકર નયાર્થ ભી કહા,...'** નયનું કથન કર્યું. શબ્દનો નમસ્કાર અસદ્ભુત વ્યવહારે, વિકલ્પનો નમસ્કાર અશુદ્ધ નિશ્ચયનયે, કર્મનું દહન કરવું એ અસદ્ભુત વ્યવહારનયે, ભાવકર્મનું બળવું એ અશુદ્ધ નિશ્ચયનયે. કેટલું યાદ રાખવું આમાં? સમજાણું કાંઈ? એ નયાર્થ પણ કહ્યો, એક શ્લોકની અંદરમાં શબ્દનો અર્થ પણ કહ્યો અને એ શબ્દમાં શું ભાવ હતો, ધ્યાન એ શું, કર્મનું ટળવું એ શું, નમસ્કાર એ શું એનું નયથી પણ ઉતારેલ છે.

**'તથા બૌદ્ધ, નૈયાયિક, સાંખ્યાદિ મતકે કથન કરનેસે મતાર્થ કહા,...'** આનાથી–આ અભિપ્રાયથી વિરૂદ્ધ કહેનારા કોણ હતા, એનો આમાં નિષેધ બતાવ્યો. એ મતાર્થ પણ આમાં બતાવ્યો છે. એક એક શ્લોકમાં પાંચ બોલના અર્થ છે. આહા..હા..!

**'ઈસ પ્રકાર અનંતગુણાત્મક સિદ્ધપરમેષ્ઠી સંસારસે મુક્ત હુએ હૈં,...'** એ સિદ્ધાંત નામ આગમનો અર્થ થયો. આગમાર્થ. અનંત સિદ્ધો, અનંત ગુણસ્વરૂપ સિદ્ધ પરમેષ્ઠી સંસારની પર્યાયથી મુક્ત થયા. પોતાની નિર્મળ પર્યાયને પ્રાપ્ત થયા. એ સિદ્ધાંતનો આગમનો અભિપ્રાય કહ્યો. સમજ્યા? હવે ભાવાર્થ. **'ઔર નિરંજન જ્ઞાનમયી પરમાત્મદ્રવ્ય આદરને યોગ્ય હૈ,...'** એ નિરંજન નામ મલિન રહિત, જ્ઞાનમય સિદ્ધ ભગવાન એવા પરમાત્મા એ જ આદરવા યોગ્ય છે, એ જ ઉપાદેય છે. એ ભાવાર્થ કહ્યો.

એક ગાથામાં પાંચ બોલ કહ્યા—શબ્દાર્થ, નયાર્થ, મતાર્થ, આગમાર્થ, ભાવાર્થ. ક્યાં આવું બધું કરવા જાય? એમ એક એક ગાથામાં પાંચ પાંચ ઉતારવા, એમ કહે છે. દરેક શાસ્ત્રમાં આ શબ્દ કહ્યો, શબ્દ કહ્યો, એમ નહિ. આ અત્યારે તકરાર કરે છે ને? આ લખ્યું શાસ્ત્રમાં, આ લખ્યું શાસ્ત્રમાં. પણ એ લખાણ કઈ નયનું છે? શબ્દાર્થ તો થયો કે, વ્યવહારે કર્મનો જીવે નાશ કર્યો. એ તો શબ્દાર્થ થયો. વ્યવહાર. પણ હવે એનો નયાર્થ શું? કે, વ્યવહારે કર્યો એટલે ખરેખર એનો નાશ કર્યો નથી. અહીં વિકારનો નાશ થતાં એનું નિમિત્ત અને એને કારણે કર્મની નાશ થવાની યોગ્યતા (હતી), એટલો નિમિત્ત સંબંધ બતાવવા જીવે વ્યવહારે નાશ કર્યો એમ અસદ્ભુત-જૂઠી નયે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? શાસ્ત્રને સમજવા માટે આ પાંચ

પ્રકાર જોશે, એમ કહે છે. એમ ને એમ વાંચી જાય (કે) આમાં આ લખ્યું, આમાં આ લખ્યું.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— એ ક્યાં છે? કાઢી નાખે છે. એમ કે એવોય વખત લેવાની ક્યાં નવરાશ છે? વાંચન કરવું કલાક, બે કલાક, ચાર કલાક. પણ વાંચવામાં પણ આ રીતે વાંચવું જોઈએ. એ જે ગાથા મુકી હોય એનો શબ્દાર્થ એક એક પદનો, એ કઈ નયનું વાક્ય છે? પરાશ્રિત છે, સ્વાશ્રિત છે, ભેદવાળું છે, અભેદવાળું છે? નયનો અર્થ કરવો જોઈએ. અને આનાથી વિરુદ્ધ ક્યા મતવાળાથી આને વિરુદ્ધ કહ્યું છે? કે બૌદ્ધના મતવાળા માટે નિત્ય કહ્યું, સાંખ્ય કહે છે જ્ઞાન નથી માટે જ્ઞાનમયી (કહ્યું), એમ મતાર્થ લેવો. અને આગમાર્થ તો સિદ્ધાંતને સિદ્ધ કરવું છે કે સિદ્ધપદ પોતાની નિર્મળ પર્યાયને પ્રાપ્ત થયા. એ સિદ્ધાંતનો આગમાર્થ છે. ભાવાર્થ એ નિરંજન, નિરાકાર પરમાત્મ સ્વરૂપ એ જ આત્માને અંતરમાં આદરણીય છે. એ તાત્પર્ય અર્થ કહ્યો. તાત્પર્ય અર્થ કહો કે ભાવાર્થ કહો (બન્ને એકાર્થ છે).

આ બધા વાંધા અત્યારે છે. બધા કહે, આ શાસ્ત્રમાં અમે લખ્યું. અમને ખબર નહિ કે, આવા ઊંધા અર્થ કરશે. અમે આ શાસ્ત્રમાં આચાર્યોના શબ્દ કહ્યા એટલે માનશે, પણ ન માન્યું એણે. ફૂલચંદજીને એમ લખે છે. કઈ નયનું વાક્ય તું દઈ દે? હોય વ્યવહારનયનું વાક્ય અને ઠરાવે પરમાર્થનું. અમરચંદજી/ફૂલચંદજી સામે ઘણું લખ્યું છે ને? તો ફૂલચંદજીએ, એ તો વ્યવહારનયનું કથન છે. ઈ પરમાર્થે નથી. (તો પેલા કહે), નહિ, તમે આચાર્યને માનતા નથી, આગમને માનતા નથી, લ્યો, ઠીક.

આ શું કહે છે? પહેલી ગાથામાં અહીં મુક્યું. પરમાત્મપ્રકાશ. વસ્તુનું સ્વરૂપ કેવું છે એમ અજ્ઞાનીઓ ઘણી રીતે કલ્પે છે. આત્માને નામે તો વાતું પણ ઘણી ચાલે, પણ પરમાત્મા સર્વજ્ઞ પરમેશ્વર જૈન પરમેશ્વર કે જેણે સર્વજ્ઞપદમાં જેવું સ્વરૂપ સિદ્ધનું જાણ્યું, સંસારીનું જાણ્યું, નવ તત્ત્વ અને છ દ્રવ્ય એમણે જે જાણ્યા તે પ્રમાણે જેની શ્રદ્ધા ને જ્ઞાન થાય એને સાચું તત્ત્વ પ્રતીતમાં આવ્યું એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એમ તો બધા (કહે), આત્મા કરો. શું પણ આત્મા? આત્માનું ધ્યાન કરીને ભગવાને (કર્મનો નાશ કર્યો). એ ધ્યાન શું હશે? બોલ! ધ્યાન એટલે શું? કોણ જાણે? એ દ્રવ્ય એટલે દ્રવ્ય, ગુણ કે પર્યાય? ભગવાન જાણે. એ પર્યાય છે તો કઈ નયની પર્યાય છે? વર્તમાન પર્યાય છે તો કઈ નયની? નિશ્ચયની, શુદ્ધ નિશ્ચયની છે કે વર્તમાન ભેદરૂપ વ્યવહારનયની છે? આ તો કોની છે? અશુદ્ધ નિશ્ચયની છે. સમજાણું કાંઈ? કહો, આમાં બહુ યાદ રાખવું પડશે, એમ કહે છે. અત્યાર સુધી શું કર્યું? (કાંઈ) નથી કર્યું? કેટલું એક ગાથામાં...! સમજ્યા? જુઓ! પાઠ લીધો ને? મૂળ પાઠ.

**'जे जाया झाणग्गियएँ'** જે ધ્યાનાગ્નિથી થયા, ધ્યાનાગ્નિ. ધ્યાન એ શું? આત્મા શું?

અને એમાંથી ધ્યાનના ફળરૂપે આવ્યું શું? કે, આત્મા તો શુદ્ધનયે ત્રિકાળ અખંડાનંદ દ્રવ્ય સ્વભાવ (છે). એની ધ્યાનાગ્નિ લગાવી એકાકાર એ તો પર્યાય છે, હજી અપૂર્ણ પર્યાય છે અને અપૂર્ણ પર્યાયના ફળ તરીકે કેવળજ્ઞાન અને સિદ્ધ પદની પૂર્ણ પર્યાય પ્રગટે એવી પર્યાયોના પ્રકાર બતાવ્યા. અને કર્મનો નાશ (કર્યો એમ કહ્યું). આત્મામાં એ કર્મ નથી માટે આત્મામાં-પર્યાયમાં વિકાર છે, એનો નાશ કર્યો એ અશુદ્ધ નિશ્ચયથી સ્વમાં છે, મલિન છે. સ્વમાં છે માટે અશુદ્ધ નિશ્ચયથી નાશ કર્યો. એનું નિમિત્ત પામીને ત્યાં પામવાને યોગ્ય હતો એનો સંબંધ બતાવવા અસદ્ભુત વ્યવહારનયે એનો નાશ કર્યો એમ કહેવામાં આવ્યું છે. કર્મ, અશુદ્ધતા, ધ્યાન, શુદ્ધતાનું ફળ, પર્યાય પૂર્ણ એ બધું એક એક તત્ત્વની અંદર એમાં સમાવેશ આવવો જોઈએ. બરાબર છે?

મુમુક્ષુ :—

ઉત્તર :— એ અગ્નિ પેલા લાકડાને બાળે એટલે અગ્નિની ઉપમા (આપી). કર્મરૂપી લાકડાની પર્યાય ફરી ગઈ ને? આ વિકાર નાશ થઈ ગયો, લ્યોને. વિકારનો નાશ થયો અગ્નિથી. અગ્નિ એટલે એકાગ્રતા સ્વરૂપમાં થઈ અને એનો નાશ એટલે એને અગ્નિની ઉપમા આપી.

મુમુક્ષુ :—

ઉત્તર :— એ ઝાળ ક્યાં ઉઠે? ધૂળ. એ ઝાળ ઉઠે એકાગ્રતાની. આવે છે ને?

આમ ભગવાન આત્મા એક સ્વરૂપે અનંત ગુણરૂપ. એક સ્વરૂપે અનંત ગુણરૂપ. એકલો દ્રવ્ય ને એક જ ગુણ એમ નહિ. અનંત ગુણરૂપ એક સ્વરૂપ એમ પહેલું નક્કી થવું જોઈએ. પછી એની પર્યાયમાં-અવસ્થામાં સંસાર મલિન દશા છે. જો મલિન દશા ન હોય તો એને ધ્યાન કરવું ને કાંઈ કરવું રહેતું નથી. અશુદ્ધતા છે, એ એની દશામાં-પર્યાયમાં છે. એને આત્માના અંતર એકાગ્રતા દ્વારા એનો વ્યય થાય છે અને આની પૂર્ણ શુદ્ધતાનો ઉત્પાદ થાય છે. પૂર્ણ શુદ્ધતામાં પણ નિત્યતા, નિરંજન અને જ્ઞાનમય રહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ..

ઉત્તર :— તમારે શું કામ છે પણ? આ તો મુખ્ય વસ્તુ છે. કઈ અપેક્ષાએ કહેવું છે એ કથનની અપેક્ષા ન સમજે તો એનો ભાવ સમજી નહિ શકે. સમજાણું કાંઈ? ભગવાનથી આ આત્મા અનંતા બુઝ્યા. લ્યો! આવે છે કે નહિ? તીર્થંકર થાય તો અનંતા જીવ તરી જાય, લ્યો! એ વાક્ય આવ્યું શાસ્ત્રમાં. હવે એને સમજવું પડશે કે નહિ? કે, તીર્થંકર થયા માટે અનંતા તર્યા? તરનાર પોતાની પર્યાયથી તર્યા, એમાં આ નિમિત્ત કહેવાણું. એથી એનાથી તર્યા એવું વ્યવહારનયથી કથન કરવામાં આવે છે. શોભાલાલભાઈ! ન્યાય સમજવો પડશે કે નહિ? કઈ અપેક્ષાએ કહ્યું છે? એમ ને એમ સમજ્યા વિના માને તો ઊંધા અર્થ કરશે. આ બધું અન્યમત ને જૈનમાં ગોટા ઉઠ્યા છે આમ ને અત્યારે? જૈનમાં રહેલાને નથી ખબર (કે) અન્ય શું કહે

છે, નથી ખબર જૈન શું કહે છે. જૈન એટલે સત્ય વસ્તુ ને અજૈન એટલે સત્યથી વિરુદ્ધ કહેનારા. બેની એને ખબર મળે. મોટા માંધાતા ત્યાગી નામ ધરાવે ને પંડિત નામ ધરાવે, ખીચડો કરે છે બધાય. અમરચંદભાઈ!

આ તો જૈનનું પરમ સત્ય છે. જૈન એટલે સંપ્રદાય નહિ. વસ્તુ જ અખંડાનંદ અનંત ગુણનો પિંડ એક એક પદાર્થ (છે). એની પર્યાયમાં વિકાર (થાય છે), એ વિકારને જીતવું એટલે સ્વભાવનો આશ્રય લઈને એ નાશ થાય એવી દશા કરે, માને, અનુભવે તેને જૈન કહે છે. એ તો વસ્તુની સ્વરૂપ સ્થિતિ છે. એમાં ભગવાને કહ્યું માટે એમ સ્થિતિ છે? સ્થિતિ છે એમ જાણ્યું અને જાણ્યું એમ કહ્યું. આહા..હા..! શેઠી! એક ગાથામાં તો કેટલું મૂક્યું છે! દૃષ્ટિ કરવી પડશે. નવરાશ નથી ન્યાં. નવરા થાય છે કે પેલામાં? ચોપડીઓમાં કેટલી ચોપડી કરી? ક્યાંય ફાવ્યા નહિ. આમથી આમ રખડ્યા રખડ, રખડ્યા રખડ (કર્યું). કેટલી ભેગી કરી ને કેટલી છપાવે ને કેટલી લખે છે. હોંશું બહુ કરે પછી ઠેકાણે પડે નહિ એવું બધું તમારી છાપ એવી છે અંદર. સમજાણું કાંઈ? ઈ શું કામ આવે હોંશ પણ? બહારની ક્રિયામાં શું કામ આવે? ત્યારે એને એમ થાય કે, ભાઈ! અશુદ્ધ નિશ્ચયથી વિકલ્પ આવ્યો. સમજાય છે? હવે એ કાર્ય જે હું કરું છું એમ કહું છું એ તો અસદ્ભુત વ્યવહારથી છે. બને તો અસદ્ભુત વ્યવહારનયે કર્યું એમ કહેવામાં આવે. બને તો. ન બને તો નહિ. ત્યાં શું કામ આવે હોંશ પરમાં? કંઈ કામની નહિ. નોવેલ-બોવેલોમાં કાંઈ નહિ? શેઠી! હોંશ શું કામ આવે?

'હોંશિડા મત હોંશ ન કીજે' એવો એક સ્વાધ્યાય આવે છે, હોં! ચાર સ્વાધ્યાય આવે છે ને? ચાર સજ્ઝાયમાળા આવે છે. બધી વાંચેલી ને! દુકાન ઉપર ચારે વાંચેલી. (સંવત) ૧૯૬૪-૬૫-૬૬ની સાલ દુકાન ઉપર (વાંચેલી). 'હોંશિડા મત હોંશ ન કીજે' હોંશ સમજ્યા ને? હોંશને શું કહે છે? હોંશનો અર્થ નથી? એ તમારી ભાષા તમને સરખી (આવડતી નથી). હશે ત્યાં હોંશમાં હશે. હોંશ ન કરશો, હોંશ ન કરશો. એટલે એમ કે, આમ કરી નાખીશ, આમ કરી નાખીશ, હું આમ કરી દઈશ, હું આમ કરી દઈશ. એવો આખો એક સજ્ઝાય છે. ચાર સજ્ઝાયમાળામાં સ્વાધ્યાય છે. 'હોંશિડા મત હોંશ ન કીજે' એવું છે, હોં! પછી ભૂલી ગયા. એ વખતે બધું યાદ હતું ને. ૧૯૬૪-૬૫-૬૬માં. સંવત ૧૯૬૪-૬૫-૬૬. ત્યારથી વાંચન તો હતું ને. દુકાન ઉપર નિવૃત્તિ ઘણી હતી. ચારે સ્વાધ્યાય (કરેલી). મોટા પુસ્તક છે. શું કહેવાય ઈ? સજ્ઝાય માળા. સજ્ઝાય, સજ્ઝાય કરવાની માળા. એટલે અનેક અનેક એમાં સ્વાધ્યાય. ઘણા પ્રકારના, તેર કાઠિયાની ને આની, બહુ આવે છે. દુકાન ઉપર ઘણું વાંચતા. હોંશિડા એટલે હે હોંશના કરનાર! આ બહારનો ઉત્સાહ લ્યો. આમ કરી દઈશ, આમ કરી દઈશ. ધીરો થા, ધીરો થા. બહારનું તારું ધાર્યું કાંઈ થાતું નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એને ખબર કે દિ' હતી, એને તો એમ કે, હોંશિડા (એટલે) બહુ હોંશ ન કરીએ. એમ એનો (અર્થ હશે). ધીરો થા, ધીરો થા એવો અર્થ છે. પણ એનો અર્થ એ અહીં આપણે થાય. બહુ એવો ઉત્સાહ ન કરવો વિકલ્પમાં કે, આમ કરી દઈશ, આમ કરી દઈશ. એ બહારનું થવાનું હશે એ થાશે, કાંઈ તારા વિકલ્પથી ને હોંશથી થાય એવું નથી. ઉત્સાહ કરો. ઉત્સાહ કરે ને? આમ કરી દઉં. સવારમાં જ ઉઠીને આજ તો દશ હજાર મણ તમાકુ તો વેચવી જ છે. કારણ કે, ભાવ ઘટવા માંડ્યો છે. એમ નહિ થાય, એ તો થવાનું હશે એ થાશે. બહારનો કોઈ લેનાર મળે કે દેનાર થાય, એ કાંઈ આત્માના અધિકારની વાત નથી. સમજાણું? આ શું કહે છે?, હરાજી, હરાજી નથી કહેતા? હરાજી નથી કહેતા? સવારમાં બસ આ પચાસ હજારનો માલ છે, હરાજી કરી દઉં. એક જણો ... દુકાન-બુકાન મુકીને બધું સોપી દીધું કો'કને. ... કાપડની દુકાન. એ કહેતા હતા. કાપડની દુકાન હતી એ જે આપે ઈ લઈને ભાગો ન્યાંથી, કારણ કે બોમ્બ પડતા હતા. આ બધા ભાગ્યા હતા ન્યાંથી. જે આવ્યું ને જે વેચાણું, એકદમ વેચી નાખો બધું, પૈસા લઈ લ્યો. આ કાપડ નહિ લઈ જવા દ્યે. પૈસા આવવા એ પાછા નસીબ હોય એ પ્રમાણે આવે ને! વેચી નાખીએ એટલે આવે? એમ કાંઈ હિંમતભાઈ એક ફેરી કહેતા હતા, કેટલીયે હુંડી રહી ગઈ. પછી વળી હળવે હળવે લીધી. એવી વાત કરતા હતા એક ફેરી.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— એ આવવાના હતા તે થઈ ગયા. સંઘર્યા કોણે? ધૂળે!

અહીં કહે છે, કોઈ પણ બોલનો, વાક્યનો ભાવ, એની પાછળ રહેલો આશય અને વાક્યમાં શું કહેવું (છે), એને નયથી સમજવું જોઈએ. નય એટલે જ્ઞાનના પ્રકારથી એ ક્યો પ્રકાર જ્ઞાનનો છે એમ એણે જાણવું જોઈએ. કહો, સમજાણું કાંઈ?

**'णिच्छ-णिरंजण-णाण-मय ते परमप्प णवेवि'** છે ને? **'ઈસી તરહ શબ્દાર્થ, નયાર્થ,...'** શબ્દાર્થ. છે છેલ્લા શબ્દો? **'નયાર્થ, મતાર્થ, આગમાર્થ, ભાવાર્થ...'** ભાવાર્થ એટલે તાત્પર્ય **'વ્યાખ્યાનકે અવસર પર સબ જાન લેના.'** બધે ઠેકાણે આ જાણવું જોઈએ. એક ઠેકાણે નહિ, બધે ઠેકાણે જાણવું જોઈએ.

મુમુક્ષુ :— ઝઘડા ન રહે...

ઉત્તર :— હા, ઝઘડા જ રહે નહિ, જો આ સમજે તો. વાંધા ઈ (કાઢે છે) ને? આ શાસ્ત્રમાં આ આચાર્યે કહ્યું છે ને! પણ કઈ નયનું કથન? સમજાણું? પેલા શ્વેતાંબરમાં આવે છે, એક સમયે કેવળજ્ઞાન ને બીજે સમયે કેવળદર્શન. ત્યારે વળી પેલા કહે, એ તો અન્યમતિનું

વાક્ય છે, અન્યમતિમાં છે. પણ ખોટી વાત છે, એ તો શાસ્ત્રનું વાક્ય છે. શ્વેતાંબરમાં એવું આવે છે કે, કેવળજ્ઞાન એક સમયે ને બીજે સમયે દર્શન. એક સમયે બે ઉપયોગ ન હોય. કેવળજ્ઞાન ને કેવળદર્શન બે ઉપયોગ એક સમયે ન હોય. ત્યારે એમના શાસ્ત્રમાં એમ આવ્યું છે કે, એક સમયે એક જ ઉપયોગ હોય. (એક જણાએ) 'સન્મતિ તર્ક' બનાવ્યું છે, એમાં એ કહ્યું છે કે એ વાક્ય આવ્યું ખરું એમાં પણ એ અન્યમતિ માટે છે. એમ કરીને પોતાનો બચાવ કર્યો. એમ નથી, શ્વેતાંબર આચાર્યોની શ્રદ્ધા એ છે. કેવળજ્ઞાન અને કેવળદર્શન સમયાંતરે માને છે. દિગંબર(માં) એમ છે નહિ વસ્તુનું સ્વરૂપ. કેમ? કે કર્તા આત્મા. એની શક્તિઓ બે કર્તાની અને એના કાર્ય એક સમયમાં બે, બેના એક સમયમાં બે. એટલે એક સમયમાં બે ઉપયોગ તે વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? એ આગમાર્થનો અર્થ છે. પેલા અન્યમતિ એટલે કે શ્વેતાંબર આદિ અન્યમતમાં આમ કહે છે, એનો અર્થ આમ કહે છે, એમ નક્કી કરવું જોઈએ. સમજાણું કાંઈ?

એમાંથી તાત્પર્ય કાઢવું જોઈએ કે, વસ્તુ છે એ અખંડ છે અને શક્તિઓ પણ જ્ઞાન, દર્શન પૂર્ણ અખંડ છે. અને કાર્યરૂપે પરિણમન થયું તો સમય તો એક જ હોય, કાંઈ સમય બે હોય? કર્તા એક, શક્તિ સાથે બે, કાર્ય સાથે બે. એટલે એક સમયમાં બે જ ઉપયોગ હોય એવું એનું સ્વરૂપ છે. પણ ક્યાં નવરાશ ન મળે, નવરાશ ન મળે. નવરાશ શું? ફુરસદ. શું તત્ત્વ છે? શું કેવળ? કેવળજ્ઞાન ને કેવળદર્શનમાં ગયા.

એક શ્વેતાંબર કહે કે, આત્મામાં કેવળજ્ઞાન સત્તારૂપે છે. દિગંબર કહે કે, શક્તિરૂપે કેવળજ્ઞાન છે. મોટો ફેર, ઉગમણો-આથમણો. સત્તારૂપ એટલે શું? કે, આમ કેવળજ્ઞાન છે અંદર, ફક્ત માથે કર્મનું આવરણ છે, કર્મનું આવરણ એટલે આમ સૂર્ય છે એવું જ કેવળજ્ઞાન (અંદર પ્રગટ) છે. એમ નથી. કેવળજ્ઞાન શક્તિરૂપે છે. જેમ ચોસઠ પહોરી પીપરમાં પીપરની તીખાશ શક્તિરૂપે છે. ચોસઠ પહોરી આમ બહાર ભરેલી છે એમ નથી. આ પીપર, લીંડીપીપર. એ ચોસઠ પહોરીની શક્તિ છે એને ઘૂંટે તો પ્રગટ થાય. એ ચોસઠ પહોરી આમ પડી નથી કે પાધરી આમ કાઢીને ખાવા મંડે.

મુમુક્ષુ :— પુરુષાર્થથી...

ઉત્તર :— હા, પુરુષાર્થ. શક્તિ છે એનામાં પણ એમાં એકાગ્રતાનું ધ્યાન કરે તો શક્તિની વ્યક્તતા થાય. એ વસ્તુનું સ્વરૂપ છે. ત્યારે એ કહે છે કે, કેવળજ્ઞાન સત્તારૂપે છે. એટલે આમ ખુલ્લું છે. ફક્ત કર્મનું આવરણ છે. કર્મ ખસી જાય તો કેવળજ્ઞાન એવું ને એવું (છે). એમ નથી. સમજ્યા? એમ નયથી ન્યાં જાણવું જોઈએ ને. કેમ કે એક વસ્તુ છે એની શક્તિઓ વ્યક્તરૂપે જે થાય એવી રીતે વ્યક્તપણે આમ આખું પડ્યું છે એમ નથી. જેમ આ સૂર્યના

કિરણો આમ બહાર પ્રગટ છે, એને વાદળા આવે છે. એ વાદળું ખસે (એટલે દેખાય). એમ નથી. એમ અંદર કેવળજ્ઞાનના કિરણો પ્રગટ છે એને કર્મના આવરણ (છે), એમ નથી.

અંદરમાં કેવળજ્ઞાન શક્તિ... શક્તિ... શક્તિ..., સત્ત્વ... સત્ત્વ... ભાવરૂપ સત્ત્વ એવું છે દ્રવ્યનું, દ્રવ્યનું સત્ત્વ કે, જો એકાગ્ર થાય તો એ શક્તિ વ્યક્તરૂપે કેવળજ્ઞાનપણે પ્રગટે. સમજાણું કાંઈ? એમાં સ્વસન્મુખતાના એકાગ્રતાની એમાં જરૂર છે, એ કર્મના ટળવાની જરૂર છે એમ નહિ. બેમાં મોટો ફેર છે. એક જણો કહે કે સત્તા ને શક્તિ બધું એક છે. હવે સાંભળ તો ખરો હવે. એ તો એક અપેક્ષાએ એક છે, પણ આ અપેક્ષાએ ફેર છે. 'પંચાધ્યાયી'માં શક્તિ ને સત્તા એવા નામ આપ્યા છે. ત્યાં એક કહ્યા છે. અહીંયા એમ નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા, જેમ દિવાસળીમાં અગ્નિ સત્તારૂપે છે એમ નથી, શક્તિરૂપે છે. એ દિવાસળીનો ભૂકો આમ આમ કરશો તો એમાં હાથ ઉનો નહિ થાય. આ દિવાસળી, ભૂકો કરશો તો ત્યાં અગ્નિનું ઊનું દેખાશે ક્યાંય? ભૂકો સમજ્યા ને? ચૂરણ. એમ નથી ત્યાં અગ્નિ. અગ્નિ શક્તિરૂપે છે, આમ ઘસે તો એમાંથી અગ્નિ પ્રગટે. સમજાય છે કાંઈ? એમ ભગવાન આત્મામાં કેવળજ્ઞાન સ્વભાવનો શક્તિરૂપે ભાવ પડ્યો છે. એની એકાગ્રતા થતાં શક્તિનો ઘસારો અંદરમાં એકાકાર પર્યાયનો લાગતા, પર્યાયમાં પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટે છે. આ વસ્તુસ્થિતિ છે.

મુમુક્ષુ :— ઘસારાની આવશ્યકતા છે.

ઉત્તર :— ઘસારાની આવશ્યકતા છે. એને કર્મનો નાશ કરવો ને એમ કાંઈ છે નહિ. એ તો અહીં ઘસારો કરે એટલે કર્મ એની મેળાએ નાશ થઈ જાય છે. શક્તિની વ્યક્તતા પ્રગટ થાય છે. એમ આત્મામાં આનંદ છે તે આનંદ આમ અંદર ખુલ્લો પડ્યો છે એમ નથી. આ ડબામાં હાથ (નાખીને) ગોળ કાઢીએ એમ નથી ગોળ અંદર. શેરડીના રસમાં, ગન્નાના રસમાં ગોળનો રસ-શક્તિ પડી છે. એ કુચો કાઢી નાખી અને એને જ્યારે ઊનું કરે ને? શું કરે ઈ? ગરમ કરે ત્યારે ગોળ થાય. ગોળ સમજ્યા? ગુડ હોય ને? શેરડીના રસમાં. કોઈ કહે, લ્યો! શેરડીમાં ગોળ પડ્યો છે. કાપીને કાઢો ગોળ નીકળશે. ગોળ ક્યાંથી નીકળશે? એનો કુંચો કાઢી નાખે, રસ નીકળે અને એ રસને તપાવે ત્યારે ગોળ થાય.

એમ ભગવાન આત્મામાં જ્ઞાનરૂપ શક્તિ, આનંદરૂપ શક્તિ, શ્રદ્ધારૂપ શક્તિ, શાંતિ એટલે ચારિત્રરૂપ શક્તિ, શાંતિ એટલે એવો વીતરાગ સ્વભાવ. અંદર શક્તિ પડી છે. એ શક્તિનો અંતર પ્રયોગ કરે તો વ્યક્ત થાય. સમજાય છે કાંઈ? આહા..હા..!

એક એક શબ્દમાં શબ્દાર્થ કર્યો. શબ્દાર્થ (એટલે) આ શબ્દનો અર્થ શું? ધ્યાન. પછી કહે, ધ્યાન એટલે પર્યાય શું? કઈ? કે, નિર્મળ થવી તે. કઈ નયે? કે, એકદેશે શુદ્ધનયે અથવા અશુદ્ધનયે. સમજાણું કાંઈ? અને રાગનો નાશ એ કઈ નયે? કે, અશુદ્ધ નિશ્ચયનયે. કર્મનો નાશ

અસદ્ભુત વ્યવહારનયે. આહા..હા...! કેટલું કામ કર્યું છે! 'બ્રહ્મદેવે' એટલું... 'સમયસાર', 'પ્રવચનસાર', કથાનુયોગ, દ્રવ્યાનુયોગ જેમાં શાસ્ત્ર છે પણ એમાં કઈ નય? આ વ્યવહાર પરાશ્રયનું કથન છે? સ્વાશ્રયનું છે? એ બેને સમજ્યા વિના એમ ને એમ દીધે રાખે. દીધે રાખે એટલે શું? કહેતા રહે. એ અમારા દુભાષિયા છે. એને ગુજરાતી હવે આવડ્યું ને આ પણ આવડે છે. બેનો અર્થ કરે. દુભાષિયા રાખે. દુભાષિયા સમજ્યા? બન્ને ભાષા જાણે. આ શું કહે છે એનો અર્થ અને પેલા કઈ ભાષામાં સમજે ઈ. બન્ને અર્થ એનો હોય છે. સમજાય છે? ઓહો..હો..! આ તો ઘણે ઠેકાણે (આવે છે). 'દ્રવ્યસંગ્રહ'માં આવે છે, 'પંચાસ્તિકાય'માં આવે છે, 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં (આવે છે). આ તો પહેલી ગાથામાં જ લીધું. પેલામાં તો પછી મૂકાય. અહીં તો પહેલી શરૂઆતથી જ વાત મુકી. તારે 'પરમાત્મપ્રકાશ' વાંચવું હોય ને સમજવું હોય તો તેને આ પાંચ પ્રકારે અર્થ કરીને સમજવું પડશે. સમજાણું કાંઈ?

શબ્દાર્થ તો એવો જ થયો. લ્યો! સમજાણું? આમ લોકમાં લ્યોને. સમજાણું? લીધું દીધું, લ્યો! એમ ભાષા થઈ કે નહિ? વેપારી માલ લેવા આવે ને? માલ લેવા આવે ને પેલો કહે, બે રૂપિયાનો શેર. પેલો કહે, ના. દોઢ રૂપિયે દેવું છે? હવે લીધા દીધા. પેલો વેપારી એમ કહે કે, લીધું લીધું. લીધું લીધું એટલે? નહિ લઈ શકે તું, એમ લીધું લીધુંનો અર્થ. એમ કહે છે કે નહિ? ક્યા કહતે હૈં? લેકિન બોલે ઐસે કિ, લિયા..લિયા. બોલે છે કે નહિ? બે રૂપિયાનું શેર હોય અને માંગે એક રૂપિયે શેર દેવું છે? શેઠ! હવે લીધા, લીધા. લીધા લીધાનો અર્થ શું થયો? લેવું લેવું થાય. પણ એનો અર્થ જ કે તું નહિ લઈ શક. ભાષાનો શું આશય છે એ સમજ્યા વિના ભાષા દીધે રાખે તો એમ કાંઈ ચાલે? સમજાણું?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બે વાર લીધું લીધું લખ્યું, લ્યો!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ભાવ દૂસરા હૈ. લીધા લીધા હવે. લિયા લિયા ઐસા કહતે હૈં ન? લિયા.. લિયા. લિયા લિયા એટલે એટલે બેના લીધા? બાપુ! એમ કહે છે, એને જ્યારે બહુ સોંઘે માંગે છે ત્યારે કહે, લીધા લીધા હવે. એટલે કે તું લઈ શકીશ નહિ. તારા ગજા નહિ બાપા! એ તો વિશેષ ઉદાર માણસ હોય એ લઈ શકે.

પહેલી કેરી આવે ને? ભાઈ! ઊંચી. અમારો ઉમરાળામાં બધો અનુભવ. એની કેરી ઊંચી આવે, ન્યાં અમારા ઉમરાળા છે ને? નજીક. બહુ .. કેરી. પહેલી કેરી મોંઘી બહુ આવે, બહુ મોંઘી. એક એક કેરી તે દિ', હોં! એક કેરી બે બે આના ને ચાર ચાર પૈસાની. તે દિ'. ઊંચી પણ પહેલી લાવ્યા હોય, દશ શેર, પાંચ શેર કેરી આવી હોય. એમાં ખાનાર સ્વાદિયા

હોયને એ બધા ટોપલા પાસે ઉભા હોય. ક્યા ભાવે દેવી છે? ક્યા ભાવે દેવી છે? (પેલો કહે), આ છે. ચાર આના શેર, ચાર આના શેર. તે દિ' ચાર આના શેર એટલે તો બહુ છે ને! અત્યારે આ બધું તમારું (વધી ગયું). ખાનાર સ્વાદિયા હોય (એને કહે), ચાર આના. તો કહે, લે ચાર આના. પેલા કહે, બે આના દેવી છે? હવે હાલ હાલ, લીધા લીધા હવે. સમજાણું?

**'અબ સંસાર-સમુદ્રકે તરનેકા ઉપાય જો વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ જહાજ હૈ,...'** દેખો! જહાજ. એ સંસારરૂપી સમુદ્રમાં આ નિર્વિકલ્પ વીતરાગ જહાજ જ સંસારનો પાર પમાડી દે છે. આહા..હા..! ઉપમા આપી છે, હોં! **'ઉસપર ચઢકે ઉસ પર આગામી કાલમેં કલ્યાણમય અનુપમ જ્ઞાનમયી હોંગે, ઉનકો મૈં નમસ્કાર કરતા હૂં.'** દેખો! ભવિષ્યના તીર્થંકર આદિ મોક્ષ જશે એને હું અત્યારે **નમસ્કાર** કરું છું, ભલે અત્યારે કોઈ **નરક**માં પડ્યા હોય. શ્રેણીક રાજા **નરક**માં છે. છે ને? પહેલી **નરક**માં છે. ભવિષ્યમાં તીર્થંકર થવાના. એ અનંતા ભવિષ્યમાં થશે. હજી નિગોદમાં કેટલા પડ્યા છે. ઓહો..! અને એની શ્રદ્ધામાં આમ ત્રણ કાળ તરવરે છે. અનંત અનંત સિદ્ધ થયા, અનંત અનંત ભવિષ્યમાં સિદ્ધ થશે, આમ સિદ્ધ થશે એમ પ્રતીતમાં છે ને! અનંત જીવ સ્વીકાર્યા, અનંત જીવના ઉપાય કરીને મુક્તિ પામ્યા એમ સ્વીકાર કર્યો, ક્યા ઉપાયે પામ્યા એનું જ્ઞાન થયું, અનંત જીવો ભવિષ્યમાં (પામશે). આહા..હા..! હજી તો ક્યાંય નિગોદમાં પડ્યા હશે. એ માણસ હજી તો અનંત કાળે કોઈ વાર થાશે. એવા જીવને પણ અત્યારથી કહ્યું છે. જુઓ! છે?

**'આગામી કાલમેં કલ્યાણમય અનુપમ જ્ઞાનમયી હોંગે,...'** આ શબ્દ **'કલ્યાણમય અનુપમ જ્ઞાનમયી હોંગે, ઉનકો મૈં નમસ્કાર કરતા હૂં.'** આહા..હા..! ગયા કાળના સિદ્ધોને તો **નમસ્કાર** કર્યો. ભવિષ્યમાં અનંત... અનંત... અનંત... વધારે તો એ છે સંખ્યા. સંખ્યા એટલે ભવિષ્ય કાળ. સમજાય છે? સંખ્યા તો એમને એમ છે. કાળ ઘણો ઘણો. એ બધાને શ્રદ્ધામાં લે છે.

(૨) ते वंदउँ सिरि-सिद्ध-गण होसहिँ जे वि अणंत।
सिवमय-णिरुवम-णाणमय परम-समाहि भजंत।।२।।

જુઓ! આ **'णाणमय'** તો પેલામાં આવ્યું હતું, અહીં બે શબ્દ વાપર્યા ત્યાં **'णित्य-णिरंजन'** હતું. અહીં **'सिवमय-णिरुवम'** એમ શબ્દ બે વાપર્યા. ત્યાં **'णित्य-णिरंजन-णाणमय'** ગયા કાળના સિદ્ધોનું કહેતા. અહીંયા **'सिवमय-णिरुवम-णाणमय'** (કહ્યું છે). કારણ કે, હજી ઉપદ્રવમાં પડ્યા છે ને અત્યારે? શિવમય થશે, નિરુપમા વિનાના જ્ઞાનમય **'परम-समाहि भजंत'** એ પરમ સમાધિને ભજતા કેવળજ્ઞાનને પામશે. ઓહો..હો..! શું કહે છે? એનો શબ્દાર્થ.

**'मैं उन सिद्ध समूहोंको नमस्कार करता हूं.'** છે? એનો શબ્દાર્થ. બીજી ગાથાનો અંદર શબ્દાર્થ. **'मैं उन...'** 'तान'. લ્યો! એ તમારું 'तान' નું 'उन' આવ્યું આમાં હવે. **'सिद्ध समूहोंको नमस्कार करता हूं, जो आगामीकालमें अनंत होंगे.'** અનંતા શબ્દ પડ્યા છે. આહા..હા..! ભવિષ્યમાં. સમજાણું? **'जाया झाणग्गियएँ कम्म कलंक डहेवी'** ત્યાં આંકડો નહોતો હતો, અહીં ભવિષ્યનો આંકડો મૂક્યો. ઓ..હો..! જે ભવિષ્યમાં અનંત સિદ્ધનો સમૂહ-સિદ્ધના ગણ ટોળા. આહા..હા..! એ શ્રદ્ધામાં અનંત આત્માઓ છે અને અનંત આત્માઓ સિદ્ધપદને ભવિષ્યમાં પામશે એમ સિદ્ધ કરે છે. આ એક જ આત્મા છે ને એક જ આત્માની મુક્તિ થઈ તો બધાની થઈ ગઈ, એમ છે નહિ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ છે તો અનંતા એ બધું ... કાળ વધારે છે. પણ એ કાળનું ક્યાં ખુટે છે?

**'सिद्ध समूहोंको नमस्कार करता हूं, आगामीकालमें अनंत होंगे.'** આહા..હા..! ક્યાંનો ક્યાં કાળ! જ્યાં હજી અનંત... અનંત... અનંત... અનંત... પુદ્ગલ પરાવર્તન પછી પણ અનંત પુદ્ગલ પરાવર્તન. અનંત પુદ્ગલ પરાવર્તન, એક પુદ્ગલ પરાવર્તનના અનંતમા ભાગમાં અનંતી ચોવીસી જાય. એક પુદ્ગલ પરાવર્તન, કાળના માપમાં અનંતમાં ભાગમાં અનંતી ચોવીસી (જાય). એવા એક પુદ્ગલ પરાવર્તનમાં અનંતા અનંતી ચોવીસી. એવા અનંતા અનંતા પુદ્ગલ પરાવર્તનમાં જે મોક્ષ જશે એ બધાને યાદ કરીને અત્યારે નમસ્કાર કરે છે. સમજાણું? આહા..હા..! અરે..! પચાસ પેઢી પહેલાનો થયો હોય ને બારોટ કહે તમારા પચાસ પેઢી પહેલા એક કરોડપતિ હતો. ત્યાં રાજી રાજી થઈ જાય, લ્યો! તમારો બાપ કરોડપતિ હતો પચાસમી પેઢી,... પેઢી કહતે હૈં? ગયા કાળમાં.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, એના સૌના બારોટ હોય. કાશીના પંડિત એ તો વળી ઠીક. એ તો આવે પૈસા લેવા માટે. પણ સૌના બારોટ હોય છે. બારોટ સમજ્યા ને? વૈયાવંતા... એને ખબર હોય પાંચસો વર્ષ પહેલા તમારા પિતાજીના પિતા ત્યાં પાટણમાં એક મોટી વાવ બનાવી હતી. અને ત્યાં રસ્તા ઉપર બનાવી હતી ત્યાં પચ્ચીસ હજાર ખર્ચીને. તે દિ'ના પચ્ચીસ હજાર એટલે બહુ. ત્યાં ખુશી જાય આહા..હા..! અમારા કુટુંબમાંથી! આ અમારું કુટુંબ છે, આ કહે છે. અનંતા સિદ્ધ ધ્યાનાગ્નિ દ્વારા થઈ ગયા અને અનંતા સિદ્ધ થશે.

**'कैसे होंगे?' 'भविष्यन्ति' 'होंगे.'** આહા..હા..! આનું નક્કી છે ને? હું પણ ભવિષ્યમાં મોક્ષ જવાનો છું. મને હું નમસ્કાર કરું છું, એમ અહીં કહે છે, લ્યો! સમજાણું કાંઈ? ભવિષ્યમાં

અનંતા સિદ્ધમાં પોતે છે કે નહિ? ભવિષ્યમાં સિદ્ધ થશે એ આગામી અનંત સિદ્ધોને હું નમસ્કાર કરું. હું મારી પૂર્ણ પર્યાયને નમસ્કાર અત્યારે કરું છું. ચિદાનંદ ભગવાન જ્યાં અંતર દૃષ્ટિમાં આવ્યો, અનુભવમાં જ્ઞાયકને લીધો, કહે છે કે, એવા અનંતા સિદ્ધ થઈ ગયા આ રીતે અમને ખાત્રી છે, અમે પણ થવાના છીએ તે ખાત્રી છે. અમારી સાથે બીજા અનંતા થશે એ પણ અમને ખાત્રી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કૈસે હોંગે? પરમકલ્યાણમય...**' શિવમય-કલ્યાણમય. આ ઉપદ્રવમાં પડ્યા છેને ઘણા તો હજી જીવો? પણ ભવિષ્યમાં શિવમય થઈ જશે. ઉપદ્રવ વિનાના અનંતા સિદ્ધો સિદ્ધપદને પામશે. આહા..હા..! અહીં તો હજી એક આત્મા ને એક આત્માથી આમ થઈ ગયું, પછી કાંઈ બૌદ્ધે કહ્યું, મહાવીરે કહ્યું, ઈસુએ કહ્યું બધું સરખું છે. અરે..! સાંભળ, સાંભળ. શેઠી! અત્યારે ખીચડો બહુ કરે છે બધાય. ખીચડામાં તો હજી દાણાય હોય, આ તો કાંકરા, સારા દાણામાં કાંકરા. ખીચડામાં તો દાણા હોય, મગ હોય, મઠ હોય, બાજરો હોય. અમારે લાલન હતા, (એની) ૯૫ વર્ષની ઉંમર અને સોળ વર્ષની ઉંમરથી અભ્યાસ. ૯૫ વર્ષ સુધી અભ્યાસ (કર્યો). ખીચડો કર્યો છે, કીધું. ઘણો અભ્યાસ પણ શ્રદ્ધાના કાંઈ ભાન નહિ. ૯૫ની વર્ષ ઉંમર. પછી સાંભળે. અહીં બેસતા, અહીં બેસતા. એક વર્ષ રહ્યા હતા. મલુકચંદભાઈના મકાનમાં. કોઈ વાર તો રોવે હાય.. હાય..! શું ભણ્યા? કીધું. ખીચડો બધો કરે, હોં! ખીચડો. કીધું, ખીચડો નહિ, હોં! તમારો. ખીચડામાં તો મગ, અડદ, દાણા બધા દાણા હોય. આ તો દાણા ને કાંકરા બધા ભેગા. કેટલી વાર પછી રોવે, હોં! આંખમાંથી આસું (નીકળી જાય). વળી પાછા આવે અંદરથી, શલ્ય પડ્યું હોય ને અંદર. એવું હોય? ફલાણું, ઢીકણું. ધૂળમાં પણ નથી.

પરમાત્મા સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમેશ્વર એમણે જે જીવો, જડ, ચેતન દ્રવ્ય, ગુણ, પર્યાય જોયા, કહ્યા એવી વાત ત્રણ કાળમાં બીજે છે નહિ. ક્યાંય નથી ત્રણકાળ, ત્રણલોકમાં. એવો જ્યાં સુધી નિર્ણય નહિ કરે ત્યાં સુધી એને આત્માની દૃષ્ટિ થશે નહિ. સમજાણું કાંઈ? 'અનુપમ...' આહા..હા..! એને શું ઉપમા દેવી? સમજાણું? હજી કારણ પછી આપશે, હોં! આ તો સિદ્ધપદની વ્યાખ્યા કરી. પરમકલ્યાણમય થશે. હોંગેની (વાત) છે ને?

'**પરમકલ્યાણમય, અનુપમ ઔર જ્ઞાનમય હોંગે.**' એની પર્યાય કેવળજ્ઞાનમય રહેશે. જ્ઞાનમય કેવળજ્ઞાન અનંતા આત્માઓ .... જ્યોતિ રહેશે. એની પર્યાયમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણે એવી જ્ઞાન પર્યાયરૂપ પરિણમી. એને સિદ્ધ કહેવામાં આવે છે. આહા..હા..! અહીં તો હજી ણમો અરિહંતાણંના અર્થની ખબર ન મળે. કર્મરૂપી વેરીને હણ્યા, જડને આત્માએ હણ્યા. જડને આત્માએ હણ્યા, એ કઈ નયનું કથન? ણમો અરિહંતાણં. નમસ્કાર હો, કર્મરૂપી વેરીને હણ્યા.

લ્યો! કર્મ જડ વેરીને હણ્યા, જડને હણતો હશે આત્મા? જડ તો સ્વતંત્ર તત્ત્વ છે. એનો ઉત્પાદ-વ્યય તો એને આધીન છે. તારે આધીન છે? લ્યો! ન્યાં એમ કહેવું તો અસદ્‌ભુત એક નિમિત્તનો સંબંધ હતો એ સંબંધ તૂટ્યો એટલું બતાવવા સદ્‌ભુત વ્યવહારનયે કહ્યું છે. સમજાણું કાંઈ?

'**ક્યા કરતે હુએ?**' થશે આવા. પણ '**ક્યા કરતે હુએ?**' કેવું કરતાં થશે આવા? સિદ્ધપદ કલ્યાણમય. '**પરમસમાધિ...**' લ્યો! '**રાગાદિ વિકલ્પ રહિત પરમસમાધિ ઉસકો સેવતે હુએ.**' '**भजन्तः**' ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, અનંત અનંત ગુણનો પિંડ, એની અંતરમાં ગુણની સેવા કરતાં એટલે એકાગ્રતા કરતાં. સેવાનો અર્થ ઈ. એ વસ્તુ અખંડ અનંત ગુણસ્વરૂપ એવું દૃષ્ટિમાં લઈ, જ્ઞાનમાં લઈ લીનતા કરતાં એનું નામ પરમસમાધિ. એટલે નિશ્ચય મોક્ષમાર્ગ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ વિધિ, એ ઉપાય. પરમસમાધિ કેમ કહી છે? વળી બીજા કહે, સમાધિ આમ કરવી ને આમ, એક જ થશે, એમ નહિ. પરમસમાધિ. પુણ્ય-પાપના વિકલ્પો હતા, છે, એને આત્માની અંતર સ્વભાવના શ્રદ્ધા, જ્ઞાન, રમણતા દ્વારા, સ્વરૂપની સેવા દ્વારા પરમાત્મા થશે. રાગની ને નિમિત્તની સેવા દ્વારા કોઈ સિદ્ધ અત્યાર સુધી થયા નથી, થશે નહિ. સમજાણું કાંઈ? ઓહો..! કેટલી દૃષ્ટિ લંબાવી છે!

'**પરમસમાધિ ઉસકો સેવતે હુએ.**' એની સેવા, લ્યો! 'સેવા ધર્મો ગહનં' અત્યારે વળી કેટલાક પંડિત નામ ધરાવીને (એમ કહે છે). ભાઈ! 'સેવા ધર્મો ગહનં' એમાં અહંકાર ટાળવો પડે. ધૂળમાં પણ નથી, એમાં અહંકાર છે. પરની સેવા કરવી એ માન્યતા જ મૂઢ મિથ્યાદૃષ્ટિનો અહંકાર છે. અરે..! એમાં કેટલી નિર્માનતા (જોઈએ.). કો'કની કાંઈ, કોઈ આવા હોય, કોઈ સાધારણ હોય, એને રોગચાળો હોય, ઊલટી થતી હોય, સાફ કરવું, બાપા! એ કાંઈ નિર્માનતા ઓછી છે? 'સેવા ધર્મો યોગી નામ ગહનં' શું આવે છે કે નહિ? ઈ સેવા આ, ઈ નહિ. જુઓને! આ શું કહ્યું? '**भजन्तः भजन्तः**' પાઠ છે કે નહિ? '**परम–समाहि भजंत**' '**भजंत**' એટલે સેવા કરતાં. પોતાના શુદ્ધ સ્વરૂપની સેવા. 'સમયસાર'માં આવે છે ને? એક સમયમાત્ર પણ જ્ઞાનની સેવા કરી નથી. અનંત કાળમાં એણે રાગ ને પુણ્ય ને પાપના ભાવની સેવાઓ કરી. ભગવાન આત્મા અનંત ગુણ સંપન્ન (એની સેવા નથી કરી).

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ સેવા હશે? રાગ મંદ હોય, પુણ્ય બાંધે. અને અમે આ કરીએ છીએ, આ ક્રિયા અમારાથી થાય છે. મિથ્યાત્વનું મોટું પાપ સાથે ભેગું. 'મીંદડુ કાઢતા ઊંટડુ પેઠું' અમે કરીએ છીએ, અમે કર્યા. અમે પચાસ લાખ ખર્ચ્યા ને પચાસ હજાર ખર્ચ્યા ને પચાસ હજાર

તારા ક્યાં હતા? એ તો ધૂળના છે. તે શું ખર્ચ્યા? રાગ મંદ કર્યો હોય જરી તો પુણ્ય (છે), અને મેં આ કામ કર્યા. પૈસાવાળા બધા સમજવા જેવા છે. કો'ક બિચારો કુણો જીવ હોય પણ છતાં એને અંદરમાં તો હોય કે, આ અમે કરીએ છીએ. એને કે દિ' ભાન છે? આ પૈસા અમે ન દઈ શકીએ? તો કોણે દીધા? કોણે દીધા ત્યારે? અરે..! તેં નથી દીધા, સાંભળને હવે! મેં પૈસા દીધા એ માન્યતા જ મિથ્યાત્વનું મોટું પાપ છે. આહા..હા..!

મુમુક્ષુ :— પૈસા ક્યાં ગયા?

ઉત્તર :— પૈસા ક્યાં એના હતા તે જાય? એની પાસે મમતા હતી. એ મમતા કાંઈ ઘટાડી હોય થોડીક અને વળી પાછી આ મમતા ભેગી સાથે રાખી હોય. મારા હતા ને મેં આપ્યા ને. મેં આપ્યા તો દેવાણા, નહિતર એની મેળાએ રૂપિયા જાત? શોભાલાલભાઈ! અટપટી વાતું છે, બાપા! વાત તો એવી છે. દ્રવ્ય સ્વતંત્ર પદાર્થ છે. એમાં એક દ્રવ્યને કોણ (પરિણમાવે)? જીભનો લવો કોણ વાળે? એ તો જડની અવસ્થા છે. સમજાય છે?

અહીં તો રાગાદિ રહિત. વાણી તો ક્યાંય ન મળે, દેવા-લેવાની તો વાતેય ન મળે. પુણ્ય, રાગાદિમાં પુણ્યભાવ આવતો હશે કે નહિ? પુણ્યભાવ રહિત. રાગ એટલે પુણ્ય-પાપના રાગ રહિત જે પરમસમાધિ નામ આત્માની શાંતિ. પૂર્ણ શાંતિ અંદર પડી છે એની એકાગ્રતારૂપી પરમ શાંતરસની શાંતિ, એને સેવતા થકા ભવિષ્યમાં અનંત સિદ્ધ થશે. આહા..હા..! આ રીતે સિદ્ધ થશે, બીજો કોઈ ઉપાય એ સેવશે જ નહિ. આ જ ઉપાયે સિદ્ધ થશે. એ ઉપાયે સિદ્ધ થયા, એ ઉપાયે વર્તમાનમાં સિદ્ધ થાય છે. ત્રણે કાળનો એક જ ઉપાય છે. આહા..હા..!

અબ વિશેષ કહેતે હૈં. '**જો સિદ્ધ હોંગે, ઉસકો મૈં વન્દતા હૂં.**' છે ને? '**वंदउँ**' પહેલો શબ્દ પડ્યો છે. '**તે वंदउँ**' '**કૈસે હોંગે, આગામી કાલમેં સિદ્ધ,...**' ભવિષ્યકાળમે સિદ્ધ હોંગે. '**કેવલજ્ઞાનાદિ મોક્ષલક્ષ્મી સહિત...**' સિદ્ધ થશે. એ કેવળજ્ઞાનની પર્યાય પ્રગટશે. કેવળજ્ઞાન, કેવળદર્શન, પરમ આનંદ ને પરમ વીર્ય. એવી પર્યાય પ્રગટશે ભગવાન સિદ્ધને, અનંતા સિદ્ધ ભવિષ્યમાં થશે એને. '**ઔર સમ્યક્ત્વાદિ આઠ ગુણોં સહિત અનંત હોંગે.**' લ્યો! સમકિત આદિ આઠ ગુણ. છે ને? આઠ કર્મના અભાવથી આઠ (ગુણ પ્રગટ્યા). 'તત્ત્વાર્થસૂત્ર'માં આવે છે. એવા અનંત થશે. આહા..હા..! ત્રણકાળના સિદ્ધને અંદર જ્ઞાનની સોડમાં લીધા છે. જ્ઞાનની પર્યાયમાં આમ ત્રણ કાળના સિદ્ધો આવા ઉપાયથી થયા (એમ જાણી લીધું). સમજાણું?

'**ક્યા કરકે સિદ્ધ હોંગે? વીતરાગ સર્વજ્ઞદેવકર પ્રરૂપિત માર્ગકર દુર્લભ જ્ઞાનકો પાકર...**' લ્યો! એક સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા. બે વિશેષણ આપ્યા છે. એક તો વીતરાગ, બીજો સર્વજ્ઞ. જેને સર્વજ્ઞપદ હોય એ વીતરાગ જ હોય. વીતરાગ નીચે હોય અને સર્વજ્ઞ પણ હોય નહિ.

પણ વીતરાગ કહીને પછી સર્વજ્ઞ કહ્યું છે. સમજાણું કાંઈ? પરમસમાધિ. '**रागादि विकल्परहित समाधि**' સિદ્ધ ભગવાન. '**केवलज्ञानादिमोक्षलक्ष्मीसहितान् सम्यक्त्वाद्यष्टविभूतिसहितान्**' એમ લીધું, લ્યો! શું કહે છે? સંસ્કૃતમાં પેલો શબ્દ પણ પડ્યો છે '**वीतरागसर्वज्ञप्रणीतमार्गेण**' સંસ્કૃતમાં છે. '**वीतरागसर्वज्ञप्रणीतमार्गेण दुर्लभबोधिलब्ध्वा**'. સંસ્કૃત છે. વીતરાગ સિદ્ધ થશે તે. '**सर्वज्ञदेवकर प्ररूपित मार्गकर...**' સર્વજ્ઞ પરમાત્મા જે પૂર્વે એના પહેલાં થયા, એમના કહ્યા પ્રમાણે એ માર્ગ છે. એવા '**दुर्लभ ज्ञानको पाके राजा श्रेणिक आदिकके जीव सिद्ध होंगे.**' 'શ્રેણિક' રાજા અત્યારે પહેલી નરકમાં છે. ચોરાશી હજાર વર્ષની સ્થિતિએ. ભવિષ્યમાં પહેલા તીર્થંકર થવાના છે, પણ એ વીતરાગ સર્વજ્ઞદેવ પ્રરૂપિત માર્ગ દુર્લભ જ્ઞાનને પામીને થશે. ક્ષાયિક સમ્યગ્દર્શન તો પામ્યા છે. ત્યાંથી નીકળશે, તીર્થંકર થઈ, કેવળજ્ઞાન પામી સિદ્ધપદને પામશે. ત્યાંથી માંડીને અનંત સિદ્ધો થશે એમ કહે છે. શ્રેણિકને સંભાર્યા. સમજાણું કાંઈ? છે ને? '**श्रेणिकादयः**' '**भविष्यन्त्यग्रे श्रेणिकादयः**'. '**श्रेणिक आदिके जीव सिद्ध होंगे.**' આહા..હા..!

'**पुनः कैसे होंगे? शिव अर्थात् निज शुद्धात्माकी भावना, उसकर उपजा जो वीतराग परमानंद सुख, उस स्वरूप होंगे,...**' જે અંતરમાં આત્મામાં આનંદ પડ્યો છે, શિવસ્વરૂપ ભગવાન સદાશિવ છે આત્મા. શક્તિએ. એની સેવા કરીને. અંતર શુદ્ધાત્માની ભાવના એટલે એકાગ્રતા એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. '**उसकर उपजा जो वीतराग परमानंद सुख,...**' એનાથી ઉત્પન્ન થયેલું વીતરાગ પરમાનંદ સુખ, '**उस स्वरूप होंगे,...**' એ રૂપે થશે. વીતરાગ પરમાનંદને પ્રાપ્ત થશે. પૂર્ણાનંદની પ્રાપ્તિ, દુઃખનો અભાવ ને પૂર્ણાનંદની પ્રાપ્તિ, એવા સિદ્ધો થશે એને હું અત્યારે વર્તમાનમાં નમસ્કાર કરું છું. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા વદ ૧૨, બુધવાર, તા. ૨૨-૯-૧૯૬૫
## ગાથા-૨ થી ૫, પ્રવચન-૪

'પરમાત્મપ્રકાશ' પહેલો અધ્યાય. પહેલી ગાથામાં ગત કાળના અનંત સિદ્ધોને નમસ્કાર કર્યો. બીજી ગાથામાં ભવિષ્યના અનંત સિદ્ધોને નમસ્કાર કર્યો. સમજાણું? પહેલી ગાથામાં અનંત

જે સિદ્ધો થઈ ગયા (એમને નમસ્કાર કર્યો). જુઓ! ભક્તિ ઘણી ઉછળી છે. કેટલી ગાથામાં વંદન વંદન કરશે. હજી તો પાંચ ને છ ને... સમજ્યા ને? સ્વભાવનું કરીને વંદન કરશે. સાધુને કરશે. સાત (ગાથા) સુધી. ચાલે જ છે, વંદનની જ ગાથા ચાલે છે. 'પરમાત્મપ્રકાશ' કહું છું ને! પછી આઠમેથી કહેશે. પંચ ગુરુને વંદન કરીને 'પ્રભાકર ભટ્ટ'ને સમજાવું છું. સાત (ગાથા) સુધી તો એકલું વંદન વંદન (કર્યું છે).

પહેલી ગાથામાં અનંત સિદ્ધો, જે પોતાના સમાધિ, શાંતિ, દૃષ્ટિ, જ્ઞાન ને રમણતાથી પ્રાપ્ત થયા એને હું નમસ્કાર કરું છું, એમ કહ્યું. વ્યવહાર ને નિશ્ચય બે... અને બીજામાં એ વાત લીધી નથી, વંદન કરું છું એટલી વાત લીધી. ભવિષ્યના અનંત સિદ્ધોને હું વંદન કરું છું. બસ, એટલી સામાન્ય વાત લીધી છે. પેલામાં જે બે ભાગ પાડ્યા છે એવા આમાં પાડ્યા નથી.

'**ક્યા કરકે સિદ્ધ હોંગે? વીતરાગ સર્વજ્ઞદેવકર પ્રરૂપિત માર્ગકર દુર્લભ જ્ઞાનકો પાકર...**' ભવિષ્યમાં અનંત સિદ્ધો થશે એ સિદ્ધપદની પ્રાપ્તિ એને કેમ થશે? કે, '**વીતરાગ સર્વજ્ઞદેવકર પ્રરૂપિત માર્ગકર દુર્લભ જ્ઞાનકો પાકર...**' અંતરનું આત્મજ્ઞાન મહા સર્વજ્ઞ પરમાત્માએ જે વસ્તુ જોઈ, કહી, જાણી એ માર્ગને પામશે, એ માર્ગ વિના બીજો કોઈ ઉપાય નથી. એ '**રાજા શ્રેણિક આદિકે જીવ સિદ્ધ હોંગે. પુનઃ કૈસે હોંગે? શિવ અર્થાત્ નિજ શુદ્ધાત્માકી ભાવના,...**' હવે 'શ્રેણિક' રાજા આદિ કેવી રીતે સિદ્ધ થશે? નિજ શુદ્ધાત્મા. બીજા પરમાત્મા થયા એમ નહિ. એને વંદન, નિજ શુદ્ધાત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્ય આનંદ અને અનંત ગુણ શુદ્ધ સ્વરૂપ એવો નિજ સ્વભાવ, નિજ આત્મા, એની ભાવના, એની અંતર એકાગ્રતા. '**ઉસકર ઉપજા જો વીતરાગ પરમાનંદ સુખ,...**' એનાથી ઉત્પન્ન થયું, અંતરમાં પર્યાયમાં—અવસ્થામાં વીતરાગ પરમાનંદનું સુખ. '**ઉસ સ્વરૂપ હોંગે,...**' એવા પરમ વીતરાગી આનંદની પર્યાય સ્વરૂપ સિદ્ધ હોંગે, સિદ્ધ થશે. સમજાણું કાંઈ? એ શિવની વ્યાખ્યા કરી.

શિવ એટલે એ અનંત સિદ્ધોને કોઈ ઉપદ્રવ નહિ રહે. નિરુપદ્રવ આનંદની, સુખ વીતરાગ આનંદની પ્રાપ્તિ થશે એવા અનંતા સિદ્ધો ભવિષ્યમાં થશે, એ બધાને હું વર્તમાનમાં અનંત સિદ્ધના ગણ-ટોળાને-અનંત સિદ્ધના સમૂહને વંદન કરું છું. સમજાણું?

બીજો બોલ. કેવા થશે સિદ્ધો અનંત? '**સમસ્ત ઉપમા રહિત અનુપમ હોંગે,...**' કોઈ ઉપમા નહિ દેવાય એવી પર્યાયને પ્રાપ્ત થશે. વસ્તુ તો દ્રવ્ય-ગુણ શુદ્ધ છે, એની એકાગ્રતા દ્વારા, ભાવના દ્વારા, ભાવના એટલે એકાગ્રતા, એમાંથી જે નિર્મળ પર્યાય પ્રાપ્ત થશે એને કોઈ ચાર ગતિ કે કોઈ એને ઉપમા મળે એવું છે નહિ. નિરૂપમ સિદ્ધપદની પર્યાયને—અવસ્થાને અનંતા સિદ્ધો પ્રાપ્ત થશે એને વર્તમાનમાં હું નમસ્કાર કરું છું. કહો, સમજાણું કાંઈ?

ત્રીજો બોલ. '**કેવલજ્ઞાનમય હોંગે,...**' મૂળ પાઠ શબ્દ એટલો છે. જ્ઞાનમય હોંગે, એમ છે ને? સમજાણું? '**सिवमय-णिरुवम-णाणमय**' એ ત્રણ શબ્દની વ્યાખ્યા. કેવા થશે? કે, '**કેવલજ્ઞાનમય હોંગે,...**' અનંત સિદ્ધને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થશે. એ સિદ્ધને પણ એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણવાનું, નિશ્ચયથી સ્વને ને વ્યવહારથી પરને (જાણતું) એવું જ્ઞાન ભગવાન સિદ્ધને પણ, અનંતા પરમાત્મા થશે તેને જ્ઞાન થશે અને એ જ્ઞાન તેને એવું રહેશે. થશે અને રહેશે. સમજાણું કાંઈ? આહા..હા..!

હવે એટલી વાત (કર્યા પછી કહે છે), '**ક્યા કરતે હુએ ઐસે હોંગે?**' શું કરતાં થકા એમ પામશે? '**નિર્મલ જ્ઞાન દર્શનસ્વભાવ જો શુદ્ધાત્મા...**' આ નિજ આત્મા કેવો છે? નિર્મળ જ્ઞાન દર્શનસ્વભાવ. એનો કાયમી જ્ઞાતા-દૃષ્ટાનો નિર્મળ જે સ્વભાવ, એવો જે ભગવાન શુદ્ધાત્મા '**ઉસકે યથાર્થ શ્રદ્ધાન...**' એવા શુદ્ધાત્માની યથાર્થ શ્રદ્ધાન. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાની અહીં વાત લીધી નથી. એવાથી કાંઈ મોક્ષ પ્રાપ્ત થતાં નથી. કેમ, શું થયું? શેઠી!

'**નિજ શુદ્ધાત્મા હૈ, ઉસકે યથાર્થ શ્રદ્ધાન-જ્ઞાન-આચરણરૂપ અમોલિક રત્નત્રયકર પૂર્ણ...**' અહીં જહાજ લેવું છેને? જહાજ. જહાજ ભરેલું. રત્નથી ભરેલું જહાજ લઈને સિદ્ધમાં જશે. પર્યાયની વાત છેને અત્યારે તો અહીં? સમજાણું કાંઈ? દ્રવ્ય-ગુણ તો એમ ને એમ પડેલા જ છે. ઈ તો વાત કરી, દર્શન-જ્ઞાન નિર્મળ સ્વભાવનો ધરનાર શુદ્ધ આત્મા, એની એકાગ્રતા-ભાવના, એનાથી ઉત્પન્ન થયેલો અનંત ગુણ પર્યાયરૂપ સમૂહ, એનાથી ભરેલા રત્ન એવા અમોલિક રત્નત્રય. જેના રત્નત્રયની કિંમત નથી. એવા શુદ્ધાત્માની શ્રદ્ધા, એ શુદ્ધાત્માનું જ્ઞાન, શુદ્ધાત્માનું આચરણરૂપ ચારિત્ર. જેની અમોલિક રત્નત્રય, એ રત્નત્રયની કિંમત જ કાંઈ અમોલ... અમોલ... અમોલ... રત્નત્રય એનાથી પૂર્ણ છે.

'**ઔર મિથ્યાત્વ વિષય કષાયાદિકરૂપ સમસ્ત વિભાવરૂપ જલકે પ્રવેશસે રહિત...**' આનાથી સહિત. જહાજનું વર્ણન કરવું છે ને? જહાજમાં જેમ રત્ન ભરીને વેપારી જાય, એમ આ સિદ્ધનો વેપારી આત્મા પોતાના અનંત ગુણના પર્યાયથી ભરેલું વહાણ લઈને જાય છે. અને મિથ્યાત્વ વિષય-કષાય આદિ વિભાવરૂપ જળ. પુણ્ય-પાપના ભાવ એ વિભાવરૂપી જળ, એના પ્રવેશથી રહિત. એ જહાજમાં એનો પ્રવેશ નથી. સમજાણું કાંઈ? બીજી રીતે કહીએ. મિથ્યાત્વ વિષય કષાયનો વ્યય અને આવા ગુણનો ઉત્પાદ. એ એના પ્રવેશ રહિત કરીને વાત કરી.

'**શુદ્ધાત્માકી ભાવનાસે ઉત્પન્ન હુઆ...**' ભગવાન પૂર્ણાનંદ શુદ્ધ, જેની શક્તિના સ્વભાવનું અચિંત્ય અનંત માહાત્મ્ય, એવો શુદ્ધાત્મા એની અંતરમાં એકાગ્રતા, એનાથી ઉત્પન્ન થયેલો '**સહજાનંદરૂપ સુખામૃત,...**' અહીં તો હજી સંસારના દુઃખ કેવા? એ આનાથી ઉલટા એમ

વર્ણવવું છે. કે, **'સહજાનંદરૂપ સુખામૃત,...'** સ્વભાવિક આનંદરૂપ સુખનું અમૃત. **'ઉસસે વિપરીત જો નારકાદિ દુઃખ...'** કહો, સ્વર્ગના દુઃખો, સ્વર્ગના દુઃખ પણ આ સહજાનંદરૂપ સુખામૃતથી વિપરીત છે. સમજાણું કાંઈ? કહો, શેઠિયાઓનું સુખ, નારકીનું દુઃખ અને દેવનું સુખ. એ બધું દુઃખ (છે). શેનાથી દુઃખ? કે, જે આત્માના સહજાનંદથી ઉત્પન્ન થયેલું સુખ અમૃત, એનાથી ચારે ગતિનું બધું દુઃખ વિપરીત છે.

મુમુક્ષુ :— સુખ હોય તો મળે ને?

ઉત્તર :— સુખ છે જ નહિને, મળે ક્યાંથી? ધૂળમાં? ક્યાં છે સુખ? એ..ઈ..! મફતના માની બેઠા છે. હોય પણ ગામમાં બધા કહે, આ સુખી છે એમ કહે, લ્યો! બે જણા હુતો ને હુતી, કાંઈ નહિ. મોટા બંગલા ત્રણ ને કેટલીય પેદાશ આવે અને મોટરું ફેરવે.

મુમુક્ષુ :— એમાં સુખ છે.

ઉત્તર :— આ વળી બીજું કાંઈક કહે છે. એ એના હાથમાં ક્યાં છે હવે અત્યારે? જડના હાથમાં છે ઈ. જડનું થવાનું હોય એ થાય એમાં એ શું કરે? એ એના અધિકારની વાત છે?

અહીં કહે છે કે, **'નારકાદિ દુઃખ...'** આહા..હા..! એ અબજોપતિના પરિણામના દુઃખ. આત્મા નિર્મળ દર્શન, જ્ઞાન સ્વરૂપ, એવો ભગવાન આત્મા એની એકાગ્રતાથી ઉત્પન્ન થયેલું વીતરાગી સુખામૃત સુખ, એનાથી ચાર ગતિના દુઃખ વિપરીત છે. આહા..હા..! સ્વભાવિક આનંદ એનાથી ચાર ગતિના (દુઃખ વિપરીત છે). એ રાજા હોય, શેઠિયા હોય કે દેવો હોય. વૈમાનિકના મોટા દેવો, હોં! પણ એના પરિણામમાં આકુળતા અને રાગ-દ્વેષનું જ દુઃખ છે એને. એવા દુઃખ ... ક્ષારજળ. આ દરિયો હોય છે ને? આ લવણ સમુદ્ર ખારો એમાં તરે ને? એમ આવો જે ક્ષારજળ દુઃખ ભરેલો ચાર ગતિનો ભાવ, એ ક્ષારજળથી ભરેલો ભાવ છે. **'ઉનકર પૂર્ણ...'** સંસાર દુઃખથી પૂર્ણ ભરેલો છે.

**'ઈસ સંસારરૂપી સમુદ્ર...'** લ્યો. **'તરને કા ઉપાય...'** આ તો ભવિષ્યની વાત કરે છે ને? બધા ભગવાનો આવા સંસારના દુઃખ ભરેલા છે એને તરી જશે. એનો નાશ કરી અને પરમાનંદની પ્રાપ્તિ કરશે. ઉત્પાદ-વ્યય ને ધ્રુવની સાથે સાથે વસ્તુનું સ્વરૂપ છે એ ભેગું વર્ણવે છે. કોઈ એકાન્ત માની લે કે, એમ ને એમ આત્મા ધ્રુવ જ છે, આત્મા ક્ષણિક જ છે એમ નથી. એવા સંસારરૂપી સમુદ્ર, જે દુઃખરૂપી ક્ષારથી ભરેલો છે, આત્માના આનંદથી, પર્યાયના આનંદથી ઉલટી દશા, એવા દુઃખરૂપ ક્ષારથી આખો સંસાર બળ્યો, ઝળ્યો-બળી રહ્યો છે.

મુમુક્ષુ :— મીઠા સિવાય બીજે ખારું લાગતું નથી.

ઉત્તર :— મીઠા સિવાય ખારું (લાગતું નથી). મીઠામાં ક્યાં ખારું કહે છે? મીઠું પણ ક્યાં

કહે છે? તમે મીઠું કહો છો આ લોકો નમક કહે છે. તમારી ભાષામાં નમક કહે. નમકને ખારું કહે, તમે વળી મીઠાને ખારું કહો. હતું કે દિ'? એ તો ખારી ચીજ જડ છે. આ દુઃખરૂપી ક્ષાર.

મુમુક્ષુ :— ભાવખાર....

ઉત્તર :— હા.

ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાન, દર્શનના સ્વભાવથી ભરેલો પદાર્થ. અહીં મુખ્ય જ્ઞાન-દર્શન વર્ણવ્યું છે ને? એની અંદર આનંદ પ્રગટ થાય છે એમ બતાવે છે. એવા સ્વભાવથી તત્ત્વ, એના અંતર્મુખની એકાગ્રતા દ્વારા ઉત્પન્ન થયેલું અરાગી-વીતરાગી સહજાનંદ સુખામૃતસ્વરૂપ સુખ, એનાથી વિપરીત ચાર ગતિના દુઃખથી ભરેલો ક્ષાર તે સમુદ્ર છે. આહાહા..! સમજાણું કાંઈ?

એને '**તરને કા ઉપાય જો પરમસમાધિરૂપ જહાજ...**' છે. દેખો! પેલો પાઠ છે ને? બીજી ગાથા છે ને? '**परम-समाहि भजंत**' ચોથું પદ છે. પરમસમાધિને ભજશે. ભજશે, સેવા કરશે. એ શ્રેણિક રાજા આદિ અનંતા જીવો, શુદ્ધાત્મા એની પરમસમાધિરૂપ... પર્યાયની વાત છે, હોં! આ. પર્યાયમાં પરમ સમાધિ, પરમ શાંતિ, પરમ વીતરાગતા, પરમ અતીન્દ્રિય આનંદનો અનુભવ, એ રૂપ જહાજ. એને અહીં જહાજ કીધું છે. '**ઉસકો સેવતે હુએ...**' એ અનંત સિદ્ધો પરમાનંદના સુખને સેવતા થકા, પોતાના જ પરમાનંદની પર્યાયને સેવતા થકા અને '**ઉસકે આધારસે ચલતે હુએ,...**' એ પોતાના અતીન્દ્રિય આનંદને આધારે ચાલશે, કોઈને આધારે નહિ. સમજાય છે કાંઈ? બે શબ્દ છે, હોં! સંસ્કૃતમાં. સમજાણું કાંઈ?

'**ઉસકે આધારસે ચલતે હુએ,...**' બે વાત લીધી. એક તો પોતાને આનંદને સેવશે અને એને જ આધારે એ પરિણમશે. પરિણમન એને આધારે જ રહેશે. એને બીજો કોઈ આધાર નથી. આનંદનો આધાર, અતીન્દ્રિય આનંદનો આધાર. સમજાણું કાંઈ? એમ કે, ત્યાં રહેશે ને સિદ્ધમાં? લોકનો આધાર છે કે નહિ ત્યાં? ના. એ તો અતીન્દ્રિય પોતાના આનંદનો જ આધાર એને છે, એમ નિશ્ચય સિદ્ધ કરે છે. '**અનંત સિદ્ધ હોંગે.**' ઓહો..! અનંત પરમાત્મા ભવિષ્યમાં થશે.

'**ઈસ વ્યાખ્યાનકા યહ ભાવાર્થ હુઆ, કિ જો શિવમય અનુપમ જ્ઞાનમય શુદ્ધાત્મસ્વરૂપ હૈ વહી ઉપાદેય હૈ.**' લ્યો! ત્રણ શબ્દ કહ્યા હતા ને? પૂર્ણાનંદરૂપી પર્યાય જે શિવસ્વરૂપ છે અને બીજું શું કહ્યું? નિરુપમ છે. ઉપમા જેને નથી. ચાર ગતિમાં કોની (ઉપમા દેવી)? ચક્રવર્તી જેવા સુખ કહેવા? જુગલિયા જેવા કહેવા? કોના જેવા કહેવા? કોઈ ઉપમા ન મળે. એના સુખ એના જેવા. એ સિદ્ધના સુખ સિદ્ધ જેવા. એવી કોઈ બીજી ઉપમા નથી કે, એની સાથે મેળ તરોવડ કરીને એને સમજાવાય કે, આ સિદ્ધના સુખ છે. એવું નિરુપમ. અને

જ્ઞાન, કેવળજ્ઞાનમય પરમાત્મા થશે. શુદ્ધાત્મ સ્વરૂપ એ જ ઉપાદેય છે. લ્યો! એ જ આત્માને આદરવા લાયક છે. એ અંતર સ્વરૂપ શુદ્ધ એ જ આદરવા લાયક છે. અથવા એવી પર્યાય પ્રગટ કરવા માટે એને આદરણીય કહેવામાં આવે છે. આ તો પર્યાયની વાત છે ને? શું કીધું? પહેલું શુદ્ધાત્માને આદરણીય કહ્યો હતો. પાછા આવા પર્યાયને પ્રાપ્ત એ પર્યાય આદરણીય છે. સમજાણું? '**જ્ઞાનમય શુદ્ધાત્મસ્વરૂપ હૈ વહી ઉપાદેય હૈ.**' એવી નિર્મળ પર્યાયવાળા આત્મા તે આદરણીય છે, પ્રગટ કરવા લાયક એ છે. બે શ્લોક થયા. એમાં ઓલા નમસ્કાર નથી કહ્યા. નમસ્કારની નય ઓલામાં ઉતારી છે.

મુમુક્ષુ :— પહેલામાં આવ્યું એ બધે લાગુ કરવું.

ઉત્તર :— હવે ત્રીજામાં બીજું કહેશે. વર્તમાનને બીજી કહેશે. ઓલામાં અશુદ્ધ નિશ્ચયનય છે અને આમાં કહેશે બીજી. ત્રીજો છે ને? આ ત્રીજો શ્લોક છે ને? બીજો શ્લોક થઈ ગયો.

આ ત્રીજામાં '**पारमार्थिकसिद्धभक्त्या नमस्कारोमि**' એમ કહેશે. વર્તમાન ભગવાન છે ને? એને એ રીતે નમસ્કાર લે છે. હજી આવશે, હવે આવશે. હજી તો આ શ્લોક (ચાલે છે). ભૂતકાળના તીર્થંકરોને નમસ્કાર કર્યો, ભવિષ્યનાને કર્યો, હવે વર્તમાન બિરાજે એને કરે છે. મહાવિદેહક્ષેત્રમાં 'સીમંધર' ભગવાન આદિ તીર્થંકરો મનુષ્ય દેહે, પાંચસો ધનુષ્યનો દેહ, કરોડ પૂર્વનું આયુષ્ય, કેવળજ્ઞાનમય, ચાર કર્મને પોતાના સમાધિના અગ્નિ દ્વારા કર્મને હોમતા બિરાજે છે. ભાઈ! કર્મ-કાંડ હજી બાકી છે, એમ બતાવવું છે ને? એમ બતાવવું છે. કર્મને હોમે છે. ચાર અઘાતી કર્મ બાકી છે ને? હજી અરિહંત પદે છે. સિદ્ધ આઠ કર્મ રહિત છે, સિદ્ધને કર્મ કોઈ હોય નહિ. અરિહંતને તો ચાર કર્મ બાકી છે એમ પાછું ભેગું બતાવવું છે. એને સિદ્ધગણ કહેવામાં આવે છે. એ પણ સિદ્ધના ટોળા છે એમ કહે છે. ઓહો..! સમજાણું કાંઈ? કહ્યું છે કે નહિ?

સિદ્ધગણ. અત્યારે જે સિદ્ધગણ છે. એ સિદ્ધના ટોળા છે અત્યારે મહાવિદેહક્ષેત્રમાં. સિદ્ધ એટલે અરિહંતને સિદ્ધના ટોળા કહ્યા. ટોળા કહે છે, સમજ્યા? ટોળા એટલે સમૂહ. ગાય, ભેંસનું ટોળું નથી નીકળતું મોટું? અમારે કાઠિયાવાડમાં (કહે). હજારો ગાયનું ટોળું નીકળ્યું. આ મોટા સિદ્ધના ટોળા છે, સમૂહ. ત્રીજી ગાથા. પાઠમાં એમ જ છે ને? જુઓ! '**अथानन्तरं परमसमाध्यग्निना कर्मेन्धहोमं कुर्वाणान्**' એનો ઉપોદ્‌ઘાત ઈ છે. કારણ કે ભગવાન બિરાજે છે ને હજી? અને ચાર અઘાતી કર્મ (બાકી છે). આત્માનું ધ્યાન તો સદાય આત્માનો અનુભવ જ છે આનંદ. એ દ્વારા નાશ કરતાં બિરાજે છે.

મુમુક્ષુ :— કેવળી ...

ઉત્તર :— કેવળી-ફેવળી એનું કાંઈ નહિ. એને જાણવું છે ક્યાં? સાંભળવું છે ક્યાં? ...

બેય કેવળી હોય. તીર્થંકરના વખતમાં બેય કેવળી હોય છે.

**(૩) ते हउँ वंदउँ सिद्ध-गण अच्छहिँ जे वि हवंत।**
**परम-समाहि-महग्गिएँ कम्मिंघणई हुणंत।।३।।**

લ્યો! પાઠમાં છે, જુઓ! '**આગે પરમસમાધિરૂપ અગ્નિસે કર્મરૂપ ઈંધનકા હોમ કરતે હુએ...**' વર્તમાન લેવા છે ને ભગવાનને? આહા..હા..! હજી એ વાંધા ઉઠાવે એટલે આ સ્પષ્ટ કરે છે. કે, ભાઈ! અરિહંતપદ થયું છતાં હજી ચાર કર્મ નિમિત્તરૂપે બાકી છે. એને બાળે છે એટલે આગળ શુદ્ધિની વૃદ્ધિ થાય. અરિહંતને, સર્વજ્ઞને પણ એમ છે. સમજાણું કાંઈ? પર્યાય પર્યાયનો વિવેક બતાવે છે. પરમસમાધિરૂપ અગ્નિથી કર્મરૂપ લાકડા '**હોમ કરતે હુએ વર્તમાનકાલમેં મહાવિદેહક્ષેત્રમેં સીમંધરસ્વામી આદિ તિષ્ઠતે હૈં, ઉનકો નમસ્કાર કરતા હૂં.**'

વર્તમાનમાં તીર્થંકર હો, મહાવિદેહક્ષેત્રમાં વીસ તીર્થંકરો અને લાખો કેવળીઓ બિરાજે છે. એ બધા સિદ્ધના ટોળા છે, સિદ્ધના સમૂહ છે. આહાહા..! શેઠી! આ તો પોતાનું ઘર એક ભાળે એટલે આહા... થઈ રહ્યું, લ્યો! આ તો અનંતા સિદ્ધો ગયા, અનંતા થશે અને અનેક બિરાજે છે. વર્તમાન બિરાજે છે, વર્તમાન બિરાજે છે. જંબુદ્વીપ છે એમાં આ ભરત છે, એ મહાવિદેહ છે. ત્યાં બિરાજે છે, છે જંબુદ્વીપનો ભાગ. 'સીમંધર' ભગવાન ત્યાં બિરાજે છે અને બાકી બીજા ચાર અહીં છે, ચાર બીજે ઘાતકીમાં અને ચાર બીજે અર્ધ પુષ્કરમાં. આઠ-આઠ. આઠ-આઠ ત્યાં છે. સોળ ને ચાર આ, વીસ.

'**મૈં ઉન સિદ્ધ સમૂહોંકો નમસ્કાર કરતા હૂં, જો વર્તમાન સમયમેં વિરાજ રહે હૈં,...**' '**भवन्तः तिष्ठन्तिः**' આહા..હા..! અહીં તો હજી જૈનમાં જન્મ્યા એને હજી તીર્થંકરો ક્યાં રહેતા હશે? તીર્થંકરપદ કેમ મળ્યું? સિદ્ધપદ કેમ મળ્યું? અને એની પર્યાયમાં શું છે? અને એ વર્તમાન ક્યાં છે? ભૂતમાં ક્યાં થયા ને ભવિષ્યમાં કેવા થશે? એની ખબરેય ન મળે ને (માને) અમે જૈન છીએ.

મુમુક્ષુ :— નવકાર ગણે.

ઉત્તર :— નવકાર ગણ્યા, નવકાર ગણે. નોકાર એમ ને? ભાન ન મળે. શું અરિહંત છે, શું સિદ્ધ છે, શું આત્માની દશા છે? સમજાણું કાંઈ? 'સીમંધર' ભગવાનની આજ્ઞા નથી લેતા? જાદવજીભાઈ! સામાયિકમાં.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા. લે છે ઈ. સામાયિક જ્યારે કરે ને? આ લોકો મૂર્તિને માને નહિ એટલે 'સીમંધર' ભગવાનની સામે ... જય ભગવાન. સામાયિકની આજ્ઞા. લે છે કે નહિ? નવજીવનભાઈ! લેતા હતા?

'ક્યા કરતે હુએ?' દેખો! હજી અરિહંત વર્તમાન સિદ્ધના ટોળા પણ કાંઈ કરે છે, એમ સિદ્ધ કરે છે. લે, એને શું કરવું (બાકી છે)? જે સિદ્ધ થઈ ગયા એ તો કૃતકૃત્ય છે. આ સિદ્ધ છે પણ હજી ચાર કર્મ નાશ કરવાનો અંદર પુરુષાર્થ, અંદર સમાધિમાં લીનતા છે. પુરુષાર્થ કરવો એ નહિ, સહજ સમાધિથી વીતરાગી આનંદનો અનુભવ છે. એમાં સહજ કર્મ ટળતા જાય છે. સમયે સમયે કર્મ ટળતા જાય છે. દેખો! 'ક્યા કરતે હુએ? **પરમસમાધિરૂપ મહા અગ્નિકર...**' પરમ સમાધિ આત્માની શાંતિ. આમ શાંતિ કરું એમ નથી, હોં! ઈ શાંતિ ચાલે જ છે એમને. વીતરાગી કેવળજ્ઞાનમય શાંતિ. એવી અગ્નિથી '**કર્મરૂપ ઈંધનકો ભસ્મ કરતે હુએ.**' જુઓ! કેટલું સિદ્ધ કરે છે? કોઈ આ શાસ્ત્રને કહે છે કે એને વેદાંતની સાથે મેળ (છે). પણ આમાં જો તો ખરો એક એક ગાથામાં. એક એક ગાથામાં વીતરાગે કહેલા તત્ત્વની સાથે સંધિ કરીને વાત કરે છે. સમજાણું કાંઈ? આવા વાંચીને કેટલાક (એમ માની બેસે છે કે) બસ, એક છે ને વેદાંત છે ને ઢીંકણું છે ને ફીકણું છે ને એમ કરીને... એક આત્મા છે, એમ આવે ને અંદર? પણ એક એટલે જાતિએ એક. એવા તો પાંચ-સાત અધિકાર છે, ઘણા ચોખ્ખા. '**કર્મરૂપ ઈંધનકો 'જુહ્વન્તઃ' ભસ્મ કરતે હુએ.**' લ્યો! ચાર કર્મ બાકી સિદ્ધ કરે છે, અરિહંત રૂપે સિદ્ધપદ તો પ્રાપ્ત એ રીતે થયું છે. હવે એને ચાર કર્મ બાકી એને હોમતા બિરાજમાન છે. એ ભવિષ્યમાં સિદ્ધ થશે. ઘણા અબજો વર્ષ પછી થશે. હજી તો અબજો વર્ષ રહેવાના છે. 'મુનિસુવ્રત' ભગવાન અહીં થયા ત્યારના એ પોતે ભગવાન થઈને રહ્યા છે, કેવળજ્ઞાની પામીને. અબજો વર્ષ ગયા ને અબજો (વર્ષ રહેશે). આવતી ચોવીસીના બારમાં, તેરમાં તીર્થંકર અહીં થશે ત્યારે મોક્ષ પધારશે. સમજાણું કાંઈ? અબ વિશેષ વ્યાખ્યાન હૈ.

'**ઉન સિદ્ધોંકો મૈં વીતરાગ નિર્વિકલ્પસ્વસંવેદન જ્ઞાનરૂપ પરમાર્થ સિદ્ધભક્તિકર નમસ્કાર કરતા હૂં.**' જુઓ! આવ્યું. ભાઈ! એ આ કહ્યું. ઓલામાં અશુદ્ધનય અને અસદ્‌ભુત વ્યવહારનય લીધી હતી. બીજામાં સમુચ્ચય રાખ્યું હતું. આમાં ખુલ્લાસો કર્યો છે. ભગવાન આમ બિરાજે છે ને. એ પણ પરમ સમાધિની અગ્નિથી કર્મરૂપી લાકડાને બાળે છે. તો કહે છે કે, હું પણ એમને નમસ્કાર કરું છું. '**વીતરાગ નિર્વિકલ્પસ્વસંવેદન...**' મારું જે રાગ રહિત જ્ઞાન-સ્વસંવેદન જ્ઞાનનું જ્ઞાન. '**પરમાર્થ સિદ્ધભક્તિ,...**' દેખો! વ્યવહાર સિદ્ધભક્તિ એમ નહિ. આવે છે ને પેલા આઠમાં નથી? નિર્જરા, નિર્જરામાં આઠ એ સિદ્ધભક્તિ કહી એ પોતાની સિદ્ધ ભક્તિ. સમકિતના આઠ આચાર. બધા સંતો, આચાર્યો, દિગંબર મુનિઓએ તો એક રીતે જ વાત કહી છે. બીજી, ત્રીજી ઢબ (કહી) પણ વસ્તુનો એક પ્રવાહ. અનાદિ જે પ્રવાહ છે તે પ્રવાહે અનુભવ્યું અને તે પ્રવાહે કથન કર્યા.

હવે આવા જૈનના ઘરની ખબરું ન મળે ને બીજાને જોવા જાય. અમરચંદભાઈ! ચારે

કોર ... જોવા જાય. આણે આમ કર્યું, જો ઓલામાં આ (છે). ધૂળમાં પણ નથી, સાંભળને. એ માર્ગ છે, હોં! એ લોકો પણ આવું કહે છે, હોં! આના જેવું કહે છે. આને જેવું ને આવું, વળી એમ કેટલાક કહે છે. એથી આચાર્ય મહારાજે ગાથા દીઠ તીર્થંકરનો ખુલાસો કર્યો. ભૂત, વર્તમાન ને ભાવિ. અને વર્તમાન તીર્થંકરને કર્મ બાકી એમ પણ સિદ્ધ કર્યું. તે ભગવાનને હું વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનરૂપ અંતર '**પરમાર્થ સિદ્ધભક્તિકર નમસ્કાર કરતા હૂં.**' લ્યો! ઓ..હો..હો..! જુઓ! પ્રમોદ કેટલો છે! આમ વર્તમાન બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં ભગવાન, એને હું વર્તમાન મારી નિર્વિકલ્પ શાંતિથી નમસ્કાર કરું છું, લ્યો! જુઓ! અનંત જ્ઞાન સંપન્ન પરમાત્મા વર્તમાન બિરાજે છે એને હું મારા વર્તમાન સ્વસંવેદનજ્ઞાન, હું પણ મારા જ્ઞાનમાં, વર્તમાન જ્ઞાનમાં એકાકાર થઈ અને મારા આત્માને નમસ્કાર કરું, એનું નામ સિદ્ધભક્તિ ને નમસ્કાર કર્યો કહેવાય. આહા..હા..!

મુમુક્ષુ :— સિદ્ધોહં...

ઉત્તર :— સિદ્ધોહં, સિદ્ધોહં કરે? સિદ્ધોહં સિદ્ધોહં તો વિકલ્પ છે. અહીં તો હું એક વર્તમાન ભગવાન બિરાજે છે, માટે હું વર્તમાન મારા આત્મામાં પરમાર્થ રાગરહિત શુદ્ધ સ્વભાવ, એમાં એકાગ્રતા રૂપ મારા આત્મારૂપી સિદ્ધ, એની ભક્તિ તે સિદ્ધોની ભક્તિ કહેવામાં આવે છે. એમ કહે છે. લ્યો! આહા..હા..!

મુમુક્ષુ :— પરમાર્થ એટલે?

ઉત્તર :— પરમાર્થ એટલે સાચી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ના, ના, પરમાર્થ. પરમ અર્થ એટલે પરમાર્થ પોતાનો. પરમાર્થ એટલે યથાર્થપણે, નિશ્ચયપણે, ખરેખર. પરમાર્થ એટલે પરમ પદાર્થ એવો મારો આત્મા, તેને પરમાર્થ એટલે ખરેખર તેને નમસ્કાર કરું છું. સમજાણું કાંઈ? આ લોકો પરમાર્થ પરમાર્થ કહે છે એ પરમાર્થ નહિ, હોં!

મુમુક્ષુ :— બીજા લોકોનું ભલું કરવું એ પરમાર્થ.

ઉત્તર :— ઈ પરમાર્થ હતો કે દિ'? કોણ ભલું કરી શકે? મફતનો.. અભિમાન કરે અજ્ઞાની. આ તો પરમપદાર્થ એવો મારો આત્મા જ્ઞાનરૂપ પરમાર્થ ભક્તિ. પર્યાયમાં નિર્વિકલ્પ ભક્તિ. એનું નામ સાચી કહો, પરમાર્થ કહો, ખરેખર કહો કે નિશ્ચય ભક્તિ કહો. સમજાણું કાંઈ? ઓ..હો..હો..! આચાર્યોએ પણ કામ કર્યા છે ને! એવું કરે ગાથા દીઠ ભાવ ફેરવે અને પાછી જે વસ્તુસ્થિતિ જે છે એને ત્યાં ખડી કરે છે, બીજી રીતે, ત્રીજી રીતે, તે રીતે.

'**કૈસે હૈં વે? અબ વર્તમાન સમયમેં પંચ મહાવિદેહક્ષેત્રોંમેં...**' દેખો! એ સિદ્ધ કર્યું

પાછું. વળી મહાવિદેહક્ષેત્ર છે. આ તારું ભરત જ એકલું છે આટલું નથી. અને બધું ક્ષેત્રમાં વ્યાપક એક એમ નથી. દરેક ક્ષેત્રમાં ભિન્ન ભિન્ન આત્માઓ બિરાજે છે. મહાવિદેહક્ષેત્ર છે. એક મહાવિદેહ જંબુદ્વીપમાં, બે મહાવિદેહ ઘાતકીખંડમાં, બે મહાવિદેહ અર્ધપુષ્કરદ્વીપમાં, અઢી દ્વિપ છે મનુષ્યના. મનુષ્યક્ષેત્ર અઢી દ્વીપ. પીસ્તાલિસ લાખ જોજનમાં મનુષ્ય ક્ષેત્ર છે. એક જોજન બે હજાર ગાઉનો. એવા પિસ્તાલીસ લાખ જોજનમાં જ મનુષ્ય છે. બાકી અસંખ્ય દ્વિપ સમુદ્રમાં એકલા પશુઓ છે. સમજાય છે કાંઈ? એ પશુઓમાં પણ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની પાંચમા ગુણસ્થાનવાળા અસંખ્ય છે. અઢી દ્વીપ બહાર પશુઓ, અસંખ્ય. આત્મજ્ઞાની અને પંચમ ગુણસ્થાનવાળા, શાંતિવાળા. આહા..હા..!

'**વર્તમાન સમયમેં પંચ મહાવિદેહક્ષેત્રો...**' સિદ્ધ કર્યું. '**શ્રીસીમંધરસ્વામી આદિ વિરાજમાન હૈં.**' આહા..હા..! હજી તો કેટલાકને તો સીમંધર છે કે નહિ, ક્ષેત્ર છે કે નહિ કાંઈક (ખબર ન મળે). બધી વાતું. અરિહંત હશે, પહેલા થઈ ગયા હશે વળી એમ. થઈ ગયા હશે. અત્યારે તો કોઈ લાગતા નથી. વળી વેશધારી બેઠા બેઠા આવી વાતું કરે. સમજાણું કાંઈ? '**શ્રી સીમંધરસ્વામી...**' પાઠમાં પણ એમ છે, હોં! '**શ્રી સીમંધરસ્વામી...**' પાઠમાં લખ્યું છે શ્રીમંધરસ્વામી એમ લખ્યું છે. ભાઈ! પાઠમાં ટીકા એમ છે. શ્રીસીમંધરસ્વામી આમાં વળી શ્રીમંધરસ્વામી. શ્રી સીમંધરસ્વામી એમ લઈએ.

'**શ્રીસીમંધરસ્વામી આદિ વિરાજમાન હૈં.**' સીમં નામ પોતાના સ્વરૂપની અનંત જ્ઞાન આદિ પર્યાય મર્યાદા તે પ્રગટ થઈ ગઈ છે. એ સીમના ધરનારા છે. પોતાની પર્યાયમાં કેટલી જ્ઞાન-દર્શન-આનંદની પર્યાય જેટલી મર્યાદાવાળી હોય એ પ્રગટ થઈ ગઈ છે. 'સીમંધર' અપની પર્યાયમાં સીમન્-મર્યાદા અનંત જ્ઞાનની ધરનારા 'સીમંધર' ભગવાન છે. આહા..હા..! અરે..! એની શ્રદ્ધામાં કેટલું જોર છે! અનંતા સિદ્ધો થઈ ગયા, અનંતા થશે. ત્રણ કાળને જ્ઞાનમાં લીધા. એ બધા સિદ્ધોને પૃથક પૃથક ભૂતવાળા ને ભવિષ્યવાળા ને વર્તમાનને, દેખો! હવે વળી મુનિઓને કહેશે, વળી પાછા દરેકના સ્વભાવને વંદન કરશે. ઓહો..હો..! આસ્થા... આસ્થા... આસ્થા... અતૂટ.

'**ક્યા કરતે હુએ? વીતરાગ પરમસામાયિકચારિત્રકી ભાવનાકર સંયુક્ત જો નિર્દોષ પરમાત્માકા યથાર્થ શ્રદ્ધાન-જ્ઞાન-આચરણરૂપ અભેદ રત્નત્રય ઉસ મયી નિર્વિકલ્પસમાધિરૂપ અગ્નિમેં કર્મરૂપ ઇંધનકો હોમ કરતે હુએ તિષ્ઠ રહે હૈં.**' એ વર્તમાન ભગવાન મહાવિદેહક્ષેત્રમાં શું કરે છે? કે, વીતરાગ પરમસમતા. સામાયિક એટલે સમતા. પરમસમતા સામાયિક, દેખો! એણે કેવળીને પણ પરમસામાયિક લીધી. કેવળીને પરમ સામાયિક. સામાયિક એટલે સમતા, વીતરાગભાવ. વીતરાગ પરમસામાયિક એવી ચારિત્રની ભાવનાકર, આનંદ અનુભવકર સંયુક્ત-

સહિત છે, એ ચારિત્ર સહિત છે. લ્યો! તેરમે ગુણસ્થાને પણ આવું ચારિત્ર સંયુક્ત. જે નિર્દોષ પરમાત્મા, એની યથાર્થ શ્રદ્ધા ને આચરણરૂપ **'અભેદ રત્નત્રય ઉસ મયી નિર્વિકલ્પસમાધિરૂપ,...'** એવી નિર્વિકલ્પ સમાધિ આનંદની શાંતિથી એ રીતે **'અગ્નિમે કર્મરૂપ ઈંધનકો હોમ કરતે...'** હૈ. ક્ષણે ક્ષણે અનંતા રજકણો બળી જાય છે એટલે કર્મરૂપ છૂટી અકર્મરૂપ ધારણ કરે છે. આહા..હા..! ઓલો તો કહે, હેઠે વળી આત્મા ને આત્માનો અનુભવ? બે? બે નહિ. અહીં તો (કહે છે), સાંભળને! કેવળજ્ઞાન થયું તો પણ હજી પર્યાયમાં કર્મનો નિમિત્ત સંબંધ હતો એને સમાધિરૂપથી બળી જાય છે. કર્મ બળતું જાય છે, ક્ષણે ક્ષણે ઘટતું જાય. કેવળીને પણ ક્ષણે ક્ષણે શુદ્ધિ વધતી જાય છે. કેવળજ્ઞાન, કેવળદર્શન વધતું નથી, એ તો એ છે એમ છે. પણ પરિણામિક ભાવમાં થોડો હજી ઉદયનો જેટલો અશુદ્ધ ભાવ છે એ ક્ષણે ક્ષણે ટળતો જાય છે. ઓહો..હો..! આવું દ્રવ્ય, ગુણ ને પર્યાયનું સ્વરૂપ! પણ આ રીતે ન હોય તો બીજી રીતે કોઈ રીતે વસ્તુ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

જ્યાં સુધી અરિહંતપદે છે, વાણી છે, ત્યાં સુધી કર્મનો સંબંધ છે ને તેથી ક્ષણે ક્ષણે કર્મ છૂટતા જાય છે, શુદ્ધિ વધતી જાય છે, પર્યાય પર્યાયનું સ્વરૂપ નિર્મળ થતું જાય છે. આહા..હા..! એ જ્ઞાન-દર્શન થયા, એ એટલા ને એટલા રહે છે. કથન પદ્ધતિ આચાર્યોની કોઈ ગજબ શૈલી! એ વસ્તુના છ દ્રવ્ય, ગુણ, પર્યાયને અને એ રીતે વસ્તુની સ્થિતિને અંશો અંશો વધે તેને પૂર્ણ થઈ ગયા કેવળજ્ઞાને તોપણ અંશે હજી શુદ્ધિ વધે છે, કર્મ ગળે છે. આવી જે કોઈ દ્રવ્ય-પર્યાયનો સ્વભાવ એને સિદ્ધ કરતાં, વંદન કરતાં જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમાં ક્યાં ખબર હતી અરિહંત શું કરે ને શું કરે? એમ ને એમ અરિહંત ભગવાન કરો, ચોપડીઓ કરો લખીને ભગવાનના નામની ને ફલાણાના નામની. જુઓ! **'તિષ્ઠ રહે હૈં.'** છે ને? **'अच्छहिँ'** છે ને **'अच्छहिँ'**? **'अच्छहिँ'**. જુઓ! **'सिद्ध–गण अच्छहिँ'** સિદ્ધગણ બેઠા છે. ઓહો..! ક્યાં રહ્યા છે? કે, મહાવિદેહક્ષેત્રમાં રહ્યા. મહાવિદેહક્ષેત્રમાં તો અરિહંત કહેવાય. હવે સાંભળને! એ અરિહંતરૂપી સિદ્ધ. એ તો મુનિ પણ સિદ્ધ છે, મોક્ષ છે. એક અપેક્ષા છે ને હજી આગળ. સમજાણું કાંઈ? આહા..હા..! એના જ્ઞાનની એક સમયની પર્યાય કેટલા સિદ્ધોને લક્ષમાં લેવાની તાકાતવાળો છે. આવા ત્રણ કાળના સિદ્ધો સિદ્ધરૂપ પર્યાયને પ્રાપ્ત થયા, થાશે અને છે. એની જ્ઞાનપર્યાય કેટલું કબૂલ કરીને વિકાસરૂપ જ્ઞાનપર્યાયે પરિણમી રહી છે! આહા..હા..! સમજાણું કાંઈ? આ નમસ્કાર કરનારની વાત છે.

**'ઈસ કથન મેં શુદ્ધાત્મદ્રવ્યકી પ્રાપ્તિકે ઉપાયભૂત નિર્વિકલ્પ સમાધિ ઉપાદેય (આદરને યોગ્ય) હૈ,...'** લ્યો! આહા..હા..! સરવાળો પાછો ભાવાર્થ. પહેલું કહ્યું હતું ને શબ્દાર્થ કરવો, શબ્દાર્થનો પછી મતાર્થ, નયાર્થ. કઈ નયનું વાક્ય છે આ? પરને વંદન હોય એ વ્યવહાર વંદન

છે, નિશ્ચય પોતાનું, એમ સ્વપરની એ અપેક્ષા તેને (નયાર્થ કહે છે). નયનો અર્થ કરવો, મતાર્થ કરવો. ક્યા મતવાળા આનાથી વિરુદ્ધ કહે છે એ મતનો નિષેધ. આગમાર્થ—સર્વજ્ઞ પરમાત્માએ સિદ્ધાંતમાં આ વાત સાબિત કરી છે. અને એનું છેલ્લે તાત્પર્ય. તાત્પર્ય. હવે તાત્પર્ય શું? ભાવાર્થ શું? એ ગાથા દીઠ એનો ભાવાર્થ કહેતા આવે છે. '**નિર્વિકલ્પ સમાધિ ઉપાદેય (આદરને યોગ્ય) હૈ, યહ ભાવાર્થ હુઆ.**' લ્યો! પોતાનો આત્મા શુદ્ધ દર્શન-જ્ઞાન-સ્વભાવે (છે), એની ભાવનાથી ઉત્પન્ન થયેલી શાંતિ, એ જ અંગીકાર કરવા અથવા પ્રગટ કરવા લાયક છે. ચોથી ગાથા.

'**આગે જો મહામુનિ હોકર શુદ્ધાત્મસ્વરૂપકો પાકર સમ્યગ્જ્ઞાનકે બલસે કર્મોકા ક્ષયકર સિદ્ધ હુએ નિર્વાણમેં બસ રહે હૈં, ઉનકો મૈં વન્દતા હૂં.**' '**ते पुणु वंदउँ सिद्ध-गण जे णिव्वाणि वसंति।**'

નિર્વાણમાં વસે છે. ભાષા જુઓ! સમજાણું? પેલામાં એમ હતું કે, '**अच्छहिँ**'. મહાવિદેહક્ષેત્રમાં વર્તમાન વિચરે છે એમ કહ્યું હતું. સમજાણું? (બીજી ગાથામાં એમ લીધું), '**होसहिँ**' '**होसहिँ सिवमय-णिरूवम-णाणमय**' એમ કહ્યું. ઓહો..હો..!

**૪) ते पुणु वंदउँ सिद्ध-गण जे णिव्वाणि वसंति।**
**णाणिं तिहुयणि गरुया वि भव-सायरि ण पडंति।।४।।**

જુઓ! આ પાછો એક નવો શબ્દ નાખ્યો. '**આગે જો મહામુનિ હોકર શુદ્ધાત્મસ્વરૂપકો પાકે સમ્યગ્જ્ઞાનકે બલસે કર્મોકા ક્ષયકર સિદ્ધ હુએ નિર્વાણમેં બસ રહે હૈં, ઉનકો મૈં વન્દતા હૂં.**' '**ફિર મૈં ઉન સિદ્ધોંકો વન્દતા હૂં, જો મોક્ષમેં તિષ્ઠ રહે હૈં.**' લ્યો! વર્તમાન નિર્વાણમાં બિરાજમાન છે, પોતાની પૂર્ણ પર્યાયમાં બિરાજમાન છે. '**કૈસે હૈં વે? જ્ઞાનસે તીન લોકમેં ગુરુ હૈં,...**' એ સિદ્ધ ભગવાન જ્ઞાનથી ત્રણ લોકના ગુરુ છે, મોટા છે, પૂજ્ય છે, ત્રણ લોકને પૂજ્ય છે. એનું જ્ઞાન કેવળજ્ઞાનમય પૂર્ણ ત્રિકાળ ત્રણ લોક જાણવાનું પરિણમી ગયું છે. બેય કહેશે, હોં! વ્યવહાર અને નિશ્ચય. એ એટલું ત્યાં.. સમજાણું? ત્રણ લોકના ગુરુ '**તો ભી સંસાર-સમુદ્રમેં નહિ પડતે હૈં.**' આવા મહાત્મા છતાં પાછા કાંઈ સંસારમાં આવતા નથી. એમ કે, મહાન શક્તિ પ્રગટી તો વળી પાછો સંસાર પણ લે તો શું વાંધો હોય એ શક્તિથી? નહિ. ઓહો..! નીચે જ્યાં સ્વરૂપની દૃષ્ટિ થઈ એ દૃષ્ટિથી પાછો પડતો નથી, ત્યાં વળી પૂર્ણાનંદ થયો એ પાછો પડે એ હોઈ શકે નહિ. કહો, સમજાય છે કાંઈ?

અજ્ઞાની કહે છે ને કેટલાક? ન્યાં ગયા ને એ પાછા અવતરે. શું છે શ્લોક? 'યદા યદા... પવિત્રાણાય સાધુ નામ વિનાશાય' બધી ખોટી વાત છે. એ તો સહજ આત્માની ઉન્નતિએ

ચડેલો આત્મા, એક તીર્થંકર જેવો કે આનો આત્મા પોતાના ઉન્નતિ ક્રમે ચડેલો, લોકની યોગ્યતાના કાળમાં તેનો અવતાર થાય, એથી એનાથી એ તરવાનું નિમિત્ત થાય. બાકી ભગવાન ઉપરથી ઉતરીને પ્રાણ રક્ષા કરે, અવતાર કરે એ વાત ત્રણે કાળમાં ખોટી ને જૂઠી છે. એ વસ્તુને સમજ્યા નથી, વિપરીત માન્યતા છે. એ માટે આ બધી વાત કરે છે. આમ તો બધા ઘણા ગપ મારનારા નીકળે છે આત્માને નામે. સમજાણું કાંઈ?

વળી શું કહે છે? ભાઈ! ગુરુ હોય તો હેઠે આવે પાછા. આવે છે એટલે હેઠે આવે તો. બહુ તોલદાર ચીજ છે ને તોલદાર? તો નીચે પાણીમાં પડે, એમ આ મોટા ગુરુ છે તો વળી નીચે સંસારમાં આવે. તો કહે છે, નહિ. એમ ગુરુ નથી. એ તો ગુણે ગુરુ મોટા છે, જ્ઞાનમાં મોટા છે, જાણવામાં મોટા છે. જેટલા નિર્વાણમાં વસતા સિદ્ધો (છે) એની એક એક સિદ્ધની એક એક પર્યાય કેવળજ્ઞાનની, અનંતા સિદ્ધોને જાણે એવી એની પર્યાય છે, અનંતા કેવળીઓને જાણે એવી એની પર્યાય. ઓહો..! એ સિદ્ધ કરે છે. સિદ્ધનું કેવળજ્ઞાન, ત્યાં વળી કેવળજ્ઞાન રહેતું હશે? અહીં તો હોય પણ ત્યાં પણ? પણ ક્યાં વયું જાય? પોતાની દશા ક્યાં જાય?

કહે છે, '**તો ભી સંસાર-સમુદ્રમેં નહિ પડતે હૈં.**' '**ऊर्ध्वं विशेषः**'. હવે પછી કાંઈ વિશેષ કહેશે. છે ને? ઊર્ધ્વ શબ્દ પડ્યો છે અંદર. ઊર્ધ્વ આવે છે ને? હવે પછી. '**જો ભારી હોતા હૈ, વહ ગુરુતર હોતા હૈ,...**' જે લોઢાનો ભાર હોય ને એ ભાર બહુ હોય. ઈ નીચે પડે. '**ઔર જલમેં ડૂબ જાતા હૈ, વે ભગવાન ત્રૈલોક્ય મેં ગુરુ હૈં,...**' સમજાણું? '**પરંતુ ભવ-સાગરમેં નહીં પડતે હૈં. ઉન સિદ્ધોંકો મૈં વંદતા હૂં,**' એવા સિદ્ધ ભગવાનને હું વંદન કરું છું. '**તીર્થંકર પરમદેવ, તથા ભરત, સગર, રાઘવ, પાંડવાદિક...**' બધા આવી ગયા. કોણ? એક તીર્થંકર પરમદેવ. બીજા પાછા લીધા. ભરત ચક્રવર્તી, સગર ચક્રવર્તી, રાઘવ-રામ અને પાંડવો '**પૂર્વકાલમેં વીતરાગ નિર્વિકલ્પ...**' દેખો! પૂર્વકાલમેં રાગ રહિત વીતરાગ નિર્વિકલ્પ ભેગા ભેગા ભગવાન આવ્યા, ઓલા મુનિઓને પણ.

'**સ્વસંવેદનજ્ઞાન કે બલસે...**' મહામુનિ જુદા પાડ્યા ને એને? સમજાણું? '**સ્વસંવેદનજ્ઞાન કે બલસે...**' એ બધા પૂર્વકાળમાં થયા એ વીતરાગી પરમ નિર્મળ પર્યાયના બળ વડે '**નિજશુદ્ધાત્મસ્વરૂપ પાકર,...**' પોતાના નિજ સ્વરૂપને પામ્યા. '**કર્મોંકા ક્ષયકર,...**' કહો, સમજાણું? '**પરમસમાધાનરૂપ નિર્વાણપદમેં વિરાજ રહે હૈં...**' જુઓ! પરમ સમાધાનરૂપ. પરમ સમાધાન વીતરાગપણું વર્તે છે એને. આખી દુનિયામાં કાંઈ ફેરફાર થાય, એમને માનનારા પૂજનારમાં કાંઈ ફેરફાર થાય, તો ત્યાં વિકલ્પમાં કાંઈ ફેરફાર થાય એમ છે નહિ. પરમ સમાધાન, પરમ સમાધાન. જુઓને! ટોડરમલે ન લીધું? સિદ્ધ કેમ નથી રાગ કરતાં? કેમ ... નથી કરતા? એમ બધું બહુ વર્ણવ્યું છે.

'**परमसमाधानरूप निर्वाणपदमें विराज रहे हैं उनको मेरा नमस्कार होवे...**' હવે અંદરમાં તો ભર્યું થોડું અર્થમાં રહી ગયું છે. લોકાલોક પ્રકાશ કેવળજ્ઞાન સ્વસંવેદન ત્રિભુવન ગુરુ છે. એમ લોકાલોકના પ્રકાશવાળા કેવળજ્ઞાન સ્વસંવેદનરૂપી ગુરુ છે. '**त्रैलोक्यालोकनपरमात्म–स्वरूपनिश्चयव्यवहारपदपदार्थव्यवहारनयकेवलज्ञानप्रकाशेन समाहितस्वस्वरूपभूते निर्वाणपदे तिष्ठन्ति**' એટલો અર્થ એમાં રહી ગયો છે. ખરેખર તો ત્રિલોક અવલોકન. ત્રણ કાળ ને ત્રણ લોકનું અવલોકન... પરમાત્મ સ્વરૂપ એવું. એનો નિશ્ચય અને વ્યવહાર પદ, પદાર્થ વ્યવહાર નયથી. પરને જાણે વ્યવહારથી, પોતાને જાણે નિશ્ચયથી. જુઓ! બેય નાખ્યું એટલું થોડું. પોતાના સ્વરૂપને જાણે એ નિશ્ચય કહેવાય, પરને જાણે વ્યવહાર કહેવાય. એનો ખુલ્લાસો પછી લેશે, હોં! એ પાંચમીમાં લેશે, પાંચમીમાં લેશે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ અહીં. ન્યાં નહિ. આ તો સમુચ્ચય વાત છે, બધા.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ના ના. એ તો જેટલા થાશે એ કર્મનો નાશ કરીને થશે, એટલી વાત. કર્મનો નાશ થઈને થશે, સિદ્ધ થશે. જેટલા ગયા કાળના જીવો આ બધા થઈ ગયા, એ બધા વીતરાગ નિર્વિકલ્પ સમાધિથી કર્મનો ક્ષય કર્યો. કર્મનો ક્ષય કરીને ગયા ને બધા? કર્મ .. આઠેય કર્મનો ક્ષય કરીને. આઠેય કર્મની અહીં વાત છે ને અત્યારે? ઓલા અરિહંતની વર્તમાન ચાર(કર્મ)ની હતી. આ તો બધા કર્મનો ક્ષય કરી, ભરત ચક્રવર્તી, રાઘવ-રામ, પાંડવો નિર્વાણને પામ્યા. એનું જ્ઞાન નિશ્ચયથી તો પોતાના આલોકન પરમ પરમાત્મા પોતાનું સ્વરૂપ નિશ્ચયથી પોતાનું. વ્યવહારથી પરપદાર્થનું જ્ઞાન. એવું કેવળજ્ઞાન '**प्रकाशेन**' એવા કેવળજ્ઞાન સહિત સમાધિમાં બિરાજે છે. સમાધાનમાં બિરાજે એમ કહે છે. બહુ ખુલાસો પાંચમીમાં આવશે. પરને જાણતા તન્મય થતાં નથી, તેથી અહીં વ્યવહારે જાણ્યું એમ કહેવામાં આવ્યું છે. એ ખુલાસો પાંચમીમાં કરશે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ બધા ભેગા એકસાથે લીધા. પહેલા સમુચ્ચય તીર્થંકર આદિ લીધા, આ મહામુનિ આદિ લીધા. તીર્થંકર આદિ મહા મુનિઓ થયા ને બધા? તીર્થંકર પદ વિના. ભરત, પાંડવો, રામ એ તીર્થંકર નહોતા. એટલે એ બધાને ભેગા લીધા એકસાથે. સમજાણું કાંઈ? 'ભેગા' સમજતે હૈં? સાથમાં. કોઈ કોઈ ભાષામાં (ફેર પડે). એ તો સહેલું થઈ જાય હળવે હળવે. અહીંના તમે વાસી થઈ ગયા તો અભ્યાસ કરવો પડશે. મકાન કરાવ્યા છે ને અહીં તમે? મકાન કરાવ્યા ને અહીં ગુજરાતમેં તમે? કહો, સમજ મેં આયા?

નિશ્ચય, વ્યવહાર પદ પદાર્થ. અહીં વ્યવહારને સ્થાને વ્યવહાર તરીકે જાણ્યું પરને અને

નિશ્ચયથી પોતાને. એવું કેવળજ્ઞાન, એમ કહે છે. એવા કેવળજ્ઞાનમયમાં '**प्रकाशेन समाहितस्वस्वरूपभूते**' એ કેવળજ્ઞાન પાછું પોતાનું સ્વરૂપ છે. પરને જાણે માટે કાંઈ પરનું સ્વરૂપ છે એમ નથી. '**निर्वाणपदे तिष्ठन्ति**' આહા..હા..! ત્યાં એ લોકાલોકને જાણતા તિષ્ઠે છે, એમ કહે છે. કેવળજ્ઞાન એટલે આત્માની એક સમયની પર્યાય પૂર્ણ પ્રગટ કરી. લોકાલોકને જાણતા બિરાજે છે. ઓહો..!

મુમુક્ષુ : ..

ઉત્તર : એ તો વાત ફક્ત ... છે ત્યાં. અહીં સ્થિર છે એટલે ન્યાં નાશ થઈ જાય. કર્મ પાકીને તુટી ગયું એટલે કે એ વિપાકમાં એવું જ આવ્યું. ખરી ગયું. જેમ પાંદડુ હોય છે ને? ડીંટડી... ડીંટડી. આ કેરી. કેરીને શું કહે છે? આમ. ઉસકા હૈ ના સંથલ? ફટ જાતા હૈ ને? ડીંટયું. અમારે કાઠિયાવાડમાં (ડીંટડી કહે છે). કેમ ઓલી કેરીનો મોઢા આગળનો ભાગ પાકી જાય એટલે ખરી જાય. એમ અહીંયા આત્માનું ધ્યાન કરતાં કર્મ ખરી જવાને યોગ્ય હતા એ ખરી ગયા, રજકણ છૂટી જાય એનું નામ ...ક્ષય આવે છે ને? નિર્જરામાં આવે છે, નિર્જરામાં આવે છે શ્લોક. એ પાકી ગયા. અહીં પાક થઈ ગયો તારા જ્ઞાનનો ન્યાં પાકીને ખરી ગયા, જા. એ તો એક નિમિત્તથી વાત કરી, કર્મ હતા એટલી વાત સિદ્ધ કરી. ચાર ગાથા થઈ.

'**अतः ऊर्ध्वं**' લ્યો ! જો અહીં આવ્યું. હવે '**यद्यपि व्यवहारनयेन मुक्तिशिलायां तिष्ठन्ति शुद्धात्मनः हि सिद्धास्तथापि निश्चयनयेन शुद्धात्मस्वरूपे तिष्ठन्तीति कथयति–** '

**५) ते पुणु वंदउँ सिद्ध–गण जे अप्पाणि वसंत।**
**लोयालोउ वि सयलु इहु अच्छहिँ विमलु णियंत।।५।।**

'**આગે યદ્યપિ વે સિદ્ધ પરમાત્મા વ્યવહારનયકર લોકાલોકકો દેખતે હુએ...**' દેખો! એ સિદ્ધ ભગવાન. આહા..હા..! આ એની પર્યાયનો સ્વભાવ છે. પૂર્ણ પર્યાય થઈ એમાં બાકી શું રહ્યું જાણવાનું? સ્વ ને પર બધું પૂરું જણાય. એકલો આત્મા, આત્મા કરે એમ નહિ. એ આત્મામાં એ લોકાલોકના જ્ઞાનની પર્યાય થઈ ત્યારે એને આત્મા કહેવાય છે. ત્યારે એને પૂરો આત્મા કહેવાય છે. એનો સ્વભાવ-શક્તિમાં સ્વ-પરને પૂર્ણ જાણવાનો, એવી એક એક દ્રવ્યની શક્તિ એવી પર્યાયમાં પૂર્ણ થઈ ગઈ. લોકાલોકને જાણવું એ પોતાનો એક સમયનો પર્યાયવાળો આત્મા તેને આત્મા કહેવામાં આવે છે. એને લોકાલોકનું જ્ઞાન કાઢી નાખે તો એની પર્યાય પૂરી ન રહી. એક સમયની પર્યાયમાં પોતાના ત્રિકાળ દ્રવ્ય, ગુણ ને પર્યાય બીજાના દ્રવ્ય, ગુણ ને પર્યાય બધા જાણવાનો એક સમયનો પર્યાય. એક પર્યાય એવડી ન માને એણે આત્મા માન્યો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો 'પરમાત્મપ્રકાશ' છે. લસલસતા

લાડુ તૈયાર કરેલા આમ. દાંત વિનાના માણસ ખાય.

મુમુક્ષુ :— શીરો લસલસતો શીરો...

ઉત્તર :— હા, હા શીરા.. શીરા. આ તો લસલસતા કહેવાય, અમારી કાઠિયાવાડી ભાષામાં. લસત... લસત આવે છે કે નહિ? એ..ઈ..! લસત જ્ઞાન. આવે છે. આ બધા શબ્દો શાસ્ત્રમાં છે, હોં! અમારી કાઠિયાવાડી ભાષામાં ઊનો ઊનો શેરો આવે ને શેરો? લસલસતો ઊનો ઊનો થોડો મોઢે લાગે એવો છે એમ કરીને ખાવાનું કહે લોકોને. માંદો હોયને માણસ. એમ અહીં કહે કે, એલા! ખાવા જેવી—અનુભવવા જેવી—ચીજ આ છે. આહા..હા..! સિદ્ધ ભગવાનની પર્યાય લોકાલોકને જાણે, છતાં લોકાલોકમાં તન્મય નથી માટે તેને વ્યવહારથી કહ્યું, અને પોતાની પર્યાયને પોતે સીધો જાણે છે માટે નિશ્ચય કહ્યું. તન્મય થઈને જાણે માટે નિશ્ચય કહ્યું, એ ખુલાસો કરશે.

**'मोक्षमें तिष्ठ रहे हैं,...'** ન્યાંય હજી ઉપાધિ લોકાલોકને જાણવાની, કેટલાક એમ કહે છે. સાંભળ તો ખરો. ઉપાધિ શું, વસ્તુનું સ્વરૂપ છે. અહીં અમને એક પાંચ દશ ઘરને જોઈએ ને વિચારીએ તો અમને મોટો બોજો લાગે છે. આ લોકાલોકને (જાણે)? સાંભળને, તને ભાન ન મળે. જ્ઞાનનો પર્યાય જ્યાં સ્વભાવરૂપે થઈ ગયો. સ્વભાવમાં જ્યાં અટકવાનો વિષય જે હતો એ છૂટી ગયો. પૂર્ણ સ્વભાવ થઈ ગયો છે. એને શું ન જાણે? છતાં કાંઈ ઉપયોગ પરને મુકે તો જાણે એવું નથી. એ તો પોતાના પર્યાયનું પરિણમનનું સામર્થ્ય જેટલું હતું એ પ્રગટ થઈ ગયું. એમાં લોકાલોક જણાય છે એવી પર્યાયનો સ્વભાવ છે એમ સિદ્ધ કરે છે. એથી કોઈ વિરુદ્ધ કહેતા હોય તો એ આત્માને સમજતા નથી, સિદ્ધને સમજતા નથી, પાંચ પદને સમજતા નથી, ભગવાનની આજ્ઞાને સમજતા નથી. સમજાણું કાંઈ? એ માટે તો ચાર આ વાત સિદ્ધ કરવા જાય છે. મફતની વાત નથી કરતાં એક એક ગાથાએ. ભિન્ન ભિન્ન રીતે દ્રવ્યાનુયોગનું જે સ્વરૂપ છે, દ્રવ્યનું અનુસરીને ગુણ, પર્યાય આદિ જે રીતે જે ઠેકાણે જ્યાં હોય એને આ રીતે સમાડી દે છે. આહા..હા..! અમરચંદભાઈ! આહા..હા..! કહો, ભાઈ! ણમો અરિહંતાણં. હું તો સીમંધર ભગવાનને વંદન કરું છું. કોણ છે 'સીમંધર' ભગવાન? લ્યો!

**'લોકકે શિખર ઊપર...'** હોં! પાછુ જુઓ! **'वसंत। लोयालोउ वि सयलु इहु अच्छहिँ विमलु णियंत'** **'તો ભી શુદ્ધ નિશ્ચયનયકર અપને સ્વરૂપમેં હી સ્થિત હૈં,...'** લોકાલોક જાણે છે માટે પર સ્વરૂપમાં સ્થિત છે એમ નથી. આમ પોતાની જે પર્યાય નિર્મળ થઈ ગઈ એમાં એ બિરાજે છે, એમાં એ જણાય છે. એટલે ખરેખર લોકાલોક જાણતા લોકાલોકમાં રહ્યા છે એમ નથી. પોતાની નિર્મળ પર્યાયમાં રહ્યા છે. એની વાત વિશેષ કરશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૧૩, ગુરુવાર, તા. ૨૩-૯-૧૯૬૫**
**ગાથા-૫ થી ૭, પ્રવચન-૫**

શબ્દાર્થ. '**मैं फिर उन सिद्धोंके समूहको वंदता हूं...**' જુઓ! ચાર ગાથામાં લીધું અને આ પાંચમીમાં લેશે અને હજી છઠ્ઠીમાં લેશે ને સાતમીમાં લેશે. અહીંયા પરમાત્મા સિદ્ધમાં કેવા હોય એનું સ્વરૂપ છે. એકલા પરમાત્મા પરમાત્મા કહે કે મોક્ષ થઈ ગયો, સિદ્ધ થઈ ગયા, એ બીજું શું? એને વળી પર્યાય શું ને એને લોકાલોકને જાણવું શું? એ સ્વરૂપમાં સ્થિત છે. એ પરને જાણતા છતાં પરમાં સ્થિત નથી. એ બધું એનું સ્વરૂપ જેમ છે તેમ વર્ણવે છે. અજ્ઞાની એકાન્ત માનનારા આ રીતે પરમાત્માને જાણતા નથી.

'**मैं फिर उन सिद्धोंके समूहको वंदता हूं...**' પાંચમી (ગાથા). '**जो निश्चयनयकर अपने स्वरूपमें तिष्ठते हुए...**' દેખો! નિશ્ચયથી-વાસ્તવિક તો પોતાના સ્વરૂપમાં જ પરમાત્મા ત્યાં બિરાજ્યા, સિદ્ધ થયા એ. '**व्यवहारनयकर समस्त लोक-अलोकको संशय रहित प्रत्यक्ष देखते हुए ठहर रहे हैं.**' એટલે પોતાના સ્વરૂપને નિશ્ચયથી જાણે છે. પરને જાણવું એ વ્યવહાર છે. વ્યવહાર એટલે કે જાણે છે પણ પરમાં તન્મય થતાં નથી. સિદ્ધ પણ પરને લોકાલોકને જાણે છે. જાણવું ... રહ્યું નથી. લોકાલોકને જાણવું વળી ઉપાધિ શું, આવો શું? એકલો આત્મા આત્મા? એ આત્મામાં એ લોકાલોકનું જ્ઞાન પોતાની પર્યાયમાં આવી જાય છે. એથી અહીંયા કહે છે કે, સંશય રહિત '**लोक अलोकको प्रत्यक्ष देखते हुए...**' સિદ્ધ પરમાત્મા મોક્ષમાં બિરાજે છે. પોતાની આત્મપર્યાયમાં, આત્મનિવાસમાં બિરાજે છે.

વિશેષ. '**मैं कर्मोंके क्षयके निमित्त...**' દેખો! કર્મોના ક્ષયમાં નિમિત્ત, પાપ કર્મનો ક્ષય થાયને એ વિકલ્પથી? સ્વરૂપમાં ઠરવાથી બધા કર્મોનો ક્ષય થાય. '**कर्मोंके क्षयके निमित्त फिर उन सिद्धोंको नमस्कार करता हूं, जो निश्चयनयकर अपने स्वरूपमें स्थित हैं,...**' પોતાના સ્વરૂપને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના આરાધન દ્વારા, અંતર સ્વરૂપના અભેદ રત્નત્રયના આરાધનથી જે મોક્ષપર્યાય પ્રાપ્ત થઈ, તે નિશ્ચયકર પોતાના સ્વરૂપમાં સ્થિત છે ત્યાં. સમજાણું? ત્યાં ઉપર કહેવું કે, મુક્તિ શિલા ઉપર લોકમાં રહે છે ને એ બધો વ્યવહાર, પોતાના સ્વરૂપમાં રહે છે તે નિશ્ચય.

'**और व्यवहारनयकर सब लोकालोक को निःसंदेहपनेसे प्रत्यक्ष देखते हैं,...**' નથી દેખતા એમ નહિ. વ્યવહારથી દેખે છે એનો અર્થ કે તન્મય નથી. પણ લોકાલોક અનંતા આત્મા, અનંતા પરમાણુ, અનંત એના ગુણો ને પર્યાય, બધાને સિદ્ધ ભગવાન-મોક્ષ પધારેલો પરમાત્મપર્યાય

બધાને જાણે છે. **'પરંતુ પદાર્થોંમાં તન્મયી નહીં હૈ,...'** પદાર્થ ચાલ્યા ગયા નથી કાંઈ જગતમાં. કેવળજ્ઞાન થઈ ગયું એટલે પદાર્થ-બદાર્થ કાંઈ નથી. પહેલા ભાસતા હતા એ ખોટા છે.

મુમુક્ષુ :— પહેલા ભાસતા...

ઉત્તર :— પહેલા ભાસતા હતા એમ કહે. જ્યાં સુધી ભ્રમણા હતી ત્યાં સુધી. જ્ઞાન થઈ ગયું પછી ખલાસ. પછી અનંતા આત્મા અને અનંતા પરમાણુ વળી અનંત પદાર્થ કેવા? એમ નહિ. અનંત આત્મા છે, અનંત પરમાણુ છે, એથી અનંતગુણા આકાશના પ્રદેશ છે. એ બધું ભગવાનના જ્ઞાનમાં, સિદ્ધમાં પણ, મોક્ષની પર્યાયમાં, કેવળજ્ઞાનની સૂક્ષ્મ પર્યાયમાં બધું જાણે છે, નિઃસંદેહ જાણે છે. લ્યો!

**'તન્મયી નહીં હૈ, અપને સ્વરૂપમેં તન્મયી હૈં.'** એકાકાર છે. લોકાલોકમાં એક થયા નથી, એક તો પોતાના સ્વરૂપમાં છે. પોતાની જે કેવળજ્ઞાન, કેવળદર્શન, આનંદ આદિ જે પર્યાય, એમાં પોતે એકત્વપણે બિરાજમાન છે. પરથી વિભક્ત છે. પણ પરનું જ્ઞાન નિઃસંદેહપણે પોતામાં વર્તે છે. કહો, સમજાણું? **'જો પરપદાર્થોંમેં તન્મયી હો, તો પરકે સુખ-દુઃખસે આપ સુખી-દુઃખી હોવે,...'** ભગવાનનું જ્ઞાન નારકીને દેખે છે. અનંત દુઃખી, મહા દુઃખી નારકીને સિદ્ધપદમાં ભગવાન દેખે છે, પણ કાંઈ તન્મય નથી. તન્મય હોય તો એના દુઃખને ભોગવવું પડે. જાણે ખરા. નારકીના દુઃખો, નિગોદના અનંત દુઃખો, અનંતા અનંતા જીવોની જે અપરમાર્થ વિકારીદશા, એ બધાને ભગવાન જાણે. પણ એ વિકારની પર્યાયનો એને અનુભવ, અનુભવ ન હોય.

જાણે (કે) આ અગ્નિ છે, લ્યો! એ જ્ઞાનને જાણે? એ જ્ઞાન કાંઈ અગ્નિમાં એકાકાર થઈ ગયું છે? એ અગ્નિને જ્ઞાન વેદતું નથી. જ્ઞાન જાણે કે, આ અગ્નિ છે. જ્ઞાન જ્ઞાનને જાણે, જ્ઞાન અગ્નિને જાણે. બેય જ્ઞાન પોતાનું છે. અગ્નિને જાણતા જ્ઞાન કાંઈ અગ્નિ સાથે તન્મય નથી. માટે તેને વેદન પણ નથી. અગ્નિ ઉષ્ણ છે, લાલ છે, ..., ઉગ્ર છે એવું જ્ઞાન જ્ઞાનમાં આવે. એ સંબંધીનું પોતાનું જ્ઞાન. પણ એમાં અડીને એને જાણે એમ નથી. તો તો એનું દુઃખ થાય. એમ લોકાલોકના પદાર્થને ભગવાન ભિન્ન રહીને જાણે છે. સમજાણું કાંઈ?

**'પરકે સુખ-દુઃખસે આપ સુખી-દુઃખી હોવે, ઐસા ઉનમેં કદાચિત્ નહીં હૈ. વ્યવહારનયકર સ્થૂલસૂક્ષ્મ સબકો કેવલજ્ઞાનકર પ્રત્યક્ષ નિઃસંદેહ જાનતે હૈં,...'** વ્યવહારથી એટલે એમાં તન્મય થયા વિના. વ્યવહારથી એટલે પરવસ્તુમાં એકમેક થયા વિના **'સ્થૂલસૂક્ષ્મ સબકો કેવલજ્ઞાનકર પ્રત્યક્ષ નિઃસંદેહ જાનતે હૈં,...'** એમાં સૂક્ષ્મ અને સ્થૂળ એને લાગું પાડ્યું છે. ત્યાં સૂક્ષ્મ પર્યાય કેવળજ્ઞાન. સમજાણું? **'કિસી પદાર્થસે રાગ-દ્વેષ નહીં હૈ.'** ત્રણ કાળ, ત્રણ લોક લોકાલોક જાણતા છતાં પરમાત્મા સિદ્ધ જે થયા, એને કોઈ પ્રત્યે રાગ-

દ્વેષ નથી.

'**યદિ રાગકે હેતુસે કિસીકો જાને, તો વે રાગ-દ્વેષમયી હોવેં, યહ બડા દૂષણ હૈ,...**' રાગ-દ્વેષથી જો લોકાલોકને જાણે. નારકીને. શત્રુ, આ શત્રુ આને મારે માટે દ્વેષ, આ ભગવાનનો ભગત છે માટે રાગ (કરે), એમ છે નહિ. જાણે બધું જાણે. જેની પર્યાય જેવી છે ત્યાં તેને ભગવાનની પર્યાય ત્રણ કાળ, ત્રણ લોકની એક સમયમાં જાણે.

'**ઈસલિયે યહ નિશ્ચય હુઆ કિ નિશ્ચયનયકર અપને સ્વરૂપમેં નિવાસ કરતે હૈં...**' લ્યો! ખરેખર તો પોતાના સ્વરૂપમાં જ નિવાસ છે. પરમાં નિવાસ નથી. પણ પર સંબંધીનું જ્ઞાન પોતામાં છે. એમાં એ જ્ઞાનમાં પોતે નિવાસ કરે છે. '**પરમેં નહીં, ઔર અપની જ્ઞાયકશક્તિકર સબકો પ્રત્યક્ષ દેખતે હૈં...**' દેખો! પણ પોતાની જ્ઞાયક-જાણવાની શક્તિ દ્વારા લોકાલોકને જાણે છે. પરને કારણે લોકાલોકને જાણે છે એમ નથી. તેમ લોકાલોકને જાણતા લોકાલોકમાં એકાકાર થાય છે એમ નથી. એ પોતાની જ્ઞાયકશક્તિ દ્વારા લોકાલોકને જાણે છે. જુઓ! આવી વાત વાસ્તવિક આત્મા સર્વજ્ઞે જોયો એનામાં હોય, બીજે આવી વાત હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આત્મા આત્મા તો બધા વાતું કરે, પણ એ આત્મા આવો સમજ્યા વિના એને આત્માની સાચી શ્રદ્ધા થાય નહિ. લ્યો! સિદ્ધ ભગવાનમાં પણ આટલું જાણે? હજી એને જાણવું (રહે)? પર્યાયનો સ્વભાવ છે. જુઓને! કહ્યું ને? જ્ઞાયકશક્તિ, પોતાનો જ્ઞાયકપર્યાયનો સ્વભાવ છે. સ્વના ત્રિકાળી ગુણોને, દ્રવ્યને, પર્યાયને ને પરના ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એ પોતાની શક્તિ દ્વારા જાણે. '**સબકો પ્રત્યક્ષ દેખતે હૈં, જાનતે હૈં.**'

'**જો નિશ્ચયકર અપને સ્વરૂપમેં નિવાસ કહા,...**' આ છેલ્લો સાર. ક્યાં રહે છે એ અહીં પાંચમીમાં સિદ્ધ કર્યું. જાણે લોકાલોકને છતાં વસે છે નિજ સ્વરૂપમાં. એવા ભગવાન '**નિશ્ચયકર અપને સ્વરૂપમેં નિવાસ કહા, ઈસલિયે વહ હી અપના સ્વરૂપ હી આરાધને યોગ્ય હૈ,...**' એવો આત્મા એ સિદ્ધ સમાન જ અહીંયા સ્વરૂપ છે. પર્યાયમાં ભલે અલ્પતા હો, શક્તિરૂપે સિદ્ધ સ્વરૂપ છે. એવો જ આત્મા અંતર દૃષ્ટિ કરી અને અનુભવવા લાયક છે. કહો, સમજાણું? એવો જ આ આત્મા શક્તિએ લોકાલોકને જાણનાર (છે). જ્ઞાયકશક્તિથી લોકાલોકને જાણનાર એનો સ્વભાવ છે. પરમાં તન્મય થયા વિના, પરનું સુખ-દુઃખ વેદ્યા વિના, પણ પરના સુખ-દુઃખને જાણવાવાળું જ્ઞાન પોતામાં શક્તિરૂપ છે એવા આત્માનું આરાધન કરવું એ એનો સાર છે. સમજાણું કાંઈ? એવો આત્મા પોતાનો છે, એમ કહે છે.

જ્ઞાયકશક્તિ તો લોકાલોકને જાણે છતાં એમાં તન્મય નહિ, પરના સુખ-દુઃખ (વેદે) નહિ, છતાં જ્ઞાયકશક્તિ દ્વારા જાણ્યા વિના રહે નહિ. એવો આ જ્ઞાયકશક્તિ. હવે આ દ્રવ્ય. આ પર્યાયમાં હતું, એમ કહ્યું. આ દ્રવ્ય-ગુણમાં એવી શક્તિ પડી છે, ત્રણ કાળ, ત્રણ લોકને આત્મા

જાણે એવી અહીં શક્તિ છે. એવી શક્તિવાળા તત્ત્વને અંતર્મુખ દૃષ્ટિ કરીને આરાધવો, સેવવો એ આ ગાથાનો સાર છે. કહો, સમજાય છે? લ્યો! પાંચ ગાથા વંદનની કરી.

હવે છઠ્ઠી ગાથા. છઠ્ઠી એનો સ્વભાવ વર્ણવે છે. આ તો પર્યાયનું જ્ઞાન આવું લોકાલોકનું (કરે) અને વસ્તુએ સ્વમાં ને પરમાં જાણતા વસે નહિ. હવે અહીં તો એનો સ્વભાવ પાછો શું છે? હવે દ્રવ્યનો સ્વભાવ કેવો છે ત્યાં? (એ વર્ણવે છે).

'આગે **નિરંજન, નિરાકાર, નિઃશરીર સિદ્ધપરમેષ્ઠીકો નમસ્કાર** કરતા હૂં—' છઠ્ઠી.

**६) केवल-दंसण-णाणमय केवल-सुक्ख-सहाय।**
**जिणवर वंदउँ भत्तियए जेहिँ पयासिय भाव॥६॥**

દેખો! આવું સિદ્ધપદમાં છે. '**જો કેવલદર્શન ઔર કેવલજ્ઞાનમયી હૈં,...**' આ સ્વભાવ વર્ણવ્યો, સ્વભાવ હવે. સમુચ્ચય સિદ્ધપદનું વર્ણન કરી, એના નિવાસનું વર્ણન કરી વંદન કર્યું, હવે એના સ્વભાવનું જ્ઞાન કરીને વર્ણન કરે છે.

કેવા છે સિદ્ધ ભગવાન? જે અહીંથી મોક્ષ પધાર્યા, આત્માની પૂર્ણ દશાની પ્રાપ્તિ કરી, એ નિરંજન છે. એને અંજન મેલ નથી. નિરાકાર છે. જડનો આકાર નથી. પોતાનો આકાર છે. જડનો આકાર સિદ્ધને નથી. સિદ્ધને પોતાના આત્માનો આકાર અસંખ્ય પ્રદેશી આકાર છે, અવગાહન છે, વ્યાપક છે. અસંખ્ય પ્રદેશ એ એનો આકાર છે. લે, આવું ક્યાંથી? સિદ્ધને આકાર! નિરાકાર (કહ્યું એ) તો પરનો આકાર નથી. જડનો ઇન્દ્રિયગ્રાહ્ય એવો આકાર નથી. અરૂપી પ્રભુ અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણ ધામરૂપ, એને આકૃતિરૂપ વ્યંજનપર્યાય સિદ્ધ ભગવાનને હોય છે. વ્યંજન એટલે આકૃતિ. શરીરથી ભિન્ન પડી ગયા પણ શરીર પ્રમાણેનો આકાર અરૂપી ઘન રહી ગયો. એવો એને આકાર હોય છે. નિરંજન નિરાકાર કહે છે ને?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... છે. તેથી કહ્યુંને, વ્યંજનપર્યાય છે એની. એ પ્રદેશગુણને કારણે એમાં આકૃતિ છે એની. જે કોઈ સાત હાથ (કે) પાંચસો ધનુષ જે પ્રમાણે મોક્ષ પધાર્યા એવો જ એનો આત્માનો ઘનઆકાર એવો છે ત્યાં. જડનો આકાર નથી. નિઃશરીર (છે). શરીર નથી. '**સિદ્ધપરમેષ્ઠીકો નમસ્કાર** કરતા હૂં.' કેવળજ્ઞાન, કેવળદર્શન.

'**જિનકા કેવલસુખ હી સ્વભાવ હૈ...**' દેખો! એકલો અતીન્દ્રિય આનંદ જેનો પર્યાયમાં સ્વભાવ પ્રગટ થઈ ગયો, એવું જેનું સિદ્ધનું સ્વરૂપ છે. વળી '**જિન્હોંને જીવાદિક સકલ પદાર્થ પ્રકાશિત કિયે,...**' લ્યો! પહેલા જ્યારે ઉપદેશ કર્યા, પહેલા ઉપદેશ જિનેશ્વરે કર્યો એને સમજીને મોક્ષ પામ્યા, એ પોતે પણ ઉપદેશ કરીને મોક્ષને પામ્યા છે. '**પ્રકાશિત કિયે, ઉનકો મૈં ભક્તિસે નમસ્કાર** કરતા હૂં.' એવા પરમાત્મા સિદ્ધ થયા આવા ભાવવાળા.

પણ એ પહેલા આવા ભાવોને અને પદાર્થને એણે પ્રકાશિત કર્યા હતા. જુઓ! કેટલી સંધિ કરે છે! પહેલાં એમને અરિહંતપદ જ્યારે હતું, ત્યારે બધા પદાર્થોને જાણતા અને પ્રકાશતા, જાણતા અને પ્રકાશતા. આ સિદ્ધમાં જાણે અને પ્રકાશે નહિ હવે. સમજાણું? કોઈ એમ કહે કે વળી પૂર્ણ સર્વજ્ઞ થયા વળી પછી એને બોલવું શું, વાણી શું, સમજાવવું શું? એ બધું અંદર હોય છે. કેવળજ્ઞાન, કેવળદર્શન થયું છતાં છ દ્રવ્ય, પદાર્થ, બધાનું જ્ઞાન ભગવાન પ્રરૂપે. એને બીજા સમજીને કેવળજ્ઞાન પામે એ પણ પ્રરૂપીને સિદ્ધ થાય, એમ કહે છે. સમજાણું કાંઈ?

**'કેવલજ્ઞાનાદિ અનંત ચતુષ્ટયસ્વરૂપ જો પરમાત્મતત્ત્વ હૈ,...'** દેખો! વિશેષ વ્યાખ્યા. કેવળજ્ઞાન આદિ, કેવળદર્શન, કેવળસુખ, કેવળવીર્ય, અનંત ચતુષ્ટયસ્વરૂપ જો **'પરમાત્મતત્ત્વ હૈ, ઉસકે...'** હવે બધી અહીં વાત કરે છે પહેલાની. આત્મા એવો છે. **'ઉસકે યથાર્થ શ્રદ્ધાન, જ્ઞાન ઔર અનુભવ,...'** એવો જે આત્મા, એનું યથાર્થ શ્રદ્ધાન, એનું જ્ઞાન, એનું આચરણ. અનુભવ એટલે આચરણ. **'ઈન સ્વરૂપ અભેદરત્નત્રય વહ જિનકા સ્વભાવ હૈ,...'** સમજાય છે કાંઈ? **'ઔર સુખ-દુઃખ, જીવિત-મરણ, લાભ-અલાભ, શત્રુ-મિત્ર, સબમેં સમાન ભાવ હોનેસે ઉત્પન્ન હુઈ વીતરાગનિર્વિકલ્પ પરમસમાધિ ઉસકે કહનેવાલે જિનરાજકે ઉપદેશકો પાકર અનંતચતુષ્ટયરૂપ હુએ,...'** દેખો! ક્યા કહતે હૈં? સંધિ કરે છે, સંધિ કરે છે કે, પૂર્વે જે આત્માઓ આવી રીતે નિર્વિકલ્પ આત્માની વીતરાગ પર્યાય પ્રાપ્ત થઈને કેવળ પામ્યા એને કહનેવાલે. પાછું એમણે એવું કથન કર્યું. અનંત જે અરિહંત થયા, એણે જાણ્યું અને કથન કર્યું. એ સિદ્ધ થયા. વળી બીજા અરિહંત થયા એણે જાણીને કથન કર્યું અને એ સિદ્ધ થયા. સમજાણું?

**'વીતરાગ નિર્વિકલ્પ પરમસમાધિ ઉસકે કહનેવાલે જિનરાજ...'** વીતરાગનો જ આવો ઉપદેશ હોય, એમ કહે છે. વીતરાગ પરમાત્મા સિવાય આવો ઉપદેશ કોઈને ત્રણ કાળમાં હોઈ શકે નહિ. કોઈ માર્ગમાં, અન્યમાં કે બીજે પંથે. જેને આત્મા એક વસ્તુ પૂર્ણ અંતર જણાણી, અનુભવી, કેવળ થયું અને એવો જ ઉપદેશ એમણે આપ્યો. એવા જિનરાજના ઉપદેશને પામીને બીજા જીવો અનંત ચતુષ્ટયરૂપ થયા. સમજાણું કાંઈ? બીજા જીવો પણ અનંત દર્શન આદિ તત્ત્વને પામ્યા. **'તથા જિન્હોંને યથાર્થ જીવાદિ પદાર્થોંકા સ્વરૂપ પ્રકાશિત કિયા...'** પાછું એમણે પણ જીવાદિ પદાર્થનું સ્વરૂપ કહ્યું. અનંત ચતુષ્ટય પ્રગટ્યા એણે પણ પાછું જીવાદિનું સ્વરૂપ કહ્યું.

**'તથા જો કર્મકા અભાવ હૈ વહ હી કેવલજ્ઞાનાદિ અનંતગુણરૂપ મોક્ષ...'** લ્યો! કર્મનો અભાવ થયો, પણ અંદરનો ભાવ? અહીં ભાવનું વર્ણન છે ને? કર્મનો અભાવ થયો

પણ અંદરનો ભાવ પ્રગટરૂપે પૂર્ણ થઈ ગયો. '**કેવલજ્ઞાનાદિ અનંતગુણરૂપ મોક્ષ...**' હુઆ. અનંતગુણરૂપ મોક્ષ. '**ઔર જો શુદ્ધાત્માકા યથાર્થ શ્રદ્ધાન-જ્ઞાન-આચરણરૂપ અભેદરત્નત્રય વહી હુઆ મોક્ષમાર્ગ...**' બેયને પ્રરૂપ્યો એમ કહે છે. એ અરિહંત સિદ્ધ થયા, અરિહંતપણે સિદ્ધ થયા. એણે આવો માર્ગ પ્રરૂપ્યો અને પછી અનંત ચતુષ્ટય પોતાના હતા, (એ) સિદ્ધપદને પામ્યા. ઓહો..! શું કહે છે? જુઓ! આવા ભાવને પ્રાપ્ત સિદ્ધ પૂર્વે અરિહંતપદમાં અનંત ચતુષ્ટયની પ્રાપ્તિ થઈ, એને મોક્ષ અને મોક્ષનો માર્ગ ભગવાને કહ્યો છે. એવા પરમેશ્વરે મોક્ષ ને મોક્ષનો માર્ગ કહ્યો એ સાચો છે. સમજાય છે કાંઈ?

'**શુદ્ધાત્માકા યથાર્થ શ્રદ્ધાન-જ્ઞાન-આચરણરૂપ અભેદરત્નત્રય વહી હુઆ મોક્ષમાર્ગ...**' અને પહેલું કહ્યું, કેવળજ્ઞાન આદિ અનંત ગુણરૂપ મોક્ષ. '**ઐસે મોક્ષ ઔર મોક્ષમાર્ગકો ભી પ્રગટ કિયા, ઉનકો મૈં નમસ્કાર કરતા હૂં.**' સમજાણું? અહીં તો અરિહંતના કેવળજ્ઞાન આદિ પર્યાય પ્રગટ થઈ, એમણે એવો ઉપદેશ કર્યો, વળી બીજાઓ પણ એનો ઉપદેશ સાંભળીને એવા અનંત ચતુષ્ટયને પામ્યા. વળી એણે ઉપદેશ કરીને બીજા પામ્યા એમ પરંપરા ચાલી જાય છે. '**जो जाणदि अरहंतं**' સર્વ અરિહંતોએ ઉપદેશ કર્યો. જુઓને! સંધિ કરે છે ને. અનંત તીર્થંકરો પૂર્વે જે થયા તીર્થંકરો, એના દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન કરી અને ક્ષાયિક સમકિતને પામ્યા, રાગ-દ્વેષનો નાશ કરી યથાખ્યાત ચારિત્રને પામ્યા, અને એ બધા અરિહંતોએ એવો જ ઉપદેશ આપ્યો. ઉપદેશ કર્યો એ સંધિ કરે છે કે, અરિહંતને કેવળજ્ઞાન થાય ને વાણી ન હોય એમ નહિ. સમજાણું કાંઈ? એ વાણી ખરી ગઈ, ઉપદેશ થઈ ગયો, પૂર્ણ સિદ્ધપદ પામ્યા. એ સિદ્ધમાં પછી આ કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ ભાવો રહી ગયા. વાણી આદિ નીકળી ગઈ. સમજાણું કાંઈ? આ તો વસ્તુનો આવો સ્વભાવ (છે). વંદનની ભક્તિમાં પણ આટલો વિસ્તાર કરીને વર્ણવે છે.

ભાવ જાણ્યા એવા કહ્યા. આમાં છે ને, જુઓને! '**पयासिय भाव**' '**जिणवर वंदउँ भत्तियए जेहिँ पयासिय भाव।**' જેણે બધા ભાવોનો પ્રકાશ કર્યો છે. આહા..હા..! અરે...! જિનવર કોણ છે? જિનવરની કેવી ભાષાની વર્ગણા હોય? અને પછી વર્તમાન પૂર્ણ જ્ઞાન પામ્યા છતાં વાણી હોય અને ભાવનો ઉપદેશ કરે. નિમિત્ત તરીકે કહેવાય. વાણી તો વાણીને કારણે નીકળે. સમજાય છે? જો સંબંધ ન હોય તો આ જગત સમજે શી રીતે? કે ભાઈ! ત્યાં થઈ રહ્યું. પૂર્ણ હોય પછી એને વાણી કેવી? બોલે કેવું? બોલતા નથી. વાણીનો એવો યોગ હોય છે. સમજાણું?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ વાણી આવે જ એવી, એમ કહે છે. અરિહંત થવા છતાં, કેવળજ્ઞાન થવા

છતાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધે એને વાણીનો યોગ હોય જ છે. એ અહીં સિદ્ધ કરે છે. સમજાણું?

મુમુક્ષુ :— ... નવકાર ગણે એટલે સુખી.

ઉત્તર :— કોણ? ધૂળમાં ગણે એટલે સુખી. શું નવકાર ગણે? સમજ્યા વિના? નવકાર, નવકાર ગણે તો સુખી થાય. પણ હજી નવકારનું સ્વરૂપ શું? અરિહંત કોને કહેવા? સિદ્ધ કોને કહેવા? અરિહંતની વાણી હોય કેવી? એ કોનો ઉપદેશ? અહીં તો કહે છે, અરિહંત મોક્ષ ને મોક્ષમાર્ગનો ઉપદેશ આપે એમ કહ્યું. જિનવરે પ્રકાશ્યો, જિનવરે આત્માનો મોક્ષમાર્ગ અને મોક્ષ પ્રકાશ્યો. બેયની પ્રરૂપણા ભગવાને કરી છે. સમજાણું કાંઈ? અનંતા તીર્થંકરો પ્રવાહે ચાલ્યા આવ્યા એ બધાઓએ પૂર્વનો ઉપદેશ જે કર્યો અરિહંતોએ, એ પોતે સમજીને અરિહંતપદ પામ્યા અને પાછો ઉપદેશ કર્યો. વળી બીજા પામ્યા એણે ઉપદેશ કર્યો, એમ પરંપરા અનાદિથી ચાલી આવે છે. અનાદિ વીતરાગ જૈનશાસન ચાલ્યું આવે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ તો અનંત કાળ રહેશે, ત્રિકાળ રહેશે. જગત છે ત્યાં ત્રિકાળ શાસન રહેશે. સમજાણું કાંઈ? વસ્તુ એવી છે. આત્મા વીતરાગી થયો, પૂર્ણાનંદને પામ્યો, એવા પામેલા અનંત કાળના છે. કાંઈ નવા નથી. થયા હતા એ મોક્ષ ગયા... થયા એ મોક્ષ ગયા... થયા એ મોક્ષ ગયા... વળી નવા થાય એ મોક્ષ જાય. એ ઉપદેશ કરીને મોક્ષ જાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? અને એનું જ મોક્ષ ને મોક્ષનો માર્ગનું પ્રરૂપણ સાચું છે. બીજાના શાસ્ત્રો, કથન સાચા નથી એમ સાથે સિદ્ધ કરે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— જૈન એટલે વસ્તુ. જૈનોમાં એટલે શું? જૈન એટલે માર્ગ, આત્માનો સ્વભાવ. જે આ કહેવાય છે એવો. અનંતા ગુણો જે રાગ રહિત સ્વરૂપ છે, અનંત ગુણનો પિંડ જે છે એક આત્મા, એમાં રાગ-દ્વેષ ને અજ્ઞાન (થાય) એને જીતે તે જૈન. એ તો વસ્તુનું સ્વરૂપ છે. એવું બીજે ક્યાંય અન્યમાં હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ કરુણા નહિ. કરુણા કેવી વળી? ભગવાનને કરુણા કેવી? એને વાણીનો એવો યોગ હોય છે કે, (કેવળ પ્રાપ્ત) કરીને પછી જ વાણી નીકળે અને પછી સિદ્ધ થઈ જાય એમ કહે છે. અને એના ઉપદેશમાં મોક્ષ અને મોક્ષના માર્ગનો જ ઉપદેશ આવે. જુઓને! એમાં વળી વ્યવહારની બે વાત નથી કરી. એકલી નિશ્ચયની જ વાત કરી છે. જુઓ! અહીં કહે છે સરવાળો.

**'ઈસ વ્યાખ્યાનમેં અરંહતદેવકે કેવલજ્ઞાનાદિ ગુણસ્વરૂપ જો શુદ્ધાત્મસ્વરૂપ હૈ, વહી**

**આરાધને યોગ્ય હૈ,...'** જોયું? એ મૂળ ગુણ સ્વરૂપની વાત કરી છે. પૂર્ણ કેવળજ્ઞાનાદિ એવા ભાવ પ્રગટ્યા, એવા જ ભાવની પ્રથમ પ્રરૂપણા કરી. એવો જે ભાવ અનંત જ્ઞાન, દર્શન, આનંદ આદિ સ્વભાવ એ જ આદરણીય છે. '**અરહંતદેવકે કેવલજ્ઞાનાદિ ગુણસ્વરૂપ...**' દેખો! એવો જે શુદ્ધાત્મસ્વરૂપ તે જ સેવવા યોગ્ય છે. કેટલી વાત કરે છે એમાં! અરિહંત હોય એટલે એને વાણીનો યોગ હોય, એ ઉપદેશ થાય, બીજા સમજે, એ પાછા કેવળ પામે, એ ઉપદેશ કરે, વળી બીજા સમજે, એ મોક્ષ જાય, ઓલા સમજીને વળી ઉપદેશ કરે એમ અનાદિથી ચાલ્યું આવે છે. સમજાણું કાંઈ? આ નવો માર્ગ નથી. અનાદિ-અનંત તીર્થંકરો અને જૈનશાસનમાં જિનવરોએ સ્વરૂપને પામી, ઉપદેશ કરી મોક્ષ પધાર્યા. બીજા સમજીને એમ પ્રરૂપે, એ ક્રમ ચાલ્યો આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આ કેટલાક તો એમ કહે કે, આ જૈનના સાધુ અને જૈન એટલે એક સંકોચ વાડો થઈ ગયો. વિશાળ કરી નાખે કે બધા સાચા તો એ સાચું. પણ બધા સાચા હોય શેના? સાચો એક જ હોય. સમજાણું કાંઈ? એ માટે 'યોગીન્દ્રદેવે' વંદન કરવામાં આટલી ગાથાઓ લીધી છે. સાત. સાત ગાથા, હોં! આઠમાથી પરમાત્મ સ્વરૂપનો પ્રશ્ન શરૂ કરશે. છ થઈને?

હવે ત્રણ-આચાર્ય ઉપાધ્યાય સાધુને વંદન બાકી રહ્યું તે આમાં સાતમીમાં કરશે. ઓહો..!

'**આગે ભેદાભેદરત્નત્રયકે આરાધક...**' દેખો! જૈનના આચાર્ય, જૈનના ઉપાધ્યાય, જૈનના સાધુ કેવા હોય? કે, ભેદાભેદરત્નત્રયના આરાધક (હોય). નિશ્ચય સ્વરૂપના રત્નત્રયના આરાધક અને વિકલ્પ શુભ વ્યવહાર હોય છે એના આરાધક વ્યવહારે કહેવામાં આવે છે. બે સાથે છે ને? પ્રમાણનું જ્ઞાન કરાવે છે. આચાર્ય, ઉપાધ્યાય, સાધુ છદ્મસ્થ છે. છદ્મસ્થ છે તો એને નિશ્ચય પણ છે, વ્યવહાર પણ છે એમ બેય સાથે જ્ઞાન કરાવે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા. આરાધના, આરાધના છે ને બેયની? વ્યવહારે એમ જ કહે ને? નિશ્ચયની આરાધના છે તો વ્યવહારની આરાધનાનો આરોપ કરીને કથન છે. નિશ્ચય મોક્ષમાર્ગ એક જ છે, પણ નિમિત્તને મોક્ષમાર્ગ કહેવાય છે. એમ આરાધન તો નિશ્ચયનું એક જ છે, પણ વચ્ચે નિમિત્ત વિકલ્પ (આવે). આવો જ સાચો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, સાચા જિનેશ્વર દેવે કહેલા દેવ-ગુરુ ને શાસ્ત્રનો પ્રેમ, ભગવાને કહેલા મહાવ્રતના રાગનો વિકલ્પ અને ભગવાને કહેલા શાસ્ત્રનો અભ્યાસ—એવો વિકલ્પ આચાર્ય, ઉપાધ્યાય, સાધુને મહાસંત મુનિ થયા, એને એવો હોય અને નિશ્ચય સ્વભાવનું આરાધન હોય. બેય હોય એને અહીંયા આચાર્ય, ઉપાધ્યાય, સાધુ કહે છે. દુનિયાના બધા સાધુ. એમ નહિ. સમજાણું?

મુમુક્ષુ :—

ઉત્તર :— એ તો હતા જ કે દિ'? મિથ્યાદષ્ટિ છે બધા. સાધુ કેવા? એથી તો આ ખુલાસો કરે છે અહીંયા. લ્યો! સાતમી છે ને? મોટી લાંબી છે પણ.

૭) जे परमप्पु णियंति मुणि परम-समाहि धरेवि।
परमाणंदह कारणिण तिण्णि वि ते वि णवेवि।।७।।

ઓહો..હો..! '**जो मुनि परमसमाधिको धारण करके...**' જે સંતો, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ ત્રણે, હોં! એવા જૈનના સાધુ તેને સાધુ, જૈનના આચાર્ય તેને આચાર્ય, જૈનના ઉપાધ્યાય તેને ઉપાધ્યાય (કહે છે). એ સિવાય આચાર્ય, ઉપાધ્યાય, સાધુ ત્રણ કાળમાં બીજે હોઈ શકે નહિ. સમજાણું? તે જૈનના એટલે આ વસ્તુ ભગવાને કહી એ પ્રમાણે પૂર્ણાનંદ આત્માનું પરિણમન કરી, શ્રદ્ધા, જ્ઞાન કરીને રમે એને આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— લોંચમાં શું? ધૂળમાં છે? લે, આ શેઠ પણ ઠીક છે. એક એક મુકે છે અંદરથી. એ લોંચ કરાવે માટે સાધુ નહિ, એમ કહે છે. અંદર આત્મામાંથી લાગણીનો લોંચ કરી નાખ્યો છે. આ લોંચ કહે છે ને? એ નહિ. એ તો ધૂળ હવે જડની ક્રિયા છે. ઈ કોણ કરે? એણે કોઈ દિ' કરી નથી.

અહીં તો એ પ્રકારનો એને છ આવશ્યક આદિનો વિકલ્પ હોય, સામાયિક, ચોવીસંથો વંદન, પ્રતિક્રમણ, પચ્ચખાણ એવો શુભરાગ હોય, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ હોય, સાચા મહાવ્રત ભગવાને કહ્યા એવો વિકલ્પ આચાર્ય, ઉપાધ્યાય, સાધુને છ કાયની દયાનો વિકલ્પ હોય. સમજાય છે? એવો વ્યવહાર હોય અને નિશ્ચયમાં સ્વ આત્માની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતાનું નિશ્ચય હોય. બેનું જ્ઞાન કરાવે. આવા હોય એને આચાર્ય ને ઉપાધ્યાય ને સાધુ કહેવામાં આવે છે. આહા..હા..!

મુમુક્ષુ :— ..

ઉત્તર :— હા. વિકલ્પ પણ છે. અહીં તો છદ્મસ્થની વાત લીધી છે ને? કેવળ થઈ ગયું એ તો પહેલી છ ગાથામાં કહ્યું. પરમાત્મા, એનો સ્વભાવ, એનો ઉપદેશ બધી વાત એમાં લઈ લીધી છે. આખું જૈનશાસનનું સ્વરૂપ પરમેષ્ઠીનું શું? કથન શું? ઉપદેશ શું? એ બધું લઈ લીધું. એવી શૈલી છે કથન પદ્ધતિ, દિગંબર આચાર્યોની પદ્ધતિ કોઈ અલૌકિક, અલૌકિક છે!! આખા જૈનશાસનના પેટ ભર્યા છે અંદર. સમજાણું? એની પર્યાય ને એમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણે ને છતાં વસે પોતામાં, પરમાં નહિ. પરવસ્તુ છે એને જાણે, છતાં તન્મય નહિ. આ વસ્તુ. સમજાય છે કાંઈ? લ્યો!

'**પરમસમાધિસે** ઉત્પન્ન...' જુઓ! દેખતે હૈં. 'ધારણ કરકે **સમ્યગ્જ્ઞાનકર પરમાત્માકો દેખતે હૈં.**' પોતાના સ્વરૂપને દેખે છે. દેખો! આચાર્ય, ઉપાધ્યાય, સાધુ આ ત્રણ છદ્મસ્થ છે, હોં! આ પંચ પરમેષ્ઠીમાં અરિહંત, સિદ્ધની વ્યાખ્યા થઈ ગઈ. એને ઓળખીને વંદન કર્યું. આવા દ્રવ્ય હોય, આવો ગુણ હોય, આવી પર્યાય હોય અને અરિહંત હોય ત્યાં સુધી એને મોક્ષ ને મોક્ષમાર્ગનું કથન-ઉપદેશ હોય. એમ ઓળખીને વંદન કર્યું છે. હવે '**સમ્યગ્જ્ઞાનકર પરમાત્માકો દેખતે હૈં.**' દેખો! શાંતિથી આત્માનો પૂર્ણ જે સ્વભાવ છે અંતર વસ્તુ. એને વર્તમાન વીતરાગ પર્યાય દ્વારા, એની સાથે સમ્યગ્જ્ઞાન દ્વારા આત્માને અંતર દેખે છે. એને આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ કહીએ. આવો આત્મા તે સર્વજ્ઞે કહ્યો, પરમેશ્વરે જોયો ને પરમેશ્વરે પ્રગટ કર્યો.

એવો આત્મા અંદરમાં '**દેખતે હૈં. કિસ લિયે? રાગાદિ વિકલ્પ રહિત પરમસમાધિસે ઉત્પન્ન હુએ પરમસુખકે રસકા અનુભવ કરનેકે લિયે...**' બીજું કોઈ કારણ નથી. પોતાના રાગાદિ વિકલ્પ રહિત પરમ શાંતિનું ઉત્પન્ન થવું, પરમ આનંદના રસના અનુભવને માટે આત્માને દેખે છે. સમજાય છે કાંઈ? અતીન્દ્રિય આનંદના રસ માટે આત્માને જોવે છે. અતીન્દ્રિય આનંદરસ અંદર પડ્યો છે, એનું જ્ઞાન લીધું ને ભેગો આનંદ લીધો. બેય લીધું. આહા..હા..! વિકલ્પ રહિત, પુણ્ય-પાપના વિકલ્પ રહિત. વ્યવહાર કહ્યો, હોં! વ્યવહાર રત્નત્રય કહેશે. છતાં એ વ્યવહારથી રહિત, પરમસમાધિથી ઉત્પન્ન, પરમ આનંદ એવો સુખરસ એના '**અનુભવ કરને કે લિયે ઉન તીનોં આચાર્ય, ઉપાધ્યાય, સાધુઓંકો ભી મૈં નમસ્કાર કરકે પરમાત્મપ્રકાશકા વ્યાખ્યાન કરતા હૂં.**' આહા..હા..! પંચ પરમેષ્ઠીને સાથે ઉભા રાખ્યા. ભગવાન મારી સાથે પધારો... પધારો. હું 'પરમાત્મપ્રકાશ' લખવાનો છું. આવા, હોં! ઓળખીને અરિહંતને, સિદ્ધને, એના ભાવને, એના નિવાસને, ક્ષેત્રને, નિશ્ચયક્ષેત્ર પોતામાં, પરક્ષેત્ર ઉપર, નિશ્ચય જાણવું પોતામાં, પર જાણવું લોકાલોકનું એ બધું સ્વરૂપ જેમ છે તેમ એને જાણી, એને પરમેષ્ઠીનું બહુ માન, બહુ ભક્તિ, બહુ વિનયથી પ્રભુ વંદન કરું છું ને હવે હું પરમાત્મપ્રકાશ શરૂ કરું છું, એમ કહે છે. આહા..હા..! સમજાય છે?

વિશેષ. '**અનુપચરિત અર્થાત્ જો ઉપચરિત નહીં હૈ, ઈસીસે અનાદિ સંબંધ...**' શું કહે છે? કર્મ અને નોકર્મનો સંબંધ. વસ્તુ આત્મા છે અનંત ગુણનો પિંડ, એની વર્તમાન પર્યાયમાં-અવસ્થામાં કર્મ, નોકર્મનો નિમિત્તરૂપે સંબંધ છે. કેવો સંબંધ છે એ? અનુપચરિત. સંબંધ કહ્યોને? આમ નજીક છે ને? કર્મ. કેવો છે? કે ઉપચરિત નથી. કાંઈ નથી એમ નહિ. આમ નજીક સંબંધ છે. કર્મનો, રજકણનો, અનંતા પરમાણુનો નિમિત્તરૂપે સંબંધ છે. '**ઈસીસે અનાદિ સંબંધ હૈ,...**' અનુપચરિત અનાદિ સંબંધ છે. અનુપચરિત એટલે ઉપચાર નહિ, દૂર નહિ.

નજીકમાં આત્માની સાથે કર્મના રજકણનો અનંતા પરમાણુથી બનેલી પ્રકૃતિ એવા અનંતા આઠ કર્મના રજકણો જે છે એનો અનાદિ સંબંધ જીવને છે.

'**પરંતુ અસદ્ભૂત...**' દેખો! ભાષા. પોતાની પર્યાયમાં નથી. આમ છે. માટે સંબંધ છે છતાં અસદ્ભૂત છે, મિથ્યા છે. અહીં અંદરમાં આવી ગયો નથી. સમજાણું કાંઈ? આ અસદ્ભૂતની વ્યાખ્યા જ મિથ્યા કરી એણે. લ્યો! 'દૌલતરામે'. અત્યારે અસદ્ભૂતનો એવો અર્થ ફેરવી નાખે છે. આ મિથ્યા (કહે છે). ખરેખર સંબંધ છે જ નહિ. આમ નિમિત્ત તરીકે (એક) ક્ષેત્રાવગાહમાં છે, પોતાના પર્યાયના અંશના અસ્તિત્વમાં એ છે જ નહિ. માટે એને '**અસદ્ભૂત (મિથ્યા) હૈ, ઐસા વ્યવહારનયકર દ્રવ્યકર્મ, નોકર્મકા સંબંધ હોતા હૈ,...**' સમજાય છે? બેય ભેગું લીધું છે.

અનુપચિરત અસદ્ભૂત વ્યવહાર સંબંધ, દ્રવ્યકર્મ, નોકર્મ. અહીં તો કહેવું છે કે એવો સંબંધ એનાથી રહિત. સંબંધ એનાથી વસ્તુ રહિત છે એમ પાછું. સમજાણું? એ વ્યવહાર અનુપચારે સહિત, નિશ્ચયથી રહિત. ભગવાન આત્મા આમ અનંત અનંત ગુણથી બિરાજમાન એની પર્યાયમાં, વર્તમાન કર્મનો અનુપચાર રૂપે સંબંધ, નજીક સંબંધ અનાદિથી છે એ મિથ્યા સંબંધ છે. વસ્તુ તરીકે જુઓ તો એમાં એ સંબંધ નથી. કહો, એક કોર સંબંધ છે ને વળી નથી. કહો, ...ભાઈ!

'**ઉસસે રહિત...**' એક વાત થઈ. સમજાય છે? ઘણી વાત કરશે, હોં! એ '**ચિદાનંદચિદ્રૂપ એક અખંડસ્વભાવ શુદ્ધાત્મતત્ત્વ હૈ વહી સત્ય હૈ.**' એમ બતાવવું છે અહીં તો. અખંડ ચિદાનંદ જ્ઞાનાનંદ ચિદ્રૂપ એક અખંડ સ્વભાવ, એવું શુદ્ધાત્મતત્ત્વ તે જ સત્ય છે. એમાં સંબંધ કહેવો એ વ્યવહારથી (કહેવાય છે), નિશ્ચયથી સંબંધ નથી.

હવે (કહે છે), '**અશુદ્ધ નિશ્ચયનયકર રાગાદિકા સંબંધ હૈ,...**' આત્માની વર્તમાન પર્યાયમાં પુણ્ય-પાપ, રાગ-દ્વેષ, દયા-દાનના વિકલ્પ અશુદ્ધનિશ્ચયથી છે. કારણ કે, મલિન એટલે અશુદ્ધ. નિશ્ચય એટલે સ્વપર્યાય. તેથી છે. પરમાર્થે એનાથી રહિત છે. સમજાણું કાંઈ? કહો, આ સહિત, આ રહિત, અહીં સહિત, આ રહિત એવું બેયનું જ્ઞાન કરાવે (છે). આવી વસ્તુની સ્થિતિ છે. એમ કહે કે, એને અશુદ્ધ રાગ-દ્વેષ પર્યાયમાં છે જ નહિ. નથી તો પછી ટાળવું ક્યાં રહ્યું? નથી તો પછી મોક્ષ થઈ ગયો. છે. સમજાય છે? પેલો અસદ્ભૂત વ્યવહારનયથી કહ્યો હતો, પરદ્રવ્ય છે માટે. અને આ તો સ્વદ્રવ્યમાં, પર્યાયમાં અત્યારે અશુદ્ધ-મલિન પર્યાય નિશ્ચયથી સ્વ પર્યાયમાં છે. '**રાગાદિકા સંબંધ હૈ,...**' છતાં ઉસસે રહિત હૈ. વસ્તુ એનાથી રહિત છે. અખંડ જ્ઞાયકભાવ એનાથી રહિત છે. પર્યાયમાં સંબંધ છે. સ્વભાવની દૃષ્ટિએ જુએ તો એમાં રહિત છે. ઓહો..હો..! નિશ્ચય અને વ્યવહાર બે વિરોધ છે, દેખો! વ્યવહારથી કહે, છે, નિશ્ચય કહે, નથી. બે નય છે તો બેનો વિષય ફેર છે.

**'તથા મતિજ્ઞાનાદિ વિભાવગુણકે સંબંધસે રહિત...'** દેખો! વળી આત્માની પર્યાયમાં મતિ-શ્રુતજ્ઞાન વિભાવ પર્યાય (સાથે) એનો અશુદ્ધનિશ્ચયથી સંબંધ છે. છતાં પરમાર્થે સંબંધ રહિત છે. એ મતિજ્ઞાનના વિભાવ રહિત દ્રવ્યસ્વરૂપ છે. આહા..! સમજાય છે કાંઈ? વિભાવગુણ કહ્યો ને વિભાવ? ચિદાનંદ ચિદ્રૂપ એક અખંડ સ્વભાવ શુદ્ધાત્મતત્ત્વમાં એ નથી. પર્યાયમાં છે, વસ્તુમાં નથી.

ત્રણ બોલ લીધા. કર્મ લીધા, નોકર્મ લીધા, અસદ્ભૂતે સંબંધ છે, વસ્તુ તરીકે અંદર નથી. અશુદ્ધનિશ્ચયે રાગાદિ છે, વસ્તુ તરીકે નથી. મતિજ્ઞાનની પર્યાય હવે લીધી, હોં! ઉઘાડ. પણ હજી અધૂરો અપૂર્ણ છે એવો પર્યાય છે, સ્વભાવમાં નથી. આહા..હા..! જુઓ! એ શૈલી છે આ. 'જયસેનાચાર્ય'ની શૈલી છે ને? ભાઈ! એ શૈલી છે. આ મતિજ્ઞાનને વિભાવગુણ કહેવાય એ શૈલી છે. 'નિયમસાર'માં પણ આવે છે. 'નિયમસાર'માં આવે છે. 'દ્રવ્યસંગ્રહ'માં, 'સમયસાર'માં આવે છે. એ શૈલી છે. એમ બતાવવું છે કે, અપૂર્ણ જે મતિ-શ્રુત છે એ વિભાવ છે. 'નિયમસાર'માં ચાર જ્ઞાનને વિભાવ કહ્યા છે ને? મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય વિભાવપર્યાય છે, ચાર વિભાવગુણ છે. એક સ્વભાવ તો કેવળજ્ઞાન જ છે. શેઠી! ભગવાન આત્માનો સ્વભાવ અંદર અને પર્યાય, એ કેવળજ્ઞાન એ જ એનો ખરો સ્વભાવ છે. ચાર જ્ઞાનની પર્યાય મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય એ વિભાવ છે, અપૂર્ણ છે, નીકળી જાય છે, કાયમ ટકે એવી નથી, એથી વિશેષ વિભાવ ગણીને એને અશુદ્ધનિશ્ચયનો વિષય ગણ્યો છે. સ્વભાવમાં એ છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ક્રમ...

ઉત્તર :— ના. ક્રમે પડે ભલે, પણ એ દ્રવ્યમાં નથી.

મુમુક્ષુ :— હોતે હુએ ભી નહી હૈ.

ઉત્તર :— હોતે હુએ ભી નહીં હૈ. વસ્તુમાં નથી. જ્યાં દૃષ્ટિ દેવી છે એમાં નથી, પર્યાયમાં છે. પર્યાયમાં છે કીધું ને? અશુદ્ધ(નિશ્ચયથી) છે. સમજાણું કાંઈ? જુઓ!

**'અશુદ્ધ નિશ્ચયનયકર રાગાદિકા સંબંધ હૈ, ઉસસે તથા મતિજ્ઞાનાદિ વિભાવગુણકે સંબંધસે રહિત ઔર નર-નારકાદિ ચતુર્ગતિરૂપ વિભાવપર્યાયોંસે રહિત...'** સમય સમયની પર્યાયમાં, સંસારમાં છે. નરકનો ઉદય, મનુષ્યનો ઉદય એવો વિભાવ પર્યાય. વસ્તુના સ્વભાવમાં જોઈએ તો એ છે નહિ. કેટલા બોલ લીધા! જ્ઞાન કરાવે છે. મૂળ તો આમાંથી કોઈ આડુઅવળું (સમજે તો) દ્રવ્યનું ને પર્યાયનું એને સ્વભાવનું ભાન નથી. આ સિવાય બીજે રીતે કલ્પે તો એને વસ્તુની ખબર નથી. એથી વસ્તુની પર્યાય અને વસ્તુની ત્રિકાળતા—બે જેવું છે તેવું સાથે જ્ઞાન કરાવે છે. ચાર ગતિના વિભાવપર્યાયથી રહિત. કેટલા બોલ લીધા? શેઠી! કેટલા યાદ રહે?

મુમુક્ષુ :— જેટલા યાદ કરવા લાયક હોય.

ઉત્તર :— લાયક છે. ભાષા એવી છે. લાયક છે.

પહેલું એમ કહ્યું હતું કે, આ આત્મા છે. એ વસ્તુ કેવી છે? ચિદાનંદ ચિદ્રૂપ, ચિદાનંદ ચિદ્રૂપ, જ્ઞાનાનંદ જ્ઞાનરૂપ, એક અખંડ સ્વભાવ વસ્તુ એવું શુદ્ધાત્મતત્ત્વ એ પરમ સત્ય અને તે દૃષ્ટિનો વિષય છે. છતાં તેની વર્તમાન પર્યાયમાં-વર્તમાન અવસ્થામાં કર્મ અને નોકર્મનો અનુપચારે સંબંધ વ્યવહારથી અસદ્‌ભૂતે સંબંધ છે, ખરેખર અંતર વસ્તુમાં એ છે નહિ. પછી અશુદ્ધ નિશ્ચય નામ વિકારી પર્યાય રાગ-દ્વેષ ને દયા-દાન એની પર્યાયમાં છે, પણ એ અશુદ્ધ છે. છે. નથી એમ નહિ. એ અશુદ્ધ છે, એ નિશ્ચયનય એટલે એની પર્યાય છે. વસ્તુની દૃષ્ટિ અખંડ જ્ઞાયક સ્વભાવમાં એ નથી. વ્યવહાર ને નિશ્ચય, વ્યવહાર ને નિશ્ચય બેનું બરાબર જ્ઞાન કરાવે છે.

છદ્મસ્થ હોય ત્યાં સુધી એનામાં મતિ-શ્રુત આદિ ચાર જ્ઞાનની પર્યાય છે. વિભાવગુણ પર્યાય જેને કીધા. છે તો પર્યાય, હોં! ઈ. વિભાવગુણ કીધા ને એને? વિભાવગુણ કહ્યા છે એ. અપૂર્ણ પર્યાય છે ને? કેવળજ્ઞાન એ પૂર્ણ સ્વભાવ છે. એ અપેક્ષાએ ચાર જ્ઞાનની પર્યાય છે. પર્યાયમાં (છે). વસ્તુ અખંડ જ્ઞાયકની દૃષ્ટિમાં એ નથી. જ્યાં અખંડ જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ કરવી છે એમાં એ નથી. પર્યાયમાં છે. શેઠી! કોઈ દિ' આવી રીતે ત્યાં વાંચ્યું પણ નહિ હોય.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બંગલામાં શું હતું? ધૂળ સળગી ગયા જુઓને! આ બધા બંગલા કેટલા છે? બંગલા કીધું તો એને ઘરે રહ્યા. અહીં તો નજીકની વાત છે. અહીં સાથે ને સાથે રહે એની વાત કરી થોડી. સાથે સાથે રહે એની વાત કરવી છે, ઓલું દૂર રહે એનું શું કામ છે અહીં? આ બધું તો સાથે જ છે જ્યાં હોય ત્યાં, એમ કહે છે. બાયડી, છોકરા, બંગલા તો ક્યાંક પડ્યા રહ્યા. પણ જ્યાં આત્મા જાય ત્યાં અખંડ જ્ઞાયક સહિત છે આત્મા અને એની પર્યાયમાં કર્મનો, નોકર્મનો સંબંધ છે, વિભાવરૂપ પર્યાય મતિ આદિ છે, રાગાદિ પર્યાય છે, નરકાદિ ગતિનો કોઈ ગતિનો પર્યાય છે. સમજાણું કે નહિ?

મુમુક્ષુ :— સાથે જ છે.

ઉત્તર :— ક્યાં સાથે હતું? ધૂળ સાથે છે. રાગ અશુદ્ધ કીધો ને? અશુદ્ધ નિશ્ચયનયે રાગ સાથે છે. નેમિદાસભાઈ! બંગલો છે અહીં?

મુમુક્ષુ :— ....

ઉત્તર :— નથી? તમારું નાખ્યું. અહીં તો જે બોલ એની પર્યાયના સંબંધમાં વ્યવહારે કે નિશ્ચયે હોય તેની વાત કરીને આત્માના ત્રિકાળી અખંડ જ્ઞાયકસ્વરૂપની દૃષ્ટિમાં એ નથી.

સમજાણું કાંઈ? આહા..હા..! કહે કે, પર્યાયે શુદ્ધ છે... શુદ્ધ છે... શુદ્ધ છે... રહેવા દો, શુદ્ધ-અશુદ્ધ વિચાર કરવા રહેવા દો. અરે..! સાંભળ તો ખરો. અશુદ્ધનો નિર્ણય અશુદ્ધ છે એમ જો જ્ઞાન નહિ કર તો આ દ્રવ્ય શુદ્ધ છે એ તરફ ઢળવું શી રીતે થાશે તારું? અને અંદર શુદ્ધ અખંડ જ્ઞાયકમાં ઢળ્યો, છતાં આ ચાર પર્યાયનું એને જ્ઞાન વર્તે છે. સમ્યગ્દૃષ્ટિને આ ચારનું જ્ઞાન વર્તે છે. અસદ્ભૂત વ્યવહારે કર્મનો સંબંધ, અશુદ્ધનિશ્ચયથી રાગનો સંબંધ અને વિભાવ ચાર જ્ઞાનની પર્યાયની અપૂર્ણતાનો પર્યાયમાં સંબંધ, અને ચાર ગતિમાંથી કોઈ પણ એક ગતિનો વર્તમાન ઉદયનો સંબંધ (છે તેનું જ્ઞાન વર્તે છે). ગતિમાં છે પણ ગતિની પર્યાયમાં નથી? વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? શું કહ્યું? આ ચાર સાથે ને સાથે રાખે છે, એમ કહે છે. લ્યો! કહ્યું?

**'यच्चिदानन्दैकस्वभावं शुद्धात्मतत्त्वं तदेव भूतार्थं'** દેખો! **'परमार्थरूपसमयसारशब्दवाच्यं सर्वप्रकारोपादेयभूतं'** નાખ્યું પાછું જુઓ! એ. શું કહ્યું? સંસ્કૃતમાં બહુ સાર છે. આમાં વિસ્તાર નથી કર્યો. કહે છે, એવો જે ચિદાનંદ ચિદ્રૂપ પર્યાયમાં આવા હોવા છતાં જ્ઞાનાનંદ ચિદ્રૂપ એક અખંડ સ્વભાવ શુદ્ધાત્મતત્ત્વ તે જ ભૂતાર્થ છે. સત્ એટલે ભૂતાર્થ છે એમ કહેવું છે. **'भूतार्थं'** છે, ભાઈ! છે ને અંદર? એ ભૂતાર્થ એટલે એ સત્ય છે. ઓલું છે પર્યાયમાં, પણ ત્રિકાળની અપેક્ષાએ અસત્ છે, વ્યવહારની અપેક્ષાએ સત્ છે. વ્યવહારની અપેક્ષાએ ચારે સત્ય છે. કર્મનો સંબંધ, રાગ, વિભાવ પર્યાય અને નરકની આદિ ગતિ. છે, નથી એમ નહિ કે કાંઈ નથી. વ્યવહારે છે, નિશ્ચયે નથી. નિશ્ચયથી ખરો ભૂતાર્થ ત્રિકાળ જ્ઞાયકસ્વભાવ તે ભૂતાર્થ છે. ભૂત-અર્થ એટલે છતો પદાર્થ, સત્ય. સમજાણું કાંઈ?

**'ઉસીકો પરમાર્થરૂપ સમયસાર કહના ચાહિયે.'** લ્યો! એને પરમાર્થરૂપ ભગવાન આત્મા એક સ્વભાવ, ત્રિકાળ ચિદાનંદસ્વરૂપ, એકરૂપ ભૂતાર્થ જે દૃષ્ટિનો વિષય, જેને અગિયારમી ગાથામાં ભગવાન 'કુંદકુંદાચાર્યે' કહ્યું **'भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो'** એવો ભૂતાર્થ સત્યાર્થ પ્રભુ, ત્રિકાળ સત્યાર્થ વસ્તુ, એનો અંતર આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. આવા પર્યાયનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થતું નથી. પર્યાયનું જ્ઞાન થાય, એને આશ્રયે દર્શન ન થાય. વ્યવહારનું જ્ઞાન થાય. સમજાય છે કાંઈ?

એવો ભૂતાર્થ ભગવાન! લ્યો! ભૂતાર્થ ભૂત-છતો પદાર્થ. અખંડ અનંત ગુણનો પિંડ ચિદ્રૂપ, અનંત સ્વભાવવાળો, આ ચાર પ્રકારના પર્યાયથી અથવા સંબંધથી રહિત, એને પરમાર્થરૂપે સમયસાર કહેવો જોઈએ. એને પરમાર્થ આત્મા કહેવાય. સમયસાર એટલે એને પરમાર્થ આત્મા કહેવાય. આ ગતિનો ઉદય, રાગાદિ વ્યવહારે આત્મા કહેવાય. અરે..! ચાર જ્ઞાનની પર્યાય વ્યવહારે આત્મા કહેવાય.

મુમુક્ષુ :— છોડી દેવું?

ઉત્તર :— ઈ ચાર જ્ઞાનની પર્યાય છોડવા યોગ્ય છે. એક સમયની પર્યાય છે. એ વ્યવહાર આત્મા છે, નિશ્ચય આત્મા નહિ. એ અભૂતાર્થ છે. ભૂતાર્થ તો ત્રિકાળ ચિદાનંદ સ્વભાવ તે ભૂતાર્થ પરમાર્થ આત્મા છે. એ આશ્રય કરવા યોગ્ય છે. આહા..હા..!

**'વહી સબ પ્રકાર આરાધને યોગ્ય હૈ.'** લ્યો! એ જ બધા પ્રકારે આરાધવા યોગ્ય **'सर्वप्रकारोपादेयभूतं तस्माच्च यदन्यत्तद्धेयमिति।'** **'ઉસસે જુદી જો પરવસ્તુ હૈ વહ સબ ત્યાજ્ય હૈ.'** દેખો! એ નારકીનો ઉદય કે મનુષ્યનો ઉદય, મનુષ્યગતિનો ઉદય છોડવા લાયક છે. મતિની ચાર જ્ઞાનની પર્યાય છોડવા લાયક છે. કહો, રાગાદિ છોડવા લાયક છે. સંબંધ તો છોડવા લાયક છે જ. વ્યવહારસંબંધ. કેટલું પાછું જ્ઞાન કરાવે છે શૈલીમાં! સમજાણું?

પરમાત્મા નિર્યંતિ. મુનિ એવા પરમાત્માને દેખે છે. પરમ સમાધિ ધરી, પરમ વીતરાગી પર્યાય દ્વારા. **'परमाणंदह कारणिण'** પરમાનંદના અનુભવને કારણે **'तिण्णि वि त्रीनप्याचार्योपाध्यायसाधून्'** એવા આચાર્ય, ઉપાધ્યાયને નમસ્કાર કરું છું. ઓહો..હો..! બહુ ટૂંકા શબ્દોમાં ઘણું ભર્યું છે, હોં! 'સમયસાર'માં ભર્યું છે એવું ભર્યું છે. બહુ ભર્યું છે.

જે આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, પોતાનો પરમાત્મ અખંડ ભૂતાર્થ જ્ઞાયક સમયસાર પરમાત્મા, એને અંતરમાં વીતરાગી સમાધિ દ્વારા દેખે છે, એ પોતાને દેખે છે એ પરમ આનંદના અનુભવને કારણે દેખે છે. એવા આચાર્ય ને ઉપાધ્યાય સાધુને હું નમસ્કાર કરું છું. સમજાણું કાંઈ? જુઓ! આ જૈનના સાધુ, આચાર્ય, ઉપાધ્યાય આવા હોય. જૈન પણ આવા જ હોય, આવા વિના કોઈ સાચા આચાર્ય, ઉપાધ્યાય સાધુ હોઈ શકે નહિ. જાદવજીભાઈ! વાડામાં જન્મ્યા. ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આઈરિયાણં. કોને કહેવા આચાર્ય? કોને કહેવા ઉપાધ્યાય? ને કોને કહેવા સાધુ? એની ઓળખાણ આપી.

પ્રશ્ન :— ...

ઉત્તર :— આ તો આત્માની પાટે છે. આવા આત્માની પાટે એની વાત છે અહીંયા. ઈ કહે છે વાત સાચી. આ એંસીની પાટે છે, છન્નુની પાટે છે,... ભગવાન પછી છન્નુમી પાટે. પાટ કે દિ' વળી હતી ત્યાં? આહા..હા..!

ભગવાન આત્મા એક સમયમાં ભૂતાર્થ અનંત ચિદાનંદસ્વભાવથી ભરેલો એકરૂપ સ્વરૂપ તે ભૂતાર્થ છે. એવો પરમાત્મા જે અંતરના સમ્યગ્જ્ઞાન વડે જોવે છે, દેખો! એ પર્યાય થઈ એ વડે જોવે છે, ત્રિકાળ દ્રવ્યને શ્રદ્ધે છે અને પરમ શાંતિ દ્વારા અંતરમાં આનંદને અનુભવે છે. એવી દશાવંતને આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ કહેવામાં આવે છે. આહા..હા..! લુગડા છોડી દીધા, નગ્ન (થઈ ગયા) એની વાત નથી લીધી અહીંયા. એ વ્યવહાર જ્ઞાન કરાવશે વિકલ્પનું,

વ્યવહારનું. સમજાણું? પણ એવો જ વ્યવહાર હોય. જે સાચા વીતરાગના સ્વરૂપને તત્ત્વને જાણનારાનો નિશ્ચય આવો હોય, તો એની સાથે વ્યવહારનો વિકલ્પ આવી જ જાતનો હોય. એ વાત સાથે જણાવશે. એને વિકલ્પ એવો જ સાથે હોય. પંચ મહાવ્રતનો, સાચા અરિહંત દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાની ભક્તિનો, એવો એને ભાવ વ્યવહારે હોય. એ પુણ્યબંધનું કારણ છે. પણ અહીંયા નિશ્ચય આરાધે છે, માટે વ્યવહારને પણ આરાધે એમ ભેગું પ્રમાણજ્ઞાન કરાવવા કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

ઓહો..! આટલી સાત ગાથામાં પંચપરમેષ્ઠીની ઓળખાણ આપી. એના દ્રવ્યની, એના ગુણની, પ્રગટેલા પર્યાયની. અરિહંતમાં, સિદ્ધમાં પ્રગટેલી પર્યાય, એની કેટલી તાકાત, વ્યવહાર શું, નિશ્ચય શું અને વ્યવહાર નિશ્ચય શું? લોકાલોકને જાણવું એ વ્યવહાર કહેવો, તન્મય નથી માટે. પોતાની પર્યાયને નિશ્ચય કહેવો, સ્વમાં વસવું તે નિશ્ચય, પરમાં લોકના અગ્રે વસવું કહેવું એ વ્યવહાર. એવી સ્થિતિએ એનું વર્ણન કર્યું છે. સમજાણું? વાસ્તવિક સત્યનો વ્યવહાર ને સત્ય શું છે, બેયનું એમાં જ્ઞાન કરાવે છે. 'યોગીન્દ્રદેવ'..! ઓ..હો..હો..!

**'વહી સબ પ્રકાર આરાધને યોગ્ય હૈ. ઉસસે જુદી જો પરવસ્તુ હૈ વહ સબ ત્યાજ્ય હૈ. એસી દૃઢ પ્રતીતિ ચંચલતા રહિત નિર્મલ અવગાઢ પરમ શ્રદ્ધા હૈ ઉસકો સમ્યક્ત્વ કહતે હૈં,...'** હવે આચાર્યની વ્યાખ્યા કરે છે. પાંચ આચારને પાળે, તે આચાર્ય કેવા હોય? કે, આ રીતે એક વસ્તુ પૂર્ણાનંદ છે, અખંડ ગુણનો પિંડ છે, એની પર્યાયમાં આવા ચાર પ્રકાર છે, નિમિત્ત સંબંધ છે, આવું છે. એનું જ્ઞાન કરીને આવા આત્માની દૃઢ પ્રતીતિ. આવા આત્માની. હોં! આવો લોક કહે એ આત્મા નહિ. આવો આત્મા ભગવાને કીધો એવો. એની ચંચલતા રહિત નિર્મળ અવગાઢ પરમ શ્રદ્ધા, નિર્મળ પરમ અવગાઢ નિશ્ચય શ્રદ્ધા, ઉસકો સમકિત કહતે હૈં. લ્યો, એને સમકિત કહે છે.

**'ઉસકા જો આચરણ અર્થાત્ ઉસ સ્વરૂપ પરિણમન વહ દર્શનાચાર...'** લ્યો! એ નિર્મળપણે નિરતિચાર સમ્યગ્દર્શનનું પરિણમન (હોય) એને દર્શનાચાર કહે છે. એ આચાર્યને આવો દર્શનાચાર હોય છે. જે કોઈ સાચા આચાર્ય હોય, જૈનના એટલે વસ્તુના તત્ત્વના, એક સ્વરૂપ ભગવાન પરમેશ્વરે અનંત ગુણનો પિંડ જોયો, એવા આત્માની અંદર શ્રદ્ધા (હોય) અને આ ચાર પ્રકાર આદિ કહ્યું તેનું જ્ઞાન વર્તે, શ્રદ્ધા આની વર્તે પૂર્ણ, એવા ચંચલતા રહિત શ્રદ્ધાન, એ રૂપે જેનું પરિણમન થઈ ગયું છે. પ્રતીતનું પરિણમન, નિશ્ચય સમ્યક્નું પરિણમન, રુચિનું પરિણમન, પર્યાય એ રૂપે પરિણમી ગઈ છે. સમ્યગ્દર્શનની પર્યાય પરિણમી ગઈ પર્યાયમાં. એવા આચાર્યને દર્શનાચાર હોય તેને આચાર્ય કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

**'ઔર ઉસી નિજસ્વરૂપમેં સંશય-વિમોહ-વિભ્રમ-રહિત...'** દેખો! પોતાનું જે નિજ

સ્વરૂપ, ચિદાનંદ ચિદ્રૂપ, એક અખંડ સ્વભાવ શુદ્ધાત્મતત્ત્વ, એમાં '**સંશય-વિમોહ-વિભ્રમ-રહિત...**' કેવો આત્મા હશે? આ સર્વજ્ઞે કહ્યો આવો પૂર્ણ આત્મા હશે? કે, બીજી રીતે એકરૂપે આત્મા હશે? એવો જેને સંશય હોય નહિ, વિમોહ હોય નહિ. વિમોહ એટલે કાંઈક હશે... કાંઈક હશે... કાંઈ સમજાતું નથી. એમ ન હોય એને. વિભ્રમ નામ વિપરીત ન હોય. એના જ્ઞાનમાં ત્રણ પ્રકારના દોષ રહિત સમ્યગ્જ્ઞાન હોય. એવા સમ્યગ્જ્ઞાન આચાર્યને હોય. એ '**સ્વસંવેદનજ્ઞાનરૂપ ગ્રાહકબુદ્ધિ...**' એ સ્વસંવદેનજ્ઞાનરૂપ અનુભવની બુદ્ધિ '**વહ સમ્યગ્જ્ઞાન હુઆ, ઉસકા જો આચરણ અર્થાત્ ઉસરૂપ પરિણમન વહ જ્ઞાનાચાર હૈ,...**' આચાર્યને આવું હોય એને આચાર્ય કહેવામાં આવે. બે બોલ કહ્યા, હવે વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૧૪, શુક્રવાર, તા. ૨૪-૯-૧૯૬૫**
**ગાથા-૭, પ્રવચન-૬**

ગાથા ચાલે છે ને? એમાં 'પરમાત્મપ્રકાશ' છે આ. આચાર્ય અને ઉપાધ્યાય ને સાધુની સ્થિતિ શું છે, એમ ઓળખીને 'પ્રભાકર ભટ્ટ' એને નમસ્કાર કરે છે. પહેલાં અરિહંત ને સિદ્ધનું સ્વરૂપ ઓળખાવી, ઓળખાણ કરીને નમસ્કાર કર્યો. હવે સાચા આચાર્ય, ઉપાધ્યાય, સાધુ કેવા હોય? એને ઓળખીને નમસ્કાર કરવો, એને ખરો નમસ્કાર કહેવાય છે.

હવે આચાર્યની વ્યાખ્યા ચાલે છે આપણે તો. 'ણમો લોએ સવ્વ આઈરિયાણં' એની વ્યાખ્યા ચાલે છે. જુઓ! અહીં દર્શનથી ફરી લઈએ, જુઓ! પહેલા શું લીધું? જુઓ! કે, આ આત્મા છે વસ્તુ, અનંત ગુણરૂપ, સ્વરૂપરૂપ, એક સ્વભાવરૂપ આત્મા. એને કર્મનો સંબંધ છે વ્યવહારે-અસદ્ભૂત વ્યવહારનયે. વસ્તુ સ્વભાવની દૃષ્ટિએ એ સંબંધ નથી. એટલે વ્યવહાર પણ જણાવ્યો, કર્મનો સંબંધ છે એમ જણાવ્યું, અને વસ્તુના સ્વભાવદૃષ્ટિએ એ સંબંધ રહિત છે. પછી આત્માની પર્યાયમાં રાગનો સંબંધ છે. પુણ્ય ને પાપ, દયા, દાન, શુભાશુભ ભાવ એનો વર્તમાન પર્યાયમાં અશુદ્ધ નિશ્ચયનયે સંબંધ છે. વસ્તુની અંતર દૃષ્ટિથી જોતા વસ્તુને એની સાથે કાંઈ સંબંધ નથી. એટલે બે બેમાં—એકનું જ્ઞાન કરાવ્યું અને એકને ઉપાદેય બનાવ્યો. સમજાણું કાંઈ? પછી ચાર

જ્ઞાનની પર્યાય. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય છે. છતાં એ વિભાવગુણ છે. માટે હોવા છતાં તે હેય છે. અને એક શુદ્ધ દ્રવ્યસ્વભાવ અખંડ... છે ને છેલ્લું? એ વિભાવપર્યાય રહિત ચિદાનંદ ચિદ્રૂપ એક અખંડ સ્વભાવ શુદ્ધાત્મતત્ત્વ એ ભૂતાર્થ છે, સત્યાર્થ છે, સાચું એ છે. ઓલું છે ખરું વ્યવહારે સાચું, પણ પરમાર્થે સાચો શુદ્ધાત્મ જ્ઞાયકભાવ અનંત ગુણરૂપ એક સ્વભાવ, એવો શુદ્ધાત્મા તે જ ઉપાદેય ને અંગીકાર કરવા લાયક છે. એની શ્રદ્ધા નિશ્ચય સમ્યગ્દર્શન કહેવામાં આવે છે.

અને ચાર ગતિ કીધી. જુઓ! સર્વજ્ઞે જોયેલું તત્ત્વ વ્યવહાર અને નિશ્ચય બેયનું સાથે જ્ઞાન કરાવીને ઉપાદેય શું એ બતાવે છે. ચાર ગતિ છે. એક સમયે એક ગતિ હોય. પણ એ ગતિનો વિભાવભાવ હેય છે. છે ખરો, હેય છે. એકલો સમયસાર ભૂતાર્થ જ્ઞાયકસ્વભાવ એકરૂપ સ્વભાવ, અનંત ગુણનો એકરૂપ સ્વભાવ, એ શુદ્ધાત્મા ભૂતાર્થ તેની સન્મુખ તેની દૃષ્ટિ કરીને નિશ્ચય સમ્યક્ પ્રગટ કરવું એને સમ્યગ્દર્શન કહે છે. કહો, સમજાય છે કાંઈ?

‘**વહી સબ પ્રકાર આરાધને યોગ્ય હૈ. ઉસસે જુદી જો પરવસ્તુ હૈ વહ સબ ત્યાજ્ય હૈ.**’ ચાર બોલ કહ્યા એ. ગતિ, મતિજ્ઞાન આદિ વિભાવગુણ, રાગાદિ અશુદ્ધ પર્યાય અને કર્મનો સંબંધ—એ ચારે હેય છે. દૃષ્ટિમાંથી એને છોડવા લાયક છે. એક શુદ્ધ ચૈતન્યદ્રવ્ય અનંત ગુણ સ્વભાવરૂપ એક ‘**ઐસી દૃઢ પ્રતીતિ...**’ એની અંતરમાં નિશ્ચય પ્રતીતિ, ‘**ચંચલતા રહિત...**’ અસ્તિથી દૃઢ પ્રતીતિ (કહ્યું), ચંચલતા રહિત, દોષના રહિત ‘**નિર્મલ અવગાઢ પરમ શ્રદ્ધા હૈ ઉસકો સમ્યક્ત્વ કહતે હૈં,...**’ જુઓ! આચાર્યને આવું સમકિત હોય છે. નહિતર એ આચાર્ય કહેવામાં આવતા નથી. કહો, સમજાણું કાંઈ આમાં?

‘**ઉસકા જો આચરણ અર્થાત્ ઉસ સ્વરૂપ પરિણમન વહ દર્શાનાચાર...**’ એ પ્રતીતનું પરિણમન જે સાથે થાવું, એનું નામ દર્શન-આચાર, આચાર્ય ભગવંતોને હોય છે. સમજાણું કાંઈ? ‘**ઔર ઉસી નિજસ્વરૂપમેં...**’ ભૂતાર્થ જે વસ્તુ એક સ્વરૂપે છે, આ ચારને હેય કરી અને એક સ્વરૂપે સ્વભાવ ભૂતાર્થ, પરમાર્થ સમયસાર છે, એના સ્વરૂપમાં ‘**સંશય-વિમોહ-વિભ્રમ-રહિત...**’ એ સ્વરૂપમાં સંશય નહિ, કંઈક હશે એમ અનધ્યવસાય નહિ અને વિભ્રમ નામ વિપરીતતા નહિ. ઓલામાં ચાર બોલ રહિત શ્રદ્ધા કીધી હતી. આમાં ‘**સંશય-વિમોહ-વિભ્રમ-રહિત જો સ્વસંવેદનજ્ઞાનરૂપ ગ્રાહકબુદ્ધિ...**’ ભગવાન આત્મા જ્ઞાનથી અંતર જ્ઞાન દ્વારા વેદાય, જણાય, અનુભવાય. એવી જે જ્ઞાનની ગ્રાહક સમ્યગ્જ્ઞાન બુદ્ધિ, એને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. એ આચાર્ય ભગવંતને એવું સમ્યગ્જ્ઞાન હોય છે. ‘**ઉસકા જો આચરણ અર્થાત્ ઉસરૂપ પરિણમન...**’ એ સમ્યગ્જ્ઞાનનું પરિણમન જ પર્યાયરૂપ પરિણમન થઈ ગયું. એનું નામ આચારનો જ્ઞાન-આચાર ભાવ કહેવામાં આવે છે. શેઠી! આ આચાર્ય આવા એ કોઈ દિ’ નક્કી

કર્યું નહોતું. એ બરાબર છે (એમ કહે છે). આહા..હા..! કાલે ત્યાં સુધી આવ્યું હતું આપણે, લ્યો! સમજાણું? આ તો ફરીને બે આચાર થોડા ભેગા લીધા.

હવે ત્રીજો આચાર્યનો આચાર, ત્રીજો ચારિત્ર આચાર કેવો હોય છે? **'ઉસી શુદ્ધ સ્વરૂપમેં...'** જે પહેલું કહ્યું હતું એ **'तत्रैव'** શબ્દ પડ્યો છે ને ભાઈ! અંદર? **'तत्रैव'** **'तत्रैव'-'तत्र एव'**. જે શુદ્ધ દ્રવ્ય જ્ઞાયકભાવ અનંત ગુણ સ્વભાવરૂપ એકરૂપ, એવો જે ભગવાન આત્મા **'तत्रैव'** એટલે **'ઉસી શુદ્ધ સ્વરૂપમેં શુભ-અશુભ સમસ્ત સંકલ્પ રહિત...'** દેખો! કહો, કોને હશે આ? આઠમે હશે આ? અહીં તો હજી આચાર્યની વાત કરે છે કે, આચાર્ય આવા હોય. સમજાણું? અને એ આચાર્ય ઉપદેશ કરે તો આમ કરશે, ઉપાધ્યાય ઉપદેશ કરશે ને? ત્યારે ઉપદેશ એવો કરશે એ વખતની સ્થિતિનું વર્ણન છે. સમજાય છે કાંઈ?

**'શુદ્ધ સ્વરૂપમેં શુભ-અશુભ સમસ્ત સંકલ્પ રહિત જો નિત્યાનંદમય નિજરસકા આસ્વાદ...'** 'નિત્યાનંદ અતીન્દ્રિય આનંદ ભગવાન આત્મા, એનો આનંદમય નિજ રસ, એનો આસ્વાદ—એનો સ્વાદ,' એનો **'નિશ્ચલ અનુભવ, વહ સમ્યક્ચારિત્ર હૈ,...'** આનું નામ સાચું ચારિત્ર. અમરચંદભાઈ! આહા..હા..! આ તો વાતેય હજી સાંભળી ન હોય કે ચારિત્ર કેવું હોય. 'ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આઈરિયાણં.' જાઓ! આ શેઠિયા જેવા પણ સમજ્યા વિના જય નારાયણ કરે બધાને. બરાબર છે? ગૃહસ્થ માણસ શેઠિયા, દશ દશ દીકરા. પેલાને બિચારાને એમ ઓહો...! શેઠિયાએ જુઓ દેરાસર બનાવ્યા. અને આ અમને માને છે તો અમે કાંઈક હશું ત્યારે માનતા હશે કે નહિ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— સારા શેના? કહે છે, ભગવાન! માથે કહ્યું હતું એ, હોં! એ સમયસાર એકરૂપ ચિદાનંદ એક અખંડ સ્વભાવ શુદ્ધાત્મ તત્ત્વ. એના અંદરમાં—એના ઉપર એકાગ્ર થઈને નિશ્ચલ આસ્વાદ, આનંદનો આસ્વાદનો અનુભવ, એનું આચરણ નામ પરિણમન એ ચારિત્ર-આચાર છે. અહીં તો આનંદનું પરિણમન એને ચારિત્ર-આચાર કહ્યો, ભાઈ!

મુમુક્ષુ :— સીધે સીધું.

ઉત્તર :— હા. સીધી વાત. વળી પંચ મહાવ્રત વ્યવહારનય નહિ પણ નિશ્ચય. વળી ચારિત્ર નિશ્ચય એટલે, અતીન્દ્રિય આનંદના અનુભવનમાં આત્માના આનંદનો ઉગ્ર આસ્વાદ લેવો એને ચારિત્ર-આચાર કહેવામાં આવે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એ આનંદ નિશ્ચય અનુભવ નિજ રસનો નિત્યાનંદનો... શુભાશુભ વિકલ્પ રહિત કહ્યું છે. શુભભાવનો આનંદ એમ નથી કહ્યું. અહીં તો અત્યારે હજી છઠ્ઠે ગુણસ્થાને શુભભાવ હોય એમાં એને ચારિત્ર હોય. કોણ જાણે શું કરે છે?

મુમુક્ષુ :— ગૃહસ્થથી તો સારા ને?

ઉત્તર :— ગૃહસ્થથી સારા શેના? બગડેલું દૂધ મોળી છાશમાંથી જાય. સમજ મેં આયા? છાશ હોતી હૈ ન? મઠ્ઠા. બીગડા હુઆ, દૂધ બીગડા હુઆ, બીગડા હુઆ દૂધ તો મોળા મઠ્ઠા મેં સે જાય. મોળા મઠ્ઠા હોય તો રોટી ભી ખવાય. પણ બગડેલા દૂધના?

મુમુક્ષુ :— રસ વધારે સારો છે..

ઉત્તર :— મારી નાખશે, ઓકી નાખશે, બધું કાઢી નાખશે. સમજાણું કાંઈ? એ તો સારા જ છે, એમ કહે છે. મારાથી સારા છે ને એ મોટા આચાર્ય એમ માને છે અજ્ઞાની.

અહીં તો કહે છે... આહા..હા..! શું? જુઓને! વ્યાખ્યા પ્રભાકર ભટ્ટ આ રીતે ઓળખીને પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરે છે. એ આઠમી ગાથામાં લેશે. સમજાણું? કે, આ રીતે ઓળખીને પ્રભાકર ભટ્ટ નમસ્કાર કરીને યોગીન્દ્રદેવને પૂછશે, પ્રભુ! અમને અનંત સંસાર રખડતા હવે બંધ કેમ (નાશ) થાય એવો અમને ઉપાય બતાવો. સમજાણું કાંઈ?

લ્યો! અહીં ચારિત્ર આચાર. નિત્યાનંદમય શુભાશુભ વિકલ્પ રહિત નિજ રસનો આસ્વાદ, નિશ્ચલ અનુભવ એનું નામ સમ્યક્ચારિત્ર, એનું આચરણ પરિણમન એ ચારિત્રઆચાર છે. હવે તપ, તપ. એ આચાર્યનો ચોથો તપાચાર. પહેલો દર્શનાચાર, બીજો જ્ઞાનાચાર, ત્રીજો ચારિત્રાચાર, ચોથો તપ-આચાર. '**ઉસી પરમાનંદ સ્વરૂપમેં...**' દેખો! એ પરમાનંદ સ્વરૂપ જે ભૂતાર્થ જ્ઞાયકભાવ, અતીન્દ્રિય આનંદનો પિંડલો દળ એમાં, સમજાય છે? '**પરદ્રવ્યકી ઈચ્છાકા નિરોધકર...**' વિકલ્પમાત્રનું ઉત્પન્ન થવું અટકીને. સહજ આનંદરૂપ સ્વભાવિક અતીન્દ્રિય આનંદરૂપ તપશ્ચરણસ્વરૂપ. '**સહજ આનંદરૂપ તપશ્ચરણસ્વરૂપ...**' જેમાં અતીન્દ્રિય આનંદનો સહજ અનુભવ થાય, એને તપસ્યા કહેવામાં આવે છે. કહો. મોતીરામજી! વેળુના કોળિયા નથી, આનંદના કોળિયા છે. જુઓને! '**સહજ આનંદરૂપ તપશ્ચરણસ્વરૂપ...**' એટલે આ તપસ્યા. શોભાલાલભાઈ!

પ્રશ્ન :— આનંદની .. બઢતી જાય.

ઉત્તર :— હા. બઢતી જાય. અમારે શેઠ ઠીક કહે છે. અતીન્દ્રિય આનંદ અંદરમેં પડા હૈ વહ બઢતા જાય. અંદરમાં આનંદ (ઉગ્રપણે વેદાય) ત્યારે એને તપસ્યા કહેવામાં આવે છે. બાકી લાંઘણું છે, લાંઘણ... લાંઘણ. લંઘન કહતે હૈ ન? ક્યા કહતે હૈં?

જુઓ! '**સહજ આનંદરૂપ તપશ્ચરણસ્વરૂપ...**' સમજાય છે કાંઈ? લ્યો! '**सुखरसास्वाद-स्थिरानुभवनं च सम्यक्चारित्रं तत्रचरणं परिणमनं चारित्रचारः, तत्रैव परद्रव्येच्छानिरोधेन सहजानन्दैकरूपेण प्रतपनं तपश्चरणं**' એનું પરિણમન તેને તપશ્ચરણ આચાર-તપાચાર એને કહે છે. આહા...હા..! આ આચાર્યને આવા પાંચ નિશ્ચય આચાર હોય છે. પછી વ્યવહાર કહેશે.

નિશ્ચય સહિત હોય તો એને વ્યવહાર કહે છે. '**ઉસી શુદ્ધાત્મસ્વરૂપમેં...**' '**ઉસી...**' એટલે '**તત્રૈવ**' જે ભૂતાર્થ આત્મા એક સમયમાં અખંડ ચિદાનંદ સ્વભાવ, એની દૃષ્ટિ, એનું જ્ઞાન, એનું આચરણ, એનું તપ પ્રતપન.

'**શુદ્ધાત્મસ્વરૂપમેં અપની શક્તિ કો પ્રકટકર આચરણ પરિણમન વહ વીર્યાચાર હૈ.**' પુરુષાર્થ સ્વભાવમેં ઉગ્ર પુરુષાર્થ કરકે-પુરુષાર્થ કરીને-શુદ્ધાત્મસ્વરૂપમાં વીર્યનું ફોરવવું, પુરુષાર્થનું ફોરવવું એનું નામ વીર્યાચાર કહેવાય છે. રાગનો વિકલ્પ એ બધો વ્યવહારમાં જાય છે. નિમિત્તની વાત અહીં છે નહિ. '**ઉસી શુદ્ધાત્મસ્વરૂપમેં...**' પોતાની શક્તિને પ્રગટકર, લ્યો! પુરુષાર્થથી અનંત આનંદ આદિ શક્તિને પ્રગટકર, અનંત ગુણની શુદ્ધતાને પુરુષાર્થ દ્વારા પ્રગટકર, આચરણરૂપ પરિણમન થવું એનું નામ વીર્યાચાર છે. '**યહ નિશ્ચય પંચાચારકા લક્ષણ કહા.**' લ્યો! એ સાચા પંચ આચારનું સ્વરૂપ કહ્યું, લક્ષણ કહ્યું. આવા પાંચ નિશ્ચય (આચાર) હોય તો તેને આચાર્ય કહેવામાં આવે છે. નહિતર આચાર્ય કહેવામાં આવતા નથી. સમજાણું કાંઈ?

'**અબ વ્યવહારકા લક્ષણ કહતે હૈં...**' વ્યવહાર જોડે હોય છે. આવા આચાર્યને નિશ્ચય દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપાચાર, વીર્યાચારમાં જોડે વ્યવહારનો વિકલ્પ, રાગનો વિકલ્પ, વ્યવહાર કેવો હોય છે વ્યવહાર એનો, એનું અહીં જ્ઞાન કરાવે છે.

'**નિઃશંકિતકો આદિ લેકર અષ્ટ અંગરૂપ બાહ્યદર્શનાચાર,...**' સમકિતના વ્યવહારાચાર, વીતરાગ માર્ગમાં નિઃશંકતા, અન્ય ધર્મની ઈચ્છાનો અભાવ, આદિ આઠ આચાર. નિઃશંક, નિઃકાંક્ષ, નિર્વિચિકિત્સા, અમૂઢદૃષ્ટિ, ઉપગૂહન, સ્થિતિકરણ, વાત્સલ્ય પ્રભાવના તે આઠ આચાર હોય છે. નિશ્ચય સમકિત તો કીધું પોતાના સ્વરૂપમાં અંતર નિશ્ચલ ચંચલતા રહિત પરમ દૃઢ પ્રતીતિ, એનું પરિણમન, એ નિશ્ચય સમકિત. વ્યવહાર સમકિત, એમાં વિકલ્પ આવો એને હોય છે. ભગવાન સર્વજ્ઞે કહેલા માર્ગમાં એને શંકા ન હોય, અન્યમતિ આદિની ઈચ્છા ન હોય, દુગંચ્છા ન હોય, પૂર્ણ ક્યારે થાશે એમ દ્વેષ ન હોય. સમજાય છે? મૂંઝવણ ન હોય, મૂંઝવણ કો ક્યા કહતે હૈં? ઘભરાહટ. ક્યાં હશે? કેવો હશે? એમ ન હોય. અમૂઢ દૃષ્ટિ હોય. ઉપગૂહન પોતાના ધર્મની વૃદ્ધિ કરતો હોય અને દોષને ગોપવતો હોય. સ્થિતિકરણસ્વરૂપમાં વ્યવહારે સ્થિર કરતો હોય. વાત્સલ્યધર્મ પ્રત્યે, ધર્મી પ્રત્યે પ્રેમ રાખતો હોય, અને પ્રભાવના શુભભાવની હોય. એને સમકિતના આઠ વ્યવહાર આચાર કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

જુઓ! એ સર્વજ્ઞે કહેલા માર્ગમાં નિઃશંકતા આદિ વ્યવહાર હોય છે. પોતાના સ્વરૂપમાં નિઃશંક આદિનું પરિણમન એ નિશ્ચય છે. બહારમાં વીતરાગ સર્વજ્ઞે કહેલો માર્ગ, એમાં નિઃશંક (હોય). એનાથી (વિરૂદ્ધ) અન્યમતિએ કહેલો (માર્ગ હોય) એમાં બિલકુલ ઈચ્છા હોય નહિ. એવા આઠ આચાર વ્યવહારે વિકલ્પ હોય, એને વ્યવહાર સમકિતના આચાર કહેવામાં આવે

છે. કહો, સમજાણું કાંઈ?

હવે વ્યવહાર જ્ઞાનાચાર. નિશ્ચયજ્ઞાનાચાર તો અંતર સ્વરૂપમાં સ્વસ્વરૂપની ગ્રાહ્ય બુદ્ધિ સ્વસંવેદન બુદ્ધિ, એ નિશ્ચયજ્ઞાન, એની સાથે વ્યવહારજ્ઞાનનો વિકલ્પ આવો હોય છે. '**શબ્દ શુદ્ધ, અર્થ શુદ્ધ આદિ ઉભય શુદ્ધ...**' જ્ઞાનનો વ્યવહાર છે ને? કાળે ભણવું, વિનયે ભણવું. જેની પાસેથી સમજ્યો એને ગોપવવું નહિ, કોઈ ધર્મ પામતા હોય એને અંતરાય કરવી નહિ. એવા આઠ પ્રકારના બાહ્ય જ્ઞાનાચાર. કહો સમજાણું કાંઈ? એના આઠ પ્રકારના બાહ્ય આચાર છે એ. જ્ઞાનાચાર. જુઓ! '**कालविनयाद्यष्टभेदो**' અંદર સંસ્કૃતમાં છે. ટૂંકું કર્યું છે. કાળે ભણવું, વિનયથી ભણવું, શુદ્ધિથી ભણવું, બહુમાનથી ભણવું, કોઈ ભણતા હોય એને અંતરાય પાડવી નહિ, અશાતના કરવી નહિ. વિગેરે સમ્યગ્જ્ઞાનના આઠ આચાર, નિશ્ચય જ્ઞાનાચારના કાળમાં એને આવો ભાવ હોય છે.

હવે વ્યવહારચારિત્ર. નિશ્ચયચારિત્ર તો કહ્યું હતું, કે અંદર નિજાનંદના આસ્વાદનો અનુભવ તે નિશ્ચયચારિત્ર છે. વ્યવહાર ચારિત્ર, પંચ મહાવ્રત, શુભરાગ. અહિંસા સત્ય, દત્ત, બ્રહ્મચર્ય ને અપરિગ્રહ. શુભરાગ (છે). '**પંચસમિતિ,...**' વિકલ્પ. ઈર્યા, ભાષા, એષણા... આદિ. '**તીનગુપ્તિરૂપ વ્યવહાર ચારિત્રાચાર,...**' તેર કીધો. પાંચ, પાંચ દસ ને ત્રણ તેર. વ્યવહાર તેર પ્રકારના ચારિત્ર-આચારનો વિકલ્પ, એને વ્યવહારચારિત્ર કહેવામાં આવે છે. એ પુણ્યબંધનનું કારણ છે. પરંપરા તેને મોક્ષનું કારણ કહેશે. સમજાણું કાંઈ? એ વ્યવહારચારિત્ર કહ્યું.

(હવે) વ્યવહારતપ. '**અનશનાદિ બારહ તપરૂપ તપાચાર...**' એ અનશન, ઉણોદરી આદિ બાર તપ છે ને? એનો ભાવ થવો, વિકલ્પ ઉઠવો, એને વ્યવહાર તપાચાર કહે છે. '**અપની શક્તિ પ્રગટ કર મુનિવ્રતકા આચરણ વહ વ્યવહાર વીર્યાચાર...**' અઠ્યાવીશ મૂળગુણનું પાલન શક્તિ પ્રમાણે બરાબર કરીને, વ્યવહાર મુનિવ્રતનું આચરણ, એ વ્યવહાર વીર્યાચાર. લ્યો! પાંચ થઈ ગયા વ્યવહાર, પાંચ થઈ ગયા નિશ્ચય. '**યહ વ્યવહાર પંચાચાર પરમ્પરાય મોક્ષકા કારણ હૈ,...**' '**पारंपर्येण साधक**' સંસ્કૃતમાં એમ શબ્દ છે. નિમિત્ત છે ને? નિમિત્ત એટલે એને છોડીને સ્થિર થશે. સમજાણું કાંઈ? અહો..! સ્વભાવને આશ્રયે જે થયેલા પાંચ આચાર, એ જ નિશ્ચય મોક્ષનું સાધક છે. પણ આ વ્યવહારને પરંપરા સાધક કહેવામાં આવે છે. નિમિત્ત છે, વ્યવહારે નિમિત્ત અનુકૂળ ગણીને આવો જ ભાવ એને પાંચ આચારનો હોય છે, બીજો અન્યમતિઓએ કલ્પેલો દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ શ્રદ્ધા એને હોતી નથી, એટલે એને વ્યવહારને નિમિત્તને પરંપરા મોક્ષનું સાધક કહેવામાં આવ્યું છે. કહો, સમજાણું કાંઈ?

હવે એ આચાર્ય કેવા હોય છે? જુઓ! ખુબી હવે. બે વાત કરી. '**નિર્મલ જ્ઞાન-દર્શનસ્વભાવ જો શુદ્ધાત્મતત્ત્વ ઉસકા શ્રદ્ધાન,...**' આચાર્ય જૈનના એટલે વાસ્તવિક તત્ત્વના. જૈનના આચાર્યો

એટલે વાસ્તવિક આચાર્ય. કેવા હોય છે? કે, '**નિર્મળ જ્ઞાન-દર્શનસ્વભાવ જે શુદ્ધાત્મતત્ત્વ...**' આખો પદાર્થ નિર્મળ જ્ઞાન, દર્શન, સ્વભાવવાળો આત્મા. '**ઉસકા યથાર્થ શ્રદ્ધાન,...**' એ પહેલું કહ્યું હતું એના પાંચ લેશે. અહીં તો પ્રરૂપણા કરશે. પાળે અને પળાવે. યથાર્થ સમ્યગ્દર્શન, '**યથાર્થ શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ તથા પરદ્રવ્યકી ઈચ્છાકા નિરોધ ઔર નિજશક્તિકા પ્રગટ કરના ઐસા યહ નિશ્ચય પંચાચાર સાક્ષાત્ મુક્તિકા કારણ હૈ.**' દેખો! ઓલું પરંપરા કહ્યું હતું ને માથે? એની સાથે લીધું. સાક્ષાત્ તો એ મુક્તિનું કારણ છે. ઓલું તો વચ્ચે નિમિત્ત છે, પરંપરા આરોપ દઈને કહેવામાં આવે છે. અરે..! શાસ્ત્રોને પણ જોતા નથી. આચાર્યો શું કહે છે, એના હૃદય શું છે?

'**ઐસે નિશ્ચય વ્યવહારરૂપ પંચાચારોંકો...**' વ્યવહાર ન જોઈએ વચ્ચે. છે એમાં? છપાઈ ગયું છે? વ્યવહાર ન જોઈએ. વ્યવહાર નથી. કાઢી નાખ્યું છે. છે ને અહીંયાં? કાઢી નાખ્યું છે ને? જુઓને! '**वीतरागनिर्विकल्पसमाधिं स्वयमाचरन्त्यानाचारयन्तीति भवन्त्याचार्या**' એમ છે. વ્યવહારની વાત નથી. વ્યવહાર જણાવ્યો. એ નિશ્ચય પંચાચારોકો, એમ લેવું. વ્યવહાર કાઢી નાખો વચ્ચે મીંડુ. છે? ક્યાં છે? વ્યવહાર ન જોઈએ. વ્યવહારને મુકવું અંદર. '**ઐસે નિશ્ચય પંચાચારોંકો આપ આચરેં ઔર દૂસરોંકો અચરાવેં ઐસે આચાર્યોંકો મૈં વંદતા હૂં.**' આ પાંચને આચરે ને આચરાવે.

મુમુક્ષુ :— ....

ઉત્તર :— ક્યા હુઆ? આચરાવે એમાં, ભાઈ! કે, એને કથનવાળો આચાર્ય લીધો છે. બીજાને કહે ને? આવો માર્ગ છે એમ કહે ને? ત્યારે ઈ કયે ગુણસ્થાને હોય ઈ? આઠમાં ગુણસ્થાને હોય? સાતમે હોય આ? પાંચ આચાર આચરે ને અચરાવે. અચરાવે એનો અર્થ કે કહે કે, આ આચરણ કરો, આવું આચરણ કરો. ઈ છઠ્ઠા ગુણસ્થાનવાળાના નિશ્ચય ને વ્યવહારનું વર્ણન અહીં કર્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન! તારા માર્ગની રીત શું છે? અરે..! નિર્વિકલ્પ નિરાવરણ નિર્લેપ ભગવાન આત્મા, એની અંતર નિર્વિકલ્પ દૃષ્ટિ થયા વિના માર્ગની શરૂઆત ક્યાંથી થાય? આહા..હા..! એના જ્ઞાન વિના સાચું જ્ઞાન ક્યાંથી હોય? અને એમાં રમણતા વિના ચારિત્રનો આનંદ ક્યાંથી હોય? અને શુદ્ધની આનંદની વૃદ્ધિ વિના એ ઈચ્છાનો નિરોધનો આનંદ કેમ હોય? અને અંદર વીર્યનું પૂર્ણ અનંત શુદ્ધ ગુણનો સામર્થ્ય રસના રૂપે વીર્યાચાર એ વિના આચાર ... ક્યાંથી હોય? એવા '**પંચાચાર કો આપ આચરેં ઔર દૂસરોંકો અચરાવેં...**' અચરાવે એટલે? ધ્યાનમાં બેઠો હોય એ અચારવતો હશે?

મુમુક્ષુ :— ઉપદેશ દે છે.

ઉત્તર :— ઉપદેશ દે છે. આ તમારા બધા કેટલાક ના પાડે છે. એ પણ પૂર્વના હોય એ ક્યાં જાય?

મુમુક્ષુ :— વ્યવહાર કાઢી નાખવો.

ઉત્તર :— હા. વ્યવહાર કાઢી નાખવાનો. પાઠમાં વ્યવહાર છે જ નહિ. વ્યવહારનું જ્ઞાન કરાવ્યું. આચરણ એમ આરાધન પહેલું સાધારણથી કહ્યું. અહીં કાઢી નખાવ્યું. નથી, ટીકામાં નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— **નહિ, નહિ, નથી.** નિશ્ચય પંચાચાર. '**આપ આચરૈં...**' દેખો ન પાઠ હૈ. '**स्वयमाचरन्त्यानाचारयन्तीति** ' બીજાને અચરાવે એટલી વાત છે. સમજાણું કાંઈ? '**निर्विकल्पसमाधिं स्वयमाचरन्त्य**' જુઓ! ઈ વ્યવહાર કહેવાય. પહેલું કહ્યું ને? જ્ઞાન કરાવ્યું છે, જ્ઞાન કરાવ્યું છે. લ્યો! આવા આચાર્યોને હું વંદન કરું છું. પ્રભાકર ભટ્ટ કહે છે કે, આવા આચાર્યોને હું વંદન કરું છું. સમજાણું કાંઈ? જુઓ! આ આચાર્ય.

હવે ઉપાધ્યાય. જૈનના ઉપાધ્યાય સાચા કોણ? 'ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં, એ ણમો લોએ સવ્વ સાહૂણં' છે ને? એ 'ણમો લોએ સવ્વ' પાંચેયમાં આવે છે. 'ણમો લોએ સવ્વ અરિહંતાણં, ણમો લોએ સવ્વ સિદ્ધાણં, ણમો લોએ સવ્વ આઈરિયાણં, ણમો લોએ સવ્વ ઉવજઝાયાણં, ણમો લોએ સવ્વ સાહૂણં.' એમ પાંચે. છેલ્લે શબ્દ આવે એ પાંચેયમાં લઈ લેવો. સમજાણું કાંઈ? પણ ક્યા? આ આવા હોય એ. સર્વ ઉપાધ્યાય એટલે બીજા બધા ઉપાધ્યાય નામ ધરાવતા હોય ને સ્થાપનાવાળા ને દ્રવ્ય એ નહિ.

ઉપાધ્યાય કેવા છે? કે, પંચાસ્તિકાય, દેખો! પાંચ અસ્તિકાયને એ માને છે. પાંચ અસ્તિકાય. કાળ સિવાય પાંચ અસ્તિ. જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય એ પાંચ. પાંચ વસ્તુને માને ઉપાધ્યાય. સાચા ઉપાધ્યાય જૈનના હોય તે આ પ્રમાણે માને. એ પાંચ અસ્તિકાય જે જગતમાં છે એને ન માને એ સમકિતી નથી, પણ એ મિથ્યાદૃષ્ટિ છે. કહો, સમજાણું કાંઈ?

'**પંચાસ્તિકાય, ષટ્દ્રવ્ય, સપ્ત તત્ત્વ, નવ પદાર્થ હૈં, ઉનમેં નિજ શુદ્ધ જીવાસ્તિકાય,...**' એ ઉપાદેય પોતે પ્રરૂપે. સમજાય છે કાંઈ? ઉપાધ્યાયનું કથન ઉપરનું વજન છે ને? ઓલામાં આચરણ ઉપરનું છે. આચાર્ય એટલે આચરે, ઉપાધ્યાય એટલે ઉપદેશ. ઉપાધ્યાય (એમાં) કથનની પદ્ધતિ મુખ્યતા છે. સાચા-સત્ય ઉપાધ્યાય કોને કહેવા? કે જે પાંચ અસ્તિકાયમાં... માને પાંચ અસ્તિકાય, પણ એમાં '**આપ શુદ્ધાત્મા હૈ, વહી ઉપાદેય (ગ્રહણ કરને યોગ્ય) હૈ, અન્ય સબ ત્યાગને યોગ્ય હૈં, ઐસા ઉપદેશ કરતે હૈં,...**' એવો ઉપદેશ કરે છે. સમજાણું કાંઈ? આ આત્મા અંદર દેહથી ભિન્ન શુદ્ધ ચિદાનંદની મૂર્તિ છે. એ એક જ અખંડાનંદ

ભગવાન અંતરમાં આદરવા યોગ્ય છે, એમ જે ઉપાધ્યાય માને અને પ્રરૂપે (તે સાચા ઉપાધ્યાય છે). સમજાય છે કાંઈ?

ઉપાધ્યાય એને કહીએ, ઉપદેશક એને કહીએ, સાચા ઉપદેશક ઉપાધ્યાય મુનિ એને કહીએ કે, જગતમાં પાંચ અસ્તિકાયના પદાર્થ ભગવાન કેવળીએ દીઠા એવા છે એમ માને. માનીને નિજ આત્મા શુદ્ધ ભગવાન આત્મા છે, સચ્ચિદાનંદ સ્વરૂપ પરમાનંદની મૂર્તિ આત્મા અંદર છે. એ જ અંતરમાં આદરવા લાયક, ગ્રહણ કરવા લાયક, અનુભવ કરવા લાયક છે. એમ જગતને કહે, પોતે અનુભવે, જગતને કહે એને સાચા ઉપાધ્યાય ઉપદેશક કહેવામાં આવે છે. કહો, અમરચંદભાઈ! આ તો વાત કાંઈ નહિ, .. આ આત્મા, કરો વિકલ્પ. શું પણ વિકલ્પ ઘટાડે? વિકલ્પ ઘટાડે તો બીજી ચીજ છે ને? રાગ છે, રાગનો વિષય છે, વિષય પરદ્રવ્ય છે. એ પાંચ અસ્તિકાય રાગ-વિકલ્પનો વિષય છે. પણ એમાંથી નિર્વિકલ્પ એક આત્મા (ઉપાદેય કરે). આવું માનીને, જાણીને. સમજાણું કાંઈ? આહા..હા..! નિજ શુદ્ધ જીવાસ્તિ પાછો, હોં! ભગવાન શુદ્ધ થઈ ગયા એનું નહિ અહીં. અહીંયા પરમાત્મા નિજ શુદ્ધ પરમાનંદની મૂર્તિ ભગવાન આત્મા છે અંતર. અતીન્દ્રિય આનંદનો રસ સ્વભાવ ભરેલો ભગવાન આત્મા છે. નિજ. એની એને ખબર નથી. હું કોણ છું એની એને ખબર ન મળે. હું તો આ એક વાણિયો છું ને આ વેપારી છું ને આ રાગી છું ને ધૂળ છું ને ગતિવાળો છું. કહે છે કે, તને તારા આત્માની ખબર નથી. કહો સમજાણું કાંઈ? આહા..હા..!

વળી છ દ્રવ્ય છે જગતમાં. જુઓ! હવે કાળ ભેળવ્યું. પાંચ અસ્તિકાયમાં કાળ નહોતો. અને કાળ ભેળવી છ દ્રવ્ય છે જગતમાં ભગવાને જોયેલા (એમ સિદ્ધ કર્યું). છ વસ્તુ છે. અનંત આત્મા, અનંત પરમાણુ. અસંખ્ય કાળાણુ, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ, એક આકાશ (એમ) છ દ્રવ્ય અનાદિ-અનંત છે. શું કીધું? સમજાણું? એ નિજ શુદ્ધ જીવાસ્તિકાય, નિજ શુદ્ધ જીવદ્રવ્ય. પહેલામાં પાંચ અસ્તિકાયમાં નિજ શુદ્ધ જીવાસ્તિકાય (હતું), અને આમાં નિજ શુદ્ધ જીવદ્રવ્ય (કહ્યું છે). છ દ્રવ્યમાં છ દ્રવ્ય છે. માનવા, વ્યવહારે જાણવા. નિશ્ચયમાં આત્મા ભગવાન નિજ શુદ્ધ જીવદ્રવ્ય, સમજાય છે? એ જ આદરણીય (છે). એ જ આદરણીય અંદર અંગીકાર કર. બાકી બધું છોડવા લાયક છે. દયા, દાનના વિકલ્પો ગતિ-ફતિ બધું છોડવા લાયક છે, એ આદરવા લાયક નથી. આહા..હા..! એમ ઉપાધ્યાય કરે અને પ્રરૂપે. સમજાણું કાંઈ?

'**સપ્ત તત્ત્વ,...**' સાત તત્ત્વ છે ને? જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ. એ સાત તત્ત્વ છે. પણ નિજ શુદ્ધ જીવતત્ત્વ તે આદરણીય છે. દેખો! સંવર, નિર્જરા ને મોક્ષ પણ આદરણીય નહિ. શેઠી! આહા..હા..! દયા, દાનના વિકલ્પ તો શુભ છે એ આદરવા

લાયક નથી, પણ સંવર-નિર્જરા-મોક્ષની નિર્મળ પર્યાય છે. દ્રવ્યસ્વરૂપ જે શુદ્ધ અખંડાનંદ ભગવાન. પૂર્ણ પૂર્ણ પરમાત્મા નિજ સ્વરૂપ એ જ અંતર અંગીકાર કરવા લાયક છે. ઓહો..હો..! કહો, નેમિદાસભાઈ! જુઓ! પાછું બબ્બે વાત કરતાં જાય છે ભેગી. ઓલું છે ખરું. એનું જ્ઞાન હોય એને. આદરણીય એક જ હોય.

'**નવપદાર્થ હૈં,...**' પુણ્ય-પાપ ભેળવ્યા. નવ પદાર્થ છે જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. પણ નવ પદાર્થમાં નિજ શુદ્ધ જીવ પદાર્થ, દેખો! નવ પદાર્થમાં પુણ્ય આદરણીય નહિ અને સંવર-નિર્જરા-મોક્ષ પણ આદરણીય નથી. એ પર્યાય છે, હેય છે. ઓહો..હો..! એમ ઉપાધ્યાય પ્રરૂપે. મોતીરામજી!

મુમુક્ષુ :— પડિમાનું ક્યારે પ્રરૂપશે?

ઉત્તર :— પડિમાનું કે દિ' પ્રરૂપશે? પડિમાનું આવી ગયું વચમાં. પડિમા હોય એનો વિકલ્પ જ્ઞાન કરાવે. અરે..! એને આત્મા પરમાત્મસ્વરૂપ અંદર છે (એની) ખબર ન મળે. અનંત કાળનો અજાણ્યો મૂઢ. મૂર્ખાઈથી રખડતો ચોરાશીના અવતારમાં ધોદા ખાઈ ખાઈને મરી ગયો. સમજાણું કાંઈ? એ રાજા થયો હોય તો મૂઢ છે ને શેઠિયો થયા હોય તો મૂઢ છે ને દેવ થયો હોય તોય મૂઢ છે. શોભાલાલભાઈ! આહા..હા..!

આ ભગવાન આત્મા અંતરમાં વસ્તુ છે કે નહિ વસ્તુ? તો વસ્તુમાં કોઈ સ્વભાવ—શક્તિનું સત્ત્વ છે કે નહિ? તો કેટલી શક્તિઓ એનો પછી એણે વિચાર કરીને (અનુભવ કરવો). અનંત શક્તિઓ છે. એક, બે, ત્રણ એમ નહિ, અનંત. વસ્તુ છે તો એને શક્તિ હોય એટલે સ્વભાવ હોય એટલે ગુણ હોય એટલે સામર્થ્ય હોય. એવા અનંત ગુણનું એક તત્ત્વ એવો એક સ્વભાવ ભગવાન, એ જ ધર્મી જીવે અંતરમાં આદરવા લાયક છે. આહા..હા..! એમ ઉપાધ્યાયો પ્રરૂપણા કરે. બીજી પ્રરૂપણા કરે તે ઉપાધ્યાય નહિ. અમરચંદભાઈ! આહા..હા..! મંત્રીજી! કૈસી બાત હૈ? આહા..હા..! પુણ્યસે ધર્મ મનાવે, પુણ્યસે લાભ મનાવે, પુણ્યને આદરણીય મનાવે એ ઉપાધ્યાય નહિ, એ ઉપદેશક નહિ, એ સાધુ નહિ. આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— માર્ગ સંસાર છે, એને મોક્ષમાર્ગ બતાવે. સમજ મેં આયા? તો પેલા રાડ નાખે. લ્યો! એને સંસાર (કહ્યો). પણ સાંભળ ને! જેટલો રાગ છે એટલું બંધન છે. હોય ભલે. હોય છે, જાણવા લાયક છે ને વ્યવહારે આરાધવા લાયક એમ પણ કહેવાય. પંચાચાર વ્યવહાર. પણ એનું ફળ તો પુણ્યબંધ છે.

ભગવાન અંતર આત્મા... કોઈ પણ માણસ એમ વિચાર કરે કે, એક હું છું કે નહિ? પછી વળી ભગવાન ને કેવળી. પણ આ છે કે નહિ આત્મા? તો છે, ઈ છે એ શું છે?

છે ઈ કાંઈ છે કે નહિ એનામાં? શું પણ? જેમ ગોળ છે. ગોળ છે કે નહિ? છે. તો શું છે? તો એ ગળપણ છે. ગળપણનો પિંડ છે, દળ સફેદ છે, સુંવાળો વગેરે વગેરે. એમ આત્મા છે. તો છે શું એ? જ્ઞાન છે, દર્શન છે, આનંદ છે, શાંતિ છે, વીર્ય છે એવા અનંત અનંત શક્તિનો પિંડ આત્મા છે. કોઈ દિ' ભગવાનનું નામેય સાંભળ્યું નથી કે, ભગવાન કેવા હોય? અને આત્મા કેવો હોય? સમજાણું કાંઈ? આહા..હા..!

જુઓ! એ નિજ શુદ્ધ જીવપદાર્થ નવમાં એક જ આત્મા આદરણીય છે. કેટલી વાત મુકી દીધી છે! નવ તત્ત્વ છે ખરા. જીવ ને જડ બે અને સાત પર્યાય-અવસ્થા. શુભ-અશુભ, બે થઈને આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ. છતાં, હોવા છતાં, છે ખરું. એક જીવપદાર્થ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એકરૂપ સ્વભાવ અંતર વસ્તુ એ જ આદરણીય છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! કેવી વાત સ્પષ્ટ છે!

આવું મનુષ્યપણું મળ્યું એમાં આ કાંઈ નહિ કરે ને મરીને હાલ્યો જાશે. ચોરાશીના અવતારમાં ઘોદા અનંતકાળથી ખાય છે ને ખાશે. એમાં આત્મા શું ચીજ છે એની કિંમત નહિ કરે, તો બીજાની કિંમત જશે નહિ, બીજાની કિંમત ટળશે નહિ. આની કિંમત થાય તો બીજાની કિંમત રહેશે નહિ. આહા..હા..! શુભભાવની કિંમત નહિ રહે. અરે..! મોક્ષની પર્યાયની કિંમત નહિ. આખું દ્રવ્ય છે એમાં વળી કિંમત આની ક્યાં કરવી? આની કરવી કે આની કરવી? એમ કહે છે. આહા..હા..! જેમાંથી મોક્ષ પર્યાય અનંત અનંત ચાલી આવે છે પ્રવાહ. એવો દ્રવ્ય સ્વભાવ! માથે કીધું હતું ને? સમજાય છે? એક ચિદાનંદ ચિદ્રૂપ એક અખંડ સ્વભાવ, શુદ્ધાત્મ તત્ત્વ એ જ સાચો છે, ભૂતાર્થ છે, એ જ પરમ સત્ય છે. આહા..હા..!

વ્યક્ત છે વસ્તુ, વસ્તુ વસ્તુ તે વળી વ્યક્ત ને અવ્યક્ત કેવી? વસ્તુ છે, છે, પ્રગટ છે. વસ્તુ વળી અપ્રગટ હોય? અપ્રગટનો અર્થ અભાવ થઈ જાય. પણ ક્યાં એ શું વસ્તુ છે? કોને ખબર છે કાંઈ સાંભળ્યું નહિ, વિચારમાં લીધું નથી. મોટો મહાન પદાર્થ પ્રભુ, આ આત્મા અખંડાનંદ ભગવાન એક સ્વભાવી પદાર્થ, અનંત ગુણ છતાં એક સ્વભાવી દ્રવ્ય લેવું છે ને? ચિદાનંદ ચિદ્રૂપ એક અખંડ સ્વભાવ, જુઓને ભાષા! દ્રવ્ય એક અખંડ સ્વરૂપ. એનું જ્ઞાન અખંડ, દર્શન અખંડ, આનંદ અખંડ, શાંતિ અખંડ. એવા અનંત ગુણનું એકરૂપ ભગવાન એ અંતર્મુખમાં ગ્રહવા લાયક છે, આદરવા લાયક છે, સેવવા લાયક છે ને આરાધવા લાયક છે. આ ભાઈ! કેવી (વાત)? બહારની હોય તો ભાઈ! લાવો સેવા કરી દઈએ. બે ઘડી કોઈ પૂજા કરી નાખે, ભગવાન પાસે જઈને હાલો સેવા (કરી આવીએ). એ નહિ. એ તો પુણ્ય ભાવ છે. એ તો શુભભાવ, પુણ્યભાવ છે, એ ધર્મ નહિ. આહા..હા..! જાદવજીભાઈ!

સાચા ઉપાધ્યાય. ઉપાધ્યાય નામ જેની પાસે જ્ઞાન કરવું હોય અને જે સત્યની વાત

કરે એ કેવા હોય? કે, અંતરમાં નિશ્ચય પાંચ આચાર તો પાળતા હોય. સમજાય છે? અને આવા તત્ત્વનું તેને બધું જ્ઞાન હોય. નિશ્ચયમાં એનો આત્મા જ આદરણીય એવો અનુભવ કરતાં હોય, અને પ્રરૂપણામાં પણ એ જ વાત આવતી હોય. આહા..હા..! સમજાણું કાંઈ? એવું લાગેને એ પોતે એવડો મોટો, પણ આમ જાણે શું કહે છે આ? ક્યાં છે પણ આ? એક હતા ને? વકીલ હતા. ધોયેલ મૂળા જેવા આવડો મોટો વખાણ કરો છો તો ગયો ક્યાં? ભગવાનજી વકીલ હતા.

મુમુક્ષુ :— નામ ભગવાન.

ઉત્તર :— નામ 'ભગવાન' હતું એનું. આવા વખાણ કરો છો, આવો આત્મા આત્મા. પણ ધોયેલ મૂળા જેવો ગયો ક્યાં? છે બધો પણ તને ભાન નથી. જ્યાં છે ત્યાં નજરું કરવી નથી. નજર કરવી નથી ને ક્યાં છે? પણ ક્યાં છે પણ આંખ ઉઘાડ તો ખબર પડે કે તે વિના? અંતરના ચૈતન્યના નેત્ર ખોલીને અંતર જ્યોત અનંત ગુણની રાશી ભગવાન બિરાજે છે. પોતે સચ્ચિદાનંદ સ્વરૂપ જ પોતે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આ બધું છે એમ જાણીને, હોં! એકલો એકલો આત્મા કરે એમ નહિ. એનું કારણ કે, '**पञ्चास्तिकायषड्द्रव्यसप्ततत्त्वनवपदार्थेषु**' એનું એક સમયની જ્ઞાનની પર્યાયમાં જાણવાની ને શ્રદ્ધા કરવાની તાકાત છે એની. પણ એ પરલક્ષી તાકાત એટલો નહિ. આખું દ્રવ્ય એક સમયમાં અખંડ જ્ઞાયક ચિદાનંદ એક સ્વભાવ, એની અંતરમાં આદરણીય દૃષ્ટિ, અનુભવ દૃષ્ટિ, સ્થિરતા દૃષ્ટિ, આચરણ દૃષ્ટિ, આચરણભાવ—એ આચરતા સંતો જગતને એ આચરવાનું કહે. એ આચરવાનું કહે, એનો ઉપદેશ આપે. આહા..હા..! (વર્તમાનમાં તો) આખી પદ્ધતિ ફરી ગઈ. મંત્રીજી! પદ્ધતિ ફરી ગઈ. આ કરો, વ્રત પાળો, ભક્તિ કરો, તપ કરો, અપવાસ કરો, ... કરો.

મુમુક્ષુ :— ....

ઉત્તર :— આ ભગવાન આત્મા મહાન સ્વરૂપ છે અંદર. એની અંતરમાં દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા કરવી એ જ કરવાનું (છે), બીજું કરવાનું શું હતું? બાકી તો જડની શરીરની ક્રિયા થવાની હોય એ થાય, રાગની મંદતા પણ એ કાળે હોય. પણ એ તો પુણ્યબંધનું કારણ છે. અબંધસ્વભાવી દૃષ્ટિમાં આવ્યા વિના અબંધ પરિણામ પ્રગટ થાય નહિ. એ તો બંધભાવ છે, હેય છે. અત્યારે તો શુભભાવ જ થઈ પડ્યો છે બધે. ધર્મધ્યાન એ, સંવર-નિર્જરા એ. ઓહો..હો..!

મુમુક્ષુ :— ....

ઉત્તર :— આવા અર્થો કરવા મંડ્યા. અરે..! ભગવાન બાપુ! બહુ કઠણ પડશે. એ આત્માને આવા સત્યમાર્ગની સામે વિરોધમાં આવું નડતર કરે છે ને. આકરું કામ છે. ઓહો..હો..!

કોણ જાણે કોણ હશે અંદરમાં? ઘરમાં કાંઈ હીરો સારો હોય તો ચારે કોરથી તપાસે છે.

કેમ હશે? પ્રકાશ પ્રકાશ. હીરાની કિંમત શું કરવા કરી લોકોએ? કે, એક તો ટકાઉ બહુ. ટકાઉ. ટકે ટકે ઘણો ને? ટકે સમજે? બહુત કાલ રહે. ટીકે. અને થોડા મળે અને પ્રકાશ કરે. એની એને કિંમત છે. બીજી કિંમત શેની છે એમાં? ત્યારે એ ટકે એવું તત્ત્વ તો આ ત્રિકાળી તત્ત્વ જ્ઞાયક સચ્ચિદાનંદ પ્રભુ આત્મા છે અને જેનો જ્ઞાનપ્રકાશ સ્વભાવ છે, અને જે કો'ક જ અંદર દુર્લભથી પામી શકે છે. આહા..હા..!

મુમુક્ષુ :—

ઉત્તર :— તરવરે. આ પાંચ હજાર માણસ ક્યાં, માણસ ક્યાં હતા ઈ? આત્માને તરવરે ત્યારે કહેવાય. લ્યો! એમ કે, હાથમાં હીરો હોય તો બીજા જાણે તો ખરા કે, આ હીરો છે. તારા દાડિયા શા થયા? હીરો એમાં પડ્યો ને મરી જાય. હાય..હાય..! જુઓને! હમણાં ન કીધું ભગવાનભાઈનું? કહે છે કે ઓલી મારી તો આમ બધા ગરી ગયા હતા. છરા-છરા. છૂટેને ગોળી? છરા. એની બળતરા થાય. એ તો એક મિનિટમાં ખલાસ થઈ જાય. એમાં ભડકો પેલાનો. જગજીવનભાઈના બહુ જાણીતા હતા, ઓળખીતા હતા. નહિ? હા, મેં કહ્યું હતું. હમણાં નહોતા આપણે પોર તમે મળવા નહોતા ગયા સ્ટેશને? સ્ટેશને મળવા ગયા હતા. ખબર છે કે નહિ? એને બધાને ઓળખાણ ખરી ને, મોટા માણસો સાથે બહુ ઓળખાણ એની. અમે ગયા હતા. બળવંતભાઈ નીકળ્યા છે. પોર હતા ને કુંડલા ત્યારે? તો કહેવડાવ્યું છે કે, જગજીવનભાઈને કે મળવા આવજો. ગયા હતા મળવા. આ ભાઈ આવ્યા કુંડલાવાળા. આ બળવંતભાઈ આત્મા છે અંદર. અનંત વીર્યનો ધણી ભગવાન આત્મા, અનંત જ્ઞાન ને દર્શનનો આનંદનો કંદ પ્રભુ આત્મા છે. એને અંદરમાં મળવા જાય એકાગ્ર થઈને, એનું નામ ધર્મ કહેવાય છે. આહા..હા..! ભારે વાતું પણ ભાઈ!

મુમુક્ષુ :— ... નકલી વસ્તુ માને.

ઉત્તર :— નકલી માને. પેલા સુરતના આવે છે ને હીરા? કેવા કહેવાય છે? શું કહેવાય ઈ? ઈમિટેશન. ઈમિટેશનને સાચામાં ખપવી નાખે. આહા..હા..! ચૈતન્યહીરો ભગવાન! દેહના પરમાણુ માટીથી જુદો. મરતા પણ એમ કહે છે કે નહિ? આ દેહ છૂટે તો કહે, ભાઈ! જીવ ગયો. એમ કહે છે કે, શરીર ગયું ભેગું? શરીર તો આ પડ્યું રહ્યું. જીવ ગયો. પણ શું જીવ ગયો અંદર? શું હતું જીવમાં? અરૂપી પણ છે શું એ? ભગવાન જાણે કાંઈક હશે વા-બા, પવન-બવન. એ નહિ. શ્વાસ તો જડ, માટી, ધૂળ છે.

અંદર ચિદાનંદમૂર્તિ જ્ઞાનનો ઘન આનંદકંદ સચ્ચિદાનંદ અખંડ સ્વભાવી વસ્તુ એ છે. એ કોઈ દિ' એણે દૃષ્ટિમાં, શ્રદ્ધામાં લીધી નથી. કહો, સમજાણું કાંઈ? એમ. જુઓ! એ ઉપાધ્યાય આમાંથી આ બતાવે છે. પંચાસ્તિકાયમાંથી શુદ્ધ જીવાસ્તિકાય, ષટ્ દ્રવ્યમાંથી નિજ શુદ્ધ જીવદ્રવ્ય,

સપ્ત તત્ત્વમાંથી નિજ શુદ્ધ જીવતત્ત્વ અને નવ પદાર્થમાંથી શુદ્ધ (જીવ) પદાર્થ (બતાવે છે). **'જો આપ શુદ્ધાત્મા હૈ, વહી ઉપાદેય (ગ્રહણ કરને યોગ્ય) હૈ, અન્ય સબ ત્યાગને યોગ્ય હૈં,...'** દેખો! શ્રદ્ધામાં બધું છોડવા લાયક છે. એ ચાર જ્ઞાનની પર્યાય પ્રગટ થાય એ પણ છોડવા લાયક છે. **'ઐસા ઉપદેશ કરતે હૈં,...'** છે? એવો ઉપદેશ કરે છે. અમરચંદભાઈ! આહા..હા..! આ તો ઉપદેશ જ ઊંધા થઈ ગયા. આચાર્ય ક્યાં રહ્યા ને ઉપાધ્યાય ક્યાં રહ્યા? ખોખા રહ્યા નામ. આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... સંગ કહેવો કોને?

અહીં તો કહે છે, ઉપાધ્યાય, સાચા સંત, મુનિ, ઉપદેશકો જેને ભગવાનના કહેલા પદાર્થોનું જ્ઞાન અને નિજ સ્વભાવ ભગવાન આત્માનો આદરણીય ભાવ, એવું જે કથન જગત પાસે કરે એને ઉપાધ્યાય અને તેને સાધુ, સંત કહેવામાં આવે છે. નહિતર એથી ઊંધુ કહે એ સાધુ, સંત નથી. એ બધા ગડબડીયા ચાર ગતિમાં રખડનારા છે. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ! આ શ્લોક. પ્રભાકર ભટ્ટ ઓળખીને વંદન કર્યા પછી પ્રશ્ન કરશે.

**'ઐસા ઉપદેશ કરતે હૈં, તથા...'** જુઓ! બીજી વાત. એ ઉપાધ્યાય કેવો ઉપદેશ કરે છે? **'તથા શુદ્ધાત્મસ્વભાવકા સમ્યક્શ્રદ્ધાન...'** આ શુદ્ધ... પેલા ચારમાંથી લીધુ હતું ને? ભાઈ! પંચાસ્તિકાય, દ્રવ્ય, તત્ત્વ અને પદાર્થ એમાંથી લીધુ હતું. હવે શુદ્ધ સ્વભાવકા સમ્યક્શ્રદ્ધાન એ મોક્ષમાર્ગનું વર્ણન કરે છે. ઉપાધ્યાય કેવો મોક્ષમાર્ગ વર્ણવે? કેવો મોક્ષમાર્ગ કહે? નિશ્ચય મોક્ષમાર્ગ કહે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ (છે). વર્તમાન પુણ્ય-પાપના મેલ ભાવ છે એની પાછળ રહેલો આખો તત્ત્વ. પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે છે તે મેલ છે. એની પાછળ ભગવાન **'શુદ્ધાત્મસ્વભાવકા સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-આચરણરૂપ અભેદ રત્નત્રય હૈ,....'** એ અભેદ રત્નત્રય, જે રત્નત્રયથી મોક્ષ મળે છે.

**'વહી નિશ્ચયમોક્ષમાર્ગ હૈ, ઐસા ઉપદેશ શિષ્યોંકો દેતે હૈં,...'** દેખો! અમરચંદભાઈ! આવો ઉપદેશ શિષ્યને દે એને ઉપાધ્યાય કહેવામાં આવે છે. એ શ્રોતાને ઉપેદશ એમ કરે કે, આ ભગવાન શુદ્ધ સ્વરૂપ પરમાત્મા, જેમાં અંતર દૃષ્ટિ કરીને ઠરવા જેવું છે. એવો શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન ને ચારિત્ર જે અભેદ રત્નત્રય, અભેદ સ્વભાવની સાથે અભેદ થાય છે ને ત્રણ? એવો અભેદ નિશ્ચય રત્નત્રય એ નિશ્ચયમોક્ષ(માર્ગ છે). જુઓ! અભેદ રત્નત્રય કહો કે નિશ્ચય મોક્ષમાર્ગ કહો, ભેદરત્નત્રય કહો કે વ્યવહાર કહો. આહા..હા..! ભારે વાત, ભાઈ! વાડામાં બેઠા એણે કેટલાકે તો સાંભળ્યું ન હોય. કેવા આચાર્ય ને કેવા ઉપાધ્યાય ને કેવો એનો ઉપદેશ હોય? એય..! જમુભાઈ! અહો..!

**'ऐसा उपदेश शिष्योंको देते हैं, ऐसे उपाध्यायोंको मैं नमस्कार करता हूं,...'** પ્રભાકર ભટ્ટ કહે છે, આવા ઉપાધ્યાયને હું નમસ્કાર કરું છું. આહા..હા..! સમજાણું કાંઈ? એવી કોઈ કથન પદ્ધતિ સંતોની કે જેમાં આખા જૈનદર્શનનો વ્યવહાર પણ સમાઈ જાય અને આદરણીય શું એ પણ બતાવે. આહા..હા..! પરમાત્મપ્રકાશ પણ એક...

મુમુક્ષુ :— પરમાત્માનો પ્રકાશ...

ઉત્તર :— હા. આત્મા પરમાત્માનું સ્વરૂપ જ છે અંદર. એ દ્રવ્ય સ્વભાવ જે પરમાત્મ સ્વરૂપ, પરમ સ્વરૂપ ભગવાન આત્મા, એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને એનું આચરણરૂપ અભેદ આચરણ, એ રત્નત્રય તે જ સાચો મોક્ષનો માર્ગ છે. એમ ઉપાધ્યાય કહે એ સાચા. આથી વિરૂદ્ધ કહે તે ખોટા. સમજાણું કાંઈ?

અરે..! પોતાને મુકીને વાત. અહીં પોતાને આદરીને પછી બીજી વાત. પોતે ભગવાન પૂર્ણાનંદનો નાથ અખંડ જ્ઞાયકસ્વભાવથી ભરેલો પ્રભુ, અનંત અનંત ગુણનું એકરૂપ દ્રવ્ય, એ જ સત્ય, એ જ ભૂતાર્થ, તે સત્યનો સાહેબો, એવો ભગવાન નિજસ્વરૂપ જ એક શ્રદ્ધવા લાયક છે, જાણવા લાયક છે, આચરવા લાયક છે, રમવા લાયક છે, વેદન કરવા લાયક છે. એવો અભેદ રત્નત્રયનો માર્ગ ઉપાધ્યાય શિષ્યોને કહે છે. દેખો! આ શિષ્યો પણ તેને સાંભળે છે એમ કહે છે. એમ એ શિષ્યો ના પાડતા નથી કે, ના, ના, ના, ના, એવો ન હોય, એવો ન હોય, એમ ન હોય, એમ ન હોય. તો એ શિષ્ય જ નથી એમ કહે છે. શું કહ્યું? ઉપાધ્યાય આવો નિશ્ચય મોક્ષમાર્ગ અભેદ રત્નત્રય કહે. શિષ્યોને કહે છે. તે શિષ્યોને કહે છે એનો અર્થ કે, એ વિનયથી સાંભળે છે. આવો નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... નહિ પણ વ્યવહાર લાવો એમ નહિ. કમલચંદજી! શું થાય? સમજાણું કાંઈ? વાડામાં એવી વાતને વીંખી નાખી છે. વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવનો માર્ગ, એના રહેલાઓએ પણ ફેરફાર (કરી નાખ્યો). વાડામાં રહેલા. આહા..હા..!

આ તો સિંહનો માર્ગ છે. ઘેંટામાં સિંહ ગયો, ઘેંટામાં સિંહ ગયો. બીજા સિંહે રાડ પાડી તો બીજા પૂછડા લઈને ભાગ્યા, સિંહ ન ગયો. એલા! કેમ ઉભો રહ્યો તું? કે, મને કાંઈ ત્રાસ ન થયો. સમજને કે મારી જાતનો તું છો.

એમ ભગવાને ત્રાડ મારી દિવ્યધ્વનિમાં, તું પરમાત્મા મારી જાતનો, મારી નાતનો, મારા સ્વરૂપે છે એવો તું છો અંદરમાં. લે! સાંભળનાર જાગે છે, કે આહા..હા..! હું એ જ છું. આ પુણ્ય-પાપ ને સંયોગમાં રહું છું એ હું નહિ. આહા..હા..! સમજાણું? જુઓ! ઉપદેશ આવ્યો ને એટલે આવ્યું. ઉપદેશ આવ્યો ગર્જના. ઉપાધ્યાયની આવી ગર્જના! અભેદ રત્નત્રય મોક્ષમાર્ગ હે શિષ્ય! સાંભળ. ઓલો ના પાડતો નથી, હોં!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પાત્ર વિના વસ્તુ ન ટકે.

**'ઐસા ઉપદેશ શિષ્યોંકો દેતે હૈં,...'** કે, નહિ... નહિ... નહિ... નહિ. સાધારણ માણસને એમ ન કહેવો. ફલાણે ન કહેવો. અરે..! સાંભળને. સાધારણ એટલે કે ભગવાન આત્મા છે. એક ક્ષણમાં ફાટ ફાટ પુરુષાર્થ કરીને કેવળજ્ઞાન લે એવો છે ઈ. આહા..હા..! નથી નથી, ન કરી શકે, ન કરી શકે. તું રાડું પાડે છે ભિખારીને જેમ. સમજાણું કાંઈ? ચૈતન્યના સરોવર ભગવાન અનંત ગુણનો સ્વરૂપ સાગર છે. એનામાં ક્ષણમાં કેવળજ્ઞાન પૂર્ણ પર્યાય થવાની તાકાતવાળો છે. એને એમ કહેવું કે, આવો નહિ... આવો નહિ... આવો નહિ... એનો અનાદર થાય છે. સમજાણું કાંઈ? જુઓને! અહીંયા પણ બ્રહ્મદેવ ટીકા પણ કેવી કરી છે આચાર્ય આવા હોય એને ઓળખીને કરે છે. આવે છે ને પ્રવચનસારમાં? હું જ્ઞાન દર્શન સ્વરૂપી આત્મા. હું અરિહંતને નમસ્કાર કરું છું. અરિહંત કેવા? કે આવા. એ શૈલી બધી લીધી છે. શૈલી બધા આચાર્યોની (એવી અલૌકિક છે). સમજાણું કાંઈ? આહા..હા..!

**'ઐસે ઉપાધ્યાયોંકો મૈં નમસ્કાર કરતા હૂં, ઔર શુદ્ધ જ્ઞાન સ્વભાવ શુદ્ધાત્મતત્ત્વકી આરાધનારૂપ...'** સાધુની વાત કરે છે. શુદ્ધ જ્ઞાન ભગવાન, શુદ્ધ જ્ઞાન એક સ્વભાવ અંતર. એવો શુદ્ધાત્મતત્ત્વ, શુદ્ધ જ્ઞાન એક સ્વભાવ. શુદ્ધ, બુદ્ધ છે ને શબ્દમાં? બુદ્ધનો અર્થ જ્ઞાન કર્યો. શુદ્ધ-બુદ્ધ એક સ્વભાવ. શુદ્ધ જ્ઞાન એક સ્વભાવ શુદ્ધાત્મ તત્ત્વ. એની આરાધનામાં **'વીતરાગ નિર્વિકલ્પ સમાધિકો જો સાધતે હૈં,...'** દેખો! અંતરમાં **'વીતરાગ નિર્વિકલ્પ સમાધિકો જો સાધતે હૈં, ઉન સાધુઓંકો મૈં વંદતા હૂં.'** એને સાધુ કહેવાય છે.

મુમુક્ષુ :— વ્યવહાર...

ઉત્તર :— વ્યવહારની વાતેય કરી નથી. અંતર અખંડાનંદ પ્રભુ શુદ્ધાત્મ કેવો? કે, શુદ્ધ જ્ઞાન એક સ્વભાવ. શુદ્ધ, બુદ્ધ એક સ્વભાવ. શુદ્ધ, બુદ્ધ. શુદ્ધ જ્ઞાન એક સ્વભાવ, બસ. શુદ્ધ જ્ઞાન એક સ્વભાવ, એવો ભગવાન એ જ આરાધે. આરાધનારૂપ... આરાધનારૂપ. **'વીતરાગ નિર્વિકલ્પ સમાધિકો જો સાધતે હૈં, ઉન સાધુઓંકો મૈં વંદતા હૂં.'** કહો, સમજાણું? **'વીતરાગ નિર્વિકલ્પ સમાધિકો જો આચરતે હૈં,...'** એ આચાર્ય, એ આચાર્ય. એવા નિર્વિકલ્પ સમાધિને કહે એ ઉપાધ્યાય અને **'સાધતે હૈં, વે હી સાધુ હૈં.'** ત્રણના લઈ લીધા ત્રણ. આહા..હા..!

**'અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, યે હી પંચપરમેષ્ઠી વંદને યોગ્ય હૈં, ઐસા ભાવાર્થ હૈ.'** લ્યો! આ પાંચ પરમેષ્ઠી આ રીતે વંદન કરવા લાયક છે, એ ભાવાર્થ કર્યો.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૨, રવિવાર, તા. ૨૬-૯-૧૯૬૫**
**ગાથા-૮, ૯ પ્રવચન-૭**

'પરમાત્મપ્રકાશ'. સાતમી ગાથા પૂરી થઈ. જુઓ! શું કહ્યું છેલ્લો સાર? સાતમી ગાથાનો સાર ભાવાર્થ. જે **'અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, યે હી પંચપરમેષ્ઠી વંદને યોગ્ય હૈં, ઐસા ભાવાર્થ હૈ.'** આ જે પાંચ પરમેષ્ઠીનું સ્વરૂપ કહ્યું, એ પાંચ પરમેષ્ઠી તે વંદન કરવા માટે કહ્યું. આવા જ પાંચ પરમેષ્ઠી આદરણીય ને વંદન લાયક છે. પાઠમાં ઘણો વિસ્તાર કર્યો છે.

**'ઐસે પંચપરમેષ્ઠીકો નમસ્કાર કરનેકી મુખ્યતાસે શ્રીયોગીન્દ્રાચાર્યને પરમાત્મપ્રકાશકે પ્રથમ મહાધિકારમેં પ્રથમસ્થલમેં સાત દોહોંસે પ્રભાકરભટ્ટ નામક અપને શિષ્યકો પંચપરમેષ્ઠીકી ભક્તિકા ઉપદેશ દિયા.'** આવા પાંચ પરમેષ્ઠી હોય તે ભક્તિ કરવા લાયક ને તે વંદન કરવા લાયક છે.

**'અબ પ્રભાકરભટ્ટ પૂર્વરીતિસે પંચપરમેષ્ઠીકો નમસ્કારકર ઔર શ્રીયોગીંદુદેવગુરુકો નમસ્કાર કર શ્રીગુરુસે વિનતી કરતા હૈ—'** લ્યો! હજી શરૂઆત છે તો વિંનતી કરે છે 'પરમાત્મપ્રકાશ'.

૮) भाविं पणविवि पंच-गुरु सिरि-जोइंदु-जिणाउ।
भट्टपहायरि विण्णविउ विमलु करेविणु भाउ।।८।।

**'ભાવોંકી શુદ્ધતાકર...'** પ્રભાકરભટ્ટ અંદર જિજ્ઞાસાથી ભાવની શુદ્ધતા, નિર્મળતા કરી પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરે છે. પૂર્ણ નિર્વિકલ્પ સમાધિને પામ્યા, એવા અરિહંત ને સિદ્ધ આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ નિર્વિકલ્પ સમાધિને સાધે છે. એવા **'પંચપરમેષ્ઠિયોંકો નમસ્કારકર પ્રભાકરભટ્ટ અપને પરિણામોંકો નિર્મલ કરકે શ્રી યોગીન્દ્રજિનઃ શ્રીયોગીન્દ્રિદેવસે...'** એમ જિનનો અર્થ કર્યો. **'શુદ્ધાત્મતત્ત્વકે જાનનેકે લિયે મહાભક્તિકર વિનતી કરતે હૈં.'** જુઓ! શુદ્ધાત્મ તત્ત્વની સમજવાની ધગશ થઈ છે. બીજી કોઈ વાત નહિ. આ આત્મા શુદ્ધ કોણ છે? એને મારે જાણવો છે. બીજી વાત એકેય નહિ. શુદ્ધાત્મતત્ત્વને જાણવા માટે મહાભક્તિથી વિનંતી કરે છે.

શિષ્ય વિનંતી કરે (છે), પ્રભુ! આ આત્મા શુદ્ધ કોણ છે આ? કે, જે અનંત કાળમાં એનો અતીન્દ્રિય આનંદનો અનુભવ આવ્યો નહિ, અતીન્દ્રિય આનંદની અનુભૂતિ થઈ નહિ, એ તે શુદ્ધાત્મા છે કેવો? શેઠી! પ્રશ્ન આ છે. ધર્મને સમજનારના પ્રશ્નમાં આ પ્રશ્ન મુખ્ય છે.

કે, હું આ શુદ્ધસ્વરૂપ ભગવાન આત્મા, અનંત કાળમાં મેં એનો અનુભવ કર્યો નહિ, આનંદનો સ્વાદ લીધો નહિ. જાણ્યો નહિ એટલે આનંદનો સ્વાદ મેં લીધો નહિ. એ શુદ્ધાત્મા કેવો છે કે જેને જાણવાથી જન્મ-મરણ મટે અને આત્માના આનંદની શાંતિનો અનુભવ થાય. લ્યો! આ પ્રશ્ન છે શિષ્યનો. આવો (શિષ્ય) હોવો જોઈએ ને એવી એને દરકાર હોવી જોઈએ. બીજી લાખ વાતની વાત મુકીને, આ આત્મા શુદ્ધ કોને કહો છો આપ? સર્વજ્ઞ પરમાત્મા પરમેશ્વર તીર્થંકર દેવે જોયો ને આપ મુનિ છો, યોગીન્દ્ર આચાર્યને કહે છે, આપ અનુભવો છો તો એ શુદ્ધાત્મા છે કેવો? એમ બહુ વિનતી કરતાં ભક્તિથી આ પ્રશ્નને ગુરુ પાસે મૂક્યો છે. અમને પૈસા કેમ મળે? એવો દોરા-ધાગા કાંઈ છે? પૈસા મળે, રાગ મળે, પદ મળે એવું નથી પૂછ્યું. એવા પૂછનાર તો અજ્ઞાની અનાદિ કાળના છે. હવે એમાં શું નવું પૂછયું? સમજાણું કાંઈ? અમે પુણ્ય બાંધીએ, એમાંથી સ્વર્ગ મળે એમ પૂછ્યું નથી.

ભગવાન આત્મા પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વર કેવળજ્ઞાની, શું છે? કેમ જોયો? કેમ જણાય? એ વાત અનંત કાળમાં મેં જાણી નથી. એ જાણી નથી, બાકી બધું અનંત વાર પુણ્ય-પાપ, પરિણામ આદિ ચાર ગતિ રખડવાનું અનંત વાર કર્યું. એને પ્રશ્નમાં આવી જિજ્ઞાસાની પાત્રતા ઉઠી પાછી, એમ! એણે એમ પૂછ્યું કે, પ્રભુ! આ આત્મા શું? અનંત કાળમાં એ જ મેં જાણ્યો નથી, બાકી બધું કરીને મરી ગયો. એ કહેશે, જુઓ! આઠમાનો તો હજી પ્રશ્ન શું? નવમો છે, જુઓ!

**૯) गउ संसारि वसंताहँ सामिय कालु अणंतु।**
**परमइँ किं पि ण पत्तु सुहु दुक्खु जि पत्तु महंतु।।९।।**

શિષ્યો પરમાત્મા સંત મુનિ પાસે જૈન પરમેશ્વરના સાધનારા એવા આત્માના સંતો, મુનિઓ, મુનિ આચાર્ય છે, આત્માના ધ્યાનમાં મસ્ત છે, એવા સંતને આ જીવ પ્રભાકર પ્રશ્ન કરે, એમ કરીને શિષ્યો, જેને જન્મ-મરણનો અંત લાવવો હોય અને જેને આત્માની પ્રાપ્તિ કરવી હોય એ કેવા હોય? કે એનો આત્માને જાણવાનો ભાવ હોય છે. સમજાય છે કાંઈ? અને એ જ અનંત કાળમાં જાણ્યો નથી.

'**હે સ્વામી,...**' જુઓ! મહા મુનિ સંત છે યોગીન્દ્રદેવ, દિગંબર સંત મુનિ મહંત જંગલવાસી. એને કહે છે, હે નાથ! '**ઈસ સંસારમેં રહતે હુએ...**' એમ કરીને શું સિદ્ધ કર્યું? પ્રભુ! હું અનંત કાળમાં પરિભ્રમણમાં રહ્યો છું. છું તો આત્મા, પણ આ સંસારમાં ભમતે હુએ, રહતે હુએ અનંત કાળ ગયો, પ્રભુ! અનંત કાળ ગયો. '**હમારા અનંતકાલ બીત ગયા,...**' અનંત... અનંત... અનંત પુદ્‌ગલ પરાવર્તન. આહા..હા..! અનંત અનંતી ચોવીસી એક પુદ્‌ગલ પરાવર્તનના અનંતમાં ભાગમાં જાય, એવા અનંતા પુદ્‌ગલ પરાવર્તન પ્રભુ! આ સંસારમાં વીતી ગયા.

'લેકિન...' પણ **'મૈને કુછ ભી સુખ નહીં પાયા,...'** લ્યો! આ પ્રશ્ન.

મને આત્માનો આનંદ એવું સુખ એક સમય પણ પ્રાપ્ત ન થયું. જુઓ! આ એની જિજ્ઞાસા. આત્માનો અતીન્દ્રિય આનંદ, જે સમ્યગ્દર્શનમાં જ પ્રગટ થઈ શકે છે. જુઓ! ન્યાંથી પૂછ્યું છે આ. આઠમે આનંદ પ્રગટે છે ને એમ નહિ. પહેલા સમ્યગ્દર્શન થઈ ગયું ને આનંદ પછી પ્રગટે આઠમે (એમ નથી). આહા..હા..! પહેલો જ પ્રશ્ન (કરે છે), પ્રભુ! આત્માનો આનંદ એટલે કે આત્માનું સમ્યગ્દર્શન એવો આત્માનો આનંદ મેં (ચાખ્યો નથી). અનંત કાળમાં ચોરાશીના અનંત અવતાર (કર્યા એમાં), અનંત વાર જૈન સાધુ પણ અનંત વાર થઈ ચુક્યો. સમજાય છે કાંઈ? દિગંબર મુનિ અનંત વાર મિથ્યા દૃષ્ટિ રાખીને (રખડ્યો). સ્વરૂપનો આત્માના આનંદનો અનુભવ પ્રભુ! એક સમય પણ પામ્યો નથી.

**'નહીં પાયા,...'** જુઓ! આટલી તો એ કબૂલાત પોતાની સમજણમાં આપે છે. આ આત્માનો આનંદ એટલે સ્વયં સુખ દશા, ભગવાન! અનંત કાળમાં અમને મળી નહિ. **'ઉલ્ટા મહાન્ દુઃખ હી પાયા હૈ.'** ઉલટું અનાદિ-અનંત સંસારનો કોઈ ભવ દુઃખ વિનાનો છે નહિ. દુઃખ, દુઃખ ને દુઃખ. પાપ કર્યા તોય દુઃખ અને પુણ્ય કર્યા તોય દુઃખ. બેય દુઃખને જ પામ્યો છું, એમ કહે છે. સમજાણું કાંઈ?

આ ભગવાન આત્મા એ પુણ્ય-પાપના ભાવ, શુભ-અશુભ ભાવ રહિત શું ચીજ છે? એનો મેં આનંદ, સમ્યગ્દર્શનને પામ્યો નહિ. ઉલટું ઉલટું પુણ્ય-પાપના શુભાશુભભાવ ને આકુળતાનું પ્રભુ! મેં દુઃખ ભોગવ્યું છે. કહો, સમજાય છે કાંઈ? ક્યાં આમાં દુઃખ લાગે છે પણ? દેવશીભાઈ! સુખ નથી? આ મકાન મળે એકલા, બે જણા રહે, સુખડી ખાય, લાડવા કરે. એય..! ભાઈ! દુઃખ છે? ક્યાં દુઃખ છે? આમ મોટરુંમાં ફરે છે, આમ છોકરાઓ લહેર કરે, બાપુજી, બાપુજી કરે ત્યાં કેટલું થઈ જાય? કહે છે કે, ભાઈ! એ પરપદાર્થના લક્ષવાળો ભાવ જ તને આકુળતા ને દુઃખરૂપ છે. એ તને ખબર નથી, એમ કહે છે. આ પૂછનાર જ એમ પૂછે છે, પ્રભુ! મેં મારા આત્માના સ્વભાવની સન્મુખ કોઈ દિ' જોયું નહિ.

ઈ કોણ છે? ચીજ શું છે? સચ્ચિદાનંદ મૂર્તિ આત્મા. વસ્તુ છે તો એના કોઈ ગુણો ને શક્તિ છે કે નહિ? તો એ ગુણોમાં અતીન્દ્રિય આનંદની શાંતિ આત્મામાં પડી છે. એ શાંતિ સામું મેં કોઈ દિ' જોયું નહિ. મને શાંતિની, સુખની પ્રાપ્તિ અનંત કાળમાં થઈ નહિ, પ્રભુ! એમ 'પ્રભાકર ભટ્ટ' પોકાર કરે છે. પણ ઉલટું દુઃખ (પામ્યો). સુખ નહિ એટલે દુઃખ (ભોગવ્યું). જ્યાં જ્યાં મેં પરપદાર્થની સામું જોઈ પછી સધન હો, નિર્ધન હો, દેવ હો, નારકી હો, સુંદર શરીર હો કે નારકીનું શરીર હો, પણ સામા પરપદાર્થની મારી ભાવના પછી શુભ કે અશુભ હો, બેય દુઃખરૂપ છે. મેં તો અનાદિકાળમાં પરસન્મુખના દુઃખ જ ભોગવ્યા, પ્રભુ! આહા..હા..!

કહો, નટુભાઈ! સાચી વાત હશે આ? દુઃખ હશે? ક્યાં આમાં દુઃખ લાગે છે? દુઃખ લાગે તો રોવું જોઈએ. ભાઈ! રોવે શું? પણ ઈ રોવે છે અંદર ભાન ક્યાં છે એને?

આત્મા આનંદની મૂર્તિ છે. પ્રભુ સચ્ચિદાનંદ અનાકુળ શાંત, એની ઉલટી પરદ્રવ્ય પ્રત્યેની જેટલી લાગણીઓ છે, એ બધી દુઃખરૂપ છે, એમાં ક્યાંય શાંતિની ગંધ નથી. બરાબર હશે આ? આ રળવાનો ભાવ દુઃખરૂપ, ભણવાનો ભાવ દુઃખરૂપ, વકીલાતનો ભાવ દુઃખરૂપ, ડૉક્ટરનો ભાવ દુઃખરૂપ, વકીલાતનું... વકીલાત તો આવી ગયું. પણ આ રામજીભાઈ પહેલાં યાદ આવ્યા પછી વળી ઓલા આવ્યા. લોઢાનો વેપાર દુઃખરૂપ ભાવ. આ સંસારના ભણતર એ શું હશે? દુઃખરૂપ હશે? અરે..! શાસ્ત્રના ભણતર શાસ્ત્ર સામું જોવે એ પણ દુઃખરૂપ, એમ કહે છે. દેવશીભાઈ! આહા..હા..!

અરે..! હું એક આત્મા અને મને મારા સુખની પ્રાપ્તિ નહિ અને ઉલટું મને આ ચાર ગતિના દુઃખોમાં મેં ચારે કોર ઘોદા ખાધા, માર ખાધા, મોઘંભીઓના દુઃખના માર ખાધા, એમ પોકાર કરે છે. આહા..હા..! પણ જો દુઃખ લાગ્યું છે, હોં! એને. રતિભાઈ! આહા..હા..! પણ શરીર નીરોગી છે ને? ક્યાં દુઃખ છે અત્યારે તને? પણ ભાઈ! શરીર છે એ તો પરવસ્તુ છે. એ મને ઠીક છે એ માન્યતા જ દુઃખરૂપ છે. આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આમ અંદર ખળભળાટ થઈ ગયો છે કે, આ મને દુઃખ થાય છે, પ્રભુ! આ અનાદિ મેં બહુ દુઃખ ભોગવ્યા. આ આકુળતા, આકુળતા... ક્યાંય આમ ફરીને ઠેકાણે આવ્યો નહિ હું. એ તે આત્મા કેવો છે? કે, (એને) જાણીને મને સુખ થાય? કહો, સમજાણું કાંઈ? લ્યો!

કહે છે, '**ઉલટા મહાન દુઃખ હી પાયા હૈ.**' ત્યાં વિશેષ. '**નિજ શુદ્ધાત્માકી ભાવના સે ઉત્પન્ન હુઆ જો વીતરાગ પરમ આનંદ સમરસીભાવ હૈ,...**' દેખો! સુખની વ્યાખ્યા કરી, સુખ ન પામ્યો એની વ્યાખ્યા કરી. હે નાથ! હું અનંત કાળમાં મારી શાંતિ ને મારું સુખ હું પામ્યો નહિ. કેવું સુખ? કે, નિજ શુદ્ધાત્મા. આ પરમાત્મા પોતે શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. સમજાય છે? અરે..! જેમાં એકલો અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય શાંતિ પડી છે. એવો નિજ શુદ્ધાત્મા મારો આ આત્મા એની ભાવના, એની એકાગ્રતાથી ઉત્પન્ન થયેલું. દેખો! એની એકાગ્રતાથી ઉત્પન્ન હુઆ વીતરાગ પરમ આનંદ સમરસી ભાવ. રાગ વિનાનો પરમ શાંત, પરમ શાંત, પરમ આનંદ એવો સમતાભાવ, એનું જે સુખ. '**ઉસ રૂપ જો આનંદામૃત...**' એ રૂપે જો... આ સુખની વ્યાખ્યા કરી. હું સુખ ન પામ્યો, કીધું ને? '**सामिय कालु अणंतु। परमइँ किं पि ण पत्तु सुहु**' એ સુખની વ્યાખ્યા કરી.

આનંદનામૃત ભગવાન આત્મા, નિજ શુદ્ધાત્મા પરમાનંદમૂર્તિ પ્રભુ એની સામું એટલે એકાગ્ર થઈને, ઉત્પન્ન થયેલો. જોયું! એ આનંદ શક્તિરૂપે તો હતો, પણ એની એકાગ્રતાથી ઉત્પન્ન થયેલો આનંદ, મારી દશાનો આનંદ. કેવો? કે, જેમાં રાગ વિનાનો આનંદ, પરમ આનંદ, સમતારૂપ આનંદ '**ઉસ રૂપ જો આનંદામૃત...**' આ સુખની વ્યાખ્યા.

'**ઉસસે વિપરીત, નરકાદિ દુઃખરૂપ ક્ષાર (ખારો) જલસે પૂર્ણ (ભરા હુઆ)...**' એમાં હું રખડ્યો. આવા આનંદને હું પામ્યો નહિ. દેખો! એનાથી વિપરીત નરક, મનુષ્ય, દેવ ને પશુ ચારે ગતિ લીધી. આ શેઠિયા પાંચ પચ્ચીસ કરોડના આસામી દુઃખી... દુઃખી... દુઃખી (છે), એમ કહે છે. પ્રભુ! હું તો દુઃખી હતો ત્યાં, હોં! આહા..હા..! બરાબર હશે આમાં? શશીભાઈ! પૈસાવાળા દુઃખી, નિર્ધન દુઃખી, સધન દુઃખી, નિરોગી દુઃખી, સરોગી દુઃખી, વાંઝીયા દુઃખી, પુત્રવાળા દુઃખી, આબરૂવાળા દુઃખી, ગેરઆબરૂવાળા દુઃખી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... પ્રભુ! આ નરકનો, મનુષ્યનો, ઢોરનો ને દેવનો ભવ, જેમાં એકલા દુઃખ જ છે. જ્યાં આત્માનો આનંદ નથી. આત્મા પ્રભુ અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ સચ્ચિદાનંદ આત્મા, સત્ ચિદાનંદ, સત્... સત્... સત્ સ્વરૂપમાં ભરેલો આનંદ. એવો આનંદામૃત, એનાથી ચાર ગતિના બધા દુઃખો છે ઉલટા. બરાબર હશે? ધર્મચંદભાઈ! લોકો કહેને કે 'પહેલું સુખ તે જાતે નર્યા, બીજું સુખ ઘેર ચાર દીકરા, ત્રીજું સુખ તે સુકુળની નાર, ચોથું સુખ કોઠીએ જાર.' અહીં તો કહે છે, ચારે તરફનું લક્ષ છે એ ચારે તરફનો આશ્રય એ દુઃખ છે. આહા..હા..! શેઠી! બરાબર હશે? મહેન્દ્રભાઈ જેવા દીકરા મળે તોય દુઃખ હશે? પણ આ પિતાજી સાહેબ, પિતાજી સાહેબ કહે કેટલી વાત છે આમ અંદર, કેટલી વાત લ્યો! ચિઠ્ઠી આવેને તો કેટલું લખે. પિતાજી ત્યાં શાંતિથી રહો. મારી ચિંતા નહિ કરતા. કેટલાક તો એમેય લખે કે, અમારી ચિંતા કરવી. તમે ન્યાં ને ન્યાં પડ્યા છો તો. પેલા લખે વળી, ના ના. કહો સમજાણું?

અહીં તો કહે છે કે, જેટલો ભગવાન આત્મા પોતાના સ્વસન્મુખની દૃષ્ટિ ન કરી અને જેટલો પરપદાર્થ તરફની દૃષ્ટિમાં રહ્યો એ બધું દુઃખ છે. ચાહે તો રાજમાં હો, શેઠમાં હો, નિરોગીમાં હો. બાદશાહી છે એમ કહે છે ને કેટલાક તો? હમણાં કેમ છે? બાદશાહી છે. અહીં કહે છે કે, પ્રભુ! મને બાદશાહી નહોતી ક્યાંય, હોં! હું મોટો રાજા થયો, શેઠ થયો, નવમા ગ્રૈવેયકનો, નવમી ગ્રૈવેયકનો દેવ થયો. નવમી ગ્રૈવેયક છે (ત્યાં) મોટો દેવ થયો. ભગવાન! એ '**નરકાદિદુઃખરૂપ ક્ષાર (ખારો) જલ સે પૂર્ણ (ભરા હુઆ),...**' ભરેલો દરિયો, એને મેં અનુભવ્યો. આ આનંદામૃત કીધું હતું. એક બોલ થયો.

'**અજર અમર પદસે ઉલટા જન્મ જરા (બુઢાપા) મરણરૂપી જલચરોંકે સમૂહસે**

**ભરા હુઆ,...'** આ સંસારની વ્યાખ્યા કરે છે. અજર અમર. આત્મા તો અજર ને અમર (છે), જેમાં જીર્ણતા નથી ને મૃત્યુ નથી. ભગવાન આત્મા અજર (છે)—જરા નથી અને મરણ નથી. ભગવાન આત્મા શુદ્ધ ધ્રુવ ધાતુ અનાદિ-અનંત નિત્યાનંદ પ્રભુ, એમાં જરા નથી, વૃદ્ધાવસ્થા નથી, એમાં મરણ નથી. એવા પદથી વિપરીત આ જન્મ ને બુઢાપા. અમરની સામે જન્મ અને અજરની સામે બુઢાપો અને મરણરૂપી જળચર. જેમાં મરણરૂપી જળચર આ ત્રણે. સમૂહસે ભરા હુઆ સંસાર (હૈ). પ્રભુ! ચાર ગતિના દુઃખોમાં આ ભરેલું છે. ન્યાં ક્યાંય આનંદ ને શાંતિ નથી.

**'અનાકુલતાસ્વરૂપ નિશ્ચય સુખસે વિપરીત,...'** અનાકુળ ભગવાન આત્માનું સુખ અંદર અનાકુળ-આકુળતા વિનાની શાંતિ. એનાથી ઉલટું. **'અનેક પ્રકાર આધિ વ્યાધિ દુઃખરૂપી બડવાનલકી...'** કહો, આધિ—મનના સંકલ્પ-વિકલ્પ, વ્યાધિ-શરીરની આધિ દુઃખરૂપી બડવાનલ, એની શિખાથી પ્રજ્વલિત સંસાર છે. ચોરાશીના અવતારમાં સંસાર સળગી રહ્યો છે. આહા..હા..! શેઠિયા લ્યો, ચક્રવર્તી રાજા લ્યો, ચારે કોર કાળજામાં કષાયની અગ્નિ સળગે છે, કહે છે. આહા..હા..! સમજાણું? કષાયની અગ્નિ, ભઠ્ઠો બળે છે, કહે છે. રતિભાઈ! એમ પોકાર કરે છે કે, જુઓ! આ આકુળતા બળી રહી છે આખી. ચાર ગતિમાં, હોં! એ ક્યાંય અનાકુળતાની સામું મેં જોયું નહિ કે શું છે ચીજ? એ પ્રભુ! મને સંભળાવો એમ કરીને વિનંતી કરે છે.

**'પ્રજ્વલિત વીતરાગ નિર્વિકલ્પ સમાધિકર રહિત,...'** શું (કહે છે)? **'મહાન સંકલ્પ વિકલ્પોંકે જાલરૂપી કલ્લોલોંકી માલાઓંકર વિરાજમાન,...'** આ સંસાર. વિરાજમાન છે ને? શોભિત છે ને? આત્માનો જે નિર્વિકલ્પ શાંતિ સ્વભાવ, એનાથી ઉલટું મહાન સંકલ્પ, વિકલ્પ, પુણ્ય ને પાપ. સંકલ્પ ને વિકલ્પ, શુભ ને અશુભભાવ એવી જાળ, એવા કલ્લોલો એમાં ઉઠ્યા. એવી કલ્લોલની માળા, જુઓ! માળા-માળા. પાણીમાં આમ કલ્લોલ ઉઠેને એક પછી એક. એમ આ પુણ્ય ને પાપ, પુણ્ય ને પાપ, પુણ્ય ને પાપ. શુભ અને અશુભની કલ્લોલો ઉઠી સંસારમાં. ચોરાશીના અવતારમાં શુભ ને અશુભના, સંકલ્પ અને વિકલ્પની કલ્લોલો, એનાથી શોભિત સંસાર (છે).

**'ઐસે સંસારરૂપી સમુદ્રમેં રહતે હુએ મુજે, હે સ્વામી....'** જુઓ! આવા સંસારમાં. ઓળખ્યો સંસારને. આવો સંસારમાં રહેતા, હે પ્રભુ! મને **'અનંતકાલ બીત ગયા.'** આહા..હા..! સમજાણું કાંઈ? **'ઇસ સંસારમેં એકેન્દ્રિય...'** પહેલા તો એકેન્દ્રિય જીવ. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ ને વનસ્પતિ એમાં પ્રભુ! અનંત વાર રહ્યો. જેને લોકો જીવ પણ ન માને. પૃથ્વીના જીવ આ ખાણની પૃથ્વી છે ને! જુઓને! આ જીથરીની પથરાની ખાણું નથી? એમાં અંદર એકેન્દ્રિય જીવ છે. પૃથ્વીના, પાણીના. આ પાણી-જળનું એક બિંદુ હોય એમાં અસંખ્ય જીવ

છે. અગ્નિ, આ દીવાસળીનો તળખો સળગે (એમાં) એક તણખામાં અસંખ્ય જીવ છે. વાયુ. વનસ્પતિ. આ જુઓ! લીમડાના એક પાંદડામાં અસંખ્ય જીવ છે. બટાટાના એક કટકીમાં અનંતા જીવ છે. ત્યાં પ્રભુ! હું અનંત કાળ રખડ્યો, એમ કહે છે. એ પૂર્વનો ઇતિહાસ ખડો કરે છે. પ્રભુ! મેં ત્યાં અનંત ભવ કર્યો, હોં! મેં એકેન્દ્રિયના ભવ કર્યા, એમાંથી માંડ નીકળ્યો બેઇન્દ્રિય થયો. આ ઇયળ-ઇયળ. એકેન્દ્રિયને એક શરીર જ હોય. આ ઇયળને શરીર ને જીભ, મોઢું બે હોય. આ ન્યાંથી નીકળીને ત્રણેન્દ્રિય થયો. નાક વધ્યું નાક. ન્યાંથી ચોઇન્દ્રિય (થયો એટલે) આંખ વધી.

એવા '**સ્વરૂપ વિકલત્રય પર્યાય પાના દુર્લભ (કઠિન) હૈ...**' એકેન્દ્રયમાંથી આવું પામવું દુર્લભ છે, એમ કહે છે. આ એ પણ મળ્યું. '**વિકલત્રયસે પંચેન્દ્રિય,...**' બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચોઇન્દ્રિયમાંથી પંચેન્દ્રિય થવું, એમાં પણ સંજ્ઞી થવું-મનવાળું (એ તો અતિ દુર્લભ છે). શું કહે છે? ઓહો..હો..! ક્યાં ક્યાં પ્રભુ હું રખડ્યો? '**છહ પર્યાપ્તિયોંકી સંપૂર્ણતા હોના દુર્લભ હૈ,...**' સંજ્ઞી થયો મનવાળો પણ મરી ગયો અપર્યાપ્તીએ માતાના પેટમાં કે આ તિર્યંચ આદિ. '**ઉસમેં ભી મનુષ્ય હોના અત્યંત દુર્લભ,...**' એમાં પણ મનુષ્યનો ભવ અનંત કાળમાં મહા દુર્લભ (છે). '**ઉસમેં આર્યક્ષેત્ર દુર્લભ,...**' ઓહો..! આ અનાર્ય ક્ષેત્રમાં જુઓને! છે કાંઈ? પરલોકની પડી છે કાંઈ? મારો... મારો... મારો... મારો... ... ક્યાં મરીને જાવું એની ક્યાં એને (પરવા છે). આર્યક્ષેત્ર મળવું પણ દુર્લભ.

'**ઉસમેંસે ઉત્તમ કુલ પાના દુર્લભ,...**' આર્યક્ષેત્રમાં ઉત્તમ કુળ મળવું. આર્યક્ષેત્ર હોય ને એ પાછા માંસહારીમાં જન્મે, હલકા ભીલ જેવા. આ '**ઉત્તમ કુલ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય વર્ણ પાના કઠિન હૈ,...**' છે ને ઈ? ત્રણ કીધા. ઓલા હલકા કુળમાં જન્મે. માંસ ખાય, કાંઈ ન મળે. આહા..હા..! '**ઉસમેં ભી સુન્દર રૂપ,...**' આ સુંદર રૂપનો અર્થ શરીરની આકૃતિ ઠીક (હોય) એટલું. '**સમસ્ત પાંચો ઇન્દ્રિયોંકી પ્રવીણતા,...**' એમાં પણ પાંચ ઇન્દ્રિયની અખંડતા હોય. કાં આંખ ફુટી ગઈ હોય, ને કાં કાન બહેરા હોય, ને કાં આવા હોય તો સાંભળવાનું મળે નહિ. આ દુર્લભમાં દુર્લભ વસ્તુ (મળી હોય), એમાં પણ પ્રવીણ ઇન્દ્રિયો મળીને લાંબુ આયુષ્ય ન હોય. જન્મ્યો ને મરી ગયો, બે-પાંચ વર્ષે મરી ગયો. શું ધર્મ ને કાંઈ છે? મનુષ્યના અવતારમાં જૈન કુળમાં જન્મ્યો. લ્યો! પણ પાંચ વર્ષનો, બે વર્ષનો થઈને મરી ગયો. એને કાંઈ છે? આહા..હા..! લાબું આયુષ્ય મળે પણ બળ ન મળે શરીરમાં.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા. આ શરીર એટલે પ્રાણ છે ને? ... આ શરીર નિરોગ હોના. બળ તો મળ્યું. મન, વચન અને કાયા, પ્રાણ આદિ. પણ શરીર નિરોગ રહના. રોગ હોય તો આખો

દિ' એમાં ને એમાં સલવાયા કરે. આ કરું ને આ કરું, કાંઈ હખ નથી. ભાઈ! આમ છે ને કફ નડે છે ને ઊંઘ નથી આવતી ને આ નથી આવતું ને.

આ '**જૈનધર્મ ઈનકા ઉત્તરોત્તર મિલના કઠિન હૈ.**' નિરોગપણું મળ્યા છતાં વીતરાગનો માર્ગ પરમાત્મા પરમેશ્વર, તીર્થંકરદેવે કહ્યો માર્ગ તે મળવો મહા મહા દુર્લભ છે. '**કભી ઈતની વસ્તુઓંકી ભી પ્રાપ્તિ હો જાવે,...**' વાડો સંપ્રદાય (મળી જાય), એમ. કાંઈક પાછી સારી, શ્રેષ્ઠ બુદ્ધિ મળવી મુશ્કેલ છે. જૈન સંપ્રદાયમાં જન્મ મળ્યો પણ બુદ્ધિના ઠેકાણા ન મળે. તો એ પણ મહા સાચી બુદ્ધિ, શ્રેષ્ઠ બુદ્ધિ મળવી દુર્લભ છે. એમાં સાચા ધર્મનું શ્રવણ, એમાં પણ વીતરાગે કહેલા સત્ય ધર્મનું શ્રવણ મહા દુર્લભ છે. સાચો ધર્મ શ્રવણમાં જ મળે નહિ, ત્યાં શું કરે? કહો, ભગવાનભાઈ! સાચી વાત છે ને? સાચો ધર્મ શું છે? વીતરાગના વાડામાં જન્મ્યા. પણ શું વીતરાગદર્શનને કહેવું છે (એની ખબર ન મળે). તું પરનો કર્તા નથી, રાગરહિત શું છે? એનું તો ભાન ન મળે, શ્રવણ મળે નહિ કાને. એ કે દિ' કરે?

'**શ્રેષ્ઠ ધર્મ-શ્રવણ,...**' ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વર દેવાધિદેવ, એમણે કહેલો આત્માનો ધર્મ, એવું સાંભળવું પણ અનંતે કાળે મળવું મુશ્કેલ દુર્લભ છે. કહો, આમાં બાયડી-છોકરા મળવા દુર્લભ છે એમ ન કહ્યું આમા, હોં! ક્યાંય. જયંતિભાઈ! મફતનો હેરાન થઈને મરી જાય છે. આ એક થયો ને એક મરી ગયો. ... મરી જાય તો રોવે. એક મરે ને રોવે, બીજો મરે ને રોવે, કેટલાને રોઈશ પણ? 'રોનારા નથી રે રહેનાર રે...' કોને રોઈશ તું પણ હવે? તું ક્યાં રહેનાર હતો અહીં?

કહે છે કે, આ ધર્મ વીતરાગનો કાને પડવો આવી પ્રવૃત્તિમાંથી મહા મહા મુશ્કેલ છે. એમાં પણ પાછું શ્રવણ થયું (એ) ગ્રહણ (ન કરી શકે). સાંભળવાનું મળે પણ પકડી શકતો નથી, એમ કહે છે ઘણા. કહે છે કે નહિ એમ? કહે છે કાંઈક પણ પકડાતું નથી. પણ વસ્તુ આવો માર્ગ વીતરાગનો પકડાય નહિ ત્યારે શું તને લાભ થાય? સમજાણું કાંઈ? શું આ કહે છે? આત્મા અનંત ગુણનો પિંડ છે, એ પરનું કાંઈ કરી શકતો નથી, અને રાગાદિ જ અંદર થાય તે ધર્મ નથી, આ શું કહે છે કાંઈ પકડાતું નથી. એમ છે કે નહિ? કહે છે, ધર્મ શ્રવણ પછી ધર્મનું ગ્રહણ. એ ગ્રહણ કરવું, ધારવું. ગ્રહણ કરવું હજી તો, હોં! આ આમ કહેવા માંગે છે, એ ગ્રહણ કરવું પણ મહા દુર્લભ છે. બરાબર છે કે નહિ?

મુમુક્ષુ :— બે શબ્દ પકડાણા.

ઉત્તર :— બે શબ્દ પકડાણા, લ્યો! ...

અહીં તો કહે છે, ધર્મનું ગ્રહણ (થવું). ભગવાન સર્વજ્ઞ પ્રભુ, આત્માનો રાગરહિત સ્વભાવ ધર્મ કહે છે, ઈ શું કહે છે કાંઈ સમજાતું નથી. લ્યો! આ દયા, દાન, વ્રત પાળવા એ પુણ્ય

છે. ધર્મ એનાથી જુદી ચીજ છે. આ શું કહે છે કાંઈ આવું, માથું કામ કરતું નથી. બરાબર છે કે નહિ? ધર્મનું ગ્રહણ શું કહે છે એ બુદ્ધિમાં આવવું કઠણ છે.

પહેલું તો શ્રવણ તો દુર્લભ છે, બુદ્ધિમાં પેસવું કે, આ આમ કહે છે અને આવ્યા છતાં પાછું ટકી રહેવું મુશ્કેલ છે. આમ ધાર્યું ખરું કે કાંઈક લાગે છે આમાં. ઘરે જાય તો કાંઈ ન મળે, બહાર નીકળે તો થોથા. ધારણામાં કાંઈ રહે નહિ. ગ્રહણ પછી ધારણ મહા દુર્લભ છે. ધારણ શેનું? આ શું કહે છે એટલું ધારવું, હોં! હજી સમકિતની વાત પછી. આ શું કહે છે આ તે આવો માર્ગ? આમ આત્મા નિર્વિકલ્પ સમાધિસ્વરૂપ છે ને શું આ તે કાંઈ? નિર્વિકલ્પ સમાધિ (જેવો) તો કોઈ શબ્દ સાંભળ્યો ન હોય.

(સંવત) ૧૯૮૦ની સાલમાં એક ફેરી ભાઈ! સ્વરૂપ સમજો સ્વરૂપ, એમ વાત આવી હતી. બોટાદમાં. કીધું ભાઈ! સ્વરૂપ સમજો. ત્યારે કહે, આ ક્યાંથી આવું કાઢ્યું? સ્વરૂપ, સ્વરૂપ? એક (ભાઈ) કહે, આ ક્યાંથી કાઢ્યું? ૧૯૮૦ની વાત છે. ૪૧ વર્ષ થયા. ૧૯૮૦ની સાલમાં કીધું ભાઈ! પાંચ પદનું સ્વરૂપ સમજો. એમ ને એમ ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં (બોલી જાઓ) ઈ ન ચાલે. અરિહંત કોને કહેવા? સિદ્ધ કોને કહેવા? સ્વરૂપ ક્યાંથી (કાઢ્યું)? આપણે કોઈ દિ' (સાંભળ્યું નથી). અત્યાર સુધી સ્વરૂપ સ્વરૂપ કોઈ નહોતું કહેતું.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ભોળા માણસ. કાંઈ ખબર ન મળે વીતરાગનો માર્ગ શું, પરમેશ્વર શું કહે છે?

કહે છે કે, એક તો ગ્રહણ, સાંભળવું મુશ્કેલ, એમાં ગ્રહણ મુશ્કેલ, એમાં વાતને ધારી રાખવી કે, વાત તો આ કહે છે કાંઈક. રાગ ને વિકલ્પ ઉઠે છે એ વિકાર છે, એનાથી રહિત અંદર સ્વભાવ આખો ભર્યો છે, એની અંદર ઓળખાણ કરો. એમ વાત ધારી રાખવી એ પણ મહા દુર્લભ છે. કહો, સાચી વાત છે કે નહિ? બહાર જાય તો ખંખેરી (નાખે), કાંઈ યાદ રહે નહિ. શું સાંભળી આવ્યા? કાંઈ ખબર છે? કાંઈક કહેતા હતા.

મુમુક્ષુ :— સારું, સારું કહેતા હતા.

ઉત્તર :— પણ સારું શું? કાંઈ યાદ રહેતું નથી. વળી કેટલાક એમ કહે, હૈયે છે પણ હોઠે આવતું નથી. વળી એમ કહે. એમ કરીને બચાવ કરે. હોય નહિ ધારણા કાંઈ ધૂળમાં પણ તે. હૈયે તો છે પણ હોઠે આવતું નથી. આ વાતું કરે ને સાંભળીએ ને આ બધા બોલે એમાંથી.

મુમુક્ષુ :— કહી શકાતું નથી.

ઉત્તર :— હા, કહી શકાતું નથી. પણ કાંઈક તો કહે કે, આમ કાંઈક છે. ભાષા તોતડી-બોતડી પણ કાંઈક આવે કે નહિ? ધારવામાં જો આવ્યું હોય, કે ભાઈ! ભગવાન તીર્થંકરદેવ

પરમેશ્વર, ભગવાન આત્મા ચૈતન્ય વીતરાગ સ્વરૂપે કહે છે. એ વીતરાગસ્વરૂપ આત્માનું છે. એને પુણ્ય-પાપના રાગ રહિત અંતરની અનુભવદૃષ્ટિ કરવી, એને ભગવાન ધર્મ કહે છે. એમ એને ધારણામાં તો, પક્કડમાં તો આવવું જોઈએ. સમજાણું કાંઈ?

અને પછી '**શ્રદ્ધાન,...**' એની શ્રદ્ધા બેસવી મહા દુર્લભ છે. રુચિ થવી કે, આ માર્ગ આવો છે. સર્વજ્ઞ પરમાત્માએ કહ્યો એટલે એમ નહિ, પણ વસ્તુનું સ્વરૂપ જ એવું છે. એમ ભગવાન તો જાણે છે ને એમ કહે છે ને એમ વસ્તુ છે. એમ અંતરમાં સમજણને, સાંભળીને, ગ્રહીને, ધારીને, રુચિમાં એ વાત બેસી જવી મહા દુર્લભ છે. સમજાણું કાંઈ?

પછી '**સંયમ,...**' દુર્લભ છે. ઈન્દ્રિયોનું દમન થવું. શ્રદ્ધા પછી. પણ શ્રદ્ધા પછી ઈન્દ્રિયોનું (દમન), અને '**વિષય-સુખોંસે નિવૃત્તિ,...**' વિષય સુખમાં પછી પ્રેમ રહે નહિ. એ પણ એક દુર્લભ છે. એમાં પણ '**ક્રોધાદિ કષાયોંકા અભાવ હોના અત્યંત દુર્લભ હૈ,...**' સમજાણું કાંઈ? એમ પરંપરા એક પછી એક બધી દુર્લભ ચીજ છે.

'**ઔર ઈન સબોંસે ઉત્કૃષ્ટ શુદ્ધાત્મ ભાવનારૂપ વીતરાગી નિર્વિકલ્પ સમાધિકા હોના...**' એમાં પણ સર્વોત્કૃષ્ટ ભગવાન આત્મા પરમાનંદની ખાણ છે. આત્મા પરમ અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે અંદર. એની ભાવના-એમાં એકાગ્રતા (થવી). એવી વીતરાગ નિર્વિકલ્પ, રાગ વિનાની અભેદ,.. સમજાણું? શાંતિ. એનું થવું, શાંતિ—અવિકારી વીતરાગી શાંતિ... શાંતિ... શાંતિ. પર્યાયમાં પ્રગટ થવી મહા દુર્લભ છે. કહો, સમજાણું કાંઈ? આ પ્રભાકર ભટ્ટ કહે છે કે, આવું એક પછી એક મહા દુર્લભ (છે), એમાં આ પામવું તો મહા દુર્લભ છે.

'**ક્યોંકિ ઉસ સમાધિકે શત્રુ જો મિથ્યાત્વ,...**' જુઓ! અહીંથી લીધું છે. સમજાણું કાંઈ? એનો ખુલાસો કર્યો છે. મિથ્યાત્વ છે ને? જુઓ! અંદર. '**वीतरागनिर्विकल्पसमाधिबोधि–प्रतिपक्षभूतानां मिथ्यात्वविषयकषायादिविभावपरिणामानां**' આમાં છેલ્લી લીટી છે. અહીં તો બીજું કહેવું છે કે, ઈ પ્રભાકર ભટ્ટ અથવા યોગીન્દ્રદેવ આચાર્ય એમ કહેવા માગે છે કે, આ આત્મામાં, આત્મામાં આ શુભ-અશુભ ભાવથી રહિત આત્માની શાંતિ, સમ્યગ્દર્શનની શાંતિ, જેને સમાધિ કહીએ, એવી જે સમાધિ, એનો શત્રુ તો મિથ્યાત્વ છે. એમ કોઈ કહે કે, ભાઈ! સમાધિ તો બહુ ઊંચે હોય એનો વેરી રાગ છે. એમ નથી અહીં લીધું. આત્મામાં સમ્યગ્દર્શન. આમ રુચિ તરીકે ભલે હો, પણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અંદર કે, જે આત્મા અનાકુળ આનંદની મૂર્તિ છે, એની અંતરમાં અનુભવ દૃષ્ટિ થઈને જે શાંતિ, અવિકારી સુખ પ્રગટ થવું, એનો વેરી મિથ્યાત્વ ભાવ છે. જ્યાં મિથ્યાત્વ ભાવ છે ત્યાં આત્માની શાંતિ હોતી નથી. સમજાણું કાંઈ?

દેહની ક્રિયા હું કરી શકું, પરની હું દયા પાળી શકું, પરને હું મારી શકું, પરથી મને કાંઈ મદદ મળી શકે, મારા પાપભાવમાં પણ મને ઠીક પડે છે, મારા પુણ્યભાવમાં પણ કાંઈક મને

હિત લાગે છે—એવું જે મિથ્યાત્વ એ આત્માની શાંતિનો વેરી છે. સમાધિ, સમાધિ કહો કે શાંતિ કહો, સમજાણું? આ ચોથા ગુણસ્થાનથી માંડી છે વાત, હોં! તેથી અહીં આ 'મિથ્યાત્વ' શબ્દ પડ્યો છે. સમજાણું કાંઈ? મિથ્યાત્વનો નાશ થતાં-કરતાં વસ્તુ શુદ્ધ અખંડ આનંદનું અનાકુળ આત્મા સ્વરૂપ છે, એની અંતર દૃષ્ટિ થતાં અનાકુળ આનંદની, શાંતિ, સમાધિનું વેદન થાય, એના વેરી મિથ્યાત્વ છે, પ્રભુ! એ મિથ્યાત્વને લઈને આ વેદન મારું થયું નથી. એમ પૂછે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ત્યારથી પોતાની યોગ્યતાથી ખબર પડવા માંડી. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

'**મિથ્યાત્વ, વિષય,...**' પર વિષય ઉપર લક્ષ, '**કષાય, ક્રોધ, માન આદિ વિભાવ પરિણામ હૈં,...**' આત્માની શાંતિ, એના વેરીઓ આ મિથ્યા અભિપ્રાય, રાગ-દ્વેષના પરિણામ છે. સમજાણું કાંઈ? '**ઉનકી પ્રબલતા હૈ.**' એની પ્રબળતા અનાદિ કાળની, ઊંધી માન્યતા, ઊંધો અભિપ્રાય. વાસ્તવિક પુણ્ય-પાપ મલિન છે, ભગવાન નિર્મળાનંદ છે, શરીર આદિ અજીવ ભિન્ન તત્ત્વ છે, એના કાર્યો ભિન્ન ભિન્ન છે—એવી જે માન્યતાથી વિરૂદ્ધ મિથ્યાત્વની માન્યતા એની પ્રબળતા જગતમાં અનાદિથી વર્તે છે. કહો, સમજાણું કાંઈ?

'**ઈસલિયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી પ્રાપ્તિ નહીં હોતી...**' વિપરીત અભિપ્રાય ને કષાયને લઈને આત્માના શુદ્ધ સ્વભાવનું સમ્યગ્દર્શન, સ્વનું જ્ઞાન અને સ્વનું ચારિત્ર, એની પ્રાપ્તિ આના પ્રબળપણાને કારણે હોતી નથી. મિથ્યાત્વના પ્રબળ પરિણામે કષાયની પ્રબળતા (છે). '**ઔર ઈનકા પાના હી બોધિ હૈ,...**' એને-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પામવું એ જ બોધિ છે, એ બોધિ (છે). આહા..હા..! સમજાણું? આત્મા આખી ચીજ છે ને વસ્તુ? પદાર્થ. હવે એક ગોળ હોય તો કેટલા ગુણ હોય એમાં? ગોળમાં કેટલા ગુણો? મીઠો હોય, ધોળો હોય, સુંવાળો હોય, ભારે હોય વિગેરે વિગેરે હોય છે કે નહિ શક્તિઓ? એ વસ્તુ છે એમ ભગવાન આત્મા મહાન પદાર્થ છે. જે બીજા પદાર્થને પણ જાણનારો ને કબુલનારો, એ કેટલો મહાન છે! એમાં અનંતા અનંતા ગુણો ભગવાને ભાળ્યા ને જોયા ને છે. એવા ગુણોની વિપરીતતાથી મિથ્યાત્વભાવથી, પ્રભુ! (હું) આ સમ્યગ્દર્શન બોધિને ન પામ્યો. સમજાણું કાંઈ? મારા સ્વરૂપની (અર્થાત્) શુદ્ધ ચૈતન્યપદાર્થ ભગવાન એની અંતર્મુખ દૃષ્ટિ થવી, એનું જ્ઞાન ને એની લીનતા થવી, એ ત્રણની પ્રાપ્તિને અહીંયા બોધિની પ્રાપ્તિ કહે છે.

'**ઉસ બોધિકા જો નિર્વિષયપનેસે ધારણ વહી સમાધિ હૈ.**' એ નિર્વિષય શબ્દ છે ને ત્યાં નિર્વિઘ્ન જોઈએ. સુધાર્યું, પહેલું વાંચ્યું ત્યારે. એનું નિર્વિઘ્ન નામ જે આત્માની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ અંદરમાં અપૂર્વ અનંત કાળમાં નહિ પ્રગટેલા પ્રગટ્યા, એને બોધિ કહેવામાં આવે

છે. અને એની એ ધારાએ મૃત્યુએ આરાધક થઈને, મૃત્યુએ આરાધક થઈને સાથે લઈને જાય, નિર્વિઘ્નપણે ધારણ ને સમાધિ થઈને લઈને જાય, એને અહીંયા સમાધિ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— અહીંયા પ્રાપ્તિ કરી હવે...

ઉત્તર :— પણ પાછું ઠેઠ અખંડ રાખે ત્યારે લઈને જાય ને. મૃત્યુ સુધી એની શાંતિની સમાધિની આરાધના, સેવન. એમ આનંદનું સેવન, શાંતિનું સેવન. દેહ છૂટે તોય અંદર શાંતિના આનંદના અનુભવથી દેહ છૂટે. તો એ શ્રદ્ધા, જ્ઞાનની પ્રાપ્તિ થયેલી તે લાંબો કાળ રહે ને સમાધિને આપે અને આવતા ભવ સુધી પણ કેવળજ્ઞાનને પામવા સુધી એ કામ કરે. કહો, સમજાણું?

**'ઈસ તરહ બોધિ સમાધિકા લક્ષણ સબ જગહ જાનના ચાહિયે...'** બોધિ ને સમાધિની વ્યાખ્યા આ. આમાં નથી આવતું? 'સમાહિવર મુત્તં દિંતુ'. પણ આ સમાધિ. સમાધિના અર્થની ખબર નથી કોઈને. ભગવાનભાઈ! 'એવં મઈ અભિથુઆ, વિહુય રયમલા' શબ્દના (અર્થની) ખબર ન મળે કાંઈ. વિહા રોઈ મળ્યા (એમ કહે). એક જણાને તકરાર ચાલતી હતી. દશા ને વિશાને. વિહા રોઈ મળ્યા. પણ અહીં લોગસ્સમાં વિહા રોઈ મળ્યા, ક્યાંથી આવ્યા? ... એવું વળી એક જણ કહે. આ તો 'એવં મઈ અભિથુઆ'. આમ તો 'વિહુય રયમલા' (એટલે) વિહુય (અર્થાત્) ટાળ્યા છે જેણે કર્મ ને રાગ-દ્વેષના ભાવ. એવો ભગવાન આત્મા પરમાત્મા તીર્થંકરો એની ઓળખીને સ્તુતિ કરે છે. એમાં 'સમાહિવર મુત્તં દિંત્તુ' (અર્થાત્) હે પ્રભુ! મને મારો આરોગ્ય બોહિ લાભં. આવે છે ને? 'આરુગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તં દિંત્તુ'. આરોગ્ય એટલે આત્માનું પુણ્ય-પાપના ભાવ વિનાનું સ્વરૂપ તે નિરોગ ને આરોગ્ય છે, એની મને પ્રાપ્તિ થઈ, એની મને બોધિ થઈ 'સમાહિ વર મુત્ત દિંત્તુ' મને શાંતિ... શાંતિ... શાંતિ... નિર્વિકલ્પ વીતરાગતા મૃત્યુ સુધી રહો, આવતા ભવ સુધી કેવળજ્ઞાન પામો ત્યાં સુધી રહો. આહા..હા..! એવા એના અર્થ છે, અર્થની ખબર ન મળે. ગડીયો હાંકે જાય. જયંતિભાઈ! ગડીયાને ક્યા કહતે હૈં (હિન્દીમાં)? પહાડા... પહાડા. આહા..હા..! પહાડો-પહાડો. પાઠ. પાઠને ગોખે. શું કહે છે કાંઈ ખબર ન મળે.

મુમુક્ષુ :— ભગવાને કહ્યું એ સાચું.

ઉત્તર :— શું ભગવાન કહ્યું? એના ભાવ સમજ્યા વિના ભગવાન શું કહે છે એની ક્યાંથી ખબર પડી? જ્ઞાનમાં ભાન વિના ભગવાન કહે ઈ સાચું આવ્યું ક્યાંથી? કહો.

કહે છે, **'ઈસ તરહ બોધિ સમાધિકા લક્ષણ સબ જગહ જાનના ચાહિયે. ઈસ બોધિ સમાધિકા મુજમેં અભાવ હૈ,...'** આ શિષ્ય કહે છે, પ્રભુ! આમ ભાન છે એને.

આવી બોધિ ને આવી સમાધિનો, પ્રભુ! મને અભાવ છે, હોં! તો હવે એ બોધિ-સમાધિ કેમ પ્રાપ્ત થાય એ મને કહો. આહા..હા..! '**ઈસ બોધિ સમાધિકા મુજમેં અભાવ હૈ,...**' આવું જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને એવી જે સમાધિ નામ અખંડ નિર્વિઘ્નપણે આરાધન થઈને જાવું, પ્રભુ! મારામાં અભાવ છે.

'**ઈસલિયે સંસાર-સમુદ્ર ભટકતે હુએ...**' ભગવાન! ચોરાશીના અવતારમાં રખડતા રખડતા '**મૈંને વીતરાગ પરમાનંદ સુખ નહીં પાયા,...**' દેખો! આ ચોરાશીના અવતારમાં વીતરાગ પરમાનંદ સુખ ન પામ્યો. ચોથું ગુણસ્થાન ન પામ્યો એમ કહ્યું છે અહીંયા. આહા..હા..! સમ્યક્ આત્માનું ભાન ગૃહસ્થાશ્રમમાં સમ્યગ્દર્શન થતાં, રાગ રહિત પરમાનંદની શાંતિનો અનુભવ થાય એને સમકિત કહે છે. એમ નહિ કે આ દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા અમે માનીએ (છીએ), ભગવાન સાચા (માનીએ છીએ), એમ નહિ. એવું તો અનંત વાર માન્યું. એમાં કાંઈ દાળિયા નથી. આહા..હા..!

મુમુક્ષુ :— ધમ્મો મંગલ મુખ્ય છે.

ઉત્તર :— શું ધમ્મો મંગલ મુખ્ય છે? ધર્મ કોને કહેવો, મંગળ કોને કહેવું, ભાન ન મળે શબ્દોમાં. એના ભાવમાં શું ભર્યું છે અંદર આત્મામાં? આ વાત તો ભાઈ! અત્યારે એવી બધી ફેરફાર થઈ ગયો છે. તેથી તો આ પોકારે છે તે દિ'થી જુઓને! યોગીન્દ્રદેવ પાસે. પ્રભુ! આ સંસારના ચોરાશીના અવતાર અનેક અનેક કરી જિન દીક્ષા પણ અનંત વાર લીધી. પણ આત્માનું સમ્યગ્દર્શન શું સ્વરૂપ(નું) એ દીક્ષામાં પણ સમજ્યો નહિ. પુણ્યની ક્રિયા હતી, પુણ્ય બાંધ્યું, સ્વર્ગમાં ગયો, ચાર ગતિમાં રખડ્યો. સમજાણું કાંઈ?

'**મૈંને વીતરાગ પરમાનંદ સુખ નહીં પાયા, કિન્તુ ઉસ સુખસે વિપરીત** (ઉલટા) **આકુલતાકે ઉત્પન્ન કરનેવાલા નાના પ્રકારકા શરીરકા તથા મનકા દુઃખ હી ચારોં ગતિયોંમે ભ્રમણ કરતે હુએ પાયા.**' ચાર ગતિમાં તો મન ને શરીરના દુઃખ જ પામ્યો. શરીરમાં રોગ આવે તો એનું દુઃખ અંદર, ન હોય તો ત્યારે મનની કલ્પનાના દુઃખો. પુણ્ય-પાપની આકુળતાના દુઃખ. જ્યાં હોય ત્યાં પ્રભુ મેં દુઃખ ભોગવ્યું છે, હોં! ઓહો..! હું નવમી ગ્રૈવેયકે ગયો પણ મેં દુઃખ ભોગવ્યું છે, એમ અહીં તો કહે છે. પંચ મહાવ્રત પાળ્યા, દયાઓ પાળી, વ્રત પાળ્યા, ભક્તિઓ કરી, શુભરાગમાં દુઃખ હતું, એની પાછળ આત્મા કોણ એના ભાન વિના, સમ્યગ્દર્શન વિના એ બધું દુઃખ જ હતું, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અનેક પ્રકારના શરીરનો... શારીરિક અને માનસિક દુઃખ ભોગવ્યા.

'**ઈસ સંસાર-સાગરમેં ભ્રમણ કરતે મનુષ્ય દેહ આદિકા પાના બહુત દુર્લભ હૈ, પરંતુ ઉસકો પાકર કભી પ્રમાદી** (આલસી) **નહીં હોના ચાહિયે.**' જૈનશાસનનું સમ્યગ્જ્ઞાન

પામીને, આવી અપૂર્વ વાત અંતરમાં સમ્યગ્જ્ઞાન મેળવીને એણે પ્રમાદ ન કરવો જોઈએ. એણે એ રત્નને સાચવી રાખવું જોઈએ. આહા..હા..! જૈન પરમેશ્વરે કહેલો વીતરાગી આત્માનો સ્વભાવ, એની જે જ્ઞાન ને શ્રદ્ધા મળી એમાં પ્રમાદ ન કરવો જોઈએ, એમ કહે છે. છે ને એ શ્લોક છે અંદર? **'इत्यतिंदुर्लभरूपां बोधिं लब्ध्वा यदि प्रमादी स्यात्। संसृतिभीमारण्ये भ्रमति वराको'** ભિખારી થઈ અને આ ભગવાનના શાસનમાં સમ્યગ્જ્ઞાનમાં ન્યાય સમ્યક્ શ્રદ્ધા મળી એને જો નહિ સાચવે તો ભિખારી ચાર ગતિમાં રખડશે. આ દુનિયાને કારણે... પણ આ દુનિયા આમ નથી માનતી, દુનિયા અમને આમ કહે છે. દુનિયા તો દુનિયાને ઘરે રહેશે, લે. સમજાણું કાંઈ?

વીતરાગ પરમાત્માએ કહેલો આત્મા, જે પુણ્ય-પાપના વિકલ્પના રાગ રહિત (છે) એનું જ્ઞાન, શ્રદ્ધા પામીને એણે આળસ ન કરવી, પ્રમાદ ન કરવો. એ પ્રમાદમાં એ વાતને ગુમાવવી નહિ. દુનિયાની દરકારથી કે, દુનિયાને શું થશે? દુનિયા મને આમ માનશે, પહેલા દુનિયા કહેતી કે, આમ છે, વળી દુનિયા શું માને છે? ભગવાન શું કહે છે? આ વચ્ચે વિરોધ થાશે. દુનિયાનું મુકી દે તું. તારો માર્ગ જે વીતરાગ સ્વરૂપની દૃષ્ટિ ને જ્ઞાન એને પ્રમાદમાં આળસમાં ગોપવીશ નહિ, નાશ કરીશ નહિ. શું કહે છે સમજાણું? એવી જે અપૂર્વ દૃષ્ટિ અને જ્ઞાન મળ્યા, એને દુનિયાની સાથે તું મેળવવા જાઈશ તો નહિ મળે. દુનિયાની સાથે એનો મેળ નહિ ખાય. તો દુનિયાની સાથે જ્યાં-ત્યાં ભટકીને આમાં કાંઈક હશે બીજું? આ બધા તો માનતા નથી—એમ કરીને તારી વાતને ખોટી પાડીશ નહિ ને એને ગુમાવીશ નહિ, આરાધન કરજે. દુનિયામાં ઈર્ષા કરનારા ઘણા નીકળશે. આવે છે ને 'નિયમસારમાં'? આહા..હા..! સુંદર માર્ગના ઈર્ષા કરનારા નીકળશે, નિંદા કરનારા નીકળશે, ભાઈ! પણ તારી મુડી સાચવજે. એ ચોર મળશે પણ મુડી રાખજે. ભીખાભાઈ!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, પણ પૈસા રાખ્યાને ડોસાએ? ... રહેવાના હતા.

મુમુક્ષુ :— યુક્તિ શોધી કાઢી.

ઉત્તર :— યુક્તિ શોધી કાઢી. એમના બાપ નારણ શેઠ હતા (એ) પહેલેથી પૈસાવાળા માણસ. નાગ્નેશ આ એમના બાપા નારણભાઈ એ ઉઘરાણી નાખે ચારે કોર પાંચ, પચ્ચીસ હજારની ઉઘરાણીએ નીકળે. એમાં એક વાર ચોર નીકળ્યા. નારણ શેઠ નીકળ્યા છે માટે ક્યાંક ઉઘરાણી લઈને બે, પાંચ હજાર હશે કે પંદરસો, બે હજાર હશે કાંઈક. બે હજાર હતા. નારણ શેઠ નીકળ્યા. ચોરને ખબર. આમના પિતાજીની વાત છે. પણ લૂગડાં આમ બધા જૂના માણસ એવા રાખતા ને કડીયા મેલા, માથે બાંધવાનું મેલુ ને એવું બધું રાખતા. એમાં પેલો નીકળ્યો.

નારણ શેઠ ચાલીને આવતા હતા. ખબર પડી કે, આ ચોર છે. એ.. બાપા! આઘા રહેજો. પેલાને (થયું). આ નારણ શેઠ નથી. જાવ. બે હજાર રૂપિયા લઈને ચાલ્યા ગયા ઘરે. ચોર લુટારા આવે તો ધ્યાન રાખજે, એમ કહે છે. કહો સમજાણું કાંઈ? આ આમના બાપની વાત ચાલે છે, હોં! જુઓ! છોટાલાલ નારણ, એમના દીકરા મલુકચંદ અને એમના દીકરા પુનમચંદ... દીકરા પાસે બે કરોડ રૂપિયા (છે). પેલા પાસે થોડા હતા. ત્રીસ, પાત્રીસ, ચાલીસ હજાર કહેવાતા એ વખતે. આ તો ૫૦-૬૦ વર્ષ (પહેલા)ની વાત છે. ખબર છે ને બધી સાંભળી છે ને અમે તો તરત આવ્યા હતા ને. (સંવત) ૧૯૭૧માં નાગ્નેશ આવ્યા હતા. ૧૯૭૦ની સાલમાં દીક્ષા ને ૧૯૭૧ની સાલમાં આવ્યા હતા. ત્યારથી બધી અમને ખબર છે.

મુમુક્ષુ :— ઘોડા ઉપર જાતા હતા.

ઉત્તર :— જાતા હશે. ઘોડા ઉપર જાતા. આ જાતા હતા. પણ પેલાને એમ કીધું, આઘા રહેજો. (ચોરને થયું), આ તો વળી બીજા છે. અહીં કહે છે કે, એટલે દુનિયાના લૂંટારા મળશે. તને વીતરાગ માર્ગના જે શ્રદ્ધા ને જ્ઞાન થયા એને જાળવજે. લૂંટાઈશ નહિ, પ્રમાદ કરીશ નહિ. શેઠી. પ્રમાદી નહીં હોના.

'**જો પ્રમાદી હો જાતે હૈં, વે સંસારરૂપી વનમેં અનંતકાલ ભટકતે હૈં. ઐસા હી દૂસરે ગ્રંથોમેં ભી કહા હૈ—'इत्यतिदुर्लभरूपां' ઇસકા અભિપ્રાય ઐસા હૈ, કિ યહ મહાન દુર્લભ જો જૈનશાસ્ત્રકા જ્ઞાન હૈ,...**' વીતરાગ પરમાત્માનું સાચું જ્ઞાન મળવું એ અનંત કાળે મહા દુર્લભ છે. સમજાણું કાંઈ? આમ તો બધા ઘણા ભણેલા ને વાતું-બાતું કરે એ બધી ખોટી, ગપ્પે-ગપ્પ મારે. આત્માનું જ્ઞાન વસ્તુ જૈનશાસ્ત્ર, વીતરાગ કહે છે, એવો આ આત્મા, એનો રાગ રહિત, પુણ્ય-પાપ રહિતનું જ્ઞાન એની શ્રદ્ધા, એનો અનુભવ, એવું જૈનશાસ્ત્રનું એ જ્ઞાન મહા દુર્લભ છે, મહા દુર્લભ. સમજાય છે કાંઈ? અન્યમાં તો નથી પણ જૈનના વાડામાં પણ ઠેકાણા નથી. એટલે કહે છે કે, એની વીતરાગી વાત, સર્વજ્ઞ પરમાત્માનું કહેલું જ્ઞાન મહા દુર્લભ છે, મહાન દુર્લભ છે એમ કહે છે.

'**ઉસકો પાકે જો જીવ પ્રમાદી હો જાતા હૈ, વહ રંક પુરુષ...**' જુઓ! રાંકા '**वराको**' કહ્યું હતું ને? '**वराक**' '**वराक**' ભિખારી! તને રત્ન રાખતા આવડ્યું નહિ. આહા..હા..! દુનિયાના માનમાં ને આબરૂમાં ને કીર્તિમાં (રાજી થાય છે), આ તો કીર્તિ વધી. મરી જઈશ હવે એમાં. સમજાણું કાંઈ? 'લહી ભવ્યતા મોટું માન, કોણ અભવ્ય ત્રિભુવન અપમાન.' ભગવાન કહે કે, આ જીવ સમકિતી ને ભવ્ય છે. પછી તારે કોનું માન જોવે છે? ભગવાનની દૃષ્ટિમાં આવ્યું કે, આની શ્રદ્ધા મિથ્યા છે. હવે તારે કોના અપમાન જોવે છે? આહા..હા..! સમજાણું કાંઈ? '**રંક પુરુષ બહુત કાલતક સંસારરૂપી ભયાનક વનમેં ભટકતા હૈ.**'

**'સારાંશ વહ હુઆ, કિ વીતરાગ પરમાનંદ સુખકે ન મિલનેસે...'** દેખો! એ પાછી વાત લીધી છેલ્લી. મારો આનંદ પ્રભુ! મારો આનંદ એવું સમ્યગ્દર્શન. સમ્યગ્દર્શનમાં જે આનંદ આવે એનું નામ આનંદ અને એ સુખ સમ્યગ્દર્શન. એવું રાગ રહિત આત્માની શ્રદ્ધા ને સમકિત જ્ઞાન, **'પરમાનંદ સુખકે ન મિલનેસે યહ જીવ સંસારરૂપી વનમેં ભટક રહા હૈ, ઈસલિયે વીતરાગ પરમાનંદ સુખ હી આદર કરને યોગ્ય હૈ.'** લ્યો! આ એનો સરવાળો કર્યો. બધું છોડી ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપ (છે), એનો અતીન્દ્રિય આનંદ શ્રદ્ધા, જ્ઞાનમાં પ્રગટ કરી એ આદરવા લાયક છે. બાકી કોઈ આદરવા લાયક છે નહિ. એવું એણે ઉપાદેયપણે આત્માને જાણવો, અનુભવવો, એ જ આદરવા લાયક છે. પુણ્ય-પાપ આદિ કોઈ આદરવા લાયક નથી.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૩, સોમવાર, તા. ૨૭-૯-૧૯૬૫**
**ગાથા-૧૦, ૧૧. પ્રવચન-૮**

આ 'પરમાત્મપ્રકાશ' છે. પહેલો અધ્યાય, દશમી ગાથા. પ્રભાકર ભટ્ટ પોતાનો પરમાત્મ સ્વભાવ સમજવાની અભિલાષવાળો પ્રશ્ન કરે છે. **'આગે જિસ પરમાત્મ-સ્વભાવકે અલાભમેં...'** આ પરમાત્મા એટલે પોતાનો જે શુદ્ધ આનંદ અને જ્ઞાયક સ્વભાવ, એનો અનાદિથી અલાભ નામ કોઈ દિ' એનો લાભ થયો નહિ. સમજાણું? એના અલાભમાં **'યહ જીવ અનાદિ કાલસે ભટક રહા થા,...'** લ્યો! બીજી ચીજો અનંત વાર મળી. શરીર, સામગ્રી, સ્વર્ગ, પુણ્ય-પાપના ભાવની સામગ્રી પણ અનંત વાર મળી. ભાવ, ભાવની સામગ્રી, હોં! એના ફળની બહારની વાત (છે). પણ એક આત્મા અંદર વસ્તુ કેવળજ્ઞાનનો કંદ પ્રભુ એનો મને, પ્રભુ! અનાદિથી અલાભ છે. લ્યો! બીજા બધાનો લાભ હોવા છતાં એ બધું દુઃખ છે. સમજાણું કાંઈ?

આ પરમાત્મસ્વભાવ, મારો અંદર જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ, શુદ્ધસ્વભાવ એનો મને અનાદિથી અલાભ છે, મને એનો લાભ ન થયો. જુઓ! આ જિજ્ઞાસુની ધગશ! પ્રભુ! મને

મારા આત્મસ્વભાવના અલાભને લઈને, હું સંસારમાં રખડી રહ્યો છું. એમ શિષ્ય પ્રશ્નમાં પહેલો આવો જ ભાવ મૂકે છે. સમજાય છે? પ્રભુ! આ પરમાત્મ મારો અંતર સ્વભાવ, જે અનાદિ વસ્તુ છે એમ પોતે શ્રદ્ધા કરીને કહે છે, હોં! એનો મને અલાભ (છે). એને કારણે '**અનાદિ કાલસે ભટક રહા થા, ઉસી પરમાત્મસ્વભાવકા વ્યાખ્યાન પ્રભાકરભટ્ટ સુનના ચાહતા હૈ—**' દેખો! બીજું મારે કાંઈ નથી. આ આત્મા પ્રભુ! પૂર્ણ શું છે? આહા..હા..! અરે..! જેના વિરહે ચાર ગતિના દુઃખ સહન કર્યા. જેના લાભ વિના ચોર્યાશીના અવતારમાં અનંતકાળ પીલાણો, ભીંસાણો, દુઃખી થયો, ભગવાન! આહા..હા..! મારો આત્મસ્વભાવ પરમાત્મસ્વભાવ અંદર વસ્તુપણે શું છે? એના લાભ વિના મને બીજા લાભ મળ્યા એ તો દુઃખના લાભ મળ્યા. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, પ્રભુ! એ પરમાત્માનો સ્વભાવ શું છે? આ નિજ પરમાત્મપ્રકાશ છે ને? અંતર પરમાત્મા સ્વરૂપે શુદ્ધ ચિદાનંદ એ વસ્તુ શું છે? કે, જેનો મને અનંત કાળમાં વિરહ છે, અલાભ છે, વિયોગ છે અને એ સિવાયના વિકારી ભાવ અને ફળનો મને સંયોગ છે, પ્રભુ! એ તો બધા દુઃખરૂપ છે. આહા..હા..! જુઓ! આ શિષ્યની જિજ્ઞાસામાં પરમાત્માનો ધગશભાવ! પરમાત્મા તે કોણ છે? પ્રભુ! જેને જોયે આનંદ થાય, જેને મળ્યે સુખ દશા થાય, જેને ભેટે ભગવાનના ભેટા થાય. આહા..હા..! સમજાણું કાંઈ? એવો પરમાત્મા શું છે આ?

'**પ્રભાકરભટ્ટ સુનના ચાહતા હૈ—**' આ સાંભળવા માગે છે. મારે બીજી વાત પછી. મારે આ જોઈએ. આ શું ચીજ છે પણ આ તે? આ પ્રશ્ન ધર્માર્થી જીવનો, મોક્ષના અભિલાષી જીવનો, સંસારના શુભ-અશુભ ભાવો અને એના ફળોનો દુઃખરૂપ લાભ એનાથી જેને રુચિ હટી છે અને આ પરમાત્મ સ્વભાવની અંતર રુચિ થઈ છે. એ શું ચીજ છે એમ વિશેષપણે ગુરુ પાસે એ લાભ લેવા માગે છે. એને સંભળાવો, પ્રભુ! એ સંભળાવો મને. આ શું ચીજ છે? કહો, સમજાણું આમાં?

**૧૦) चउ-गइ-दुक्खहँ तत्ताहँ जो परमप्पउ कोइ।**
**चउ-गइ-दुक्ख-विणासयरु कहहु पसाएँ सो वि।।१०।।**

પોતે એટલો તો અંદર નિર્ણય કર્યો છે, અને હવે વિશેષ પૂછે છે. શું? કે, આ '**દેવગતિ, મનુષ્યગતિ, નરકગતિ, તિર્યંચગતિયોંકે દુઃખોંસે તપ્તાયમાન સંસારી જીવોંકે...**' લોઢાના તપાયેલા કડાયામાં જેમ કીડીઓ નાખે અને હડ હડ બળે. કીડી-કીડી. કીડી સમજતે હો? ચીટિંયા. એ લોઢાના ધગધગતા તવામાં, એમાં કોઈ કીડી પચ્ચીસ, પચાસ, સો, પાંચસો (નાખે એ હડ હડ બળી જાય). એમ આ ચોર્યાશીની ગતિમાં, પ્રભુ! અમે તપ્તાયમાન, દુઃખી છીએ. આહા..હા..!

અરે..! ક્યાંય શરણ જોવા માગે ત્યાં શરણ શું છે એની ઉપર નજર જાતી નથી અને અહીં નજરું પોગી ત્યાં પુણ્ય ને પાપના ફળ ને પુણ્ય-પાપના ભાવ. જ્યાં એકલા દુઃખ ને દુઃખના ડુંગરો તપ્તાયમાન, તપ્તાયમાન. જાજ્વલમાન અગ્નિમાં શેકાઈએ છીએ, પ્રભુ! આહા..હા..! એ આકુળતા શુભ અને અશુભભાવની, એ આકુળતામાં અમે ઝળ્યા, બળ્યા, તપી રહ્યા છીએ. રતિભાઈ! જુઓ! પ્રશ્ન તો જુઓ! પણ આ બધું છે ને? આ શરીર છે, લક્ષ્મી છે, આ બાયડી-છોકરા છે. પ્રભુ! એના તરફનો ભાવ તપ્તાયમાન જાજ્વલમાન અગ્નિથી શેકાય એવો એ ભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ કહે છે, પ્રભુ! **'ચાર ગતિયોંકે દુઃખોંકા વિનાશ કરનેવાલા...'** એવી જે તપ્તાયમાન દુઃખ દશા છે. આમ વસ્તુ એકકોર શાંતરસનો કંદ પડ્યો રહ્યો આખો. કે, જે આ આકુળતાનો નાશ કરનાર છે. સમજાય છે કાંઈ? મારો પ્રભુ, મારો પ્રભુ, આકુળતાનો નાશ કરનાર મારી નજરમાંથી વયો ગયો. કહો, જમુભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :— ... બધાને આવું જ થાતું હશે?

ઉત્તર :— થાય એને આવું થાય અંદરથી એમ કહે છે. 'ક્ષણ રે ન રાચું રે આ સંસારમાં' હે માતા! આમ હજારો રાણીઓ હોય છે. શરીર સુંદર, રાજના કુંવરો. મણી રત્નના પાટુના બંગલા હોય છે. માતા! હવે ક્ષણ પણ રાચું નહિ. 'ક્ષણ રે રાચું નહિ રે આ સંસારમાં' માતા! આ સંસારના દુઃખો, મને હવે એમાં રુચિ નથી. દે આજ્ઞા. રજા આપ, માતા! આહા..હા..! માતા! બીજી જનેતા હવે ન કરું એમ આજ્ઞા દે હવે. આ કલંક શરીર ધારણ કરવા, અંદર મન, વાણીના સંયોગ થવા, અને પુણ્ય-પાપની આકુળતાના એ તપ્તાયમાન દુઃખોમાં હળહળતા સળગવું, માતા! એને છોડીને હવે અમને શાંતિમાં જાવું છે અંદરમાં.

એ પરમાત્મા કેવો છે? પ્રભાકર ભટ્ટ કહે છે, જુઓ! ચાર ગતિના દુઃખોનો વિનાશ કરવાવાળો. જુઓ! અહીં બે વાત કરી. આહા..હા..! એ ભગવાન આત્મા જ્ઞાન, કેવળજ્ઞાનનો પિંડ એકલો છે. સમજાણું? એ તો એકલો જ્ઞાનનું, સત્ત્વનું રસકંદ છે. એ આત્મા એટલે કે આત્મા એ તો વસ્તુ થઈ, પણ શક્તિ શું? એટલે કે એ તો જ્ઞાનનો એકલો રસ સ્વભાવ પિંડ-પિંડલો, આનંદનો માવો એકલો આત્મા છે. પ્રભુ! પરમાત્મા ચાર ગતિના આકુળતાના દુઃખનો નાશ કરનાર છે. એ પરમાત્મા મને સંભળાવો. એમ કહે છે, લ્યો! સમજાણું કાંઈ?

આમ પચ્ચીસ-પચ્ચીસ, ત્રીસ-ત્રીસ વર્ષના જુવાન રાજકુમારો, આમ રત્નના પિંડલા જેવા શરીર હોય. કાયર થઈ ગયા. માતા! આ દુઃખ હવે સહ્યા નથી જતાં. ક્યા દુઃખો? આ શરીરનો ટાંગો ન હાલે એ નહિ, હોં! હમણાં રાડ પાડતા હતા ને આવ્યા ત્યારે? કંટાળી ગયા છીએ આ શરીરથી. અંદરમાં આકુળતા ઉત્પન્ન થાય છે એ દુઃખ છે. શરીરને કારણે નહિ. આહા..હા..!

આકુળતાના ઝળ્યા, બળ્યા (એવા મને), પ્રભુ! અમારો વિસામો ભગવાન પરમાત્મા અંદર છે. પ્રભુ! એને અમને સંભળાવો. એવી માગણી અંતરની ધગશથી કરી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કેવો છે ઈ? '**ચિદાનંદ પરમાત્મા હૈ,...**' દેખો! પોતે ને પોતે પૂછનાર પૂછીને ભાઈ! કહે છે. આહા..હા..! ભગવાન! મને તો લાગે છે ને કે, આ આકુળતા જે ચાર ગતિના દુઃખોની આકુળતા, હોં! અંદર વિકાર, વિકાર સળગે છે. વિકલ્પની ઝાળું ઉઠીને શાંતિને રોકે છે. એવી વિકલ્પની ઝાળની પાછળ ભગવાન, એ ચિદાનંદ પરમાત્મા છે ને! પરમાત્મ શબ્દનો અર્થ કરીને એ જ્ઞાન ને આનંદ બે લીધા. એ જ્ઞાનનો આનંદ, જ્ઞાનનો આનંદ. જ્ઞાન જેનું શરીર ને આનંદ જેનું રૂપ. એવો ભગવાન પરમાત્મા '**ઉસકો કૃપા કરકે...**' એને હે મહારાજ! આપ કૃપા કરીને મને એ સંભળાવો. આપની મહેરબાની હોય તો એ કહો. દેખો! આહા..હા..! '**કૃપા કરકે હે શ્રીગુરુ, તુમ કહો.**' હું સાંભળવાને પ્રભુ! તૈયાર બેઠો છું. પ્રભુ! મને એ સંભળાવો. મારે બીજું કાંઈ સાંભળવું નથી. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? જુઓ! આ સંસારના ભયથી કંટાળેલા જીવો અને ચિદાનંદ પરમાત્માને પામવાના કામિની આવી ભૂમિકા હોય છે. સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન! અમે તપ્તાયમાન છીએ, હોં! ઝળ્યા-બળ્યા છીએ. આહા..હા..! એ ચાર ગતિના દુઃખોનો નાશ કરવાવાળો યહ, યહ ... જો કોઈ. એટલે કે આ વિકારી આકુળતાને સંયોગ વિનાની કોઈ ચીજ અંદર છે. એવો '**ચિદાનંદ પરમાત્મા હૈ, ઉસકો...**' આપની કૃપાથી. જુઓ! ભાષા પાછી આ. પ્રભુ! મને કહો જ એમ નહિ. મને મહેરબાની કરો, કૃપા કરીને સંભળાવો મને. સંભળાવો એમ નથી કહેતો. સમજાય છે? સંભળાવો એમ પ્રભુ! કૃપા કરો આપ. કૃપા કરીને એ સંભળાવો. આહા..હા..! સમજાણું કાંઈ?

જેને આનંદની ભૂખ લાગી છે અંદરની. અરે..! આકુળતાએ પેટ ન ભરાણા. દુઃખી... દુઃખી... દુઃખી... દેવમાં પણ અમે દુઃખી, શેઠિયામાં દુઃખી, રાજમાં દુઃખી, એટલી એટલી સગવડતાના ઢગલા જેને એક હુકમ કરે ને એકવીસ તૈયાર થાય. પ્રભુ! પણ એ દુઃખ, હોં! એના તરફના આકુળતાના ઝાંવાં એ દુઃખ છે. એ દુઃખનો નાશનો કરનાર તો આ પરમાત્મા અંદર છે. સમજાણું કાંઈ?

આપના '**प्रसादेन**' હોં! પ્રભુ! આપની પ્રસાદી તરીકે આપ કૃપા તરીકે આ સંભળાવો એમ માંગુ છું. એટલી ભૂમિકા પહેલી ગાથા... પરમાત્માને પૂછનારને કેટલી શૈલી વિનયની છે! અને કેટલી ધગશ છે! એમ વેઠની જેમ એ ભણી ગયો ને સાંભળી ગયો ને કરી ગયો (એમ નથી). એ તો અનંત વાર કર્યા એવા. એમાં કાંઈ ધૂળ મળી નહિ ને કાંઈ થયું નહિ. સમજાણું કાંઈ?

આવા વિનયથી નિર્માનપણે અંતરના સ્વરૂપની રુચિ તો છે. આ ચિદાનંદ ભગવાન છે. આ આકુળતા... હવે મારે વિશેષ સાંભળવું છે. એ તે કેવું એનું સ્વરૂપ છે? આહા..હા..!

'**શ્રીગુરુ, તુમ કહો...**' '**(कथय)**' પણ '**प्रसादेन कथय**' હોં! આમ કહો એમ નહિ. આનો મને ઉત્તર આપો એમ નહિ. મહારાજ! મહેરબાની કરોને. અમારા ચિદાનંદ ભગવાન અંદર સ્વરૂપમાં શું છે? ઈ ખજાનો કેવો છે? પ્રભુ! આપની મહેરબાની હોય તો એ વાત કરો મને. આહા...હા..! અહીં તો લહેરું મારવી છે બહારમાં, માન મેળવવા, આબરૂ મેળવવી, કીર્તિ મેળવવી, આમ મેળવવા, શાસ્ત્ર બહાને પણ આબરૂ ને કીર્તિ મેળવવી. એને ક્યાં અંદર આત્માની પડી છે? સમજાણું કાંઈ? આહા..હા..!

આ તો શાસ્ત્ર સાંભળવા માગનાર આમ પોકાર કરી રહ્યો છે, મારે પ્રભુ! કાંઈ જોઈતું નથી, હોં! આપની મહેરબાની હોય તો એ પરમાત્માનો સ્વભાવ શું છે અંદર? આખું ચૈતન્ય દળ શું છે? આખું સત્ત્વ પરમાત્મસ્વરૂપ વસ્તુ છે એ શું છે? એ હું સાંભળવા માગું છું. પ્રભુ! મારે બીજું કાંઈ સાંભળવું નથી. આવા પુણ્ય કરીને અમે સ્વર્ગમાં જઈએ ને પછી ભગવાન પાસે જાશું, એમ કાંઈ માગતા નથી. સમજાણું કાંઈ? આહા...હા..!

'**ભાવાર્થ :— વહ ચિદાનંદ શુદ્ધ સ્વભાવ પરમાત્મા,...**' કેવો છે? ચિદાનંદ પરમાત્મા. અહીં કહેશે કે, આવો પરમાત્મા તમારા પ્રસાદથી સાંભળવા માંગુ છું, એમ કહેશે. કેવો છે એ પરમાત્મા? કે, ચિદાનંદ. ચિદ્ નામ જ્ઞાનનો, આનંદનો પિંડ છે, શુદ્ધ સ્વભાવ છે, પરમ સ્વરૂપ છે.

'**આહાર, ભય, મૈથુન, પરિગ્રહકે ભેદરૂપ સંજ્ઞાઓંકો આદિ લેકર...**' ભગવાન પરમાત્મા આહારની સંજ્ઞા વિનાનો છે. એ કેવળજ્ઞાનની સંજ્ઞા, કેવળજ્ઞાનનો પિંડ છે એમ કહે છે. આ સંજ્ઞા નહિ, આ નહિ. આહા..હા..! આમ આહારની ઈચ્છાની સંજ્ઞા, એની વિનાનો સંજ્ઞ, સંજ્ઞ-એકલો સમ્યક્ પ્રકાર જ્ઞાનનો પિંડલો છે. એની સામે આ સંજ્ઞા નાખી જરીક. આમ સમ્યક્ કેવળજ્ઞાનનો પિંડ છે આત્મા, એને આ આહારસંજ્ઞા, આહારની ઈચ્છા, ... રોકાવું, ગૃદ્ધિ, ભયની સંજ્ઞા, આ વિષય, મૈથુનની સંજ્ઞા, પરિગ્રહની સંજ્ઞા—એ ભેદરૂપ સંજ્ઞાઓ તો દુઃખરૂપ છે. એનાથી ભગવાન આત્મા ચાર સંજ્ઞા વિનાનો છે. સમજાય છે કાંઈ? લ્યો! પહેલેથી આ ઉપાડ્યું. સમજાણું? આ આહાર આવો હોય ને ઈચ્છા થાય ને બસ, આમ દૂધપાક પૂરી ને આમ માવાના જાંબુ ને,.. મહારાજ! પ્રભુ! એ સંજ્ઞા છે ને. એમાં તો ભગવાન જ્ઞાનને દુઃખ થાય છે.

ભગવાન તો જ્ઞાનાનંદનો એકલો પિંડ છે ને. એની સામે સંજ્ઞા ઉપાડી ભાઈ! આમ ગુલાંટ (ખાધી). આગળ કહેશે. ભગવાન, સમજાય છે? એકલો કેવળનો પિંડ છે. એ પછી કહેશે. સ્વસંવેદનજ્ઞાનમાં... આગળ કહેશે. એકલો આત્મા. આમ જે રોકાયેલો છે એ આત્મા નહિ.

આહારની સંજ્ઞાનો વિકલ્પ ઉઠીને ગૃદ્ધિમાં રોકાયો, પ્રભુ! એ આત્મામાં છે જ નહિ ને. એવો આત્મા મારે સાંભળવો છે. સમજાણું? ભયની સંજ્ઞા વિનાનો આત્મા એ મારે સાંભળવો છે. જેમાં ભય જ નથી, નિર્ભય પિંડમાં, નિર્ભય કિલ્લામાં પડેલો ભગવાન છે. પૂર્ણાનંદનું વજ્ર, પૂર્ણાનંદનું વજ્ર અનાદિ-અનંત ધ્રુવ, એને ભય કેવો? એ ભય વિનાનો વજ્ર કિલ્લો, નિર્ભય ચૈતન્યમૂર્તિ, એ મારે સાંભળવો છે, પ્રભુ! સમજાણું કાંઈ?

વિષય, ભોગ આમ ઈન્દ્રાણીઓના વિષયની વૃત્તિઓ, સંજ્ઞામાં જ્ઞાન રોકાઈ જાય, અરે..! અહીં કેવળજ્ઞાનનો પિંડલો ભગવાન (છે ઈ) ત્યાં રોકાઈ જાય! એના વિનાની એ ચીજ છે. સમજાણું કાંઈ? એવી પરમાત્મ ચીજ મારે સાંભળવી છે. આ ચૈતન્ય હીરલો મેં કોઈ દિ' જોયો, જાણ્યો, અનુભવ્યો નથી. એવા ચૈતન્યહીરાને મને આપ કહો. એ શું છે આ તે અંદર? જેના વખાણ વાણીમાં પૂરા કેવળીને ન આવે. એ ભગવાન મૈથુન સંજ્ઞા વિનાનો છે. એ સંયોગી ચીજની મજાના રાગ વિનાનો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**પરિગ્રહ...**' આ ધૂળના ઢગલા, ઈન્દ્રપદના અને આ રાજ ચક્રવર્તીપદના, એની જે પરિગ્રહની સંજ્ઞા, હોં! સંજ્ઞા. એમાં 'આ ઠીક' એમ રોકાઈ ગયો ને. એ રોકાયેલી ચીજ વિનાની ચીજ છે એ. આહા..હા..! એમાં રોકાય એવી એ ચીજ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? આમ અગ્નિના ભડકા ઉઠતા હોય અને માણસ જેમ ત્યાંથી ભાગે. અગ્નિના, તેજાબના ભડકા સળગતા હોય ને, (ત્યાંથી) ભાગે. એમ ભગવાન! આ પુણ્ય-પાપના આકુળતાના ભડકા સળગે છે, હોં! નાથ! એ ચાર સંજ્ઞાના ભડકાઓ સળગે છે. એના વિનાનો મારો સ્વભાવ ભગવાન પરમાત્મા મારે સાંભળવો છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? રતિભાઈ! હજી આ પ્રશ્ન કરનારની આટલી ભૂમિકા છે. આહા..હા..!

'**આદિ લેકર સમસ્ત વિભાવોં સે રહિત,...**' પહેલી સંજ્ઞા જ ઉપાડી અહીં. ભગવાન સંજ્ઞ તો કેવળજ્ઞાનનો પિંડ છે ને! એ આવી સંજ્ઞાથી તો રહિત છે. એથી બીજા બીજા વિભાવો, લાખ કરોડ અસંખ્ય શુભાશુભ પરિણામ, એવા વિભાવોથી રહિત અને '**વીતરાગ નિર્વિકલ્પ સમાધિકે બલસે...**' દેખો! જ્યાં રાગ રહિત, અંતર ભગવાનના ભેટા કરીને, ચિદાનંદની અંતર નજરું નાખીને, જે વિકાર વિનાની શાંતિના બળ દ્વારા '**નિજ સ્વભાવકર ઉત્પન્ન હુએ પરમાનંદ...**' પરમ આનંદ, પર્યાયમાં, હોં! '**સુખામૃતકર સંતુષ્ટ હુઆ હૈ હૃદય જિનકા,...**' આહા..હા..! '**ઐસે નિકટ સંસારી-જીવોંકે ચતુર્ગતિકા ભ્રમણ દૂર કરનેવાલા હૈ,...**' આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

ભૂખ બહુ લાગી હોય ને પકવાન સારો, પોચો, ઊંચો મીઠો થાતો હોય. કેટલી વાટ જોવે ઈ? ભૂખ લાગી હોય આમ. વળી છોકરા હોય નાની ઉંમરના તો એવી ભૂખ લાગી હોય.

દૂધપાક કર્યો હોય ને મોસાળનું આમંત્રણ હોય, પણ ન્યાં બે વાગે દૂધપાક થાશે. હાય.. હાય..! ક્યારે થાય ને ક્યારે જાઈએ, ક્યારે થાય ને ક્યારે જાઈએ.

એમ અહીં કહે છે, પ્રભુ! આવો ભગવાન કઢાયેલું દૂધ આનંદનો પિંડ પડ્યો છે અંદર. જેને આશ્રયે થતાં નિર્વિકલ્પ પરમાનંદનું સુખ (ઊપજે) એવો જે... સમજાય છે? એવા સંતુષ્ટ જેનું હૃદય છે એવા આત્માઓ **'ઐસે નિકટ સંસારી-જીવોંકે...'** જેનો સંસારનો અંત હવે આવ્યો છે. બસ. એવા **'ચતુર્ગતિકા ભ્રમણ દૂર કરનેવાલા હૈ,...'** એ જીવને એ આત્મા આવા ચાર ગતિના દુઃખનો નાશ કરવાવાળો છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ઘણી વાત કરતાં જાય છે.

**'જન્મ-જરા-મરણરૂપ દુઃખકા નાશક હૈ,...'** ભગવાન! એ પરમાત્મા તો જન્મ-જરા-મરણના દુઃખનો નાશક છે. ઉત્પાદક નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ આ બધા વિભાવો કહ્યા અને જન્મ-મરણ કહ્યા, એનો તો એમાં અભાવ છે. એનો તો નાશ કરનાર છે, એને ઉત્પન્ન કરનાર એ પરમાત્મા પોતે નથી. પર્યાયમાં ઉભું કર્યું, અજ્ઞાનથી આખો સંસાર ખડો કરી દીધો. સમજાણું કાંઈ?

**'વહ પરમાત્મા નિજ સ્વરૂપ પરમસમાધિમેં લીન...'** દેખો! એક તો આવા જીવોને સંસારના નાશ કરવાવાળો છે અને **'વહ પરમાત્મા નિજ સ્વરૂપ પરમસમાધિમેં લીન મહામુનિયોંકો નિર્વાણકા દેનેવાલા હૈ,...'** શું કહ્યું સમજાણું કાંઈ? કેવો છે ભગવાન અંદર? કે, જેમાં એકાકાર થતાં વીતરાગી સમાધિ શાંતિ પ્રગટ થાય અને જે દ્વારા ચાર ગતિના દુઃખનો નાશ કરે, જેને અંદરમાં આત્માની શ્રદ્ધા-જ્ઞાન-શાંતિથી સમાધિનો સંતોષ પ્રગટ્યો, એ દ્વારા ચાર ગતિનું ભ્રમણ નાશ કરે એવો એ આત્મા છે. અને મહા મુનિઓને તો અંતર શાંતિની સમાધિ, વસ્તુના અંદરમાં પિંડલો ભગવાનના પિંડમાં પડ્યો, એકાકાર મુનિઓ જેના ધ્યાનમાં મસ્ત થયા, એવા મહા મુનિઓને તો નિર્વાણના દેવાવાળું છે. એ તો તત્કાળ કેવળજ્ઞાન ને મોક્ષનો આપનાર છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

**'નિકટ સંસારી-જીવોંકે ચતુર્ગતિકા ભ્રમણ દૂર કરનેવાલા હૈ,...'** અને મુનિઓને તો નિર્વાણ આપનારો છે. સમજાણું કાંઈ? શેઠી ઊંઘ જાતા હૈ બહુત. ધ્યાન રાખે તો આમા તો ઊંઘ આવે એવું નથી. એને ખબર નથી પડતી. સમજાણું આમાં? આમાં તો એક શું છે આ ચીજ? આહા..હા..! કહે છે કે, **'વહી સબ તરહ ધ્યાન કરને યોગ્ય હૈ,...'** વહી આત્મા. આવો આત્મા. કેવો? કે, જે ચાર ગતિના ભાવથી રહિત, સંજ્ઞાથી રહિત, વિભાવથી રહિત છે. સમજાણું કાંઈ? અને, આદિ બધા વિભાવથી રહિત છે. પછી નિર્વિકલ્પ સમાધિવાળાની (અંદર) દૃષ્ટિ થઈને જે શાંતિ આવી, એનાથી એ ચાર ગતિના નાશનો કરવાવાળો છે. અને

જે મહામુનિ પરમાત્મસ્વરૂપનું ઉગ્ર ધ્યાન કરનારા છે એનું, એનું ધ્યાન કરનારા એ એવો છે કે નિર્વાણને આપનારો છે. આહા..હા..! એ પરમાત્માનું ધ્યાન નિર્વિકલ્પ સમાધિ લગાવવી છોડી, ચાર ગતિના ભ્રમણ કરનારો એ પરમાત્મા છે. અને એ પરમાત્મા મુનિઓને વિશેષ સ્થિરતાથી નિર્વાણને આપનારો છે. એવો આ પરમાત્મા દ્રવ્યસ્વરૂપ ભગવાન એ કોણ છે? પ્રભુ! બસ. એ..ઈ..! ધર્મચંદજી! આહા..હા..! કેટલી રીતે વાત કરે છે! પોતે પણ એમાં પાછો પરમાત્મા આવો ને આવો એમ ભેગા કહેતા જાય છે. હવે વિશેષ સ્પષ્ટ માટે માગે છે. એકદમ પોકાર છે, એકદમ ધોધ ધોધ કરો. કેવો આત્મા છે આ? એકદમ સંભળાવો!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા. શિષ્ય કહે છે. શિષ્ય કહે છે કે, આવો જે આત્મા તે કેવો છે એ મને બતાવો. કહેતા તો જાય છે, જેવો જીવ છે એવો. આહા..હા..!

**'વહી સબ તરહ ધ્યાન કરને યોગ્ય હૈ, સો ઐસે પરમાત્માકા સ્વરૂપ...'** સો ઐસે પરમાત્માકા સ્વરૂપ. આહા..હા..! સમજાણું કાંઈ? **'આપકે પ્રસાદસે સુનના ચાહતા હૂં.'** લ્યો! પોતે ને પોતે કહેતા જાય છે કે પરમાત્મા આવો. પરમાત્મામાં ગયા છે ને? એ તો ખ્યાલ તો છે કે પરમાત્મા આવા ચાર સંજ્ઞાઓ ને વિભાવથી રહિત છે. તેનો આશ્રય લેનારા એ ચાર ગતિના દુઃખોનો નિર્વિકલ્પ શાંતિથી નાશ કરવાવાળો એ છે. મહા મુનિઓને અંદર આશ્રય કરનાર એ છે. એ અહીં પરમાત્મદ્રવ્ય લેવું છે, હોં! એનું જેણે ઉગ્ર ધ્યાન કર્યું એને નિર્વાણનો આપનાર છે એ આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ?

**'સુનના ચાહતા હૂં.'** કહે છે, લ્યો! આવો ભગવાન જે વિભાવથી રહિત, જન્મ-મરણના અભાવનો કરવાવાળો અને મુક્તિનો આપવાવાળો. ઓલું જન્મ-મરણ આમ લીધુંને અહીંથી, ભાઈ! આમ જન્મ-મરણના અભાવ કરવાવાળો ને નિર્વાણનો આપનાર. વિભાવ રહિત સ્વભાવવાળો, જન્મ-મરણથી રહિત કરનાર, નિર્વાણનો આપનાર. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? જન્મ-મરણના વ્યય કરનાર, મુક્તિની પર્યાયનો ઉત્પાદ કરનારો એ દ્રવ્ય પરમાત્મા (છે). આહા..હા..! એક ગાથામાં કેટલું મૂક્યું!

**'ઈસલિયે કૃપાકર આપ કહો. ઈસ પ્રકાર પ્રભાકર ભટ્ટને શ્રી યોગીંદ્રદેવસે વિનતી કી.'** અરે..! મારો નાથ, સાહેબો પરમાત્મા કેવો છે? અરે..! જેનામાં વિભાવમાત્રની ગંધ નથી અને જન્મ-મરણના અભાવ કરવાવાળો અને મોક્ષનો દેવાવાળો... આહા..હા..! એ મારો પ્રભુ પરમાત્મા અંદર વસ્તુ કેવો છે? પ્રભુ! મને વારંવાર સંભળાવો. આપ મહેરબાની કરીને, કૃપા કરીને સંભળાવો. એવી વિનંતી દશમી ગાથાથી શરૂ કરી. બહુ ભક્તિથી પંચ પરમેષ્ઠીનું વંદન ઓળખીને કરી, એને કરાવ્યું કે, જુઓ! આવા પરમેષ્ઠીને વંદન તારા ગુરુ (ને) દેવ કહેવાય.

આહા..હા..! સમજાણું? ત્યારે હવે પ્રભુકર ભટ્ટને યોગીન્દ્રદેવ કહે છે.

'**ઈસ કથનકી મુખ્યતાસે તીન દોહે હુએ. આગે પ્રભાકરભટ્ટ કી વિનતી સુનકર શ્રીયોગીન્દ્રદેવ તીન પ્રકારકી આત્માકા સ્વરૂપ કહતે હૈં**' વિનતી સુનકર કહતે હૈ. એટલે કે એની પાત્રતાને ભાળીને આ વાત નીકળે છે, એમ કહે છે.

મુમુક્ષુ :— આજે દિવસ પણ ત્રીજનો છે.

ઉત્તર :— ત્રીજ છે. કહો, અહીં તો સદાય ત્રીજ જ છે. ભગવાન જ્યાં આખો છે એમાં બીજે બાકી ક્યાં રહ્યું છે? આહા..હા..!

**११) पुणु पुणु पणविवि पंच–गुरु भावेँ चित्ति धरेवि।**
**भट्टपहायर णिसुणि तुहुँ अप्पा तिविहु कहेवि (विँ)।।११।।**

હે પ્રભાકર ભટ્ટ! '**બારમ્બાર પંચપરમેષ્ઠિયોંકો નમસ્કારકર....**' આહા..હા..! જેના પ્રસાદે પંચ પરમેષ્ઠીના પ્રસાદથી.. ઓહો...! જ્યાં મુક્તિનો લાભ થાય છે. આવે છે ને? મહા અરિહંતો એ વીતરાગી પર્યાયને સદેહે અનુભવે છે. વીતરાગી પૂર્ણાનંદને અદેહે એકલા આત્માએ અનુભવે છે. એ સંતો પોતાના પંચ આચારને નિશ્ચયમાં ધ્યાનથી અનુભવીને વેદે છે. ઉપાધ્યાયો ભગવાન પૂર્ણાનંદના સમીપમાં પડીને એ આત્માના ધ્યાનમાં પડ્યા છે, અને સંતો આત્માના સાધનારા સ્વરૂપની આરાધના સાધે છે. એ બધી હયાતીનો સ્વીકાર કરી, એ બધી હયાતીનો સ્વીકાર કરી, એ હયાતીને મારો વંદન ને નમસ્કાર છે. સમજાણું કાંઈ? '**બારમ્બાર પંચપરમેષ્ઠિયોંકો નમસ્કારકર...**' વારંવાર. 'શ્રીમદ્' કહ્યું ને છેલ્લું, નહિ? અગણિત. વંદન હો અગણિત. છેલ્લે વંદન હો અગણિત, એ ચોથું પદ છે. વંદન હો અગણિત. આંકડા-ફાંકડાની અહીં વાત નહિ.

'**બારમ્બાર પંચપરમેષ્ઠિયોંકો નમસ્કારકર...**' અહો! જેના મુખમાંથી પરમાત્મા ઝરે એવા અરિહંતો, જેણે સિદ્ધના પદને ઓળખાવ્યા ને સિદ્ધપદ પ્રાપ્ત છે તેને જણાવ્યા. (જે) આચાર્ય ને ઉપાધ્યાયો (જે) પરમાત્માને પહોંચવાને નજીક નગર, સિદ્ધપુર પાટણની નજીક થઈ ગયા છે ઈ. એવા પંચ પરમેષ્ઠીઓને હું વંદન કરું છે. સમજાણું કાંઈ? એનો હું આદર કરું છું. મારે પણ મોક્ષરૂપી પાટણમાં જાવું છે ને. એ ગયેલાઓને હું આદર કરું છું અને એવો મારો પરમાત્મા પ્રભુ! '**નિર્મલ ભાવોંકર મનમેં...**' જુઓ! પંચ પરમેષ્ઠિને મારા પરમાત્માની પર્યાયમાં ધારણ કરું છું. '**મૈં તીન પ્રકારકે આત્માકો...**' આચાર્ય કહે છે, હોં! '**કહતા હૂં...**' આચાર્ય કહે છે કે, હું પંચ પરમેષ્ઠિને મારા જ્ઞાનમાં ધારણ કરું છું, હું એને વંદન કરું છું. આ પોતે કહે છે.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— હા. ઓલી શિષ્યની (વાત) હતી. આ પંચ પરમેષ્ઠિની છે. આહા..હા..! આ વીતરાગી જ્ઞાનના વલણ જેના ઘરે પડ્યા છે આખા, એવા પૂર્ણાનંદના નાથ અરિહંત ને સિદ્ધ

અને પૂર્ણ પહોંચવાના તદ્દન નજીકમાં એવા આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, એને પ્રભાકર ભટ્ટે તો વંદન કર્યું. આ કહે છે કે, હું તને આવા પંચ પરમેષ્ઠીઓને વંદન કરીને હવે આત્માની વાત કહીશ. સમજાણું કાંઈ? આહા..હા..!

'**સો હે પ્રભાકરભટ્ટ, તૂ નિશ્ચયસે સુન.**' '**निशृणु**' છે ને? તું આત્માને સાંભળ. તું આત્મા પરમાત્મા અંદર કેવો છે? સચ્ચિદાનંદ નિર્મળાનંદ જે સિદ્ધ અને અરિહંતપણાની પર્યાયને પામ્યા, એવો જ આ અંદરમાં આત્મા કોણ છે ઈ તને હું સંભળાવું છું. '**निशृणु**' પણ એ સાંભળ. નિશ્ચયથી સાંભળ કે, જે સાંભળ્યું સાર્થક થાય. એમ આચાર્ય પોતે પણ અંદરથી પ્રમોદમાં આવેલા છે. હું આ આત્માની વાત (કરું છું).

'**निशृणु**' એમ શબ્દ પડ્યો છે ને? કહો, '**પ્રભાકરભટ્ટ,...**' '**निशृणु**' એ ઉપસર્ગ મૂકીને વિશેષ કહ્યું. નિશ્ચયથી સાંભળ. 'નિ'નિશ્ચયથી સાંભળ. શ્રુત, પરિચિતા કહ્યું છે ને? તો બરાબર સાંભળ. સાંભળ્યું સાર્થક થઈ જાય ને પરમાત્મા પ્રગટે એ રીતે સાંભળ, કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ દેહમાં ભગવાન બિરાજમાન પરમાનંદની મૂર્તિ, હું તને સંભળાવું પણ એવી રીતે સાંભળજે, હોં! કે, એ સાંભળ્યું સફળ થઈને ફરીને સાંભળવું પડે નહિ. આહા..હા..! એક પદ્ધતિ શબ્દોમાં કેટલું ભર્યું છે ને પાછળ! નિશ્ચયથી સાંભળ, હોં! નિશ્ચયથી સાંભળ્યું એને પરમાત્માનું ભાન થયા વિના રહે નહિ અને એને ફરીવાર સાંભળવું પડે નહિ. સાંભળ્યા એ સાંભળ્યા એક વાર. સાંભળ્યા પ્રભુ! તને સાંભળ્યા તેં કીધું એ આત્માને. સમજાય છે? ફરીને હવે અમારે દેહ જ મળે નહિ (તો) સાંભળવાનું ક્યાં રહ્યું? આહા..હા..! સમજાણું કાંઈ? પ્રભાકર ભટ્ટને ગુરુ કહે છે તું પૂછે છો તે જ હું કહીશ, હોં! પણ બરાબર સાંભળજે, હોં! બરાબર સાંભળજે. ત્રણ પ્રકાર પાડ્યા પહેલા જ હવે.

'**બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્માકે ભેદકર આત્મા તીન તરહકા હૈ, સો હે પ્રભાકરભટ્ટ જૈસે તૂને મુજસે પૂછા હૈ,...**' જુઓ! ત્રણ પ્રકાર પાડશે. ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ સાહેબો ચૈતન્યપ્રભુ, એ વિકારને, શરીરને મારા માને તે બહિરાત્મા, બહિર્ આત્મા, મૂઢ આત્મા છે. સમજાણું કાંઈ? અને એ મૂઢતાને મુકીને ભગવાન પરમાનંદની મૂર્તિ સચ્ચિદાનંદ શુદ્ધ સ્વરૂપ અખંડાનંદ અનાકુળ આનંદનો કંદ (છે) એવું ભાન થવું એને અંતરાત્મા કહેવામાં આવે છે. અને એ આત્મા પૂર્ણાનંદની પ્રગટ પર્યાયને જેવો પૂર્ણ છે, એવો અવસ્થામાં પ્રગટરૂપે પર્યાયપણે પ્રાપ્ત થાય તેને પરમાત્મા કહે છે. પર્યાયના ત્રણ પ્રકાર કરીને સમજાવે છે કે, વસ્તુમાં એ પરમાત્મપણું આખું પડ્યું છે. આહા..હા..!

કહે છે, '**જૈસે તૂને મુઝસે પૂછા હૈ,...**' વળી શું કહે છે? તારો પ્રશ્ન, તારો પ્રશ્ન છે ને? ભાઈ! એવા જ પ્રશ્નના કરનારા પૂર્વે ઘણા ધર્માત્મા થઈ ગયા છે અને એને ઉત્તર દેનારા

મહા તીર્થંકરો, સર્વજ્ઞો, પરમાત્માઓ થઈ ગયા છે, હોં! હું કાંઈ નવો ઉત્તર દેનાર ને તું કાંઈ આવો નવો સાંભળનાર (છો) એમ નથી. આવું જગતમાં ધર્મના પ્રવાહમાં ચાલ્યું આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'જૈસે તૂને મુજસે પૂછા હૈ, ઉસી તરહસે ભવ્યોંમેં મહાશ્રેષ્ઠ...'** એ ભવ્યમાં મહાશ્રેષ્ઠ આત્માઓ પૂર્વે થયા, **'ભરતચક્રવર્તી,...'** આહા..હા..! છ ખંડના રાજ, છન્નું હજાર દેવીઓ જેવી રાણીઓ. આ નહિ, પ્રભુ! મને કાંઈક બીજું કહો વાતમાં. એમ 'ભરતે' 'ૠષભદેવ' ભગવાનને પૂછ્યું હતું એમ કહે છે. આહા..હા..! એ છ ખંડના અધિપતિએ પણ ભગવાન પાસે આ ઝંખના નાખી હતી. સમજાય છે કાંઈ? આ નહિ, હોં! આ નહિ, એ નહિ. જેનામાં એ નથી એ કોણ છે? આહા..હા..! એવો ભગવાન આત્મા આ છ ખંડના રાજ વૈભવ ને પુણ્ય-પાપના વિકલ્પો, એ જેનામાં નથી એવો પ્રશ્ન 'ભરત' ચક્રવર્તીએ 'ૠષભદેવ' ભગવાનને પૂછ્યો હતો, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'ભરતચક્રવર્તી, સગરચક્રવર્તી,...'** એણે 'અજીતનાથ'ને પ્રશ્ન પૂછ્યો હતો. બીજા તીર્થંકર 'અજીતનાથ' થયા છે. પહેલાં તીર્થંકરે, હોં! યાદ કર્યાં ઠેઠ સુધીની આ ચોવીશીને. 'પ્રભાકર ભટ્ટે' અને આને કાઢ્યું આમાંથી કે, ભાઈ! આવા પ્રશ્નના કરનાર અને ઉત્તર દેનાર આ ચોવીસીમાં પહેલેથી શરૂ છે, ચાલ્યું આવે છે. એવા અનંતી ચોવીસીમાં અનંતા પ્રશ્નકાર આવા જ પ્રશ્નકાર હતા અને એને ઉત્તર દેનારા મહા તીર્થંકરો, કેવળીઓ, મુનિઓ હતા. એ બધી હયાતી સ્વીકાર કરાવતા જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'ભવ્યોંમેં મહાશ્રેષ્ઠ ભરતચક્રવર્તી, સગરચક્રવર્તી, રામચંદ્ર,...'** એમણે ત્યાં... સમજાય છે? 'દેશભૂષણ', 'કુળભૂષણ' કેવળીને, 'સકળભૂષણ' કેવળીને પૂછ્યું હતું. **'રામચંદ્ર, બલભદ્ર,...'** મહા પુરુષો જેને ત્રણ ખંડના રાજ, આમ બહારની વિભૂતિ(ને લઈને) દુનિયાએ પરમેશ્વર સ્વીકાર્યા. એવી તો બહારની વિભૂતિ! એમણે પ્રશ્ન મહા કેવળીઓને પૂછ્યા. આહા..હા..! મહારાજ! આ બધી ચીજ વિનાનો પરમાત્મા કેવો છે? સમજાણું કાંઈ? જેમાં કાંઈક બીજું છે ને જેમાં આ નથી એવો કોણ છે આ આત્મા? એવા રામચંદ્રજી, બળદેવો જે ત્રણ ખંડના પુણ્યના થાંભલા! જેના પુણ્ય પાથર્યા, પુણ્ય પાથર્યા ખૂટે નહિ ત્રણ ખંડમાં, અને ચક્રવર્તીના પુણ્ય પાથર્યા છ ખંડમાં ખૂટે નહિ. એવા પુણ્યશાળીઓએ તીર્થંકરોને અને કેવળીઓને પ્રશ્ન કર્યા છે, હોં! કહો, સમજાણું કાંઈ?

**'પાંડવ,...'** મહા યોદ્ધા. પૃથ્વીના મોટા યોદ્ધા, શૂરવીર! એ લોકોએ પણ ભગવાન **'નેમિનાથ'** પાસે પ્રશ્ન આ કર્યો હતો, હોં! આહા..હા..! સમજાણું? શ્રી 'નેમિનાથ' ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની સમીપે, એ પાંડવો યોદ્ધા, જેના યુદ્ધનું વીર્ય ને શૂરવીરતા જેના ત્રણ ખંડમાં પ્રસિદ્ધ

છે, એમણે પણ ભગવાન પાસે આ પ્રશ્ન કર્યો હતો, હોં! બીજું કાંઈ નહિ. કહો, શશીભાઈ! આહા..હા..! પ્રભુ! આ દેહમાં ભગવાન આત્મા, પરમાત્મા કહેવાય છે એ અંદર કેવો છે? જેમાં પરમાત્માનું પરમ સ્વરૂપ ઠાંસી ઠાંસીને નિવડ વજની પેઠે અંદર ભર્યું છે, જેમાંથી એક એક પરમાત્મા સમય સમયમાં આવે તોય વજનો પિંડ ખૂટે નહિ, એવો ભગવાન તે કોણ છે આ તે? આહા..હા..! સમજાણું કાંઈ? એક એક સમયનું પડ હાલ્યું આવે આમ. કાગળના પડ હોય ને જ્યાંથી પડ હાલ્યું આવે, પણ ત્યાં ખૂટે. અહીં તો ખૂટે નહિ એવું આ છે. પડ હાલ્યું આવે, એમ ભગવાન આ પરમાત્મા જેમાંથી પરમાત્માની અનંતી અનંતી પર્યાય હાલી આવે એવો પરમાત્મા વજરૂપ દળ તે કોણ છે? ભગવાન! એવા પ્રશ્નો પાંડવોએ પણ 'નેમિનાથ' ભગવાનને પૂછ્યા હતા. આહા..હા..! કેટલી આમ ત્રિકાળ સિદ્ધ કરતાં જાય છે, હોં! આવા સાધકો હતા, એના ઉત્તર દેનારા કેવળીઓ હતા, એ બધું અસ્તિત્વ હતું, એ બધું અસ્તિત્વ નહોતું એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એવા કાળ સારા કાળમાં પણ આવા પ્રશ્ન કરનાર ને ઉત્તર દેનારા પણ એ વખતે હતા.

**'પાંડવ તથા શ્રેણિક આદિ બડે બડે રાજા,...'** શ્રેણિકે ભગવાનને પ્રશ્ન પૂછ્યા છે. સમજાય છે? હજારો મુગટબંધી રાજાનો સાહેબો, એણે પણ ભગવાનને પૂછ્યું. પ્રભુ! આ પરમાત્મા કોણ? એ આ નહિ, આ નહિ. સમજાણું આમાં? એ..ઈ..! આ શરીર સારું મળે ને ન મળે એમ પૂછ્યું નથી, એમ કહે છે. શરીર બધા સારાના ઢગલા હતા. નહિ, આ નહિ, આ નહિ, આ નહિ. પ્રભુ! આ નહિ રે નહિ. જેમાં આ નથી અને જેમાં કાંઈક બીજી જાત પડી છે અંદર. અનંતા-અનંતી શાંતિના રસના કુંડ જેમાં પડ્યા છે, ઈ ભગવાન આત્મા કોણ છે? એવા પ્રશ્નો શ્રેણીકે ભગવાન 'મહાવીર'ને કર્યા હતા. છેક 'ઋષભ'થી માંડીને એક ક્રોડાક્રોડી સાગરની સ્થિતિ સિદ્ધ કરી. આહા..હા..! આ ચોવીસીમાં પણ આવા તીર્થંકરો, કેવળીઓ, મુનિઓ છેક 'મહાવીર' સુધી લઈ ગયા અને એના પૂછનારા પણ આ સાધક જીવો આમ પૂછતા હતા. એ બધું સિદ્ધ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એ આચાર્ય મહારાજ કહે છે, જુઓને!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એમાં તૃપ્તિ થઈ નથી ત્યારે પૂછે છે. ઈ માટે તો પહેલી માંડી. આ રાજા ને આ રાણીઓ ને આ રાગ ને હીરાના પેલા સિંહાસનો હતા. હીરાના સિંહાસન! જેના એક આટલા હીરાના કરોડ રૂપિયા. એ હીરાના સિંહાસન ને હીરાના આ શું? લાદીઓ હેઠે. એ હીરા ને માણેકમાં ચારે કોર હીરાની લાદીઓ ને ચારે કોર માણેક આમ ફરતા ગોઠવેલા. એક એક લાદીમાં અબજો અબજો રૂપિયાના માણેક ગોઠવેલા. એવા આખા બંગલા. પ્રભુ! પણ આમાં શાંતિ નથી. આ તો દુઃખના, દુઃખના નિમિત્તો છે. એ આકુળતાના નિમિત્તો, પ્રભુ!

એ આકુળતા ને આ જેમાં નથી એવી ચીજ કોણ છે? આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આહા..હા..! કહો, મલુકચંદભાઈ! હવે આમાં ક્યાં પાંચ-પાંચ, દશ લાખ કે વીસ લાખ કે કરોડ ને ધૂળ રહે છે આમાં? આહા..હા..!

એ લોકોએ પણ પરમાત્મા પાસે પરમાત્માનો પોકાર કર્યો છે. પ્રભુ! મારો પરમાત્મા કોણ છે આમાં? સમજાણું કાંઈ? **'બડે બડે રાજા, જિનકે ભક્તિ-ભારકર નમ્રીભૂત મસ્તક હો ગયે હૈં,...'** જુઓ! વળી. શું કહે છે? આમ છ ખંડના ધણી, જેની સોળ હજાર દેવ સેવા કરે, છન્નું હજાર જેની રાણીઓ મહા દેવાંગના જેવી પદમણીઓ, જેની ચુંદડી ઓઢ્યામાં ભમરા એટલા ફરે કે જેની સુગંધમાં શરીરની સુગંધું કપડાને અડે, એને સુંઘવા હજારો ભમરા ફરે. એવી છન્નું હજાર રાણીઓ. પ્રભુ! એ 'ભરત' ચક્રવર્તીએ 'ઋષભદેવ' ભગવાનને આમ પૂછ્યું, હોં! આ મસ્તક નમાવી, જુઓ! શું કહે છે?

**'ભક્તિ-ભારકર...'** ભક્તિનો ભાર વધી ગયો છે, કહે છે. નમ્રતા... નમ્રતા... નમ્રતા. હે નાથ! આ ચાર ગતિના દુઃખનો અભાવ જેમાં (છે) અને દુઃખનો નાશ કરનાર એવો આત્મા, મહામુનિઓને નિર્વાણનો આપનાર એવો આત્મા, સર્વ સંજ્ઞા ને વિભાવથી રહિત એવો પરમાત્મા, પ્રભુ! કોણ છે એ મારે સાંભળવો છે. પણ આ બધું છે ને? ક્યાં છે? એ તો એનામાં છે. મારામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, **'જિનકે ભક્તિ-ભારકર...'** ભાર એટલે? એટલો વિનય થયો છે કે, જેના વિનયની હદ નથી એમ કહે છે. વિનયનો, નમ્રતાનો ભાર. નમ્રતાનો ભાર એટલે? વિનયની ઉત્કૃષ્ટતાની નરમાશ એટલી આમ. સમજાણું કાંઈ? એક ગલુડીયું આમ નાનું બચ્ચું હોય, કુતરીની મા આમ મોટી, આમ ધાવવા જાય ત્યાં અંદર માથું નાખીને બધી રીતે અનુકૂળતા માગે એની માતાને. જરીક ઊંચુ શરીર કરે ઓલી, ધાવવું હોય એટલે જરી શરીર ઊંચુ કરે કાં ઉભી થઈ જાય એમ એવા ઓલાથી. હે નાથ! આમ નમ્ર... નમ્ર... નમ્ર..., વિનય... વિનય... વિનય... વિનય... આહા..હા..!

**'ભક્તિ ભારકર...'** જુઓ! પેલા પંચ પરમેષ્ઠીને નમસ્કાર છે. અહીં પોતે વિનયથી આ રીતે કરે છે. **'મસ્તક હો ગયે હૈં,...'** નમ્રીભૂત મસ્તક થઈ ગયું છે. આમ વળી ગયું છે એમ નહિ. એટલો વિનય, એટલો વિનય કે આમ શરીર નમી ગયું છે. પ્રશ્ન પૂછતાં શરીર નમી ગયું છે. જેના મુગટોમાં અબજોની કિંમતના હીરા ને હાર લટકતા હોય છે અને આમ... એવી રીતે આવા પ્રશ્નો પહેલાં ચક્રવર્તી રાજાઓએ સંતોને, તીર્થંકરોને પૂછ્યા હતા. એણે જે ઉત્તર આપ્યા હતા એ પ્રમાણે હું તને આપીશ, એમ કહે છે. મારા ઘરની વાત નથી. અનાદિ મહા સંતો, કેવળીઓ, તીર્થંકરો થયા. ખુબી શું કહે છે?

**'ભક્તિ-ભારકર નમ્રીભૂત મસ્તક હો ગયે હૈં, મહા વિનયવાલે પરિવારસહિત...'** બધી રાણીઓ પાસે જ્યાં આમ અધિપતિ મુછાળું આમ રાખતા, એ બધી બેઠી આમ... ભગવાન પાસે. પરિવાર સાથે પડ્યો છે, હોં! બધો. કેટલાક એવા હોય બાયડી પાસે પોતાની મોટપ બતાવવી હોય ને જ્યાં મોટપ બતાવવી હોય, જ્યાં હરખાઈની હિંમત નથી ત્યાં બાયડીને સાથે ન લઈ જાય. અધિકપણે રહ્યો હોય ને એની પાસે? એટલે જ્યાં ક્યાંય મોળું જેને દેખાય ત્યાં સાથે ન લઈ જાય, સારું દેખાય ત્યાં એને લઈ જાય. આ તો આખા પરિવારને, હોં! છન્નું હજાર સ્ત્રીનું ટોળું સાથે (હોય). આમ ગલુડીયાની જેમ ભગવાન (પાસે બેસે), પ્રભુ! અરે..! પણ અમે છન્નું છન્નું હજાર સ્ત્રીઓ પગે લાગીએ અને સોળ-સોળ હજાર દેવ ખમ્મા ખમ્મા કરે સેવામાં. એ નહિ હોં! નહિ. આ મારો નાથ પરમાત્મા છે કેવળજ્ઞાની એને હું પૂછું છું ત્યાં હું એનો દાસાનુદાસ છું, હું એનો સેવક એના ચરણની રજ છું. સમજાણું કાંઈ?

કહે છે, **'મહા વિનયવાલે પરિવારસહિત...'** પાછો બધો પરિવાર પણ આમ નમી પડ્યો છે, હોં! ભગવાનને આમ. આહા..હા...! ચક્રવર્તી પૂછે છે પ્રભુને અને બધી રાણીઓ, દીકરાઓ, દીકરીઓ, જમાઈઓ. પરિવાર હોં! લાખો સાથે ટોળે (વળેલા હોય). જેને જે પ્રમાણે હોય એ (પ્રમાણે). **'સમોસરણમેં આકે,...'** એ સમવસરણ સિદ્ધ કર્યું. ભગવાનની ધર્મસભામાં એ પરિવાર સહિત આવ્યા. હાથીઓમાં બેસી ટોળા મોટા રથ ને હાથી સાથે એ પરિવાર સમવસરણમાં ભગવાન પાસે આવ્યા. હે પ્રભાકરભટ્ટ! એણે આવા પ્રશ્ન કર્યા હતા, હોં! આહા..હા..!

**'વીતરાગ સર્વજ્ઞ પરમદેવસે...'** વીતરાગ સર્વજ્ઞ રાગ રહિત એકલી જ્ઞાનપર્યાય પૂર્ણ જેની પ્રગટ થઈ ગઈ છે. જેનો ભગવાન એકલો પૂરો ખીલી ગયો છે. આહા..હા..! જેનો ભગવાન પરમાત્મા શક્તિરૂપે હતો, એ પૂર્ણ જ્ઞાન ને આનંદ રૂપે પ્રગટી ગયો એવા ભગવાનને **'સર્વ આગમકા પ્રશ્નકર,...'** આ એક શબ્દ મૂક્યો છે. શું કરવા ઈ (કહ્યું)? કે, ષટ્ દ્રવ્ય, પંચાસ્તિકાય, નવ તત્ત્વ, સાત પદાર્થ સાત તત્ત્વ આદિ છે એ બધાના પ્રશ્નો કર્યા. અસ્તિ સહિત. પછી એકલા આત્માની વાત ભાઈ! પૂછે છે. એકલો કોઈ આત્મા આત્મા કરતાં હોય તો એમ નહિ. સમજાણું કાંઈ? એ બધા ચક્રવર્તીઓએ ભગવાન પાસે જઈ નમ્રીભૂત થઈને સર્વ આગમના પ્રશ્ન (કર્યા). છે ને? **'सर्वआगमप्रश्नानन्तरं'**. એનો અર્થ ઈ કે, છ દ્રવ્ય છે, નવ પદાર્થ છે, સાત તત્ત્વ છે, પંચાસ્તિકાય છે, એના દ્રવ્ય-ગુણ-પર્યાય છે, ઉત્પાદ-વ્યય-ધ્રુવ વગેરે છે એના પ્રશ્નો કર્યા હતા. કારણ કે, એનું અસ્તિત્વ એને સિદ્ધ હતું. એકલો આત્મા આત્મા એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? શશીભાઈ!

આ તો સંતોની ટીકાઓ ને સંતો. બ્રહ્મદેવ એ બ્રહ્મચારી હોય ગમે તે. પણ એ આચાર્યના

હૃદયમાં જ એટલું ભરેલું છે. કે, આ આત્માનો પ્રશ્ન કરનાર બીજા બધા છ દ્રવ્ય, નવ તત્ત્વને જાણે, માને છે. માને છે, જાણે છે, નથી છ દ્રવ્ય ને કાંઈ, એકલો એકલો આત્મા—એમ નહિ. એને આત્માની કે વ્યવહારની પણ ખબર નથી. **'સર્વ આગમકા પ્રશ્નકર,...'** દેખો! સર્વ આગમ એટલે ચારે અનુયોગમાં જે પ્રકારનું વર્ણન છે એ પ્રકારની શૈલી થોડી થોડી પૂછીને ખ્યાલમાં બધી લીધેલી છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા. એ જાણ્યું છે. **'ઉસકે બાદ સબ તરહસે ધ્યાન કરને યોગ્ય...'** હવે બધું જાણ્યું પણ આ પોતે ધ્યાન કરવા યોગ્ય વસ્તુ શું? એ તો જાણવા યોગ્ય થઈ. વસ્તુ છે જગતમાં. **'શુદ્ધાત્માકા હી સ્વરૂપ પૂછતે થે.'** લ્યો! એ બધા, બધા જીવો જે કીધા એ ભગવાનોને, મુનિઓને **'શુદ્ધાત્માકા હી...'** શુદ્ધ આત્મા વસ્તુ અંદર પરમાત્મા આખો આમ કોણ છે? એનો પ્રશ્ન પૂછતા હતા. એનો એણે ઉત્તર આપ્યો, હું પણ આપીશ એમ કહે છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૪, મંગળવાર, તા. ૨૮-૯-૧૯૬૫**
**ગાથા-૧૧ થી ૧૨, પ્રવચન-૯**

અગિયારમી ગાથા ચાલે છે. 'પરમાત્મપ્રકાશ' પહેલો ભાગ.

અહીંયા એ ચાલે છે કે, ભરત ચક્રવર્તીથી શરૂ થઈને શ્રેણિક રાજા વગેરે ભગવાનોને, મુનિઓને એ શ્રોતાઓએ એ પ્રશ્ન કર્યો કે, ભગવાન! આ શુદ્ધાત્મા એ શું ચીજ છે? શુદ્ધાત્મા જેને કહીએ, પ્રભુ! એ શું છે? એ **'શુદ્ધાત્માકા હી સ્વરૂપ પૂછતે થે.'** ભગવાન શુદ્ધાત્મસ્વરૂપ કષાય-અગ્નિની અંદર, બરફનો જેમ શીતળ સ્વભાવ અવિકારી વીતરાગ આનંદ અને શાંતિ, એવો ભરેલો ભગવાન શુદ્ધાત્મા કોણ છે? એવું ભરત ચક્રવર્તીઓએ અને શ્રેણિક રાજાએ આવો ભગવાનને પ્રશ્ન કર્યો.

એના ઉત્તરમાં ભગવાન કહે છે, **'ઉસકે ઉત્તરમેં ભગવન્‌ને યહી કહા, કિ આત્મ-**

**જ્ઞાનકે સમાન દૂસરા કોઈ સાર નહીં હૈ.**' એ પોતે ન્યાયથી લીધું છે. કેમકે આત્મા ઉપાદેય છે ને? એમ છેલ્લું કહેશે. એટલે આ ભગવાનના ઉત્તરમાં, મુનિઓના અવાજમાં, પ્રરૂપણામાં એ આવ્યું કે, હે ભાઈ! શુદ્ધાત્મા હી (સાર છે). શુદ્ધાત્મા એટલે '**આત્મ-જ્ઞાનકે સમાન દૂસરા કોઈ સાર નહીં હૈ.**' જુઓ! ભલે કષાય હો, શરીર આદિ હો, પણ જે ચીજમાં આનંદ અને શાંતિ પડી છે, એવો ભગવાન આત્મા એનું જ્ઞાન, એનું જ્ઞાન થતાં પુણ્ય-પાપ આદિ એમાં નથી એવું જ્ઞાન થાય પણ એ બધું આત્મજ્ઞાન થયું કહેવાય. સમજાણું કાંઈ? આત્મજ્ઞાન. ભગવાનના ચારે અનુયોગમાં... જુઓ! આગમના પ્રશ્નો ઉત્તરમાં એ બધું આવ્યું હતું. એમાં એ પણ આવ્યું હતું એમાંથી એમણે આ પ્રશ્ન કર્યો. ભગવાન '**શુદ્ધાત્માકા હી સ્વરૂપ પૂછતે થે.**' શિષ્યો. ભગવાન ઉસકા ઉત્તર દેતે થે કિ '**આત્મ-જ્ઞાનકે સમાન દૂસરા કોઈ સાર નહીં હૈ.**'

'**ભરતાદિ બડે બડે શ્રોતાઓમેંસે ભરતચક્રવર્તીને શ્રીઋષભદેવ ભગવાનસે પૂછા, સગરચક્રવર્તીને શ્રી અજિતનાથસે, રામચંદ્ર, બલભદ્રને દેશભૂષણ, કુલભૂષણ કેવલીસે તથા સકલભૂષણ કેવલીસે,...**' પૂછા. '**પાંડવોને શ્રીનેમિનાથ ભગવાનસે...**' પૂછા. '**ઔર રાજા શ્રેણિકને શ્રીમહાવીરસ્વામીસે પૂછા.**' લ્યો! આ પ્રશ્ન કર્યો, પ્રભુ! હું કોણ? આ શુદ્ધાત્મા કોણ છે? સમજાણું?

હવે એ શ્રોતા કેવા છે કે જેણે પ્રશ્ન આવો કર્યો? એ શ્રોતા કેવા છે? '**કૈસે હૈં યે શ્રોતા જિનકો નિશ્ચયરત્નત્રય ઔર વ્યવહારરત્નત્રયકી ભાવના પ્રિય હૈ,...**' જેને આ ભગવાન આત્મા, પૂર્ણ શાંત આનંદરસસ્વરૂપ, એની શ્રદ્ધા-જ્ઞાન ને શાંતિ એવી નિશ્ચયરત્નત્રય જેને પ્રિય છે. સમજાણું? ભગવાન આત્મા જુઓ! નિશ્ચયરત્નત્રય પ્રિય છે એટલે નિશ્ચયરત્નત્રય છે. સમજાણું કાંઈ? આખો શીતળ અવિકારી શાંત સ્વભાવનો પિંડલો પ્રભુ, એના એકાગ્રતાથી ઉત્પન્ન થયેલો આનંદ, (ઈ) કહેશે, એને નિશ્ચયરત્નત્રયની પ્રિયતા છે. સ્વભાવ શુદ્ધ પૂર્ણ એનો આનંદ, એનો અનુભવ થયો છે. એવા નિશ્ચયરત્નત્રયની પ્રિયતા છે અને જુઓ! વિશેષ (કહે છે).

'**ઔર વ્યવહારરત્નત્રયકી ભાવના પ્રિય હૈ,...**' અને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિનો રાગ પણ વ્યવહારે પ્રિય છે. નિશ્ચયથી આ પ્રિય છે ને વ્યવહારે આ પ્રિય છે. સમજાણું કાંઈ? પ્રિય જ છે. ભગવાન આત્માનું આનંદસ્વરૂપ પ્રભુ જેમાં કષાય-અગ્નિને શાંત કરવાનો, નાશ કરવાનો સ્વભાવ છે, એવો ભગવાન કેવળજ્ઞાનમય કહેશે અંદર. '**ણાણમઉ**' બાર (ગાથામાં) કહેશે. જે એકલો જ્ઞાનમય પ્રભુ છે, એટલે કે એમાં વિકાર નથી એટલે જ્ઞાનમય છે, એમાં આનંદમય છે, શાંતમય છે, સ્વચ્છતામય એ બધું એમાં આવી જાય છે. એવો જે ભગવાન આત્મા એની એને ભાવના નિશ્ચયથી પ્રિય છે. વ્યવહારથી એવા વિકલ્પો પણ દેવ-ગુરુ-શાસ્ત્રની

શ્રદ્ધાના, જ્ઞાનના વ્યવહારો અને વ્યવહારો દયા-દાનના, ભક્તિના પરિણામ પણ હોય છે. તો એને વ્યવહારે પ્રિય છે એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બેય બેય. અને એકાગ્રતા છે ને? રાગમાં એટલી અસ્થિરતા છે ને? અહીંયા વીતરાગની સ્થિરતા છે. નિશ્ચયરત્નત્રયમાં વીતરાગસ્વરૂપ આત્મા એની સન્મુખતાની એકાગ્રતા છે, રાગમાં જરી પરસન્મુખનો વિકલ્પ છે, એટલું અંદર પરિણમન છે એટલે એને એ અપેક્ષાએ એકાગ્રતાનો આરોપ આપ્યો.

**'પરમાત્માકી ભાવનાસે ઉત્પન્ન...'** ઓહો! ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ, એની અંતરની એકાગ્રતા દ્વારા **'ઉત્પન્ન વીતરાગ પરમાનંદરૂપ અમૃતરસકે પ્યાસે હૈં,...'** અમૃતરસના પ્યાસુ છે, તૃષા લાગી છે. આહા..હા..! સમજાય છે કાંઈ? જેમ તૃષા લાગી હોય ને પાણીને કેમ માગે? એમાં મોસંબીના પાણી અને બરફના પાણી આવે એટલે આમ ગટક ગટક પીવે. એમ આ કહે છે, પ્રભુ! એ શ્રોતાઓ એવા છે. આહા..હા..! જેને વીતરાગ પરમાનંદ અમૃતરસ, ભગવાન આત્મા વીતરાગરસથી ભરેલું તત્ત્વ પ્રભુ એવા આત્માના અમૃતના રસનો પિપાસુ છે. સમજાણું? એ રાગરસ ને તૃષ્ણા ને ભોગરસના પિપાસુ નથી. આહા..હા..! છ ખંડના ધણી, છન્નું છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં દેખાય. નહિ, નહિ. આ નહિ, આ નહિ. એ ભોગના રસના પિપાસુ નથી, એ આત્માના અવિકારી આનંદના રસના, અમૃતના પિપાસુ છે. કહો, સમજાણું કાંઈ?

**'ઔર વીતરાગ નિર્વિકલ્પસમાધિકર ઉત્પન્ન હુઆ...'** રાગ રહિત આત્માની શુદ્ધતાની અંતર દૃષ્ટિ, જ્ઞાન ને લીનતા દ્વારા **'ઉત્પન્ન હુઆ જો સુખરૂપી અમૃત...'** એ વીતરાગ નિર્વિકલ્પ શાંતિથી ઉત્પન્ન હુઆ **'સુખરૂપી અંતર અમૃત ઉસસે વિપરીત...'** મનુષ્ય, નારકી, દેવ, ઢોર, તેના દુઃખ **'ઉનસે ભયભીત હૈં.'** આહા..હા..! સમજાય છે કાંઈ?

જીવતા જાનવરને અગ્નિના ભાઠામાં નાખે. રાજકુમાર, આમ રાજકુમાર હોય પચ્ચીસ વર્ષનો યુવાન, એને આમ જમશેદપુરની ભઠ્ઠીમાં જીવતો, લાકડુ જીવતું નાખે એમ નાખે, અને એ અગ્નિનો જેને ભય છે અંદર. આહા..હા..! એમ ચાર ગતિ ને કષાયની આકુળતાનો જેને ભય છે. અરે..! આ દ્રવ્ય અહીંથી છૂટીને ક્યાં જશે? આ વસ્તુ આકુળતા છે એમાં ને એવા અવતાર અનંત કર્યા. એવી આકુળતાના દુઃખથી જેને અંતરમાં ભય લાગ્યો છે. જેમ અગ્નિથી આમ બીવે છે, એમ એ આકુળતાથી બીના છે, એમ કહે છે. સમજાય છે કાંઈ?

એ વિકલ્પની ઝાળું ઉઠે, શુભ-અશુભની ઝાળ એવું જે વિકલ્પનું દુઃખ, એ ચાર ગતિના દુઃખ એમાં છે. સ્વર્ગમાં હોય તો એ વિકલ્પની ઝાળમાં દુઃખ છે. એનાથી ભયભીત છે. અરે..!

આ આત્મા આવા આકુળતાના દુઃખો અનંતવાર વેઠ્યા. હવે એનાથી રહિત મારી ચીજ શું છે? એને અંતર પિપાસા અમૃતને પીવા (અને) દુઃખથી, આકુળતાથી (છૂટવા પ્રશ્ન કરે છે). દુઃખ એટલે પ્રતિકૂળતા એમ નહિ. દુઃખ એટલે કે કષાયનો વિકારી ભાવ, એનાથી ભય પામે છે. આ કષાય આત્માની શાંતિના લૂંટારા છે. સમજાણું કાંઈ? દેખો! છ ખંડના રાજમાં દેખાય. ઈ છે ક્યાં? કહે છે. એ ચાર ગતિના દુઃખના દુઃખથી ડરેલા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવી સામગ્રીઓ આમ બધી. શરીર, સ્ત્રીઓ, કુટુંબ, પરિવાર એના તરફની જે કષાયની જ્વાળા સળગે, એનાથી ભયભીત છે. સમજાણું કાંઈ? ડરી ગયા છે. તીર્થંકર જેવા પણ ચાર ગતિના દુઃખની આકુળતાથી ડર્યા. એનાથી જે ન ડરે એ તો મહા ભડ કહેવાય છે. ચોરાશીના અવતાર, અરે..! ક્યાં એને સુખ (છે). ક્યાંય એને શાંતિની ગંધ ન મળે. ચારે કોર ચોરાશીના અવતારમાં દુઃખ, દુઃખ ને દુઃખ છે. એનો જેને ભયભીત છે. સમજાણું કાંઈ?

**'જિસ તરહ ઈન ભવ્ય જીવોંને ભગવંતસે પૂછા,...'** આવા જીવોએ પ્રશ્ન પૂછ્યા એનો ઉત્તર ભગવાને આપ્યો એમ બે ભૂમિકા સ્થાપી. આહા..હા..! એમ એક શોખ ખાતર, સાંભળવા ખાતર, સમજીને કાંઈક જ્ઞાન કરીને બીજાને કહેવું અને આપણે કાંઈ આવડે છે ને એ ખાતર એ પૂછતા નહોતા, એમ કહે છે. આહા..હા..! સમજાણું? પૂછવાની રીતમાં પણ ફેર હોય છે. પૂછે તો આપણને કાંઈક આવડે છે એમ બીજાને બતાવે, કાં પૂછે તો કાંઈક એનો જવાબ બીજો મળે તો એને ધારણા થાય. બીજા કરતાં વિશેષપણું (છે), એ નહિ... એ નહિ. પ્રભુ! આ આત્માને આકુળતાથી છૂટવાનો આત્મ ભગવાન આત્મા કોણ છે? કહે છે. સમજાણું કાંઈ?

દુનિયા પાસે એને સહેલ માર્ગ નથી લેવો કે, આ સારો છે, હોં! પૂછનાર છે, પ્રશ્ન પૂછે, ધર્મની ભારે જિજ્ઞાસુવાળો લાગે છે. સમજાય છે? અને વાંચે છે, ભણે છે, કેટલો પ્રયત્ન કરે છે. એમ દુનિયાને દેખાડવા માટે નથી. દુઃખથી કંટાળ્યા (છે), ભય છે. શરીરથી નથી (કંટાળ્યા), હોં! અહીંયા. ગતિનું રઝળવું, આ શાંતરસમાંથી નીકળી અને એ વિકલ્પોમાં આવવું, એ જ દુઃખ છે. સમજાણું કાંઈ? એવા દુઃખથી ભયભીત થયા છે. આહા..હા..!

આમ દેખો તો છ ખંડના રાજ, ઈન્દ્રાણી જેવીઓ તો જ્યાં ઘરે અપ્સરાઓ ને સ્ત્રીઓ. આમ મણિરત્નના મહેલ (હોય). અગ્નિના ભઠ્ઠામાં જેમ બરફનો ઠંડો પાંચ મણનો ગોળો પડ્યો હોય અંદર, એમ આ કષાયની, વિકલ્પની અગ્નિની પાછળ ભગવાન શાંતરસ છે. એમાં જવા માટે આ આકુળતાથી ભયભીત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મોટો કાળો નાગ દેખે ને જેમ ભાગે, સાંભળે ત્યાં ભાગે. દેખે આમ કરીને. સમજાણું? પેલા કહેતા નહોતા કાલે? બાબુભાઈ કહેતા હતા. પેલો .. નાગ બેઠો છે બારણે. આ પેલા

ટોટા છે ને? ટોટા નથી? આ કૂવાના ટોટા ભર્યા છે ને એમાં? મકાનો નથી એને? .. એણે એક રાખે છે ને? એક માણસ ઈ છે અને એક રાતે છે. ઈ કહે, ભાઈ આવ્યા હતા ને. ... એ કહે, આમ પથારીમાં અંધારું હતું તે આ મોટો નાગ બેઠેલો જોયો. હું તો પથારી લઈને ભાગ્યો. પથારીમાં આમ જ્યાં સાંભળ્યું ત્યાં. બત્તી કરી ત્યાં આમ બેઠેલો. જંગલ છે ને ત્યાં તો તદ્દન. જંગલમાં એટલે આમ બેઠો હતો. ભાગે અંદર. પથારી-બથારી ગોટો લઈને ભાગ્યો. આહા..હા..!

એમ પુણ્ય-પાપના વિકારી આકુળતાના દુઃખ સર્પ જેવા છે. ધર્માત્મા એના દુઃખથી ભાગ્યા છે. આહા..હા..! સમજાય છે? એ રસ લેવા ઉભા રહ્યા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ પૂર્વના પુણ્યને લઈને સામગ્રી મળી હોય અને પાપને લઈને પ્રતિકૂળતા, અંતરમાં બેયની આકુળતાના દુઃખથી ભાગ્યા છે. કહો, સમજાણું કાંઈ? આકુળતામાં જેને કાંઈ રસ રહ્યો નથી. અને રસ રહ્યો છે એવો આત્મા એની ભાવના પ્રિય છે, એવા શ્રોતાએ પ્રશ્ન કર્યા ને ભગવાને ઉત્તર દીધા છે. આહા..હા..! કેવી ભૂમિકા સ્થાપે છે! સમજાય છે કાંઈ? આહા..હા..!

**'જિસ તરહ ઈન ભવ્ય જીવોંને ભગવંત સે પૂછા,...'** એવા ભવ્ય જીવોએ આમ ભગવાનને પ્રશ્ન કર્યો, નાથ! પૂર્ણ કેવળજ્ઞાની પરમાત્મા છે, સંતો આદિ કે મુનિઓ આદિ હોય, એને પૂછે, પ્રભુ! આ પરમાત્મા મારો નિજ સ્વરૂપ ભગવાન અંદર, એ શું છે? વિશેષ પ્રગટ સમજવા માટે, વિશેષ ઉગ્રતા પુરુષાર્થ માટે, આ પ્રશ્ન આવા શ્રોતાઓએ પૂછ્યા હતા. આહા..હા..! પોતાના આત્મામાં વિશેષ મહિમા આવીને સ્થિર થવા માટે આ પ્રશ્નો હતા. સમજાણું કાંઈ? **'ઔર ભગવંતને તીન પ્રકાર આત્માકા સ્વરૂપ કહા,...'** આગળ કહેશે ને? ઈ કહેવું છે એટલે.

ભગવાને આત્માના ત્રણ પ્રકારના સ્વરૂપ કહ્યા. જ્યારે શ્રોતાઓએ આવું પૂછ્યું ઓહો..હો..! એ સભા, એ ચક્રવર્તી રાણીઓ લઈને આવ્યો હોય, વાસુદેવ, બળદેવો પણ આ રાણીઓ હજારો લઈને આવ્યો હોય, આમ મોટા આભના થોભ જેવા પુણ્યવાળા દેખાય. એ કહે છે કે એને આકુળતાના ભાવથી બીના છે, હોં! અંદર ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો રસ પ્રભુ એના અમે પિપાસુ (છીએ). ઈ કહેતા નથી, અહીં તો આચાર્ય કહે છે ઈ એના પિપાસુ છે, એમ અમે કહીએ છીએ. એવા જીવોએ ભગવાનને પૂછ્યું, તો ભગવાને આત્માના ત્રણ પ્રકારની વાત કરી. સમજાય છે?

**'ભગવંતને તીન પ્રકાર આત્માકા સ્વરૂપ કહા, વૈસે હી મૈં જિનવાણીકે અનુસાર તુજે કહતા હૂં.'** જુઓ! સર્વજ્ઞ પરમાત્મા કેવળજ્ઞાનીની પર્યાયમાં જે આ ત્રણ કાળ, ત્રણ લોક જણાણા, એમાં આત્મા, બહિરાત્મા, અન્તરાત્મા, પરમાત્મા કેવો છે, એનું જ્ઞાન ભગવાનના

જ્ઞાનમાં હતું. ભગવાને એ આત્માના ત્રણ પ્રકારનું સ્વરૂપ કહ્યું. એને અનુસારે હું પણ તને કહીશ, કહે છે. મારા કલ્પનાની, ઘરની વાત નથી. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વર, એમણે જે ત્રણ કાળ, ત્રણ લોક જાણ્યા એમાં આત્માની ત્રણ અવસ્થાઓ અને આત્મદ્રવ્ય, એ જાણી અને એમણે કહી એવી જિન અનુસાર, વાણીને અનુસાર હું તને કહીશ. સમજાણું?

સારો દીકરો એક મરી ગયો હોય ને, પછી જેને નથી કહેતા કે, ભાઈ! લોયાળા મોઢા છે. એમ નથી કહેતા? એમ આ વૈરાગ્યના જેના મોઢા છે, એવા ભગવાનને પ્રશ્ન કરે છે. આહા..હા..! સમજાય છે? દીકરો મરી ગયો હોય વીસ વર્ષનો, બે વર્ષનું પરેણતર મુકીને, અને એકનો એક જ હોય, હવે આશા પણ નવી ન હોય ને એને કાંઈ છોકરો પણ ન હોય. એ લોયાળુ માઢું હોય. લોયાળું એટલે? શોક... શોક... શોક... શોક...

અહીં કહે છે કે, આકુળતાના ભાવમાં દુઃખ લાગ્યું છે ને. સમજાય છે? જેને વૈરાગ્ય મોઢે આત્મામાં છવાઈ ગયો છે. પેલાને લોયાળા મોઢા છે, આના વૈરાગ્યથી (ભરેલા) છે. પ્રભુ! આહા..હા..! અમારા આત્માનું નિજ સ્વરૂપ પ્રભુ કેવું છે? ત્યારે કહે છે, ભાઈ! ભગવાને કહ્યું એ પ્રમાણે હું તને કહીશ.

**'વૈસે હી મૈં જિનવાણીકે અનુસાર તુજે કહતા હૂં. સારાંશ યહ હુઆ, કિ તીન પ્રકાર આત્માકે સ્વરૂપોંસે શુદ્ધાત્મસ્વરૂપ જો નિજ પરમાત્મા વહી ગ્રહણ કરને યોગ્ય હૈ.'** એમાં ટીકાનો છેલ્લો શબ્દ છેને? અન્તરાત્મા, બહિરાત્મા, પરમાત્મા કહીશ, પણ એમાં આ આત્મા જે નિજ સ્વરૂપ છે, એ જ અંતર દષ્ટિ કરીને સ્થિર થવા લાયક, તે જ ઉપાદેય અને આદરણીય છે. સમજાય છે?

**'જો મોક્ષકા મૂલકારણ રત્નત્રય કહા હૈ,...'** પેલા ભેદાભેદ રત્નત્રયની ભાવના પ્રિય છે, એમ કીધું ને? ત્યારે ભગવાને પણ ભેદાભેદ રત્નત્રય કહ્યા છે ને? એટલે એને પ્રિય છે. ભગવાને કહ્યા તે હું પણ કહું છું, એમ કહે છે. સમજાય છે કાંઈ? પ્રશ્નકારને ભેદાભેદ રત્નત્રયની પ્રિયતા જે વર્ણવી, ત્યારે એમણે પણ ભગવાને, સંતોએ ભેદાભેદ રત્નત્રય કહ્યા હતા. તો કહે છે, **'વહ મૈંને નિશ્ચયવ્યવહાર દોનોં તરહસે કહા હૈ,...'** હું પણ એ રીતે કહું છું. સમજાણું કાંઈ?

**'મૈંને...'** બ્રહ્મદેવ કહે છે, આ યોગીન્દ્રદેવ આચાર્ય કહે છે. નિશ્ચય વ્યવહાર. કેમકે શ્રોતાને નિશ્ચય ને વ્યવહાર, અભેદ-ભેદરત્નત્રય પ્રિય છે. એણે સાંભળ્યું ને ક્યાંથી એમણે એ સાંભળેલું જાણ્યું? સંતોએ કેવળીઓએ કહેલું તો હું પણ એ રીતે તને કહું છું, એમ કહે છે. **'નિશ્ચયવ્યવહાર દોનોં તરહસે કહા હૈ, ઉસમેં અપને સ્વરૂપકા શ્રદ્ધાન,...'** ભગવાન આત્મા એકદમ જ્ઞાન અને આનંદનું સ્વરૂપ જેનું પૂર્ણ છે, એની જેને અંતર શ્રદ્ધા, સ્વ-શુદ્ધસ્વરૂપની અંતર શ્રદ્ધા,

**'સ્વરૂપકા જ્ઞાન...'** સ્વ-રૂપ. પોતાનો જ્ઞાનમય ચિદાનંદ પ્રભુ, એનું જ્ઞાન. જ્ઞાનનું જ્ઞાન, આત્માનું જ્ઞાન, જ્ઞાનનું જ્ઞાન-આત્માનું જ્ઞાન, સ્વરૂપનું જ્ઞાન, નિજ પરમાત્માનું જ્ઞાન, એ નિશ્ચય. એ નિશ્ચય જ્ઞાન, તે અભેદ જ્ઞાન. પહેલું સ્વરૂપ શ્રદ્ધા ને નિશ્ચય સમકિત કે અભેદ શ્રદ્ધાન **'ઔર સ્વરૂપકા હી આચરણ...'** ભગવાન આત્મા પોતાની દૃષ્ટિ, જ્ઞાનને કરીને એવા શુદ્ધ સ્વરૂપમાં ઉપર અંતર રમે. ઉપર એટલે શું? કે, પર્યાયથી દ્રવ્યમાં રમે. વસ્તુ જે પૂર્ણ સ્વભાવનો પિંડલો શાંતરસનો ગર્ભ, એકલો શાંત બરફ જેમ ઠંડો, એમ આ શાંતરસનો પિંડલો એના ઉપર રમે, એનું નામ ચારિત્ર ને એનું નામ નિશ્ચય આચરણ કહેવામાં આવે છે અથવા એને અભેદ ચારિત્ર કહેવામાં આવે છે. કેમકે એ પર્યાય દ્રવ્ય સાથે એક થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! **'યહ જો નિશ્ચયરત્નત્રય હૈ, ઈસીકા દૂસરા નામ અભેદ ભી હૈ,...'** માથે અભેદ કીધું હતું ને? ભેદાભેદ રત્નત્રય પ્રિય છે. એટલે કીધું કે, અભેદ ને ભેદ પ્રિય છે. એનો અર્થ જ અભેદ એટલે નિશ્ચય, ભેદ એટલે વ્યવહાર.

**'ઔર દેવ-ગુરુ-ધર્મકી શ્રદ્ધા,...'** સાચા સર્વજ્ઞ પરમાત્મા. 'યોગીન્દ્રદેવ' કહે છે અથવા જે જે પ્રશ્નકારના ઉત્તર દેનાર સંતો કહે છે, કે ભગવાન આત્મા નિજ સ્વરૂપે પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એની અંતરની શ્રદ્ધા, અંતર્મુખનું જ્ઞાન ને અંતર્મુખનું આચરણ, એને સાચા રત્નત્રય કે, જે સાચા રત્નત્રયના વટાવમાં મોક્ષ મળે છે. ઈ સાચા રત્નત્રયની કિંમત દેતાં મોક્ષનું મણિ-માણેક મળે છે. એને નિશ્ચય કહે છે, એને અભેદ કહે છે, એને સાચા રત્નત્રય કહે છે. કહો, સમજાણું કાંઈ? એની જોડે દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનો એક વિકલ્પ હોય છે. સાચા સર્વજ્ઞ પરમાત્મા, સાચા પૂર્ણ સ્વરૂપને સાધનારા સંતો અને અહિંસા ધર્મ, શાસ્ત્રની શ્રદ્ધા એનો જે શુભ વિકલ્પ, એ વ્યવહાર શ્રદ્ધા છે, ભેદવાળી શ્રદ્ધા છે, એ ઉપચારીક શ્રદ્ધા છે.

**'નવતત્ત્વોંકી શ્રદ્ધા,...'**—જીવ-અજીવ આદિ બરાબર (જાણ્યા છે). જીવ અનંત છે, અજીવ છે, અનંત છે, પુણ્ય પરિણામ છે, પાપ પરિણામ છે, એવા નવે નવ ભિન્ન ભિન્ન એના કાર્ય અને ભિન્ન ભિન્ન જેનું સ્વરૂપ (છે), એ રીતે નવને શ્રદ્ધવા એ વિકલ્પવાળી શ્રદ્ધા એ રાગ શ્રદ્ધા, રાગરૂપ શ્રદ્ધા એ વ્યવહાર શ્રદ્ધા કહેવામાં આવે છે.

આગમનું જ્ઞાન અને શાસ્ત્રનું જ્ઞાન. સ્વનું જ્ઞાન એ નિશ્ચયજ્ઞાન. આગમજ્ઞાન એ વ્યવહારનો એવો વિકલ્પ હોય છે. શાસ્ત્રના ભણવાનું જ્ઞાન એ વિકલ્પ (છે). નિશ્ચય જેને હોય એને આવો વ્યવહાર હોય છે. એવું આગમનું જ્ઞાન, બરાબર આગમનું જેવું કહેવું છે નવ તત્ત્વ, છ દ્રવ્ય આદિ, એનું એને જ્ઞાન (હોય છે) એ વ્યવહાર જ્ઞાન કહેવામાં આવે છે. જે વિકલ્પ છે, જે ભેદ છે, જે ઉપચાર છે અથવા ખોટા રતન છે. ઉપચાર કહો કે ખોટા કહો, એમાં શું ... છે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ખોટા કિંમતી થાય નહિ. ખોટાને કિંમતનો આરોપ આપે, પેલો નિશ્ચય સાથે છે માટે. સમજાણું કાંઈ?

'**તથા સંયમભાવ...**' પાંચ ઇન્દ્રિયોના દમનનો શુભ વિકલ્પ. સમજાય છે? અથવા છ કાયના જીવને ન મારવા એવો આદિ વિકલ્પ, એવો શુભ સંયમ વ્યવહાર હોય છે. એ વ્યવહાર આચરણ કહો, ભેદરૂપી આચરણ કહો, નિમિત્તરૂપે આચરણ કહો કે ઉપચાર આચરણ કહો. '**યે વ્યવહારરત્નત્રય હૈં,...**' છે. પાછું એમ સિદ્ધ કરવું છે ને? અને પેલાને કહ્યું હતું ને ભેદાભેદ રત્નત્રયની ભાવના પ્રિય છે. ત્યારે છે એ પ્રિય છે ને? સમજાણું? ભગવાને આમ કહ્યું હતું, આચાર્ય કહે છે, અમે પણ એમ જ કહીએ છીએ. '**ઈસીકા નામ ભેદરત્નત્રય હૈ.**' વિકલ્પરૂપ, રાગરૂપ, ઉપચારરૂપ ભેદરત્નત્રય હૈ. જેનું ખરેખર ફળ તો પુણ્ય છે. પણ નિશ્ચયરત્નત્રયનું ફળ મોક્ષ છે, એવો એનો આરોપ દઈને કહીએ તો એનું ફળ મોક્ષ છે એમ કહેવામાં આવે છે. સમજમેં આયા કી નહીં?

આત્મા વસ્તુનો સ્વભાવ, એની અંતર દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા તે એક જ મોક્ષનો સાચો માર્ગ છે. સાથે આવો વ્યવહાર છે એ ખરેખર (મોક્ષમાર્ગ) નથી, પણ આવા મોક્ષમાર્ગની જોડે એવો વિકલ્પ અનુકૂળ વ્યવહારે ગણીને એ પણ મોક્ષનું કારણ છે એમ વ્યવહારે કહેવામાં આવે છે. છે બંધનું કારણ. એને વ્યવહારનય કહે છે કે, તે વ્યવહાર મોક્ષનું કારણ છે. આવા બે પ્રકારના ભાવ ધર્મ આરાધક જીવને હોય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :—

ઉત્તર :— વિકલ્પ હૈ યા નહીં? અહીં નિર્વિકલ્પની સાથે છે તો આરોપ દે છે. આરોપ કરીને કહે છે ને? નિશ્ચય સાચા છે, પેલા જોડે ખોટા છે. પણ સાચાના નિશ્ચયની અપેક્ષા એ પણ વ્યવહારે સાચા છે, એમ આરોપ કરવામાં આવે છે. કઠણ પડે એવું છે? ક્યા હૈ?

અહીં તો બેને રત્નત્રય કહેવા છે ને? અહીં નિશ્ચયરત્નત્રય છે એટલે એને વ્યવહારરત્નત્રય કહ્યા. નિમિત્તરૂપે કહો, ભેદરૂપ કહો, વ્યવહારરૂપ કહો. અહીં આ છે એનો આરોપ કરીને એને પણ રત્નત્રય કહ્યા ને મોક્ષમાર્ગ બેય છે એમ કહેવામાં આવ્યું. બેનું કથન કર્યું એમાં બે આવ્યા. વાસ્તવિક તો એક જ મોક્ષમાર્ગ છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આજે થોડું વ્યવહારને સ્થાન મળ્યું (એમ કહે છે).

મુમુક્ષુ :— આજે નિશ્ચિત કરવા માટે સ્થાન મળ્યું છે.

ઉત્તર :— અહીં તો બે સાથે વર્ણવા છે ત્યારે એનું સ્વરૂપ શું કહે? એને રત્નત્રય કહ્યા.

અહીં રત્નત્રય સાચા છે તો વિકલ્પને વ્યવહારે રત્નત્રય કહ્યા. આ નિશ્ચય તો આ વ્યવહાર, આ સાચા તો ઉપચાર, આ ખરેખર તો ખોટા, આ શુદ્ધ ઉપાદાન તો ઓલું નિમિત્ત. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! નિશ્ચયની અપેક્ષાએ ખોટા, વ્યવહારની અપેક્ષાએ વ્યવહાર સાચા. છે ખરું ને?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ ઉપચારનો અર્થ જ ખોટો છે. મીંદડીને સિંહ કહેવો. એમાં શું કહે આ સિંહ રહ્યો. ચિતરામણમાં લખ્યું હોયને સિંહ. આ સિંહ. છે સિંહ? ખોટો સિંહ છે. ઉપચારથી કહેવામાં આવે છે.

**'ભેદરત્નત્રય તો સાધન હૈં...'** વ્યવહારે. એ વ્યવહારે રત્નત્રય, ભેદરત્નત્રય વ્યવહારે સાધન છે. કારણ કે, એનો વિષય પર છે. શું કીધું? દેવ-ગુરુ લીધા ને? જુઓને! દેવ-ગુરુ ... ધર્મ, નવ તત્ત્વો ને આગમનું જ્ઞાન અને સંયમ, ઈન્દ્રિયનું દમન આદિ પરલક્ષે પરને આમ ન મારવા આદિ, એવો જે વ્યવહાર રત્નત્રય છે એ રાગ છે, એનો વિષય પર છે. નિશ્ચય રત્નત્રય છે તે નિર્વિકાર છે તેનો વિષય આત્મા છે. આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ તો આ નિશ્ચયની અપેક્ષાએ ખોટો. ખોટાની અપેક્ષાએ ખોટો સાચો (છે). વસ્તુ નથી? વસ્તુ નથી? ખોટો રૂપિયો નથી? ખોટો રૂપિયો છે કે નહિ? પણ રૂપિયો કહેવાય ને એને? શું કહેવાય? ખોટો રૂપિયો પણ રૂપિયો કહેવાયને? એમ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ખોટું વ્યવહારે સાધન કહ્યું.

મુમુક્ષુ :— તો ખોટાની ... કરતા આવડે તો સાચો આવ્યો કહેવાય.

ઉત્તર :— અસત્યાર્થનયે, વ્યવહારનયે તેને સાધન કહ્યું. અસત્યાર્થનયે, વ્યવહારનયે, જૂઠીનયે તેને સાધન કહ્યું. કહો, સમજાણું?

**'ઔર અભેદરત્નત્રય સાધ્ય હૈ.'** આહા..હા..! ભગવાન આત્મા અરે..! વિસામાનું ઠામ જેણે કોઈ દિ' જોયું નહિ, જાણ્યું નહિ, જાણ્યાનો અનુભવ કરવાનો પ્રયત્ન કર્યો નહિ. રુચ્યું નહિ... રુચ્યું નહિ. જ્યાં આગળ ઠરવાથી શાંતિ મળે અને એ શાંતિનું મહાધામ સત્તા આસન લગાવવાનું (સ્થાન) એવી ચીજ શું છે એની એણે અનંત કાળમાં કોઈ દિ' પ્રીતિ પણ કરી નથી. સમજાણું કાંઈ?

**'આગે તીન પ્રકાર આત્માકો જાનકર...'** હવે બારમી ગાથા. **'બહિરાત્મપના છોડ સ્વસંવેદન જ્ઞાનકર તૂ પરમાત્માકા ધ્યાન કર, ઈસે કહતે હૈં'**

१२) अप्पा ति-विहु मुणेवि लहु मूढउ मेल्लहि भाउ।
मुणि सण्णाणेँ णाणमउ जो परमप्प-सहाउ।।१२।।

'હે **પ્રભાકરભટ્ટ! તૂ આત્માકો તીન પ્રકારકા જાનકર (मूढं भावम् लघु मुञ्च) બહિરાત્મ સ્વરૂપ ભાવકો શીઘ્ર હી છોડ,...**' એ પુણ્ય ને પાપ ને પોતાનું માનવું, એ રાગના વિકલ્પોને પોતાના માનવા, એ બહિરાત્મબુદ્ધિ, મિથ્યાબુદ્ધિ, મૂઢબુદ્ધિ છે. શરીર, વાણી તો ક્યાંય રહી ગયા. ખબર નથી અહીંથી જાવું ક્યાં? કોઈ સાથે આવે એવું છે?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હશે કોણ જાણે કોને થાતું હોય તો. કાગડા આવીને શ્રાદ્ધ નાખે એવાને થાતું હશે? પરભવમાં આ બધી સામગ્રીનો કાંઈ ઉપકાર (થાય કે નહિ?) આ ભવમાં તો કાંઈ નહિ પર વસ્તુ છે એટલે કાંઈ ઉપકાર થતો નથી. પણ એના માટે મરી ગયો, મરીને મથે છે. છોકરા માટે, બાયડી માટે, શરીર માટે, મકાન માટે, આબરૂ માટે મરીને મથે છે. ખબર છે કે, અમે અહીં રહેવાના નથી. જાવું છે મોટે કાળે બીજે. અહીં તો થોડો કાળ (રહેવાનું છે). હવે આ સામગ્રીની સંભાળમાં... એને આ સામગ્રી એક સમય પણ સાથે આવવાની નથી. બરાબર હશે? એક સમય સાથે આવશે? પણ..

મુમુક્ષુ :— ...

ઉત્તર :— કોને? ધૂળમાં કામ આવે છે? દુઃખને માટે નિમિત્ત થવામાં કામ આવે છે. દુઃખને માટે નિમિત્ત થવામાં કામ આવે છે.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— અલ્પ નહિ, બધું, બધું દુઃખ જ છે. અલ્પને વળી ક્યાં? પછી મહેન્દ્રભાઈ જેવા છોકરા હોય તો એના પિતાજી કહે થોડું દુઃખ છે ને એટલું તો? થોડું તો સુખ છે ને એમાં? કહો. કહ્યાગરા છોકરા મળે એવા. પિતાજીને અહીં પચાસ હજારના મકાન કરાવી દે. રહો, નિરાંતે રહો, હવે તમારે કાંઈ કરવાનું નથી, જાવ. એટલું તો સુખ ખરું કે નહિ? નહિ? લે, આ ના પાડે છે. એ..ઈ..! શેઠી. ઈ પણ ના પાડે છે. એ દુઃખ જ છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— સુખ નહિ ને દુઃખ, બેમાં ફેર હશે? આહા..હા..!

એક સેકન્ડનો અસંખ્યમો ભાગ પણ જેના સમીપમાં-એના ક્ષેત્રમાં આ ચીજ આવી નથી. આવી છે? એક સમયમાત્ર આ શરીર આત્માની પર્યાયમાં આવ્યું છે? એક સમય. અને એક સમયમાત્ર અહીંથી નીકળતા સાથે એક સમયમાત્ર આવશે? આ તો પર માટી, ધૂળ, પરવસ્તુ અને જગતના પદાર્થ છે. આહા..હા..! પણ એને માટે આત્માને ખોઈને પણ એને સારા રાખું.

આત્માને ગાળીને પણ એને જીવતા, ટકતા રાખું. આત્માને ઓગાળીને પણ એને ટકતા રાખું. મિથ્યાશ્રદ્ધાથી આની ... આમ રહો, આનો .. આમ રહો અને આનો .. આમ રહો. મરી ગયો એની ભાવનામાં. બાબુભાઈ! અરે..! શું હશે આ તે? અને એક સમયમાત્ર જ્યાં છૂટ્યો. ખબર નથી એને કે અહીં રહેવું છે કેટલું? જેટલા વર્ષ કેટલાકને પચાસ ઉપર નીકળ્યા એને એટલું રહેવું છે? એક વાત છે. દાખલો. આ શેઠને તો ૮૦ થઈ ગયા. શરીરને, હોં! શેઠને એટલે આત્માને નહિ. આહા..હા..! ક્યાંનો ક્યાંનો તું, ક્યાંનું આ પીંજર? આ શરીર જ જડ, માટી, ધૂળના પદાર્થ છે. તું ક્યાં છો એમાં? એની સંભાળ કરવી એ કાંઈ સંભાળે રહે એવું છે? આહા..હા..! સાથે તો આવતું નથી, મમતા છૂટતી નથી. સાથે આવતું નથી, મમતા છૂટતી નથી. છોડ્યા વિના રહે એવું નથી હવે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ના, ના. થાય છે એમ માને છે કે, સારું રાખું આને. એ માટે દુઃખમાં રહે છે. સારું રાખ્યું રહેતું નથી માટે દુઃખ માને છે. એ મૂઢતા છે એમ કહે છે. સારું-નરસુંની વ્યાખ્યા શું? એ તો પરપદાર્થ છે. તારા કોઈ કલ્પનાથી તે રહે એવું છે? અને કલ્પના લાખ રાખે છૂટવા કાળે છૂટ્યા વિના રહે એવું છે? અત્યારે છૂટું જ પડેલું છે. ક્યાં ગરી ગયું છે આત્મામાં એ? આહા..હા..! પણ મૂઢ પોતાના આત્મા...

અહીં બહિરાત્માની વ્યાખ્યા ચાલે છે. બહિર્ જેટલી વસ્તુ છે તે તેની નથી, તેમાં રહે નહિ, એ રાખી રહે નહિ, છતાં એને પોતાનું માની, પોતાના આત્માની શાંતિ, સ્વભાવ ખોઈ, અનાદર કરી આને રાખવા મથે છે. એ ત્રણ કાળમાં એના થતાં નથી ને કોઈ દિ' થયા નથી. એવી માન્યતાવાળા કહે, મારા આને રાખું. એ બહિરાત્મા મૂઢ કહેવાય છે. '**મૂઢઉ**' અહીં શબ્દ વાપર્યો છે. આહા..હા..! સમજાણું?

કોઈ રીતે જગતમાં મને સારો કોઈ કહે અને નરસાની છાપ છે એ જાય. એના માટે મથે વિકલ્પથી, એનો અર્થ જ ઈ પરને જ પોતાનું માને છે. આહા..હા..! ઈ બહિરાત્મા પરને જ પોતાનું માને છે. કેમકે પર જે છે ઈ મને ઠીક કહે ને તો મને ઠીક. એટલે એ પરને જ પોતાનું માને છે. બીજા મને ઠીક કહે... આહા..હા..! ભારે! બસ, રાજી રાજી. અને એ સારો માણસ કહેવાય. તો એને સારો માણસ કહેવાય.

મુમુક્ષુ :— ઈ સારો.

ઉત્તર :— હા. એને ઠીક કીધું ને એટલે એ સારો.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— વાત તો એ છે.

અરે..! તારે દુનિયા જે પરપદાર્થ, એની પર્યાય ઈ સરખું તને કહે, તો તને સરખું ઠીક લાગે અને સરખું એ ન કહે તો ઠીક ન લાગે. એણે પરને જ પોતાનું માન્યું છે. સમજાય છે કાંઈ? બહિરાત્મબુદ્ધિ, મૂઢબુદ્ધિ છે. આહા..હા..! બરાબર હશે?

કહે છે, '**बहिरात्म स्वरुप भावको...**' હોં! ભાવકા. છે ને? પાઠ છે ને '**मूढं भावम्**' એમ છે. પરવસ્તુ નહિ, પરવસ્તુ મારી છે, એને રાખું, એની રક્ષા કરું અને પ્રતિકૂળ હોય તો એને દૂર કરું. એવો જે પરને (પોતાનું માને છે), એનો અર્થ કે, હું દૂર કરું ને રાખું એનો અર્થ જ પરને પોતે માન્યો કહેવાય. પરને પોતાનું માન્યું છે, એને દૂર કરું ને ભેગું કરું એવું એણે માન્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અન્તરાત્મા ભગવાન જ્ઞાનમય કહેશે, જુઓ! આ પાઠમાં. '**स्वज्ञानेन ज्ञाननयः जान मन्यस्व**' ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ એનામાં આ પરચીજનો ત્રણે કાળે અભાવ (છે). છતાં એને રાખવા મથું અને એને ઠીક કરે મારું તો એ ઠીક મને એમ એને પરને જ એણે માન્યું છે. અને મારી આ નિંદા કરે ને, એના અસ્તિત્વને હું ઉખેડી નાખું તો મને ઠીક પડે. એનો અર્થ જ છે કે, એ પરને જ પોતાનું માને છે. સમજાણું કાંઈ?

એ બહિર્ નામ ભગવાન અંતર્મુખ ચિદાનંદમૂર્તિ, એવું જેને પોતાનું જ્ઞાન, જ્ઞાનનું જ્ઞાન નથી. સ્વસંવેદનજ્ઞાન, જ્ઞાનમયનું સ્વસંવેદનજ્ઞાન, હું તો જ્ઞાન-આત્મા ચૈતન્ય છું. પર્યાયમાં વિકાસ ભલે પરમાત્માનો ન હો પણ હું સ્વસંવેદન જ્ઞાનથી, જ્ઞાનસ્વરૂપે તે હું છું. બીજી કોઈ ચીજને ફેરફાર કરવા હું માગું તો મારી કલ્પનાથી ફેરફાર થાય એ ચીજમાં છે નહિ. કારણ કે ત્યાં જ્ઞાન છે. આ જ્ઞાન છે. એ તો થાય તેને જાણનાર છે. સમજાય છે? થાય તેને ફેરવનાર છે એમ નથી. ફેરવી નાખ તારા ભાવમાંથી, ફેરવી નાખ તારા ભાવમાંથી. શું કરવું છે તારે? આહા..હા..! એ તીર્થંકરોએ બહિરાત્માનું સ્વરૂપ આવું વર્ણવ્યું એમ આચાર્ય કહે છે કે, હું તારી પાસે વર્ણવું છું. આહા..હા..! એણે પાઠમાં શું લીધું?

'**लहु मूढउ मेल्लहि भाउ**' શીઘ્રપણે મૂઢાત્માને મેલ એવા ભાવને. સમજાણું કાંઈ? બહારની સગવડતા એ મને ઠીક અને અસગવડતા એ અઠીક, એ પરને જ પોતાનું માન્યું. એની બુદ્ધિ, બહિર્બુદ્ધિ, બાહ્ય બુદ્ધિ છે. સમજાણું? આ નામ શરીરનું એની પ્રસિદ્ધિ એ મને પ્રસિદ્ધિ (છે એમ માનનાર) એ બહિરાત્મા મૂઢ મિથ્યાદષ્ટિ છે. શરીરના નામની કોઈ નિંદા આદિ કરે ને એને એમ થાય કે, આ મારી નિંદા કરે છે. એનો અર્થ કે, શરીરને નામે જે કરે ઈ મને કરે (છે). એટલે એ શરીરને જ પોતાનું માને (છે). આહા..હા..! કહો, ભીખાભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :— આ ઉકરડો કાઢવા માટે તો વાત ચાલે છે આ. આહા..હા..! આમ તો અગિયાર અંગ ને નવ પૂર્વ શીખી ગયો. ભણી ભણીને ગોખી ગયો. સમજાણું કાંઈ? અને મને આવડ્યું એમ પણ એણે માની લીધું. આપણને આવડે છે બધું હવે. અમે તો ઘણું શીખી ગયા, ઘણા વર્ષથી શીખી ગયા.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એના ખ્યાલમાં છે બધું. ખ્યાલમાં છે કે, આ વસ્તુમાં ફેરફાર થાય તો મને ઠીક પડે ને એમાં ન થાય તો મને ઠીક ન પડે, એ ખ્યાલમાં છે. સમજાણું કાંઈ? છોડ બહિરાત્મ-બુદ્ધિ. અને પરમાત્મસ્વભાવ, પોતાનો પરમસ્વભાવ, પરમસ્વરૂપ સ્વભાવ એકલો જ્ઞાનમય પ્રભુ જ્ઞાનમય, જ્ઞાન (કહેતાં) શાસ્ત્રનું જ્ઞાન નહિ, આ જ્ઞાન નહિ. આ આત્મા જે જ્ઞાનમય વસ્તુ છે, એનું '**स्वज्ञानेन**' જુઓ! સ્વ-જ્ઞાનમાં સ્વસંવેદનનો વિસ્તાર કરશે. ઈ '**स्वज्ञानेन**' છે ને? એનો વિસ્તાર કરશે.

'**સ્વસંવેદનજ્ઞાનસે અંતરાત્મા હોતા હુઆ...**' જુઓ! ચોથેથી બાર સુધીની આ વ્યાખ્યા. '**स्वज्ञानेन**' ઓલી મિથ્યાત્વની વ્યાખ્યા બહિરાત્માની અને આ ચોથાથી બારમા સુધી. સમજાણું કાંઈ? એમાંથી કાઢશે. એ પાઠ એટલો છે. '**अन्तरात्मलक्षणवीतरागनिर्विकल्पस्वसंवेदनज्ञानेन**' પાઠમાં '**स्वज्ञानेन**' ટીકામાં '**अन्तरात्मलक्षणवीतरागनिर्विकल्पस्वसंवेदनज्ञानेन**' આ વસ્તુ. પેલા કહે, નવા શાસ્ત્રો બનાવ્યા. ભાઈ! શાસ્ત્રો બનાવ્યા નથી. એ તો શાસ્ત્રમાં છે એ વાતનો વિસ્તાર કર્યો. નવા શાસ્ત્રો શું કરવા બનાવ્યા? પેલા છે તે રાખવા હતા ને. લ્યો! એક વળી એમ કહે. કોણ બનાવે? બાપા! કાર્ય કોણ કરે? એના પરમાણુની પર્યાયમાંથી જે વિસ્તાર આવવાનો હોય એ આવે, હોય. એમાં નવા શાસ્ત્ર ક્યાં? નવી વાણી (ક્યાં)? વાણી તો જે છે એ છે. કોણ વાણી કરે ને કોણ કાઢે ને કોણ બોલે? આહા..હા..! સમજાણું કાંઈ?

વાણી હું ધીમેથી કહું તો હું કરી શકું, તાણીને કરું તો કરી શકું, ઉગ્રપણે જોર દઈને કરું અને ધીમેથી (કરું), બધું કરી શકું. એ માન્યતા જ બહિરાત્મા મૂઢની છે. આહા..હા..! ભગવાન પાસે તો એકલું જ્ઞાન છે. એની પાસે આનું આમ કરવું એવું એની પાસે છે? એના દ્રવ્ય ગુણમાં નથી ને પર્યાયમાં પણ નથી. સમજાણું?

કહે છે, એ '**સ્વસંવેદનજ્ઞાનસે અંતરાત્મા હોતા હુઆ મન્યસ્વ જાન.**' શું જાણ? '**વહ સ્વભાવ કેવલજ્ઞાનકર પરિપૂર્ણ હૈ.**' એકલો જ્ઞાન શાંતરસ, અકષાયી જ્ઞાન વીતરાગ વિકલ્પ વિનાનું, બોલવાની ભાષાની તો ગંધેય નથી એમાં. પણ વિકલ્પ કરું, આમ નહિ કરું—એ વસ્તુમાં નથી. એવો એકલો જ્ઞાનમય અકષાય, વિકાર રહિત, વીતરાગસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ. એને પામ, એનું સાધન કર. બહિરાત્માને છોડી અંતરાત્મા દ્વારા પરમાત્માનું સાધન કર. સમજાણું કાંઈ?

અરે..! આમાં કોનું કામ છે પણ? સમજાણું? કે, આ દુનિયા રાજી થાય કે ન રાજી થાય. હવે દુનિયા રાજી-નરાજી પરદ્રવ્ય છે. એની પર્યાય સાથે તારે શું સંબંધ છે?

મુમુક્ષુ :— દુનિયા કોઈ દિ' રાજી થાય એમ નથી.

ઉત્તર :— પણ રાજી થાય તો એની પર્યાયમાં. એની પર્યાયમાં એવું પરિણમન (થાય) એમાં તને શું? તારા પરિણમનને શું લાભ એમાં? અને પ્રતિકૂળતાના પરિણમનની વાણી જગતમાં હોય એમાં તારી પર્યાયને નુકશાન શું? આહા..હા..! સમજાણું કાંઈ?

તેથી કહ્યું કે, '**સ્વજ્ઞાનેન**'. '**સ્વજ્ઞાનેન**' શબ્દ વાપર્યો છે એમાંથી આટલું (કાઢ્યું કે) સ્વસંવેદન એટલે આત્માના જ્ઞાન દ્વારા, કેવળજ્ઞાનકર પરિપૂર્ણ એને જાણ. આખો આત્મા પરિપૂર્ણ છે એને જાણ અને જાણીને પરમાત્મા પૂર્ણ પ્રગટ કરવાનું સાધન અંતરાત્માપણું પ્રગટ કર. આહા..હા..!

અનંત કાળમાં માંડ માંડ માણસ થયો, એમાં માંડ એને મનુષ્યપણામાં સંજ્ઞીપણું મળ્યું. એમાં કાંઈક ઇન્દ્રિયોની (સરખાઈ મળી). એમાંથી એ ભાગીને નીકળવાનો એને કાળ (મળ્યો), ત્યાં ચોંટીને પડ્યો એમાં સરખાઈનો. સમજાણું કાંઈ? એમાંથી છૂટીને નીકળવાના ટાણા (આવ્યા) એમાં, એ છૂટવું નથી, એને જ પકડીને રાખવું (છે) ને એને જ રાખવું (છે). ઓહો..! અવળાઈ તે પણ કાંઈ. બહિરાત્મબુદ્ધિ બહારને રાખવા, છોડવા, રાજી-ખુશી કરવા. કહે છે કે, ભાઈ! એ મૂઢભાવ છોડ અને જ્ઞાનમય ભગવાન જાણવાનો દેખનાર સ્વભાવ તારો (છે). બોલવું પણ ક્યાં ને વિકલ્પ પણ ક્યાં ત્યાં (છે)? સમજાણું કાંઈ? એવી આત્માની ચીજને તું જાણ અને એ તો એકલો જ્ઞાનમય ભગવાન છે. સમજાણું કાંઈ? એમાં બોલવાનું, હાલવાનું, બીજાથી રાજી થવાનું કોઈ સ્વરૂપમાં છે જ નહિ. આહા..હા..!

'**જો વીતરાગ સ્વસંવેદનકર પરમાત્મા જાના થા, વહી ધ્યાન કરને યોગ્ય હૈ.**' શું કહ્યું? અંતરાત્માની વાત કરી પાછી. ભગવાન આત્મા એકલો જ્ઞાનનો... જ્ઞાન જેનું રૂપ અને સ્વરૂપ છે. શરીર જેનું રૂપ ને સ્વરૂપ જેનામાં ત્રણ કાળમાં નથી. વાણીનું રૂપ અને સ્વરૂપ જેનામાં નથી, પુણ્ય-પાપના વિકલ્પોના જવાબ દેવામાં, આ વિકલ્પ હોય તો આમ દઉં એવું વિકલ્પનું સ્વરૂપ ને રૂપ જેના સ્વરૂપમાં નથી. એ તો કેવો છે? વીતરાગ સંવેદન પરમાત્મા (છે). એ જ્ઞાનમય ભગવાન એને રાગ રહિત ચૈતન્યના ભાન દ્વારા જાણ્યો હતો એ જ ધ્યાન કરવાને લાયક છે. એમાં વારંવાર એકાગ્ર થવા લાયક છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**યહાં શિષ્યને પ્રશ્ન કિયા થા, જો સ્વસંવેદન અર્થાત્ અપનેકર અપનેકો અનુભવના...**' મહારાજ! આપે એમ કહ્યું અપનેકર અપનેકો, પોતાથી પોતાને અનુભવવો. '**ઇસમેં વીતરાગ વિશેષણ ક્યોં કહા?**' પોતાનું જાણવું એમાં વીતરાગનું વિશેષણ (લગાવી) વીતરાગ સ્વસંવેદન જ્ઞાન કેમ કહ્યું? સ્વસંવેદન કહેવું હતું એકલું. વીતરાગ સ્વસંવેદન કેમ કહ્યું? આત્મા ભગવાન

જ્ઞાનની મૂર્તિ પ્રભુ પુરુષાકાર પરમાત્માનું સ્વરૂપ પોતે છે. એને પોતાના વીતરાગી જ્ઞાન દ્વારા એને જાણવું. આપે વીતરાગ શબ્દ કેમ વચમાં નાખ્યો? એમ શિષ્યે પ્રશ્ન કર્યો છે. **'ક્યોંકિ જો સ્વસંવેદન જ્ઞાન હોવેગા, વહ રાગરહિત હોવેગા હી.'** શિષ્યનો પ્રશ્ન છે. એનું વિશેષ સમાધાન કરશે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૫, બુધવાર, તા. ૨૯-૯-૧૯૬૫**
**ગાથા-૧૨, પ્રવચન-૧૦**

'પરમાત્મપ્રકાશ'. પહેલા ભાગની ૧૨મી ગાથા. અહીંયા શિષ્યનો પ્રશ્ન છે. એમાં આચાર્યે કહ્યું કે, આત્માનું સ્વસંવેદન વીતરાગી જ્ઞાન, તેને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આત્મા વસ્તુસ્વરૂપે શુદ્ધ ચિદાનંદની જ્યોતિ, એનું સ્વ એટલે પોતાનું વેદન. અકષાયભાવનું સમ્યગ્જ્ઞાનના પ્રકાશ સાથે વીતરાગી વેદન (થવું) તેને સ્વસંવેદન કહેવામાં આવે છે. એને ધર્મની શરૂઆત ચોથા ગુણસ્થાનથી કહેવામાં આવે છે.

ત્યારે શિષ્યે પ્રશ્ન કર્યો કે, **'વીતરાગ વિશેષણ ક્યોં કહા? ક્યોંકી જો સ્વસંવેદન જ્ઞાન હોવેગા, વહ તો રાગરહિત હોવેગા હી.'** સમજાય છે? શિષ્યને એટલો તો આશંકાનો ભાવ આવ્યો કે, આ સ્વસંવેદન આત્મા જે છે એ પોતાનું સ્વરૂપ શુદ્ધ, એને પોતાથી-સ્વથી સં-પ્રત્યક્ષ વેદે, એ તો વીતરાગભાવવાળું જ હોય. એમ તો શિષ્યે પ્રશ્ન કર્યો. છતાં 'વીતરાગ વિશેષણ ક્યોં કહા?' સમજાણું?

**'ઈસકા સમાધાન શ્રીગુરુને કિયા કિ વિષયોંકે આસ્વાદનસે ભી ઉન વસ્તુઓંકે સ્વરૂપકા જાનપના હોતા હૈ,...'** શું કહે છે? ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ હોવા છતાં વિષયોના, કષાયોના પરિણામોનું સ્વમાં વેદન હોય છે. એને પણ સ્વસંવેદન કહેવામાં આવે છે. પણ એ વિષયોનું, ભોગનું, રાગનું વેદન એ રાગવાળું છે. સમજાણું કાંઈ? આત્મા વીતરાગી વિજ્ઞાનઘન (છે). એ પોતાનો વિષય, ધ્યેય છોડીને પાંચ ઈન્દ્રિયના વિષયો શુભાશુભ ચાહે

સો હોય, એ તરફના પુણ્ય-પાપનો વિકાર એ રાગ છે અને એ રાગનું વેદન એ સ્વસંવેદન કહેવાય. પોતાનું વેદન છે રાગનું. પણ વીતરાગી વેદન નથી. સમજાણું કાંઈ? ક્યા ફરમાયા? લ્યો!

આત્મા વિષય કા વેદન કરે એ કાંઈ જડનું વેદન નથી, પરનું નથી. આત્મા આનંદમૂર્તિ સ્વરૂપ સ્વ વિષયને છોડીને પર વિષયમાં શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ આદિમાં એ રાગાદિને કરીને વેદે એ સ્વસંવેદન છે. પોતાનું વેદન એટલે વિકારનું વેદન છે. એ કાંઈ જડનું ને પરનું નથી. એટલે સ્વસંવેદનમાં વીતરાગતા કહેવાનું એ કારણ છે કે, આ સ્વસંવેદન જે રાગવાળું છે એ વેદન અહીંયા લેવાનું નથી. સમજાણું કાંઈ આમાં?

આમ આત્મા એકલો અતીન્દ્રિય આનંદનો રસ અને અકષાય સ્વભાવ, એનો એ પ્રભુ સાગર પૂર્ણ ભરેલો છે. એનું જે સ્વ, સ્વ એટલે અવિકારી વીતરાગી સ્વભાવનું. સ્વ-પોતાનું, સં-પ્રત્યક્ષ, રાગ વિના આત્માની શાંતિનું, જ્ઞાનનું વેદન થાય, એને અહીંયા વીતરાગી સ્વસંવેદન કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એ ચોથે ગુણસ્થાનથી પ્રગટ થાય છે. સમ્યગ્દર્શનથી સ્વસંવેદન વીતરાગી વેદન પ્રગટ થાય છે. એટલે સ્વસંવેદનને વીતરાગી વેદન કહેવાનો આશય કે વિષયના ભોગને પર તરફના વેદનમાં વેદે છે તો રાગને અને પોતે વિકારને. અને પોતાનું વેદન (છે). પોતાનું એટલે સ્વરૂપની વાત અહીંયા નથી. પણ વિકારને વેદે છે એમાં એકલો રાગ છે. માટે એ રાગનું વેદન એ વીતરાગી સ્વસંવેદન હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ આમાં? આહા..હા..!

એમ કહે છે કે, અનંત કાળે એણે કાંઈ પરને તો કોઈ દિ' વેદ્યું નથી. જડને, શરીરને, પૈસાને, લાડવા, દાળ, ભાતને વેદ્યું નથી. એણો વેદ્યો તો પોતાનો જ ભાવ છે. પણ એ પોતાનો ભાવ એ રાગ ને વિકાર ને કષાયવાળો છે. એને એણે વેદ્યો એ રાગવાળી વેદનાને જુદી પાડવા સમ્યગ્દષ્ટિને વીતરાગી સ્વસંવેદન હોય છે માટે સ્વસંવેદનને વીતરાગ શબ્દ લાગુ પાડવો. ઓહો..! કહો, શેઠી! આ તો જૂના માણસ છે તોય હજી એને પૂછવું પડે છે નવું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— રાગનું વેદન ને રાગનું જ જ્ઞાન છે, સ્વનું જ્ઞાન ને સ્વનું વેદન નથી. ઠીક. અનાદિ વસ્તુ તો ભગવાન પૂર્ણાનંદથી ભરેલું તત્ત્વ, વસ્તુ, પદાર્થ આત્મા (છે). એનું સ્વ જ્ઞાન ને સ્વનું વેદન તો વીતરાગી જ્ઞાન ને વીતરાગી વેદન હોય. પણ પુણ્ય-પાપના ભાવનું વેદન અને તેનું જ્ઞાન એ તો રાગનું જ્ઞાન ને રાગનું વેદન છે. સમજાણું કાંઈ આમાં? એય..! જમુભાઈ! હવે આવું ઝીણું. જેઠાભાઈ! આહા..હા..!

વસ્તુ છે કે નહિ? એક ગોળનો આવડો મોટો ગાંગડો હોય. સમજાય છે? તો ગોળનો સ્વાદ આવે એ ગોળની મીઠાશનો આવે કે નહિ? કે, ગોળ ઉપર કોઈ ધૂળનું ઢેફું બહાર આવી ગયું જરી. આ નથી નાખતા આમાં? ગોળ બાંધે ને જરી (એમાં) કાળી ધૂળ નાખે, સાબુ નાખે. અને એમાં કોઈ સાબુનો ભાગ ને જરીક ધૂળનો ભાગ રહી ગયો એનો સ્વાદ એ કાંઈ ગોળનો સ્વાદ છે? સમજાણું કાંઈ?

એમ ભગવાન આત્મા જ્ઞાન ને અનાકુળ આનંદનું સ્વરૂપ, એમાં જેટલા વિકાર પુણ્ય-પાપના, રાગ-દ્વેષના થાય, એ ધૂળ ને સાબુની કોઈ કટકી રહી જાય એમાં ગોળમાં, હોં! થોડી થોડી નાખે ને? એ સ્વાદ બીજો થઈ જાય. એમ ચૈતન્યનો સ્વાદ સ્વનું જ્ઞાન ને સ્વનો સ્વાદ એ વીતરાગી જ્ઞાન ને વીતરાગી સ્વાદ છે. આહા..હા..! કેમકે આત્મા વીતરાગ સ્વરૂપ જ છે. વીતરાગ એટલે અકષાય સ્વભાવનો ઘન આત્મા છે. આહા..હા..!

અકષાય સ્વભાવનો પિંડલો આત્મા ભગવાન છે. એ આત્માનું અંદર જ્ઞાન અને આત્માનું વેદન (થાય), એ સ્વ જ્ઞાન અને સ્વની શાંતિનું વેદન (છે). એને વીતરાગી વેદન કહેવામાં આવે છે. અને આ વિષયનું વેદન રાગનું, ભોગનું, વિકલ્પનું, માન, આ કીર્તિનું વેદન. એના તરફનો રાગ, એ રાગનું વેદન એ છે પોતાનું વેદન, પણ ઓલું સ્વભાવનું નહિ, વિકારનું વેદન છે. સમજાણું કાંઈ? આહા..હા..! એમાં કાંઈ લાડવા ને દાળ-ભાત ને રૂપિયાનું વેદન નથી. શું હશે? મલુકચંદભાઈ! નહિ?

હવે એક તો આ ઘી મોંઘા મળે પાંચ શેર રૂપિયાનું. રૂપિયાનું પાંચ શેર હોય? રૂપિયાનું પાંચ શેર પહેલાં હતું. પાંચ રૂપિયાનું શેર. કહો, હવે એનો સ્વાદ કેવો આવતો હશે? સ્વાદ ઘીનો આવતો હશે? ભગવાન આત્મા જ્ઞાન સ્વરૂપે પૂર્ણ સ્વરૂપ છે. એ તો કેવળ જ્ઞાનનો, કેવળ-એકલા જ્ઞાનનો ને એકલા વીતરાગી અવિકારી સ્વભાવનો કંદ પિંડ વસ્તુ આત્મા (છે). હવે એ પોતે પરનો વિષય કરે તો કાંઈ પરને વેદતો નથી. વેદવા વખતે રાગ કરે છે, દ્વેષ કરે છે, વિકલ્પ (કરે છે) એને એની પર્યાયમાં, અવસ્થામાં અનુભવે છે. પણ એ વિકારી વેદન છે તે દુઃખરૂપ છે અને એ સંસાર છે, એવા રાગવાળા વેદનને જુદું પાડવા સ્વસંવેદનને વીતરાગી વેદન કહેવામાં આવે છે. કહો, સમજાય છે આમાં? ઓહો..હો...!

**'વિષયોંકે આસ્વાદનસે ભી ઉન વસ્તુઓંકે સ્વરૂપકા જાનપના હોતા હૈ,...'** જોયું? એનું જાણપણું તો હોય છે. આ રાગનું, દ્વેષનું આ ફલાણું છે. **'પરંતુ રાગભાવકર દૂષિત હૈ,...'** જ્ઞાન તો હોય ને? જ્ઞાન ક્યાં ચાલ્યું જાય? આ રાગનું જ્ઞાન, દ્વેષનું જ્ઞાન, પુણ્યનું જ્ઞાન, પાપનું જ્ઞાન, ભોગનું, વાસનાનું જ્ઞાન. **'વસ્તુઓંકે સ્વરૂપકા જાનપના હોતા હૈ, પરંતુ રાગભાવકર દૂષિત હૈ, ઈસલિયે નિજરસ કા સ્વાદ નહીં હૈ,...'** એથી ભગવાન આત્મા

એકલો જેમ... આ કોલ્હાપુરનો ગોળ નથી થાતો? શું કહેવાય છે ઈ? રવા રવા મોટા. એમાં અડધા નંબરનો ગોળ આવે છે કાંઈક. બહુ ઊંચો કહે છે. નહિ? અડધા નંબરનો ને? ઊંચો આવે છે. એ તમે ગયા હતા ને? .... એ બધા સાથે ફરતા હતા ને, એને ખબર છે ને. ધોળો બાચકા જેવા આમ સમજ્યા ને. અધમણ લીધો હતો તો મોટરમાં ઉંદર ખાવા મંડ્યો. નીકળ્યો એમાંથી ઉંદર.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા. ત્યાં નીકળીને પાણી પી આવે. વળી પાછો ગરી જાય ન્યાં ગોળ ખાવા. ફતેહપુર કાઢ્યો પછી. એવો ઊંચો ધોળો (ગોળ). એનો સ્વાદ હશેને જીવને? એનું જ્ઞાન છે કે, આ ગોળ છે. અહીં જ્ઞાન છે પણ રાગવાળું જ્ઞાન છે. સમજાણું કાંઈ? જ્ઞાનમાં તો જે આવે એ વસ્તુનો ખ્યાલ આવે કે નહિ? એ જ્ઞાન છે જાણે છે કે, આ ગોળ છે અને એમાં રાગ થાય છે. એ રાગનો સ્વાદ લે છે, ગોળનો નહિ. જ્ઞાન વસ્તુનું છે, સ્વાદ રાગનો છે.

મુમુક્ષુ :— ....

ઉત્તર :— કોનો? રાગનો ગોળ એવું ક્યાં કીધું? ગોળનું જ્ઞાન કીધું. અહીં શું કીધું?

'**ઉન વસ્તુઓંકે સ્વરૂપકા જાનપના હોતા હૈ,...**' આ ગોળ છે, આ દૂધપાક છે, આ સ્ત્રીનું માંસલ શરીર છે, એમ જ્ઞાનમાં આવે છે પણ એ જ્ઞાનમાં ભેગો રાગ છે, વિકાર છે એ વિકાર દોષીનું જ્ઞાન તે વિકારનું આસ્વાદન (છે). તે ભલે સ્વનું પોતાના વિકારનું હોય છતાં એ વિકારવાળું છે. એ જ્ઞાન તે જ્ઞાન કહેવાતું નથી. જેમાં સ્વજ્ઞાન ભળે નહિ ને રાગ રહિત થાય નહિ તેને જ્ઞાન કહેતા નથી. એમ કહે છે. આહા..હા..! કહો, મણિલાલભાઈ! આહા..હા..! કેવા હશે એ 'પોરબંદર'ના ભેંશના ઘી? મીઠા તો લાગતા હશે કે નહિ? કે, ના. એ વસ્તુનું (જ્ઞાન થાય છે).

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આ લખ્યું છે શું પણ? આમાં જુઓને! એ વસ્તુનું જ્ઞાન છે એમ કહે છે, જુઓ!

મુમુક્ષુ :— જીવનું જ્ઞાન છે પણ મજા એની છે.

ઉત્તર :— મજા રાગની છે એમ કહે છે અહીં. એય..! ધર્મચંદભાઈ! આહા..હા..! છે ને? ભાઈએ બહુ સરસ લખ્યું છે. છે ને પુસ્તક હાથમાં કેટલાકને? તમારે છે? તમારે ક્યાંથી આવ્યું?

મુમુક્ષુ :— પુસ્તક હાથમાં છે પણ ... જ્ઞાન નથી.

ઉત્તર :— પણ આ શું કહે છે એટલો ખ્યાલમાં તો... નથી ખ્યાલ એના કરતાં ખ્યાલમાં આવે એટલો જુદો તો પડે ને? એ..ઈ..! શું કીધું? શું કીધું?

શિષ્યે એમ પ્રશ્ન કર્યો કે, પ્રભુ! આપ સ્વસંવેદન ને વીતરાગભાવ, વીતરાગ વિશેષણ કેમ લગાડ્યું? વીતરાગ સ્વસંવેદન કેમ કહ્યું આપે? કારણ કે, જે કાંઈ વેદન હોય એ તો આત્માનું જ વેદન છે. સમજાય છે? આ રાગ કાંઈ પરનું વેદન નથી. ગમે તે ચીજના કાળમાં ઉભો હોય, ભલે એ ચીજનું જ્ઞાન અહીં હોય પોતા સંબંધી, એ જ્ઞાનમાં એ જણાય આ ગોળ છે, આ સ્ત્રી છે, આ દૂધપાક છે, આ પૂરી છે, આ આબરૂ કહે છે, મારા વખાણ કરે છે. સમજાય છે? એના જ્ઞાનમાં આવે, પણ સ્વાદ એ વખાણના શબ્દોનો નથી, સ્વાદ એ પૂરી ને દાળ-ભાતનો નથી, સ્વાદ રાગનો છે. કહો, સમજાય છે કે નહિ આમાં? ભગવાનભાઈ! આહા..હા..!

કહે છે, આ સમજતા વાંચતા નથી (તો) એના પ્રયોગમાં તો ક્યાંથી હોય આ વાત? પણ આ શું કહે છે એ રીતે સમજતા નથી. ચોથે ગુણસ્થાને શુભભાવ ને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા (હોય) એ સમકિત જાવ. અને શાસ્ત્રનું જ્ઞાન એ જ્ઞાન. અહીં તો કહે છે કે, પર વિષયનું જ્ઞાન કે દેવ-ગુરુ ને શાસ્ત્ર એવું જ્ઞાન હોય છે. ભાઈ! એ...ઈ..! પણ એની શ્રદ્ધા કરે છે ત્યારે રાગ છે, એ રાગનું વેદન છે. સ્વસંવેદન વીતરાગી વેદન નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા. એમ કહે છે. વસ્તુ લીધી છે કે નહિ?

મુમુક્ષુ :— દેવ-ગુરુ-શાસ્ત્ર પણ આવી ગયા.

ઉત્તર :— વસ્તુ પરમાં આમ દેવ-ગુરુ-શાસ્ત્ર આ છે એમ જ્ઞાનમાં આવે છે. પણ એના પ્રત્યે પેલો શ્રદ્ધા કરે એ રાગ છે. એ રાગનું વેદન છે, આત્માના સ્વનું વીતરાગી વેદન નથી. આહા..હા..!

મુમુક્ષુ :— એ તો પરસંબંધીનો રાગ છે. ....

ઉત્તર :— એ પર આવ્યું ન્યાં. પાંજરાપોળનો હું ધણી છું ન્યાં. અને આ કાકા-કાકી ગામમાં કહેવડાવે છે અમે મોટા શેઠિયા છીએ. એ શબ્દોનો સ્વાદ નથી તમને. સમજાણું કાંઈ? પણ એ વાત જ્ઞાનમાં નથી આવતી? એ કાકા! એ કાકા! કરતાં કરતાં તમારે ઘરે આવે. બિચારા ઘરે આવે, હોં! અંદર ગરે, અંદર. એ પહેલાં ઉભા રહે બારણા પાસે થોડા. એટલે એની અનુકૂળતા દેખે તો વળી અંદર ફળીયામાં જાય. એ કાકા! એ કાકા! પછી એમ કહે, આવો આવો. એ બધું જ્ઞાન આવે છે કે નહિ? ખ્યાલમાં આવે છે કે નહિ? પણ ખ્યાલ નથી, પેલો રાગ છે, એ રાગનો સ્વાદ છે, એના વખાણનો નહિ. ...ભાઈ! વાત ઉતારી ઘરે ઠીકને? આહા..હા..!

કહે છે, ભાઈ! વસ્તુ બે. એક પોતે અને એક બીજી બધી અનંત વસ્તુઓ. જુઓ! હવે અનંત વસ્તુમાં સ્વસ્વરૂપનું જ્ઞાન ન કરીને પરવસ્તુ તરફના વલણવાળું જ્ઞાન, એ જ્ઞાન તો કરે

છે કે, આ શરીર છે, આ વાણી છે, આ દેવ છે, આ પ્રતિમા છે, આ ભગવાન છે, આ સમવસરણ છે, આ છે, આ છે, આ દીકરો છે. એ જ્ઞાન આવે છે પણ એની સાથે રાગ આવે છે પણ પરના લક્ષે રાગ થયા વિના રહે નહિ.

મુમુક્ષુ :— રાગમાં તો ખોવાઈ ગયો.

ઉત્તર :— ખોવાઈ ગયો. આ શું કહે છે તમારા કાકા?

મુમુક્ષુ :— એમાંથી મારે પાછું ખેંચીને કાઢવો જોશે.

ઉત્તર :— આ એમાં નથી ખોવાઈ ગયો, મફતનું માને છે એમ કહે છે. એ..ઈ..! દેવાનુપ્રિયા! આ છોકરાઓ કહે છે આ કાકા આમ કેમ બોલે છે? ખોવાઈ ગયા ક્યાં? આ રહ્યા. નથી? આહા..હા..!

કહે છે, ભાઈ! વસ્તુઓ બે. એક કોર રામ ને એક કોર ગામ. એક કોર ભગવાન આત્મા પદાર્થ, અનંત ગુણનો પિંડ ચૈતન્યરસનો કંદ અને એક કોર આખી દુનિયા. પછી દેવ-ગુરુ-શાસ્ત્ર હોય કે સ્ત્રી, કુટુંબ, વેપાર, ધંધા કોઈ પણ સામી વસ્તુ હો. અહીંયા એમ કહેવું છે કે, ભગવાન આત્મા પોતાનો સ્વસ્વભાવ, એનું જ્ઞાન કરીને જે વેદે તે રાગ વિનાનું જ્ઞાન અને રાગ વિનાનું વેદન હોય છે. એ ચોથા ગુણસ્થાનની ભૂમિકા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ધર્મની પ્રથમ આ ભૂમિકા (છે) કે જે ભગવાન આત્મા વસ્તુ અતીન્દ્રિય શાંત અનાકુળ આનંદનો પિંડલો, રવો આખો, એનું જ્ઞાન, એનું લક્ષ, એનું ધ્યેય કરતાં જે એનું જ્ઞાન થાય, એમાં રાગ અનંતાનુબંધીનો અને મિથ્યાત્વનો અભાવ થઈને જ એ જ્ઞાન થાય. એટલો વિકાર રહિત વીતરાગી જ્ઞાન, એને અહીંયા સ્વસંવેદન જ્ઞાન, ધર્મનું જ્ઞાન, આત્માનું જ્ઞાન, મોક્ષના કારણરૂપે જ્ઞાન આને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એ વીતરાગપણું વિશેષણ એ માટે આપ્યું કે, જીવ પોતાના સ્વભાવનું જ્ઞાન મૂકીને, પોતાની અરાગી પરિણતિને છોડી દઈને, છોડીને એટલે ઉત્પન્ન નહિ કરીને. આમ ભગવાન આત્મા પરના લક્ષે કોઈ પણ જ્ઞેય હો, એને જાણવાનું કાર્ય તે સમયમાં છે એટલે કરે છે, જાણે છે. જાણતા તેને રાગ, દ્વેષ, વાસના, રતિ, અરતિ આદિનું વિકારનું એને વેદન છે એ ખરેખરું સ્વસંવેદન કહેવાતું નથી. એવું વેદન તો અનાદિથી નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક બહિરાત્મા ગયો, એને એવું વેદન (છે) એ કાંઈ અપૂર્વ વેદન નથી, એ અપૂર્વ જ્ઞાન નથી. સમજાણું કાંઈ?

જો **'કિ વિષયોંકે આસ્વાદનસે ભી ઉન વસ્તુઓંકે સ્વરૂપકા જાનપના હોતા હૈ, પરંતુ રાગભાવકર દૂષિત હૈ, ઈસલિયે નિજરસકા આસ્વાદ નહીં હૈ,...'** આહા..હા..! અરે..! આવા માર્ગની સત્યતા, પ્રભુ! એને કાને પડે નહિ, એ વિચારવા કે દિ' મથે? અને

પરથી હટીને એનું વેદન કે દિ' કરે? એને અદ્ધરથી જ એમ ને એમ મનાવી લે (કે) આ માન્યું તે સમકિત. ભાઈ! સમકિત તો બીજ ઉગી એને પુનમ કેવળજ્ઞાન થવાનું. એવું બીજ બોધિ બીજ છે. એટલે કહે છે **'નિજરસ આસ્વાદ નહીં હૈ,...'** અજ્ઞાનીને પરના જ્ઞાન કાળે રાગનું વેદન છે. એને નિજ સ્વભાવનો આસ્વાદ અને નિજ સ્વભાવનું જ્ઞાન નથી.

**'ઔર વીતરાગ દશામેં સ્વરૂપકા યથાર્થ જ્ઞાન હોતા હૈ,...'** દેખો! પણ વીતરાગ (એટલે કે) રાગ રહિત જેટલે અંશે દશા થાય, **'સ્વરૂપકા યથાર્થ જ્ઞાન...'** સ્વરૂપનું યથાર્થ જ્ઞાન પોતાનું **'હોતા હૈ, આકુલતા રહિત હોતા હૈ.'** સમજાણું કાંઈ? પછી સ્વરૂપનું, સ્વરૂપનું જ્ઞાન થયું ત્યારે એને વસ્તુના પર સ્વરૂપનું પણ અંદર જ્ઞાન યથાર્થ થઈ ગયું. સ્વ સ્વરૂપ જ્ઞાનાનંદ સ્વરૂપનું જ્ઞાન થતાં, રાગ રહિત જ્ઞાન થયું, એટલે આ રાગાદિ બાકી જે પરવસ્તુ એ મારામાં નથી એવું જ્ઞાન પણ એના સ્વરૂપનું પણ યથાર્થ એમાં આવી ગયું. સ્વ-પરપ્રકાશક જ્ઞાનનું સામર્થ્ય એટલું ખીલી ગયું. સમજાણું કાંઈ?

**'વીતરાગ દશામેં...'** વીતરાગ દશા એટલે ચોથાથી માંડીને, હોં! **'સ્વરૂપકા યથાર્થ જ્ઞાન હોતા હૈ, આકુલતા રહિત હોતા હૈ. તથા સ્વસંવેદનજ્ઞાન પ્રથમ...'** હવે ઈ, હવે ઈ. સ્વસંવેદનજ્ઞાન પહેલી દશામાં, પહેલી દશામાં—શરૂઆતમાં, **'ચૌથે પાંચવેં ગુણસ્થાનવાલે ગૃહસ્થકે ભી હોતા હૈ,...'** સમજાણું કાંઈ? એ સ્વસંવેદન જ્ઞાન પહેલી દશામાં—શરૂઆતમાં સમકિતી અને પાંચમે ગુણસ્થાને ગૃહસ્થ કે ભી હોતા હૈ. જુઓ! આ મુનિપણા સિવાય બે આ લીધા. કોઈ કહે કે, મુનિને જ આવું હોય (તો એમ નથી).

મુમુક્ષુ :— એ તો મુનિને ના પાડે છે. આઠમે ગુણસ્થાન...

ઉત્તર :— એ તો આઠમે. અરે..! ભગવાન! શું કરે છે? આખો વીતરાગ માર્ગ ઉથલ-પાથલ કરી નાખ્યો. અરે..! પદ્ધતિની એની પ્રણાલિકાની પ્રરૂપણા ફેરવી નાખી. વસ્તુ તો એની ફરી ગઈ છે અંદર. સમજાય છે?

આ આત્મા ચોથે, પાંચમે ગુણસ્થાને (હોય), **'સ્વસંવેદન ગૃહસ્થકે ભી હોતા હૈ,...'** એ ચક્રવર્તીના રાજ હોય, બળદેવના રાજ હોય, ઈન્દ્રપદના પદ હોય, એમાં પણ જેને જે ચોથું, પાંચમું (ગુણસ્થાન) હોય એને એ પણ સ્વસંવેદનજ્ઞાન થાય છે. **'વહાં પર સરાગ દેખનેમેં આતા હૈ,...'** શું હવે કહે છે? ચોથા, પાંચમા (ગુણસ્થાનમાં) પણ હજી રાગ દેખવામાં આવે છે. ચોથે ત્રણ કષાય, પાંચમે બે કષાય-રાગ. એ રાગનો નિષેધ કરવા ત્યાં વીતરાગી સ્વસંવેદનજ્ઞાન કહેવામાં આવે છે.

ફરીને. **'સ્વસંવેદનજ્ઞાન પ્રથમ અવસ્થામેં ચૌથે પાંચવે ગુણસ્થાનવાલે ગૃહસ્થકે ભી હોતા હૈ, વહાં પર સરાગ,...'** વહાં પર, હોં! ત્યાં પણ. બહિરાત્માના વેદનમાં તો રાગ

છે જ, એ તો એકલું રાગનું વેદન છે. પણ ચોથે-પાંચમે ગુણસ્થાને પણ રાગ છે, હજી દેખાય છે. '**દેખનેમેં આતા હૈ,...**' દેખનેમેં આતા હૈ. સમજાય છે? '**ઈસલિયે રાગસહિત અવસ્થાકે નિષેધકે લિયે...**' એ ચોથા પાંચમામાં પણ રાગ દેખાય છે. છતાં એ રાગના નિષેધ માટે વીતરાગી સ્વસંવેદન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એક તો વિષયના આસ્વાદનું જ્ઞાન એ વીતરાગી નથી, રાગવાળું છે માટે એનો નિષેધ કરવા વીતરાગ વિશેષણ કહ્યું અને બીજું ચોથે, પાંચમે હજી રાગ દેખાય છે. એ રાગ દેખાય છે એ સ્વસંવેદન નહિ. એનું જ્ઞાન છે, પણ એના રહિત જેટલું સ્વનું જ્ઞાન થઈને રાગ રહિત વેદન (થાય છે) તેને સ્વસંવેદન વીતરાગ વેદન કહેવામાં આવે છે. કહો, સમજાય છે કે નહિ આમાં? શબ્દ પણ કેવા! જુઓને! '**સ્વસંવેદનજ્ઞાન વહાં પર સરાગ દેખનેમેં આતા હૈ,...**' રાગ છે, રાગનું જ્ઞાન પણ છે, પણ એ રાગનો નિષેધ કરવા સ્વનું જ્ઞાન (થઈ), રાગ રહિત જેટલું વેદન થયું, તેને વીતરાગી સ્વસંવેદન કહેવામાં આવે છે. આહા..હા..! ભારે વાત, ભાઈ!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બાઘોલો નથી, મોટો બાદશાહ છે. ચૈતન્યનો બાદશાહ પોતે. બાઘોલો કેમ કહેવાય એને? માની બેસે એને શું કરવું? સમજાય છે કાંઈ?

ચૈતન્યનો સૂર્ય લસલસતો હજાર કિરણે ઉગે સૂર્ય. આ તો અનંત કિરણે ખીલેલો ચૈતન્ય અંદર પડ્યો છે. એવો ભગવાન આત્મા ચોથે પાંચમે ગુણસ્થાને પણ સ્વનું જ્ઞાન કરીને રાગ રહિત જેટલી દશા થઈ છે, એ વીતરાગી સ્વસંવેદન બતાવવા, એને રાગ હોય છે એનો નિષેધ કરવા, વીતરાગ સ્વસંવેદન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

બે પ્રકાર કહ્યા. વીતરાગ વિશેષણ કેમ કહ્યું? એમ શિષ્યે પ્રશ્ન કર્યાના બે ઉત્તર દીધા. એક તો પરનું જ્ઞાન કરીને રાગવાળુ વેદન (થાય છે), તેનો નિષેધ કરવા આ કહ્યું છે. બીજું પોતાના સ્વસંવેદનમાં પણ હજી રાગ બાકી છે. એ સ્વસંવેદન કાળ વખતે રાગ દેખાય છે. એ રાગના નિષેધ માટે સ્વસંવેદનનું જ્ઞાન જેટલું રાગ રહિત થયું એ વીતરાગી જ્ઞાન છે એમ બતાવવા 'વીતરાગ' વિશેષણ કહેવામાં આવ્યું છે. કહો, સમજાણું કે નહિ આમાં?

હવે આ તો શશીભાઈ કહેતા હતા, પેંથીએ પેંથીએ વાત ચાલતી હતી અત્યાર સુધી. પરમ દિ' આવ્યા હતા. પણ આ તો કહે, વાળે વાળે... બહુ મગજવાળો માણસ છે, હોં! શશીભાઈ પરમ દિ' આવ્યા હતા બહુ ખુશી થઈને. ઓહો..હો..! ઓલું સવારમાં સાંભળ્યું ને ત્રીજનું વ્યાખ્યાન. આ તો પેંથીએ પેંથીએ તેલ નાખે છે એમ લોકો કહે છે. પણ આ તો વાળે વાળે (તેલ નખાય છે). પણ જેને વાળ હોય એને ખબર પડે કે નહિ? વાળ વિનાના માથા થાય છે. ખબર છે કે નહિ? શું કહેવાય એને? ટાલિયા. છે ને આ એક મનસુખભાઈનો દીકરો

નહિ? મનસુખભાઈનો દીકરો .. મોટો. મનસુખભાઈના દીકરા છે. નહિ? મનસુખ તારાચંદ ડૉક્ટર. ગુજરી ગયા ને? એના ત્રીજા નંબરના છોકરાને પહેલેથી વાળ નહિ, જન્મથી નહિ, વાળ જ નહિ. અહીં એક વાર આવ્યો હતો. બારણા પાસે ઉભો હતો. ભાવનગર લગનમાં આવ્યો હતો. મનસુખ તારાચંદ કરોડપતિ. ત્રીજા નંબરનો દીકરો. લગન થઈ ગયા. પૈસા છે કે નહિ? ઈ છે ને.

એમ આત્માની અનંતી લક્ષ્મી અંદર પડી છે, એની લગની લાગે એને પરમાત્મા મળ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? એને રાગ-બાગ હોતા નથી. એ નહિ. રાગ વિનાનું જ્ઞાન બતાવવા 'વીતરાગ' વિશેષણ કહ્યું છે. પાઠમાં તો '**अन्तरात्मलक्षणवीतरागनिर्विकल्पस्वसंवेदनज्ञानेन**' એટલો શબ્દ છે. આ એનું આ છે ને? છેલ્લી લીટી. આહા..હા..! પહેલાના ગૃહસ્થો પણ એવા હતા. સમજાણું? આ પંડિત છે. બહુ ફરી ગયું.

ઓહો..! ભગવાન આત્મા આખો પૂર્ણાનંદનો નાથ, પૂર્ણ પૂર્ણ અનંત અનંત સુખનો સાગર પ્રભુ આત્મા છે. એકલો ગોળનો રવો જ્યાં ચીરો હોય ત્યા ગોળ જ નીકળે. એમ ભગવાન આત્મા પૂર્ણ આનંદ ને શાંતરસનો પિંડ છે. જ્યાં નજર નાખો ત્યાં એની શાંતિ ને જ્ઞાન જ એનું થાય. સમજાણું કાંઈ? ચોથે પાંચમે (ગુણસ્થાને) રાગ દેખવામાં આવે છે. સમજાણું કાંઈ? એ રાગના નિષેધ માટે '**વીતરાગ સ્વસંવેદન જ્ઞાન ઐસા કહા હૈ.**' કહો, બરાબર છે?

'**રાગભાવ હૈ, વહ કષાયરૂપ હૈ, ઈસ કારણ જબતક મિથ્યાદૃષ્ટિ કે અનંતાનુબંધી કષાય હૈ, તબતક તો બહિરાત્મા હૈ,...**' ત્યાં સુધી તો એકલા રાગ ને વિકારનું જ જ્ઞાન ને વિકારનું વેદન (છે). સમજાય છે? અથવા પરપદાર્થનું જ્ઞાન ને વિકારનું વેદન (છે). એને તો આત્માનું જ્ઞાન ને આત્માનું વેદન જરીએ નથી. સમજાણું કાંઈ? '**ઉસકે તો સ્વસંવેદન જ્ઞાન અર્થાત્ સમ્યક્જ્ઞાન સર્વથા હી નહીં હૈ,...**' કોને? જેની દૃષ્ટિ એકલા પરપદાર્થની માન્યતા ઉપર છે અને કષાય અનંતાનુબંધી સહિત છે, એને તો સમ્યગ્જ્ઞાનનો એકેય અંશ નથી. અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વ ભણ્યો, પણ સમ્યગ્જ્ઞાન નથી. સમજાણું કાંઈ? અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વ ભણ્યો (પણ એ) સમ્યગ્જ્ઞાન નથી, એ સમ્યગ્જ્ઞાનનું લક્ષણ નથી.

'**ઔર ચતુર્થ ગુણસ્થાનમેં સમ્યગ્દૃષ્ટિ...**' હવે પેલા બેમાં ચોથા ગુણસ્થાનની વાત લે છે. ચોથા ગુણસ્થાનમાં સમ્યગ્દૃષ્ટિ અવિરતિને '**મિથ્યાત્વ તથા અનંતાનુબંધીકે અભાવ હોનેસે સમ્યગ્જ્ઞાન તો હો ગયા,...**' સમ્યગ્જ્ઞાન—આત્માનું સાચું જ્ઞાન થઈ ગયું. સ્વ વિષય જ્ઞાનમાં બનાવી અને આત્મા કોણ છે એનું જ્ઞાન થયું. '**પરંતુ કષાયકી તીન ચૌકડી બાકી રહનેસે...**' કષાયની ત્રણ ચોકડી હજી રાગની બાકી છે. રાગ ત્રણ પ્રકારનો બાકી છે. અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની ને સંજ્વલન. '**બાકી રહનેસે દ્વિતીયાકે ચંદ્રમાકે સમાન વિશેષ પ્રકાશ નહીં**

**હોતા,...'** એનો અર્થ એ કે, એને દ્વિતીયાના ચંદ્રમા જેવો પ્રકાશ છે, પણ એનાથી વિશેષ છે નહિ. શબ્દો તો એવા છે જાણે. **'દ્વિતીયાકે ચંદ્રમાકે સમાન વિશેષ પ્રકાશ નહીં...'** એટલે કે બીજનો ચંદ્ર બહુ પ્રકાશવાળો નથી, એવો એનો પ્રકાશ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— બીજ તરત આથમી જાય.

ઉત્તર :— અહીં આથમવા-ફાથમવાની વાત નથી. બીજ આથમીને ત્રીજ ઉગે છે, ત્રીજ આથમીને ચોથ ઉગે છે. ઉગે છે એ અહીં લેવાની વાત છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે, ચોથા ગુણસ્થાનમાં સમ્યગ્દૃષ્ટિ અવિરતિ હોવા છતાં તેને આત્માનું સાચું જ્ઞાન અંતર્મુખનું હોય છે. તેને એટલા અંશે વીતરાગ જ્ઞાન કહેવામાં આવે છે. પણ એને ત્રણ (ચોકડી) પેલો રાગ છે માટે બીજના ચંદ્રમાનો જે પ્રકાશ છે એટલો પ્રકાશ છે. એથી વધારે પ્રકાશ વીતરાગી વિજ્ઞાનનો પ્રકાશ, વીતરાગની જે પ્રકાશની શાંત પૂર્ણ વિશેષ જોઈએ એ નથી. સમજાણું કાંઈ? ઓહો..હો..!

કહે છે કે, પહેલે ગુણસ્થાને તો કાંઈ સાચું જ્ઞાન પણ નથી ને કાંઈ વીતરાગી અંશ પણ નથી. એ તો તદ્દન રાગ ને કષાયનું વેદન ને પરનું જ્ઞાન છે. હવે ચોથા ગુણસ્થાનમાં સ્વનું જ્ઞાન અને અંદર દ્વિતીયાના ચંદ્રમા જેટલો વીતરાગી પ્રકાશ (છે). રાગ વિનાના જ્ઞાનનું (વેદન છે). પૂર્ણ વીતરાગી આત્મા જે છે એવા આત્માનું રાગના અંશ વિના અનંતાનુબંધીના અભાવવાળો, એટલા રાગ વિનાનું જ્ઞાન અને એટલું એનું વીતરાગી વેદન હોય છે. પણ બીજના ચંદ્રમાનો પ્રકાશ જેમ થોડો છે એવો એને પ્રકાશ વીતરાગી વિજ્ઞાનનો થોડો છે. વિશેષ પાંચમા છઠ્ઠા (ગુણસ્થાને) જોઈએ એવો અહીંયા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! **'ઔર શ્રાવકકે...'** આ શ્રાવક. લ્યો! ભગવાનભાઈ! આ શ્રાવક કહેવાય હવે. આ બધા અત્યાર સુધી શ્રાવક હતા.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ નહિ આ.

શ્રાવકને એટલે કે પાંચમા ગુણસ્થાનવાળાને... કેમ પાંચમું ગુણસ્થાનમાં શું આવ્યું વિશેષ? કે **'દો ચૌકડીકા અભાવ હૈ,...'** બીજો અપ્રત્યાખ્યાનાવરણીય કષાયનો પણ પાંચમા ગુણસ્થાનમાં, દર્શન પડિમા, પહેલી પડિમાવાળાને એનો અભાવ છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ક્રોધ, માન, માયા, લોભ એ ચાર. અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણીય, પ્રત્યાખ્યાનાવરણીય કષાય. **'તીન ચૌકડી બાકી...'** ક્રોધ, માન, માયા, લોભ. એ ચાર. એ અપ્રત્યાખ્યાનાવરણીયની બાકી ચોથે, પ્રત્યાખ્યાનાવરણીયની બાકી, સંજ્વલનની બાકી. પાંચમે (ગુણસ્થાને) બેનું બાકી. પ્રત્યાખ્યાન ને સંજ્વલનના બે ભાગ બાકી (છે). બેય. ક્રોધ, માન,

માયા, લોભ ચારેમાં. બે ના ચાર ચાર. એ કહેશે, ચોકડી વળી શું પાછી? મફતમાં વયો જાય નહિ.

શ્રાવકને પાંચમા ગુણસ્થાનમાં બે ચોકડીનો અભાવ છે. એટલે? આત્માના અંતર સ્વસંવેદનજ્ઞાનનો પ્રકાશ બે પ્રકારના કષાયના અભાવવાળો વીતરાગી પ્રકાશ એને થયો છે. ચોથા ગુણસ્થાનવાળા કરતાં એનો વીતરાગભાવ વધી ગયો છે. ચોથા ગુણસ્થાનવાળા કરતાં પાંચમા ગુણસ્થાને વીતરાગભાવ (વધી ગયો છે). પેલાના એક કષાય મિથ્યાત્વનો અભાવ હતો, આને બે કષાયનો અભાવ છે. એટલો વીતરાગભાવ વધી ગયો છે. પણ બે ચોકડીનો અભાવ છે. **'ઈસલિયે રાગભાવ કુછ કમ હુઆ,...'** સમજાય છે? ચોથાવાળા કરતાં આને રાગ કાંઈક ઓછો થયો. **'વીતરાગભાવ બઢ ગયા,...'** જુઓ! વીતરાગભાવ ચોથે (ગુણસ્થાને) તો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ....

ઉત્તર :— એ પ્રત્યાખ્યાના પ્રતિ... તમને પણ ક્યાં કાંઈ ખબર ન મળે ને શું કહેવું તમને? ચાર પ્રકારના કષાય છે. ક્રોધ, માન, માયા, લોભ ને ચાર પ્રકાર છે. અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણીય, પ્રત્યાખ્યાનાવરણીય, સંજ્વલન. કોઈ દિ' મજુરી આડે કર્યું છે કે દિ' આ નવરાશથી? સાચી વાત છે કે નહિ? ભાઈ! આ તમારા ભત્રીજાને પૂછવું છે. એ કષાય છે. એમાં ચોથે ગુણસ્થાને (એક ચોકડીનો અભાવ થાય છે). પહેલે ગુણસ્થાને મિથ્યાશ્રદ્ધા મિથ્યાત્વ અને ચાર કષાય (છે). ચાર એટલે? અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણીય, પ્રત્યાખ્યાનાવરણીય અને સંજ્વલન. અને એક એકના પાછા ચાર-ક્રોધ, માન, માયા ને લોભ. એવા સોળ પ્રકાર હોય છે. ત્યારે ચોથે ગુણસ્થાને અનંતાનુબંધીની એક ચોકડી ગઈ. એટલે એના ચાર ક્રોધ, માન, માયા, લોભ ગયા. એટલો વીતરાગભાવ પ્રગટ થયો. પાંચમે ગુણસ્થાને અપ્રત્યાખ્યાનીની બીજી ચોકડી ગઈ. એટલે બીજા પ્રકારના ક્રોધ, માન, માયા, લોભનો અભાવ થયો એટલો વીતરાગભાવ પાંચમે ગુણસ્થાને વધી ગયો. આહા..હા..! સમજાણું આમાં?

**'રાગભાવ કુછ કમ હુઆ,...'** કોનાથી કમ હુઆ? ચોથા ગુણસ્થાન કરતા. સમ્યગ્દર્શનમાં મિથ્યાત્વ ને અનંતાનુબંધીનો એકલો જે પર વિષયનું જ્ઞાન અને રાગ હતો, એ એકલો હતો એ છૂટી ગયો. એ મિથ્યાત્વ છૂટીને સ્વનું જ્ઞાન સમ્યક્‌માં થયું, અનંતાનુબંધી છૂટીને સ્વરૂપના આચરણની સ્થિરતા થઈ, એટલો રાગ રહિત ભાવ થયો. પાંચમા ગુણસ્થાનમાં એનાથી વધારે વીતરાગભાવ વધ્યો, રાગભાવ ઘટ્યો. જુઓ! આ પાંચમા ગુણસ્થાનની પદવી! આહા..હા..! આ તો.. એય...! મોતીરામજી!

મુમુક્ષુ :— પડિમા આવી કેટલામે?

ઉત્તર :— પડિમા આવી પાંચમામાં. પણ પાંચમામાં એ વીતરાગભાવ વધે અને પેલો વિકલ્પ રહે એ બે કષાયનો વિકલ્પ છે. સમજાણું કાંઈ? બે કષાય ટળીને વીતરાગભાવ વધ્યો એને પાંચમું ગુણસ્થાન કહેવામાં આવે છે. આહા..હા..!

વીતરાગ માર્ગની... 'શ્રીમદ્' કહે છે ને? કથની ઘસાઈ ગઈ. વીતરાગભાવ જે છે એ ધર્મ છે. શરૂઆતથી વીતરાગભાવ તે ધર્મ, એ કથની ઘસાય ગઈ એમ લખ્યું છે એણે. ભાવ તો નહિ, પણ કથની, પ્રરૂપણા ઘસાઈ ગઈ છે. આહા..હા..! ભગવાન ત્રિલોકનાથ પ્રભુ! મહા પદાર્થ મોટો પ્રભુ! એનો વિષય કરી ધ્યેયમાં લઈને એક કષાય અને મિથ્યાત્વનો નાશ થયો એટલો તો વીતરાગી અંશ રહ્યો, થયો. ત્રણ ભલે રહી ગયા. પાંચમે (ગુણસ્થાને) બે કષાય ગયા એટલો વીતરાગભાવ વધી ગયો, રાગભાવ ઘટી ગયો, પેલો ત્રણ હતો એનો બે રહી ગયો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— બહારમાં કાંઈ પ્રાપ્તિ છે?

ઉત્તર :— બહારમાં શું દેખાય? બહારમાં ઢોર હોય, મગરમચ્છ હોય. અંદરમાં પાંચમું ગુણસ્થાન હોય. બહારમાં મોટો રાજા હોય ને મિથ્યાદ્દષ્ટિ હોય, સાધુ હોય ને અગિયાર અંગ ને નવ પૂર્વ ભણેલો હોય અને મિથ્યાદ્દષ્ટિ છે. બહારની નથી, અંતરની વસ્તુ છે. સમજાણું કાંઈ?

'**ઈસ કારણ સ્વસંવેદનજ્ઞાન ભી પ્રબલ હુઆ,...**' પોતાને પકડવાનું જ્ઞાન પણ વીતરાગી વિશેષ થયું ને? જ્ઞાન તો હતું, પણ રાગ રહિત થયું તે પકડવાનું વિશેષ.. '**સ્વસંવેદનજ્ઞાન ભી પ્રબલ હુઆ,...**' એમ કીધું, ભાઈ! સમજાણું? પેલો રાગ એટલો ઘટ્યો છે ને એટલો સ્વ વિષયને પકડવામાં વધ્યું છે આમ. પકડવામાં વધ્યું છે આમ અંદર. કહો, સમજાણું કાંઈ? એ અપેક્ષાએ, હોં! પેલા સ્વના લબ્ધિનો ઉઘાડ એટલો વધ્યો. રાગ રહિત થયું ત્યાં એટલું પકડવામાં એને પ્રબળપણું થયું.

'**પરંતુ દો ચૌકડીકે રહનેસે મુનિકે સમાન પ્રકાશ નહીં હુઆ.**' મુનિને જે પ્રકાશ જોઈએ, વીતરાગી સ્વસંવેદન પ્રકાશની વાત છે, હોં! પણ ત્રણ કષાયના અભાવથી જ મુનિને વીતરાગી પર્યાયથી આત્માનું જે વેદન છે, એવું વેદન શ્રાવકને નથી. '**મુનિકે તીન ચૌકડીકા અભાવ હૈ, ઈસલિયે રાગભાવ તો નિર્બલ હો ગયા,...**' મુનિ છે એને ત્રણ ચોકડીનો અભાવ છે અને રાગ તો બળ વિનાનો થઈ ગયો, પણ છે ખરો. '**વીતરાગભાવ પ્રબલ હુઆ,...**' પેલાને '**સ્વસંવેદન ભી પ્રબલ હુઆ,...**' કહ્યું હતું ને? આને વીતરાગભાવ ભી પ્રબલ, વિશેષ હો ગયા.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ના. પછી પ્રબલ હુઆ કહ્યું છે ને? વીતરાગ બઢ ગયા ને .. સ્વસંવેદન પ્રબલ

હુઆ. એ ભી કહ્યું હતું પાંચમા. '**સ્વસંવેદનજ્ઞાન ભી પ્રબલ હુઆ, પરંતુ દો ચૌકડીકે રહનેસે મુનિકે સમાન પ્રકાશ નહીં હુઆ...**' એમ અહીં પાછું વીતરાગભાવ પ્રબલ હુઆ. છઠ્ઠે (ગુણસ્થાને) ત્રણ કષાયનો નાશ કરીને સ્વભાવનો આશ્રય એટલો લીધો છે, એટલો વીતરાગભાવ વધી ગયો છે. સમજાણું કાંઈ? આવી વાતું તો કો'ક દિ' સાંભળવા મળતી હશે. નહિ? છ કાયની દયા પાળો, વ્રત પાળો, આ કરો, એ કરો. લ્યો! પણ હવે એમાં શું કરવાનું? જે ક્રિયા વાસ્તવિક શું છે એનું ભાન ન મળે ને આ કરો ને આ કરો. એ તો કર્તાબુદ્ધિ બહિરાત્મબુદ્ધિ છે અનાદિથી. સમજાણું કાંઈ?

સર્વજ્ઞ પરમાત્માને વીતરાગી પ્રકાશ પૂરો પ્રગટ્યો, તો ચોથેથી એ માંહ્યલું વીતરાગી વિજ્ઞાન પ્રગટ્યા વિના ચોથું (ગુણસ્થાન) કેમ કહેવાય? પાંચમા (ગુણસ્થાનમાં) વીતરાગ વિજ્ઞાન વધી ગયું, છઠ્ઠે વીતરાગભાવ પ્રબલ હુઆ. ઓહો..! ત્રણ કષાયનો અભાવ સ્વરૂપને પકડવાને વીતરાગતા એકદમ પ્રબળ થઈ. '**વહાં પર સ્વસંવેદનજ્ઞાનકા અધિક પ્રકાશ હુઆ,...**' દેખો! '**વીતરાગભાવ પ્રબલ હુઆ...**' પેલામાં '**વીતરાગભાવ બઢ ગયા...**' કહ્યું હતું. ચોથાથી પાંચમા ગુણસ્થાનમાં. અહીંયા '**સ્વસંવેદનજ્ઞાનકા અધિક પ્રકાશ હુઆ,...**' વીતરાગભાવ પ્રબલ હુઆ. '**પરંતુ ચૌથી ચૌકડી બાકી હૈ,...**' સંજ્વલન ચોથો કષાય છે ને? ચોકડી એટલે ક્રોધ, માન, માયા, લોભ. એક-એક ને પાછા ચાર-ચાર.

'**ઈસલિયે છઠ્ઠે ગુણસ્થાનવાલે મુનિરાજ સરાગસંયમી હૈં.**' દેખો! પેલો રાગ બાકી છે ને? એ અપેક્ષાએ એને સરાગસંયમી કહ્યો છે. બાકી તો ત્રણ કષાયનો અભાવ વીતરાગી પરિણતિ છે અંદર. આહા..હા..! અહીં તો છઠ્ઠા ગુણસ્થાનની વાત હજી લે છે ને? '**વીતરાગસંયમીકે જૈસા પ્રકાશ નહીં હૈ.**' દેખો! જેવો રાગ રહિત ... પ્રકાશ છે એટલો છઠ્ઠા ગુણસ્થાનમાં નથી. કારણ કે, હજી રાગ બાકી છે. સમજાણું? છઠ્ઠા ગુણસ્થાનમાં મુનિને પંચ મહાવ્રત આદિનો વિકલ્પ રાગ બાકી છે. એથી એને સરાગસંયમી કહેવામાં આવે છે. એ વીતરાગ સંયમી જેવો પ્રકાશ નથી. એવો પ્રકાશ નથી, પણ વીતરાગી પ્રકાશ બિલકુલ નથી એમ નહિ. જેવો રાગ રહિત અંદર ચૈતન્યને પ્રકાશ, પ્રકાશને વીતરાગતાથી પકડે આગળ ગુણસ્થાનમાં, એવો છઠ્ઠા ગુણસ્થાનમાં પ્રકાશ નથી. પાછો એનો અર્થ (એવો કરે) કે, પેલા વીતરાગી જેવા છે એવો આને નથી એટલે બિલકુલ વીતરાગી નથી. તો તો ચોથે ગુણસ્થાનેથી અહીં વાત લીધી છે. એ ગૃહસ્થનું છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પણ આ કહશે ને. અંતરાત્મા લક્ષણ વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન. એનો અર્થ કે, ચોથેથી બાર. એ તો પાઠ છે એમાં. વ્યાખ્યાનમાં ચોથાથી બાર એ શબ્દમાંથી નીકળીને

ખુલાસો કર્યો છે. મફત નથી કર્યો. સમજાણું કાંઈ?

'**વીતરાગસંયમીકે જૈસા પ્રકાશ નહીં હૈ.**' મુનિ છઠ્ઠા ગુણસ્થાનવાળા, હોં! અંદર સ્વ વિષયનું જ્ઞાન અને ત્રણ કષાયના અભાવવાળો વીતરાગી પ્રકાશ પ્રગટ્યો છે. પણ જેવો ઉપરના ગુણસ્થાનમાં વીતરાગી પ્રકાશ સંયમીને છે એવો અહીંયા નથી. '**સાતવેં ગુણસ્થાનમેં ચૌથી ચૌકડી મંદ હો જાતી હૈ,...**' મંદ હવે કહે છે. પેલામાં છઠ્ઠા ગુણસ્થાનમાં હજી આખી હતી. સાતમે ગુણસ્થાને મંદ થઈ જાય છે. સાતમાં ગુણસ્થાનમાં સંજ્વલન જે ચોથો કષાય એના ચાર ભાગ ક્રોધ, માન, માયા, લોભ એ મંદ થઈ જાય છે. '**વહાંપર આહાર-વિહાર ક્રિયા નહીં હોતી,...**' સાતમા ગુણસ્થાનમાં આહાર-વિહારનો વિકલ્પ નથી એમ કહે છે. ક્રિયા તો જડની નથી પણ એને વિકલ્પ નથી. છઠ્ઠા (ગુણસ્થાન)માં હોય એ સાતમા (ગુણસ્થાન)માં ન હોય. ઓ..હો..હો..! '**ધ્યાનમેં આરૂઢ રહતે હૈં,...**' એટલી તો અંદર એકાગ્રતા થઈ ગઈ છે કે એને આહાર-પાણીનો વિકલ્પ હોતો નથી.

'**સાતવેંસે છઠે ગુણસ્થાનમેં આવે, તબ વહાંપર આહારાદિ ક્રિયા હૈ,...**' સાતમાથી છઠ્ઠે ગુણસ્થાને આવે ત્યારે એને આહારના વિકલ્પનો રાગ હોય છે. પેલો સાતમે મંદ હતો એ અહીં તીવ્ર છે. સમજાણું કાંઈ? મંદ કહ્યો હતોને ત્યાં? મંદ છે. અહીં છઠે (ગુણસ્થાને) તીવ્ર છે. એટલો આહારનો, પાણીનો, વિહારનો-ચાલવાનો વિકલ્પ છે. '**ઈસી પ્રકાર છઠ્ઠા સાતવાં કરતે રહતે હૈં,...**' ઈસી પ્રકાર છઠ્ઠા સાતવા કરતે રહતે હૈં, લ્યો! મુનિ આને કહીએ. છઠ્ઠું સાતમું... છંઠ્ઠુ સાતમું... છઠ્ઠું સાતમું હજારો વાર કર્યા કરે. છઠ્ઠે ગુણસ્થાને હોય ત્યારે ત્રણ કષાયના અભાવનું અને ચોથે ગુણસ્થાને કષાયના ઉદયનું. સાતમે હોય ત્યારે ત્રણ કષાયનો અભાવ સાથે સંજ્વલનના મંદતાનું, એકલા મંદતાનો રાગ ઘટીને વીતરાગતા વધી ગઈ છે. સાતમે (ગુણસ્થાને) કષાયની મંદતા છે એટલે વીતરાગતા વધી ગઈ. એટલે કે આહાર ને પાણી લેવાનો વિકલ્પ એને નથી. હેઠે ઉતરે એટલે વળી પાછો તીવ્ર રાગ હોય છે. ત્યાં ત્રણ કષાયનો અભાવ છે, પણ કષાયની તીવ્રતા, સંજ્વલનની તીવ્રતા છે, સંજ્વલનની તીવ્રતા છે, છે. એની મંદતા સાતમે હતી એની તીવ્રતા છે. સમજાણું કાંઈ? ભારે વાત કરી છે ભાઈ. '**વહાંપર અંતર્મુહૂર્તકાલ હૈ.**' લ્યો! સમજાણું? સાતમા ગુણસ્થામાં પણ અંતર્મુહૂર્ત કાળ રહે છે. થોડો કાળ રહે છે, હોં! એ છઠ્ઠે સાતમે થઈને...

મુમુક્ષુ :— ..

ઉત્તર :— એ મુહૂર્તની અંદર. મુહૂર્ત એટલે બે ઘડીનું મુહૂર્ત. એની અંદર. એના ઘણા ભંગ, ઘણા ભંગ (છે). અહીં તો અંતર્મુહૂર્ત શબ્દ મૂક્યો છે. મુહૂર્ત બે ઘડીનું એક કહેવાય છે ને? બે ઘડીનું મુહૂર્ત. એની અંદર, અંદરમાં ઘણા ભાગ પછી નાનું... નાનું... નાનું... અહીં તો

સાતમા (ગુણસ્થાન)ની વાત લેવી જરી.

**'આંઠવેં ગુણસ્થાનમેં ચૌથી ચોકડી અત્યંત મંદ હો જાતી હૈ,...'** સાતમે (ગુણસ્થાને) મંદ હતી, આઠમા ગુણસ્થાનમાં અત્યંત મંદ થઈ જાય છે. **'વહાં રાગભાવકી અત્યંત ક્ષીણતા હોતી હૈ,...'** રાગભાવ આઠમે ગુણસ્થાને ઘણો ક્ષીણ થઈ જાય છે. **'વીતરાગભાવ પુષ્ટ હોતા હૈ,...'** લ્યો! આઠમે ગુણસ્થાને વીતરાગભાવ પુષ્ટ થાય છે. વીતરાગભાવ પુષ્ટ હોતા હૈ, વીતરાગભાવ જ એકલો આવ્યો એમ નહિ. સમજાય છે? આઠમે વીતરાગતા છે અને નીચે એકલી સરાગતા છે એમ નહિ. વીતરાગ ત્યારે આઠમે ગુણસ્થાને આવે. નીચે તો બધું સરાગ જ છે. અહીં તો કહે છે કે, વીતરાગભાવ જેટલો સાતમે હતો એથી આઠમે ગુણસ્થાને વધારે પુષ્ટપણાને પામે છે, બસ એટલી વાત છે. સંજ્વલનનો અત્યંત મંદભાવ થયો ... સ્વભાવ તરફ વીતરાગી જ્ઞાનને... છે તો ધ્યાનમાં એ. આઠમા ગુણસ્થાનવાળો તો ધ્યાનમાં હોય છે. પણ વીતરાગભાવ ત્યાં વિશેષ પુષ્ટ થયો છે. શુદ્ધની સ્થિતિની ધારા વધી છે એને શ્રેણી કહેવાય છે.

**'સ્વસંવેદનજ્ઞાનકા વિશેષ પ્રકાશ હોતા હૈ,...'** લ્યો! સ્વસંવેદન એટલે પોતાને પકડવાના વેદવાનો વિશેષ પ્રકાશ. અહીંયા બાર અંગનું ને અગિયાર અંગનું જ્ઞાન વિશેષ ઉઘડી ગયું છે એમ અહીં વાત નથી લેવી. **'સ્વસંવેદનજ્ઞાનકા વિશેષ પ્રકાશ હોતા હૈ,...'** જ્ઞાનાનંદ પ્રભુ આત્મા, એને અંદર પકડવાની એકાગ્રતા થઈ છે એમાં ઘણી નિર્મળતા વધી ગઈ છે. કહો, સમજાણું આમાં? આ તો ચોથેથી માંડીને બાર સુધી લઈ જશે. અંતરાત્માની વ્યાખ્યા કરે છે ને આ? કહો, તેથી તો કહે છે, **'अन्तरात्मलक्षणवीतरागनिर्विकल्पस्वसंवेदनज्ञानेन'**. અંતરાત્માની વ્યાખ્યા કરી છે. ચોથે વીતરાગી નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન, પાંચમે વીતરાગી નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન કરતાં કરતાં બારમા સુધી પૂરું થાય છે. પછી એનું ફળ છે કેવળજ્ઞાન.

**'શ્રેણી માંડનેસે શુક્લધ્યાન ઉત્પન્ન હોતા હૈ.'** લ્યો! એ આઠમાથી શુદ્ધતાની વૃદ્ધિ થઈ એટલે શુકલધ્યાન–આત્માનું ઉજળું ધ્યાન (થાય છે). રાગ ઘણો ઘટી ગયો એટલે નિર્મળ પર્યાય દ્રવ્ય ઉપર એકાકાર થઈ. **'શ્રેણીકે દો ભેદ હૈં,...'** એ શુદ્ધતાની શ્રેણીના બે પ્રકાર. **'એક ક્ષપક, દૂસરી ઉપશમ,...'** એક ક્ષય કરતો સ્થિરતા પામે, એક ઉપશમ કરતો સ્થિરતા પામે. **'ક્ષપક શ્રેણીવાલે તો ઉસી ભવસે કેવલજ્ઞાન પાકર મુક્ત હો જાતે હૈં,...'** લ્યો! આઠમાથી જે ક્ષપક છે, સ્વરૂપની સ્થિરતા બિલકુલ ક્ષાયિકભાવે ઉપડી છે, એ તો આ ભવમાં કેવળજ્ઞાન થઈને મુક્ત થઈ જાય. સમજાણું કાંઈ?

**'ઔર ઉપશમવાલે આઠવેં નવમેં દશવેંસે ગ્યારહવાં સ્પર્શકર....'** —ઉપશમવાળો જે આઠમે જાય, ઉપશમ શ્રેણી સ્થિર થઈને, ક્ષાયિક સમકિત પણ હોય કોઈને અને કોઈને ઉપશમ

હોય. સમજાણું? એ '**આઠવેં નવમેં દશવેંસે ગ્યાહરવાં સ્પર્શકર...**' એ અગિયારમાં જાય. '**પીછે પડ જાતે હૈં,...**' ઉપશમવાળાની મુદત એટલી (કે) પાછા પડી જાય. '**સો કુછ એક ભવ ભી ધારણ કરતે હૈં, તથા...**' સો કુછ એક ભવ. સો કુછ એટલે કેટલાક. સો કુછ એટલે કેટલાક ભવ પણ ધારણ કરે. કોણ? ઉપશમવાળો.

'**તથા ક્ષપકવાલે આઠવેંસે નવમેં ગુણસ્થાનમેં પ્રાપ્ત હોતા હૈં,...**' ક્ષપક શુદ્ધતાની ઉગ્રતા વધી છે, એ તો આઠમાથી નવમે ને ત્યાંથી (પૂર્ણતા પામે છે). '**વહાં કષાયોંકા સર્વથા નાશ હોતા હૈ,...**' '**ગુણસ્થાનમેં પ્રાપ્ત હોતે હૈં, વહાં કષાયોંકા સર્વથા નાશ હોતા હૈ, એક સંજ્ઞ્વલનલોભ રહ જાતા હૈ, અન્ય સબકા અભાવ હોને સે વીતરાગભાવ અતિ પ્રબલ હો જાતા હૈ,...**' નવમાં, નવમી ભૂમિકા—ગુણસ્થાન.

'**ઈસલિયે સ્વસંવેદનજ્ઞાનકા બહુત જ્યાદા પ્રકાશ હોતા હૈ,...**' સ્વસંવેદનજ્ઞાનકા બહુત જ્યાદા પ્રકાશ હોતા હૈ. ઓલી વીતરાગતા વધી એટલો પ્રકાશ વધ્યો, એમ. '**પરંતુ એક સંજ્વલનલોભ બાકી રહનેસે વહાં સરાગચરિત્ર હી કહા જાતા હૈ.**' દેખો! પેલાને સરાગસંયમી કહ્યો, અહીં સરાગચારિત્ર કહેવામાં આવે છે. રાગસહિત છે ને થોડું? '**દશવેં ગુણસ્થાનમેં સૂક્ષ્મ લોભ ભી નહીં રહતા,...**' સૂક્ષ્મ લોભ રહે છે, પણ છેલ્લે નથી રહેતો, એમ કહે છે. '**તબ મોહકી અઠ્ઠાઈસ પ્રકૃતિયોંકે નષ્ટ હો જાનેસે વીતરાગચારિત્ર કી સિદ્ધિ હો જાતી હૈ.**' દશમામાં થોડો લોભ રહે છે.

'**દશવેંસે બારહવેંમેં જાતે હૈં, ગ્યારહવેં ગુણસ્થાનકા સ્પર્શ નહીં કરતે,...**' કોણ? ક્ષપકવાળા. '**વહાં નિર્મોહ વીતરાગીકે શુક્લધ્યાનકા દૂસરા પાયા (ભેદ) પ્રગટ હોતા હૈ, યથાખ્યાતચારિત્ર હો જાતા હૈ. બારહવેંકે અંતમેં જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય ઈન તીનોંકા વિનાશ કર ડાલા,...**' વિનાશ કર ડાલા. જોયું? વિનાશ થઈ જાય છે. '**મોહકા નાશ પહલે હી હો ચુકા થા,...**' મોહનો નાશ તો પહેલા થયો હતો. '**તબ ચારોં ઘાતિકર્મોંકે નષ્ટ હો જાનેસે તેરહવેં ગુણસ્થાનમેં કેવલજ્ઞાન પ્રગટ હોતા હૈ,...**' વર્તમાન એવી વસ્તુ નથી એટલે બહુ ટૂંકું કરીને વર્ણવી છે. ચોથા, પાંચમા, છઠ્ઠા, સાતમાની સ્પષ્ટીકરણ વધારે લે છે. '**વહાં પર હી શુદ્ધ પરમાત્મા હોતા હૈ,...**' ત્યાં પૂર્ણ પરમાત્મા તેરમા ગુણસ્થાનમાં થાય છે. '**અર્થાત્ ઉસકે જ્ઞાનકા પૂર્ણ પ્રકાશ હો જાતા હૈ, નિઃકષાય હૈ.**'

હવે આ છેલ્લો શબ્દ હતો ને? કે, '**अन्तरात्मलक्षणवीतरागनिर्विकल्पस्वसंवेदनज्ञानेन**' અથવા પાઠ શું હતો? જુઓ! '**मुणि सण्णाणेँ णाणमउ जो परमप्प-सहाउ**' '**सण्णाणेँ**' શબ્દ પડ્યો છે ને? '**सण्णाणेँ**' નો અર્થ '**स्वज्ञानेन**' કર્યું છે, હોં! '**स्वज्ञानेन**' કર્યું છે. સંસ્કૃત. પેલો '**सण्णाणेँ**' શબ્દ છે ને? એનો '**स्वज्ञानेन**' એવો કર્યો છે. એની આ વ્યાખ્યા છે, આ

**'सण्णाणँ'** શબ્દની આ બધી વ્યાખ્યા છે. એની ટીકા આ છે **'अन्तरात्मलक्षणवीतरागनिर्विकल्पस्वसंवेदनज्ञानेन जानिहि '** **'मन्यस्व'** છેને? એની આ વ્યાખ્યા કરી આટલી બધી.

**'ચૌથે ગુણસ્થાનસે લેકર બારહવેં ગુણસ્થાન તક તો અંતરાત્મા હૈ,...'** આ બધી વ્યાખ્યા બારમાં સુધી અંતરાત્માની કરી. સ્વસંવેદન વીતરાગી જ્ઞાન. **'ઉસકે ગુણસ્થાન પ્રતિ ચઢતી હુઈ શુદ્ધતા હૈ,...'** પાંચમે શુદ્ધતા વધી, છઠ્ઠે ગુણસ્થાન, ગુણસ્થાન ચઢતી હુઈ. **'ઔર પૂર્ણ શુદ્ધતા પરમાત્માકે હૈ,...'** લ્યો! કેવળીને પૂર્ણ કહ્યા. **'યહ સારાંશ સમજના.'** અંતરાત્માની વ્યાખ્યા બહુ સરસ થઈ. ચોથેથી બારમા સુધી પાઠમાં **'सण्णाणँ मन्यस्व' 'सण्णाणँ मन्यस्व'** અંતરાત્મા એની આ બધી વ્યાખ્યા ટીકામાં ટૂંકી કરીને એનો વિસ્તાર જ આ કરેલો છે. ઘરનું કાંઈ નથી, હોં! પાઠમાં આ છે ને? **'मुणि सण्णाणैं णाणमउ'** છે ને? અને જ્ઞાનમયનો અર્થ જ પાઠમાં કર્યો **'ज्ञानमयं केवलज्ञानेन निर्वृत्तमिति'** આત્મા. એનું વેદન શરૂ થઈ ચોથે અને બારમે અંતરાત્માનું પૂરું થયું. અંતરાત્માની અપેક્ષાએ પૂરું, પૂર્ણ પ્રકાશ તેરમે ગુણસ્થાને પૂરો થાય છે. આવી સ્થિતિને અંતરાત્મા કહેવામાં આવે છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૬, ગુરુવાર, તા. ૩૦-૯-૧૯૬૫**
**ગાથા-૧૩ થી ૧૫, પ્રવચન-૧૧**

'પરમાત્મપ્રકાશ' પહલા ભાગ ચલતા હૈ. ઉસકી ૧૩વીં ગાથા હૈ. દેખો!

१३) मूढु वियक्खणु बंभु परु अप्पा ति-विहु हवेइ।
देहु जि अप्पा जो मुणइ सो जणु मूढु हवेइ।।१३।।

**'તીન પ્રકાર કે આત્મા કે ભેદ હૈં,...'** પર્યાય કે પર્યાય મેં તીન પ્રકાર કે ભેદ હૈં. આત્મા જો દ્રવ્યવસ્તુ હૈ, વહ તો અનંત જ્ઞાન, દર્શન આદિ શુદ્ધ સ્વભાવ કા પિંડ હૈ. વહ દ્રવ્ય-વસ્તુ હૈ. ઉસકી પર્યાય કે તીન ભેદ હૈં. એક બહિરાત્મા, એક અન્તરાત્મા ઔર એક પરમાત્મા. કહતે હૈં, તીન પ્રકાર કે આત્મા કે ભેદ હૈ, વહ પર્યાય કે ભેદ દિખાને હૈં. સમજ મેં આયા? **'ઉનમેં સે પ્રથમ બહિરાત્મા કા લક્ષણ કહતે હૈં :'** બહિરાત્મા કિસે કહતે હૈં? જિસકો

અનાદિ અપના શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ કી દૃષ્ટિ હુઈ નહીં ઔર અપને અંતર સ્વરૂપ સે બાહ્ય શરીર, વાણી, મન ઔર પુણ્ય-પાપ કે વિકારી ભાવ (હૈં, ઉસમેં અપનત્વ કરતા હૈ).

વહ '**મિથ્યાત્વ રાગાદિરૂપ પરિણત હુઆ...**' વિકાર મૈં હૂં, શરીર મૈં હૂં. ક્યોં? કિ અપના એક સમય મેં જો પૂર્ણ અસ્તિત્વ જો શુદ્ધ ચિદાનંદ હૈ, વહ તો દૃષ્ટિ મેં આયા નહીં. ઉસ દૃષ્ટિ મેં પુણ્ય ઔર પાપ, કામ ઔર ક્રોધ, દયા ઔર દાન, વ્રતાદિ ભક્તિ કા પરિણામ હી મૈં હૂં, ઐસા મિથ્યાત્વભાવ ઔર '**રાગાદિરૂપ પરિણત...**' અકેલે મિથ્યા ભ્રમ ઔર રાગ મેં પરિણત હોતા હૈ, ઉસે બહિરાત્મા કહતે હૈં. વહ બરાબર સમજતે નહીં. હિન્દી (મેં પ્રવચન કરને કે લિયે) વિનતી કી થી. મદ્રાસ. સમજ મેં આયા?

યહ આત્મા હૈ ન, આત્મા વહ તો એક સમય મેં વસ્તુ કી દૃષ્ટિ સે દેખો તો પૂર્ણ શુદ્ધ અનંત આનંદકંદ આનંદઘન, શુદ્ધ બુદ્ધ હૈ. શુદ્ધ નામ નિર્મલ ઔર બુદ્ધ નામ માત્ર જ્ઞાન કા પિંડ આત્મા હૈ. વહ દ્રવ્ય, વહ વસ્તુ હૈ. ઉસ વસ્તુ મેં તીન પ્રકાર કી પર્યાય હોતી હૈ. પર્યાય યાની અવસ્થા, પર્યાય નામ હાલત. ઉસમેં એક પર્યાય ઐસી હૈ કિ વહ '**મિથ્યાત્વ રાગાદિરૂપ પરિણત હુઆ બહિરાત્મા...**' (હૈ). અપના શુદ્ધ ચિદાનંદસ્વરૂપ કી મૌજૂદગી મેં, પરમશાંત આનંદરસ પડા હૈ, ઐસે અસ્તિત્વ કી જિસે દૃષ્ટિ નહીં હૈ, ઔર પુણ્ય-પાપ, વિકાર રાગ-દ્વેષ, શરીર આદિ ઉતના ઔર વહી મૈં હૂં, ઐસે અસ્તિત્વ કી, ઐસે વિદ્યમાનતા કી જિસકી દૃષ્ટિ હૈ, વહ મિથ્યાત્વ ઔર રાગ-દ્વેષરૂપ પરિણત નામ પર્યાય મેં આકુલતારૂપ ઉસકી પર્યાય હુઈ હૈ. ઐસે આત્મા કો બહિરાત્મા કહતે હૈં.

બહિરાત્મા નામ મિથ્યાદૃષ્ટિ, સ્વરૂપ કા અનજાન ઔર સ્વરૂપ મેં નહીં હૈ ઐસી વિકારદશા ઔર શરીર આદિ કો અપના (માનતા હૈ), ઉસકી ક્રિયા વહ મેરી ક્રિયા હૈ, ઐસે માનતા હૈ, ઉસે બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ કહને મેં આયા હૈ. વહ બહિરાત્મા વિકાર કા સાધક હૈ. સમજ મેં આયા? દ્રવ્ય કા સાધક નહીં, પરમાત્મ-પૂર્ણ-પર્યાય કા સાધક નહીં. ક્યોંકિ જો દૃષ્ટિ મેં આયા, પુણ્ય ઔર પાપ આદિ વિકાર જો ત્રિકાલ અનાકૂલ સ્વભાવ સે વિપરીત હૈ, વહી પરિણામ મૈં હૂં (ઐસા માનતા હૈ). ઔર ઉસકા લક્ષ લંબા જાતા હૈ તો શરીર, વાણી, મન કી જો પર્યાય હોતી હૈ, વહ મેરે સે હોતી હૈ. ઔર જો મેરે સે હુઈ ઐસા માને ઉસે અપના માને બિના, વહ મેરે-સે હોતી હૈ ઐસા માન સકે નહીં. સમજ મેં આયા? વહ બહિરાત્મા, અધર્મ-આત્મા હૈ. અધર્મ-આત્મા, બહિરાત્મા, વસ્તુ કે સ્વરૂપ સે બાહ્ય વસ્તુ (કિ) જો અંદર મેં નહીં હૈ, ઉસે અપના માનને કી દૃષ્ટિવંત ભ્રમણા ઔર રાગ-દ્વેષ કી અવસ્થારૂપ પરિણમતા હૈ, ઉસે યહાં બહિરાત્મા, અધર્મ-આત્મા, સંસાર-આત્મા કહતે હૈં. કહો, જમુભાઈ! યહ તો સમજ મેં આયે ઐસા હૈ. યે હિન્દી ઐસી કોઈ (કઠિન) નહીં હૈ.

દૂસરા અંતરાત્મા. ઈસ અંતરાત્મા કી વ્યાખ્યા મેં '**વિચક્ષણ**' શબ્દ કા પ્રયોગ કિયા હૈ. જો સ્વરૂપ કા સાધક હૈ, પરમાત્મા કા સાધક હૈ, ઉસે ધર્મીકો યહાં '**વિચક્ષણ**' કહને મેં આયા હૈ. '**વિચક્ષણ**' કી વ્યાખ્યા — '**વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનરૂપ પરિણમન કરતા હુઆ અંતરાત્મા...**' યહ આત્મા જો જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ પૂર્ણાનંદ હૈ વહી મૈં હૂં, ઐસે અનુભવ મેં અપને સ્વભાવ કી દૃષ્ટિ કરકે, જો અનાકૂલતા શાંતિ કા અંશ, શાંતિ કા અંશ પ્રગટ કિયા હૈ, ઉસમેં સ્થિત હૈ ઉસે ધર્માત્મા—અંતરાત્મા—વિચક્ષણ—કહને મેં આતા હૈ. સમજ મેં આયા?

આત્મા વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન (રૂપ પરિણમતા હૈ, ઐસે) અંતરાત્મા કી બાત ચલતી હૈ, હાં! ચૌથે (ગુણસ્થાન) સે બારહવેં (તક). વસ્તુ શુદ્ધ ચિદાનંદ કી મૂર્તિ જો આત્મા હૈ, ઉસકી નિર્વિકલ્પ દૃષ્ટિ કરકે, અરાગી અનંતાનુબંધી આદિ કા અભાવ હોકર, જિતની શાંતિ સમાધિ-ઉત્પન્ન હુઈ હૈ, શાંતિ કહો યા સમાધિ કહો, ઈતની શાંતિ મેં જો સ્થિત હૈ ઔર પૂર્ણ શાંતિસ્વરૂપ આત્મા કી દૃષ્ટિ મેં પડા હૈ, ઉસે યહાં વિચક્ષણ—ધર્માત્મા—અંતરાત્મા-દ્રવ્ય કા સાધક અથવા પૂર્ણ પરમાત્મદશા કા સાધક કહને મેં આતા હૈ. બરાબર હૈ? ઓ..હો..હો...! વિચક્ષણ (કહા). પહલે મૂઢ કહા ઉસકે સામને લિયા વિચક્ષણ. સમજ મેં આયા?

ભગવાન આત્મા જ્ઞાન કી જ્યોત, ચૈતન્ય શાંતિસમાધિ કી મૂર્તિ હૈ, ઉસકી દૃષ્ટિ નહીં કરકે, પુણ્ય-પાપ વિકાર ઔર વહ મેરા કર્તવ્ય, વહી મુજસ્વરૂપ હૈ, ઐસી માન્યતાવંત બહિરાત્મા, મૂઢ આત્મા, અવિચક્ષણ આત્મા, સંસારસાધક આત્મા કહને મેં આતા હૈ. સાધક તો રખા. શેઠી! વિકાર સંસાર હૈ, ઉસે સાધતા હૈ. સંસાર કી વ્યાખ્યા ક્યા? પુણ્ય-પાપ, વિકાર, ભ્રમાદિ સંસાર ઉદયભાવ હૈ, વહ વિકાર મેરા હૈ, ઉસે સાધતા હૈ, વહી સંસાર સાધનેવાલા મૂઢ અવિચક્ષણ બહિરાત્મા અધર્મી કહને મેં આતા હૈ. આહા..હા...! કહો, સમજ મેં આયા?

ઉસકે સામને વિચક્ષણ લિયા. મૂઢ કે સામને વિચક્ષણ (લિયા). જો સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગ દેવાધિદેવ ઉન્હોંને જો આત્મા દેખા હૈ, વહ તો પુણ્ય-પાપ કે વિકલ્પ કે આસ્રવ સે રહિત, કર્મ સે રહિત દેખા હૈ. ઐસા જો અંતરાત્મા અપની નિર્મલ પર્યાય સે ભગવાન આત્મા કી અંતર દૃષ્ટિ કરકે અપની શાંતિ મેં સ્થિત હૈ ઔર સમ્યગ્દર્શન મેં અપને પૂર્ણ આત્મા કી પ્રતીત કી હૈ, ઐસે આત્મા કો રાગ મેરા હૈ, પુણ્ય મેરા હૈ, વહ ઉસમેં નહીં આતા. મેરા શુદ્ધ ભગવાન પરમાનંદ સમાધિ શાંતસ્વરૂપ મેરા સ્વરૂપ હૈ, ઉસકી દૃષ્ટિ કરકે ઉસમેં શાંત, સમાધિ નિર્વિકલ્પ આંશિક વીતરાગી પર્યાય ઉત્પન્ન હુઈ હૈ. સમજ મેં આયા? ઉસકા પરિણમન કરતા હુઆ, ઐસી નિર્વિકલ્પ વીતરાગી પર્યાય શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ કી અવસ્થા કરતા હુઆ, પરમાત્મા પૂર્ણ સ્વરૂપ કા સાધક હોતા હુઆ, ઉસે અંતરાત્મા કહતે હૈં. કહો, સમજ મેં આતા હૈ?

અબ પરમાત્મા. પહલે પર્યાય પરિણત હુઆ, ઐસે કહા ના? પહેલે મેં ઐસા કહા થા કિ '**મિથ્યાત્વ રાગાદિરૂપ પરિણત હુઆ...**' યહાં કહા, '**સ્વસંવેદનજ્ઞાનરૂપ પરિણમન** કરતા હુઆ...' સમજ મેં આયા? ઓ..હો..હો...! વસ્તુ એક સેકંડ કે અસંખ્ય ભાગ મેં પૂર્ણ જો દ્રવ્યસ્વરૂપ વસ્તુ, શુદ્ધ ચિદાનંદ આનંદ હૈ, વહ આસ્રવ, કર્મ, શરીર સે રહિત હૈ. ઉસકો સહિત વિકારસહિત, શરીર સહિત માત્ર માનના વહ બહિરાત્મા મૂઢ હૈ. ઔર રાગ ઔર શરીર મેરે મેં નહીં, મૈં તો પૂર્ણ આનંદ ઔર જ્ઞાન કા કંદ હૂં, ઐસી અનુભવદષ્ટિ કરકે આત્મા કો શુદ્ધ વીતરાગી જાનના ઔર વીતરાગી અંશરૂપ પરિણમન કરના, ઉસકા નામ અંતરાત્મા પરિણમન કરનેવાલા કહને મેં આયા હૈ. ઓ..હો..હો...! ભારી વાત. સમજ મેં આયા? આહા..હા...!

મુમુક્ષુ :— અકેલા..

ઉત્તર :— અકેલા યાની?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈસીલિયે કહા ન, રાગ ઔર વિકારમાત્ર હી મૈં હૂં. વિકાર ઔર શરીરમાત્ર મૈં હૂં, વહ મિથ્યાત્વ હૈ. ઔર રાગ ઔર શરીર બિના કા માત્ર શુદ્ધ ચૈતન્ય હૂં, વહ સમ્યકત્વ હૈ. સમજ મેં આયા? ભારી બાત, ભાઈ! જગત સત્ય બાત સમજને કે લાયક નહીં ઈસલિયે સત્ય શ્રવણ હોના મુશ્કિલ પડતા હૈ. આહા..હા...! યહ તો સાદી ભાષા મેં સમજ મેં આયે ઐસી બાત હૈ... ઈસમેં બહુત પંડિતાઈ કી જરૂરત પડે ઐસી બાત નહીં હૈ.

મુમુક્ષુ :— પંડિતાઈ કિસકો કહેં?

ઉત્તર :— ઈસે પંડિત કહતે હૈં. ઉસમેં લિખા હૈ ના? વહ પંડિત હૈ. ઉસે હી પંડિત લિયા હૈ. અંતરાત્મા મેં કહેંગે. ૧૪ વીં ગાથા મેં આયેગા. દેખિયે! '**कः पण्डितो विवेकी**'. સંસ્કૃત મેં હૈ. વહી પંડિત હૈ, દૂસરા પંડિત ક્યા હૈ? સમજ મેં આયા? સુજાનમલજી! ક્યા કહા? આહા..હા...!

બે ચીજ કીધી. એક કોર શુદ્ધ ભગવાન આતમરામ અને એક કોર પુણ્ય-પાપ, કર્મ, શરીર. હવે જેને પુણ્ય-પાપ, શરીર મારા એવી મમત્વબુદ્ધિ છે એને પુણ્ય-પાપ, શરીર ઉપાદેય થયા. ભગવાન શુદ્ધાત્મા તેને હેય થઈ ગયો. શ્રદ્ધામાં એને છોડી દીધો. હેય નામ છોડવાલાયક. અજ્ઞાનીને છોડવાલાયક આત્મા છે અને અજ્ઞાનીને આદરવા લાયક પુણ્ય-પાપ અને દેહ છે.

**'વહી શુદ્ધાત્મા દેહકે મમત્વસે રહિત (વિવેકી) પુરુષોંકે આરાધને યોગ્ય હૈ.'** ધર્મીજીવને પુણ્ય-પાપ, શરીર આદિ હેય વર્તે છે. ત્યારે જ્ઞાનાનંદસ્વરૂપ તેને ઉપાદેય વર્તે છે. ભાઈ! આ તો લોજીકથી વાત છે, હોં! ન્યાયથી વાત છે ને? એમ નથી કે ઢસડી-ફસડીને વાત નથી. વીતરાગદેવ ન્યાય-લોજીકથી વાત કરે છે. સમજાય છે કાંઈ? ઓહો..હો...! જેને ભગવાન આત્મા શુદ્ધ પવિત્ર આનંદધામ પરમસ્વરૂપ પરમાત્મા, પરમસ્વરૂપ પરમાત્મા, એની જેને રુચિ અને ઉપાદેય છે, એને પુણ્ય-પાપ, શરીર, વાણી, કર્મ હેય થઈ ગયા છે. એ છોડવા લાયક છે. આ સ્વરૂપ તે આદરણીય છે.

જેને શુદ્ધ ચિદાનંદસ્વરૂપ ઉપાદેય, આદરણીય, અંગીકાર કરવા લાયક નથી એવા અજ્ઞાનીને પુણ્ય-પાપ, દેહ મારા છે, એ અંગીકાર કરવાલાયક છે, તેને આત્મા હેય વર્તે છે. કહો, જેઠાભાઈ! આહા..હા...! આ રામની રમતવાળાને, આત્મારામની શ્રદ્ધા-જ્ઞાનવાળાને આત્મા ઉપાદેય છે. એને પુણ્ય ને પાપ ને શરીર, કર્મ તે આદરણીય નથી પણ હેય છે. રામની રમતું મૂકીને પુણ્ય ને પાપ, શરીર, વાણી મારા માનનાર એને એ બધું ઉપાદેય વર્તે છે, ત્યારે ભગવાન આખો પરમાત્મા તેને હેય વર્તે છે. આહા..હા...! વાહ..રે..! 'પરમાત્મપ્રકાશ'! આ 'પરમાત્મપ્રકાશ' છે. આહા..હા...! વૈરાગ્યના પદને ... ઘણા. આવે છે ને એમાં?

આ તો કહે છે, એક ઘામાં બે કટકા. ભગવાન શુદ્ધ ચૈતન્ય વસ્તુ જ્ઞાયકભાવ આત્મા અર્થાત્ પરમસ્વરૂપ આત્મા, પરમ શુદ્ધ સ્વરૂપ વિકાર, શરીર, કર્મ રહિત, પરમ સ્વરૂપ આત્મા, એ જેને ઉપાદેય, દૃષ્ટિમાં આદરણીય વર્તે છે. એવા ધર્મીજીવને શુદ્ધ આત્મા—પરમાત્મા તે જ મારી ચીજ માની છે. એને પુણ્ય-પાપ, શરીર, કર્મ મારા નથી એમ હેય માન્યા છે. કહો, શશીભાઈ! આમાં સીધી સાદી વાત છે. કપુરભાઈ! વેપારની ઓલામાં ન સમજાય એવું નથી આ. આહા..હા...!

આ કહે છે કે જેટલી શરીરની ક્રિયાઓ, બહારની ક્રિયાઓ, બાહ્ય પદાર્થ, આત્મા સિવાય બાહ્યના બધા પદાર્થો અને એમાં થતાં કર્મ બંધાયેલા, આ દેહ અને થતાં પુણ્ય-પાપના ભાવ, એમાં જેને ઉપાદેય, આ ઠીક છે, મને ઠીક છે, મારા છે એમ જેણે માન્યું છે એને ભગવાન પરમાત્મા અનાદેય-હેય-છોડવાલાયક આત્મા છે એમ એણે માન્યો છે. અને જેણે ભગવાન શુદ્ધ ચૈતન્યઘન આત્મા જ્ઞાનમૂર્તિ વસ્તુ એ જ હું, એટલે કે એ જ મારે આદરણીય ચીજ છે, એમ શ્રદ્ધા-જ્ઞાન દ્વારા એ જ આત્મા ઉપાદેય છે એટલે કે એ જ હું છું. એ હું છું તે આદરણીય છે અને રાગ-દ્વેષ એ મારા નથી એટલે આદરણીય નથી. એટલે જ્ઞાનીને વિકારથી માંડીને દેહ હેયપણે દેખાય છે. અને આત્મા ઉપાદેયપણે દેખાય છે. આહા..હા...! ઉપાદેયનો અર્થ પોતાની આ ચીજ આટલી છે એમ એને દેખાય છે. અજ્ઞાનીને પુણ્ય-પાપ, શરીર, કર્મ એટલો જ હું છું, એને એમ દેખાય છે. મોહનભાઈ! આહા..હા..! 'યોગીન્દ્રદેવે' પણ જંગલમાં ગાથાઓ કેવી લીધી છે! જુઓ! આહા..હા...!

યોગ, યોગજોડાણ. જેણે ભગવાન આત્મામાં જોડાણ કર્યું કે હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ (છું), એના અસ્તિત્વને સ્વીકાર્યું એ નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન દ્વારા, અનુભૂતિ દ્વારા સ્વીકાર થયો. એ આત્મા એને ઉપાદેય (છે). એને પુણ્ય ને પાપ, શરીરક્રિયા, જેટલી બધી ક્રિયા થાય એ જાણવામાં છે, પણ આદરવા લાયક છે નહિ. આહા..હા...! અજ્ઞાનીને આખા પરમાત્માની આડ નાખીને, ભગવાન પૂર્ણાનંદનો કંદ પ્રભુ અંદર, એના મહાન અસ્તિત્વ, મહાસત્તા, મહાસત્તારૂપ અનંત ગુણનું ધામ તેનો અનાદર કરીને, આદર નહિ કરીને એટલે અનાદર કરીને, પુણ્ય ને પાપના વિકલ્પ, શરીર, કર્મ, એક વર્તમાન સમયની દશા, એ મારી, એને આદર્યા એને ભગવાનનો અનાદર થઈ ગયો છે. આહા..હા...! સમજાય છે કાંઈ? કહો, આમાં સમજાય એવું નથી? લક્ષમાં તો આવે એવું છે ને? પ્રયોગ કરવામાં ભલે એને મહેનત પડે. એ.. ભીખાભાઈ! આહા..હા...! ચંદ્રકાંતભાઈ! માંડ પણ આવી જાય, અહીંયા દેશમાં હોય તો આવી જાય. ગોથું મારી જાય. જુઓ! આ ખીર પીરસાય છે. આ દિવાળીના દિ'ની ખીર છે. અરે..! ભગવાન! ભર્યા આનંદના ભાણે ખાતો નથી અને તારામાં નથી તેને ખાવા જા છો, મૂરખ છો, એમ કહે છે.

મુમુક્ષુ :—

ઉત્તર :— ... આ ગુજરાતી આવ્યું માટે? એની બાને સરખું સમજાય, એમ.

ભગવાન આનંદના ભાણે ભરેલો પ્રભુ અતીન્દ્રિય આનંદ અને જ્ઞાયકથી ભરેલો ભગવાન, એવા ભાણા મૂકીને જેમાં તું ક્યાંય નથી એવા પુણ્ય-પાપ, વિકાર, શરીરને મારા માનીને તું હારી ગયો છો, ભાઈ! આહા..હા...! સમજાણું કાંઈ? આહા..હા...! કહો, રતિભાઈ! બરાબર ન્યાયથી વાત છે કે નહિ? આહા..હા...! અને જેણે ભગવાન આત્માના ભાણામાં ભાળ્યા આનંદકંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું, એવી અંતરદૃષ્ટિ અને જ્ઞાને જેણે આત્માને આદર્યો, એને પુણ્ય-પાપના ભાવ હેય, ઝેર વર્તે છે. તો પછી આ પૈસા-ફૈસા, અને પૈસાવાળા, ધૂળવાળા એ તો જ્ઞાનીને હોતું નથી. આહા..હા...! દેવશીભાઈ! શું હશે આ? આ મકાન-બકાન કરાવે એમાં સરખા કરાવે છે કે નહિ? સારા કરાવે. એ આ મગનભાઈના ભાઈબંધ છે તો બરાબર ધ્યાન રાખે છે. અરે.. અરે..! આ ભારે વાત ભાઈ. રામની રમત... શું આવે છે? 'કંચન અને કામિની ચોકી આડી શામની, રામની રમતને તે જ લૂંટે..' એવું એ લોકોમાં આવે છે. એને ખબર નથી વસ્તુની, એ તો વાતું કરે. 'કંચન અને કામિની ચોકી આડી શામની, રામની રમતને તે જ લૂંટે..'.

અહીં કહે છે, આ રામ આત્મારામ ભગવાન જ્ઞાનની મૂર્તિ શુદ્ધ ચૈતન્ય. શુદ્ધ એટલે આનંદ, શુદ્ધ એટલે કે દુઃખ નહિ, શુદ્ધ એટલે કે અપૂર્ણતા નહિ, શુદ્ધ એટલે કે પવિત્રતાનું પૂર્ણ ધામ ભગવાન એને આત્મા કહીએ. એની રમતમાં પુણ્ય ને પાપ મારા એ માનનારા આત્માની રમતને લૂંટી નાખે છે. આહા..હા..! આ વ્યવહાર મારા, કહે છે, (એમાં તું) પરમાત્માનો અનાદર કરે છો. પ્રભુ! શું થાય? એની પુણ્યની ક્રિયા કરતાં કરતાં કરતાં આત્મા પમાય. માંગીરામજી! દયા, દાન, વ્રત, ભક્તિના શુભ પરિણામ કરતાં (થઈ જશે). અહીં તો કહે છે, શુભ ઝેર છે. ચૈતન્ય અમૃતથી વિપરીત છે. એનો આદર કર્યો એણે ભગવાન આત્માનો અનાદર કર્યો છે. ભગવાન આનંદથી ભરેલો, લોકો નથી કહેતા? ભર્યે ભાણે પેટ ભરાણા નહિ અને એંઠું ચાટવા જાય. સમજાણું કાંઈ? લોકો એવા હોય છે ને કેટલાક? ઘરે રૂપાળી બાયડી છે અને ભર્યે ભાણે થયું નહિ અને ત્યાં કોળણ અને વાઘરણ પાસે જાય, તને કાંઈ ભાન નથી.

ભગવાન પરમાત્મા પોકાર કરે છે કે હે આત્મા! તારામાં અતીન્દ્રિય આનંદ અને શાંતિ ભર્યા પડ્યા છે. એને મૂકીને તું પુણ્ય-પાપની એંઠ ચાટવા જાય છે. મોહનભાઈ! આહા..હા..! એટલે? કે જે તારામાં નથી તેને મારું માનવું એ એંઠું ચાટવા જાય છે. એંઠ છે, દુઃખદશા છે, વિકારને અનુભવે છે. આહા..હા...! સમજાણું કાંઈ?

બે વાત લીધી. પાઠમાં—ટીકામાં જુઓ! 'शुद्धात्मानुभूतिरहितदेहे वसन्नपि देहममत्वपरिणामेन

सहितानां हेयः स एव शुद्धात्मा देहममत्वपरिणामरहितानामुपादेय' એકની બે વાત કરી. શબ્દાર્થ બરાબર કર્યો નથી. કેટલું કરવા જાય? હિંમતભાઈને કહેવું કેટલું? કરે કેટલું? નહિતર આ તો ... લ્યો. વખત ક્યાં મળે? ઈ અહીં પૂરું થતું નથી. સમજાણું?

**'આગે જો યોગી સમભાવમેં સ્થિત હૈં, ઉનકો પરમાનંદ ઉત્પન્ન કરતા હુઆ કોઈ શુદ્ધાત્મા સ્ફુરાયમાન હૈ...'** શું કહે છે? જે કોઈ યોગી નામ ભગવાન આત્મા, શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ-સમ્યક્ દૃષ્ટિ તે યોગી છે. પોતાના શુદ્ધ સ્વરૂપમાં જોડાણ કરનાર, તેને યોગી કહીએ. અને પુણ્ય-પાપ ને શરીરમાં એકાકાર કરનાર તેને ભોગી કહીએ. સમજાણું કાંઈ? જે કોઈ યોગી **'સમભાવમેં સ્થિત હૈં,...'** પોતાના આનંદસ્વરૂપમાં શાંતિ દ્વારા સ્થિત છે, **'ઉનકો પરમાનંદ ઉત્પન્ન કરતા હુઆ...'** ઈ ભગવાન આત્મા. **'પરમાનંદ ઉત્પન્ન કરતા હુઆ કોઈ શુદ્ધાત્મા સ્ફુરાયમાન હૈ...'** આ આત્મા, એને એકાગ્ર થતાં પરમાનંદ ઉત્પન્ન કરતો આ આત્મા પ્રગટ થાય છે. આ સ્ફુરાયમાન અતીન્દ્રિય આનંદવાળો તે હું છું. શુદ્ધાત્મા પ્રગટે છે, પરમ આનંદ લેતો શુદ્ધાત્મા પ્રગટે છે. સમજાણું કાંઈ? ઓ..હો..હો..!

**૩૫) जो सम-भाव-परिट्ठियहँ जोइहँ कोइ फुरेइ।**
**परमाणंदु जणंतु फुडु सो परमप्पु हवेइ।।३५।।**

પરમાત્મા કોને કહેવો? પરમાત્મા એટલે આ આત્મા, હોં! પરમાત્મા પરમાત્મા થઈ ગયા ઈ એના ઘરના પરમાત્મા. ઈ પરમાત્મા એમ કહે છે કે મારી પાસે કાંઈ તારો પરમાત્મા નથી કે તું મારી સામે જોયે તને પરમાત્મપદ મળે. એમ પરમાત્મા તીર્થંકર કહે છે, તારો પરમાત્મા તારી પાસે છે. એની સામું જો, એ આનંદથી સ્ફુરાયમાન થઈને પ્રગટ થાશે, આ આત્મા. આહા..હા...! સમજાણું કાંઈ?

**અન્વયાર્થ :— 'समभावप्रतिष्ठितानां' 'સમભાવ અર્થાત્ જીવિત, મરણ,...'** શરીરનું જીવન હો, મરણ હો એને કારણે મારે કાંઈ નથી. જેમાં બેમાં સમભાવ છે. અને વિષમભાવ કરે તોપણ જીવન કાંઈ ઘટી જાય, વધી જાય એમ કાંઈ છે નહિ. આહા..! **'જીવિત, મરણ, લાભ, અલાભ,...'** બહારની ચીજની પ્રાપ્તિ કે અણપ્રાપ્તિ—બેમાં જેને સમ્યગ્દૃષ્ટિને સમભાવ છે. બહારની ચીજના લાભે, અલાભે મને કંઈ લાભ છે નહિ. અલાભે મને નુકસાન નથી અને બહારના લાભે મને લાભ નથી. બહારની ચીજો ધૂળ આવે ને જાય. કપુરભાઈ! ભારે વાત ભાઈ આ!

**'સુખ, દુઃખ,...'** સંયોગ પ્રતિકૂળ અને અનુકૂળ. અનુકૂળ સંયોગ હો કે પ્રતિકૂળ હો, એમાં ધર્મીને સમભાવ છે. કેમકે અનુકૂળ તે સુખરૂપ નથી, પ્રતિકૂળ તે દુઃખરૂપ નથી. એ તો કલ્પના હતી કે અનુકૂળ તે ઠીક, પ્રતિકૂળ તે અઠીક. કલ્પના હતી, વસ્તુમાં ઠીક-અઠીકપણું છે નહિ.

એમ જે ધર્મીજીવ સમભાવ, અનુકૂળ-પ્રતિકૂળમાં એકપણે જાણતો સમભાવ રાખતો (પરિણમે છે). **'શત્રુ, મિત્ર ઈત્યાદિ ઈન સબમેં સમભાવ...'** આહા..હા...! શત્રુ-મિત્ર ધર્મીને છે નહિ પણ જગતની દૃષ્ટિએ મનાયેલા અનિષ્ટ અને ઈષ્ટ એવા પદાર્થ, એના પ્રત્યે ધર્મીને સમભાવ છે. શત્રુ-મિત્ર કોઈ જગતમાં છે જ નહિ. એમ શત્રુ-મિત્રના જોડલામાં સમભાવ છે.

જીવિત-મરણમાં સમભાવ છે. જીવન હો કે આ સમયે મૃત્યુ હો, એમાં મને કાંઈ લાભ-અલાભનું કારણ નથી. સુખ-દુઃખ, સંયોગ અનુકૂળ-પ્રતિકૂળ હો. અરે..! ટાણા આવ્યા સંયોગ ભોગવવાના અને હવે મૃત્યુ આવ્યું. કેટલાક એમ કહે. એક જણો એમ કહેતો હતો. છોકરા ઠીક જાગ્યા ને પૈસા-બૈસા થયા ત્યાં મારે ઉપડવું (થયું). એ તો વાત બીજી હતી. બીજા કહે, હવે તમે બાધા લ્યો, બાધા. ત્યારે કહે, અરે..! પણ ટાણા આવ્યા ભોગવવાના, હવે બાધા લ્યો. આ લ્યો. એવી એક વાત હતી. શેઠી. માંડ ટાણા આવ્યા. છોકરા થયા ઠીક, બે-પાંચ લાખ રૂપિયા આવ્યા, હવે ખાઈ-પી.. શું કહેવાય? એશઆરામમાં રહેશું. ત્યારે કહે, હવે બાધા લ્યો, ફલાણાની, ભોગની. હાય.. હાય..! હોળી એને આવી આ બહારના અનુકૂળ ભોગવવાની. જયચંદભાઈ!

મુમુક્ષુ :— ત્યાં ડોળા ઉપડ્યા.

ઉત્તર :— ત્યાં ડોળા ઉપડ્યા, પૂરા થઈ ગયા. હાય.. હાય..! શું છે પણ હવે તારે? પોતાને અને પરને બેયને માટે, હોં! બીજાને લાભ-અલાભ દેખીને ખુશી થાય, અલાભ દેખીને નારાજ થાય, તો એ પણ મૂઢ છે. એને કે દિ' બાહ્ય ચીજને લઈને લાભ-અલાભ આત્મામાં હતો? અનુકૂળ-પ્રતિકૂળ સંયોગને દેખીને બીજા માટે પણ એમ કહે કે અરે..! એને અનુકૂળ, મને પ્રતિકૂળ. કોઈને અનુકૂળ-પ્રતિકૂળ છે જ નહિ, એ વસ્તુ સમભાવ રાખવા જેવી છે. આહા..હા...! સમજાણું કાંઈ? સવારે યાદ કરાવ્યું હતું. આઠ વાગે જઈએ ત્યારે યાદ રાખજો. ભાઈને કહ્યું હતું. કહો, સમજાણું? સવા આઠનું પહેલું વ્યાખ્યાન છે ને?

જીવિત-મરણ. આહા..હા...! શરીરના આયુષ્ય હો કે છૂટી જાઓ, એમાં આત્માને શું? એ ચીજ જ મારામાં નથી, એને મારે શું સંબંધ? બહારની ચીજમાં.. સાંઈઠ વર્ષે દીકરો (થયો), વાંઝીયે મહેણુ ભાંગ્યું. સમકિતીને જેમાં સમભાવ (છે). એક રાગ જરી થયો હતો એનું આ ફળ? ના, એ રાગ ને એ ચીજ મારી નથી ને. આહા..હા...! સમજાણું કાંઈ? સાંઈઠ વર્ષે છોકરો થાય. પાંચ લાખ, દશ લાખ ને પચાસ લાખની મૂડી હોય (તો ઈ) સાચવે. નહિતર ભત્રીજા લઈ જશે. મૂઢ! પણ તારા પણ ક્યાં છે અને એના પણ ક્યાં છે? શેની હોળી માંડી તેં? જેઠાભાઈ! આહા..હા..! એમાં એને ભત્રીજા સાથે બનતું ન હોય અને આને દીકરો ન હોય. પોતા પાસે પચીસ લાખની મૂડી હોય. હાય.. હાય..! મરી ગયા પછી આને જાશે.

આ રહ્યો વેરી. ક્યાં વેરી-દુશ્મન, શેના માન્યા પણ તેં? શત્રુ કોણ અને મિત્ર કોણ જગતની અંદર? સમજાણું કાંઈ?

જેને આત્મા શાંતમૂર્તિ પ્રભુ છે એવી દૃષ્ટિ થઈ છે, એમાં જેનું જોડાણ છે, એને બહારની બે ચીજમાં ક્યાંય વિષમતા-સમતા છે નહિ, ઠીક-અઠીક છે નહિ. એ જાણવા લાયક ચીજ છે. આહા..હા..! 'ઇત્યાદિ...' એમ શરીરમાં રોગ-નિરોગ લઈ લેવું. દીકરા, કુટુંબમાં રોગ-નિરોગ. બધું આવવાનું હોય એ આવે છે અને ન આવવાનું હોય એ નથી આવતું. મારે તો એને માટે પરથી કાંઈ લાભ-અલાભ છે નહિ. એમ જેની દૃષ્ટિ પરના જોડાણથી છૂટી ગઈ છે અને ચૈતન્ય ભગવાનના જોડાણમાં દૃષ્ટિ સમભાવી થઈ છે, એ સમભાવમાં '**પરિણત હુએ...**' આત્મા શાંતિ, શાંતિ, શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ. સમ્યક્‌શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન. સાચું સ્વરૂપ છે તેને પ્રતીતમાં લીધું, ખોટું એમાં ગમે તે થાય, મારે કાંઈ છે નહિ. એવા શ્રદ્ધા-જ્ઞાન અને સમભાવમાં પરિણત પર્યાયે પ્રગટ થતો.

'**જિનકે શત્રુ-મિત્રાદિ સબ સમાન હૈ,...**' પરમ યોગીશ્વર લીધા છે. કહો, સમજાય છે કાંઈ? પરની અનુકૂળતાએ આત્માને શું સુખ છે? પ્રતિકૂળતાએ શું દુઃખ છે? વાંઝીયા મરે એમાં આત્માને શું નુકસાન છે? અને દશ દીકરા જીવે એમાં આત્માને શું લાભ છે? મોતીરામજી! એમને દશ દીકરા છે. જીવતા દશ છે. નવ પરણેલા અને એક બાળ બ્રહ્મચારી.

મુમુક્ષુ :— પગ દાબે.

ઉત્તર :— પગ શું (દાબે)? એ તો એક જણો હમણા છે, નહિતર ક્યાં એકલા હતા બે જણા. ત્યાં પેલા બધા લહેર કરે. ન્યાં એને શું છે અહીં? કોને લઈને કોણ? અરે..! ભારે. દીકરા-બીકરા સરખા હોય તો સેવાચાકરી કરે. મૂઢ છો. કોની સેવાચાકરી? દેહની? દેહની પર્યાય ફરતી હશે પરને લઈને? અને દેહની પર્યાય ફરે એમાં તને લાભ હશે? સમજાણું કાંઈ? ભારે ભાઈ આ. આ ઇંજેક્શન જુદી જાતનું, હોં!

એ જીવને એવી શાંતિ પ્રગટ થાય છે. કોના દ્વારા? એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણની વાત કરશે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૫, શુક્રવાર, તા. ૧૫-૧૦-૧૯૬૫**
**ગાથા-૩૫, ૩૬, પ્રવચન-૨૪**

૩૫મી ગાથા ચાલે છે. જુઓ! અહીંયા આવ્યું. આ આત્મા, અંતર વસ્તુ આત્મા છે એ પરમાત્મા સ્વરૂપ છે, પરમ સ્વરૂપ છે. એનું શુદ્ધ આનંદકંદ (સ્વરૂપ છે). પરમાત્મા જે પર્યાયમાં પરમાત્મા અરિહંત અને સિદ્ધ થયા, એવી જ પરમાત્માની શક્તિ સ્વરૂપ આ આત્મદ્રવ્ય (છે). દરેક વસ્તુ એવી છે આત્માની. એ પરમાત્મસ્વરૂપ કેમ પ્રાપ્ત થાય? કે '**સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રરૂપ અભેદરત્નત્રય જિસકા સ્વરૂપ હૈ, ઐસી વીતરાગનિર્વિકલ્પસમાધિમેં તિષ્ઠે હુએ હૈં, ઉન યોગીશ્વરોંકે હૃદયમેં વીતરાગ પરમ આનન્દકો ઉત્પન્ન કરતા હુઆ જો કોઈ સ્ફુરાયમાન હોતા હૈ, વહી પ્રકટ પરમાત્મા હૈ, ઐસા જાનો.**' શબ્દાર્થ કર્યા. ક્યા કહતે હૈં? શું કહે છે? આ ભગવાન આત્મા અંદર છે, એ એનું કામ... એને-આત્માને આત્મા કામમાં ક્યારે આવે? સમજાય છે કાંઈ? આત્મા, આત્માને કામ ક્યારે આવે? આત્મા પરમાનંદ શુદ્ધ વસ્તુ, એની અંતર્મુખની દૃષ્ટિ સમ્યગ્દર્શન, એનું જ્ઞાન અને એનું રમણતારૂપ ચારિત્ર, એવા અભેદ નિશ્ચય-સાચા દર્શન, જ્ઞાન, ચારિત્ર સ્વરૂપ એવો જે અભેદ સમાધિભાવ, નિર્વિકલ્પ ભાવ એમાં જે રહ્યા, એને પરમાત્મા એટલે આત્મા, પરમાનંદની સ્ફુરણા દ્વારા પ્રગટ થાય છે.

આ આત્મા વસ્તુ છે પૂર્ણાનંદ પ્રભુ. શરીર, વાણી, કર્મ, પુણ્ય-પાપના વિકલ્પ રાગ, એનાથી દૃષ્ટિને સંકેલી અને દૃષ્ટિને અંતરમાં ... પૂર્ણાનંદ પ્રભુ આત્મા વસ્તુ છે, પદાર્થ છે. જેની ખાણમાં અનંત આનંદ અને જ્ઞાન પડ્યા છે. એવો આત્મા બધા વિકલ્પ મન, વાણી, દેહ આદિના લક્ષથી (પાછો વાળી), એના પોતાના સ્વભાવ તરફ લક્ષને વાળી અને જે લક્ષે, જે શ્રદ્ધાએ અને જે સ્થિરતા દ્વારા તે આત્મા લક્ષમાં, દૃષ્ટિમાં આવે, ત્યારે તે આત્મા પરમાનંદ સહિત સ્ફુટ થઈને પ્રગટ થાય છે. એને આત્મા અથવા પરમાત્મા કહે છે. ઓ..હો..હો..! શું કહ્યું? સમજાણું આમાં?

'ઈત્યાદિસે કહા હૈ,...' દેખો! બીજામાં કહ્યું છે. 'ઈષ્ટોપદેશ'માં. જે કોઈ આત્મા સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય એમાં જેનું જોડાણ છે અંતરમાં... જે અનાદિનું પુણ્ય-પાપના ભાવ, શરીર, કર્મ ને સંયોગી ચીજ, એમાં જેનું અંતર જોડાણ છે, જોડાણ એટલે એના તરફમાં એકત્વ છે, એને પર વિકારની પ્રાપ્તિ થઈને સંસારની પ્રાપ્તિ થાય છે. આહા..હા..! પણ જેને આત્મા એક સમયમાં શુદ્ધ પૂર્ણ આનંદ વસ્તુ છે, એ તો વસ્તુ છે, એમાં જેણે અંતરમાં જોડાણ-યોગ કરીને શ્રદ્ધા, જ્ઞાન ને લીનતારૂપી યોગ દ્વારા આત્માની સંધિ કરી છે, આત્માને દૃષ્ટિમાં લીધો છે. સમજાય છે?

**'જો યોગી આત્મા કે અનુભવમેં તલ્લીન હૈં,...'** એવો આત્માનો સ્વભાવ શુદ્ધ સન્મુખ થઈને તેના તરફમાં એકાગ્ર છે. **'ઔર વ્યવહારસે રહિત...'** પુણ્ય-પાપના ભાવ, કર્મ, શરીર એવો જે આખો વ્યવહાર, એનાથી દૃષ્ટિને ફેરવી પૂર્ણાનંદ પ્રભુ તરફ દૃષ્ટિ કરી, નિશ્ચયમાં સ્થિર છે, વ્યવહારથી પરાન્મુખ છે. પૂર્ણ સ્વભાવ શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય તેની જેમાં સન્મુખતા છે અને વિભાવ શરીરથી જેની અંતરમાં વિમુખતા છે, એને આત્મા કેવો છે પ્રગટ થાય છે. આહા..! બહુ સાદી ટૂંકી ભાષામાં માલ છે આ એકલો. પકવાન, એકલો પકવાન છે. આહા..હા..!

મુમુક્ષુ :— નિરોગીને પાચન થાય ને.

ઉત્તર :— આત્મા નીરોગી જ છે.

મુમુક્ષુ :— ત્રણે કાળ?

ઉત્તર :— ત્રણે કાળે નીરોગી છે, પાચન થવાને લાયક જ છે. ફક્ત દૃષ્ટિ ફેરવે દોલત નજરમાં આવે એવી છે. જેની દૃષ્ટિમાં પુણ્ય-પાપના ભાવ, કર્મ, શરીર અને આ ધૂળ સંયોગ એનામાં સન્મુખ દૃષ્ટિ છે, એને સંસારના પરિભ્રમણનો લાભ થાય છે.

જેની દૃષ્ટિ વસ્તુ સ્વરૂપ પરમાનંદની મૂર્તિ દ્રવ્યસ્વભાવ આખી ચીજ છે. એક કોર આખું ગામ પુણ્ય-પાપ, શરીર, કર્મ આદિ, એક કોર ભગવાન આખો પૂર્ણાનંદ પ્રભુ. એના અંતર સન્મુખ એટલે જોડાણ. અંતર સન્મુખની દૃષ્ટિ, અંતર સન્મુખનું લક્ષ અને અંતર સન્મુખની એકાગ્રતા—એવા નિશ્ચય સ્વભાવ વડે જે સ્વભાવમાં સ્થિત છે એ વ્યવહારથી પરાન્મુખ છે, પરાન્મુખ છે, પરથી મુખ ફેરવ્યું છે. સ્વસન્મુખ મુખ દૃષ્ટિનું કર્યું છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

જેને અંતરમાં (એમ છે કે) પુણ્ય-પાપના ભાવ, શરીર આદિ સંયોગ કાંઈ મને કામના નથી. મારા કામ માટે એ ચીજ કોઈ મને મદદગાર નથી. શુભ-અશુભભાવ, શરીર-કર્મ આ દેહાદિ આ બધા સાધનો, એ મારા શાંતિના કામ માટે બિલકુલ મદદગાર, સહાયક જરીએ નથી. એના તરફના સહાયક માનવાની દૃષ્ટિમાં એ દુઃખરૂપી ભાવને એ નિમિત્ત અને સહાયક છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં વસ્તુ-વસ્તુ પરમાત્મ પિંડ પ્રભુ છે. જેમાંથી અનંત કેવળજ્ઞાન ને અનંત આનંદની નદીઓ જેમાંથી વહે છે, નદી, એવું ચૈતન્યપૂર વસ્તુ એના સન્મુખમાં દૃષ્ટિ, જ્ઞાન ને લીનતા દ્વારા જોડાણ (કરે) તો વ્યવહારથી પરાङ્મુખ, સ્વભાવથી સન્મુખ છે. એને આત્મા દૃષ્ટિમાં આનંદ સહિત પ્રગટ આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાતું. આ તો અવલદોમ આકાશગંગાને હેઠે ઉતારી દીધી.

ઈ કહે છે, જ્યાં છે ત્યાં છે એ બધું. શુભાશુભભાવ હો, કર્મ હો, શરીર હો, સંયોગ

જ્યાં છે ત્યાં ભલે હો. મારા આત્માના કામને માટે તે બિલકુલ મને સહાયક, મદદગાર બિલકુલ નથી. આહા..હા..! મારી શાંતિ ને મારી સ્વતંત્રતાના આનંદની પ્રાપ્તિ માટે વિકલ્પથી માંડીને કોઈ ચીજ મને મદદગાર, સહાયક નથી. મને સહાયક, મારી શ્રદ્ધા, જ્ઞાન સ્વભાવ સન્મુખ કરવાથી વસ્તુ મને સહાયક થાય છે. આહા..હા..! સમજાય છે?

'**વ્યવહારસે રહિત શુદ્ધ નિશ્ચયમેં તિષ્ઠતે હૈં,...**' એટલામાં બધું નાખી દીધું. આ 'ઈષ્ટોપદેશ'ની ગાથા છે. '**व्यवहारबहिःस्थितेः**' '**व्यवहारबहिःस्थितेः**' 'ઈષ્ટોપદેશ' ગાથા ૪૭. ભગવાન આત્મા વસ્તુ, વસ્તુ. આત્મા છે ને? વસ્તુ છે ને? પદાર્થ છે ને? ચીજ છે ને? અનાદિ-અનંત છે ને? એમાં અનાદિ-અનંત જ્ઞાન આદિ મહાન સ્વભાવનો એ ભંડાર આત્મા છે. એની તરફની દૃષ્ટિ કરતાં... એ..! હિંમતભાઈ! બહુ અસ્થિરતા લાગે છે તમારી, હોં! આમથી આમ જોયા કરે છે. શું છે આ? આ વખતે પણ. પહેલા તમને ઘણીવાર કહ્યું છે. કાંઈ સમજી ગયા એમ ધારીને આમ ન કરવું, એમ સમજો. એકવાર કહ્યું હતું. અમને આવડે છે હવે કહેતા માટે હવે સાંભળવામાં આપણે ધ્યાન રાખો. અત્યારે એ બહુ થઈ ગયું છે. આ પચ્યું નથી જગતને. સમજાણું કાંઈ? એ..ઈ..! ધરમચંદજી! વાત તો ભાઈ! એવી અહીં આકરી છે. જ્યાં ધર્માત્માની વાત ચાલે ત્યાં બીજા સામું જોવું ને આમ આમ જોયા કરવું, એનો અર્થ ન્યાય નથી, બિલકુલ વિરુદ્ધ છે. સમજાય છે કાંઈ? અહીં શેની વાત ચાલે છે એ તમને આવડે છે એમ ધારીને હવે થઈ રહ્યું જાવ. મુકી દ્યો. એ દેવાનુપ્રિયા! અહીં તો એવી વાત છે જરીક.

બાપા! શ્રીમદ્ એકવાર કહે છે કે, તને આવડ્યું હોય તો હું કહું છું આ શબ્દને ફરી વાર સાંભળ ને વિચાર. કારણ કે, આ સમય કોઈ બીજી જાતનો સમય છે. એમ કરીને એને સત્યનો વિનય કરાવે છે અને અસત્યનો જે આદર છે અને સત્‌નો અનાદર થાય છે એ મહા અંદર દોષ થાય છે. ખબર નથી પડતી, લોકોને એની ખબર નથી. છોટાભાઈ! અહીં તો એવી વાતું છે, ભાઈ! આહા..હા..! શું નીકળે છે ને કેમ છે એ અમને આવડે છે, એ અમને આવડે ને એ તો અમે ધાર્યું છે. એમ રહેવા દે. સમજાણું કાંઈ? મગનભાઈ! ભારે આકરું કામ, ભાઈ!

ભગવાન! તું ક્યાં છો? એ કેવી રીતે લક્ષમાં આવે એ વાત ચાલે છે. સમજાણું કાંઈ? પ્રભુ! ઓહો..હો..! ઈ પહેલું ધાર્યું, સાંભળ્યું એ બધું સાંભળ્યું ને ધાર્યું નથી તેં. બધું ખોટું છે. સમજાણું કાંઈ? આ વર્તમાન સમયની પર્યાયમાં એની સ્થિતિ શું વર્તે છે એવો ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ, એ વસ્તુ... વસ્તુ... વસ્તુ છે. આમ અનાદિ-અનંત ને સ્વભાવ આમ કહેતા ત્યાં ... નજર ગઈ, કે અરે..! આ શું? આ નજર એના ઉપર નથી. સમજાણું કાંઈ? એ..ઈ..! ધરમચંદજી! બહુ કસોટી આકરી, બાપા!

ભગવાન આત્મા.. આહા..હા..! અરે..! જેની સામું જોવાનું જ્યાં છે એની કોર જોયું નથી

અને બીજા તરફ જોઈને એનો આદર કર્યો છે, એને આત્મા આદરમાં ને અંતરમાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..! શશીભાઈ! શું કહે છે આ? આ તો એકલું માખણ આવ્યું છે.

કહે છે, ઓહો..હો..! આ એક ટૂકડો છે આટલો. 'વ્યવહારસે રહિત **શુદ્ધ નિશ્ચયમેં તિષ્ઠતે હૈં,...**' એ ભાળ્યું ને સાંભળ્યું છે ઘણું કે વ્યવહાર છોડવા જેવો છે, એમ નહિ. સમજાણું કાંઈ? એને પળે પળે એના સમયમાં ભગવાન આત્માની સન્મુખતાની દૃષ્ટિ ને જ્ઞાન (વર્તે છે). જગતના બધા ચાલતા વિકલ્પો ને સંયોગો મારામાં છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? જમુભાઈ!

વીસ વર્ષનો એક દીકરો, આ બે વર્ષના લગને દીકરા વિના મરી ગયો હોય અને ઘરે પચાસ લાખની મૂડી (હોય), એના મોઢા લાલ કેવા હોય? લોહીએ ખરડ્યા આમ લાગે. એને એ વખતે આખી દુનિયા ઉદાસ, એ વખતે સખના સડકા ઉડી જાય.

એમ અહીંયા ભગવાન આત્મા તારી એક એક પળ, બાપુ! જાય છે, ભાઈ! કહે છે કે, એ સ્વરૂપ આવું જે અનાદિ-અનંત ગુણનો ઢગલો શાંત આનંદનો કંદ પ્રભુ (છે), એની અંતરની દૃષ્ટિ વર્તમાન જ્ઞાન અને તેની લીનતા દ્વારા તે આત્મા અનુભવમાં આનંદ સહિત પ્રગટ થાય તેને આત્મા ને પરમાત્મા કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ શુદ્ધ સ્વરૂપ ભગવાન, જેની નજરમાં એક વાર મીટમાં લેતા, બધા વિકલ્પો પુણ્ય, પાપ, શરીર, વાણી બધું જ્યાં વિમુખ થઈ જાય છે અને એક જ સ્વભાવની સન્મુખમાં ઠરતાં જે આત્મા ધ્યાનમાં, જ્ઞાનમાં આનંદની દશા સહિત આવે, એને આત્મા ને પરમાત્મા કહે છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! સંધ્યાના રંગ જગતના, ત્યારે આ ચૈતન્યરત્ન ધ્રુવ પિંડ, પ્રભુ. જેની અંતરમાં નજર નાખતા આખી દુનિયા વિકલ્પ આદિ બધી હો, બધી ઉપેક્ષિત થઈ ગઈ. એકલો ભગવાન આત્મા અંતરદૃષ્ટિમાં અપેક્ષા કરીને અંતર સન્મુખ થયો તે કાળે આનંદ સહિત જે પર્યાય પ્રગટી, એને પરમાત્મા આત્મા કહે છે. ત્યારે એને આત્મા પ્રતીતમાં, સમ્યગ્દર્શનમાં આવ્યો એમ કહેવાય છે. સમજાય છે? ગુજરાતી ભાષા હવે તો થઈ ગઈ છે. અહીં ઘણી બાઈયું બિચારી સમજે નહિ. હિન્દી કેટલા દિ' થી ચાલતી હતી. કહો, આ ભાષા તો સમજાય એવી છે કે નહિ? આહા..હા..!

મુનિ થવાને જ્યારે રાજકુમાર તૈયાર થાય છે. આમ નીલમણિના શિલાઓની જેને ઘરે... આ શું કહેવાય? લાદી હોય જેને ઘરે. (એ એમ કહે), માતા! મારી એક ક્ષણ લાખેણી જાય, મા! મને આ મળ્યો સમય, અરે..! મારા સન્મુખ જોવામાં આ નિમિત્તો વચ્ચે મને વિઘ્ન કરે છે. માતા! ફરી મા ન કરું અને સ્વભાવ સન્મુખ થઈને મને જન્મ-મરણ ન રહે, એવી દશા સાવધાન માટે માતા! હું નિવૃત્તિ લઉં છું. માતા! રજા આપ, માતા! મા! તારે આમ કરવું પડશે, હોં! જ્યારે સુખ જોઈતું હોય તો આ કરવું પડશે. આહા..હા..! શાસ્ત્રમાં ત્યાં સુધી

ચાલે છે, બેટા! જા તારે રસ્તે, એ રસ્તો અમને હજો. આહા..હા..! જેઠાભાઈ! આહા..હા..! એ રસ્તે ભાઈ જા, જેમાં તને નિર્ભયતા પ્રગટ થશે. એ રસ્તે બેટા! અમે પણ આવવાના કામી છીએ, હોં! આહા..! એવી રીતે કરીને રજા આપે છે. જેઠાભાઈ! આહા..હા..!

'**ઉન યોગિયોંકે ધ્યાન કરકે અપૂર્વ પરમાનન્દ ઉત્પન્ન હોતા હૈ.**' દેખો! એ યોગીને અંતરમાં સ્વરૂપની એકાગ્રતા કરીને, પુણ્ય-પાપના ભાવ આદિથી માંડીને પરમાંથી લક્ષ અને એકાગ્રતા છોડીને, ભગવાન આત્મામાં એકાગ્રતા થાય છે. એને '**અપૂર્વ પરમાનન્દ ઉત્પન્ન હોતા હૈ.**' એમ કહે છે કે, એ ભગવાન સન્મુખને દૃષ્ટિ જ્ઞાનમાં લેતા, એ ભગવાન આનંદની ધારા વહેતો આત્મા પ્રગટ થાય છે. એ આત્મા પોકાર કરે છે કે, જો હું આ આવો આનંદમય છું. સમજાય છે કાંઈ? આમ સંકલ્પ, વિકલ્પની જાળ જે દુઃખરૂપની જાળ, એને લક્ષમાં, દૃષ્ટિમાં, રુચિમાં છોડી, ભગવાન આત્માની દૃષ્ટિમાં જઈ, વર્તમાન, વર્તમાન પર્યાયમાં તેના સન્મુખ થઈ, વર્તમાનમાં પરથી વિમુખ થઈ, જે આત્મામાં આનંદ સહિત પર્યાય પ્રગટ થાય, તે આત્મા છું, એ પરમાત્મા છું એમ આનંદમાં, ધ્યાનમાં પ્રગટ થાય છે. આહા..હા..! એણે કોઈ દિ' પ્રીતિ કરીને વાત સાંભળી નથી. ધરમચંદજી!

'**હે પ્રભાકરભટ્ટ! જો આત્મસ્વરૂપ યોગીશ્વરોંકે હૃદયમેં સ્ફુરાયમાન હૈ,...**' દેખો! યોગી એટલે સ્વરૂપમાં એકાગ્ર થનાર યોગીશ્વર. ચાહે તો ચોથામાં હો, પાંચમામાં હો, છઠ્ઠામાં હો. આહા..હા..! જેણે ભગવાન આત્મા પૂર્ણાનંદમાં જોડ્યો છે દૃષ્ટિનો યોગ, એવા ધર્માત્માને '**હૃદયમેં સ્ફુરાયમાન...**' જે આત્મા હૃદયમાં-જ્ઞાનના પર્યાયમાં સ્ફુરાયમાન આ આત્મા, હે યોગીશ્વર! એ ઉપાદેય છે, એ જ એક આદરણીય છે. સમજાણું કાંઈ?

'**જો યોગી વીતરાગનિર્વિકલ્પસમાધિમેં લગે હુએ હૈં,...**' ઓહો..! એક એક સમય જેનો, સ્વરૂપની સન્મુખતાની રુચિ, જ્ઞાન ને રમણતામાં જેનો લાગ્યો છે, એ વીતરાગ શાંતિમાં '**લગે હુએ હૈં, સંસારસે પરાન્મુખ હૈં,...**' સંસાર શબ્દે શુભ-અશુભ વિકલ્પ અને પરની સન્મુખતાના ભાવ ને પર વસ્તુ. આહા..! જેનાથી પરાન્મુખ છે, '**ઉન્હીંકે વહ આત્મા ઉપાદેય હૈ,...**' શું કહ્યું? ઈ શું કહ્યું? કોને આત્મા આદરણીય છે? કોને આત્મા ઉપાદેય છે? જેને જ્ઞાનમાં એકલો પૂર્ણાનંદ આદરણીય અંતરમાં વર્તે છે અને પુણ્ય-પાપથી માંડીને બધા ભાવ જેનાથી દૃષ્ટિમાં પરાન્મુખ થઈ ગયા છે, એને આત્મા ઉપાદેય છે. સમજાણું કાંઈ? એણે આત્મા પકડ્યો છે, એણે આત્માને જાણ્યો છે, એને આત્મા અંતર આદરણીય થયો છે કે, જેને તે ક્ષણે બધા વિકલ્પથી માંડી (સમસ્ત) સંસાર હેયપણે વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જો યોગી વીતરાગનિર્વિકલ્પસમાધિમેં લગે હુએ હૈં, સંસારસે પરાન્મુખ હૈં, ઉન્હીંકે વહ આત્મા ઉપાદેય હૈ,...**' ઈ શું કહ્યું છે? જુઓ! પાઠ છે, હોં! એ. '**अत्र**

**वीतरागनिर्विकल्पसमाधिरतानां स एवोपादेय**' એને એ આત્મા આદરણીય છે. જેને ભગવાન આત્મા જેના સન્મુખની પર્યાયમાં, આનંદની પર્યાય પ્રગટ થઈને જેને વિકલ્પના વ્યવહારથી માંડીને હેય વર્તે છે, એવા આત્માને આ આત્મા ઉપાદેય છે. એને વિકલ્પથી માંડી બધો ભાવ હેય વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**तद्विपरीतानां हेय**' આહા..હા..! શું કહે છે? જેને ભગવાન આત્મા અંતર્મુખની દૃષ્ટિ, જ્ઞાન ને ઉપાદેય આત્મા નથી, એને પુણ્ય-પાપ, વિકલ્પ ને પર પદાર્થ ઉપાદેય છે, એને ભગવાન આત્મા હેય વર્તે છે. સમજાણું કાંઈ? શેઠી! આહા..હા..! આ આત્મા પ્રભુ પૂર્ણ અનાકુળ આનંદનો કંદ, તેની સન્મુખમાં જેની દૃષ્ટિ, જ્ઞાને આત્માને આદર્યો છે, એને જ એ આત્મા ઉપાદેય આદરણીય છે એમ અનુભવમાં મનાણું ને જણાણું છે. એને વિકલ્પથી માંડીને બધો સંસાર હેયપણે જ્ઞાનમાં વર્તે છે. આહા..હા..! આવી તો વસ્તુની સ્પષ્ટ વાત છે, હવે આમાં ગડબડ ક્યાં છે ક્યાંય? આહા..હા..!

'**ઔર જો દેહાત્મબુદ્ધિ વિષયાસક્ત હૈં,...**' દેખો! જેને અંદરમાં રાગની રુચિ ને પ્રેમ વર્તે છે, શરીર પ્રત્યેની સન્મુખતાનો પ્રેમ વર્તે છે, કર્મ આદિ બાહ્ય સામગ્રીનો પ્રેમ ને રુચિ વર્તે છે, વિકલ્પથી માંડીને બાહ્ય પદાર્થો પ્રત્યે જેને આસક્તિ એટલે 'એ હું' એમ જેને અંતરમાં 'આ હું' એમ કરીને મજા લાગે છે, એવા આત્માને પરમાત્મા તે હેય છે. આહા..! કપુરભાઈ! આ તો એક ઘાના બે કટકા. બરાબર લ્યો. જુઓ! આ પરમાત્માનો અંતર માર્ગ, એ વીતરાગે કહેલો એ માર્ગ (છે). એ વીતરાગે કહેલો માર્ગ ક્યાંય બહારમાં રહેતો નથી. સમજાણું?

ભગવાન આત્મા પોતાના સન્મુખની દૃષ્ટિ, જ્ઞાનને છોડી અને વિકલ્પ પુણ્ય-પાપના પરિણામ ને બાહ્ય પદાર્થમાં સન્મુખતાની દૃષ્ટિની રુચિમાં પડ્યો છે, એને પરમાત્મા પોતે દૃષ્ટિમાં હેય વર્તે (છે). સમજાણું કાંઈ? અને વિકલ્પથી માંડીને આ આખો સંસાર તેને ઉપાદેયપણે વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? નવમી ગ્રૈવેયક (ગયો). નગ્ન દિગંબર મુનિ અનંત વાર બહાર સ્ત્રી, કુટુંબ છોડ્યા, અગિયાર અંગના ભણતર કર્યા. ઊંડાણમાં એને પેલો વિકલ્પ જે વર્તે છે ને, એના સન્મુખપણાની દૃષ્ટિ ગઈ નથી, સ્વભાવ સન્મુખની દૃષ્ટિ થઈ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એવી દેહાત્મબુદ્ધિ અથવા એ રાગની બુદ્ધિ જેને રુચિમાં વર્તે છે. દેહની સગવડતા, બહારની સગવડતા, સંયોગની સગવડતા, એમાં આસક્તનો અર્થ એ જ વર્તમાન રાગાદિ બધી ચીજો એના ઉપર જેના જ્ઞાનનો થાપ પડ્યો છે, જે 'એ જ હું છું' એમ પડ્યું છે. આહા..હા..! '**વે અપને સ્વરૂપકો નહીં જાનતે હૈં,...**' અર્થાત્ એ પોતાના સ્વરૂપને ઉપાદેય માનતો નથી. એમ એનો અર્થ ઈ છે, ટીકામાં એમ છે, ભાઈ! એ તો આમ ભાષા ખરેખર ઉપાદેય હેય

કરી એ સ્થિતિ સારી છે. પણ બરાબર કરતા આવડી નથી. બધું કેટલું કરવું પણ? નહિતર મનને થઈ ગયું કે, આ 'પરમાત્મપ્રકાશ' હિંમતભાઈ કરે તો કેવું ... થાય. હજી માંડ 'અષ્ટપાહુડ' થાતું નથી એમાં આ ક્યાં થાય? કહો, સમજાણું? એ થવું હોય એ થાય. આ તો એક વાત છે. આહા..હા..! આ હેય ઉપાદેય જે સંબંધ મૂક્યો છે... આ..હા..! ગજબ કામ કર્યું છે.

કહે છે, આઠ વર્ષની બાળિકા હો, જાણપણું બહુ થોડું હો, અને... સમજાય છે? પણ જેને, અંતર સ્વરૂપ ચિદાનંદ ભગવાન આખું દ્રવ્ય સ્વરૂપ છે એના સન્મુખનો ઉપાદેય ભાવ આત્માનો થઈ ગયો છે, એને વિકલ્પથી માંડીને બધી ચીજ દૃષ્ટિમાં હેય, વર્તમાન દૃષ્ટિમાં હેય વર્તે છે. આહા..હા..! એ કદાચિત લગન કરે, પરણે. આહા..હા..! છતાં એ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ જે સ્વની સન્મુખ થઈને દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો, એ જ ઉપાદેય છે. જેટલા શુભ-અશુભ વિકલ્પો આદિ ઉઠે એ બધા મારે માટે હેય છે. આહા..! સમજાણું કાંઈ?

અને બાહ્યનો ત્યાગી થઈને ફરતો હોય, અંતરમાં એક વિકલ્પના રાગને, કણને, વિકારને ઉપાદેય (માન્યો હોય) અર્થાત્ ત્યાં જ દૃષ્ટિની છાપ પડી છે, ત્યાં દૃષ્ટિની જમવટ પડી છે. ત્યાં જ આખું સર્વસ્વ માની આ રાગ અથવા આ હું એમ ભલે એને (ખ્યાલ ન આવે) પણ આખો આત્મા પૂર્ણાનંદ તરફ એની સન્મુખતા નથી તેથી તેની વિમુખતા થઈને એના વિરૂદ્ધ રાગાદિ ભાવમાં જેની વર્તમાનમાં સન્મુખતામાં લીનતા પડી છે, એને આખો આત્મા પરમાત્મા દૃષ્ટિમાં હેય વર્તે છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**સંસારસે પરાન્મુખ હૈં, ઉન્હીંકે વહ આત્મા ઉપાદેય હૈં,...**' એટલે શું કહ્યું? જેના અંતર જ્ઞાન ને દૃષ્ટિમાં ભગવાન આત્મા એકલો ઉપાદેય આદરણીય છે, એને સારો (આખો) સંસાર હેય છે. સમજાણું? અને જેને '**દેહાત્મબુદ્ધિ વિષયાસક્ત હૈં,...**' વિષયાસક્તનો અર્થ એમ નથી કે, છન્નું હજાર સ્ત્રીનો ભોગ ને એમાં લીનતા. એમ પ્રશ્ન નથી. નાનામાં નાનો રાગ હો અને સંયોગ થોડા ભલે હો, પણ એ રાગ ને સંયોગમાં જેની રુચિના પરિણામ જે આમ સ્થપાવીને પડ્યું છે, સ્વસન્મુખ, સન્મુખતાનું માહાત્મ્ય જેને આવ્યું નથી, એને રાગ ને પરનું જેને માહાત્મ્ય વર્તે છે. બસ, એ માહાત્મ્યવાળો ભગવાનને ભૂલી ગયો, એ ભગવાનને હેય માને છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**અપને સ્વરૂપકો નહીં જાનતે હૈં,...**' નહિ જાનતાનો અર્થ? '**तद्विपरीतानां हेय**' જેને એક શુભરાગનું પણ આમ ત્યાં લક્ષ થઈને સન્મુખતા ને પ્રેમ વર્તે છે, એને વિષયની આસક્તિ જ વર્તે છે. વિષય એટલે? સ્વવિષય જે ભગવાન આત્મા શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિનો સ્વ વિષય આત્મા, એને ઉપાદેયપણે છોડી દઈ, પર વિષય જે વિકલ્પ આદિ વ્યવહારનયનો જે વિષય, એમાં જેની રુચિ, લીન ને આસક્ત છે, એ વિષયમાં જ આસક્ત છે. ભગવાન આત્મામાં

તેની દૃષ્ટિ નથી. કહો, સમજાણું આમાં?

‘**ઉનકો આત્મરુચિ નહીં હો સકતી...**’ એ છેલ્લે હેયની વ્યાખ્યા કરી. ‘**तद्विपरीतानां हेय**’. ભગવાન આત્મા શુદ્ધ આનંદઘન એની જેને રુચિ નથી, એનું લક્ષણ શું? સમજાય છે? કે, જેને સ્વચૈતન્ય ભગવાન સ્વ-વિષયને છોડી અને રાગ પુણ્ય-પાપ વિકલ્પ ને શરીરાદિ જેના જ્ઞાનના પર વિષયો થયા છે, એમાં જેની દૃષ્ટિ પડી છે તે વિષયાસક્ત જીવને આત્મા પરમાત્માની રુચિ છે નહિ. આહા..હા..! ભારે વાત, ભાઈ! જેઠાભાઈ! નથી હમણા આવતા, એ તો બહુ મોંઘુ કર્યું, એમ કહ્યા કરતા હતા. માંડ સમકિતમાં આવ્યા ત્યાં તો કહે, હજી મોંઘુ છે. એય..! કહે છે ને? બાપુ! ભાઈ! આહા..હા..! ભગવાન! તારા માર્ગ કોઈ અલૌકિક છે, પ્રભુ! એ કોઈ બહારથી મળે એવા નથી. આહા..હા..! એ ૩૫ ગાથા (પૂરી) થઈ. ગાથા દીઠ ઉપાદેય હેય લખી રાખ્યું. માથે અંદર પડ્યું છે અને હેઠે નથી.

૩૬. આ અમૃતની વાતું ચાલે છે. આહા..હા..! બાકી બધા ઝેર ઘોળાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ ‘પરમાત્મપ્રકાશ’ની વાત છે. ભગવાન પ્રકાશમાં આવ્યો અને બહિરાત્મબુદ્ધિ હેય થઈ ગઈ. અંતરાત્મબુદ્ધિ જ્યાં પ્રગટી ત્યાં બહિરાત્મબુદ્ધિ હેય થઈ. બહિરાત્મબુદ્ધિની રુચિ જ્યાં રાગાદિ ને આ ઠીક, ઠીક, આ હોય તો મને ઠીક છે, આ હોય તો મને ઠીક. જ્ઞાનમાં ઊંડે ઊંડે આમ, આમ હોય તો... આમ હોય તો... આમ હોય તો... આ જોઉં, આ જાણું, આ વાંચું, આ એનાથી મને ઠીક—એમ જ્યાં પડ્યું છે એને આત્મા-પરમાત્મા હેય વર્તે છે. આહા..હા..! સુજાનમલજી! સમજાણું કાંઈ? કહો, બે ને બે ચાર જેવી વાત છે. આહા..હા..!

‘**આગે શુદ્ધાત્માસે...**’ આ તો ગુજરાતી છે, હોં! હવે તો સમજાય એવું છે કે નહિ? આ બૈરાઓ ના પાડતા હતા, કેટલાક કહે સમજાતું નથી. ‘**આગે શુદ્ધાત્માસે જુદે કર્મ...**’ ભાઈ! વસ્તુ તો જેવી હોય એવી આવે ને? ગુજરાતી હોય તો કાંઈ વસ્તુ કાંઈ હલકી થઈ જાય બીજી? ભાષા ગુજરાતી થાય પણ ભાવ તો જે હોય એ આવે. બીજુ શું થાય? આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઠીક. બહુ સારું. એની બાની અનુકૂળતા ખરી. ઘણી બાયું છે. આ છે. અમારે અહીં ...બહેન છે એ ક્યાં ન્યાં..? ત્યાં ભઠિયારામાં હતા. ક્યાં ગયા? માંડ નીકળ્યા છે. ભઠિયારીને ... હોં! ખબર છે? ચુલા પાસે રાંધ્યા કરે. અરે..! ભગવાન આવો આત્મા પ્રભુ તારી પાસે આમ (પડ્યો છે), આનંદના પાક થાય એવો આત્મા પડ્યો છે. આહા..હા..! ‘નજરની આળસે રે તે નિરખ્યા ન નયણે હરી’ અરે..! તારી નજરની આળસે ભગવાનને તેં જોયો નહિ, પ્રભુ! આહા..હા..! અંદર આનંદકંદ પરમાત્મા સાક્ષાત્ શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય પડ્યું છે આખું. એની હયાતીના આશ્રયે આનંદ (થાય), એમ તેં કોઈ દિ’ સ્વીકાર્યુ નહિ. સમજાણું કાંઈ? એની નજરું કરી

નહિ. જ્યાં નિધાન ઉપર નજરું કરવાની (હતી) ત્યાં એણે કોઈ દિ' જોયું નહિ. જ્યાં ધૂળ, રાગ ને પુણ્ય ને પાપ ને એના ફળ ને કર્મ ધૂળ બહાર, ત્યાં નજરું કરીને સંતોષ મીણો ચડી ગયો. કપુરભાઈ! છે?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— વાત સાચી છે. એ..ઈ..! જયચંદભાઈ! આહા..હા..!

'**શુદ્ધાત્માસે જુદે કર્મ ઔર શરીર ઈન દોનોંકર અનાદિકર બંધા હુઆ...**' કર્મ નાખ્યું હવે જરી. શરીર હતું ને? હવે કર્મ નાખ્યું. '**યહ આત્મા હૈ, તો ભી નિશ્ચયનયકર શરીરસ્વરૂપ નહીં હૈ, યહ કહતે હૈં** –'

**३६) कम्म-णिबद्धु वि जोइया देहि वसंतु वि जो जि।**
**होइ ण सयलु कया वि फुडु मुणि परमप्पउ सो जि।।३६।।**

આહા..હા..! '**कर्मनिबद्धोऽपि योगिन्**' હવે જરી કર્મનિબદ્ધને સમજાવે છે. દેહમાં રહ્યો છતાં જુદો સમજાવ્યો. હવે કર્મમાં રહ્યો છે ને? કે ના. ગાથા દીઠ ફેર છે, હોં! એમ સમજવું નહિ કે વાત ઈની ઈ આવે છે આ.

कर्मनिबद्धोऽपि योगिन् देहे वसन्नपि य एव।
भवति न सकलः कदापि स्फुटं मन्यस्व परमात्मनं तमेव।।३६।।

આહા..હા..! લસલસતા લાડુ પીરસ્યા છે એકલા. કળીના લાડવા હોય ને વળી દાંત ન હોય તો ખાઈ જાય ફટ દઈને. તમારે શું કહે છે? કળી... કળી. કળીના લાડવા કહે ને? બુંદી, બુંદી. આમ ઘીમાં તળેલી બુંદી. દાંતની જરૂર નહિ, દાઢ હોય તો હાલ્યા જાય એવા લાડવા છે આ. લ્યો! આહા..હા..!

'**હે યોગી!...**' એટલે કે હે આત્મા સન્મુખ જોનારા! હે ભગવાન આત્મા! તારી સામું જોનારા અને જગતથી વિમુખ પડેલો આત્મા. '**જો યહ આત્મા યદ્યપિ કર્મોંસે બંધા હૈ,...**' અહીં ફેરવ્યું. ધ્યાન રાખ કે, તને એમ લાગે છે કે કર્મથી બંધાયેલ છે ને રજકણ ધૂળથી અને '**દેહમેં રહતા ભી...**' સમજાય છે કાંઈ? કર્મથી બંધાયેલો દેહમાં રહેતો. એક વાતને ફેરવી. '**પરંતુ કભી દેહરૂપ નહીં હોતા,...**' એ દેહરૂપ થયો નથી, કાર્મણ શરીરરૂપે પણ થયો નથી. આહા..હા..! ભગવાન જ્ઞાનમૂર્તિ ચૈતન્યપ્રભુ એ વસ્તુ તો ચૈતન્યસૂર્ય (છે), એ કાંઈ એક કર્મના રજકણથી બંધાય? સૂર્યના તેજની સામે આડ નાખો તો એ કાંઈ આમ આડા રહેતા હશે? વાદળા સોસરવું દેખાય કે આ સૂર્ય છે. ભગવાન ચૈતન્યનો સૂર્ય છે ને પ્રભુ! તને તારી ખબર નથી. હું કેવડો ને કેવો ને ક્યાં?

કહે છે, '**યદ્યપિ કર્મોંસે બંધા હૈ, ઔર દેહમેં રહતા ભી હૈ,...**' આ બંધાયેલો દેહમાં

રહે છે એમ તને દેખાય છે, એમ કહે છે હજી, હોં! વાત ફેરવે છે. '**પરંતુ કભી દેહરૂપ નહીં હોતા,...**' યાદ રાખ કે કર્મથી બંધાયેલું તત્ત્વ તને દેખાય, દેહમાં રહેલું દેખાય, પણ દેહ ને કર્મરૂપે તત્ત્વ થયેલું છે જ નહિ. '**ઉસીકો તૂ પરમાત્મા નિશ્ચયસે જાન.**' ભગવાન આત્મા દ્રવ્ય કર્મના સંયોગરૂપી બંધન જડનું દેખાય છે. છતાં તેનાથી રહિત એવો જે પરમાત્મા છે તેને તું આત્મા જાણ. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં તો હજી દુકાનના બંધન, ફલાણાના બંધન, ઢીંકણાના બંધન. ધૂળનાય નથી કહે છે. આ કર્મનું બંધન નથી તને કહીએ છીએ. વસ્તુ ચિદાનંદ જ્યોત પડી છે, પ્રભુ! એના જડકર્મના બંધન એના સહિત દેહમાં દેખાય (છે). અમે કહીએ છીએ કે કર્મરૂપે ને શરીરરૂપે વસ્તુ થઈ જ નથી. એવી ભગવાન ચિદાનંદ જ્યોત નિરાળી પડી છે. તું દૃષ્ટિમાં લેતો નથી, એ તારી નજરની આળસ છે. ધરમચંદજી! આહા..હા..! યદ્યપિ કહ્યું ને? '**कर्मनिबद्धोऽपि**' સમજાય છે?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા. એમ. '**कर्मनिबद्धोऽपि**' વસ્તુ સિદ્ધ કરવી છે. પાછું કર્મનું નિમિત્તપણું, જડપણું છે, દેહ છે, આમ છે, આમ છે, છતાં આમ જુદો છે. ચિદાનંદપ્રભુ, પરમાનંદની જ્યોત વસ્તુ છું. (તેં) તારી કોઈ દિ' ખબર કરી નથી. કેવડો ને ક્યાં ને કેમ છું એની તેં કોઈ દિ' સંભાળ કરી નથી. એમને એમ આ બહારમાં મથ્યો. પુણ્ય-પાપ, શરીર, વાણી, મન ધૂળ ધાણી, સંધ્યાના રંગ જેવા ફરીને ઘડીકમાં કાંઈ થઈ જાય. આહા..હા..! ભાઈએ એમ કહ્યું કપુરભાઈએ કે, સાંભળવા મળ્યું નથી. આહા..હા..!

બંધાયેલો, વસતો દેખાય પણ વસ્યો નથી, કહે છે. કર્મથી બંધાયો દેખાય તે બંધાયેલો નથી. શરીરમાં વસતો દેખાય એ શરીરમાં વસેલો નથી. આહા..હા..! સમજાણું? ગાયની ડોકમાં ઓલું દોરડું નથી નાખતા? દોરડું.. દોરડું. એ દોરડાથી ગાય છૂટી જ છે. કે, નહિ? છૂટી ન હોય તો છૂટી નીકળશે (કઈ રીતે)? આમ-આમ કાઢે તો આમ માથેથી નીકળી જાય. ગળામાં દોરડું રાખે છે ને? એ દોરડામાં હોવા છતાં ગળું દોરડાથી જુદું છે, દોરડેથી બંધાયેલું નથી. આહા..હા..!

એમ આત્મા અનંત અનંત જ્ઞાનની મહા મૂડી પ્રભુ, એ કર્મના દોરડામાં બંધાયેલો દેખાય છતાં એ બંધાયેલો નથી. સમજાણું કાંઈ? એ ગાય આમ આમ કરીને કરે તો દોરડું કાઢી નાખે, ફડાક દઈને. એક થયું નથી. દોરડું ને ગળું એક થયું છે? તો તો ગળું છૂટું પડે નહિ ને દોરડું બહાર નીકળે નહિ. એમ ભગવાન આત્મા ચૈતન્યના નૂરના તેજથી ભરેલો ભગવાન આખો, એ બંધનમાં રહ્યો છતાં બંધનથી બંધાયેલું તત્ત્વ નથી. દેહમાં રહેલો છતાં આત્મામાં વસેલો છે, દેહમાં વસ્યો નથી. આહા..હા..! અરે..! એણે કોઈ દિ' સાંભળ્યો નહિ એને, હોં! એણે

એને કોઈ દિ' સાંભળ્યો નહિ. બાકી બધી વાતું સાંભળી. કહો, જમુભાઈ!

કહે છે, '**પરંતુ કભી દેહરૂપ...**' '**कदापि**' દેખો! ભાષા. '**દેહરૂપ નહીં હોતા,...**' કોઈ દિ' એ કર્મથી બંધાયેલામાં રહ્યો છે એમ છે જ નહિ. એ તો છૂટો જ રહ્યો છે. દેહમાં રહ્યો છે એમ છે જ નહિ. દેહરૂપ નથી. કભી હુઆ હી નહિ. ત્રણ કાળ, ત્રણ લોકમાં કર્મ અને શરીરરૂપે વસ્તુ થઈ નથી. કર્મ કર્મમાં, શરીર શરીરમાં, ભગવાન ભગવાનમાં છે.

મુમુક્ષુ :— અદ્ભુત વાત છે.

ઉત્તર :— અદ્ભુત વાત છે, કહે છે. માન્યતાએ માનીને બેડી નાખી. આ મને, આ કર્મ મને, આ મને શરીરને, એ આ મને, આ આ મને, પણ આ મને આખો ચિદાનંદ છે એની સામું એણે જોવાની કોઈ દિ' દરકાર કરી નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ઉસીકો તૂ પરમાત્મા નિશ્ચયસે જાન.**' શું કહે છે? પરમાત્મા પણ '**નિશ્ચયસે જાન.**' '**स्फुटं**' શબ્દ છે ને? ખરેખર એ ભગવાન તારો, એ વસ્તુ ભગવાન તારી અંદર બિરાજે છે ચીજ, એ કર્મના બંધાયેલા છતાં એ રૂપે થઈ નથી, શરીરમાં વસતા છતાં વસ્યો નથી. એ પોતામાં અબંધસ્વરૂપે ભગવાન પોતાના સ્વરૂપમાં બિરાજમાન છે. એને તું આત્મા ને પરમાત્મા જાણ. આહા..હા..! સમજાણું કાંઈ?

**ભાવાર્થ :—** '**પરમાત્માકી ભાવનાસે વિપરીત...**' પોતાનું સ્વરૂપ જે શુદ્ધ આનંદકંદ, જ્ઞાનની જ્યોત વસ્તુ પોતે છે એ પરમાત્મા. પોતે પરમ આત્મ એટલે પરમ સ્વરૂપ. પરમ સ્વરૂપ દ્રવ્ય. એની ભાવના, એની અંતર એકાગ્રતા, એનાથી વિપરીત. ભગવાન શુદ્ધ ચૈતન્ય વસ્તુથી, એકાગ્રતાથી વિપરીત એમ લીધું છે, હોં! ઈ શું કહ્યું? એ વસ્તુ તે વસ્તુ પરમાનંદ શુદ્ધ ચૈતન્ય વસ્તુ, એનાથી વિપરીત ન કહેતા એની ભાવનાથી વિપરીત. એ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ એની જે શ્રદ્ધા, જ્ઞાન ને લીનતાની એકાગ્રતા તે ભાવના. એનાથી વિપરીત '**રાગ, દ્વેષ, મોહ...**' શુભ-અશુભભાવ ને પરમાં સાવધાનભાવ, એ સ્વ સાવધાનીની ભાવનાથી, સ્વસ્વભાવની સાવધાનની ભાવનાથી, પરસાવધાનીનો ભાવ સ્વસાવધાનીથી વિપરીત છે. શું કહ્યું? ભગવાન આત્મા.. આહા..! ન્યાલભાઈ! આ તો ન્યાલકરણની વાત છે. જુઓને! હવે એવી લાગી છે ને. કાલે બોલતા હતા. પેલા સ્વામિનારાયણને લોકો ન્યાલકરણ કહેતા. સ્વામિનારાયણ થયા ને! દારૂ મૂકાવે, એવું મૂકાવે. ન્યાલકરણ, ન્યાલકરણ (કહે). ન્યાલકરણ તો આત્મા છે, ભાઈ! એની સામું જોયે એ ન્યાલ કરી દે એવો એ આત્મા છે, પણ પર સામું જોવું છોડે તો. સમજાણું કાંઈ? કેમકે ભગવાન આત્મા એની સામાની જે એકાગ્રતા છે એવી જે પર્યાય, શુદ્ધ પરમાત્મા નિજ સ્વરૂપ પૂર્ણ દ્રવ્ય-વસ્તુ, એની જે સાવધાનીની ભાવના—એકાગ્રતા એટલે કે સમ્યગ્દર્શન, જ્ઞાન નિર્મળ પર્યાય, એનાથી પુણ્ય-પાપના રાગ-દ્વેષ ભાવ તે વિપરીત છે. કહો,

સમજાણું કાંઈ?

આત્માથી તો વિપરીત (છે જ), અત્યારે અહીં તો વર્તમાન પર્યાય જે સ્વભાવની એકાગ્રતા જોઈએ, એની એકાગ્રતાની પર્યાયથી આ એકાગ્રતા ભિન્ન પર્યાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! એવી ભગવાન આત્મા વસ્તુ છે કે નહિ પદાર્થ મહાન? એક હીરો જોવા જાય તો આમ નજરું આમ ઠરાવે છે ત્યાં. બીજેથી નજર છોડી નાખે છે. પછી ભલે એ વખતે ચુરમાના લાડવા તૈયાર હોય. સમજાણું? ભૂખ લાગી હોય પણ હીરો જો આવ્યો આમ પાંચ હજારનો જોવા, આપણા બાપા ઘરે દાગીનો લાવ્યા. સહિયારો છે, જેને પહેરવો હોય એ પહેરે ઘરમાં. આહા..! કેવો છે! લાડવા પડ્યા રહે એકકોર. પડ્યા રહે કે નહિ? દૂધપાક પડ્યા રહે. અને સમૂરતું આવ્યું હોય. શું કહેવાય એ? સમૂરતું. પૈસા અને બધા દાગીના લઈને, આ દશ હજારના દાગીના. ઓહો..હો..! વેવાઈ તે લાવ્યા છે ને. છોકરી માટે આવા દાગીના ધાર્યા નહોતા, હોં! અમે ધાર્યા હતા પાંચ-સાત હજારના. પણ આ તો એક હીરો પચાસ હજારનો સાથે. અને બીજા દાગીના ત્રીસ-ચાલીસના. આહા..હા..! બધા ભેગા થાય. લાડવા પડ્યા રહ્યા. ન બોલાવે તોય જોવા આવે ત્યાં. આહા..હા..! તારો ચૈતન્ય પરમાત્મા હીરો જોવા તો આવ, કહે છે. બધું મૂકીને હવે છોડ ને મૂક ને આને જો.

મુમુક્ષુ :— સમૂરતા આવ્યા છે.

ઉત્તર :— હા. દાગીના ચડાવવા આવ્યો છે એ. આહા..હા..! બધા રાજી હોય, ઓલી છોડી રાજી થાય. હવે દાગીના પહેરશું આપણે. એની મા રાજી, એનો બાપ રાજી, ઢીકણા ને.. ધૂળે ધૂળ રાજી. આહા..હા..!

ભગવાન પરમાત્મા, એવું પોતાનું નિજ સ્વરૂપ, એની જે એકાગ્રતાની ભાવના, શ્રદ્ધા, જ્ઞાનની, એનાથી વિપરીત પુણ્ય-પાપના ભાવ માંડીને બધું વિપરીત. અહીં તો એકલા વિકાર લેવા છે. '**જો રાગ, દ્વેષ, મોહ હૈં, ઉનકર યદ્યપિ...**' અશુદ્ધનિશ્ચય સે બંધા હૈ, એમ લેવું. વ્યવહારનય કરતા. ટીકામાં છે, ભાઈ! '**कर्मभिरशुद्धनयेन**' છે. એણે વ્યવહાર કર્યો છે. પણ અહીં અશુદ્ધ જોઈએ. ભગવાન આત્મા, જુઓ! ઓલું કર્મબંધન લીધું હતું ને? એ ન લીધું, અહીં વિકારની અશુદ્ધતા લીધી. બસ. કર્મ જડ રહી ગયા, શરીર પર રહી ગયું. ભગવાન હીરો ચૈતન્ય જુદો રહ્યો. હવે એની એકાગ્રતા નથી, એના સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન નથી. એથી એની શ્રદ્ધા, જ્ઞાનથી ઉલટા મિથ્યાશ્રદ્ધા, એ પુણ્ય-પાપમાં મજા ઠીક, એવી મજા એ મને ઠીક, એ મને શાંતિ, એનાથી મને સાવધાનપણું, મને સમાધાન રહે છે—એવો જે મિથ્યાત્વભાવ અને એવો જે રાગ-દ્વેષ ભાવ તે આત્માને અશુદ્ધ નિશ્ચયનયે પર્યાયમાં બંધાયેલો દેખાય છે. શું કીધું ઈ?

અશુદ્ધ નિશ્ચય. સિદ્ધ કરવું છે, જડકર્મ સિદ્ધ કરવા છે, કર્મ સિદ્ધ કરવા છે, ભગવાન સિદ્ધ કરવો છે અને એની સાથે એની સન્મુખતાની પર્યાયથી વિરુદ્ધ પર્યાય સિદ્ધ કરવી છે. આહા..! કથન પદ્ધતિ! એ ભાવપુણ્ય-પાપના વિકલ્પો ભાવ, રાગ-દ્વેષ, પરમાં આમ વિકલ્પ કરું તો ઠીક, આમ પર સામું જોઉં તો ઠીક, એવો જે મિથ્યાત્વભાવ, એ મિથ્યાત્વભાવ ને રાગ-દ્વેષ એની પર્યાયમાં, શુદ્ધ સ્વભાવથી ભિન્ન પર્યાયમાં અશુદ્ધપણાના પર્યાયથી બંધાયેલો એ દેખાય છે. સમજાણું કાંઈ?

**'દેહમેં તિષ્ઠ રહા હૈ, તો ભી નિશ્ચયનયસે શરીરરૂપ નહીં હૈ,...'** આહા..! દેહમાં રહ્યો છે, અશુદ્ધ બંધન પર્યાય દેખાય છે. દેહમાં રહ્યો છે તો (પણ) નિશ્ચયનયથી શરીરરૂપ નથી. ખરેખર સત્ય સ્વરૂપે જુઓ તો એ શરીર ને અશુદ્ધપણે થયો નથી. **'ઉસસે જુદા હી હૈ, કિસી કાલમેં ભી યહ જીવ જડ તો ન હુઆ,...'** આવા કાળમાં પણ ભગવાન ચૈતન્ય દ્રવ્ય અશુદ્ધપણે પર્યાયમાં થયો છતાં, **'કિસી કાલમેં ભી યહ જીવ જડ તો ન હુઆ, ન હોગા, ઉસે હે પ્રભાકરભટ્ટ! પરમાત્મા જાન.'** સમજાય છે? એ ભગવાન અશુદ્ધ પર્યાયે ત્યાં બંધાયેલો હોવા છતાં, શરીરમાં રહ્યો દેખાય છતાં, ભગવાન પોતે અશુદ્ધ પર્યાય ને શરીરમાં રહ્યો જ નથી. એવો શુદ્ધ ભગવાન આત્મા તેને તું આત્મા ને પરમાત્મા જાણ. એની વાત કરશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૬, શનિવાર, તા. ૧૬-૧૦-૧૯૬૫**
**ગાથા-૩૬ થી ૩૮, પ્રવચન-૨૫**

'પરમાત્મપ્રકાશ' એટલે 'નિશ્ચયનયકર આ આત્મા જ પરમાત્મા છે.' આ દેહમાં વસતો ભગવાન, એ આત્મા પોતે જ પરમાત્મા છે. જો સ્વરૂપે શક્તિએ પરમાત્મા ન હોય તો એની વર્તમાન પર્યાયમાં સર્વજ્ઞ થયા એ ક્યાંથી થાય? સમજાણું કાંઈ? આ આત્મા જ પરમાત્મા

(છે) એમ દૃષ્ટિમાં લેતાં પુણ્ય-પાપ વિકાર આદિ, શરીર-કર્મ આદિ એ બંધમાં હોવા છતાં, આ ગાથા 'બંધમાં હોવા છતાં'ની છે. હવે એના પછી 'નિર્બંધ થતો હોવા છતાં' એમ કહેશે. શરીર અને કર્મના સંબંધમાં હોવા છતાં આત્મા શરીર, કર્મરૂપ કોઈ દિ' થયો નથી. અને શરીર ને કર્મ તે આત્મારૂપે કોઈ દિ' થયા નથી. સમજાણું કાંઈ?

**'बद्धोऽपि'** શબ્દ છે એની અંદરમાં. **'निर्बद्धोऽपि'** પછી કહેશે. કર્મના રજકણો ને આ શરીર, માટી—એ અજીવ તત્ત્વો હોવા છતાં એના સંબંધમાં એ કર્મ ને શરીર વિનાની ચીજ છે. એ રૂપે થયો નથી અને કર્મ ને શરીર એ આત્મારૂપે થયા નથી. એવા આત્માના સ્વભાવને તું તારી દૃષ્ટિમાં લઈ અને એને પરમાત્મા જાણ. આહા..હા..! સમજાય છે કાંઈ? કેમ કે, આત્મા વસ્તુ છે, જ્ઞાનની મૂર્તિ આનંદસ્વરૂપ વસ્તુ અને પુણ્ય-પાપના ભાવ, કર્મ ને શરીર બે વચ્ચે સાંધ છે. બેની એકતા કોઈ દિ' થઈ નથી. સમજાણું કાંઈ? ગાથા **'बद्धोऽपि'** છૂટો છે એમ કહેવું છે. આહા..હા..! એ શેઠી!

ચૈતન્યસંપદાસ્વરૂપ આનંદમૂર્તિ એ વસ્તુ આત્મા પદાર્થ છે. એ પદાર્થ કર્મ, શરીરરૂપે થયો નથી, તેથી એની ભિન્ન જ દશા વર્તે છે. ખરેખર તો પુણ્ય-પાપના વિકલ્પમાં અને સ્વભાવ વચ્ચે સંધિ છે, બે એક થયા નથી. આહા..હા..! એક થયા હોય તો જુદા પડે નહિ. જુદા છે માટે જુદા પડે છે. ભારે વાત, ભાઈ! સમજાય છે કાંઈ?

**'निश्चयकर आत्मा ही परमात्मा है,...'** ભાઈ! તારી દૃષ્ટિમાં તારો આત્મા પૂર્ણ આનંદ કર્મ, રાગથી ભિન્ન છે એમ તું અંતરમાં શ્રદ્ધા, જ્ઞાનમાં લે. એ જ પરમાત્મા તારો તું છો. તારે માટે બીજો કોઈ પરમાત્મા નથી. તારો પરમાત્મા તારી દૃષ્ટિથી તને વેગળો થઈ ગયો છે એ દૃષ્ટિના સમીપમાં લે. બસ, આ વાત કરે છે. સમજાય છે કાંઈ?

**'उसे तूं वीतराग स्वसंवेदनज्ञानकर....'** એવો ભગવાન આત્મા અંદર વસ્તુ પરમાનંદની મૂર્તિ, એને તું પુણ્ય-પાપ ને શરીરાદિની રુચિ છોડી અને એ વીતરાગ પરમાનંદ હું છું એવી રુચિ, રાગ રહિત રુચિ કરી અને રાગ રહિત પોતાના જ્ઞાનને પકડવાની પર્યાય પ્રગટ કરી, વીતરાગ સ્વસંવેદનજ્ઞાનકર તેનું ધ્યાન કર. જ્ઞાન કર, તેનું ધ્યાન કર. આહા..હા..! સમજાય છે કાંઈ? **'सारांश यह है, कि यह आत्मा सदैव....'** આત્મા સદૈવ. સદૈવ એટલે? ત્રણે કાળે. વર્તમાન, ભૂત અને ભવિષ્ય ત્રણે કાળે ભગવાન વસ્તુ. **'वीतरागनिर्विकल्पसमाधिमें लीन...'** એ વસ્તુ ત્રણે કાળે એવી છે કે એના તરફની રુચિ શ્રદ્ધા ને જ્ઞાનમાં એકાગ્ર થતાં તે આત્મા તેને પ્રિય છે, એ આત્મા તેને ઉપાદેય છે. સમજાય છે કાંઈ?

ભગવાન વસ્તુ પરમાનંદની મૂર્તિ આત્મા પોતે પરમાત્માનો સ્વભાવ ધારણ કરે છે. એને રાગની પર્યાયથી હટીને (ગ્રહણ કરે). કેમકે એમાં એ નથી અને એના દ્વારા, એના ઉપર લક્ષ

અને આશ્રય થઈ શકતો નથી. એથી પુણ્ય-પાપના વિકલ્પ રહિત, નિર્વિકલ્પ વીતરાગ પરિણતિ દ્વારા એ આત્મા સંતોને, ધર્મીને ઉપાદેય છે, એ આત્મા પ્રિય છે. ધર્મીને પુણ્ય-પાપ, શરીર, વાણી તે અંતરમાં પ્રિય નથી. ઉપાદેય નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**મૂઢોંકો નહીં.**' ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય પિંડ પ્રભુ, તેનો જેને પ્રેમ નથી અને પુણ્ય-પાપ, શરીર, કર્મનો જેને પ્રેમ છે, એને એ ભગવાન અંતરમાં અનાદરપણે, હેયપણે વર્તે છે. સમજાણું કાંઈ? સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન દ્વારા એ આત્મા ઉપાદેય છે, એ જ આત્મા પરમાત્મા છે એમ ધર્મની દૃષ્ટિમાં, ધર્મની દૃષ્ટિમાં ધર્મી એવો જે ભગવાન આત્મા એ જ ઉપાદેય છે. સમજાણું કાંઈ? અધર્મ દૃષ્ટિમાં પુણ્ય-પાપના, શરીર, કર્મના પ્રેમમાં એ જ આત્મા અજ્ઞાનીએ હેય કરેલો છે. આહા..હા..! સમજાય છે કાંઈ? અહીં તો એક ઘા ને બે કટકાની વાત છે.

ભગવાન આત્મા સચ્ચિદાનંદમૂર્તિ, 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' એવું જે ચૈતન્યપદ આત્મા પોતે, એના સન્મુખનો આદર કરીને જે આત્માની એકાગ્રતા કરે છે એને એ દૃષ્ટિમાં આત્મા જ આદરણીય છે, પ્રિય છે, હિતકર છે. બીજું કોઈ હિતકર નથી. સમ્યગ્દૃષ્ટિના ધ્યેયમાં આત્મા જ આદરણીય છે, બીજું કોઈ આદરણીય નથી. સમજાય છે કાંઈ? પણ રાગ અને પુણ્ય-પાપ ને કર્મ ને શરીરના પ્રેમીને, તેની રુચિવંતને, તેની શ્રદ્ધા કરનાર કે, એમાં હું, એ હું છું એમ માનનારને ભગવાન આખો હેયપણે દૃષ્ટિથી છોડ્યો છે એણે. કહો, સમજાય છે કાંઈ? આહા..! કહો, આ સમજાય એવું છે કે નહિ હવે આમાં?

બે ભાગ છે. તને પોસાય તે ભાગ લે. છોકરાને ભાગ નથી પાડતા બાપ? તરબૂચનો ભાગ પાડે કે નહિ? કે, જો આ બે કટકા, જો આ. આ ઊંચો ભાગ છે, પણ હેઠે નાનો છે. આ હેઠે પહોળો છે, ઊંચો થોડો છે, પણ બે ભાગ સરખા છે. એમ ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ શુદ્ધ ચૈતન્યદળ આનંદ છે એ ભાગ તને પોસાતો હોય તો તે દૃષ્ટિમાં એ આત્મા જ તારે ઉપાદેય છે, બીજું કોઈ અંગીકાર કરવા લાયક નથી. અને એ ભાગ તને ન પોસાતો હોય અને એનાથી વિરુદ્ધના શુભ-અશુભ પરિણામ, એનું બંધન ને એનું ફળ, એ તને પ્રીતિમાં રુચિકર લાગતું હોય તો ભગવાનનો ભાગ તેં છોડી દીધો છે. માંગીરામજી! કહો, બરાબર છે?

આ સમજવું એ અમલમાં મૂકવા જેવું છે, એમ કહે છે અહીં. એ દેવાનુપ્રિયા! આહા..હા..! આ શરીર-મનુષ્યનો દેહ, દેવને વલ્લભ છે. ક્યારે અમે મનુષ્યદેહ પામીએ અને અમે આત્મધર્મને ધરીએ! એટલે આચાર્ય શાસ્ત્રકાર મનુષ્યને કહે છે, હે દેવાનુપ્રિય! હે દેવને વલ્લભ! આ આત્મા તને રુચે છે? કે વિકાર ને શરીર તને રુચે છે? બેમાંથી એક ભાગ લે. માંગીરામજી! માંગ, કહે છે માગવું હોય એ બેમાંથી એક. આહા..હા..! ભગવાન વસ્તુ...

એક કોર કાળા કોલસાની ખાણ, વખાર ભરી છે મોટી, એક બાજુ હીરાની મોટી વખાર ભરી છે. હવે જેના ઉપર નજર કર એ તને આદરણીય છે. એમ અહીંયા આત્મામાં અનંત આનંદ આદિના હીરા ભરેલા ભગવાન આત્મા આખો વખાર ભરી છે, ગોદામ છે. એ શુદ્ધ શક્તિના રત્ન, ચૈતન્ય રત્નાકર ગોદામ છે. આહા..હા..! જો એને દૃષ્ટિમાં લઈને એને આદર માન, તો પુણ્ય-પાપ ને શરીર-કર્મની રુચિ તને છૂટી જાય, એનો પ્રેમ રહેશે નહિ. અને એ પુણ્ય-પાપ ને અને આ બધી વખાર કોલસાની છે, એનો જો તને પ્રેમ છે, રુચિ છે, પોસાણ છે (તો) ભગવાન આખી હીરાની ખાણ તને હેયપણે વર્તે છે. સામું જોવાની તને દરકાર નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા. ઈ તો કહે છે. ભાઈ! તારી દૃષ્ટિમાં ભગવાનને બેસાડવા છે? કે તારી દૃષ્ટિમાં વિકાર, કર્મ ને શરીરને બેસાડવા છે? કહે, તારે ઘરે કોને બેસાડવા છે? આહા..હા..!

ભગવાન આત્મા. અહીં તો બે, બે જ વાત એક એક ગાથા એ લીધી. હેય ને ઉપાદેય, હેય ને ઉપાદેય. થોડી વાતમાં મહાન સિદ્ધાંત! ક્યારે? અત્યારે. એના વાયદા નહિ પાછા. એ કીધું છે ને 'પ્રવચનસાર'માં? આજ જ આ કર, ભાઈ! એ વાયદા કર તો એનો અર્થ ઈ કે તને આત્મા રુચતો જ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? જેને રુચે એના વાયદા ન હોય, વાયદા વાફળ કરે.

ભગવાન આત્મા.. ઓહો..! શાંત અવિકારી ચૈતન્યરસની ખાણ પડી છે, પ્રભુ! એ પરમાત્મા તું પોતે છો. એ તને તારી દૃષ્ટિમાં જો રુચવ, તો એ જ આદરણીય ને ઉપાદેય છે. એ સાધનથી જે ઉપાદેય છે એ સાધન મોક્ષનું કારણ છે. છૂટો છે તેને છૂટા કરવાનું એ સાધન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એટલે આ પુણ્ય-પાપના ભાવ ને વ્યવહાર, વિકલ્પ આદિ એનાથી આ લક્ષ થાતું નથી. એથી એ છૂટવાના સાધન નથી. ભગવાન આત્મા જે શ્રદ્ધા, જ્ઞાન દ્વારા, જે શાંતિ દ્વારા આ આત્મા ઉપાદેય તરીકે સ્વીકારવામાં આવે તે આત્મા મુક્તસ્વરૂપ છે, ધર્મી છે. એવી ધર્મની દૃષ્ટિમાં આવો ધર્મીને આદર થયો એ ધર્મની પર્યાયના ફળ તરીકે ધર્મીની પૂર્ણ મુક્ત દશા પ્રાપ્ત થાય, એ એની ધર્મદશા સાધન છે. સમજાણું કાંઈ? એ બધું એમાં ને એમાં સમાય છે એમ કહે છે. આહા..હા..! આવી વાત સાંભળવી મુશ્કેલ પડે.

'**મૂઢોંકો નહીં.**' અરે..! જેને ભગવાન આત્મા શુદ્ધસ્વરૂપ રુચતો નથી એને એ ભગવાન આત્મા તરછોડ્યો છે જેણે શ્રદ્ધામાંથી, હેય કર્યો છે જેને માન્યતામાંથી. બીજું તો હેય શું થાય? સમજાણું કાંઈ? એ ૩૬મી ગાથા થઈ. ૩૭મી એનાથી સવળી છે.

૩૭) जा परमत्थैं णिक्कलु वि कम्म-विभिण्णउ जो जि।
मूढा सयलु भणंति फुडु मुणि परमप्पउ सो जि।।३७।।

છે ને? ઓલામાં બંધન હતું. '**कम्म-णिबद्धु वि जोइया देहि वसंतु**' હતું. હવે **નિશ્ચય** નામ સાચી દૃષ્ટિએ જોતાં '**આત્મા દેહ ઔર કર્મોંસે રહિત હૈ,...**' ભગવાન આત્માને સત્ય સ્વરૂપને જેવું સત્ય છે એ રીતે દૃષ્ટિએ જોતાં, તે ભગવાન કર્મ ને દેહથી બંધાયેલો નથી. પેલામાં હતું કે, બંધાયેલો છતાં છૂટો છે. અહીં (કહે છે), બંધાયેલો જ નથી. આહા..હા..! ગાથા દીઠ ન્યાય ફેરવે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! **નિશ્ચય** નામ સાચા, સત્ય સ્વભાવમાં, જે સત્ય સ્વરૂપ છે, જેવું ચૈતન્યનું અને રાગાદિ ને કર્મ આદિ ભિન્ન છે જે રીતે, એ રીતે દૃષ્ટિથી જોતાં, એ દેહ ને કર્મોથી તો રહિત જ વર્તમાન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તો ભી મૂઢોં...**' અરે..! સ્વરૂપની મુક્તતા, વિકાર, કર્મ, શરીર રહિતતા હોવા છતાં, તેના સ્વરૂપના અજાણ જીવોને, '**શરીર સ્વરૂપ માલૂમ હોતા હૈ,...**' એને તો આ કર્મ ને શરીર જ દેખાય છે, એમ કહે છે. પેલો આખો છે એ દેખાતો નથી. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યની જ્યોત જ્ઞાનની મૂર્તિ, એવો આત્મા શરીર, કર્મ ને રાગથી વર્તમાનમાં રહિત હોવા છતાં, તેના તરફના દૃષ્ટિના અભાવને લઈને, મૂઢોને તે આત્મા તેની હયાતી દૃષ્ટિમાં આવતી નથી. એને તો હયાતીમાં એ આવે છે કે, આ શરીર તે પુણ્ય-પાપ તે કર્મ તે હું, આ હું એમ મૂઢને એના હોવાપણાનો રાગ, દ્વેષ, શરીર ને કર્મનું હોવાપણું મૂઢોને ભાસે છે. ભગવાન કર્મ ને શરીર, રાગ રહિત હોવા છતાં તે સ્વરૂપના અજાણને, તેના આદર વિનાના જીવને, તે વિકાર કર્મ ને શરીર જ હું છું, એમ ભાસે છે. કહો, સમજાય છે કાંઈ? આહા..હા..!

અમૃત વરસ્યા! એવી છે આ અમૃતની વાત. આહા..! જુઓને! એકલું અમૃત વરસાવ્યું છે. આહા..હા..! એલા! જેમાંથી અમૃતના ઝરણા ઝરે, એવા ભગવાનને તેં અનાદર કર્યો, એને દૃષ્ટિમાં એવી હયાતીને લીધો નહિ અને જેનામાં એ વિકાર, કર્મ, શરીર નથી, એની હયાતીમાં તારું સર્વસ્વ કબુલાઈ ગયું, એવા મૂઢને આત્મા આદરણીય હોઈ શકે નહિ. એને તો આ શરીર, રાગ, આ... આ... આ... આ... આ (જ દેખાય છે). આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— શરીરથી ધર્મ માને એને શું કહેવાય?

ઉત્તર :— શરીરથી શું? રાગથી ધર્મ માને એ રાગને જ આત્મા માનનારા છે. રાગથી, પુણ્યથી ધર્મ માનનારા એ આત્મા મૂઢ (છે). ભગવાન આત્મા ભિન્ન રાગથી પડેલું ચૈતન્યદળ આખું છે એનો એ અનાદર કરે છે. ઓહો..! સમજાય છે કાંઈ? આ વાતની વાત નથી, હોં! ભાવમાં એને બેસવું જોઈએ, એમ કહે છે. આહા..હા..!

ભગવાનમાં અંદર બે ભાગલા પડ્યા. એક કોર પ્રભુ અનંત ગુણનું ધામ, એક બાજુ પુણ્ય,

પાપ, વિકાર, કર્મ ને શરીર. મૂઢોને આવી છુટી ચીજ પડી છતાં ભાસતી નથી અને આ ચીજમાં એ નથી તે એનામાં એને ભાસે છે. આહા..હા..! અરે..! પુણ્યભાવમાં સુખ મજા માને, આ શરીરની પર્યાયમાં મજા માને, લક્ષ્મીમાં મજા માને, એવા મૂઢ જેમાં મજા છે તેનો એ અનાદર કરે છે. સમજાણું કાંઈ? જેમાં મજા છે—આનંદ છે, વાસ્તવિક તત્ત્વની શાંતિ છે એવા તત્ત્વને દૃષ્ટિમાં, વિશ્વાસમાં, આદરમાં ન લેતાં, જેને એ પુણ્ય ને પાપમાં સુખ છે, મજા છે શરીરમાં, કર્મમાં, બાયડીમાં, છોકરામાં, એને મજા માનનાર મૂઢને આત્મા હેય વર્તે છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

એણે શ્રદ્ધામાંથી આત્માને છોડી દીધો છે, એણે શ્રદ્ધામાં વિકાર, શરીર ને સંયોગમાં સુખ છે, એમ માનીને મૂઢે આનંદમૂર્તિ દૃષ્ટિમાંથી છોડી દીધો છે. આહા..હા..! સમજાય છે? અને જેને આત્મામાં આનંદ ને મજા-સુખ છે, એવી દૃષ્ટિએ આત્માનો સ્વીકાર કર્યો છે, એને પુણ્ય, પાપ, શરીરાદિમાં મજા છે એ વાત ઉડી ગઈ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ સમ્યગ્દૃષ્ટિને ભોગના કાળમાં આનંદમૂર્તિ ઉપાદેય વર્તે (છે), એમ કહે છે. આહા..હા..! ભગવાન આત્મા અંતર પ્રતીત દૃષ્ટિમાં લીધો, શુદ્ધ ચિદાનંદ આનંદમૂર્તિ છું, એને ઉપાદેય વર્તે છે. ભોગના કાળના અશુભ વાસના ને દેહની ક્રિયા તે દૃષ્ટિમાં હેય વર્તે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? અને જેને એ મીઠાશમાં આનંદ-મજા વર્તે છે, રાગમાં, દેહની ક્રિયામાં ઠીક સમાધાન, એમાં ઠીક છે એવું જેને વર્તે છે, એવા મૂઢે ભગવાન આત્મા છોડી દીધો છે. આહા..હા..! એને આત્મા હેયપણે વર્તે છે. સમજાણું કાંઈ?

**અન્વયાર્થ :- 'જો આત્મા નિશ્ચયનયકર...'** નિશ્ચય એટલે સત્ય, સત્ય છે તે દૃષ્ટિએ જોઈએ તો જેવું સત્ય સ્વરૂપ આત્માનું છે, વિકાર, કર્મ, શરીરથી ભિન્ન તે દૃષ્ટિથી જોઈએ તો, **'શરીર રહિત હૈ,...'** ભગવાન તો વર્તમાનમાં શરીર રહિત છે. આહા..હા..! ...ભાઈ! વર્તમાનમાં શરીર રહિત હશે? આ બધો લોચો છે ને સાથે? આ શરીર, આ હીરાભાઈ, ભાઈ ભાઈ, કરે ત્યાં કેટલું થઈ જાય, લ્યો! આહા..હા..! કહે છે કે, એ બધી પર છે. એક કોર કોલસાની ખાણ અને એક કોર ભગવાન આનંદના હીરાની ખાણ. લૂંટવા હોય એટલા લૂંટ, જો આદર કર તો. સમજાણું કાંઈ? બારણા ખોલ હીરાની ખાણના. સડેડાટ હીરા મોટા ઝાઝા હોય ને આમ ઝાઝા? બારણું ખોલે ત્યાં આમ ઢગલો થઈ પડે. પેલા બારણાની આડે પડ્યા હોય ને ઉપરથી નાખ્યા હોય પાછા. બારણા બંધ કરે ને ઉપરથી બારી હોય એમાંથી નાખે હીરા. ઉપરની બારી હોય ને ઉપરની? ન્યાંથી નાખ્યા હોય. બારણા બંધ રહે ને ન્યાં ઢગલા (હોય). બારણું જ્યાં ઉઘાડે તો સડેડાટ નીકળે.

ભગવાન આત્મા. અરે..! ચૈતન્ય રત્નાકર પ્રભુ એના બારણા ખોલ—દૃષ્ટિ આપ એટલે એમાંથી

હીરા નીકળ્યા જ કરશે તને. આહા..હા..! સમજાય છે કાંઈ? અને આ બારણા બંધ કરવા પડે પણ. પુણ્ય-પાપ અને પુણ્ય-પાપનું બંધન અને તેના ફળ ધૂળવાળા સંયોગ, પ્રતિકૂળ, અનુકૂળ આદિ બધું જેની દૃષ્ટિમાં હેય વર્તે છે. હેય નામ જ્ઞેય તરીકે પણ હેય તરીકે વર્તે છે. જાણવામાં આવે છે છતાં તે છોડવા લાયક છે, છોડવા લાયક એટલે એ કાંઈ છોડવાનો વિકલ્પ એમ નથી. આ બાજુ જ્યાં આદર છે એટલે આ બાજુ આદર નથી એનું નામ હેય છે. સમજાણું કાંઈ?

'**ઔર કર્મોંસે ભી જુદા હૈ, તો ભી...**' શરીર રહિત હૈ, કર્મોંસે ભી જુદા હૈ. ભગવાન જુદો રત્ન પડ્યો છે એમ કહે છે. આહા..હા..! અરે..! જેના ખ્યાલમાં આવે નહિ, સાંભળવામાં આવે નહિ, એ પ્રયોગ કે દિ' કરે? આહા..હા..! સમજાય છે કાંઈ? કહે છે, '**નિશ્ચય વ્યવહાર રત્નત્રયકી ભાવનાસે વિમુખ મૂઢ...**' મૂઢની વ્યાખ્યા કરી. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ એવા નિશ્ચયરત્નત્રય રહિત અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રએ જે તત્ત્વ કહ્યા તેની શ્રદ્ધાનો વિકલ્પ આદિ એ બેયથી મૂઢ. પ્રમાણનું જ્ઞાન કરાવ્યું.

'**શરીરસ્વરૂપ હી પ્રગટપનેસે માનતે હૈં,...**' જુઓ! '**स्फुटं**' અમારો ભગવાન તો શરીર જ છે એમ પ્રગટપણે માને છે. આહા..હા..! પ્રગટપણે શરીર તે જ હું. વળી બીજો અંદર આત્મા છે (એવું કાંઈ નથી). શરીરે સુખી તે અમે સુખી, શરીરે દુઃખી તો દુઃખી, પૈસાએ સુખી તો સુખી, નિર્ધને તો દુઃખી. એ મૂઢ શરીરને જ આત્મા માને છે. આહા..હા..! પ્રગટપણે, હોં! પાછી ભાષા લીધી છે. '**स्फुटं**' આહા..! જેને બાહ્ય પદાર્થની સગવડતાએ સગવડતા ભાસે છે, જેને બાહ્યની અગવડતાએ અગવડતા ભાસે છે તે ભગવાનને તે સ્વરૂપ—શરીરરૂપે જ માને છે. એ સાધન સ્વરૂપ જ, એ સાધન સ્વરૂપ જ જીવને માને છે. સમજાણું કાંઈ?

'**પ્રગટપનેસે માનતે હૈં,...**' પ્રત્યક્ષ. એને તો એ જ પ્રત્યક્ષ થઈ પડ્યું છે. આ જ્ઞાયક ચિદાનંદ પ્રભુ, મહાન પ્રભુ, ચૈતન્ય મહાન પ્રભુ એવો ભગવાન, જેને પ્રેમ જેની રુચિમાં વર્તતો નથી, એને પ્રગટપણે આ શરીર આદિ હું છું તે જ એને પ્રગટપણે વર્તે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! '**સો હે પ્રભાકરભટ્ટ!...**' જુઓ! આ શિષ્યને 'યોગીન્દ્રદેવ' કહે છે. અરે..! ભગવાન! '**ઉસીકો પરમાત્મા જાન,...**' મૂઢોને દૃષ્ટિમાં આવતું નથી ને શરીરસુખ જેણે માન્યું છે. જ્ઞાનીને પરથી ભિન્ન વર્તે એવો આત્મા તેને હે શિષ્ય! તું પરમાત્મા જાણ. આ જગતમાં તારો પરમાત્મા બીજો છે એવું છે નહિ.

'**વીતરાગ સદાનંદ નિર્વિકલ્પસમાધિમેં રહકર અનુભવ કર.**' લ્યો! હે આત્મા! હે શિષ્ય! એમ કહે છે, હોં! ભાઈ! એ કરવટ ફેરવ. પડખું ફેરવ, પડખું ફેરવ. આમ પુણ્ય-પાપ, શરીર, કર્મને માન્યા છે એ પડખું ફેરવ. ડાબાનું જમણું પડખું થઈ ગયું છે, આમ. મોઢું આમ

હતું એ આમ થઈ ગયું છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આમ હોય ત્યારે આમ હોય, આમ હોય તો આમ હોય.

એમ ભગવાન આત્મા જે શરીર ને કર્મરૂપે માનનાર હોવા છતાં તે ભગવાન તો એનાથી જુદો જ છે. એવો આત્મા તેને તું પરમાત્મા જાણ. કોઈ બીજો જગતકર્તા પરમાત્મા છે અને તારે માટે મોટો કોઈ ઈશ્વર છે, મહાન કોઈ હજાર હાથવાળો કોઈ ઈશ્વર હશે, એમ છે નહિ. એ અનંત ગુણના હાથવાળો આત્મા છે. હાથ એટલે અવયવ, અવયવ એટલે ગુણ અને અવયવી એટલે ગુણી. ગુણી એવો ભગવાન અનંત ગુણના અવયવવાળો, અનંત હાથવાળો એ ભગવાન છે. આહા..હા..! પેલા તો હજાર હાથ કહે છે. એ.. બાપા! હજાર હાથવાળો ભગવાન છે. આહા..હા..! અરે..! ક્યાં હજાર હાથ ..? ઈ કહેશે અહીં, હોં!

**ભાવાર્થ :— 'વહી પરમાત્મા શુદ્ધાત્માકે વૈરી...'** આહા..હા..! હે ભાઈ! તારો પ્રભુ તારી પાસે, તું પોતે છો. એ દૃષ્ટિને ફેરવ્યે, નજરને ફેરવ્યે નિધાન દેખાય એવું છે, કહે છે. આહા..હા..! કહે છે, એને રાગ રહિત શાંતિથી અનુભવ કર. એવો ભગવાન આત્મા, ચિંતા બીજી છોડી દઈને એ ભગવાન તરફની એકાગ્રતાની ભાવના દ્વારા ભગવાનને અનુભવ કર. એ પરમાત્મા તું જ છો. સમજાણું? આ શું કરવાનું એમ આવ્યું આમાં.

એ ભગવાન આત્માના વેરી. મિથ્યાત્વ. પુણ્ય-પાપમાં લાભ છે, પરમાં લાભ છે, પર સાધન હોય તો મને ઠીક પડે. એવા ભગવાનના, ભગવાન આત્માના વેરી મિથ્યાત્વભાવ અને **'રાગાદિકોંકે દૂર હોનેકે...'** એની તરફનું પડખું છોડી દે. એવા હોનેસે, **'દૂર હોનેકે સમય જ્ઞાની જીવોંકો ઉપાદેય હૈ,...'** શું કહે છે? આમ પહેલા સાધારણ શ્રદ્ધામાં આ આત્મા, આ આત્મા ઉપાદેય છે ને રાગાદિ હેય છે એ વાત નહિ. અંતરમાં જ્યારે જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ તરફ વળીને, એકમેક થઈને આદરણીયમાં અભેદ થયો, આદરણીયમાં અભેદ થયો તે કાળે તેને ઉપાદેય વર્ત્યો. સમજાણું કાંઈ?

વિપરીત શત્રુ. એ પુણ્ય-પાપમાં મને મજા છે એવો મિથ્યાત્વભાવ, શરીરની અનુકૂળતાએ મજા છે, આ પૈસાની અનુકૂળતાએ મજા છે, આ શરીરના સુંદર અવયવોથી મને મજા છે એવો જે મિથ્યાત્વભાવ, એ ભગવાન પરમાત્માનો વેરી મિથ્યાત્વભાવ છે. એવા રાગાદિ ભાવ એ પરમાત્મ સ્વરૂપમાં નથી એથી રાગાદિ વૈરી છે. એવા ભાવને દૂર હઠાવીને સ્વરૂપ તરફના ઉપાદેયભાવમાં રહે ત્યારે તે જીવને આ ઉપાદેય છે એમ નક્કી થાય છે. આ તો તે કાળે સમ્યગ્દર્શન નામ પડે છે, હોં! એ શૈલી બધી લીધી છે. ૧૪૪. એ કાળે સમ્યગ્દર્શન ને જ્ઞાન શ્રદ્ધવામાં ને માનવામાં આવે છે. ૧૪૪ ગાથા. ઓહો..હો..! સંતોની વાણીની ઢબ તો એક

જ પ્રકારની બધાની છે.

**'ઔર જિનકે મિથ્યાત્વરાગાદિક દૂર નહીં હુએ...'** જેને પુણ્ય-પાપની રુચિનો પ્રેમ ખસ્યો નથી, શરીરાદિ સંયોગમાં મજા છે એવો મિથ્યાત્વભાવ ટળ્યો નથી, એવા જીવને ઉપાદેય નથી. એ જીવને એ આનંદમૂર્તિ હેય વર્તે છે. ઓહો..હો..! અદ્ભૂત વાત કરી છે ને પણ! બે વાત. આમ રાગાદિના પ્રેમીલાને પ્રભુનો ભાવ હેય વર્તે છે. પ્રભુભાવના આદરણીયને એ રાગાદિના પ્રેમનો ભાવ દૂર થઈ ગયો છે. સમજાણું કાંઈ? આ તો સાદી ભાષા છે અને ગુજરાતી છે, હવે આમાં ન સમજાય એવું છે?

અરે..! એમ ન માનવું કે અમે અભણ છીએ, એમ ન માનવું કે, અમે સ્ત્રી છીએ, એમ ન માનવું કે અમે આ બધા દીન અને વીર્યહીન છીએ. એ માનનારનો ભાવ પરમાત્માથી એ બધા ભાવ વેરી છે. પોતાના પરમાત્માથી એ ભાવ વેરી છે. સમજાય છે કાંઈ? અરે..! અમે નબળા. શું કહે છે એ સ્ત્રીને? અબળા. અબળા ને નબળા ને સબળા. ગોટા વાળ્યા ખોટા. અમે અબળા છીએ, નિર્બળ છીએ. ભગવાન! એ માન્યતા તારા પરમાત્માથી વેરી ભાવની છે. અરે..! અમને ભણતર ન મળે. અરે..! ભાઈ! ભણતર કેના કરવા છે તારે? એ ભગવાન આત્મા અખંડાનંદ પ્રભુ ઢોરના જીવને પણ ભાનમાં આવી જાય છે. પશુ ક્યાં ભણવા ગયા હતા? આહા..હા..!

મુમુક્ષુ :— ....

ઉત્તર :— આ તો એક્કેની જરૂર નથી એમ અત્યારે સિદ્ધ કરીએ છીએ. આ પશુને, દેડકાને કાંઈ શબ્દની ખબર નથી. આમ ભગવાન અંદર વસ્તુ ખ્યાલમાં લીધો કે, આ તો આત્મા આનંદમૂર્તિ છે. એને પુણ્ય-પાપના વિકલ્પ આદિ હેયપણે સહજપણે વર્તે છે. સમજાણું કાંઈ? આહા..હા..! અને મોટા ચક્રવર્તી રાજા માંધાતા અરે..! અગિયાર અંગના ભણેલા, નવ પૂર્વના ભણેલા, જેને અંતરમાં ભગવાન આત્મા વર્તમાન પૂર્ણાનંદ રાગ રહિત ભિન્ન તત્ત્વ છે એના પ્રેમ નથી, તેના એ ભણતરને, રાગને પોતાના માની અને મૂઢને આત્માની ખબર નથી એમ કહે છે. આહા..હા..! એ અગિયાર અંગ ને નવ પૂર્વના ભણ્યા તે મારું જ્ઞાન છે. એ હું છું એટલે એનો અર્થ કે શરીર એ જ હું છું. સમજાણું કાંઈ? એ ભણતર પર તરફના, એ પર તરફનો રાગ, શરીર, કર્મ એ બધી ચીજ પર તરફ જાય છે. ભગવાન આત્માથી પરમાં જાય છે. એ પરના જેને પ્રેમ, તેને ભગવાનનો પ્રેમ નથી. આમાં કોઈ બીજી ચીજનું કામ નથી. આહા..હા..! કહો, સમજાણું?

**'રાગાદિકોંકે દૂર હોને કે સમય...'** કહ્યું છે ને? એ બધું પર તરફનું ભણતર, ડહાપણ, રાગ બધો બહિરાત્મ ભાવ છે. એમાં અમે છીએ એને માનનાર શરીરને જ, કર્મને જ, વિકારને

જ, સ્વભાવથી વિરુદ્ધ ભાવને જ પોતાનો માની, જે આત્માના વેરી છે એમાં ટક્યા તેને જ્ઞાન સ્વરૂપ ચિદાનંદ ઉપાદેય વર્તતું નથી, એને હેય વર્તે છે. આહા..હા..! કહો, નેમિદાસભાઈ! આમાં કાંઈ મોટા પાટલામાં ધૂળ નાખીને એકડા ઘૂંટવા ને એવી આ વાત નથી આ કાંઈ. આ તો સીધી સટ્ટ જેવી વાત છે.

એક કોર આ ભગવાન આત્મા વસ્તુ છે કે નહિ? વસ્તુ છે કે નહિ? છે તો અનાદિ-અનંત છે કે નહિ? છે તો કોઈ અંદર શાંતિ આદિ ગુણો ભરેલા છે કે ખાલી છે એ ચીજ? એ વિકાર કર્મથી ખાલી છે, પણ પોતાના અનંત ગુણથી તે ભરેલી અસંગ ચીજ છે. સમજાય છે કાંઈ? તેથી કહે છે **'જિનકે મિથ્યાત્વ-રાગાદિક દૂર નહીં હુએ...'** જેને એ બહારના વિકારીભાવ, પુણ્યભાવ, શરીરભાવ, મજાભાવ, અરે..! બહારના ક્ષયોપશમના ભાવમાં પણ જેને અધિકપણું દૃષ્ટિમાં મનાણું છે, એને ભગવાન આત્મા હેય વર્તે છે. સમજાણું કાંઈ? **'પરવસ્તુકા હી ગ્રહણ હૈ.'** ખુલાસો કર્યો. **'सम्यगुपादेयो भवति तदभावे हेय'** ૩૭ છે ને? **'तदभावे हेय'** બહુ ટૂંકી વ્યાખ્યા.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— તમારી બાને લઈને કે તમારે લઈને? આહા..હા..!

**'આગે અનંત આકાશમેં...'** હવે જુઓ! એની-પ્રભુની મહિમા વર્ણવે છે. **'આગે અનંત આકાશમેં એક નક્ષત્ર...'** અનંત આકાશ. જેનું માપ નથી દશે દિશામાં એટલું વ્યાપક આકાશ. એમાં એક આટલું નક્ષત્ર. એક નક્ષત્ર તારો. **'તરહ જિસકે કેવલજ્ઞાનમેં તીનોં લોક...'** આટલા નક્ષત્ર જેવા. સમજાણું કાંઈ? આમ આકાશ કેટલું છે? છે ક્યાંય માપ? ક્યાંય એમાં અમાપ... અમાપ... અમાપ... અમાપ... કોઈ પણ દસે દિશામાં. ઓહો..હો..! એમાં એક આ વચમાં ધ્રુવનો તારો. એક નક્ષત્ર. સમજાય છે? શાંતિ, શાંતિ નક્ષત્ર. હવે એક તારાનું ક્યું છે? સમજાણું? એકનું છે? અઠ્યાવીશમાં કોઈ નહિ હોય. ... બધા બે-બેના છે.

આખા આકાશમાં એક નક્ષત્ર જેમ દેખાતું હોય. એક તારો આટલો, આટલો તારો આખા આકાશમાં. એમ આ ભગવાનના જ્ઞાનની અંતર સ્વભાવના મહિમામાં ત્રણ લોક એક નક્ષત્ર જેટલા છે એવા જ્ઞાનમાં ભાસે એવું આત્માનું જ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**૩૮) गयणि अणंति वि एक्क उडु जेहउ भुयणु विहाइ।**
**मुक्कहँ जसु पए बिंबयउ सो परमप्पु अणाइ।।३८।।**

આ તો શું કહેવા માગે છે જરી? એલા! તારા આ મકાન ને પૈસા ને શરીર ને ધૂળ ને આ.. આટલામાં, આટલામાં તારું જ્ઞાન જાણવામાં આટલામાં સમાઈ ગયું? મારામાં તો નહિ, પણ જાણવું એટલું જ્ઞાન નથી. એ જ્ઞાન તો ત્રણ કાળ, ત્રણ લોકથી અનંતગણું જાણે એવું

એ જ્ઞાન છે. મારું માનીને અહીં અટક્યો એટલું તો છે નહિ પણ એને એટલાને જાણે એટલુંય જ્ઞાન નથી. સમજાણું કાંઈ? જેટલામાં પડ્યો છો ત્યાં એમ કહે છે કે, આ મારું, આ શરીર મારું, રાગ મારું, પુણ્ય મારું, કર્મ મારું, આ મારું, આ મારું. એ તો છે નહિ, પણ એટલાનું જ્ઞાન કરનારો જીવ નથી. આહા..હા..! એ તો ત્રણ કાળ, ત્રણ લોકને એક નક્ષત્ર જેમ આકાશમાં હોય, એવા ત્રણ કાળ, ત્રણ લોકને જેના જ્ઞાનની મહિમામાં એક નક્ષત્ર જેવા સમાડીને પડે એવો એ આત્મા છે. એવું જેનું જ્ઞાનનું સ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

રાગ, પુણ્ય, પાપ એ તો નથી, પણ એટલા પદાર્થને જાણવાનો જે પર્યાય છે સાધારણ, એટલા પર્યાય જેટલો એ આત્મા નથી. આહા..હા..! અરે..! બાર અંગના, ચૌદ પૂર્વના જાણપણાની પર્યાય, એ તો એટલોય આત્મા નથી એમ કહે છે. સમજાણું? આ બધાને આટલાને જાણે, આટલાને માને એ તો મિથ્યાત્વ, પણ આટલાને જાણે એટલું જ્ઞાન એ પણ મિથ્યાત્વભાવ છે. એવી શૈલી લીધી ઉપાડી છે. મફત નથી ઉપાડી ગાથામાં. સમજાય છે કાંઈ?

ભાઈ! તારા જ્ઞાનની અચિંત્ય અનંત મહિમાની શું વાત કરવી! જેના આકાશના અમાપમાં એક નક્ષત્ર (છે એની) ક્યાંય ગણતરી ન મળે. અનંત આકાશમાં એક નક્ષત્ર. એમ ભગવાન આત્માના જ્ઞાનની એટલી અત્યંત મહિમા, સ્વભાવની અને પ્રગટ થાય પર્યાયની, બેયની. સમજાણું કાંઈ? તને જેટલું આ જાણવામાં આવે, આ બાર અંગનું જાણવાનું એ પર્યાય જાણે એટલો એ આત્મા નથી. ઓહો..હો..! સમજાણું? એ રાગ, વિકલ્પ, શરીર, કર્મ અને એને જાણવા પૂરતી વર્તમાન પર્યાય, એટલો એ નથી. ભગવાન તો આકાશમાં એક નક્ષત્ર હોય. ઓહો..હો..! પરમાત્મા વર્ણવે છે ને? પરમાત્મા, પરમ સ્વરૂપ. એ પરમ સ્વરૂપ એ તારી બીજી બધી ક્ષયોપશમની, ઉદયની પર્યાયો તો ગઈ, પણ ક્ષયોપશમની પર્યાય અને એની શ્રદ્ધા, એ બધી પર્યાયને ક્યાંય ગોપવીને પડ્યો એટલી તાકાતવાળો આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**અન્વયાર્થ :— 'જૈસે અનંત આકાશમેં એક નક્ષત્ર હૈ, ઉસી તરહ તીન લોક જિસકે કેવલજ્ઞાનમેં પ્રતિબિંબિત હુએ...'** ત્રણ લોક જેના જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે એમાં કેવળજ્ઞાનીઓ પણ આવી ગયા. આહા..હા..! ભાઈ! તારા જ્ઞાન સ્વભાવની મહત્તાના માહાત્મ્ય શું કહીએ? તું કેવડો મોટો એની તને શું વાત કરવી! અનંતા કેવળીઓ સિદ્ધ લોકમાં બિરાજે છે. એના જ્ઞાનમાં, જેમ આકાશમાં એક નક્ષત્ર છે, એમ ભગવાનના જ્ઞાનમાં એ અનંતા કેવળીઓ નક્ષત્રની જેમ જણાઈ ગયા. લ્યો! આહા..હા..! શું કહે છે એ? સમજાણું કાંઈ? ભાઈ! તારા સ્વભાવના માપ શા? તારું જ્ઞાન, એ જ જ્ઞાનને વર્ણવ્યો, ઉપાડ્યો છે, હોં! આહા..હા..! ભાઈ! તારા એક જ્ઞાનસ્વભાવના માપ શા? એનું માપ એકલા આ બહારના જ્ઞાન, કે બાર અંગના જ્ઞાન, ચાર જ્ઞાન. સમજાય છે? એવા એવા કેવળીઓ જગતમાં ભરેલા છે. અનંતા સિદ્ધો,

કેવળીઓ લાખો આખો લોક આકાશમાં જેમ નક્ષત્ર... અરે..! ભગવાન! તારા જ્ઞાન સ્વભાવમાં એ નક્ષત્રની જેમ થોડા છે બહુ. આહા..હા..!

આવડો મોટો ચૈતન્યપ્રભુ તને માહાત્મ્યમાં આવતો નથી? અને આ બધા માહાત્મ્યમાં જા છો તને શું થયું છે? એમ કહે છે. સમજાણું કાંઈ? જ્યાં પાંચ શબ્દો આવડ્યા કે પાંચ, પચાસ શાસ્ત્રો શીખ્યો ત્યાં એને (થઈ જાય), આ..હા..! અરે..! ભગવાન! દૃષ્ટિમાં મિથ્યાત્વ છે તને. એમ કહે છે અહીં. ભગવાનના જ્ઞાનમાં, લોકાકાશ આકાશમાં નક્ષત્ર આટલું, પ્રભુ! (એમ) તારા જ્ઞાનના સ્વભાવમાં આ લોકાલોક નક્ષત્ર જેટલા, એમાં તને ક્યા જ્ઞાનની પર્યાયની અધિકતા લાગી? સમજાય છે કાંઈ? આવો ભગવાન અધિક જેના જ્ઞાનમાં લોકાલોક આકાશ, આ નક્ષત્ર જેમ જણાય, એની અધિકતા તને દૃષ્ટિમાં ન આવે, એને હેયપણે તું જાણ અને આને ઉપાદેયપણે જાણ, પ્રભુ! તારી કેટલી વિપરીતતા. આહા..હા..! સમજાણું કાંઈ? નેમિદાસભાઈ!

**'જિસકે કેવલજ્ઞાનમેં પ્રતિબિંબત હુએ દર્પણમેં મુખકી તરહ ભાસતા હૈ,...'** દર્પણમાં મુખ, આ લાખ મુખ સામે હોય તોપણ દર્પણમાં ભાસે. એથી અનંતા અનંતા હોય તો દર્પણમાં ભાસે. જુઓ! પાર આવે છે? જુઓ! ભગવાનના અરીસા છે ને બે બાજુ?

મુમુક્ષુ :— ....

ઉત્તર :— હાર આવી. એ તો આની નજર પોગતી નથી. હાર તે હાર તે અપાર એલા આ એક અરીસાની સ્વચ્છતામાં, જડની પર્યાયમાં આ આની હારની પાર ન આવે, એ હારની પાર ન આવે. આહા..હા..!

તારા જ્ઞાનમાં, સ્વભાવમાં, માહાત્મ્યમાં, શક્તિમાં કેવળજ્ઞાનની પર્યાય જો કે, તારું જ્ઞાન સ્વરૂપ જ છે. આ જગતના અનંતા અનંતા લોકાલોક ને એવા સાદડા અનંતા ને અનંતા હોય, તો ત્યાં એ ગળી જાય એવું તો એનું જ્ઞાન છે. એવડા ભગવાનને તેં નાનો કરીને માન્યો, ભાઈ! એ મોટાને મોટપ ન દીધી અને મોટાને નાનો માન્યો, એ તારી દૃષ્ટિમાં વિપરીતતા છે. સમજાણું કાંઈ?

**'દર્પણમેં મુખકી તરહ ભાસતા હૈ, વહ પરમાત્મા અનાદિ હૈ.'** એ ભગવાન આત્મા ચૈતન્ય અરીસા સમાન એવો ને એવો અનાદિ છે. તેં કોઈ દિ' નજરું કરી નથી. તેં જ્ઞાન ને શ્રદ્ધામાં લેવા યોગ્ય ચીજ છે એ કોઈ દિ' લીધી નથી. આહા..હા..!

**ભાવાર્થ :- 'જિસકે કેવલજ્ઞાનમેં એક નક્ષત્રકી તરહ સમસ્ત લોક-અલોક...'** દેખો! ભાષા પાછી. **'लोकः प्रतिभाति'** એ તો લોક તો શબ્દ મુક્યો છે. બાકી બધું દેખાય. એ શું! જ્ઞાનની વાત શું કહેવી! તારા એક જ્ઞાનસ્વભાવની શું કેવી હદ શું કહેવી! આહા..હા..! પેલા કહે છે ને એ આવું ન ભાસે, અને આટલા ગુણો ન ભાસે. ફલાણા ધર્મને ભાસે. ભગવાન!

તને જ્ઞાનના સ્વભાવની અચિંત્યતાની ખબર નથી. એવો આત્મા અધિકપણે બધી પર્યાયથી વર્તે એવો તને ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અપેક્ષિત ધર્મો ન જણાય. આ 'સોનગઢ' ન જણાય, એના માણસ જણાય. આહા..હા..! ભગવાન! તને આત્માની શ્રદ્ધા નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

**'જિસકે કેવલજ્ઞાનમેં...'** એક નક્ષત્રની જેમ લોક-અલોક જેને ભાસે, લોક-અલોક નક્ષત્રની જેમ ભાસે. ગજબ વાત છે! શેની તને એક સમયની આ ઉઘાડની પર્યાયના તને અભિમાન થઈ ગયા? આહા..હા..! આ અમે જાણ્યું, આમ અમે જાણ્યું, ભાઈ! તને સ્વભાવની વિપરીત દૃષ્ટિ છે. આહા..હા..! **'જિસકે કેવલજ્ઞાનમેં એક નક્ષત્રકી તરહ સમસ્ત લોક-અલોક ભાસતે હૈં, વહી પરમાત્મા રાગાદિ સમસ્ત વિકલ્પોંસે રહિત...'** એ ભગવાન આત્મા પર તરફના વિકલ્પોથી રહિત, સ્વભાવની સન્મુખના ભાવથી આદરણીય છે, એવા સંતોને એ આત્મા આદરણીય છે. સમ્યગ્દૃષ્ટિઓને એ આત્મા આદરણીય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એના જ્ઞાનમાં સહજપણે પ્રયાસ વિના, પ્રયાસ વિના, હોં! આ પ્રયાસ એટલે આમ કરું એમ નહિ. તારો એવો સહજ સ્વભાવ, પ્રભુ! લોકાલોકને નક્ષત્ર જેવું જાણે એથી અનંત ગણું તારું જ્ઞાન. ભગવાન! તેની મહત્તા તને નથી આવતી? અને શેની બીજી મહત્તા તને આવે છે? એ રીતે પણ જેને આવો આત્મા ઉપાદેય વર્તે એને બીજું બધું જ્ઞાન, શ્રદ્ધા આદિ હેય વર્તે છે. અને બીજો બધો ઉઘાડ રાગાદિ જેને ઉપાદેય વર્તે, જેને આવો ભગવાન આત્મા હેય વર્તે છે. કહો, સમજાણું કાંઈ? લ્યો! એ ૩૮ ગાથા (પૂરી) થઈ.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૭, રવિવાર, તા. ૧૭-૧૦-૧૯૬૫**
**ગાથા-૩૮ થી ૪૦, પ્રવચન-૨૬**

૩૮ ગાથાની થોડી લીટી બાકી છે. ભાવાર્થ ફરીને, દેખો! આ 'પરમાત્મપ્રકાશ', પહેલો ભાગ, એની ૩૮મી ગાથા છે. જેમ અનંત આકાશમાં... જે ક્ષેત્રથી આકાશ અમાપ છે, જેનું

ક્યાંય માપ નથી, એમાં એક નક્ષત્ર, એક નક્ષત્ર. પછી એક તારાનું હો કે એક નક્ષત્ર સો તારાનું હો. એ એક નક્ષત્ર અનંત અનંત જોજનનું જ્યાં માપ નથી એવા ક્ષેત્રમાં, એક નક્ષત્ર જેમ છે, '**ઉસી તરહ તીન લોક જિસકે કેવલજ્ઞાનમેં પ્રતિબિંબિત હુએ...**' સમજાણું? ત્રણ કાળ, ત્રણ લોક જેના... '**मुक्तस्य**'નો ક્યાં અર્થ આવ્યો? '**मुक्तस्य**'નો અર્થ નથી આવ્યો. '**मुक्कहँ**' ટીકામાં છે '**मुक्तस्य यस्य पदे केवलज्ञाने**'. એટલે જેમ એ આકાશ સર્વ વ્યાપક (છે), જેના ક્ષેત્રનો પાર નથી, એમાં એક નક્ષત્ર જેમ ઘણું જ પ્રમાણમાં નાનું, એમ જેના જ્ઞાનમાં ભગવાન આત્મા, જ્ઞાન સ્વભાવભાવમાં '**તીન લોક જિસકે કેવલજ્ઞાનમેં પ્રતિબિંબિત હુએ...**' કેવળજ્ઞાન શબ્દે અનાદિ એનો સ્વભાવ જ, અનાદિ આત્મસ્વભાવ એવો છે કે, જેના જ્ઞાનમાં લોકાલોક તો આકાશના અમાપ ક્ષેત્રમાં જેમ એક નક્ષત્ર, નાનું આટલું નક્ષત્ર થાય છે. આ ચાલતું ચિત્રા નક્ષત્ર છે. એ ચિત્રા નક્ષત્રનો એક તારો હોય છે, એક તારો. અનંતા અનંતા વ્યાપક ક્ષેત્રમાં એક તારો. એમ આ જ્ઞાનનો એવો સ્વભાવ આત્માનો, અનાદિ આત્માનો સ્વભાવ. નવો નથી કાંઈ. જ્ઞાનસ્વરૂપ, જ્ઞાનરૂપ, જ્ઞાનભાવ, અનંત જ્ઞાન સ્વભાવ સામર્થ્ય, જેના જ્ઞાનમાં લોકાલોક, એક નક્ષત્ર આકાશમાં જેમ હોય સર્વ વ્યાપકમાં, એમ લોકાલોક નક્ષત્રની સમાન ભાસે. ઓ..હો..હો..! સમજાય છે કાંઈ?

લોકાલોકમાં એક વિકલ્પ આદિ પણ જેની ચીજ નથી. વિકલ્પ શુભરાગ આદિ પણ જેની– આત્માની ચીજ નથી. પરમાણુ કર્મ, શરીરાદિ, આ લોકાલોક કોઈ એની ચીજ નથી. છતાં એનો સ્વભાવ એવો છે કે, જેના જ્ઞાનના અપરિમિત-બેહદ સ્વભાવમાં લોકાલોક, જાણે આકાશમાં એક નક્ષત્ર હોય, એમ જેના જ્ઞાનમાં લોકાલોક એક નક્ષત્રની પેઠે ભાસે (છે). આહા..હા..!

એમ કહીને એમ કહેવા માગે છે કે, અમાપ ચૈતન્ય ભગવાન આત્મા અનાદિ એ છે, એને દૃષ્ટિમાં ઉપાદેય લે અને વિકલ્પથી માંડીને બધી ચીજને હેય કરી દે. સમજાય છે કાંઈ? એ છે છેલ્લે સરવાળે. એવો ભગવાન તારો સ્વભાવ, સ્વભાવ ભગવાન એટલે સ્વભાવ ભગવાન. આત્મ ભગવાનનો જ્ઞાન ભગવાન સ્વભાવ એટલે મહિમાવંત સ્વભાવ છે. આહા..હા..! જેના એક સમયના જ્ઞાનસ્વભાવ સામર્થ્યના ભાવમાં લોકાલોક પ્રકાશે એવો પ્રભુ, એને લોકાલોક આદિ આત્મા સિવાય બીજી ચીજો એ બધી વિકલ્પથી માંડીને શરીર, કર્મ બધુંય દૃષ્ટિમાં હેય કરીને આવો ભગવાન આત્મા દૃષ્ટિમાં ઉપાદેય કર. સમજાણું કાંઈ?

મહંત આત્મા મહાન પદાર્થ જેના એક સેકન્ડના અસંખ્ય ભાગમાં, જેના સ્વભાવની ભૂમિકાના સામર્થ્યમાં, લોકાલોક જાણે એક નક્ષત્ર હોય, એવું એનું સામર્થ્ય (છે), એવા ભગવાન ચિદાનંદ સ્વભાવના સામર્થ્યમાં અંતર દૃષ્ટિ કર, એને આદર માન. વિકલ્પથી માંડી બધી ચીજને હેય જાણ. કહો, સમજાય છે કાંઈ? કહો, વલ્લભભાઈ! ઓહો..હો..! ભગવાન! તારી મહિમા, કહે

છે, કેટલી કહેવી? આકાશની ઉપમા આપીને નક્ષત્રનો એક આટલો ભાગ ત્યાં અમાપ... અમાપ... અમાપ... અમાપ... અમાપ... અમાપ... આકાશ ચારે બાજુ, એમાં એક આ નક્ષત્ર. એમ ભગવાન આત્મા જેના સ્વભાવના અનંત... અનંત... અનંત... અનંત... સામર્થ્યમાં આ લોક ને અલોક જેને એક નક્ષત્ર જેમ હોય એમ જણાઈ જાય છે. આહા..હા..! એવો ભગવાન આત્મા તે વીતરાગી દૃષ્ટિએ ઉપાદેય આદરવા લાયક છે. સમજાય છે કાંઈ?

**'દર્પણમેં મુખકી તરહ ભાસતા હૈ,...'** લ્યો! દર્પણમાં મોઢું દેખાય, એમ જેના જ્ઞાનમાં લોકાલોક પ્રત્યક્ષ ભાસે. એને લોકાલોકને સામું જોયા વિના સ્વભાવના સામર્થ્યમાં એટલી તાકાત છે, એક નક્ષત્ર જેમ લોકાલોક આકાશમાં હોય, એમ ભગવાન આત્મામાં લોકાલોક નક્ષત્રની પેઠે (જાણે), પ્રભુ! એવો આત્મા તારો સ્વભાવ છે. ભાઈ! તને દૃષ્ટિમાં એ જ ઉપાદેય આદરવા લાયક અને દૃષ્ટિ ત્યાં સ્થાપવા લાયક છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'વહ પરમાત્મા અનાદિ હૈ.'** ભગવાન! તું એવો અનાદિનો છો. સમજાય છે? કેવળજ્ઞાનપણે પર્યાયમાં ભલે પ્રગટે. વસ્તુ સ્વભાવ તો એનો અનાદિ એવો ને એવો ને એવો છે. આહા..હા..! આવા ચૈતન્યના મહાસાગરના અનંત સ્વભાવ આગળ બધી ચીજ, રાગાદિ તો ઠીક, પણ જેની અલ્પજ્ઞાનની અવસ્થા—ચાર જ્ઞાન આદિની અવસ્થા પણ જેની પાસે તુચ્છ છે. અરે..! કેવળજ્ઞાન એક સમયનું પ્રગટે એવા એક સમયની પર્યાયથી પણ અધિક ભગવાન આત્મા અનંતી પર્યાયો એવી સંગ્રહીને પડ્યો, એવો કેવળજ્ઞાન (સ્વરૂપ) ભગવાન આત્મા એ જ દૃષ્ટિમાં આદરણીય કરવા લાયક છે. સમજાણું કાંઈ? કહો, સમજ મેં આતા હૈ કિ નહિ? આહા..હા..!

એક કોર ભગવાન ને એક કોર ગામ આખું. એક કોર રામ ને એક કોર ગામ. ગામ એટલે? વિકલ્પ ને શુભરાગથી માંડી સારી દુનિયા લોકાલોક. એક કોર ભગવાન એને બધાનો જાણનાર તે કેવો? એક અલ્પ જાણે હોય, એ ચીજ તો જાણે અલ્પ હોય, અને સામર્થ્ય જેમ કોળિયો કરી ગયું હોય, મુખમાં જેમ કોળિયો કરી જાય, મુખ મોટું ને કોળિયો નાનો. (એવા) કેવળજ્ઞાન એના સ્વભાવમાં લોકાલોક તો કોળિયો કરી ગયું. એવું તારું સ્વરૂપ, ભગવાન! એના માહાત્મ્યની દૃષ્ટિ કર. સમજાય છે કાંઈ? એવા સ્વભાવની દૃષ્ટિ કરવા લાયક છે. એ જ કરવા લાયક છે, બીજું કરવા લાયક નથી. આહા..!

શાસ્ત્રના ભણતર, લૌકિકના ભણતર, વૈદોના ભણતર, આ ડૉક્ટરના, ઔષધના, ફલાણાના, વિજ્ઞાનના બધી કળાઓના ક્યાંય થોથા ઉડી ગયા છે તારા. સમજાય છે? જેને ચાર ચાર જ્ઞાન પ્રગટે એ પણ જેની પાસે થોથા. આહા..હા..! એવો ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં સ્વભાવના સામર્થ્યવાળું આવું તત્ત્વ, જેને લોકાલોક તો એક નક્ષત્ર જેવું જેના જ્ઞાનમાં જણાય. આહા..હા..! એવો ચૈતન્ય સ્વભાવ, એ પર તરફની દૃષ્ટિ છોડ, રાગ-દ્વેષના

વિકલ્પ છોડ અને સ્વભાવ સન્મુખ દૃષ્ટિ કર. એનું નામ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન ને સમ્યક્‌ચારિત્ર છે. કહો, સમજાય છે કાંઈ? આહા..હા..!

એ પરમાત્મા અનાદિ છે, ભાઈ! પ્રભુ! તું એવો અનાદિનો છો, નવો એમ નહિ, એ છે જ એવો એ. આહા..હા..! એની સાથે અનંત આનંદની શી વાત? એમ ભેગું કહે છે. એને પછી ધ્યાનનું કહેશે. ઓ..હો..! બેહદ જ્ઞાન! એવો જ તારો ભગવાન બેહદ અનંત... અનંત... અનંત... અનંત... બેહદ અમાપ અતીન્દ્રિય આનંદનો રસ તારા ધામમાં જામીને પડ્યો છે એમ ને એમ. આહા..હા..! ક્યાંય સાંભળ્યો ન મળે. સાંભળવાના મળે નહિ, શું કોણ ને ક્યાં? ક્યાં તારે નજર કરવાની છે? એ ભગવાન મહાત્મ્ય અનંત... અનંત... અનંત... અનંત... અનંત... આનંદનું ધામ ભગવાન પોતે વર્તમાન, હોં! એવા આનંદમય ભગવાન ઉપર દૃષ્ટિ કર, બાકી બધું હેય છે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના રાગ તો હેય, ચાર જ્ઞાનની પર્યાય પણ તને હેય છે, ઉપાદેય નથી, અંગીકાર કરવા લાયક નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કો'ક એનો બાપ મુકી ગયો (હોય) પચાસ લાખ, કરોડ, પાંચ કરોડ. એના છોકરાને ખબર ન હોય, અને એનો કોઈ મોસાળને સોપ્યું ને એને કહે કે, જો તારા બાપ આ મુકી ગયા છે, હોં! અમે તો ટ્રસ્ટી તરીકે છીએ. જો, આ મૂડી તારી પચાસ કરોડની. દેખીને રાજી થાય કે નહિ?

મુમુક્ષુ :— સાંભળીને રાજી થાય.

ઉત્તર :— સાંભળીને રાજી થાય. પોપટભાઈ! આહા..હા..! એમ અહીં ભગવાન કહે છે કે, ભાઈ! તારો આત્મા અંદર અનંત આનંદ ને જ્ઞાનનું નિધાન પડ્યો છે. સંતો કહે છે કે અમે એના પ્રતિનિધિ છીએ. આહા..હા..! અમને સોંપી ગયા છે ભગવાન કે, જો આ તારો આત્મા આવો એમ તને કહેવા માટે મને સોંપી ગયા છે. આહા..! કહો, શશીભાઈ! ભાઈ! તારા આનંદના એક સમયના આનંદની શી વાત! આ અમારો અંગત માણસ છે એમ કહે. ઓળખે છે કહે છે. એ..ઈ..! પોપટભાઈ! આ અમારા અંગત અને મને ઓળખે છે. મારા ઘરનો ઘરનો અંદર ઓળખીતો છે, જાણનાર છે. તો તો આમાં રાજી રાજી થઈ જાય. અરે..! દેહના નામની પ્રશંસા, એ જડ નામ તારામાં નામેય નથી ને દેહ નથી. એના નામની પ્રશંસાએ તું રાજી ને ઉલ્લસિત થઈ જા, ભગવાન! તારા નિધાનની વાતું સાંભળીને ઉલ્લસિત ન થા? આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? કહો, જયંતિભાઈ! પચાસ હજારની લોન આવી ત્યારે કેટલું થયું હશે અંદરથી? આ તો કહે કે, ધૂળમાં પણ એમાં કાંઈ ન મળે દુઃખ હતું એનું લક્ષ કરવાથી તો. આ ભગવાન અતીન્દ્રિય આનંદની અમે પ્રશંસા કરીએ છીએ. એ તારી, તારી પ્રશંસા કરીએ છીએ. આહા..હા..! સમજાણું કાંઈ?

એ પરમાત્મા અનાદિ એવો તું છો. એમ ને એમ આનંદકંદનું ચોસલું પડ્યું છે. અતીન્દ્રિય

આનંદનો રસકંદ ધામ શિલા આત્મા છે. અને પૂર્ણ પૂર્ણ જ્ઞાનનો પિંડ પ્રભુ આત્મા કિ '**જિસકે કેવલજ્ઞાનમેં એક નક્ષત્રકી તરહ સમસ્ત લોક-અલોક ભાસતે હૈં, વહી પરમાત્મા રાગાદિ સમસ્ત વિકલ્પોંસે રહિત...**' આ એનો સાર. એવો જ ભગવાન પર તરફના શુભ-અશુભ વિકલ્પો રહિત થઈ, એ દૃષ્ટિમાંથી વિકારને ખાલી કરી, એ દૃષ્ટિને ભગવાન આત્મા તરફ ઢાળ. આહા..હા..! સમજાણું? એ શ્રદ્ધામાં જ્યાં વિકલ્પ ને આ ને એની મહત્તા જ્યાં આમ વર્તે છે, એને છોડ. આમ ઢાળ. જેમાં કેવળજ્ઞાન ને આનંદના મહા પરમ નિધાન પડ્યા છે.

એ પરમાત્મા '**વિકલ્પોંસે રહિત યોગીશ્વરોંકો...**' અર્થાત્ તે કાળમાં રાગાદિથી દૃષ્ટિ ખાલી કરીને તે દૃષ્ટિને નિધાનમાં સ્થાપતા, તે કાળે સંતોને તે આત્મા આદરણીય છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? '**ઉપાદેય હૈ.**' એ કાળે સમ્યગ્દૃષ્ટિને તો એ કાળે એ જ ઉપાદેય (છે). એ કાળે પણ સર્વથા એ જ ઉપાદેય કાળે છે. આહા..હા..! ધર્મી જીવની દૃષ્ટિ ત્રિકાળ અનંત જ્ઞાનાનંદ ભગવાનનો આદર કરીને પડી છે, એ કોઈ પણ કાળમાં એને તે જ ઉપાદેય છે, કોઈ ચીજ એને આદરણીય છે નહિ. સમજાણું કાંઈ?

ધર્મીજીવને કોઈ પણ વિકલ્પથી માંડી જગતની કોઈ ચીજ, એને શોભનીક રૂડી-સુંદર એને દૃષ્ટિમાં દેખાતી જ નથી. આહા..! ધર્મીની દૃષ્ટિમાં ભગવાન અનંત આનંદ ને જ્ઞાનનો પ્રભુ, જ્ઞાનનો પ્રભુ પોતે મહા સામર્થ્યવાળી સુંદરતા દૃષ્ટિમાં આવતા બીજું કોઈ આદરણીય દેખાતું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? હવે ૩૯મી ગાથા. ધ્યાનની વિશેષતા બતાવે છે.

'**આગે અનંત જ્ઞાનમયી પરમાત્મા...**' આ ભગવાન આત્મા '**યોગીશ્વરોંકર...**' નામ સ્વરૂપની અંતર જોડાણ કરવામાં મુખ્ય પ્રધાન. '**નિર્વિકલ્પ સમાધિ...**' રાગ રહિત સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાનમાં રહેનારા, એવા '**કાલમેં ધ્યાન કરને યોગ્ય હૈ,...**' અર્થાત્ એ સમયે જ આત્મા ઉપાદેય થઈ શકે છે. કહેવાનું એમ છે કે, ભાઈ! લક્ષમાં લીધું કે આવો આત્મા ને આવો આત્મા એમ ધારી રાખ્યું એમ નહિ. સમજાણું કાંઈ? એ ભગવાન આત્મા પરમાનંદ ને જ્ઞાનના સ્વભાવની મૂર્તિ પ્રભુ એ જ વિકલ્પ રહિત દૃષ્ટિ કરીને ધર્મીને એ જ ધ્યાવવા લાયક છે. સમજાણું? જુઓ! વાતને ફેરવે છે.

'**ઉસી પરમાત્માકો કહતે હૈં –**' કારણ બતાવે છે. મોક્ષને કારણે આત્માને સેવ. મોક્ષનું કારણ કોણ એમ બતાવવું છે.

**३९) जोइय-विंदहिँ णाणमउ जो झाइज्जइ झेउ।**
**मोक्खहँ कारणि अणवरउ सो परमप्पउ देउ।।३९।।**

જુઓ! શું વાત સમાડે છે? '**જો...**' '**योगिन्द्रवृन्दै**' ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ, એનું જેને અંતર જોડાણ દૃષ્ટિથી થયું છે, એ મહાન ચિદાનંદની પેઢીમાં જેણે આડતી બાંધી

દીધી છે અંદર. સમજાય છે કાંઈ? '**योगिन्द्रवृन्दै**' ભગવાન આત્મા પરમાનંદની મૂર્તિ, અનંત જ્ઞાનનો સ્વભાવ સાગર, એમાં જેણે દૃષ્ટિને સ્થાપી છે, એને મોક્ષનું કારણ એ છે. દેખો! '**मोक्षस्य कारणे**' કોઈ એમ કહે કે, ભાઈ! આ રાગ ને પુણ્ય ને શરીર ને ફલાણું ને ફલાણું મોક્ષનું કારણ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ મોક્ષનું કારણ, ભાઈ! એ તો બંધનું કારણ છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

આ વાત કરી ને એ મોક્ષનું કારણ તે ભગવાન આત્મા છે. રાગાદિ, વિકલ્પ આદિ ત્રણ કાળમાં પૂર્ણ મુક્ત સ્વરૂપ, પૂર્ણ મુક્ત પર્યાયનું કારણ તેના સ્વભાવનો આદર તે પર્યાય જ મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? મોક્ષનું કારણ, પણ તે કારણ કેવું? નિરંતર, એ આત્મા એક સમયમાં પૂર્ણ જ્ઞાન ને આનંદમય મૂર્તિ છે એ નિરંતર તે આદરવા લાયક છે. કેમ કે, તે નિરતંર મોક્ષનું એક જ કારણ છે. નિરંતર. કોઈ વખતે વચ્ચે વિકલ્પ દયા, દાનનો આવે એ પણ મોક્ષનું કારણ ને આ પણ કારણ, એમ છે નહિ. આહા..હા..! એક તો મોક્ષનું કારણ ને તે પણ '**निरन्तर** '**अनवरतं**' વિસામો લીધા વિના. તેનો એકાકાર ભગવાન આત્મા, તેના તરફનો જે આશ્રય ભાવ જે લીધો, તે જ આશ્રય તે જ નિરંતર મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? વચ્ચે દયા, દાન, વ્રત, ભક્તિનો વ્યવહાર આવો પણ એ મોક્ષનું કારણ નથી એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! જગતને એવું કઠણ પડે છે અત્યારે. સમજાણું કાંઈ?

જે ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ, દળ છે આખું. જેમ શક્કરકંદને આમ શેકીને મીઠાશથી ખાય છે કે નહિ? શું કહેવાય તમારી? ૧૪, મહા સુદ ૧૪, શિવરાત્રી. શિવરાત્રી. આ શિવ દિવસ. એ રાત્રી ને આ શિવ દિવસ છે. શિવ નામ ભગવાન આત્મા અનંત આનંદ ને જ્ઞાનની મૂર્તિ, એના તરફની દૃષ્ટિની એકાગ્રતા, બસ એ જ આત્મા મોક્ષનું કારણ છે. એમાં આનંદ પડ્યો છે, એ આનંદને સેવ, સેવ, એને ખા, એને અનુભવ. એ શિવનો માર્ગ છે. શિવ એટલે મોક્ષ. અર્થેય આવડતા ન હોય, ભાઈ! પેલા આવે છે ને! નમોત્થુણંમાં, નહિ? 'સિવમલયમરુ'ભગવાન જાણે, એ તો શિવમય ત્યાં રહી ગયું. નમોત્થુણંમાં આવે છે. 'સિવમલયમરુમણંત'. 'સિવમલયમરુમ' એમ શબ્દ છે. શિવમ. એ પરમાત્મા શિવ સ્વરૂપ છે, નિરુપદ્રવ છે, કલ્યાણની મૂર્તિ છે. 'સિવમ-અલયમ્' અચળ છે. 'સિવમ્-અલયમ્-અરુવમ્' ઉપમા વિનાની ચીજ છે ને રોગ વિનાની એ ચીજ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ત્યાં એ સિદ્ધ ભગવાનની વ્યાખ્યા કરી છે, અહીં આ આત્માની વ્યાખ્યા છે. ભાઈ! શીખ્યા હતા? પછીથી આવ્યાને પાછળથી. કહો, સમજાણું?

ઓ..હો..! એ ધર્મના ધરનારા ધર્મી જીવોના વૃંદોને. ધર્મ એવો જે નિર્મળ પર્યાય, એને ધર્મી એવો જે પૂર્ણાનંદ ભગવાન, એના તરફ દૃષ્ટિ કરીને, આદરણીય માનીને, એ જ મોક્ષનું

કારણ છે એવા ધર્મીજીવના વૃંદો-સંઘનો સમુદાય, એ ધર્મના ધરનાર સંઘનો સમુદાય, એ બધા સમુદાયને એ ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાન, આનંદ એ મોક્ષને કારણે સેવવા લાયક છે. આહા..! મગનભાઈ! ઓલાને ચોંટાડી દીધા બિચારાને. હેરાન થઈને મરી જાય પણ કાંઈ પત્તો ખાય નહિ.

એક શ્રદ્ધાની આડ પાકી દૃઢ નાખે અંદરમાં કે ભગવાન પૂર્ણાનંદનો નાથ એના તરફનું વલણ તે જ એક મોક્ષનું કારણ છે, બીજું કોઈ નથી. એવી શ્રદ્ધાને દૃઢ કરે તો એનું વીર્ય સ્વભાવ સન્મુખ વળ્યા વિના રહે નહિ. સમજાય છે કાંઈ? આહા..હા..! જેની ખાણમાં અનંતા આનંદ પડ્યા, અનંતુ જ્ઞાન પડ્યું, ત્યાં ખોદ્યે નીકળે કે રાગમાં ખોદ્યે નીકળે? પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે એ તો રાગ છે, લોઢાની ખાણ છે. ન્યાં ક્યાં હતો આત્મા? સમજાણું કાંઈ? આહા..હા..!

ત્રણ લોકના નાથ સર્વજ્ઞ દેવાધિદેવ પરમેશ્વર વીતરાગ 'સીમંધર' પરમાત્મા વર્તમાન બિરાજે છે, એ રીતે ફરમાવે છે. અનંત તીર્થંકરો એ રીતે જગતને ફરમાવે છે. કે, ભાઈ! પ્રભુ! તારા પૂર્ણાનંદનો નાથ પ્રભુ તું છો પોતે. એનું માહાત્મ્ય કરીને અંતરમાં એકાગ્ર થા. એને નિરંતર જ્ઞાનમય ચિંતવન કિયા જાતા હૈ. એ ભગવાન ત્રિકાળ જ્ઞાનમય, આનંદમય એમ ધ્યાન કરવા લાયક છે. રાગ ને પુણ્ય ને ફુણ્ય એમાં છે નહિ ત્રણ કાળ, ત્રણ લોકમાં. સમજાણું કાંઈ? ઓ..હો..હો..! આમ કહે કે, અમે ભગવાનને ભજીએ, ભગવાનને ભજીએ. ણમો અરિહંતાણં. ભગવાન શું કહે છે એની ખબર ન મળે. ઓઢણું ધણીનું ને ધણીની આજ્ઞા માનવી નહિ, ઓઢણું ધણીનું, ધણી આવે તો ઓળખવો નહિ. આમ આવ્યું હતું કે, આની સાથે સગપણ કર્યું છે અને આ પાંચ, પચાસ લાખના આસામી છે, પચ્ચીસ વર્ષનો જુવાન આવ્યો, ઓળખ્યો નહિ. આ કોણ છે? પોપટભાઈ! આહા..!

એમ ભગવાન ચિદાનંદ પ્રભુ શુદ્ધ અનંત આનંદનો કંદ જેનાથી વિરૂદ્ધ વિકલ્પ રાગાદિ મેલ, દુઃખ, દુઃખદાયક છે. એની રુચિ છોડી પરમાત્મા પૂર્ણાનંદની દૃષ્ટિ કરીને એકાગ્રતા (કરવી) એ નિરંતર એક જ માર્ગ મોક્ષનો છે, બીજો કોઈ માર્ગ છે જ નહિ. લ્યો! મોક્ષના માર્ગ બે, બે. કે ના. ના.

મુમુક્ષુ :— બીજે આવે છે.

ઉત્તર :— બીજે તો કથન આવે છે. બે મોક્ષના માર્ગનું કથન-નિરૂપણ આવે છે. નિમિત્તને દેખીને, એને આરોપ કરીને વ્યવહાર મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. વસ્તુ તે એક છે, એમાં બે હોય નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

જ્ઞાનમય કેમ કહ્યું? કે, એમાં કોઈ વિકલ્પ પણ નહિ, રાગ રહિત એવો જ્ઞાનનો મય ચૈતન્યબિંબ

પ્રભુ! એ '**ध्यायते**' એ ધ્યાવવા યોગ્ય છે, એ ચુસવા યોગ્ય છે, ધ્યાન કરવા યોગ છે. આરે.. આરે, વાત પણ કાંઈ ગજબઅજબની! ક્યાંય કોઈ દિ' સાંભળી ન હોય કેટલાકે તો. એ..ઈ..! ભાઈ! વીતરાગના વાડામાં જન્મ્યા. પેલો કહે સ્થાનકવાસી, પેલા કહે દેરાવાસી, પેલો કહે દિગંબર.

'**सः परमात्मा देवः**' છે. જુઓ! તે તારો પૂર્ણાનંદ પ્રભુ એ જ દેવ તારો છે. '**वह परमात्मदेव आराधने योग्य है,...**' સમજે? એ સંતો ધર્માત્મા, ધર્મી આત્માને જે ધ્યાવે છે, (તેમને) તે ધ્યાવવા યોગ્ય છે, બીજી કોઈ ધ્યાન કરવા લાયક ચીજ છે નહિ. ભાઈ! પણ માખણ મુક્યા છે એકલા.

**ભાવાર્થ :-** '**जो परमात्मा मुनियोंको ध्यावने योग्य कहा है,...**' સંતોને, ધર્મીને, સમકિતીને, સાચા શ્રાવકને, જે પરમાત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ કંદ આનંદનો કંદ પ્રભુ અંતર્મુખ થઈને ધ્યાન કરવા લાયક, આદરવા લાયક, સેવવા લાયક કહ્યો છે. '**वही शुद्धात्माके वैरी...**' ધ્યાનની વ્યાખ્યા કરવી છે ને જરી. એવો જે ભગવાન આત્મા એના એકાગ્રતાના વેરી, '**आर्त-रौद्र ध्यानकर....**' એ વેરી છે. આત્માના સ્વભાવની એકાગ્રતામાં એ એકાગ્રતા તે ધર્મધ્યાન છે. એના વેરી આર્ત ને રૌદ્ર ધ્યાન છે. શરીરની ઈષ્ટતા એ ઠીક ને અનિષ્ટતા એ ઠીક નહિ ને. સમજાય છે કાંઈ? પૈસાની, અનુકૂળતાની ચિંતવના ને આનું આમ રાખવું ને આનું વ્યાજ ઉપજાવવું ને આનું આ કરવું ને એ રૌદ્રધ્યાન છે. આર્ત ને રૌદ્રધ્યાનના વિકલ્પો ભગવાન આત્માની એકાગ્રતાના વેરી છે. આહા..હા..! વેરીને હોંશે ભેટે, ભેટે છે. હાલ બાપા! હાલ, મારા માથા કાપ. આહા..હા..! ધરમચંદજી!

કહે છે, અહો..! ભગવાન આત્મા અનંત અનંત ગુણનો સાહેબો પ્રભુ તો આત્મા પોતાનો પોતાનો (છે). એના તરફની એકાગ્રતા તે ધ્યાન, ધર્મધ્યાન છે, એ મોક્ષનું કારણ છે. એના વેરી આર્ત ને રૌદ્રધ્યાનના ભાવ, એને છોડીને આત્માના સ્વભાવની એકાગ્રતા કર. એ જ ભગવાન મોક્ષનું નિરંતર કારણ છે. આહા..હા..! કહો, પ્રવીણભાઈ! ભારે વાતું પણ, ભાઈ! ભગવાન આત્મા શુદ્ધસ્વરૂપ, '**वही शुद्धात्माके वैरी...**' આત્મા શુદ્ધ જ્ઞાનની એકાગ્રતાની વિરુદ્ધવાળા ભાવ. '**आर्त-रौद्र ध्यानकर रहित धर्म ध्यानी पुरुषोंको उपादेय है,...**' એવા રહિત ધર્મ જ્ઞાની પુરુષોકો ઉપાદેય છે. એવો ધર્મ શુદ્ધ ચૈતન્ય, ત્રિકાળ નિર્મળ આત્મા છે એની એકાગ્રતા એવું ધર્મધ્યાન, એ દ્વારા ભગવાન આત્મા આદરણીય છે. કહો, સમજાણું કાંઈ?

'**अर्थात् जब आर्तध्यान रौद्रध्यान ये दोनों छूट जाते हैं,...**' અર્થાત્ પર તરફની વાસનાની લાળ, આર્ત ને રૌદ્ર ધ્યાન, વિકલ્પોની જાળ, એને છોડે છે '**तभी उसका ध्यान हो सकता है.**' ત્યારે ભગવાન આત્મા તરફની એકાગ્રતા થઈ શકે છે. સમજાણું કાંઈ? તે

ઉપાદેય છે. એમ કહ્યું ને? સમજાણું? **'रहितानामुपादेय'** એમ. ઉપાદેય, પણ રાગરહિત દશાથી ઉપાદેય છે. રાગનો ભાગ જેટલો વિકલ્પ છે પુણ્ય-પાપના, એના રહિત એવો જે આત્મસ્વભાવ એના સન્મુખ થઈને, રાગ વિકલ્પ રહિત આત્મા શુદ્ધ ચૈતન્ય ઉપાદેય છે. એવી ધર્મ દશા તે જ આત્માને મોક્ષનું નિરંતર કારણ છે, બીજું કોઈ મોક્ષનું કારણ નથી.

અહીં તો કહે, નિશ્ચયનો ગ્રંથ છે માટે એમાં નિશ્ચય હોય. વ્યવહારના ગ્રંથમાં ત્યાં નિમિત્ત કેવું હોય એવું જણાવે, એથી કાંઈ માર્ગ બે થઈ જાય? વ્યવહારના ગ્રંથમાં આવે કે, ધર્મીને આત્મા આદરણીય પરમાત્મા પોતાનું સ્વરૂપ (છે). જ્યારે એની પૂર્ણ દશા નથી, ત્યારે એને એવો વિકલ્પ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો (આવે). આગળ જાય તો મુનિને પંચ મહાવ્રતનો, સાચા દેવની આરાધનાનો... સમજાય છે? એવો એ જાતનો રાગ આવે. અને એ અપેક્ષાએ વ્યવહારે એને આદરણીય કહેવાય એટલે કે ખરેખર એ આદરણીય નથી. આવા લખાણ આવે ત્યાં પેલો મૂંઝાય, એ... આમાં આમ કહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ એ કહ્યું તે કાળે પણ આત્મા જ ઉપાદેય છે એમ ધ્યાન રાખીને એને જ્ઞાન કરવું, સાંભળવું એમ કહે છે. સમજાણું કાંઈ? હવે શું કહે છે? એ ૩૯મી કીધી.

૪૦મી ગાથામાં શું કહે છે? આવો શુદ્ધ ભગવાન, એ જ્યારે પોતાના શુદ્ધ સ્વભાવની પરિણતિને ન રચે, તો એ રચે શું? સમજાય છે કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ અનંત આનંદકંદ જ્ઞાનની મૂર્તિ પ્રભુ પોતે, એના તરફનો આદર ન હોય અને એનું પરિણમન શુદ્ધ ન હોય, ત્યારે અનાદિનું એ કર્યું શું? એ કરે છે શું? સમજાય છે કાંઈ? એણે કર્યું છે કે નહિ કાંઈ? કે, હા. એ જગતનો કર્તા થયો છે. આઠ કર્મથી થયેલા ત્રસ, સ્થાવર આદિ ભેદો, એના કારણરૂપ એને વેદ વાસના બહુ સેવી. અવેદી અવિકારી સ્વભાવની દૃષ્ટિ છોડી દઈ અને વેદ વાસના, વિકારની વાસનાના ભાવને સેવી એણે કર્મ બાંધ્યા અને એને લઈને આ સૃષ્ટિ થઈ-ત્રસ ને સ્થાવર. એ એનો આ કર્તા છે, બીજો જગત કર્તા છે એ છે નહિ. કહો, સમજાય છે કાંઈ?

**'આગે જો શુદ્ધ જ્ઞાનસ્વભાવ જીવ જ્ઞાનાવરણાદિકર્મોંકે કારણસે ત્રસ સ્થાવર જન્મરૂપ જગતકો ઉત્પન્ન કરતા હૈ,...'** દેખો! એ ત્રસ સ્થાવરના શરીરને ઉત્પન્ન કરે છે. કઈ અપેક્ષાએ? પેલો વિકાર ઉત્પન્ન કર્યો, એથી કર્મ થયું, એનાથી ત્રસ ને સ્થાવર થયા. એટલે આ ત્રસ સ્થાવરના જગતનો ઉત્પન્ન કરનાર આત્મા એમ વ્યવહારનયે કહેવામાં આવે છે. જગતનો કોઈ કર્તા બીજો જીવ છે, એવો કોઈ નથી. તારા ત્રસ ને સ્થાવરના દેહના ઉત્પન્ન કરનારો. સ્થાવર એટલે એકેન્દ્રિય. બેઈન્દ્રિય, ત્રણેન્દ્રિય, ચૌઈન્દ્રિય, પંચેન્દ્રિય. ત્રસ એટલે બેઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય સમજ્યા ને? એકેન્દ્રિય. સ્થાવર એટલે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ. ત્રસ એટલે બેઈન્દ્રિય, ત્રણેન્દ્રિય, ચૌઈન્દ્રિય, પંચેન્દ્રિય—નારકી, મનુષ્ય, દેવ, ઢોર. એના શરીરની ઉત્પત્તિનો

કરનાર તું જગતનો કર્તા (છો). એ જગત છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિના શરીરો. ત્રસના બેઇન્દ્રિય, ત્રણેન્દ્રિય, ચૌઇન્દ્રિયના શરીરો. પંચેન્દ્રિયમાં નારકી, મનુષ્ય, દેવ ને ઢોરના શરીરો. એ શરીરનો રચનાર, તેં સ્વભાવની રચના ન કરી, વિરૂદ્ધ પરિણામની રચના કરી, એથી કર્મ થયા, એનાથી આ રચ્યા. ઈ શરીરની, જગતની રચનાનો (કરનાર), સ્વભાવની એકતા રચના થઈને પૂર્ણાનંદનો નાથ થવો જોઈએ, એમ ન થતાં એણે આ શરીરની રચના અનાદિથી કરી છે. સમજાણું કાંઈ?

**'વહી પરમાત્મા હૈ, દૂસરે કોઈ ભી બ્રહ્માદિક જગત્કર્તા નહીં હૈ,...'** કોઈ બ્રહ્મા જગતનો કર્તા, વિષ્ણુ એનો રક્ષક ને શંકર એનો સંહારક—એવો કોઈ છે નહિ. જગતે કલ્પિત વાતું કરી છે. વસ્તુના સ્વભાવમાં એમ છે નહિ. તું જ તારા શરીરરૂપી જગતનો રચનાર છો. આહા..હા..! ભગવાન આત્માએ પોતાને ભૂલીને શરીરનું જગત રચ્યું. જેને અંતર સ્વભાવનું ધ્યાન કરીને પરમાત્મ થવાની રચના જોઈએ, એને ઠેકાણે ઊંધો પડ્યો અનાદિનો, શુદ્ધ ભગવાન ચિદાનંદની મૂર્તિ આત્મા એનો આદર છોડીને, પુણ્ય ને પાપના વિકલ્પ, વેદની વાસના, ભોગના વાસનાનો આદર કરી કર્મ બાંધ્યા ને શરીરનું જગત એણે ઉત્પન્ન કર્યું છે.

મુમુક્ષુ :— જગત એટલે?

ઉત્તર :— શરીર. બીજું શું જગત એટલે? આ લ્યોને અનંતા રજકણનો મોટો પિંડ છે ને આ? જગતમાં શું છે? અનંતા આત્મા ને અનંતા રજકણો. એમાં અનંતા રજકણો, અનંતા અનંતા રજકણો. એક જીવને અનંતા અનંત રજકણો છે આ બધા. માટી... માટી... માટી. આ શરીરરૂપી જગતનો રચનાર આત્મા છે, અજ્ઞાન ભાવે, વ્યવહારનયે. (પહેલા) સવળાની વાત કરી, (હવે કહે છે), આ ઊંધો પડ્યો (ત્યારે) શું કર્યું અત્યાર સુધી આ ન કર્યું ત્યારે?

મુમુક્ષુ :— જગતના કાર્ય...

ઉત્તર :— તારા ભાવનો રચનાર તું. ઊંધા ભાવ, મિથ્યાત્વ ભાવ, રાગ-દ્વેષ ભાવ, વિકારી ભાવ. એનાથી બન્યું કર્મ ને એનાથી બન્યું શરીર. એટલે તેં શરીર જગતને ઉપજાવ્યું એમ પરંપરાએ કહેવામાં આવે છે. આહા..હા..!

ખરેખર તો ભાવજગત તો વિકારી ભાવ જ છે. પુણ્ય-પાપ અને મિથ્યા શ્રદ્ધા આદિ ભાવજગત તો એ છે. એ અજ્ઞાનીએ ઉત્પન્ન કર્યું. પણ આ બહાર કોઈ કહે કે, શરીરનો કોઈ કર્તા (છે)? કે, હા. એ તું. તારા વિભાવી વિકારનો સેવનાર તું. એમાંથી કર્મ થયું ને એનાથી (થયું) શરીર. ખરેખર તારી લાળ જ એને ઉત્પન્ન કરે છે. આહા..હા..! એના ભગવાનના સ્વભાવમાં એવો કોઈ શરીરને ઉત્પન્ન કરે કે કર્મને બાંધે એવો એના સ્વભાવમાં કોઈ ભાવ નથી. પણ એ ભગવાન આનંદકંદને ભૂલી એની વાત, એના આનંદની મહિમા એને ન આવી.

એટલે મહિમા વહેંચાઈ ગઈ ક્યાંક. શુભાશુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ. ત્યાં ગઈ મહિમા. એને લઈને કર્મ બંધાણા. વેદની વાસના, ભોગની વાસના. અહીં મૂળ તો વેદ લેશે. ત્રસ, સ્થાવર, જગત એનું કારણ વેદ છે. એટલે વેદને પણ એ ઉત્પન્ન કરે છે. એટલે સ્ત્રી, પુરુષ, નપુંસક લિંગને પણ એ ઉત્પન્ન કરે (છે), એમ કહે છે. ત્રસ સ્થાવરના શરીરને એ ઉત્પન્ન કરે છે અને શરીરનું પુરુષલિંગ, સ્ત્રીલિંગ, પાવૈયાનું નપુંસકલિંગ, એ પણ જીવે એ જગતને ઉત્પન્ન કર્યું છે. સમજાણું કાંઈ? કેમકે પોતાનો નિર્વિકારી સ્વભાવ(ની) રુચિ છોડી એને વેદની વાસના, ભોગની વાસનાના પ્રેમમાં બંધાણો. એથી નવા કર્મ બંધાણા એનાથી આ ત્રણ લિંગ સ્ત્રી, પુરુષ, નપુંસકના શરીરો મળ્યા. એ શરીરનો રચનાર અજ્ઞાની આત્મા જ છે, એ વેદનો રચનાર આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**૪૦) जो जिउ हेउ लहेवि विहि जगु बहु-विहउ जणेइ।**
**लिंगत्तय-परिमंडियउ सो परमप्पु हवेइ।।४०।।**

પાછો સિદ્ધ (સાબિત) તો પરમાત્મા કરવો છે. ઈ તારો જ પરમાત્મા ઊંધો પડ્યો જગતને રચે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ આત્મા '**विधिं हेतु**'. જુઓ! વિધિ એટલે આઠ કર્મ. જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર ને અંતરાય (એ) આઠ કર્મ. તે વિધિ. એના '**कारणोंको पाकर...**' દેખો! એ આઠ કર્મના કારણને પામીને '**अनेक प्रकारके जगतको पैदा करता है,...**' અનેક પ્રકાર. જગત એટલે ત્રસ, સ્થાવર, શરીર અને સ્ત્રી, પુરુષ ને નપુંસકના લિંગરૂપી દેહ. શરીર પણ શરીરમાં પાછા લિંગ આવા કેમ આવ્યા, એમ બે બતાવ્યું.

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્તપિનું શરીર, એ નિગોદના જીવ પોતાના શરીરની સૃષ્ટિને રચે છે. બીજા બધા જીવો પણ એના પોતાના શરીરની રચના કરે છે. કઈ અપેક્ષાએ? કે, પોતાના સ્વરૂપને ભૂલી કારણને કર્મને કારણ હેતુ બનાવી, એનાથી શરીર ઉત્પન્ન થયા ને એમાં લિંગોના ચિહ્નો ઉત્પન્ન થયા. સ્ત્રીના, પુરુષના ને પાવૈયા-હીજડાના. એ બધા લિંગોનો ને શરીરનો જગત. એ લિંગ ને શરીર એ જગત. એનો ઉત્પાદક આત્મા પોતાના સ્વભાવને ભૂલેલી દશા. આહા..હા..! કપુરભાઈ! આ બધું સમજાય એવું છે, હોં! કોઈ દિ' સાંભળ્યું ન હોય. ત્યાં 'કલકત્તા'માં ક્યાં વખત હોય. જયંતિ ભાઈ! એને લાતીમાં નવરાશ મળે નહિ. આ મોટી લાતી (વખાર) ખડકાણી છે અંદર, કહે છે, અનંત જ્ઞાન ને આનંદની. આહા..હા..!

ભગવાન આત્મા પરમાત્મા પોતે જ અનંત ગુણનો સ્વામી મહા સામર્થ્યવાળો (છે). પણ એ જ પરમાત્માએ પોતે પોતાના સ્વરૂપના મહાત્મ્યને છોડી, પોતા સિવાયનો પુણ્ય-પાપ, વિકલ્પ, શરીર, વાણી, મન આદિ પરપદાર્થ અથવા ભોગ, વાસના આદિ વિકલ્પ એનું માહાત્મ્ય ને

આદર કરીને કર્મ બાંધ્યા અને એ કર્મને લઈને શરીર અને લિંગો મળ્યા. એ શરીર ને લિંગનો કર્તા તું છો. સમજાણું કાંઈ?

**'અનેક પ્રકારકે જગતકો પૈદા કરતા હૈ, અર્થાત્ કર્મકિ નિમિત્તસે...'** હેતુ છે ને એનો? **'ત્રસ સ્થાવરરૂપ અનેક જન્મ** ધરતા હૈ...' ઓહો..! ઈયળું, કીડી, મકોડા, નારકી, મનુષ્ય, દેવ, ઢોર, શરીર ભિન્ન-ભિન્ન, નિગોદના જીવ. આહા..હા..! નિત્યનિગોદના જીવ એ પોતાના નિત્યનિગોદના શરીરને ભગવાનને ભૂલ્યા એને રચે છે. પોતાના ભગવાનને ભૂલ્યા, એ ભ્રમણા કરવાના ભાવથી એ શરીરને રચે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— મિથ્યા એટલે? આત્મામાં નથી, એનામાં છે. જગત જગતમાં છે એ પોતાના માનીને ભ્રમણા કરી રહ્યા એમ કહે છે, ઉત્પન્ન કરે છે. પુણ્ય, પાપ, વિકલ્પ, શરીર, વાણી, મન, કર્મ પોતામાં નથી. પણ છે, વસ્તુ છે. ઈ છે એને પોતાનું માની ભ્રમણા કરીને કર્મ ઉત્પન્ન કરીને, જગત એટલે શરીરને, લિંગોને ઉત્પન્ન કરે છે. ત્રસ સ્થાવરના શરીરો અને સ્ત્રી, પુરુષ, નપુંસકના શરીરના ચિહ્નો-એંધાણ, એને એ જીવ પોતે ઉત્પન્ન કરે છે માટે એનો કર્તા જીવ છે. આ બધું જગત છે ધૂળનું, અનંત રજકણનું. એને અજ્ઞાની આત્મા ઉત્પન્ન કરે છે. વ્યવહારનયે નિમિત્ત સંબંધથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'અનેક જન્મ** ધરતા હૈ...' **'लिंगत्रमयपरिमण्डित'** જોયું? **'સ્ત્રીલિંગ, પુલ્લિંગ, નપુંસકલિંગ ઈન તીન ચિન્હોંકર સહિત હુઆ...'** ભગવાનમાં તો એ ત્રણ વાસનાય નથી. સ્ત્રી, પુરુષ, નપુંસકનો વિકલ્પ જે ભોગની વાસના, એ વસ્તુમાં નથી. પરમાત્માના મૂળ સ્વરૂપમાં એ નથી. એવા સ્વરૂપને છોડી ભોગની વાસનાના વિકલ્પને ઉત્પન્ન કરી અને કર્મ બાંધીને શરીરના લિંગો ઉત્પન્ન કર્યા છે. આહા..હા..!

આ સ્વ-વિષયને છોડ્યો એટલે વિષય આ લીધો. ખરો વિષય ઈ. આ વિષય પોતાનો છોડ્યો, એટલે આ વિષય ભોગનો વિષય જે એણે બનાવ્યો. એ વિષયથી જેણે બાંધ્યા કર્મ, એનાથી વળી મળ્યા ત્રસ સ્થાવર ને લિંગ સહિતના શરીરો. નિગોદના એકેન્દ્રિય શરીરને નપુંસક શરીર છે, નારકીને નપુંસક શરીર છે, દેવને સ્ત્રી ને પુરુષના ચિહ્ન છે, મનુષ્ય ને પશુને ત્રણે ચિહ્ન છે. એ બધા શરીરના આકારોના ચિહ્ન, એ ભગવાનમાં એના કારણરૂપ ભાવ પણ નથી. પણ એવા ભાવ વિનાના પરમાત્માને ન સેવતા, એવા વિકારી ભાવને સેવી એણે કર્મ ઉપાર્જીને આવા બધા લિંગો ઉત્પન્ન કર્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? ગાથા દીઠ ભિન્ન ભિન્ન વાત કરે છે.

કહે છે, ઓહો..! એ જ **'શુદ્ધનિશ્ચયકર પરમાત્મા...'** એમ પાછો. જે વેદની, ભોગની

વાસનામાં પડ્યો જે કર્મ બાંધીને જે શરીર ને લિંગ ઉપજાવે છે, એ જ શુદ્ધનિશ્ચયનયે તો પરમાત્મા પોતે છે. અશુદ્ધનિશ્ચયમાં પડ્યો આવા ભાવ કરે છે. સમજાણું કાંઈ? '**વહી શુદ્ધનિશ્ચયકર પરમાત્મા હૈ.**' ભગવાન આત્મા બેહદ અનંત અચિન્ત્ય જ્ઞાન આનંદનો કંદ ધામ... આહા..હા..! એ જ પરમાત્મા છે, હોં! કહે છે.

**ભાવાર્થ :- 'અર્થાત્ અશુદ્ધપનેકો પરિણત હુઆ જગતમેં ભટકતા હૈ,...'** અશુદ્ધપણે, વિકારપણે, પુણ્ય-પાપપણે વિકારની વૃત્તિઓ તે હું એમ માનીને પરિણમતો, અશુદ્ધપણે પરિણત નામ પર્યાયમાં વિકારપણે એકલો વિકારમય છું એમ પરિણમીને-થઈને, જગતમાં ચોરાશીમાં ભટકે છે. જ્યાં ત્યાં ભીખ માગી રહ્યો છે. આહા..! 'ભટકત દ્વાર દ્વાર લોકન કે, કુકર આશા ધારી' 'આનંદઘનજી' કહે છે. 'ભટકત દ્વાર દ્વાર લોકનકે' આ કુતરા ન હોય કુતરા? બિચારાને ટાણા થાય ને દશ વાગે. જ્યાં ક્યાંક ધુમાડો દેખાય, ક્યાંક ગંધ આવે ચોખાની કે રોટલાની, એ ત્યાં મોઢુ નાખે. એના ઓટલા ઉપર જઈને આમ મોઢું કરીને નાખે. બે પગ ભલે હેઠે રાખે પણ આમ મોઢું રાખે. સુગંધ આવે ને સુગંધ? અહીં આપશે, અહીં આપશે. 'ભટકત દ્વાર દ્વાર લોકન કે, કુકર...' એમાં વળી કોઈ એવા ઘર હોય, માંડ ખાય એવું હોય, એમાં કાંઈ મળે નહિ બિચારાને.

એમ કહે છે, અરે..! આત્મા! એ ચોરાશીના અવતારમાં કૂતરાની પેઠે ભટક્યો. ક્યાંય મને સુખ, ક્યાંય મને સુખ, ક્યાંય સુખ (મળે). 'ભટકત દ્વાર દ્વાર લોકન કે, કુકર આશા ધારી' પણ ચૈતન્ય ભગવાન અંદર બિરાજે છે આનંદકંદ પ્રભુ! એની તેણે શોધ ને નજરું તેં અનંત કાળમાં કરી નહિ. આહા..હા..! માગે, હોં! કોઈ પૈસા દેશો? આહા..હા..!

કાલે એક છોકરો હતો. દિશાએ ગયા હતા ને? એને માર્યો હશે એના મા-બાપે. હરિજનનો હશે એવું લાગે છે. આ શેઠનો ખૂણો છે ને? ઓલી કોર ઊભો હતો. આડો ઊભો રહ્યો. મને વહેમ પડ્યો. જતા વળતા સુધી એમ ને એમ ઊભો રહ્યો. આડો ઊભો રહે આમ જાય.. આડો ઉભો રહે આમ જાય. શું છે આ? છોકરો ૧૧-૧૨ વર્ષનો હતો. એલા! પણ શું છે? કીધું, અહીં કેમ ઉભો છે? મને મા-બાપે માર્યો છે એટલે હું અહીં આવ્યો છું. હવે ગામમાં રોટલીનું બટકું, રોટલીનું બટકું માગીને ખાઈશ. દશ વાગ્યાનું ટાણુ થયું. હવે માર્યો હશે ને હવે આવ્યો હવે એ વખતે જાવું, રોટલાનું બટકું માગીને ખાઈશ. તમે આપશો? એમ મને પાછો કહે.

મુમુક્ષુ :— એ તો ગરજવાન હતો.

ઉત્તર :— અને હું એની કોર ગયો પાછો એને જોવા. શું છે, કીધું, આ તે કાંઈ? ઓલા છોકરાઓને ટેવ હોય છે ને કોઈકનું ચોરી આવે પછી ખાડો કાઢીને દાટે. પણ એ તો જીથરીનો

છે, અહીં ન આવે. પછી તો બરાબર લાગ્યો કે, આ મા-બાપે માર્યો છે હવે હું અહીં ઊભો છું. મારે ગામમાં રોટલીનું બટકું માગીશ. રોટલી માગીશ એમ બોલ્યો નહિ. રોટલીનું બટકું માગીશ ને ખાઈશ. તમે આપશો? આહા..!

... છે કે નહિ એવી પછી એને ખબર રહેતી નથી. ટાણા થઈ ગયેલા દશ વાગ્યાના. હવે એને ક્યાં જવું? બરાબર એ વખતે માર્યો હોય ને કાઢ્યો હોય. હવે એ વખતે તરત શી રીતે જાવું? એ તો એના મા-બાપ વળી શોધવા આવે. ઓલા ખૂણે સંતાણો હતો. શેઠનું મકાન છે ને? તદ્દન ઓલે ખૂણે. એટલે બે બાજુ ધ્યાન રહે. આની કોરનું ધ્યાન રહે, આમ આડો હોય તો અહીં સંતાય, આમ આવે તો આમ સંતાય. ઓલા ખૂણા ઉપર. ઘણીવાર જતા-વળતા જોયું. આ શું? અરે..! ભિખારી! અને મૂળ જાત ઓલી હશે તો રોટલીનું બટકું માગીને ખાઈશ. વાણિયાનો દીકરો હોય તો એવું બોલે નહિ. એ તો કોઈક હતો. પણ એ કોણ જાણે. પેલા કહે, હરીજન લાગે છે. ભાઈ કહે. એવો કો'ક છે. રોટલીનું બટકું માગીશ, એમ કીધું. રોટલી માગીશ એમ ન કીધું. કેમકે આખી રોટલી કોઈ ન આપે, બટકું બટકું માગીશ ને ખાઈશ કહે. કાળી પહેરીને આવેલો.. શું કહેવાય એ? ચડ્ડી અને એક ઝભ્ભો. આ દશા.

જગત આ રીતે ભીખ માગી રહ્યું છે. ભગવાન સાથે કરી તકરાર. પોતાનો ભગવાન આનંદમૂર્તિ, એનો ખોરાક જ્યાં મળે એના ટાણા એમાં એની સાથે કર્યો વિરોધ, અને વિકારભાવ એકલો પુણ્ય-પાપ, કામ-ક્રોધ, રાગ-વિકાર કરી ક્યાંય સુખ, ક્યાંય સુખ માગ્યા માગ (કરે છે). બટકું માગે. લાવ બટકું તો બટકું. ઘણે ઘરે કરશું પૂરું. પોપટભાઈ! ક્યાંય પૈસામાં સુખ થોડું, કોઈ બાયડીમાં, કોઈ મકાનમાં, કોઈ આબરૂમાં, કોઈ પહેરવામાં, કોઈ લૂગડામાં, કોઈ નાવામાં, કોઈ ધોવામાં, કોઈ સાબુ લગાડવામાં. ક્યાંક ક્યાંક થોડું... થોડું... થોડું... થોડું... થોડું... કટકો લેશું સુખનો. એમ કરીને પેટ ભરશું. ઓલુ બટકું બોલ્યો ને એટલે મને થયું, આ કેમ આખી રોટલી ન બોલ્યો? પણ એને બિચારાને ભરોસો ન હોય કે આખી રોટલી આપે કે નહિ આપે. આહા..હા..!

આ દુનિયા ભિખારી. ભગવાન આત્મા ભર્યા ભાણા પડ્યા છે અંદર. એ અતીન્દ્રિય આનંદનો ભગવાન પરમાત્મા પોતે છે. એને ચાટવા ન જાતાં, એ પુણ્ય ને પાપની વાસના, ભોગની વાસના, સ્ત્રી, પુરુષ, નપુંસકની વાસના, એની મીઠાશ (લીધી), એમાં બાંધ્યા કર્મ, એના થયા શરીર, એમાં મળ્યા એના આકાર લિંગ. પછી માગ્યા કરે, ક્યાંક આ કરું તો આમ થાય, આ ખાવ તો આમ થાય, આ કરું આમ થાય. હેરાન, હેરાન ભિખારી થઈ રહ્યો છે. એવા જગતને ઉત્પન્ન એણે કર્યું છે, બીજો કોઈ નથી. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૯, મંગળવાર, તા. ૧૯-૧૦-૧૯૬૫**
**ગાથા-૪૦, ૪૧, પ્રવચન-૨૭**

પહેલા ભાગની ૪૦મી ગાથા ચાલે છે. જુઓ! અહીંયા આવ્યું. 'વહી...' 'परमात्मा' '**शुद्धनिश्चयकर परमात्मा है.**' છેલ્લો શબ્દાર્થ, એનો છેલ્લો શબ્દાર્થ. એટલે શું કહે છે? કે, આ આત્મા વસ્તુ તરીકે આનંદ અને શુદ્ધ સ્વરૂપ (છે). શુદ્ધ દષ્ટિના નયે દેખતા એ શુદ્ધ-સ્વરૂપ જ છે. એ વસ્તુ પદાર્થ સચ્ચિદાનંદ શુદ્ધ પરમસ્વરૂપ, એ શુદ્ધનિશ્ચયનય એટલે સત્ય નયથી જોતા એ પોતે જ આત્મા પરમાત્મા છે.

'**अर्थात् अशुद्धपनेको परिणत हुआ...**' એ આત્મા પોતાના આનંદ અને શાંત રસને ભૂલી... સમજાય છે? પોતે આનંદ અને શાંત, અતીન્દ્રિય શુદ્ધ ચૈતન્યમૂર્તિ, એવો શુદ્ધ નિશ્ચયથી પરમાત્મા પોતે હોવા છતાં, પોતાના અતીન્દ્રિય આનંદના સ્વાદને, શાંતિને ભૂલી, '**अशुद्धपनेको परिणत हुआ...**' એ મિથ્યાત્વ અને રાગ-દ્વેષપણે પરિણત થયો. શુદ્ધ આનંદસ્વરૂપ, શુદ્ધ શાંત વીતરાગ અકષાયસ્વરૂપ, એની પ્રતીતિ ન કરતાં, આનંદનું વેદન ન લાવતાં, એનાથી વિરૂદ્ધ પુણ્ય-પાપના ભાવથી જીવને દુભાવ્યો એણે. સમજાણું કાંઈ? શુભ-અશુભ પરિણામ એનાથી આત્માની શાંતિને એણે દઝાડી. એથી અશુદ્ધપણાની પરિણતિથી, એકલા પુણ્ય-પાપ, કામ-ક્રોધ, વિકાર પરિણતિથી, '**जगतमें भटकता है,...**' કહો, સમજાય છે કાંઈ?

પોતાનો નિજ સ્વરૂપ અંતર આત્મા, અતીન્દ્રિય આનંદનો કંદ આત્મા, એવું ભાન ન કરીને અને એકલા વિકારની-અશુદ્ધ વિકાર પરિણતિપણે વિકારપણે થયો થકો. શુદ્ધ સ્વભાવમાં ભટકવું એવું નથી, પણ ઊંધી અવળી પરિણતિ કરીને જગતનો કર્તા થઈ જગતમાં ભટકે છે. સમજાણું કાંઈ? કર્તા એટલે? કે, અશુદ્ધ પુણ્ય-પાપના મલિન ભાવનો કર્તા થઈ, કર્મ બાંધી ત્રસ-સ્થાવર એવા શરીરાદિની રચના એ જીવ કરે છે, એથી તે જગતનો કર્તા છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**और शुद्धपनेरूप परिणत हुआ...**' એ ભગવાન આત્મા વિકારની એકતાપણે પરિણત થયો થકો જગતમાં ભટકે છે અને ત્રસ સ્થાવર આદિ શરીરોની રચનાનો વ્યવહારે કર્તા થઈને જગત એટલે શરીરનો કર્તા કહેવામાં આવે છે. એ જ આત્મા '**शुद्धपनेरूप परिणत हुआ...**' ભગવાન આત્મા હું આનંદ અને શુદ્ધ નિર્મળ છું. મારા સ્વરૂપમાં પુણ્ય-પાપ આદિ વિકલ્પની પણ જેમાં ગંધ નથી અને ગંધ હોય તો અતીન્દ્રિય આનંદની જેમાં સુવાસ છે. સમજાય છે કાંઈ? પુણ્ય ને પાપના મલિન અશુદ્ધ પરિણતિ, એ ભાવ તો એના સ્વરૂપમાં નથી, છે તો

સુવાસ-અતીન્દ્રિય આનંદની સુવાસથી ભરેલો ભગવાન છે. એવી અતીન્દ્રિય આનંદના સુવાસની શ્રદ્ધા, જ્ઞાનની પરિણતિ દ્વારા, એની શુદ્ધપણારૂપ પરિણતિ નામ પર્યાય, પર્યાયપણે પરિણમતો થકો. '**વિભાવ (વિકાર) પરિણામોંકો હરતા હૈ,...**' આ કર્તામાં હર્તા જરી નાખ્યું છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ એનો પ્રેમ, રુચિ છોડી અને એકલા મલિન પુણ્ય-પાપના ભાવને અનાદિથી કરે છે. એથી એને શરીરનો, જગતનો, આ ત્રસ સ્થાવરનો કર્તા કહેવામાં આવે છે. બીજો કોઈ ઈશ્વર જગતકર્તા છે એમ નથી. કહો, સમજાણું?

મુમુક્ષુ :— ... એનું જ્ઞાન કર્યું જગતને?

ઉત્તર :— કોણ જીવ? એ પોતે દરેક જીવનો કર્તા, દરેક પોતપોતાના સૃષ્ટિનો કર્તા (થાય છે). ન્યાય તો એ આપ્યો. વેદ વાસનામાં પડ્યો, નિર્વિકારી ભગવાન આનંદની સુવાસની-સુગંધની પ્રતીતિ જ્ઞાન નહિ કરતો વેદનો (ભોગવટો કરે છે). મૂળ તો વેદ લીધું છે. એથી ઉપાડ્યું ભોગની વાસના. એ વાસના ભોગની, આનંદના ભોગવટાથી વિરુદ્ધ, અતીન્દ્રિય આનંદના અનુભવ ભોક્તથી વિરુદ્ધ જે વેદની વાસના સ્ત્રી, પુરુષ, નપુંસકના ભોગની વાસનાએ પરિણમ્યો, કર્મ બાંધી અને શરીરને રચે તે જગતનો કર્તા એ જ આત્મા છે. સમજાણું કાંઈ? એવા અનંત આત્માઓ પોતાના શરીરની સૃષ્ટિને, શુદ્ધ સૃષ્ટિને ઉત્પન્ન નહિ કરતાં, અશુદ્ધ પરિણતિ મલિનભાવને ઉત્પન્ન કરનારો, શરીરની સૃષ્ટિ કરનાર એ જીવને કહેવામાં આવે છે. આહા..હા..! કહો, સમજાણું?

કોઈ ઈશ્વર હશે કે નહિ જગતમાં કર્તા બીજો? આહા..હા..! ભાઈ! તું જ તારો ઈશ્વર ઊંધો પડ્યો. અશુદ્ધ. ભગવાન તો શુદ્ધ ચિદાનંદની મૂર્તિ શુદ્ધ નિશ્ચયથી તો વસ્તુ છે. એનો અંતર આદર નહિ, આશ્રય નહિ, શ્રદ્ધા નહિ, અવલંબન નહિ. એકલા વિકારના પરિણમન અનાદિ એકેન્દ્રિયથી માંડી નવમી ગ્રૈવેયક તક જે ગયો, એ જીવ પોતાના અશુદ્ધ મલિન મિથ્યાત્વ સહિત વિકારી પરિણામે પરિણમતો, એ અશુદ્ધ પરિણતિનો જીવ કર્તા છે, અને એનાથી બંધાયેલું કર્મ એનો વ્યવહારનયે કર્તા છે. એનાથી ત્રસ સ્થાવરના શરીરો બન્યા એનો વ્યવહારનયે કર્તા છે. એ રીતે અનાદિથી કર્તા થઈને ભટકે છે. કહો, સમજાય છે આમાં?

એ જ ભગવાન આત્મા '**શુદ્ધપનેરૂપ પરિણત હુઆ...**' પોતાનો આનંદ સ્વભાવ વેદ વાસના રહિત (છે). વેદ ને ત્રસ સ્થાવર બે જ લીધા છે. ભગવાન! ભાઈ! વેદ વાસના વિનાનો, અતીન્દ્રિય આનંદના સ્વભાવની સુગંધથી ભરેલો એવો ભગવાન પોતાના અંતરમાં પોતાના અનુભવથી આત્માનો વિશ્વાસ કરતો, શુદ્ધપણે પરિણમતો-શુદ્ધપણે થતો, જેવો શુદ્ધ સ્વભાવ અતીન્દ્રિય આનંદ છે, એવી શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ શુદ્ધપણે થતો, થયો થકો. '**પરિણત હુઆ...**' એટલે કર્તા એ પોતે (થાય છે), એમ કહે છે. જેમ અશુદ્ધ પરિણતિનો કર્તા આત્મા હતો, એ રીતે શુદ્ધ પરિણતિનો કર્તા ભગવાન આત્મા પોતે જ છે. સમજાણું કાંઈ? એમાં

કર્મ-બર્મને લઈને શુદ્ધપણું આવ્યું કે અશુદ્ધપણું આવ્યું એ અહીં વાત છે જ નહિ. નિમિત્તનું જ્ઞાન કરાવવા ક્યાંય વાત ભલે હો. સમજાણું આમાં?

પોતે જ પોતાના પરમાત્મા આનંદસ્વરૂપને ભૂલી, એકલા મિથ્યા શ્રદ્ધા સહિતના મલિન પરિણામે પરિણમતો, અશુદ્ધનો કર્તા થતો કર્મ ને શરીરનો વ્યવહારે કર્તા એ થાય છે. એ જ આત્મા પોતાના શુદ્ધ આનંદસ્વરૂપના અનુભવ દષ્ટિના પરિણતિથી, પોતાના શુદ્ધસ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિની પરિણતિ નામ પર્યાય નામ અવસ્થા દ્વારા, એ અશુદ્ધપણાની પરિણતિનો હર્તા એ આત્મા છે, બીજો કોઈ હર્તા નથી. કહો, સમજાણું આમાં? જગતનો કોઈ નિયંતા કર્તા-હર્તા છે કે નહિ? કે, તું તારો કર્તા ને તું તારો હર્તા (છો), પ્રભુ! આહા..હા..! સમજાણું?

મુમુક્ષુ :— બ્રહ્માએ શું કર્યું?

ઉત્તર :— બ્રહ્માએ શું કર્યું? આ બ્રહ્મા આત્મા, એણે ઉત્પન્ન કર્યો વિકાર, એની થઈ આ સૃષ્ટિ શરીર આદિ. પોતાના સ્વરૂપનું ભાન કરતા, પરિણતિ કરતા એ વિકારની સૃષ્ટિનો સંહાર કર્યો. એનાથી કર્મ ને શરીર ન મળ્યા (એટલે) એનો સંહાર કર્યો એમ વ્યવહારે કહેવામાં આવે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**શુદ્ધપનેરૂપ પરિણત હુઆ...**' ભગવાન આત્મા પોતાના પવિત્ર આનંદસ્વરૂપની સન્મુખની દૃષ્ટિ કરી અને શુદ્ધપણાના પરિણમનથી (પરિણત થયો). કારણ કે, વસ્તુ શુદ્ધ છે, એ શુદ્ધના સન્મુખથી શુદ્ધનું પરિણમન, એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ શુદ્ધ પરિણમન શુદ્ધતામાંથી આવેલું. એવા શુદ્ધ '**પરિણત હુઆ...**' અશુદ્ધ જે મિથ્યાત્વ રાગ-દ્વેષ આદિ પરિણતિ હતી, એના વિકારનો હર્તા થયો. એ આત્મા વિકારનો હર્તા થયો. શુદ્ધભાવનો કર્તા થયો. અશુદ્ધનો કર્તા હતો, એ શુદ્ધ કર્તા થઈ, અશુદ્ધનો હર્તા થયો. કહો, સમજાણું કાંઈ? આહા..! એને કોઈ તારી દે ને કોઈ ઉગારી દે ને કોઈ મારી દે, એવી કોઈ ચીજ જગતમાં નથી. લ્યો! આ કર્મે હેરાન કર્યા એ ના પાડી અહીં. અને પરમાત્મા જે ઉગારી દે એની ના પાડી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— તું તને બુડાડ ને તું તને તાર. બાકી બીજી વાતુંમાં કોઈ માલ છે જ નહિ, એમ કહ્યું. સમજાણું?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— કોણ દેવ, દેવલો હતો? મોટો દેવ તો આ છે. ભગવાનને આરાધનાનો જે વિકલ્પ, એના પર તરફના લક્ષે વિકલ્પ છે, ભગવાન એમ કહે છે. ભગવાન એમ કહે છે કે, તું તારા શુદ્ધ પરિણતિથી તું તારા સ્વભાવનો કર્તા થઈને વિકારનો હર્તા થા. એમ ભગવાન ફરમાવે છે. કહો, આહા..હા..!

'**યહ જીવ હી જ્ઞાન અજ્ઞાન દશાકર કર્તા-હર્તા હૈ...**' દેખો! જ્ઞાન દશાકર શુદ્ધનો કર્તા અને અશુદ્ધનો હર્તા, અજ્ઞાન દશાકર અશુદ્ધનો કર્તા અને શુદ્ધનો હર્તા. લ્યો! સમજાણું કાંઈ? '**ઔર દૂસરે કોઈ ભી હરિહરાદિક કર્તા-હર્તા નહીં હૈ.**' કોઈ હરિહરાદિ શંકર, ઈશ્વર, ભગવાન કર્તા-હર્તા નથી. સમજાણું કાંઈ?

ભાવાર્થ :- '**પૂર્વ જો શુદ્ધાત્મા કહા થા, વહ યદ્યપિ શુદ્ધનયકર શુદ્ધ હૈ,...**' એટલે કે સાચા શ્રુતજ્ઞાનથી જોતા, સમ્યક્ શ્રુત જ્ઞાનથી જોતા, એ તો વસ્તુ શુદ્ધ જ છે. વસ્તુ પરમાનંદની મૂર્તિ એકલો અતીન્દ્રિય આનંદથી ભરેલો સાગર છે. ભગવાન અતીન્દ્રિય આનંદથી ભરેલો સમ્યક્ શ્રુતજ્ઞાનથી જુઓ તો શુદ્ધ આનંદની ભરેલું તત્ત્વ છે આત્મા. '**તો ભી...**' તોપણ '**અનાદિસે સંસારમેં...**' અનાદિથી સંસારમાં નિગોદથી માંડીને '**જ્ઞાનાવરણાદિ કર્મ બંધકર ઢકા હુઆ...**' લ્યો! સમજે? પોતાની અશુદ્ધ પરિણતિથી ઢંકાણો છે તે અશુદ્ધ નિશ્ચય અને કર્મથી ઢંકાણો છે તે વ્યવહારનય. એ અસદ્ભુત, અસદ્ભુત.

'**વીતરાગ, નિર્વિકલ્પસહજાનન્દ, અદ્વિતીય સુખકે સ્વાદકો ન પાનેસે...**' દેખો! ભાષા. આગળ એક આવશે પછી પણ શંકર અને હરિહર આદિ, પણ એ ત્યાં વીતરાગ નિર્વિકલ્પ ઉત્કૃષ્ટ તે ભવમાં મોક્ષ જનાર એવો ભાવ લેશે. અહીં તો અનાદિથી આ નથી પામ્યો એમ કહે છે. એનો અર્થ થયો કે, '**અનાદિસે સંસારમેં જ્ઞાનાવરણાદિ કર્મ બંધકર ઢકા હુઆ વીતરાગ, નિર્વિકલ્પસહજાનન્દ, અદ્વિતીય સુખકે સ્વાદકો ન પાનેસે...**' શું કહ્યું? સમ્યગ્દર્શનની વ્યાખ્યા કરતાં આ કહ્યું. પોતાનું અતીન્દ્રિય આનંદ સ્વરૂપ, વીતરાગ સ્વરૂપ, નિર્વિકલ્પ સહજ આનંદ, અજોડ સુખ, જેના આનંદની જોડ જગતમાં ન મળે, એવા સુખનો સ્વાદ, એ સમ્યગ્દર્શન પાયા વિના એનો સુખનો સ્વાદ એને આવતો નથી. સમજાણું કાંઈ?

અહીં વેદની સામે લેવું છે ને? પોતાના આનંદનો સ્વાદ નહિ પામીને એમ કહ્યું છે. એમ નથી કહ્યું કે, વ્યવહાર સમકિત થયું તો પામ્યો હતો ને નિશ્ચય સમકિત નહોતો પામ્યો. સમજાણું? એ પહેલે સમ્યક્ જે છે એ જ પામ્યો નથી. અનાદિથી રખડ્યો એનું કારણ, ભગવાન રાગ રહિત નિર્વિકલ્પ શાંત એવો આત્માનો આનંદરસ, શાંતરસ, ઉપશમરસ, અવિકારીરસ એના સ્વાદને '**અલભમાનો**' એના સ્વાદને નહિ પામતો... એના સ્વાદને પામે તો સમ્યગ્દર્શન થયું ને એને જન્મ-મરણ હોય નહિ. સમજાણું કાંઈ?

અનાદિ કાળથી પોતાનું અદ્વિતીય સુખ જેના અંતરમાં આનંદ-અજોડ આનંદ, તેજ જેવો આનંદ. ચક્રવર્તી ને ઈન્દ્રોના સુખની ગંધ એ બધી ઝેરવાળી ગંધ. એનાથી આ વિપરીત (સુગંધ છે). આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ, એના અંતર સમ્યગ્દર્શનમાં (થતા) આનંદના સ્વાદને નહિ પામતો. સમજાણું કાંઈ? '**વ્યવહારનયકર ત્રસ ઔર સ્થાવરરૂપ...**' વ્યવહારકર આ સ્થાવર-

–એકેન્દ્રિય, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિના શરીર અને ત્રસના. બેઈન્દ્રિય, ત્રણેઈન્દ્રિય, ચૌઈન્દ્રિય, નારકી, મનુષ્ય, પશુ–ઢોર અને દેવ.

'**સ્ત્રી, પુરુષ, નપુંસક લિંગાદિ...**' અરે..! જેમાં અવેદ નિર્વિકારી ભગવાન આત્મા એ પોતાના નિર્વિકારી આનંદના સ્વાદને નહિ પામતો '**સ્ત્રી, પુરુષ, નપુંસક લિંગાદિ સહિત હોતા હૈ,...**' એ વેદના લિંગો એને મળે છે. અંદર વિકારની વાસના અને બહારના આ દેહના આકાર. જે બેય વસ્તુમાં છે નહિ. સમજાણું કાંઈ? આ સ્ત્રીવેશ, પુરુષલિંગ, નપુંસકલિંગ એ બધા મિથ્યાત્વભાવથી આત્માના આનંદના સ્વાદના અભાવમાં વિકારી દુઃખના સ્વાદથી આ બધા લિંગો એને પ્રાપ્ત થાય છે. કહો, સમજાણું કાંઈ? લ્યો! પુરુષવેદ થયો એ બહુ સારું થયું. સ્ત્રીવેદ કરતાં પુરુષવેદ સારોને, એમ કહે છે ને? અહીં તો કહે છે કે, ભગવાન આત્મા પોતાના અંતર આનંદના સ્વાદને અણપામતો આવા લિંગને પામે છે. કહો, સમજાણું કાંઈ?

એક ફેરી કહેતા, વાત આવતી. ચક્રવર્તીની રાણી કરતા કૂતરો મહા પુણ્યવંત. પુરુષ વેદે પામ્યો. ત્યાં પેલા બિચારા (ભરમાઈ જાય)... ઓહો..હો..હો..! શું મહાસતી પણ વ્યાખ્યાન (આપે છે)! સ્ત્રીવેદ કરતાં પુરુષવેદનું પુણ્ય કેટલું! સાંભળનારને ભાન ન મળે એટલે શું આ કહે છે એની ખબર ન મળે. પણ પુરુષ છેને કુતરો પણ, ચક્રવર્તીની રાણી સ્ત્રી છે. સ્ત્રી કરતાં પુરુષના કેટલા પુણ્ય કે કુતરાનો વેદ મોટો! પેલા કહે... આહા..હા..! વ્યાખ્યાન કાંઈ કર્યું આજે!

મુમુક્ષુ :– ... પ્રમાણ કહેતા હશે ને?

ઉત્તર :– પ્રમાણ કહે. બધા એવા જ હોય ત્યાં. સમજાણું?

મુમુક્ષુ :– એમ જ ચાલ્યું છે અત્યાર સુધી.

ઉત્તર :– લ્યો! આમાં ઘણા પોઈન્ટ મૂક્યા છે, હોં! કાલ આ. પોઈન્ટ બહુ મૂક્યા. ઓહો..હો..! ઘણા મૂક્યા છે આજે. એ હતું શું આ? 'કાનજીસ્વામી' પહેલા હતું શું આપણે અહીં? આમતોર પર... આમતોર એટલે શું? પુણ્ય કરો ને આ કરો ને વ્યવહાર કરો ને પુણ્ય કરો ને એ વાત હતી. આત્માની શુદ્ધિ એ હતું કે દિ'? આ જ્યાં નિશ્ચય આત્મા, નિશ્ચય સમકિત અને પુણ્ય હેય. એ ત્રણ વાત આવી તે લોકો .... થઈ જાય. ખળભળાટ થઈ ગયો. પોઈન્ટ તો ઘણા મૂક્યા. અત્યારે ફરીને પોઈન્ટ ઉપર એક એક ચિહ્ન કર્યા પાછા. સમજાણું કાંઈ? આહા..હા..! ઉપદેશના પરિવર્તનનું જવાબદારી બેને નાખી છે. બે કોણ ફેરવે? ... આહા..હા..!

કહે છે, ભગવાન આત્મા આ પુરુષલિંગ પામે એ આત્માના આનંદના સ્વાદના અભાવમાં મિથ્યાત્વભાવથી પામે, એમ કહે છે અહીં તો. આહા..હા..! સમજાય છે? એ પુરુષલિંગ, સ્ત્રીલિંગ, નપુંસકલિંગ એના સ્વાદ લેવા જાય છે એ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. ભગવાન આત્માના

આનંદનો સ્વાદ ન લેતાં, એ સ્વાદને અણપામીને, વિપરીત સ્વાદથી બંધાયેલા મિથ્યાત્વભાવથી બંધાયેલા કર્મ, એનાથી મળેલા ત્રણ વેદ, એ વેદના સ્વાદમાં જાય છે એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. એ જગતની આ સૃષ્ટિ એણે રચી છે. કહો, સમજાણું આમાં? આહા..હા..!

**'ઈસલિયે જગત્કર્તા કહા જાતા હૈ...'** આ માટે તેને જગતનો કર્તા કહેવામાં આવે છે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો સ્વાદ નહિ પામતા, ઊંધી શ્રદ્ધા, જ્ઞાન દ્વારા કર્મ બાંધીને જે શરીર ને અહીં લિંગો મળ્યા, વળી એ લિંગોમાં સ્વાદ લેવા જે મથે છે, એ નવા લિંગો ઉત્પન્ન કરવાના કારણને સેવે છે. મોક્ષના માર્ગની ખબર નથી કે છૂટવું કેમ એની એને ખબર નથી. આહા..હા..! ભારે વાત, ભાઈ! સમકિતી છન્નું હજાર (સ્ત્રીના) વૃંદમાં પડ્યો, એ ભોગના સ્વાદને દુઃખ, ઝેર માને છે. એ પોતાના આનંદના સ્વાદની મીઠાશ આગળ, એ અશુભભાવને ઝેર, દુઃખદાયક, આવેલો મોટો ઉપસર્ગ માને છે. સમજાણું કાંઈ?

મિથ્યાદૃષ્ટિ વિષયની વાસનાની મજા (માને છે). ભારે અનુકૂળ, ભારે મજા. મૂઢ એવી વાસનામાં એકત્વ થયેલો મીઠાશમાં પડેલો, નવા વેદના લિંગો ઊભા કરે છે અને ત્રસ સ્થાવરમાં ભટકી રહ્યો છે, એમ કહે છે. કહો, ભીખાભાઈ! આહા..હા..!

સમ્યગ્દૃષ્ટિને આત્માના આનંદના સ્વાદ આગળ છન્નું હજાર (સ્ત્રી)ને કરોડો અપ્સરાના ભોગનો વિકલ્પ ઝેર, દુઃખ છે. જાણે બાણ વાગતા હોય ઊના ઊના કરેલા, લોઢાના ઊના ધગધગતા કરેલા બાણ વાગતા હોય એમ જ્ઞાનીને લાગે છે. અજ્ઞાનીને એ ભોગમાં મીઠાશમાં, મીઠાશમાં તણાતો, મિથ્યાત્વભાવથી સ્વાદ લેતો, અનંતા નવા વેદ અને ત્રસ સ્થાવરના શરીરને ઉત્પન્ન કરે છે. એ જગતનો કર્તા એ આત્મા પોતે. કહો, ...ભાઈ! આહા..હા..! 'પરમાત્મપ્રકાશ' ગાથા દીઠ વાત જ જુદી જાતની નાખે છે. સમજાણું કાંઈ?

**'અન્ય કોઈ ભી દૂસરોંકર કલ્પિત પરમાત્મા નહીં હૈ.'** આ વિવિધ પ્રકારના ત્રસ, સ્થાવરના શરીરો ને વેદો એ કોણે કર્યા? તેં તારા આનંદને ભૂલીને દુઃખદાયક અશુદ્ધ પરિણતિથી બધા કર્યા. સમજાય છે કાંઈ? બીજો કોઈ કર્તા નથી. એને ટાળનારો બીજાની કૃપાથી ટળે એવું પણ નથી. લ્યો! **'યહ આત્મા હી પરમાત્માકી પ્રાપ્તિકે શત્રુ...'** દેખો! જુઓ! ભગવાન આત્મા એના આનંદથી વેરી, **'તીન વેદોં (સ્ત્રીલિંગાદિ) કર ઉત્પન્ન હુએ રાગાદિ વિકલ્પ જાલોંકો...'** દેખો! જુઓ! આહા..હા..! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદના સ્વાદથી ઉલટો. આ સ્ત્રી, પુરુષ, નપુંસકના રાગથી ઉત્પન્ન થયેલો વેદના ભોગની વાસનાથી. **'નિર્વિકલ્પસમાધિસે જિસ સમય નાશ કરતા હૈ,...'** એવા વિકલ્પને, રાગને, મેલભાવને આત્માના નિર્વિકલ્પ શાંત દૃષ્ટિ-શ્રદ્ધા, જ્ઞાન, શાંતિથી, **'નાશ કરતા હૈ, ઉસી સમય ઉપાદેયરૂપ...'** એ જ ક્ષણે તે આત્મા ઉપાદેયરૂપ, **'મોક્ષ-સુખકા કારણ હોનેસે...'** મોક્ષના આનંદનો એ આત્મા અને

આત્માના આનંદનો અનુભવ કારણ હોવાથી '**ઉપાદેય હો જાતા હૈ.**' એ વખતે આત્મા અંગીકાર કરવા લાયક થઈ જાય છે. સમજાણું કાંઈ? એ શું કહ્યું?

વેદની વાસનાના ભોગ વાસના જે વિકલ્પની જાળું, એને ભગવાન આત્મા શુદ્ધ અંતર શુદ્ધ નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ દ્વારા છેદે છે. સમજાય છે? નાશ કરે છે. તે કાળે, તે આત્માને તે આત્માની શાંતિનું વેદન તે ઉપાદેય છે. ઉપાદેય શાંતિ આવી ત્યારે આત્મા ઉપાદેય થયો. નહિતર તો દૃષ્ટિમાં વિકાર ઉપાદેય હતો. સમજાણું કાંઈ?

આત્મા ઉપાદેય થયો ક્યારે કહેવાય? એકલી શ્રદ્ધામાં લીધો કે આત્મા (આવો), એમ નહિ કહે છે. ...ભાઈ! આહા..હા..! એ ભગવાન આત્મા અતીન્દ્રિય પ્રભુ, પોતાની અંદર નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ દ્વારા એ અશુદ્ધતાનો નાશ કરે ને શુદ્ધતા દ્વારા આત્માનો આદર કરે છે ત્યારે તે આત્મા ઉપાદેયપણે થયો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ઓહો..હો..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આ કેટલા ... થાય? તમે કહો ને. તમે શેઠાઈ કરી છે બહુ. તે દિ' તમે ત્યાં લાકડા કેટલા ખોસ્યા હશે? કલકત્તામાં મંત્રી હતા કે નહિ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ત્યાંનું બહુ કરતા હતા, લ્યો! ઠીક, જુઓ! ... કર્યા, પૈસા આપો, આમ કરો, ભાષણ કરે. કારણ કે, વક્તા પોતે. બે ગામ, બે તળાવ ને બે તળાવ આમ. કહો, કેટલા અપવાસે થાય? તમે કહોને તમે કેટલું કર્યું હતું પહેલેથી? એક તળાવ આમ જાય ને એક તળાવ આમ જાય. પાળ ફાટે એટલે. એની કોર એક કોર આમ જાય, એક કોર આમ જાય. એ કોર પાપના વખાણ કરે, તો વળી એક કોર પુણ્યના વખાણ કરે. દેખો! આહા..હા..! સમજાણું કાંઈ?

'**ઉસી સમય ઉપાદેયરૂપ મોક્ષ-સુખકા કારણ હોનેસે...**' એટલે કે આત્મા પરમાનંદની મૂર્તિ (સ્વયં છું) એવું અંતર સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ થઈ, ત્યારે આ ઉપાદેય છે એમ અભેદ થયો ત્યારે ઉપાદેય છે એમ થયું. નહિતર ઉપાદેય આત્મા એની દૃષ્ટિમાં રહ્યો નથી. દૃષ્ટિમાં તો રાગ ને પુણ્યનો વિકલ્પનો આદર જ્યાં છે ત્યાં આત્માનો આદર છે એમ બે સાથે હોઈ શકે નહિ, એમ કહે છે. ઓહો..હો..! 'પરમાત્મપ્રકાશે' બહુ ટૂંકી ને ઊંચી વાત કરી છે. સમજાણું કાંઈ?

૪૧મી ગાથા. '**આગે જિસ પરમાત્માકે કેવલજ્ઞાનસ્વરૂપ પ્રકાશમેં...**' ભગવાન પોતે આ કેવળજ્ઞાન આત્મા, હોં! ચૈતન્ય સૂર્ય ભગવાન દિપતો, લસલસતો ચૈતન્ય સૂર્ય બિરાજે છે આત્મા. કોઈ દિ' નજરું નાખી નહિ, એના વિશ્વાસ આવ્યા નહિ, એની સામું જોવા નવરો

થયો નહિ. આહા..હા..! જે આ આત્મા પરમ એટલે પરમસ્વરૂપ, પરમ આત્મા એટલે પરમસ્વરૂપ એવું, **'કેવલજ્ઞાનસ્વરૂપ પ્રકાશમેં જગત બસ રહા હૈ,...'** એવા પરમાત્મામાં, કેવળજ્ઞાનમાં આખું જગત વસે છે. જાણવારૂપે જગત વસે છે, કરવારૂપે જગતનું કાંઈ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! એક વિકલ્પથી માંડીને કાંઈ કરવાપણું ચૈતન્યમાં બિલકુલ નથી અને ભગવાનના જ્ઞાનમાં લોકાલોક બધું અંદર વસે છે, જાણવાની અપેક્ષાએ. ઓહો..હો..! સમજાણું? **'તો ભી વહ જગતરૂપ નહીં હૈ,...'** એના જ્ઞાનમાં બધું જણાય છતાં પરરૂપ કોઈ દિ' થાય નહિ. એવો આ ભગવાન આત્મા કેમ છે એ વર્ણવે છે.

૪૧) जसु अब्भंतरि जगु वसइ जग-अब्भंतरि जो जि।
जगि जि वसंतु वि जगु जि ण वि मुणि परमप्पउ सो जि।।४१।।

**'જિસ આત્મારામકે કેવલજ્ઞાનમેં...'** જ્ઞાનની પ્રકાશમય મૂર્તિમાં પર્યાય પ્રગટ હો તોપણ... શક્તિ કહો બધું એક જ છે. **'સંસાર બસ રહા હૈ,...'** સારા સંસાર જેમાં જાણવામાં આવી ગયો છે. એના જ્ઞાનમાં સ્વ-પરપ્રકાશના સામર્થ્યમાં બધું જાણવારૂપ સામર્થ્ય એનું છે. **'પ્રતિબિમ્બિત હો રહા હૈ,...'** જેના કેવળજ્ઞાનની પર્યાયમાં લોકાલોક જાણવામાં આવ્યા છે. પ્રતિબિંબનો અર્થ જાણવામાં આવ્યા. **'પ્રત્યક્ષ ભાસ રહા હૈ, ઔર જગતમેં વહ બસ રહા હૈ,...'** જગતમાં આત્મા વ્યાપ્યો છે એટલે એના જ્ઞાન તરીકે વ્યાપ્યો કહેવાય છે ને?

**'સંસારમેં નિવાસ કરતા હુઆ ભી નિશ્ચયનયકર કિસી જગતકી વસ્તુસે તન્મય (ઉસ સ્વરૂપ) નહીં હોતા,...'** ભગવાન જ્ઞાનસ્વરૂપ બધી ચીજોને જ્ઞાનમાં જાણવા છતાં અને આત્મામાં જગત જાણે જ્ઞાનરૂપે આવ્યું એમ છતાં, અને એ જગતમાં આત્મા ગયો એટલે તેનું જ્ઞાન કર્યું એમાં વ્યાપ્યો એમ હોવા છતાં, તે જગતને (કે) રાગાદિને કોઈ દિ' અડતો નથી. **'સબમેં વ્યાપ રહા હૈ. પ્રત્યક્ષ ભાસ રહા હૈ, વહ જ્ઞાતા હૈ ઔર જગત જ્ઞેય હૈ,...'** શું કહે છે સમજાય છે? એ ચૈતન્યગોળો, ચૈતન્યપ્રકાશનું રૂપ પ્રભુ એ તો જાણનાર, દેખનાર છે અને વિકલ્પથી માંડીને બધું જ્ઞેય જગત છે.

બસ, બે વાત. એક કોર રામ ને એક કોર ગામ. ભગવાન ચૈતન્યપ્રકાશનો ગોળો, જેને વિકલ્પથી માંડીને બધી ચીજનું જાણવું પોતાના સ્વભાવ સામર્થ્યથી વર્તે છે. પણ તે ભગવાન જગતમાં વસે, જગત અહીં વસે જ્ઞાન તરીકે, છતાં જગતને બિલકુલ અડતો નથી. આહા..હા..! એ પુણ્ય-પાપના ભાવને સ્પર્શતો નથી. અત્યારે, હોં! જ્ઞાતા એવો એ છે. માન્યતામાં એણે ફેર કર્યો છે. સમજાય છે? ઘરમાં ગોળા નથી ટાંગતા? શેના કાચના કહેવાય કે શું કહેવાય એ? લીલા ને પીળા ને. એમાં આખું ઘર દેખાય આમ બારી-ફારી. ઓલું આખું ઘર જાણે ગરી ગયું હોય. સરીયા-બરીયા દેખાય, હોં! જોયું છે કે નહિ? જોતા જોતા નજર તો પડી

ગઈ હોય ને. બધું જોયું તો હોય કે નહિ? સરીયા દેખાય, બારી દેખાય, આમ અડધી દેખાય, અડધી બંધ હોય તો અડધી દેખાય, ઉઘાડી દેખાય. એમાં બધું દેખાય. એમ ચૌદ બ્રહ્માંડમાં ભગવાન ચૈતન્યગોળો લટકતો અદ્ધર છે, હોં! અદ્ધર. નિરાલંબી, કર્મ ને શરીર વિનાનો, શરીર ને કર્મના આધાર વિનાનો. કપુરભાઈ! આ ક્યાં હશે? એમ કહે છે. આવી વાતું! કોઈ દિ' એણે નજર કરી નથી, મફતનો આંધળો થઈને ફરે છે, એમ કહે છે.

મુમુક્ષુ :— પણ હવે સાહેબ! બતાવી તો દ્યો.

ઉત્તર :— પછી ક્યાં બેઠો હશે? એમ કહે. એ અંદર બિરાજે છે એ ચૈતન્ય ક્યાં બેઠો હશે એવી શંકા કરે છે એ પોતે જ્ઞાનમાં બેઠો છે. એ શંકા કરે છે, ક્યાં બેઠો હશે? એ પોતે જ સ્વરૂપમાં બેઠો છે. આહા..હા..! કહો, સમજાણું આમાં?

જુઓ! આ જ્ઞાનની વર્તમાન પ્રગટ પર્યાય એમાં શરીર જણાય છે કે નહિ? રાગાદિ જણાય છે કે નહિ? બાયડી-છોકરા જણાય છે કે નહિ? આ ભૂતકાળ આમ થયો એ પણ એના જ્ઞાનમાં આવે છે કે નહિ? ભવિષ્યમાં આમ થાશે... આમ થાશે... આમ થાશે... આમ થાશે... એ પણ જ્ઞાનમાં આવે છે કે નહિ? તો એના જ્ઞાનની વર્તમાન પર્યાયમાં બધું જગતનું જ્ઞાન આવી જાય છે. અને જગતને જાણે સ્પર્શતો હોય, એના સ્વરૂપમાં વ્યાપક હોય એમાં વ્યવહારથી કહેવામાં આવે છે. છતાં તે વિકલ્પ ને કોઈ ચીજને જ્ઞાન, જ્ઞાતા સ્વભાવ અડ્યો જ નથી. આહા..હા..!

મુમુક્ષુ :— શરીર અડ્યું કે નહિ?

ઉત્તર :— આ શરીરની ક્યાં વાત માંડી? અહીં તો વિકલ્પની માંડીને. અત્યારે, હોં! આહા..હા..!

ધીરેથી વિચાર કરો કે આ જ્ઞાનપર્યાય એમ જાણે છે કે નહિ? કે, આ અનાદિનો છું, આ સંયોગ અનાદિના છે, આ રાગ છે, આ કર્મ છે એવું જ્ઞાન વર્તે છે કે નહિ? અને રખડનાર આવા જીવો ભવિષ્યમાં આવા રખડશે, આમ થાશે, એવું જ્ઞાનની પર્યાયમાં એ જ્ઞાન વર્તે છે કે નહિ? એ જ્ઞાન વર્તે છે. એવો જ એ જ્ઞાતા દૃષ્ટાના-સ્વભાવનું સામર્થ્યવાળું સત્ત્વ ને તત્ત્વમાં બેઠો છે એ. પણ માને છે કે રાગ ને શરીરમાં બેઠો, એની ભ્રમણા, મિથ્યાત્વ ભ્રમણા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— કહો, તમારી બા માટે કે તમારી માટે?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એના માટે કહેવાય. ના ના આ તો સાધારણ, આ ગરભલો કરીને તો આપે છે. દાંત વિનાના છોકરા ખાઈ જાય. બાજરાના લોટનો. સમજાય છે? એક તો જાણે બાજરાને

લોટ કર્યો હોય, ને એને વળી ચાળ્યો હોય, ચાળીને .. કરી એના બનાવ્યા રોટલા. એમાંથી પડ ને હેઠલું કાઢીને વચલો (રહ્યો) ગર્ભ, આ એને સાકર ને સાકર નાખીને એવો ગરભલો અપાય છે. લ્યો! સમજાણું કાંઈ? ઉપરનું પડ કાઢી નાખે, હેઠેનું પડ કાઢી નાખે, તે પણ બાજરાનો લોટ કેવો? આમ .... દળ્યો એવો નહિ. પહેલો તો લોટ સારો કરેલો ભારે ઘંટીએ. ઝીણો થઈ ગયો હોય. ઓલી વધારે ઊંચે નાખે તો ન સરખું થાય. ભારે ઘંટીએ દળ્યો હોય, એને પાછી મલમલે ચાળ્યો હોય. એના બનાવ્યા રોટલા, એના પડને ઉપલા કાઢ્યો હોય, વચલો એમાં ગરભલો સાકર-ઘીને નાખે એવું છે આ વાત, લ્યો! શેઠી! હવે કહે, પણ ખવડાવો, લ્યો! પણ હવે ખાવું કોને? એ..ઈ..! દેવાનુપ્રિયા! આહા..હા..!

અરે..! ભગવાન તું અસ્તિ છો કે નહિ? અહીં તો એ સિદ્ધ કરે છે. 'પરમાત્મપ્રકાશ' છે ને? એકકોર પરમાત્મ છે ને એક કોર આ બધું છે. આ બધું છે તેનું એને જ્ઞાન વર્તે એવો તે છે. અને જાણે કે એમાં ગયો હોય એટલે બધું અહીં આવી ગયું એટલે એમાં ગયો એમ કહેવામાં આવે. એવો ચૈતન્ય ભગવાન આત્મા જ્ઞાનસામર્થ્યનો પિંડલો પ્રભુ! એ રાગને, શરીરને કોઈ દિ' અડ્યો નથી, સ્પર્શ્યો નથી. વસ્તુસ્વભાવ વિકારને ને પરને સ્પર્શે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..! '**નિશ્ચયનયકર કિસી જગતકી વસ્તુસે તન્મય (ઉસ સ્વરૂપ) નહીં હોતા,...**' આ આત્મા જ્ઞાનમૂર્તિ ચૈતન્યબિંબ પ્રભુ અરૂપી ગોળો અંદર ભિન્ન છે. એ શરીરરૂપે થયો છે? શરીરરૂપે થયો (હોય) તો છૂટો કેમ પડશે? રાગરૂપે થયો છે?

મુમુક્ષુ :- થોડી વાર તો થયો છે ને.

ઉત્તર :- જરીએ થયો નથી. માન્યું છે માન્યતામાં.

મુમુક્ષુ :— પણ દુઃખે છે એટલી વાર તો...

ઉત્તર :— દુઃખે છે અજ્ઞાનને લઈને, પરને લઈને નહિ. 'આ મને થાય' એવી ભ્રમણાનું જ્ઞાન છે, છતાં એ ભ્રમણાથી હું દુઃખી છું એમ માને છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— છરો વાગે તો ઊભો થઈ જાય.

ઉત્તર :— છરાને અડતોય નથી, મૂઢ કહે છે (મને છરો લાગ્યો). એ તો આ છરો ને આ, એનું અહીં જ્ઞાન, તે કાળે આ શું છે જ્ઞેય, એનું અહીં જ્ઞાન વર્તે છે. એ જ પ્રકારનું જ્ઞાન, જ્ઞાનમાં વર્તે છે કે, આ છરો ગયો શરીરમાં કાંઈક થાય (છે), એવું જ્ઞાન વર્તે છે. એ જ્ઞાન અનુભૂતિ જ્ઞાન વર્તે છે. પણ એમ ન માનતા, આ મને થાય છે ને આમાં હું ગરી ગયો એ એની મિથ્યાભ્રાંતિ જગતને ઉત્પન્ન કરે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ... કારણ શું? પ્રભુ!

ઉત્તર :— ભ્રમણા ઊંધી કરી ઈ. કારણ શું? ભ્રમણા ઊભી કરે છે. હવે કરે છે એનું

કારણ શું? પણ કરે છે ને? દેખાતું નથી? રાડે રાડ પાડે છે અંદરથી. મરી જઈએ તો હવે સારું. ક્યાં જાવું છે? ત્યાં માસીબા બેઠી છે? સમજાણું કાંઈ?

કહે છે કે, ભગવાન ચિદાનંદમૂર્તિ તો જે છે તે ચૈતન્યનો ગોળો અંદર છે આખો. એ બધા વિકલ્પથી માંડીને બધી ચીજનું જ્ઞાન કરનાર છે. એ જ્ઞાન કરનાર છે, પણ રાગ ને પરનો કરનાર એ નથી. આહા..હા..! એવો ભગવાન પરમાત્મા પોતાને એ રીતે ન માનતા, બીજી રીતે રાગ ને પુણ્ય ને આ ને આ ને આ કર્યા ને આ મારા, એ માન્યતા ભ્રમણા એને નવો સંસાર આવા શરીરને ઊભા કરે છે. કહો, સમજાણું આમાં?

આ તો 'પરમાત્મપ્રકાશ' છે. એક એક ગાથામાં એકદમ... ભાઈ! બે અસ્તિત્વ છે. એમાં એક અસ્તિત્વમાં તું છો ને એક અસ્તિત્વમાં આવું જગત. એક કોર ભગવાન સ્વ-પરપ્રકાશક ચૈતન્યનો ગોળો ભગવાન આત્મા, અને એક કોર બધી ચીજો. એનું જ્ઞાન વર્તે તેવો તું છો. પણ એમાં તું વર્ત ને એ આમાં વર્તે, એના કામ તું કર ને એના અસ્તિત્વમાં આ અસ્તિત્વ અને આ અસ્તિત્વમાં એ અસ્તિત્વ, (એમ) છે નહિ. ઓહો..હો..! મનસુખ! કહો, શું હશે આવી ભ્રમણા? શું ઊભી થઈ હશે? કહેતો હતો. આ તેં ઊભું કર્યું હોંશે હરખે. હરખ સનેપાત થયો છે એને. આહા..હા..! એના હોવાપણામાં આનંદ છે, આનંદ વિનાની એ ચીજ હોય નહિ.

મુમુક્ષુ :— કેટલા ભવની અજ્ઞાનતા ભરી છે?

ઉત્તર :— એક સમયની, કેટલા ભવની નહિ, એક સમયની. ભાઈ! પેલા કહે, કેટલા ભવની પડી હશે? એક જ સમયની, કીધું ને. એક કોર આખો ભગવાન ચૈતન્યગોળો પ્રભુ સ્વ-પરપ્રકાશની મૂર્તિ અરૂપી આનંદકંદ. શાંત ને આનંદની શિલાનો પિંડ પ્રભુ આત્મા. એક કોર વિકલ્પથી માંડીને બધી ચીજ. એક સમયમાં આ મારા એ માન્યું છે બસ, થઈ રહ્યું. એક સમયમાં માન્યું છે કે, આ મારા. 'આ મારા' છૂટી ગયું (તો) બધું (છૂટી ગયું). સમજાણું કાંઈ? આહા..હા..!

જુઓ! દાખલો આપે છે. **'અર્થાત્ જૈસે રૂપી પદાર્થકો નેત્ર દેખતે હૈં,...'** દેખો! લ્યો! આંખ અગ્નિને દેખે છે કે નહિ? અગ્નિને આંખ દેખે છે કે નહિ? બરફને આંખ દેખે છે કે નહિ? તે આંખ દેખે એટલે આ આંખ ઊની, ટાઢી થઈ જાય છે? આમ અગ્નિને દેખે એટલે અહીં ઊની થઈ ગઈ? આમ બરફને દેખે તો આંખ ઠંડી થઈ ગઈ? એમ જ્ઞાનનેત્ર આત્માના ચૈતન્યચક્ષુ અંદર છે, જગતને દેખે એટલે કાંઈ જગતરૂપ થઈ ગયું? સમજાણું કાંઈ? ઓહો..હો..!

**'જૈસે રૂપી પદાર્થકો નેત્ર દેખતે હૈં, તો ભી ઉનસે જુદે હી રહતે હૈં, ઈસ તરહ વહ ભી સબસે જુદા રહતા હૈ, ઉસીકો પરમાત્મા હે પ્રભાકરભટ્ટ! તૂં જાન.'** લ્યો! એ ભગવાન આત્મા રાગથી, શરીરથી, કર્મથી બધાથી (ભિન્ન) બધાનો જાણનાર ભિન્ન વર્તે

છે, એને તું હે શિષ્ય! પરમાત્મા જાણ, બીજો કોઈ પરમાત્મા તારો તારાથી જુદો તારે નથી. સમજાણું કાંઈ? ઓહો..! પામરપણું માન્યું છેને એણે? એક જરી પાંચ પૈસા મળે ત્યાં હરખ... હરખ... હરખ (થઈ જાય અને કહે), લાપસીના આંધણ મૂકો. આ થયું, ફલાણું થયું, સારું કપડું આવ્યું, અરે..! એક ઘરે શું કીધું? ખાંડણી. ખાંડણી ને દસ્તો ... ઘરમાં (આવે) ત્યાં તો ઘરના દશ માણસ રાજી રાજી થઈ જાય. લ્યો! આ તો ખાંડણી .. આપણે નવું રાસ. કારણ કે મહેમાનનું ઘર હોય, હરવખતે ક્યાં માગવા જાવું? સૂંઠ ભાગવી હોય, ફલાણું (કરવું હોય તો કામ આવે). શું છે પણ હવે આ? તારી મૂર્ખાઈનું પ્રદર્શન કેટલું કરવું છે તારે?

મુમુક્ષુ :— નહોતું ત્યારે તો...

ઉત્તર :— શું નહોતું? બધું જ્ઞાન વર્તે છે એમાં, નથી ... ક્યાં? જ્ઞાનમાં બધું વર્તે છે કે, આ છે... છે... છે... છે... હું જ્ઞાન... જ્ઞાન... ક્યાં નથી? કોને કહેવું સાંપડ્યું ને કોને કહેવો અભાવ? સાંભળ તો ખરો, કહે છે. આહા..હા..! આ તો અલક-મલકની બીજી વાતું, આ તો અગમ્ય-ગમ્યની વાતું છે. કહો, પોપટભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એણે કરી માન્યતા, ભ્રમણા ઊભી કરી. ભ્રમણા ને ભ્રમણામાં લાળમાં ચાલ્યો ગયો. ઓહો..! ચૈતન્યપ્રભુ જ્ઞાનાનંદનો દરિયો, એને એકવાર ... સવારે યાદ આવ્યું (હતું). ક્યાંક છે ખરું, 'શ્રીમદ્'માં. અરે..! એવા આત્માને વિકલ્પથી દુભાવશો નહિ. એવું કાંઈક આવે છે. એવું આવે છે. રસ્તામાં વિચાર આવ્યો હતો. આવો ભગવાન આત્મા એને ... કો'ક ઉપર લખે છે, એને વિકલ્પથી દુભાવવો નહિ. આહા..હા..!

વિકલ્પ આવે, છતાં તે દુઃખાય છે આત્મા એમ જેને ભાન નથી તેને વિકલ્પમાં આનંદ વર્તે છે. સમજાણું કાંઈ? એને શુભાશુભ વિકલ્પમાં પોતાનું હોવાપણું ભાસે છે. શુભાશુભ વિકલ્પથી ભગવાન એનો જાણનાર ભિન્ન (છે). એને યાદ કરતાં, એનું માહાત્મ્ય જોતાં, તે વિકલ્પથી, સ્પર્શથી રહિત તદ્દન છે. એને વિકલ્પવાળો માનવો એ વિકલ્પથી જીવને દુભાવવું છે. એ આત્માની શાંતિને હણે છે. હણે છે એને મજા પડે એમ માનવું, હવે આ કોના ઘરની ભૂલ ટાળવી ક્યાંથી? આહા..હા..! સમજાણું કાંઈ? તે શુભાશુભ ભાવ થાય તેનો જાણનાર છે. એટલે જાણનાર તરીકે એ પૃથક તત્ત્વ છે. એને એ તત્ત્વથી મને શાંતિ ને મને ઠીક સમાધાન થાય છે એનો અર્થ કે આત્માની શાંતિ ને તે શ્રદ્ધા તે હણી નાખે છે. ...ભાઈ! સમજાણું કાંઈ?

**ભાવાર્થ :-** '**જો શુદ્ધ, બુદ્ધ સર્વવ્યાપક સબસે અલિપ્ત, શુદ્ધાત્મા હૈ,...**' દેખો! જે ભગવાન શુદ્ધ નામ નિર્મળ, બુદ્ધ નામ એકલો જ્ઞાનનો પિંડલો પ્રભુ, જ્ઞાનનો પુંજ, જ્ઞાનની મૂર્તિ. સર્વવ્યાપક એટલે બધાને જાણનાર. સર્વવ્યાપકનો અર્થ બધાને જાણનાર. એ ભગવાન

આત્મા બધાનો જાણનાર. '**સબસે અલિપ્ત,...**' તે રાગાદિ બધાથી અલિપ્ત ભગવાન વસ્તુ સ્વરૂપ આત્માનું છે. વહ '**શુદ્ધાત્મા હૈ,...**' સમજાય છે?

'**ઉસે વીતરાગ નિર્વિકલ્પ સમાધિમેં સ્થિર હોકર ધ્યાન કર.**' લ્યો! ભાઈ! જેને લક્ષમાં લેવો છે, એમાં વિકાર નથી. તો વિકાર વિનાની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ દ્વારા એનું ધ્યાન કર. સમજાય છે? તો તેં આત્માને પ્રાપ્ત કર્યો એમ કહેવાય. કઠણ લાગે છે ને? આ નિશ્ચય વસ્તુ, નિશ્ચય... જુઓને, પોકારે છે. ઉપદેશને પરિવર્તનની જરૂર છે, એમ લખે છે. એને વળી હિમ્મતભાઈ સમજાવે છે. પંડિતો પંડિતો સમજે તો ખબર પડે આમાં. આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પણ આ ધ્યાન એ તપ છે, બીજો તપ ક્યો હતો? તપનું કહેવું શું? આ અંતરમાં ભગવાન અંતર જ્ઞાનની દશાથી વળે એ તપસ્યા, એ ધ્યાન, એ સંવર, એ નિર્જરા, એ મોક્ષનો માર્ગ. એ બધું સર્વસ્વ એની પર્યાયમાં વર્તે છે. આહા..હા..! ભાઈ! પણ એ આમ કો'ક દિ' પાંચ દિ', પંદર દિ' સાંભળે તો ખબર પડે કે, આ શું છે. હવે ઈ તો કર્યા, ઓલું તો કીધા જ કરે છે કે, વ્યવહાર કરવો... કરવો. કરવો ત્યાં આત્મા ક્યાં રહ્યો? વ્યવહારના વિકલ્પનો પણ જાણનાર છે તેને કરવું, સોંપવું તે આત્માને દુભાવી દે છે. હોય છે એ જુદી વાત છે. સમજાય છે? બહુ તો એ માગે તો એ હો, ભૂમિકા પ્રમાણે રાગ હોય છે. પણ એમાં છે માટે આ છે ને આ છે માટે આ છે. બે ભિન્ન છે. આને લઈને આ ને આને લઈને આ, એમ નથી. જેઠાભાઈ! અગમ-નિગમની વાતું છે, ભાઈ! આ. આહા..હા..! અરે..! તારા લેખા કેવળી જાણે, બાપા! અને તું જાણ ત્યારે તને ખબર પડે.

એવો ભગવાન આત્મા,... કહે છે, પોતાની અંતર દૃષ્ટિ વડે, શાંતિ વડે સ્વને જ્ઞેય બનાવવાના કાળમાં શુદ્ધતાથી જ્યારે અનુભવ કરે, ત્યારે તે ધ્યાન કરે, ત્યારે તે ઉપાદેય છે. સમજાણું? '**જો કેવળજ્ઞાનાદિ વ્યક્તિરૂપ કાર્યસમયસાર હૈ,...**' હવે લે છે મોક્ષનું કારણ. મોક્ષરૂપ દશા, ભગવાન આત્માની કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ(રૂપ) અરિહંત ભગવાનની દશા કે સિદ્ધ ભગવાનની દશા, એવો જે વ્યક્ત... શક્તિરૂપે તો હતો ભગવાન, આખો પરમાત્મા પૂર્ણ એને અંતરમાં ધ્યાન દ્વારા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે ત્રણે પર્યાય ધ્યાન દ્વારા કાર્યસમયસાર નામ પૂર્ણ વીતરાગતા કેવળજ્ઞાન પ્રગટ કર્યું એ કાર્ય કર્યું એણે, એણે કાર્ય કર્યું એ. એ કાર્યનું કારણ કોણ?

'**ઉસકા કારણ વીતરાગ સ્વસંવેદન જ્ઞાનરૂપ નિજભાવ હી ઉપાદેય હૈ.**' લ્યો! એનું '**કારણ વીતરાગ સ્વસંવેદન જ્ઞાનરૂપ નિજભાવ હી ઉપાદેય હૈ.**' આહા..હા..! વાત સાંભળતા કેટલાકને એવું લાગે કે આ શું હશે? એણે કોઈ દિ' ઘરની વાત સાંભળી નથી. એ કેવડો

પ્રભુ મહાન મોટો છે (કે) જેની-વીતરાગની વાણીમાં પૂરો પડ્યો નથી. એવો ભગવાન પોતાના કાર્યસમયસાર જે મોક્ષનું કાર્ય, એને આત્મા શુદ્ધ ચૈતન્યદળ, એની અંતરમાં શ્રદ્ધા, જ્ઞાન દ્વારા રાગરહિત સ્વસંવેદન જ્ઞાન. આત્માનું, રાગ વિના જ્ઞાનથી જ્ઞાન... જ્ઞાનથી જ્ઞાન... જ્ઞાનથી જ્ઞાન... રાગથી જ્ઞાન નહિ, વ્યવહારથી જ્ઞાન નહિ. જ્ઞાનથી જ્ઞાનના વેદન દ્વારા. સમજાય છે? તે મોક્ષનું કારણ. તેવો '**નિજભાવ હી ઉપાદેય હૈ.**' એવો મોક્ષનો માર્ગ એ જ આત્માને કારણરૂપે ઉપાદેય છે. કે, જેના કાર્યમાં પરમાત્મા વ્યક્તિરૂપે પ્રગટ થાય છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? લ્યો! ૪૧મી ગાથા થઈ.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૧૦, બુધવાર, તા. ૨૦-૧૦-૧૯૬૫**
**ગાથા-૪૨, ૪૩, પ્રવચન-૨૮**

'પરમાત્મપ્રકાશ'. પહેલા ભાગની ૪૨મી ગાથા. '**આગે...**' હવે અહીંયા શુદ્ધાત્મા. '**વહ શુદ્ધાત્મા...**' અંદર વસ્તુ, વસ્તુ છે ને પદાર્થ? '**યદ્યપિ દેહમેં રહતા હૈ,...**' દેહમેં અસદ્ભૂત વ્યવહારનયથી એમ કહેવાય કે, એમાં રહે છે. '**તો ભી પરમસમાધિકે અભાવસે...**' પરમ સમાધિ જેનાથી અંતર વીતરાગતાની જે દશા થાય કે જેનાથી તે ભવે મોક્ષ થાય. એવા અભાવને કારણે, '**હરિહરાદિક સરીખે ભી જિસે પ્રત્યક્ષ નહીં જાન સકતે, વહ પરમાત્મા હૈ, એસા કહતે હૈં –**' વિશેષ ખુલાસો આપશે હોં!

૪૨) **देहि वसंत वि हरि-हर वि जं अज्ज वि ण मुणंति।**
**परम-समाहि-तवेण विणु सो परमप्पु भणंति।।४२।।**

શું કહ્યું? આ '**પરમાત્મસ્વભાવસે ભિન્ન શરીરમેં...**' આ શરીર તો માટી-ધૂળનું છે. આત્મા પરમાત્મા તો એથી ભિન્ન વિપરીત ચીજ છે બે. અને '**પરમાત્મસ્વભાવસે ભિન્ન શરીરમેં...**' જુઓ! આમ લીધું. પરમાત્મા એટલે પોતાનો નિજ સ્વભાવ આત્મા આનંદ શુદ્ધ વસ્તુ, એનાથી જુદી (વસ્તુ) એ શરીર, એમાં જે વસે છે એમ કહેવું, જુદામાં વસે છે એમ

કહેવું, એ **'અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયકર...'** કહેવામાં આવે છે. એમ કે એટલા દેહમાં છે એમ સંબંધ બતાવવો છે, અને અસદ્‌ભૂત એટલે ખરેખર દેહમાં એ છે નહિ. સમજાણું કાંઈ?

**'वसन्तमपि'** અનુપચરિત એટલે શરીરનો સંબંધ એટલામાં આત્મા છે, એ અપેક્ષાએ એને અનુપચરિત કીધું. એ આત્મા કોઈ આમ બહારમાં વ્યાપક છે, એમ છે નહિ. એટલે શરીરમાં અનુપચરિત એટલા સંબંધમાં વ્યાપક છે, એ અપેક્ષાએ તેને અનુપચરિત કહ્યું. અને અસદ્‌ભૂત– એ દેહમાં છે નહિ, એથી જૂઠી નયે શરીરમાં છે એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું? એટલે કોઈ એમ કહેતું હોય કે, ભાઈ! આત્મા છે એ તો આમ બધે સર્વવ્યાપક છે. એવો મહાન આત્મા તેને આત્મા કહીએ. એમ નથી. વ્યાપક તો શરીર પ્રમાણે જ છે, એટલો સંબંધ બતાવવા એટલામાં જ આખો પૂર્ણાનંદ પ્રભુ આત્મા છે. સમજાય છે કાંઈ? તેથી એને અનુપચરિત કહ્યું અને અસદ્‌ભૂત, શરીર જડમાં એ રહેતો નથી પણ કહેવું એ જૂઠી દૃષ્ટિએ છે. એવો વ્યવહાર નિમિત્તનયથી વસતા એમ કહેવામાં આવે છે.

**'તો ભી જિસકો હરિહર સરીખે...'** હરિ નામ વિષ્ણુ, હરાદિ શંકર આદિ. **'સરીખે ચતુર પુરુષ અબતક ભી નહીં જાનતે હૈં.'** સમજાય છે કાંઈ? એને પૂર્ણાનંદને પ્રત્યક્ષ કરવો જોઈએ એ રીતે એમણે જાણ્યો નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— એ .. કેવળી જાણે છે.

ઉત્તર :— નથી જાણતા. કેવળીને ... વીતરાગ નિર્વિકલ્પ સમાધિ, ક્ષપક શ્રેણીની જે સમાધિ થવી જોઈએ એ રીતે એણે જાણ્યો નથી. સમજાણું આમાં કાંઈ?

**'કિસકે બિના?'** જુઓ! ભાષા. **'परमसमाधितपस्या विना'** આ તપસ્યાની વ્યાખ્યા કરી. **'વીતરાગનિર્વિકલ્પ નિત્યાનંદ અદ્વિતીય સુખરૂપ અમૃતકે રસકે આસ્વાદરૂપ પરમસમાધિભૂત મહાતપકે બિના નહીં જાનતે,...'** આ મહાતપની વ્યાખ્યા છે. મહાતપ કોને કહેવો? આહા..! કે, રાગ રહિત ભગવાન આત્મા જે શુદ્ધ પૂર્ણાનંદ છે, એને રાગ રહિત અભેદ નિત્યાનંદ અદ્વૈત સુખરૂપ, બીજું એ આનંદનું જોડ નથી જેની સાથે, એવા **'સુખરૂપ અમૃતકે રસકે...'** એવો આત્માના અમૃતનો સ્વાદ, એના આસ્વાદરૂપ પરમ શાંતિભૂત, એને મહાતપ કહેવામાં આવે છે. એવા મહાતપ વિના આત્મા અંતરમાં પ્રત્યક્ષ થાય તેવું એને થતું નથી. સમજાણું કાંઈ? લ્યો! આ તપસ્યાની વ્યાખ્યા. ભારે તપસ્યા! અપવાસ કેટલા કરવા આમાં?

ભગવાન આત્મા ચૈતન્ય દેહદેવળમાં રહે એમ કહેવું એ સંબંધ તો જૂઠી નયનો વિષય છે. ભગવાન આત્મા અંદર ચિદાનંદ વસ્તુ જ્ઞાનસ્વરૂપ, આનંદની મુર્તિ, વીર્યનું બળ, પ્રભુતાનો

પરમેશ્વર, પ્રભુતાનો પરમેશ્વર, બધી સામર્થ્ય-શક્તિનો પરમેશ્વર પોતે. એવો ભગવાન પૂર્ણાનંદનું દળ આખો. દેહમાં રહેતા થકા જે હરિહરોએ વ્યવહાર રત્નત્રય આદિ ભેદાભેદનું સાધન કરેલું, પણ આ સાધન કર્યા વિના, આહા..! ઉગ્ર કેટલું! સાક્ષાત્ પરમાત્મા આમ તે જ ક્ષણે, અલ્પ કાળમાં પૂર્ણાનંદ પ્રત્યક્ષ થાય, એવી જે અંતરમાં ઉગ્ર વીતરાગી સમાધિ શાંતિ દ્વારા, એ વીતરાગી-રાગ રહિત વીતરાગી શાંતિરૂપ, સમાધિરૂપ તપસ્યા દ્વારા જે જ્ઞાન આત્મામાં ભાન આવે એવું એણે કર્યું નથી. એટલે એને પ્રત્યક્ષ આત્મા હરિહરને થયો નથી. આ રીતે પ્રત્યક્ષ, હોં!

મુમુક્ષુ :— સ્વસંવેદન પ્રત્યક્ષ છે.

ઉત્તર :— સ્વસંવેદન પ્રત્યક્ષ છે, હતું. તે વિના આવા પુણ્ય ક્યાંથી બાંધે? જે શ્રી કૃષ્ણ આદિ ... થયા એ એ સમકિતદર્શન વિના-સમકિત વિના થાય નહિ. સમજાણું કાંઈ? કહેશે.

ખુબી તો એ કીધી, પરમ સમાધિ તપસ્યા ન કરી એણે. એટલે કે જેનાથી ઘણી જ નિર્જરા (થાય), અશુદ્ધતાનો નાશ થઈ ને શુદ્ધતાનું આમ ભાન અંદર આમ ચિદાનંદ આખી કાતળી (પડી છે). સમજાય છે? શેરડીના કુચામાં જેમ રસ, રસ ભર્યો છે ને આખો? એમ આ દેહના કુચામાં આનંદરસ આખો આત્મા પડ્યો છે, પૂર્ણ. એને પ્રત્યક્ષ આનંદ થાય એવી શાંતિરૂપી સમાધિની તપસ્યા ન કરી. કહો, વજુભાઈ!

**'નહીં જાનતે, ઉસકો પરમાત્મા કહતે હૈં.'** એને પરમાત્મા કહીએ છીએ. પૂર્ણ સ્વરૂપ ભગવાન અંદર બિરાજમાન પોતે આખો અખંડ આત્મા, એને આવા ધ્યાન વિના પૂર્ણ દશા પ્રગટ થતી નથી અને પૂર્ણપણે જાણવામાં આવતો નથી. એને તું પરમાત્મા જાણ.

**ભાવાર્થ :- 'યહા કિસીકા પ્રશ્ન હૈ, કિ પૂર્વભવમેં કોઈ જીવ જિનદીક્ષા ધારણકર...'** જિનદીક્ષા ધારણ કરેલી, નગ્ન મુનિ થયેલા. **'વ્યવહાર નિશ્ચયરૂપ રત્નત્રયકી આરાધનાકર...'** એણે શુદ્ધ ચૈતન્ય વસ્તુ, એની અનુભવ દૃષ્ટિ કરેલી અને દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય, વિકલ્પ આદિ વ્યવહાર રત્નત્રય પણ થયેલા. સમજાણું કાંઈ? **'જિનદીક્ષા ધારણકર પૂર્વભવમેં...'** આ વિષ્ણુ કેમ થાય છે એ વાત કરી પહેલા. સમજાણું? **'વ્યવહાર નિશ્ચયરૂપ રત્નત્રયકી આરાધનાકર મહાન પુણ્યકો ઉપાર્જન કરકે...'** કારણ કે, આત્માની સમ્યગ્દર્શન-જ્ઞાન ભૂમિકા વિના એવું પુણ્ય વિષ્ણુનું થાય એટલે આ વાસુદેવ એવું પુણ્ય હોઈ શકે નહિ. એ સિદ્ધ કરવું છે. શું કહ્યું? સમજાણું? આત્માના સમ્યક્ શુદ્ધના ભાન, અનુભવ વિના, વાસુદેવ, ચક્રવર્તી આદિ થાય એ આવા પુણ્ય વિના ન થાય. એકલા મિથ્યાદૃષ્ટિને એવું પુણ્ય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

**'મહાન પુણ્યકો ઉપાર્જન કરકે...'** સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન, એનો અંતર અનુભવ કરેલો. નિશ્ચય, અભેદ. વ્યવહારનું વિકલ્પનું આરાધન બરાબર દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા, નવ તત્ત્વ

ભેદરૂપ વગેરે શાસ્ત્રનું બરાબર જ્ઞાન વ્યવહારરૂપ, અને પંચ મહાવ્રતના વિકલ્પ વ્યવહાર, એની આરાધના કરેલી. એમાં આવું પુણ્ય બંધાય ગયું. શુભભાવ વિશેષ (થઈ ગયેલો). ઓલી શુદ્ધતા તો એક કોર રહી. પુણ્ય બંધાય એની જાત છે.

'**અજ્ઞાનભાવસે નિદાનબંધ કરનેકે...**' એમાં નિદાન કર્યું કે, હું જગતને વલ્લભ થાઉં. સમજાય છે? વાસુદેવ જેટલા થાય એને બધા નિદાન ... હોય છે. નિદાન એટલે કરેલી ક્રિયાના ફળમાં હેતુ બાંધેલો હોય છે. હું જગતને વલ્લભ થાઉં, જે મને દેખે તેને વલ્લભ લાગું. જગતને પ્રિય થાઉં એવું એણે નિદાનબંધ બાંધ્યું.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પ્રયોજન શું? આ પ્રિય થવાનું. (બીજું) કાંઈ પ્રયોજન નથી. એ હેતુ નિદાન મિથ્યાત્વભાવ થઈ ગયો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પૂરું ન થાય ત્યાં સુધી આ મિથ્યાત્વભાવ ન આવે પાછો? એમ કહેવા માગે છે અહીં તો. દેવાનુપ્રિયા! અહીં તો અખંડ ધારાનું આરાધન ન કરે ત્યાં સુધી અધૂરો છે ને ફરી જાય એ વાત સિદ્ધ કરી, એના પુણ્ય સિદ્ધ કરી, એની મહાન તપસ્યાની શાંતિ દ્વારા આત્માને જોયો નથી, એમ કહેવા માગે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**નિદાનબંધ કરનેકે બાદ સ્વર્ગમેં ઉત્પન્ન હોતા હૈ,...**' પુણ્ય બાંધે, સ્વર્ગમાં જાય. પણ દુનિયાને વલ્લભ થાઉં એવો વાસુદેવનો પૂર્વે ભાવ આવી ભૂમિકામાં થયો. જગતને વહાલો થાઉં. આત્માની વહાલપ મુકી દીધી. આહા..હા..! સમજાણું કાંઈ? '**વહી તીન ખંડકા સ્વામી પીછે આકર મનુષ્ય હોતા હૈ,...**' ત્યાંથી મનુષ્ય થાય. '**વહી તીન ખંડકા સ્વામી વાસુદેવ (હરિ) કહલાતા હૈ,...**' દેખો! આ શ્રીકૃષ્ણ, લક્ષ્મણ એ બધા વાસુદેવો હતા. મોટા. દુનિયાની સ્ત્રીઓ તો દેખીને ફિદા થઈ જાય. ભોગપુરુષ કહેવાય, એ ભોગપુરુષ. બહુ ભોગ, પાપ ઘણા. સમજાણું કાંઈ?

શ્રીકૃષ્ણ જુઓને! નાની ઉંમરમાંથી આમ પેલા ભરવાડમાં ઉછર્યા તો ભરવાડણી ફીદા અંદરથી. દૂધ લુંટે, દહીં લુંટે તોપણ રાજી થાય. એવું પુણ્ય લઈને આવેલા. સ્વર્ગમાં પૂર્વે બાંધેલું. આત્મભાન હતું પછી નિદાનબંધ થઈ ગયું ને દૃષ્ટિ ફરી ગઈ. પહેલા પુણ્ય ઘણા બંધાયેલા. સમજાણું? સ્વર્ગમાં ગયા, ત્યાંથી થયા. જુઓ!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ કહે છે. જાગૃત. છેક સુધી કેવળજ્ઞાન પામે ત્યાં સુધી જાગૃત રહ્યા કરે. એમ કહેવા માગે છે. કહે છે, એ લક્ષ્મણ, શ્રીકૃષ્ણ એના પુણ્ય એટલા બધા. રામચંદ્રજી અને લક્ષ્મણ

રાવણને જીતવા લંકા ગયા છે ને? રાવણે એવી વિદ્યા મારી (કે) લક્ષ્મણને મૂર્છા થઈ ગઈ. રામ વિલાપ કરે છે. અરે..! બંધુ એકવાર જવાબ દે, ભાઈ! આ બધું અમે પાલેજ કહેતા, એ..ઈ..! ભાઈ! તમારો જન્મ પણ નહોતો થયો. સ્વાધ્યાય કરીને, સાંજે પડિકમણા કરીએને? પછી આ બોલતા. ભગત કહેવાયને આપણે તો. અંદર અહીં આવડતું ને બીજા બધા ઠોઠ નિશાળીયા જેવા કાંઈક વેપાર-ધંધા કરીને આવે બેસવા-સાંભળવા. ફાવાભાઈનું મકાન હતું ને આની કોર? આની કોર હતું ઓલા લોટિયાવાળાનું. વડોદરાવાળાનું હતું મકાન. અત્યારે છે ને તમારી દુકાન? એ લીમડાની વચ્ચે હતી. ત્યાં માથે પડિકમણા કરતા.

ભાઈ મરે ભવ હારીએ ને બેની મરે દિશ જાય,
નાનપણામાં જેની મા મરે તેને ચારે દિશના વા વાય બંધવા
બોલ દે લક્ષ્મણ બોલ દે એકવાર જી.

એમ 'રામચંદ્રજી' કહે છે. હે ભાઈ! એકવાર બોલ. એ પણ ભાષા એની શૈલી હોય. એકવાર જવાબ દે, બાપા! આ વિદ્યા લાગી. હું તો બળદેવ છું. મારાથી એ રાવણ જીતાય નહિ, ભાઈ! તને આ શું થયું? વિલાપ કરે છે. પછી વળી એક જણાએ કહ્યું એક બહેન છે, બાઈ. શું નામ કીધું? વિશલ્યા એક સ્ત્રી છે. પૂર્વે મહા પુણ્ય કરેલું એવું બાયે કે, જેના નાહિને પાણી છાટે તો આ લક્ષ્મણ જાગતો થઈ જાય ફડાક દઈને. અને પછી એની રાણી થવાની એ બાઈ. બ્રહ્મચારી હજી હતી, પરણેલી નહોતી. સમજાણું? એવા પુણ્ય ઉપાર્જેલા એ બાઈએ.

ચક્રવર્તીની દીકરી પૂર્વે હતી. જંગલમાં કોઈ લઈ ગયેલું, પૂર્વે. અજગરે ગળી આખી. એમાં એ ચક્રવર્તી આવ્યા ખબર પડી એટલે. મારું અજગરને. બાઈ કહે છે, પિતાજી! હું તો બહાર નીકળીશ તોય આહાર તો લેવાની નથી હવે. મેં તો સમાધિમરણ (કરવાનું નક્કી કર્યું છે). અજગર ગળી ગયો આવડો, આટલું મોઢુ બહાર રહી ગયું. અજગરને ન મારો. હું બહાર નીકળીશ તો હવે જીવવાની તો નથી. એમાં એવા પુણ્ય બાંધ્યા (એના ફળમાં) આ વિશલ્યા થઈ.

કોઈ કહ્યું કે, ભરતના રાજમાં એક બાઈ છે. ભરત છે ને? આ રામચંદ્રજી બહાર નીકળી ગયા ને વનવાસ? ભરતને રાજ સોપ્યું હતું ને? ભરતના રાજમાં છે, ભરતને કહો તો આપે. એકદમ ... આ રાજાની દીકરી છે તમારા રાજમાં. કહો, હુકમ કરીએ. જાવ ત્યાં. રાત્રે ને રાત્રે આવે નહિતર સવારે તો દેહ છૂટી જાય એવી વિદ્યા. દેહ તો શું છૂટે એ તો વાસુદેવ. એકદમ બાઈ જ્યાં આવી અંદર કરોડો મનુષ્યની સભા. અંદર જ્યાં ગરી ત્યાં હવા એની લાગી ને, જેટલા ઘા કેટલાકને વાગ્યા એ ઘા રુઝાવા માંડ્યા. લ્યો! એ..ઈ..! અને જ્યાં અંદર તંબુમાં ગર્યા, ન્યાં લક્ષ્મણ સુતા હતા. ત્રણ ખંડનો અધિપતિ-સ્વામી-લાડો. રામચંદ્રજી જેવા પણ આમ

જાણે નજરું કરીને બેઠા હતા. અરે..! ભાઈ! એક જવાબ તો દે, બાપા! આવ્યા હતા ત્યારે ત્રણ જણા ને જાશું એકાએક. આ સીતા ત્યાં, તું અહીં. પાછો હું જાઈશ તો માતા ખબરું પૂછશે, એને હું શું ઉત્તર દઈશ? પેલો ત્રણ ખંડનો ધણી બળદેવ, હોં! મોક્ષ જાવું છે એ ભવમાં. ભાઈ! તું જવાબ દે. આ બધી વાતું કરતા, હોં! તે દિ' ત્યાં. કુંવરજીભાઈને બધા સાંભળે ભાઈને.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— સારું લાગે. આવી વાતું સારી લાગે ને ત્યાં કીધી હતી. (બહુ) સમજવાની નહિ. જ્યાં આમ આવીને પાણી નવરાવ્યું જ્યાં, નવરાવીને જ્યાં છાટ્યું, આળસ મરડીને ઊભો થયો. કહો, સમજાણું? પછી લડાઈ કરીને રાવણને મારી નાખ્યો. પછી બાઈને પરણ્યો એ. કેટલા પુણ્ય! કે, જે રાણી એને (અડેલું) પાણી છાંટે ને આવા સાજા વાસુદેવ થાય. એવું પુણ્ય પેલાનું. સમજાણું કાંઈ? બાઈનું એવું પુણ્ય એને આવે. આના પુણ્ય કેટલા? આ બધા પૂર્વે ભેદાભેદ રત્નત્રયના આરાધનમાં બાંધેલા (પુણ્ય). સમજાણું કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિનો અનુભવ (થયો છે), રાગ બાકી રહ્યો છે, પુણ્ય બંધાઈ ગયું. નિદાન થયું એટલે પછી.... કહે છે કે, મનુષ્ય થઈ આ ત્રણ ખંડનો સ્વામી થયા. એક વાત. એ હરિની વાત કરી. હવે હરની વાત કરે છે. હરિહર બે શબ્દ છે ને?

'**કોઈ જીવ ઈસી ભવમેં જિનદીક્ષા લેકર...**' આ ભવમાં જિનદીક્ષા લીધેલી. '**સમાધિકે બલસે પુણ્યબંધ કરતા હૈ,...**' પુણ્યબંધ કર્યું એટલી શૈલી કરી. સમજાણું? ભેદાભેદ બેય રત્નત્રયનું આરાધન કીધું છે, હોં! હર નહિ પણ એવી કોઈ વ્યક્તિ. '**ઉસકે બાદ પૂર્વકૃત ચારિત્રમોહકે ઉદયસે વિષયોંમેં લીન હુઆ...**' પુણ્ય બાંધ્યા, સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ થયેલા, પણ જે વીતરાગ સમાધિથી, જે શાંતિથી તરત કેવળ થાય તેવું એને થયું નહિ. '**પૂર્વકૃત ચારિત્રમોહકે ઉદયસે...**' એટલે ચારિત્રમોહમાં જોડાઈ ગયા. પછી વિષયની વાસનામાં લીન થઈ ગયા. '**રુદ્ર (હર) કહલાતા હૈ.**' એ શંકર કહેવામાં આવે છે.

'**ઈસલિયે વે હરિહરાદિક પરમાત્માકા સ્વરૂપ કૈસે નહીં જાનતે?**' શિષ્યે પ્રશ્ન કર્યો. આવું છે, આવા ભેદાભેદ રત્નત્રયના આરાધક. આવા પુણ્ય બાંધ્યા ને આવું થયું, જિનદીક્ષા લીધેલી. સમજાય છે? એ કેમ આત્માનું-પોતાનું, '**પરમાત્માકા સ્વરૂપ કૈસે નહીં જાનતે?**' શિષ્યે પ્રશ્ન કર્યો. આહા..હા..! જેટલું પણ ખટક રહી ગયું કહે છે કે, ન જાણ્યું એણે પૂર્ણ જેમ જાણવું જોઈએ, એમ સિદ્ધ કરવું છે.

'**ઈસકા સમાધાન યહ હૈ, કિ તુમ્હારા કહના ઠીક હૈ.**' કહે (છે), તારું કહેવું સાચું છે. નથી જાણ્યું કેમ? આવું જાણ્યા વિના તો આવા પુણ્ય હોય નહિ. દીક્ષા લીધી કહો છો,

નિશ્ચય-વ્યવહાર રત્નત્રય આરાધ્યા કહો છો અને એવા પુણ્ય કે જેમાં આવા પુણ્ય એ સમકિત વિના ઉપાર્જન હોય નહિ, અને તમે કહો છો કે, આત્માને એણે જાણ્યો નથી. **કૈસે નહીં જાનતે? કિ તુમ્હારા કહના ઠીક હૈ. યદ્યપિ ઈન હરિહરાદિક મહાન પુરુષોંને રત્નત્રયકી આરાધના કી,...'** ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ, એની અંતર શ્રદ્ધા, જ્ઞાન, શાંતિનું આરાધન-સેવન કરેલું. '**તો ભી જિસ તરહકે વીતરાગ-નિર્વિકલ્પ-રત્નત્રયસ્વરૂપસે તદ્ભવ મોક્ષ હોતા હૈ, વૈસા રત્નત્રય ઈનકે નહીં પ્રગટ હુઆ,...'** બસ, આ સિદ્ધ કરવું છે. આ આત્મા પરમાત્માને એકદમ સ્પર્શે, એકદમ ભગવાન પૂર્ણાનંદને આમ સ્પર્શની તરત કેવળ થાય, એ રીતે એણે એવી ધ્યાનની તપસ્યા અંદરમાં ન કરી. સમજાણું કાંઈ? ધ્યાન યોગે જ પ્રાપ્ત થાય, બાકી કોઈ રીતે પ્રાપ્ત થાય નહિ. જે આ ધ્યાન ઉગ્રપણે અંદર ધ્યાનમાં લીન સ્વરૂપ શુદ્ધ ચિદાનંદ આખો ગાંગડો પ્રભુ, એમાં જે લીનતા, ઉગ્ર વીતરાગ શાંતિથી એકદમ થાય. આહા..હા..!

'**વીતરાગ-નિર્વિકલ્પ-રત્નત્રયસ્વરૂપસે તદ્ભવ મોક્ષ હોતા હૈ, વૈસા રત્નત્રય ઈનકે નહીં પ્રગટ હુઆ,...'** એવું એણે પ્રગટ કર્યું નહિ. એ રીતે ન થયું માટે એ રીતે આત્માને જાણ્યો નહિ. કહો, સમજાણું આમાં? અધૂરું પાલવતું નથી એમ કહે છે. આહા..હા..! કહો, ન્યાલભાઈ! પૂર્ણ ન્યાલ લાવો કહે છે. આહા..! બસ, આ તો થોડું એણે નાખ્યું છે જરીક. સરાગ રત્નત્રય એટલે વ્યવહારરત્નત્રય. એ તો એક સમજાવ્યું છે કે, જેવું ઓલું નિશ્ચય સમાધિનું છે એવું એને નહોતું. એથી એને પછી ઓછું છે એને ત્યાં વ્યવહારરત્નત્રય કહ્યું. બાકી નિશ્ચય તો હતું. સમજ્યા ને? નિશ્ચય સહિતનો વ્યવહાર હતો. પણ જે નિશ્ચય આમ અભેદ એકાકાર આનંદમાં લીન થઈને તત્કાળ એકદમ કેવળ થાય એવું નહોતું. એની અપેક્ષાએ અધૂરું હતું, એની અપેક્ષાએ ઓછું કહેવામાં આવ્યું.

'**સો યહ તો હુઆ, લેકિન શુદ્ધોપયોગરૂપ વીતરાગરત્નત્રય નહીં હુઆ,...'** સમજાય છે કાંઈ? આહા..હા..! જેવો એ ભગવાન આત્મા અંદર છે, પૂર્ણ શાંતરસથી ભરેલો વીતરાગ પિંડ જ આત્મા છે. એકલો વીતરાગ નામ અકષાય સ્વભાવનો પિંડ એ પૂતળી પ્રભુ છે, આ આત્મા, હોં! અકષાય સ્વભાવની એકલી પૂતળી. એને પ્રગટ કરવા જેટલી અકષાય શાંતિની સમાધિની ઉગ્રતા જોઈએ એ રીતે નહોતી, માટે તેને એ રીતે જાણવું જોઈએ એવું જાણ્યું ત્યાં કહ્યું નથી. તે રીતે જાણ્યું નહિ માટે જાણ્યું નથી એમ કહ્યું. એટલી રીતે તો જાણ્યું છે. સમજાય છે કાંઈ આમાં? 'પરમાત્મપ્રકાશ' છે કે નહિ ત્યાં તમારે? નહિ હોય. ઠીક. પૈસા છે ને ત્યાં? પૈસા તો ઘણા છે. 'પરમાત્મપ્રકાશ' નથી? થઈ રહ્યા સુખી. પૈસા સંઘરે એ કરતાં પુસ્તક તો સંઘરે. એ કહે, પછી વાંચવાનો વખત મળે ન મળે. એય..! આ તો એકલું માખણ પીરસ્યું

છે આમાં. તૈયાર લાડુ લસલસતા કરીને મૂક્યા છે, જુઓ! આ લાડવા. ખા હવે.

મુમુક્ષુ :— પચે નહિ ને.

ઉત્તર :— અરે..! એ પચે નહિ એ વાત જ ન કહે આમાં. આત્મા એવો છે જ નહિ. અહીં કહેવામાં આવ્યું નહિ? કાલે સાંભળ્યું નહિ? ઈ રામજીભાઈ! કહેતા હતા. ૧૯૮૬ની સાલમાં રામજી હંસરાજ-અમરેલી વ્યાખ્યાન ચાલતા. ન્યાં રહ્યા હતા ને ચોમાસુમાં બધા? એ ત્રણે ભાઈઓ (હતા). એ તો વાત વળી જરી આવે અમુક ત્યાં. આ હોજરી પચન કરે એવી મહારાજ! આ વાત નથી, હોં! કીધું, હોજરી પચન કરે એવી તાકાત પ્રગટ કરો. સાધારણ ગરીબ માણસ પણ, કીધું, સાધારણ રોટલી ખતમ ફટ ફટ (કરે). એને લાડવા ખાવાનું મન થઈ જાય છે. એને કેમ હોજરી તૈયાર નથી કરતો? પૈસા થોડા હતા અને દશ લાખ થયા. તે દિ' દશ લાખ હતા એની પાસે. તે દિ' તો ૧૯૮૬ની સાલમાં. પછી આ બે કરોડ થયા. આ બધા પચાવવાનું ક્યાંથી મન થઈ ગયું આ બધું? જઠર તૈયાર કરો, કીધું. એ..ઈ..! વજુભાઈ! અમારે તો બધી કંઈક જાતના માણસ આવે કે નહિ? તમારો પ્રશ્ન અત્યારે નવો નથી. ૧૯૮૬માં થયેલો ૮૬માં. રામજી હંસરાજ. જઠર નથી. આત્મા એક સમયમાં પરમાત્મા થાય એવી તાકાતવાળો છે. એને ઓછી તાકાતવાળો માનવો એ દ્રવ્યના સ્વભાવની શ્રદ્ધા નથી. આહા..હા..! પછી કરી શકે (જો) પુરુષાર્થ નબળો હોય, એ જુદી વાત છે, પણ વસ્તુ એવી છે. ધરમચંદજી! આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— જડની. આ તો ભગવાન આત્મા અંદર (છે). સ્ત્રી, પુરુષ શરીરના લિંગને ન જુઓ. અંદર ભગવાન આત્મા બિરાજે છે. એની એટલી તાકાત છે. એને નબળો માનવો એ દ્રવ્યની શ્રદ્ધા એને સાચી છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ભરપૂર જ્ઞાનથી, બેહદ સ્વભાવથી ભરેલો છે. આહા..હા..! એને જેટલા જોરે જાણીને ઠરવું જોઈએ એટલા જોરે એ જાણ્યું નહિ ઠરીને. તેથી એણે નથી જાણ્યું એમ કહેવા માગ્યું છે, એમ કહે છે. સમજાણું? નહોતું જાણ્યું એમ નહિ. સ્પર્શ તો થઈ ગયેલો કે, આ ચીજ આત્મા, અનુભવ. પણ એ જે ઉગ્ર તપે કરીને ઉગ્ર શાંતિ દ્વારા આમ સ્થિર... સ્થિર... સ્થિર... સ્થિર (થવું જોઈએ એ ન થયો). કેમકે સ્થિરતા એનો સ્વભાવ છે, એનો ગુણ જ સ્થિરતા છે. સમજાણું કાંઈ? એ સ્થિરતાના કર્તા દ્વારા, સ્થિરતાની પર્યાય દ્વારા પૂર્ણ પામી શકે એવી એનામાં તાકાત છે. પણ એટલી સ્થિરતા પ્રગટ ન કરી એમ કહેવા માગે છે. વસ્તુમાં તો પૂર્ણ સ્થિરતા છે. વસ્તુનો સ્વભાવ તો પૂર્ણ સ્થિર થવું એ જ એનું સ્વરૂપ છે. ચારિત્રગુણ છે ને એનામાં? અને કર્તા-ગુણ છે કે નહિ? સાધનગુણ છે કે નહિ? આધારગુણ છે કે નહિ? એ શાંતિના આધારે પૂર્ણ થાય એવો જ એનો સ્વભાવ છે. પણ એની પર્યાયમાં એટલી નબળાઈ રહી એમ બતાવવા

માગે છે કે જે રીતે એને જોર જોઈએ સમાધિ(નું), શાંતિનું, સ્થિરતાનું, એ રીતે એણે જાણ્યું નથી માટે તેણે આત્મા જાણ્યો નથી એમ આ અપેક્ષાએ કહેવા માગીએ છીએ. આહા..હા..!

'રણે ચડ્યા રજપૂત છૂપે નહિ.' ઈ ગરાસિયો તે કાંઈ ઝાલ્યા રહેતા હશે? ભિખારી હોય તોય વાણિયાને ... કરે. ઉભા રહો. સાધારણ ગરાસિયાને સાથે લીધેલો. વાણિયાની હતી જાન. લીમડી પાસે શું કહેવાય? જાંબુ. જાંબુ છે ને? જાંબુના વોરા. વાણિયા, હોં! એમાં જાન નીકળી, પછી એણે ગરાસિયાને લીધો સાથે. એમાં કો'કને ખબર પડી કે, જાનમાં પૈસા સારા છે ને એમાં નીકળ્યા આવ્યા પેલા બહારવટીયા લૂંટારા. વાણિયાને ખબર પડી કે, આ લૂંટારા આવ્યા. એય...! શેઠિયાઓ! તમે મને શી રીતે લીધો આ? મેં જાણી લીધા તમને. બેસી રહો. ઊભો થઈ ગયો, ઊભો. જો હું ગરાસિયો છું, ધ્યાન રાખજે. પેલાને કહે. સમજાણું? માથા મૂકવા હોય તો આવજે અહીંયા. અમે વાણિયા ટેંટા નથી. ભાગી ગયા. બીજું શું? પેલાનું જોર જ્યાં દેખ્યું ત્યાં. જોર દેખીને ભાગી ગયા, ભાગી. લૂંટવા આવ્યા હતા. આ વાણિયાને શૂર ચડી ગયું હતું. વયા ગયા. એ કહેતા હતા. એ વાત કરતા હતા. આપણે કો'કે સાંભળેલી વાત હોય ને? કહો, સમજાણું આમાં?

એમ અંદર આત્મામાં વીરતા... વીરતા... વીરતા... વીરરસ પડ્યો છે. એવી પૂર્ણ વીરતા જેનાથી એકદમ પ્રગટે એવી વીરતાની ખામી, એ રીતે એણે આત્માને જાણ્યો નહોતો. બાકી જાણ્યો તો હતો. સમજાણું? શુદ્ધ ઉપયોગ. અંદર વિકલ્પની બિલકુલ ગંધ નહિ પુણ્યની. એવી અંદર રમણતા જે શુદ્ધોપયોગથી ભગવાન આત્મામાં થવી જોઈએ. એ '**નહીં હુઆ, ઈસલિયે વીતરાગરત્નત્રયકે ધારક ઉસી ભવસે મોક્ષ જાનેવાલે યોગી જૈસા જાનતે હૈં, વૈસા યે હરિહરાદિક નહીં જાનતે.**' સમજાણું કાંઈ? આહા..હા..! જેવા એ યોગીઓ મોક્ષ તદ્ભવ મોક્ષ લે આમ તરત, એ કાળે આમ મોક્ષ લે. એવા જે યોગીઓએ જોડાણ કર્યું આમ અંતરમાં, એટલું જોડાણ એણે નહોતું કર્યું. માટે '**જૈસા જાનતે હૈં, વૈસા યે હરિહરાદિક નહીં જાનતે. ઈસીલિયે પરમ શુદ્ધોપયોગિયોંકી અપેક્ષા ઈનકો નહીં જાનનેવાલે કહા ગયા હૈ,...**' પરમ શુદ્ધોપયોગ, હોં! આમ તો શુદ્ધોપયોગ થયેલો. પણ પરમ શુદ્ધોપયોગ અંદર. આખી દુનિયા એકકોર ભગવાન આત્મા એટલો સ્થિર કે અબુદ્ધિપૂર્વક રાગ રહ્યો છે એને ટાળવા જેટલી સ્થિરતા જોઈએ એટલી સ્થિરતા કરી નહિ માટે એણે જાણ્યું નહિ એમ કહેવામાં આવે છે.

'**ક્યોંકિ જૈસે સ્વરૂપકે જાનનેસે સાક્ષાત્ મોક્ષ હોતા હૈ,...**' જેથી સ્વરૂપને જાણવાથી તરત એ ભવમાં જ મોક્ષ નામ મુક્ત દશા, મુક્ત સ્વરૂપ છે તે પર્યાયમાં મુક્તરૂપ થઈ જાય. મુક્ત સ્વરૂપ છે દ્રવ્યે, એ પર્યાયમાં મુક્ત થઈ જાય. જુઓ! પછી દ્રવ્ય ને પર્યાય લે છે, હોં! પછીની ગાથામાં. '**વૈસા સ્વરૂપ યે નહીં જાનતે.**' એવું એ સ્વરૂપ જાણતા નહોતા.

**'યહાંપર સારાંશ યહ હૈ, કિ જિસ સાક્ષાત્ ઉપાદેય શુદ્ધાત્માકો તદ્ભવ મોક્ષકે સાધક મહામુનિ હી આરાધ સકતે હૈં,...'** દેખો! સાક્ષાત્ ઉપાદેય શુદ્ધાત્માકો તદ્ભવ મોક્ષગામી સાધક મહામુનિ આરાધ સકતે હૈં. **'ઔર હરિહરાદિક નહીં જાન સકતે, વહી ચિંતવન કરને યોગ્ય હૈ.'** એવું પરમાત્મસ્વરૂપ પોતાનું અંદર શુદ્ધ છે, એ જ ધ્યાન કરવા લાયક છે. સમજાણું કાંઈ? આહા..હા..! પાવૈયાને પાનો ચડે એવું છે આ તો. પાણી ચડી જાય એવું છે.

**'આગે યદ્યપિ...'** એટલે જો કે **'પર્યાયાર્થિકનયકર...'** ભગવાન આત્મા... હવે જુઓ! ધ્યાન રાખજો. એ ભગવાન સ્વરૂપ જે આત્માનું અંદર છે, કાયમનો ધ્રુવ પિંડ પ્રભુ, એમાં વર્તમાન ઉત્પાદ-વ્યય અવસ્થા, ઉપજવું-વિણસવું, ઉપજવું-વિણસવું અવસ્થા. પૂર્વની અવસ્થાનો વ્યય-અભાવ, નવી અવસ્થા થવી. કર્મ સાથે, શરીર સાથેનો અહીં પ્રશ્ન રહ્યો નથી હવે. હવે તો પરથી જુદો પણ પર્યાયનું પરિણમન પણ દ્રવ્યમાં નથી એટલું સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

ભગવાન વસ્તુ જે છે અંદર વસ્તુ, એમાં કર્મ નથી, શરીર નથી, પુણ્ય-પાપના ભાવ નથી. સમજાય છે? પણ આ ઉત્પાદ-વ્યયની પર્યાય છે એ પણ વસ્તુમાં નથી. આહા..હા..! સમજાય છે આમાં? ભાઈ! એય! હસમુખ! આ બધું સાંભળવું પડશે, હોં! એકલું પાછું મનસુખને સોંપવું એમ નહિ ચાલે ત્યાં.

આ આત્મા છે ને અંદર? જેમ એક સોનું છે ને સોનું? પાંચ રૂપિયા ભાર, દશ રૂપિયા ભાર એનો એક દાગીનો થાય ને? એક કડાની અવસ્થા હોય, અને કડાની અવસ્થા મટીને કુંડળની અવસ્થા થઈ. એ અવસ્થા વિનાનું સોનું હોય નહિ. પણ કહે છે કે, એ અવસ્થા જે કુંડળની હતી, કુંડળની અવસ્થા ઉત્પન્ન થઈ અને કડાની ગઈ. એ સોનું છે એ રૂપે નથી. એ સોનું એ રૂપે નથી થયું. સોનું તો એ ઉત્પાદ-વ્યયથી રહિત છે. આહા..હા..!

આત્મદ્રવ્યમાં પરિણમન નથી એમ કહે છે. એ..ઈ..! પેલો પિંડ ધ્રુવ પડ્યો છે ને આમ ધ્રુવ, સ્તંભ એકલો ધ્રુવ. અહીં તો છોડી દે લક્ષ શરીરનું, રાગનું, વિકલ્પનું પણ ઉત્પાદ-વ્યય છે એ એના દ્રવ્યમાં, વસ્તુમાં નથી. વસ્તુ.... વસ્તુ... વસ્તુ... વસ્તુ ઉત્પાદ-વ્યયના પરિણમન વિનાની છે. સમજાણું? ઉત્પાદ-વ્યય પર્યાયમાં થાય ને? પર્યાય અવસ્થા. એ અવસ્થા, ઈ ચીજમાં એ અવસ્થા નથી. ભારે વાત, ભાઈ!

**'પર્યાયાર્થિકનયકર ઉત્પાદવ્યયકર સહિત હૈ,...'** સહિત હૈ. પેલો સંયુક્ત શબ્દ પડ્યો છે ને? એટલે સહિત કર્યો. પણ અર્થમાં પછી બીજું લીધું. **'તો ભી દ્રવ્યાર્થિકનયકર ઉત્પાદવ્યયરહિત હૈ,...'** ભગવાન વસ્તુ... વસ્તુ... વસ્તુ અનાદિ-અનંત છે... છે... છે...

છે... છે. એવો ભગવાન આત્મા અંદર છે... છે... છે... છે. ઈ છે, છે એવી જે વસ્તુ, એમાં અવસ્થાનું થવું ને જવું એ અંદરમાં ધ્રુવમાં નથી. બહુ ઝીણું છે, ભાઈ! આ તો એના ઘરની વાત કરે છે. તું તારામાં શું થઈ રહ્યું એની વાત કરે છે. એ દળ છે. ચિદ્દ્ઘન છે, ચિદ્દ્ઘન છે. એ આત્મા ચિદ્દ્ઘન છે, એકલો ધ્રુવ છે, ધ્રુવ છે, કૂટસ્થ છે, નિત્ય છે, એકરૂપ છે. જેમાં ભાવ-અભાવ નથી. ભાવ એટલે પર્યાયનું ઉત્પન્ન થવું અને અભાવ એટલે એ પર્યાયનો અભાવ થવો એ વસ્તુમાં અંદરમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

જેના સ્વભાવની અચિંત્યતા, અપરિમિતતા, બેહદતાના સ્વભાવનો સાગર પિંડ ધ્રુવ. એ ધ્રુવ વસ્તુમાં ઉત્પાદ-વ્યય નવી અવસ્થા થવી, જૂની જવી, એવી પર્યાયના પરિણમન રહિત દ્રવ્ય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? **'સદા ધ્રુવ (અવિનાશી) હી હૈ,...'** એ વસ્તુ... વસ્તુ... વસ્તુ.... વસ્તુ... વસ્તુ... વસ્તુ..., ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... સદા ધ્રુવ નિત્ય... નિત્ય... નિત્ય... નિત્ય... નિત્ય... છે. **'વહી પરમાત્મા નિર્વિકલ્પ સમાધિકે બલસે...'** દેખો! એવા અંતર ધ્રુવ ભગવાન આત્માને વીતરાગી શાંતિ દ્વારા. એ પર્યાય આવી. નિર્વિકલ્પ શાંતિ દ્વારા, એના બળ દ્વારા, જુઓ! રાગના બળ દ્વારા નહિ, નિમિત્તના બળ દ્વારા નહિ, શરીરના બળ દ્વારા નહિ, શરીર સંહનન બહુ મજબુત હતું માટે થયું એમેય નહિ. આહા..હા..!

એ પરમાત્મા પોતાનું સ્વરૂપ ધ્રુવ, ધ્રુવ ચિદ્દ્ઘન. એ નિર્વિકલ્પ શાંતિ દ્વારા, વીતરાગી અંદર નિર્વિકલ્પ સમાધિ દ્વારા—શાંતિ દ્વારા. એના બળથી **'તીર્થંકરદેવોંને દેહમેં ભી દેખ લિયા હૈ,...'** તીર્થંકરદેવોએ એવા ધ્રુવસ્વરૂપને દેહમાં રહ્યા, દેહમાં રહ્યા એમ નિમિત્તથી કહ્યું. એમાં ને એમાં ભગવાન આવો છે એમ અંતર જોઈ લીધો છે. આહા..હા..! સમજાય છે કાંઈ? **'ઐસા કહતે હૈં :'**

**૪૩) भावाभावहिँ संजुवउ भावाभावहिँ जो जि।**
**देहि जि दिट्ठउ जिणवरहिँ मुणि परमप्पउ सो जि।।४३।।**

એને પરમાત્મા કહીએ એમ કહે છે અહીં. 'પરમાત્મપ્રકાશ' છે ને?

**અન્વયાર્થ :-** **'જો વ્યવહારનયકર યદ્યપિ ઉત્પાદ ઔર વ્યયકર...'** પરિણત હૈ. જુઓ! એ વ્યવહાર. પેલો દેહમાં રહ્યો હતો એ અનુપચરિત અસદ્ભુત વ્યવહાર. આ સદ્ભુત પર્યાયના અંશનો વ્યવહાર. સમજાણું કાંઈ? સમજાણું? પર્યાયાર્થિકનય કીધું ને? એટલે એને વ્યવહાર કહ્યો. દ્રવ્યાર્થિકનય એટલે નિશ્ચય. ત્યારે કહે છેને ઘણા? કે જુઓ! એ વસ્તુ જે છે એ નિશ્ચય. એનો પર્યાય છે એ એનામાં છે કે નહિ? વ્યવહાર છે કે નહિ? પણ વ્યવહાર છે નહિ એમ કોણે કહ્યું? એમ રાગાદિ વ્યવહાર છે નહિ એમ કોણે કહ્યું? પણ એ વ્યવહારને લઈને, રાગને લઈને અહીં નિશ્ચય છે એમ નહિ. એમ પર્યાયના વ્યવહારને લઈને દ્રવ્ય છે

એમ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

પોતે અનાદિ-અનંત પદાર્થ છે કે નહિ? આવી ધૂળ શરીર તો અનંત વાર આવ્યા ને ગયા. આ અંદરના પુણ્ય-પાપના ભાવ એ આવ્યા ને ગયા. એની વાત મુકી દે હવે કહે છે અહીં તો. આ તો ભગવાન આત્મા ધ્રુવ વસ્તુ છે કે નહિ અનાદિ-અનંત? અનાદિ-અનંત પદાર્થ છે કે નહિ અંદર આત્મા? એ આત્માની વર્તમાન દશામાં, હાલતમાં ઉપજવું-વિણસવું થાય એ વ્યવહાર છે, એ જ વ્યવહાર છે. એથી એક ન્યાયે એને અભૂતાર્થ કીધો છે. વસ્તુ સ્વરૂપ જે ભૂતાર્થ છે, એમાં એ ક્યાં છે? આહા..હા..! છતાં આશ્રય લેનાર છે એ પર્યાય છે. પણ પર્યાયનું લક્ષ કરતા ભેદ છે માટે વ્યવહાર છે. ત્યારે એનો અર્થ એમ નહિ કે, પર્યાય વ્યવહાર છે તો વ્યવહારથી નિશ્ચય પમાય છે, એમ નથી એનો આશય. એમ કહે, નિશ્ચયનો આશ્રય તો વ્યવહારે કર્યો ને? પણ સાંભળને. શું કહેવાય છે?

'**भूदत्थमस्सिदो**' આવે છે ને? એ પ્રશ્ન ઉઠ્યો હતો ને? ત્યાં એને ઉઠ્યો હતો. વડવામાં સોમાભાઈ સાથે. આમ ઓલા પાટીયામાં લખ્યું હતું. એમાં કીધું જુઓ! આ આશ્રય છે એ પર્યાય છે કે નહિ? પણ પર્યાયથી આશ્રય કર્યો શેનો? શેનો કર્યો? પર્યાય વ્યવહાર છે, આ નિશ્ચય છે, એમાં જે ઢળ્યો છે પર્યાય (એ) અભેદ થઈ ગયો છે. સમજાય છે કાંઈ? આહા..હા..! ઓટલા ઉપર હતું ને પાટીયું હતું. ઓટલા ઉપર ખૂણે ઉતરતા. એને થનગનાટ કરવા ને થનગનાટ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ અભેદ સહિત નિશ્ચય લ્યો, પણ વિષય છે દ્રવ્ય એકલો. પણ વિષય કર્યો છે પર્યાયે. પણ એ પર્યાય વિષય કરી, ભૂતાર્થ ઉપર ગઈ એટલે એનો વિષય થયો. પર્યાય આશ્રયે ભૂતાર્થનો વિષય થતો નથી. ઝીણી વાત છે. એથી એકદમ આત્મા ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... પરિણમન-પરિણમન છે નહિ એમાં.

ન્યાલભાઈ બહુ આવી વાતું કરતા ને કલકત્તાવાળા. લોકોને નહોતું બેસતું, લોકોને ખબર નથી. ધ્રુવ એકલો છે. પરિણમવું એ ક્યાં છે અંદરમાં? સમજાણું? એટલે પછી કેટલાક તો કહે, એ નિશ્ચયાભાસી હતા. હવે તને ભાન ન મળે, સાંભળને. એ..ઈ..! ન્યાલભાઈ હતા એક. અજમેરના હતા, કલકત્તા રહે છે. બહુ ... સમજાણું કાંઈ? એકલી વસ્તુ, ધ્રુવ જ વસ્તુ છે, બસ. પરિણમન કાઢી નાખે તો...

મુમુક્ષુ :— અપરિણામી બોલતે થે.

ઉત્તર :— અપારિણામી બોલતે થે. તો અહીં પણ અપારિણામી કહ્યો. દ્રવ્ય-વસ્તુ અપારિણામી છે. પર્યાય પરિણમન છે, દ્રવ્ય વસ્તુમાં પરિણમન કેવું? સમજાણું કાંઈ?

'**જો વ્યવહારનયકર યદ્યપિ ઉત્પાદ ઔર વ્યયકર સહિત હૈ...**' એટલે પરિણત છે

એમ શબ્દ પડ્યો છે સંસ્કૃતમાં. '**उत्पादव्ययाभ्यां परिणतः**' સમજાણું? બાપુ! આ તો બાદશાહના ઘર છે. સાધારણ બાદશાહના ઘરમાં પણ સરખાઈ થઈને જવાય તો આ તો પરમાત્મા પોતે ત્રણલોકનો નાથ આત્મા પોતે (છે). સમજાણું કાંઈ? આહા..હા..! એકલો જ્યાં ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... એનું લક્ષ કરનારી ભલે પર્યાય છે, પણ એ પર્યાય તે ધ્રુવમાં નથી. ભાઈ! અહીં તો આ 'પરમાત્મપ્રકાશ' છે. પેલો પરમાત્મા કહે છે. એક સમયનો પર્યાય પરમાત્મા નહિ, દ્રવ્ય પરમાત્મા. સમજાણું કાંઈ?

એ ભાવ-અભાવકર રહિત હૈ. સહિત કીધા, હોં! પરિણત છે એમ કીધું, પરિણત છે. ઉત્પાદ વ્યય પરિણત છે. '**તો ભી 'દ્રવ્યાર્થિકનયસે ઉત્પાદ ઔર વિનાશસે** ('રહિતઃ') **રહિત હૈ,...**' એ આત્મા ભગવાન ધ્રુવ, ધ્રુવ એકરૂપ ચિદાનંદ ઘન વસ્તુ, એ પરિણમન રહિત છે. જમુભાઈ! કહો, આ બેસે કે નહિ? બાને શું થશે આ? આ ગુજરાતી આવ્યું ભાઈ! હવે. પણ ગુજરાતી જે હોય એ આવે કે નહિ? લાડવા તે કાંઈ એકલા લોટના થાય? એના પ્રમાણમાં ઘી ને ગોળ બધું જોવે કે નહિ? આહા..હા..! અરે..! આત્મા છે. કેમ ન બેસે? ન બેસે એવું શલ્ય જ એણે ઊંધુ નાખ્યું છે અંદર. એ શલ્ય એને પેસવા દેતું નથી.

મુમુક્ષુ :— લાડવાનું નામ પડતા જઠરાગ્નિ ઉદિપ્ત થઈ જાય.

ઉત્તર :— લાડવા. આ સાંભળે ત્યાં જઠરાગ્નિ પ્રજ્વલિત ન થાય?

એકલો વીર્યનો પિંડ પ્રભુ છે. આત્મા એટલે કે બળનો પિંડ, એકલું બળનું રૂપ. લ્યો! ઠીક, વીર્ય આવ્યું વળી. આત્મા એટલે એકલો જ્ઞાનનો ગંજ-પૂંજ. જેમાંથી અનંત કેવળજ્ઞાન ચાલ્યા આવે છે. આત્મા એટલે અનંત આનંદ, જેમાંથી અનંત આનંદ ચાલ્યો આવે છે. એવો જે ધ્રુવ પરિણમન રહિત છે. સમજાણું કાંઈ? આહા..! તોપણ દ્રવ્યાર્થિકનય... દ્રવ્યાર્થિક એટલે? જેનું પ્રયોજન ધ્રુવને જોવાનું છે. જે જ્ઞાનને જોવાનું પ્રયોજન ધ્રુવનું છે, જે જ્ઞાનનો પર્યાય ધ્રુવને જોવા માગે છે, એ ધ્રુવમાં પરિણમન નથી. આહા..! સમજાણું કાંઈ? કહો, રતિભાઈ! આવું તમારે ક્યાં છે ન્યાં? ખોટા ખોટા અભ્યાસ કરાવે બધા. આ હિંમતભાઈ ભેગા છે કે નહિ? આહા..હા..! કેળવણી વિના ચાલે? ફલાણા વિના ચાલે? વળી એમ કહે પાછા. હવે સાંભળને.

આ ભગવાન એકલો આત્મા કેળવાયેલો પિંડ પડ્યો છે, અનંત ગુણનો પિંડ. જેમાં પર્યાયનું પરિણમન-એની નિર્મળ અવસ્થાનું પરિણમન, ક્ષાયિક સમકિતની પર્યાય, યથાખ્યાતની પર્યાય વસ્તુમાં ક્યાં છે? કેવળજ્ઞાન પર્યાય વ્યવહાર છે. સંસાર પર્યાયનો વ્યય ને કેવળનો ઉત્પાદ, બેય જે ધ્રુવમાં નથી. એ..ઈ..! આ દિવાળી આવે છે કે નહિ હવે આ? શું કહેવાય એ કાંઈ કરે છે, લાડવા નથી કર્યા ઘઉંના? દળ-દળ. એ અમારે પંડિતજીને તરત મોઢે જાણે. ગમે એ

વાત પણ,.. પાછુ બીજું નથી આવડતું એવો એનો અર્થ ન થાય. દળ દળ થાય છે, પેલા ઘઉંના શું કહેવાય ઘઉંના? દળ, દળ કરે ઘઉંના લાડવા. ત્રણ શેર, ચાર શેર. એમાં એટલું બધું તો ઘી ન નાખે. એ તો ઓલો સકરપારો કરે. દળની જેવું. ઓલો સક્કરપારો કરે ને ઘઉંનો? ઘઉંનો સકરપારો કરે એમાં એક શેર લોટમાં ચાર શેર ઘી પાય. અને મેસુબ કરે એમાં એક શેર ચણાના લોટમાં ચાર શેર. અને આ દળમાં સાધારણ હોય. લોટ-ઘી તો હોય ને? જોયા છે ને? લાડવા જોયા છે કે નહિ? પહેલા ખાધા હશે, હમણા ખાવા-બાવાનું બંધ કરી દીધું.

કહે છે, ઓ..હો..હો..! ભગવાન આત્મા, એ ભગવાન જે વસ્તુ અંદર ધ્રુવ અનાદિ-અનંત વસ્તુ એને જિનવરે દેહમાં રહ્યા જોઈ લીધી છે એમ કહે છે. પેલા ધ્રુવને જોઈ લીધી, હોં! આહા..હા..! આખા દ્રવ્યને એક સમયમાં ભગવાને જોઈ લીધું, એમ કહે છે અહીં તો. આહા..હા..! ત્યારે કહે, એ જોયું તો પર્યાયે ને? વ્યવહારે કામ કર્યું ને? અરે..! સાંભળને ભગવાન! વ્યવહારથી નિશ્ચય પમાય છે કે નહિ? અરે..! ભગવાન! તું શું કહે છો? ભાઈ! એ દ્રવ્યની દૃષ્ટિ થઈ તે દ્રવ્યથી દ્રવ્ય પમાણું છે એમ ન્યાય છે ખરેખર. સમજાણું કાંઈ?

વસ્તુ ધ્રુવ સચ્ચિદાનંદ ભગવાન સિદ્ધ સ્વરૂપનો પિંડ જ આત્મા છે. પર્યાયમાં સિદ્ધ થવું એટલી એની વાત. વસ્તુ તો સિદ્ધસ્વરૂપ જ છે. દ્રવ્ય તો સિદ્ધ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... અનાદિ-અનંત સિદ્ધ છે. અનાદિ-અનંત પરમાત્મા જ પોતે છે. એવા અનંતા પરમાત્મા બિરાજે છે. આહા..હા..! સમજાણું? એવો જિનવરે, '**વીતરાગનિર્વિકલ્પ આનંદરૂપસે સમાધિકર તદ્ભવ મોક્ષકે સાધક જિનવરદેવને...**' જુઓ! પેલાની સામે લેવું છે ને? પેલા હરિહરે એવું જોયું નહોતું, આ એ વાત છે.

'**વીતરાગનિર્વિકલ્પ આનંદરૂપસે સમાધિ...**' એ વસ્તુ વીતરાગ પિંડ હતો આખો, પરિણમન વિનાનો, ઉત્પાદ-વ્યય વિનાનો વસ્તુ. એને ભગવાન પરમાત્મા અરિહંત જિનવરોએ જોઈ લીધો (કે) આ દ્રવ્ય, આ વસ્તુ. જોનાર ભલે પર્યાય, પણ જોયો ધ્રુવ. સમજાણું કાંઈ? આહા..હા..! '**વીતરાગનિર્વિકલ્પ આનંદરૂપસે સમાધિકર તદ્ભવ મોક્ષકે સાધક જિનવરદેવને...**' એટલે જિનવરદેવે. '**દેહમેં ભી દેખ લિયા હૈ,...**' આ દેહમાં અહીં ને અહીં દેખ્યો. વળી તું કહે કે, ન્યાં મોક્ષ થાશે ત્યારે દેખે એમ નહિ, એમ કહે છે. અહીં ને અહીં પરમનિર્વિકલ્પ સમાધિ દ્વારા આ ધ્રુવ છે એમ જાણી લીધું. સમજાણું કાંઈ? (કોઈ) એમ કહે, વળી દેહ રહિત થાય ત્યારે આ જણાય. દેહ રહિત જ છે. સંબંધ રહિત જ છે. પણ સંબંધમાં રહ્યો છતાં, અહીં આમ રહ્યો છતાં, અહીં ને અહીં પૂર્ણાનંદ ભગવાન છે એમ ઉગ્ર વીતરાગ સ્વભાવની શાંતિ દ્વારા દેહમાં રહ્યા, એમ અહીં કહેવું છે. દેહમાં રહ્યાનો અર્થ તો ના પાડી પહેલી તો. સંબંધરૂપ

છે, જૂઠામાં છે જૂઠી નયે. પણ અહીં ને અહીં ભગવાન ધ્રુવ છે એમ વીતરાગ શાંતિ દ્વારા જોઈ લીધો. સમજાણું કાંઈ? આહા..હા..!

**'દેખ લિયા હૈ, ઉસીકો તૂં પરમાત્મા જાન,...'** લ્યો! શિષ્યને કહે છે, ભાઈ! આહા..હા..! જેમાં પરિણમન નહિ, પરિણમન નહિ. ગજબ વાત છે! આ તે કાંઈ શું કહે છે! ધ્રુવ પરમાત્મા, દ્રવ્ય પરમાત્મા એવો ને એવો પરમાત્મા ત્રિકાળ તું છો. સમજાણું? **'અર્થાત વીતરાગ પરમસમાધિકે બલસે અનુભવ કર.'** લ્યો! શિષ્યને પણ પાછું એવું જ કહ્યું. ઓલાએ કહ્યું ભાઈ! અમે, પંચમ આરામાં જન્મ્યા છીએ ને? ભગવાન! તમે તો તદ્ભવ મોક્ષગામીની વાત પાછી અમને સોંપો છો. વાત તમે આવી કરો છો કે તદ્ભવ મોક્ષ જવાના. ઓલાની નહિ. સાંભળને હવે. તદ્ભવ.. ને કર આમ. સમજાણું? **'अनुभव इति अर्थ'** એટલે છે ને અંદર? **'परमसाधिबलेनानुभवेत्यर्थः'** એનો ભાવાર્થ કહેવાશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૧૧, ગુરુવાર, તા. ૨૧-૧૦-૧૯૬૫**
**ગાથા-૪૪, ૪૫, પ્રવચન-૨૯**

૪૩ થઈ ગઈ. આ પરમાત્મા પોતે આત્મા **'આગે દેહમેં જિસકે રહનેસે પાંચ ઈન્દ્રિયરૂપ ગાંવ બસતા હૈ, ઔર જિસકે નિકલનેસે પંચેન્દ્રિયરૂપ ગાંવ ઉજડ હો જાતા હૈ, વહ પરમાત્મા હૈ, એસા કહતે હૈં -'**

૪૪) देहि वसंतैं जेण पर इंदिय-गामु वसेइ।
उव्वसु होइ गएण फुडे सो परमप्पु हवेइ।।४४।।

**અન્વયાર્થ :- 'જિસકે કેવલ દેહમેં રહનેસે...'** જેનું દેહમાં રહેવાથી-ભગવાન આત્માનું ફક્ત અસદ્ભુત વ્યવહારનયે. **'ઈન્દ્રિય ગાંવ રહતા હૈ,...'** પાંચ ઈન્દ્રિયની સમય સમયની પર્યાયની જાગૃતિ ઈન્દ્રિયના નિમિત્તના લક્ષે, એ પોતે હોય તો એ જાગૃતિ દેખાય છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા દેહમાં વસતા, ઈન્દ્રિય ગામ વસે છે. એટલે કે પાંચ ઈન્દ્રિયના તે તે સમયના જ્ઞાનથી જાણતી ઈન્દ્રિયો વસે છે, એમ કહેવામાં આવે છે. **'ઔર જિસકે પરભવમેં**

**ચલે જાનેપર ઉજડ નિશ્ચયસે હો જાતા હૈ...'** ભગવાન આત્મા અહીંથી નીકળ્યો, એટલે પાંચ ઈન્દ્રિયોના તરફનું જ્ઞાન એ ઉજ્જડ થઈ ગયું. ઈન્દ્રિયો થઈ ગઈ ઉજ્જડ. સમજાણું કાંઈ? કહો, જમુભાઈ!

ભગવાન આત્મા બિરાજમાન જ્યાં છે, ત્યાં ઈન્દ્રિયોની જાગૃતિમાં તે દેખાય છે પર્યાય, એ ઈન્દ્રિયો વસી છે એમ ઈન્દ્રિયજ્ઞાનની અવસ્થાએ ત્યાં કહેવામાં આવે છે. જ્યાં આત્મા અહીંથી નીકળ્યો એટલે બધું શૂન્ય-માટી. અહીં જાગૃતિનો જે ભાગ હતો, એનો પર્યાય, હોં! વસ્તુ તો ભિન્ન આખી. **'ઈન્દ્રિય ગાંવ રહતા હૈ,...'** રહે છે અને જેના જવાથી ઉજ્જડ ઈન્દ્રિયો (થઈ જાય છે). **'વહ પરમાત્મા હૈ.'** એ પરમાત્મા છે. શું કહે છે જરી? કે, જ્ઞાન-સ્વભાવ સર્વજ્ઞસ્વભાવી ભગવાન આમાં વસવાથી પાંચ ઈન્દ્રિયના લક્ષનું જ્ઞાન તે તે કાળે જાણે ઈન્દ્રિયો જાગતી હોય એમ એને લઈને દેખાય છે. એ ગયો એટલે ઈન્દ્રિયો જડ થઈ ગઈ, તે તે પ્રકારનું જ્ઞાનના અંશનું જાગ્રતપણું ત્યાં રહ્યું નહિ. છતાં એ આત્મા એટલો નથી. સમજાય છે કાંઈ? જે જ્ઞાનની મૂર્તિ, સર્વજ્ઞસ્વભાવી પરમાત્મા જ્યાં વસ્યો, ત્યાં એકલી ઈન્દ્રિયોને જાગ્રત કરી. એટલે કે ચૈતન્ય જ્યાં વસ્યો તે ઈન્દ્રિયો વસી એમ લાગ્યું, પણ ઈન્દ્રિયો ગઈ ત્યાં ઉજડ થઈ ગયું. શું કહ્યું? સમજાણું આમાં?

મુમુક્ષુ :— નિમિત્ત છે ને વાત?

ઉત્તર :— નિમિત્તની વાત નથી. આ જડમાં જાગૃતિનો ભાગ છે એવો જે આત્મા, અંશની જાગૃતિ. એને લઈને આ ઈન્દ્રિયો વસી છે એટલે જાણે કે, આ નિમિત્ત સંબંધમાં આ ચૈતન્ય કામ કરે છે, એટલે ઈન્દ્રિય વસી એમ કહેવાય. એ ગયો એટલે જડ ઉજ્જડ થઈ ગયું. ફાંકા પડ્યા રહ્યા જડ, માટી, ધૂળ. આહા..હા..! સિદ્ધ તો એનું અતીન્દ્રિય જ્ઞાન સ્વરૂપ કરવું છે. પણ ઈન્દ્રિયમાં અંદર અહીં વસ્યો, ઈન્દ્રિય તો શરીરનું અવયવ છે. સમજાણું કાંઈ? એમાં એ વસ્યો (એમ) સંબંધરૂપ દેખાય છે. પણ એની જાગૃતિને-વર્તમાન ઈન્દ્રિયજ્ઞાનની જાગૃતિને લઈને ઈન્દ્રિયો વસી એમ દેખાય છે. એ જાગૃતિ ગઈ એટલે જડ માટી થઈ ગઈ. એવું તો જેની વર્તમાન ઈન્દ્રિય તરફની જાગૃત અવસ્થાનો ખ્યાલ, એ ભગવાન અતીન્દ્રિય જ્ઞાનમય છે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'શુદ્ધાત્માસે જુદી ઐસી દેહમેં...'** ભગવાન આત્મા એકલો જ્ઞાનનો ગાંગડો, જ્ઞાનનો સ્વભાવ, જ્ઞાન ભગવાન સ્વભાવ. જ્ઞાન ભગવાન સ્વભાવ. એવો ભગવાન જ્ઞાન મહિમાવંત સ્વભાવ, એ **'દેહમેં બસતે...'** એ ભગવાન સ્વભાવથી દેહ ભિન્ન છે. સમજાણું કાંઈ? દેહની મહિમા નથી, આની મહિમા નથી. જ્ઞાનસ્વભાવ ભગવાન આત્મા એનાથી આ દેહ ભિન્ન છે. શુદ્ધાત્મ ભગવાન... ઓહો..! એવો ભગવાન આત્મા મહિમા સ્વભાવ, ભગવાન સ્વભાવ એવો

શુદ્ધ સ્વભાવ, એનાથી આ દેહ ભિન્ન છે.

**'ઐસી દેહમેં બસતે આત્મજ્ઞાનકે અભાવસે...'** ઈ ભગવાન આત્મા કોણ છે એના જ્ઞાનના અભાવથી. જુઓ! **'ઈન્દ્રિયા અપને અપને વિષયોંમેં (રૂપાદિમેં) પ્રવર્તતી હૈં,...'** એમ કહેવું છે. જોયું? એ આત્મ વસ્તુ, વસ્તુ અતીન્દ્રિય જ્ઞાન પૂર્ણ કોણ છે, એના ભાન વિના એ આત્મા જ્યાં વસ્યો ત્યાં તેટલું ઈન્દ્રિયજ્ઞાન કામ જાગૃતનું કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધસ્વરૂપ પરમાનંદની મૂર્તિ, એનાથી જુદો આ દેહ જડ માટી, એમાં વસતો અનુપચારે, અસદ્ભુતે, વ્યવહારનયે, વસ્તુનું પૂર્ણસ્વરૂપ, તેના જ્ઞાનના અભાવે, વસ્તુ અખંડ જ્ઞાયકમય સ્વભાવ તેના ભાનના અભાવે, પાંચ ઈન્દ્રિયમાં વસતું ઈન્દ્રિયજ્ઞાન (કામ) કરી રહ્યું છે. એટલું ઈન્દ્રિય એ વર્તમાન એટલી જાગૃતિ પણ એ પરમાત્માને લઈને છે એમ કહે છે. આ ઈન્દ્રિયોને લઈને નથી. સમજાણું કાંઈ?

એ પણ પોતે શુદ્ધસ્વરૂપ જ્ઞાનનો એકલો રસ. 'જ્ઞ' ગોળો, 'જ્ઞ' ગોળો, સ્વભાવ જ્ઞાન ગોળો. બસ જેને જાણવું... જાણવું... જાણવું... જાણવું... એકલું સ્વરૂપ. એવા સ્વભાવના ભાન વિના એ પરમાત્મા ઈન્દ્રિયમાં વસ્યો અંદર લક્ષ કરીને, એ ઈન્દ્રિયજ્ઞાનથી ઈન્દ્રિય જાગૃત દેખાય છે.

**'અપને વિષયોંમેં પ્રવર્તતી હૈં, ઔર જિસકે ચલે જાનેપર અપને અપને વિષય-વ્યાપારસે રુક જાતી હૈં,...'** જાણવાનો વેપાર... આ આની વાત નથી, આમ જે થાતું એ આ ગયો ત્યાં અટકી ગયું. એના ઈન્દ્રિયના વિષય સંબંધીનું જ્ઞાન કરતું હતું. પોતે ઈન્દ્રિય છે, હોં! ભગવાન અહીંથી ગયા પછી થઈ રહ્યું. સમજાણું? એવો જે આ આત્મા, **'ઐસા ચિદાનન્દ નિજ આત્મા વહી પરમાત્મા હૈ.'** દેખો! પાંચ ઈન્દ્રિયના સંબંધમાં વર્તમાન જ્ઞાન જાગૃતિથી, ઈન્દ્રિયની જાગૃતિ દેખાય એટલે જાણે એ ઈન્દ્રિય કામ કરતી હોય ને ઈન્દ્રિય જાણે અંદર જાગતો આત્મા, એને લઈને આ ઈન્દ્રિય જાગતી (દેખાય). જાગે છે તો પોતાથી. એ જ્યાં ગયો જ્યાં એટલો પર્યાય સામર્થ્ય છે, એનું જેને... એ તો આખી ચીજ પૂર્ણ છે. એ જ્યાં ગયો (ત્યાં) એ ઈન્દ્રિયો જડ થઈ ગઈ, ઉજ્જડ થઈ ગઈ ઉજ્જડ. એવો વર્તમાન ઈન્દ્રિયના લક્ષમાં પણ જાગૃત અવસ્થાથી વસેલો, ઈન્દ્રિયોમાં વસેલો અને ગયો ત્યાં ઉજ્જડ થયો એવો ભગવાન પૂર્ણાનંદ દ્રવ્યસ્વભાવ એને તું આત્મા જાણ. એમ અહીંયા કહેવું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ... કામ કરતી બંધ થઈ જાય.

ઉત્તર :— કામ કરતી બંધ, એ તો કામ જ કરતી નહોતી, પણ આમ જાગૃત ત્યાં લાગતી હતી, આમ તેજ લાગતું હતું. સમજાણું? આ કોડા તો આમ ને આમ છે, પણ પેલું જ્ઞાન હતું ત્યાં તેજ લાગતુ હતું. એ જાણે છે અહીંથી રૂપને. આ કાન જાણે શબ્દને સાંભળે છે,

જાણે છે, શબ્દને જાણે છે. એમ બધું જાગૃત હતું એ ઉજ્જડ થઈ ગયું ગયા પછી. કહો, રતિભાઈ! ઓહો..હો..! ફક્ત વર્તમાન ઇન્દ્રિય જ્ઞાનની જાગૃતિથી આ ઇન્દ્રિયો વસતી હતી એમ કહેવામાં આવે છે. એ ઉજ્જડ થઈ ગઈ. ભગવાન ગયો એટલે ઉજ્જડ થઈ ગઈ. એવું તો એનું ઇન્દ્રિયજ્ઞાન છે એમ કહે છે અહીં તો. ભાઈ! આહા..! એનો સ્વભાવ ઇન્દ્રિયજ્ઞાન નથી. આ તો એટલા ... આ જાણે... જાણે... જાણે... જાણે... જાણે... જાણે... આમ જાણે. એ આખો અતીન્દ્રિય જ્ઞાનમય છે. સમજાણું કાંઈ? **'ઐસા ચિદાનન્દ નિજ આત્મા વહી પરમાત્મા હૈ.'** જુઓ! હવે. એ છે ને ઇન્દ્રિય હતી એટલે...

**'અતીન્દ્રિયસુખકે આસ્વાદી પરમસમાધિમેં લીન હુએ...'** ઇન્દ્રિય તરફના જ્ઞાનની જાગૃતિના ભાવથી દષ્ટિને ફેરવી. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદના સ્વાદથી ભરેલો ભરચક છે. ઇન્દ્રિય જ્ઞાનમાં, પર્યાયમાં એનું દુઃખ હતું. એ સ્વરૂપ નથી, ઇન્દ્રિયજ્ઞાન પણ એ કાંઈ મૂળ સ્વરૂપ નથી. એ તો એનો જાગૃત અંશ ત્યાં વસ્યો એમ બતાવ્યો હતો. આમ વસ્તુ જે છે, એ અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ (સ્વરૂપ છે). ભગવાન આત્મા ઇન્દ્રિયથી એમ કે જાગૃતના અંશથી આમ જે જણાતું શબ્દ રૂપ, રસ, ગંધ, સ્પર્શ એ વડે આત્મા જણાય નહિ, ઇન્દ્રિય વડે આત્મા જણાય નહિ. અને ઇન્દ્રિયનું વર્તમાન જ્ઞાન અંશ જે પરલક્ષી છે એ વડે પણ આત્મા જણાય નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ?

**'અતીન્દ્રિયસુખકે આસ્વાદી...'** અરે..! ઇન્દ્રિય તરફના લક્ષને, એટલા જ્ઞાનને, એટલા મહત્ત્વને છોડી દઈને. અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા, એનો જે આનંદ, પૂર્ણ જ્ઞાનમાં જ્યાં પૂર્ણ જ્ઞાન હોય ત્યાં બીજું શું હોય? ત્યાં આનંદ જ હોય. પર્યાયમાં જ્યાં પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પ્રગટ્યું. લ્યો! પૂર્ણ પ્રગટ્યું. ત્યાં આનંદ જ છે એકલો. એમ જ્યાં પૂર્ણ જ્ઞાન ભર્યું છે અંદર, ત્યાં એકલો આનંદ જ છે. સમજાણું કાંઈ?

**'અતીન્દ્રિયસુખકે આસ્વાદી...'** એ ભગવાન અતીન્દ્રિય જ્ઞાનનો આસ્વાદી, **'પરમસમાધિમેં લીન...'** સંતો પોતાના સ્વભાવની અંતર મહિમા કરીને લીન થનાર, પરમ શાંતિથી લીન થયા. **'મુનિયોંકો ઐસે પરમાત્માકા ધ્યાન હી મુક્તિકા કારણ હૈ,...'** અંતરના આવા સ્વભાવની એકાગ્રતા એ જ મુક્તિનું કારણ છે. કહો, કથા ચાલતી હૈ ક્યા? કૈસી ચલતી હૈ? આ તો આત્મા કી કથા હૈ. પરમાત્મા કી કથા હૈ. ઓહો..! **'વહી અતીન્દ્રિયસુખકા સાધક હોનેસે સબ તરહ ઉપાદેય હૈ.'** એ ભગવાન આત્મા અતીન્દ્રિય સુખનું સાધન હોવાથી અથવા પૂર્ણ અતીન્દ્રિય સુખ એનું સાધન સમાધિ, એનું ધ્યેય આત્મા. પૂર્ણાનંદ ભગવાન જેની અચિંત્ય મહિમા લઈ અને એકાગ્ર થાય એ અતીન્દ્રિય સુખ, પૂર્ણ અતીન્દ્રિય સુખનું સાધન છે. કહો, સમજાય છે કાંઈ? ભારે વાતું, ભાઈ! આ બધી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— મોટી મોટી વાતું, પણ આ દેખાય એની વાતું જ નહિ.

મુમુક્ષુ :— દેખાય એની જ વાતું છે.

ઉત્તર :— દેખાય છે અંશ, એનો આખો ભગવાન બીજો છે, એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? ત્યાં તું જોતો નથી. જ્યાં જોવાનું છે એ જોતો નથી. અને એ અંશ વડે આમ જોઈ રહ્યો છે, આમ... આમ... આમ... સમજાણું કાંઈ? આહા..હા..!

એવો ભગવાન આત્મા,... જુઓ! 'શ્રીમદ્'માં આવે છે એક. સર્વજ્ઞપદનું ધ્યાન કરો, ધ્યાન કરો. સમજાણું? ભગવાન સર્વજ્ઞપદસ્વરૂપ છે. સર્વ જાણનાર સ્વભાવ છે. સમજાણું? સર્વ જાણનાર સ્વભાવ, એવા અનંત જીવ પરમેશ્વર છે. જ્ઞ સ્વભાવી જીવો એટલે સર્વજ્ઞ સ્વભાવી જીવો અનંત છે. અજ્ઞ સ્વભાવી જડ એનાથી અનંત છે. સમજાણું? એ અજ્ઞસ્વભાવી જડદ્રવ્ય અનંત એને જાણનારું આ સર્વજ્ઞપદ. સર્વજ્ઞ જીવો અનંત (છતાં) ઓછા છે અને અજ્ઞ દ્રવ્યો અનંત છે. પણ એ અજ્ઞને 'જ્ઞ' કરનારા જીવ દ્રવ્યો ઓછા હોવાથી, પણ એનો પણ એક એક આત્મા બધાને સર્વજ્ઞપણે સર્વને જાણે એવું એક એક દ્રવ્ય છે. સમજાણું કાંઈ?

અહીં તો ઈન્દ્રિયજ્ઞાનની ક્યાં વાત, કહે છે, આ તો ભગવાન મહાન સર્વજ્ઞપદ પ્રભુ અતીન્દ્રિય જ્ઞાનનું એકલું સત્ત્વ છે, સ્વત્વ. જીવનું સ્વત્વ જ એ છે સર્વજ્ઞ સ્વરૂપ. સમજાય છે? કાંઈક સ્વત્વ કાઢ્યું કે નહિ? કહે છે એમાંથી કાઢ્યું કે નહિ કાંઈ સ્વત્વ? સત્વ નહિ, સ્વત્વ કહુ છું, હોં! સ્વત્વ, સ્વપણું. એમ ભગવાન આત્માનું સ્વપણું એટલું છે કે અનંત અનંત એવા ને એવા સર્વજ્ઞ સ્વભાવી જીવને જાણે, એથી અનંત ગુણા અજ્ઞ સ્વભાવી જડને જાણે, એથી અનંત ગુણા કાળ સમય જે અજ્ઞ જડ છે એને જાણે, એનાથી અજ્ઞ જે અસંખ્ય પ્રદેશી, અનંત પ્રદેશી આકાશ એને જાણે, એનાથી અનંત ગુણા એક દ્રવ્યના ગુણ એને જાણે, એવા એવા અનંત ગુણવાળા અનંતા દ્રવ્યોના અનંત ગુણની સંખ્યા કેટલી થાય? આહા..હા..!

અનંતા ગુણ એવા એવા અનંતા દ્રવ્યો, અનંતા આત્મા એથી અનંત ગુણા એવા પરમાણુ એવા અનંતા ગુણનું દળ આખું બધું. સમજાણું? એને જે એક સમયમાં જાણવાની પર્યાયની તાકાતવાળો, અને એના સ્વભાવમાં તો એવી અનંત પર્યાયના સામર્થ્યનો રાખનારો. શેઠી! આહા..હા..! સમજાણું કાંઈ? એવો આત્મા અતીન્દ્રિય આનંદ, જેનું પૂર્ણ જ્ઞાન આવડું, એમાં પૂર્ણ જ્ઞાનમાં વળી બીજું શું હોય? આનંદ જ છે ત્યાં. પ્રગટ પર્યાય જ્યાં પૂર્ણ જાણવાની એકલી પ્રગટ એ પામી. જાણવું પૂર્ણ થઈ ગયું, પૂર્ણ જાણવું ત્યાં દુઃખ શું હોય? એ તો આનંદ જ થઈ ગયો. ખલાસ. સમજાય છે?

અહીં પણ વિકલ્પને જાણવું, વિકલ્પને કરવું, શરીરને કરવું કાંઈ નથી આમાં. એ તો જાણવું...

જાણવું... જાણવું... એક સમયમાં બધું જાણવું. એવા એવા અનંત પર્યાયનો પિંડ સર્વજ્ઞસ્વભાવી દ્રવ્ય, એના ધ્યાનમાં અતીન્દ્રિય આનંદ આવ્યા વિના રહે નહિ. કારણ કે, એવા પૂર્ણ જ્ઞાનમાં પૂર્ણ શાંતિ ને આનંદ ભર્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને એમ કે આવડો મોટો આ કોણ આવો? ભાઈ! તારી મોટપને શું (કહેવું)! કહે છે.

અતીન્દ્રિય સુખનો આસ્વાદી જે પરમાત્મા, એવા પૂર્ણ જ્ઞાન ને અંદર ધ્યાનમાં પડી અને એ પૂર્ણ જ્ઞાનમાં મીટ માંડી છે, એથી આનંદ પણ ત્યાં પૂર્ણ પડ્યો છે. આટલું બધું જ્ઞાન ને આટલો બધો જ્ઞાનની સાથે રહેલો આનંદ, એવું જીવનું સ્વપણું એનું ધ્યાન કરતાં સમાધિ શાંતિ થાય, એ નિર્વિકારી શાંતિ તે મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— બેહદ આનંદ...

ઉત્તર :— હદ શી? જેનો સ્વભાવ તેને હદ શી? જેનું સ્વરૂપ ને સ્વભાવ તેને માપ શા? છતાં એનું બધું જ્ઞાન આવી જાય. જ્ઞાન આવ્યું એટલે કાંઈ ચીજ માપવાળી થઈ ગઈ? સમજાણું કાંઈ? એવો ભગવાન અતીન્દ્રિય સુખના આસ્વાદી ધર્માત્મા! આહા..હા..! એવા ધર્માત્મા ઐસે પરમાત્માકા, **'ઐસે પરમાત્માકા ધ્યાન હી...'** દેખો! આવો જે પરમાત્મા પોતાનો અંતર સ્વભાવ, એનું ધ્યાન જ મુક્તિનું કારણ છે. એમ કહીને શું કહે છે? એવું જે સ્વરૂપ એની એકાગ્રતા એ જ મુક્તિનું કારણ છે. સમજાણું કાંઈ? એ... ન્યાલભાઈ! આ ધર્મધ્યાન અહીંથી પ્રગટે છે. આહા..હા..! ધર્મ નામ સ્વભાવ. બેહદ ભગવાન સ્વભાવ, એની જે મહિમાની એકાગ્રતા એ ધર્મધ્યાન. એ મુક્તિનું કારણ છે. સમજાણું કાંઈ?

**'વહી અતીન્દ્રિયસુખકા સાધક હોનેસે સબ તરહ ઉપાદેય હૈ.'** એ ભગવાન જ આત્મા અતીન્દ્રિય સુખનું સાધન છે. એનો પર્યાય પ્રગટ્યો એ પૂર્ણાનંદનો સાધક છે, પણ પૂર્ણ આનંદનું સાધકનું સાધક, એનું સાધક દ્રવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? શું વાત કરે છે આ તે? કેવી હશે આ? ભાઈ! તું એવડો છો, એવો છો એમાં ક્યાંય શંકાને સ્થાન નથી. એવી નિઃશંકતા જ્ઞાનમાં લઈ અને આત્મા પોતાના સ્વભાવ તરફ ઢળે છે. બસ, ત્યાં એ મુક્તસ્વરૂપ તે જ મુક્તિની પર્યાયનું કારણ છે. સમજાણું કાંઈ?

હવે એ કહે છે. **'આગે જો પાંચ ઇન્દ્રિયોંસે પાંચ વિષયોંકો જાનતા હૈ,...'** પણ પોતે જણાય નહિ. **'ઔર આપ ઇન્દ્રિયોંકે ગોચર નહીં હોતા હૈ, વહી પરમાત્મા હૈ, યહ કહતે હૈં -'**

૪૫) जो णिय-करणहिँ पंचहिँ वि पंच वि विसय मुणेइ।।
मुणिउ ण पंचहिँ पंचहिँ वि सो परमप्पु हवेइ।।४५।।

**'જો આત્મારામ...'** ભગવાન આત્મારામ. આહા..હા..! જેને પરથી માન લેવા નથી, પરના

અપમાન સહન કરવા નથી. એ તો એકલો જ્ઞાતા-દૃષ્ટાનો પિંડ પ્રભુ છે. સમજાણું કાંઈ? જે ખાય, જાય (તેને) જાણનારો તે ભગવાન આત્મારામ છે. સમજાણું? '**જો આત્મારામ...**' આમ કેમ શબ્દમાં આવ્યું, મગજમાં? કે, એ આત્મારામ જ છે એ જાણનાર, જાણનાર એમાં આત્મ રમે. એમાં કાંઈ આ કેમ ને આ કેમ ને આ શું ને... એ બધું જાણવાનું જ કામ કરે આત્મારામ. સમજાણું? એ '**શુદ્ધનિશ્ચયનકર અતીન્દ્રિય જ્ઞાનમય હૈ...**' વસ્તુ.

મુમુક્ષુ :— ઈન્દ્રિયજ્ઞાન સ્વભાવ નથી.

ઉત્તર :— ઈન્દ્રિયજ્ઞાન સ્વભાવ જ ક્યાં છે? ખંડ ખંડ એ સ્વભાવ છે કાંઈ? વસ્તુ જ્યાં અખંડ એક, અખંડ એક, અખંડ પૂર્ણ વસ્તુ છે, એનું સામર્થ્ય પૂર્ણ છે. જે એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવોથી તેનું જ્ઞાન સામર્થ્ય સંપૂર્ણ છે. આમ ખૂણે ચાકળો છે. દેખાય છે? ઝાંખું થાય છે. જીવ એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી તેનું જ્ઞાન સામર્થ્ય સંપૂર્ણ છે. સંપૂર્ણ વીતરાગ થાય તે સંપૂર્ણ સર્વજ્ઞ થાય, 'શ્રીમદ્ રાજચંદ્ર' જુઓ! નીચે લખ્યું છે. એને પણ એ મોક્ષમાળામાંથી સૂઝ્યું પાધરું. 'સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી...' ન્યાંથી ભણકાર ઉઠ્યા, બે ભણકાર મૂળ-સર્વજ્ઞપદનું અને ભવના અંતનું. સમજાણું કાંઈ?

સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી,
આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;
અનાથ એકાંત સનાથ થાશે,

એકાંત સનાથ થાશે, કથંચિત્ અનાથ ને કથંચિત્ સનાથ ને એમ નહિ રહે. આહા..હા..!

અનાથ એકાંત સનાથ થાશે,
એના વિના કોઈ ન બાહ્ય સ્હાશે.

તારી બાંય પકડનાર બીજો કોઈ નથી, ભાઈ! સર્વજ્ઞે કહેલો સર્વજ્ઞસ્વભાવ આત્માનો, સર્વજ્ઞે કહેલો સર્વજ્ઞસ્વભાવ આત્મારામનો, એની એકાગ્રતા કર. એ તને શરણ છે, બાકી કોઈ શરણ છે નહિ. સમજાણું કાંઈ? અને એક શબ્દ એવો આવે છે. સર્વજ્ઞે કહેલો આત્મા ગુરુગમે જાણવો. નહિતર આમ આત્મા આત્મા તો બધા કહે (છે), એમ નહિ. સર્વજ્ઞે કહેલો આત્મા. સર્વજ્ઞે અનંતા સર્વજ્ઞસ્વભાવી આત્મા જોયા છે અને છે. સમજાણું કાંઈ? જેના જ્ઞાનમાં, અનંતા સર્વજ્ઞ પ્રગટેલા જેના જ્ઞાનમાં વર્તે એવી પર્યાય સર્વજ્ઞની. એવી અનંતી પર્યાય જેના પેટમાં પડી એવો સર્વજ્ઞ આત્મા. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ....

ઉત્તર :— પણ જાણવું શું? જાણનારને જાણવું શું? જાણનારને જાણવું શું? ગુરુગમે જાણનારને જાણવું શું? કે, ભગવાન આત્મા એક સમયમાં પર્યાય પ્રગટ થાય ત્યારે તો બધું જાણે. પણ

એના એક સમયમાં એનું સત્ત્વ સત્ સ્વભાવ એવા અનંતા સર્વજ્ઞોને અને અનંતા અનંતા કેવળીઓ જે થઈ ગયા, કેવળી થયા, થાશે ને થાય છે એ બધાને એક સમયમાં (જાણે), જેની એવી અનંતી શક્તિઓનો સરસ આત્મા, એને તું જાણ. લ્યો!

મુમુક્ષુ :— ... જાણાવે છે.

ઉત્તર :— કહે છે, પણ એને જાણ કોને? જાણવું છે કોને? જાણવું એને. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આત્મારામ...**' આ દ્રવ્યની વાત ચાલે છે, હોં! '**શુદ્ધનિશ્ચયનયકર અતીન્દ્રિય જ્ઞાનમય હૈ...**' વસ્તુ ભગવાન એકલો અતીન્દ્રિય જ્ઞાનનો પિંડ છે. આવો હોવા છતાં '**તો ભી અનાદિ બંધકે કારણ...**' વાત પાછી પર્યાયને સિદ્ધ કરે છે. હા, એમ નથી કે, વસ્તુ એવી ને એવી છે એટલે પર્યાયમાં કાંઈ મલિનતા થઈ જ નથી, અટક્યો જ નથી. અટક્યો ન હોય તો ટાળવું રહેતું નથી. ઓહો..હો..! પછી ઈ કહેશે. બંધ નથી ને સંસાર પણ નથી, ઈ કહેશે પછી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા વસ્તુ... વસ્તુ... વસ્તુ... ચૈતન્ય હીરો એ તો અતીન્દ્રિય જ્ઞાનમય છે, અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ જ છે. તોપણ અનાદિ બંધને કારણે અસદ્‌ભૂત, '**વ્યવહારનયસે ઈન્દ્રિયમય શરીરકો ગ્રહણકર...**' વસે છે એમ કહેવું છે. '**असद्भूतव्यवहारेण**' એમ પાઠ છે. શરીર છે ને? એ વ્યવહારનય શબ્દ લીધો. અસદ્‌ભૂત વ્યવહાર ઈન્દ્રિયગમ્ય શરીરકો, '**ઈન્દ્રિયમય શરીરકો...**' ઈન્દ્રિયમય આ શરીર છે. ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાનમય છે, ત્યારે આ શરીર છે એ ઈન્દ્રિયમય છે. સમજાણું કાંઈ? આ આત્મા અતીન્દ્રિય જ્ઞાન સ્વરૂપમય છે, શરીર ઈન્દ્રિયોમય શરીર છે. બેય જુદી ચીજ છે. એને ગ્રહણ કરી એટલે એમાં રહ્યો થકા.

'**અપની પાંચ ઈન્દ્રિયો દ્વારા...**' દેખો! '**निजकरणैः**' એ પાંચ ઈન્દ્રિયો દ્વારા, '**पञ्चापि विषयान्**' '**રૂપાદિ પાંચોં હી વિષયોંકો જાનતા હૈ,...**' જાનતા હૈ, હોં! આ પાંચ ઈન્દ્રિયો, સમજાય છે? '**અર્થાત્ ઈન્દ્રિયજ્ઞાનરૂપ પરિણમન કરકે ઈન્દ્રિયોંસે...**' ઈન્દ્રિયજ્ઞાનરૂપ નિમિત્ત ઈન્દ્રિય જડ, ભાવઈન્દ્રિય જ્ઞાનરૂપ પરિણમન કરકે પર્યાયમાં, પર્યાયમાં-અવસ્થામાં '**ઈન્દ્રિયજ્ઞાનરૂપ પરિણમન કરકે ઈન્દ્રિયોંસે રૂપ, રસ, ગંધ, શબ્દ, સ્પર્શ...**' આમ ખ્યાલમાં લે છે. '**ઔર આપ પાંચ ઈન્દ્રિયોંકર તથા પાંચોં વિષયોંસે સો નહીં જાના જાતા,...**' ભગવાન આત્મરામ, શુદ્ધ નિશ્ચયનયે અતીન્દ્રિય જ્ઞાનમય પદાર્થ વસ્તુ, આ ઈન્દ્રિયોમય વર્તમાન પરિણમન જ્ઞાનનું ઈન્દ્રિયમય કહી, ઈન્દ્રિયોથી રૂપ, રસ, સ્પર્શને ત્યાં વર્તમાન આમ જાણે છે. સમજાણું કાંઈ? પણ ભગવાન આત્મા એ વિષયોથી અને ઈન્દ્રિયોથી જણાય એવો નથી. સમજાણું કાંઈ?

'**ઈન્દ્રિયજ્ઞાનરૂપ પરિણમન કરકે ઈન્દ્રિયોંસે રૂપ, રસ, ગંધ, શબ્દ, સ્પર્શ...**' તે તે પર્યાયમાં, ક્ષણિકમાં, આ દ્વારા ક્ષણિક દ્વારા પરિણમનથી, ક્ષણિકના પરિણમનથી આમ રૂપ, રસ આદિને જાણે. '**આપ પાંચ ઈન્દ્રિયોંકર તથા પાંચોં વિષયોંસે સો નહીં જાના જાતા,...**' પરલક્ષી ઈન્દ્રિયનું પરિણમન ને એનો વિષય, એ દ્વારા ભગવાન જાણવામાં આવે એવો નથી. સમજાય છે કાંઈ? આવો (આત્મા)! '**નહીં જાના...**' '**મતો ન**' જ્ઞાન એનું થઈ શકતું નથી. '**અગોચર હૈ,...**' ઈન્દ્રિયના પરિણમન જ્ઞાનથી અને એના શબ્દ, રૂપ, રસ, ગંધથી. આ તો એવું થયું, દિવ્યધ્વનિ શબ્દથી પણ આ જણાય એવો નથી. એમ થયું. એ..ઈ..! એ પણ એ તો આવી ગયું છે. પણ એણે વાંધો ઉઠાવ્યો છે. આ તો એકસાથે બધું.

વસ્તુ ગોળો આખો ચૈતન્યબિંબ, રસકંદ, પૂર્ણ વસ્તુ એકલું સત્ત્વ, એની વર્તમાન ઈન્દ્રિયના પરિણમન જેટલો ભાગ, એ દ્વારા આ લક્ષ વચમાં નિમિત્ત અને આ વિષયો એટલું આમ જાણે. એ દ્વારા આત્મા જણાય એવો નથી. ઓહો..હો..! ઈન્દ્રિય પરિણમનથી દિવ્યધ્વનિ છે એમ ખ્યાલ આવ્યો. એ..ઈ..! ઈન્દ્રિય પરિણમનથી ખ્યાલ આવ્યો, એમ કહે છે, ભાઈ! ઈન્દ્રિયજ્ઞાનનો તે વખતનો એટલો ભાવશ્રુત જે ઈન્દ્રિયનું પરિણમન થયું એનાથી આ જાણ્યું. એ પરિણમન અને દિવ્યધ્વનિ બેયથી આત્મા જણાય એવો નથી. સમજાણું કાંઈ? એ ખંડ અંશ પરલક્ષી અને પેલો શબ્દ. એ પાંચ ઈન્દ્રિયનો પરિણમનનો ખંડ અંશ અને સામો વિષય શબ્દ, રૂપ આદિ. ભગવાનની પ્રતિમાથી આત્મા જાણાય એવો નથી. આ પાનાથી ને શબ્દોથી ને વાણીથી જણાય એવો નથી. એ શબ્દ અને શબ્દના પરિણમનથી, જે પરિણમનથી શબ્દને જાણે, બેયથી આત્મા જણાય એવો નથી. શેઠી! આહ..હા....!

મુમુક્ષુ :— તો શેનાથી જણાય?

ઉત્તર :— એ અંતર અતીન્દ્રિય જ્ઞાનથી જણાય એવો છે. આહા..હા..!

એક, બે, પાંચ લાખનું મણી આવેને મણીરત્ન ઘરમાં તો બધા જોવા થાય ભેગા આમ, હોં! એના પાસા, એનો પ્રકાશ ને એની ઊંડપ ને એની ગંભીરતા ને એના તેજ ને એના પ્રકાર ને એના ભેદો ઘણા ... ટકટક જુએ તો કાંઈ બીજે ખ્યાલેય ન રહે, હોં! એલા! ખાવા બોલાવે છે. તો કહે, હમણા નહિ. પણ ભૂખ લાગી છે ને? આ દૂધપાક કર્યો ફર્સ્ટ કલાસ આમ કઢાયેલો.

મુમુક્ષુ :— ....

ઉત્તર :— આની ઉતાવળ ક્યાં? પેલાપણે નજર પહોંચી છે.

અહીં કહે છે, અહો..! ભગવાન ચૈતન્યમૂર્તિ, ભગવાન! તને આમ નજરે દેખાડવામાં આવે છે. આહા..હા..! અરે..! કહે છે, એને જોવામાં ઈન્દ્રિયજ્ઞાન અને પરવસ્તુ કામ આવતી નથી

એટલે ત્યાં અટકી જાય છે ફડાક દઈને ત્યાંથી. એમ કહે છે. સમજાણું? આહા..! એ એમ કહે છે. 'પરમાત્મપ્રકાશ' છે ને? પરમાત્મસ્વરૂપ, એના જોવામાં જે પ્રકાશ પ્રગટે એ પ્રકાશથી પણ એમાંથી પ્રગટેલા પ્રકાશથી પ્રકાશ પ્રતીત થાય. પણ આ ઇન્દ્રિયના તરફના પરિણમન ને ઇન્દ્રિય વિષયોના શબ્દો, રૂપ, ગંધ, રસ, સ્પર્શથી એ ભગવાન જણાય એવો નથી. એટલે ફટ અટકી જાય બધું, એમ કહે છે. સમજાણું કાંઈ?

**'નહીં જાના જાતા, અગોચર હૈ, ઐસે લક્ષણ જિસકે હૈં, વહી પરમાત્મા હૈ.'** એવું જેનું લક્ષણ એવો ભગવાન આત્મા છે. આહા..હા..! એ તો અંતર્મુખના લક્ષે જ લક્ષમાં આવી શકે છે. બહિર્મુખની જ્ઞાનની પરિણતિ ને વિષયો (એનાથી લક્ષમાં આવતો નથી). બહુ આ માણસને એવું લાગે જાણે કે, આ તો પણ એકાંત એકાંત (થઈ જાય છે). ભાઈ! વસ્તુનું સમ્યક્ એકાંત જ એવું છે. આહા..હા..! **'ઐસે લક્ષણ જિસકે હૈં, વહી પરમાત્મા હૈ.'**

**'પાંચ ઇન્દ્રિયોંકે વિષય-સુખકે આસ્વાદસે વિપરીત,...'** દેખો! પાંચ ઇન્દ્રિયનું જ્ઞાન કરતાં જે રાગ આવે, એમાં સ્વાદ આવે ઝેરનો, દુઃખનો. એનાથી (વિપરીત) **'વિષય-સુખકે આસ્વાદસે વિપરીત વીતરાગ-નિર્વિકલ્પ પરમાનન્દ સમરસીભાવરૂપ, સુખકે રસકા આસ્વાદરૂપ પરમસમાધિ કરકે જો જાના જાતા હૈ,...'** લ્યો! શેમાં જણાય એ આ કહ્યું. ભગવાન આત્મા એકલો જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... એનું શું કહેવું! કહેશે હમણાં. એ ૪૭માં આવશે. વેલડીનો દાખલો. આ ૪૬ પછી ૪૭ આવશે. સમજાણું?

પાંચ ઇન્દ્રિયોના લક્ષવાળા જ્ઞાનમાં દુઃખ. એના આસ્વાદથી રહિત વિપરીત. વીતરાગ આત્મા સ્વરૂપ છે એને રાગરહિત, નિર્વિકલ્પ અભેદ, પરમાનન્દ પરમ સમરસીભાવરૂપ, પરમ અતીન્દ્રિય આનંદ એવો વીતરાગભાવ. પેલો રાગ અને દુઃખ, આ વીતરાગ અને સુખ. અંતર સ્વભાવ તરફની દૃષ્ટિમાં વીતરાગતા અને આનંદ. ઇન્દ્રિય તરફના જ્ઞાનમાં ઇન્દ્રિય વિષય રાગ અને દુઃખ. સમજાણું કાંઈ? શેઠી! આહા..હા..!

વીતરાગ નિર્વિકલ્પ પરમ આનંદ સમરસીભાવ વીતરાગી પર્યાય, આનંદવાળી વીતરાગી પર્યાય, એવા સુખના રસના આસ્વાદરૂપ, એવા આત્માના અતીન્દ્રિય આનંદના સ્વાદરૂપ પરમ શાંતિ. પાછી શાંતિ પેલા સમાધિ-ફમાધિ કહે છે, આમ ને તેમ કહે છે ને ઘણા? સમાધિ કરો, આમ કરો... એ સમાધિ નહિ. એટલે આવા વિશેષણ આપ્યા. ભગવાન આત્મા સમાધિ એટલે આનંદસ્વરૂપ છે અને વીતરાગસ્વરૂપ છે. એવો આત્મા આનંદ(રૂપ) અસ્તિત્વ છે અને વીતરાગનું અસ્તિત્વ મોજૂદગી પડી છે, પૂર્ણ. એની એકાગ્રતા થતાં અહીં વીતરાગ ને આનંદના આસ્વાદરૂપ પર્યાય પ્રગટ થાય છે. એનાથી ગમ્ય છે, એનાથી જાણ્યો જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**વહી પરમાત્મા હૈ,...**' એ અંદર જ્ઞાન, રાગ વિનાનું જ્ઞાન અને શાંતિ એટલે આનંદ, એનાથી રાગ વિનાની પૂર્ણ વસ્તુ અને પૂર્ણ આનંદ જાણવામાં આવે એ પરમાત્મા કહેવાય છે. '**વહ જ્ઞાનગમ્ય હૈ, ઈન્દ્રિયોંસે અગમ્ય હૈ,...**' ઈન્દ્રિયોંસે અગમ્ય હૈ, જ્ઞાનસે ગમ્ય હૈ. જ્ઞાન એટલે ઓલું જ્ઞાન, હોં! અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય પદાર્થનું અતીન્દ્રિય જ્ઞાન ગમ્ય એ આત્મા છે. 'ઔર ઉપાદેયરૂપ અતીન્દ્રિય સુખકા સાધન અપના સ્વભાવરૂપ વહી પરમાત્મા આરાધને યોગ્ય હૈ.' લ્યો! પોતાના અતીન્દ્રિય સુખનું સાધન જે પોતાનો સ્વભાવ, એ જ પરમાત્મા, એ જ સેવવા ને આરાધવા યોગ્ય છે. કહો, સમજાણું?

વહી સુખ રસકા આસ્વાદરૂપ. કેવો આસ્વાદ? આહા..હા..! સુખકે રસકા સ્વાદ. રાગના જ્ઞાનના રસનો સ્વાદ એ ઝેર છે. આહા..હા..! સુખના રસનો આસ્વાદ એવી પરમ શાંતિ, એ દ્વારા જાના જાતા હૈ. બાકી કોઈ વિકલ્પ ને મન ને રાગ ને શાસ્ત્ર-ફાસ્ત્રથી જણાય એવો નથી, એમ કહે છે. આહા..હા..! પેલામાં કહ્યું 'પ્રવચનસાર' અલિંગ્રહણ કહ્યા છે ને જ્યાં? થોડા બોલ. થોડા અર્થ કર્યા છે ને પેલામાં? જુના 'પ્રવચનસાર'માં. ત્યાં લખ્યું ભાઈ! અલિંગગ્રહણ છેવટે પાંચ-છ અર્થ કરી, એ નિમિત્તમાત્ર સાંભળવું છે, બાકી વસ્તુ તો આ જ્ઞાનગમ્ય છે. એવું લખ્યું છે. કહો, સમજાણું? જુનું 'પ્રવચનસાર' છે ને? એમાં વીસ અર્થ નથી. થોડા અર્થ કરીને ... નિમિત્તમાત્ર તે ક્યારે? આ કાર્ય થાય તો નિમિત્તમાત્ર છે એમ કહેવામાં આવે. સમજાણું કાંઈ? પાછું નિમિત્તમાત્ર એટલે આ છે તો થાય છે એમ નહિ. એ છે તો થાય તો નિમિત્ત ન રહ્યું. સમજાણું? એણે લખ્યું છે લ્યો આ. 'શ્રીમદ્'નું મૂળ 'પ્રવચનસાર' છે ને? એમાં લખ્યું છે. આપણે તો અહીં વીસ અર્થ કર્યા. પેલામાં થોડા અર્થ છે. ઓહો..હો..!

વીતરાગ શાંતિ દ્વારા. પણ એ વીતરાગસ્વરૂપ શાંતનો રસ જ છે. એને તો અંદરમાં રાગ વિનાની દૃષ્ટિ, રાગ વિનાનું જ્ઞાન અને રાગ વિનાની શાંતિ. શાંતિ તો રાગ વિનાની જ હોય ને? એવો આત્મા અંદરમાં ઘોલનમાં જાય, એ અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય શાંતિ ને અતીન્દ્રિય સુખ દ્વારા સાધન થઈ શકે એવો આત્મા છે. બાકી બધી વાત. સમજાણું કાંઈ? આહા..હા..!

'**ઈન્દ્રિયોસે અગમ્ય હૈ,...**' આ ઈન્દ્રિયના જ્ઞાનથી અગમ્ય ને ઈન્દ્રિયથી પણ અગમ્ય. લ્યો! ઈન્દ્રિયથી અગમ્ય (કહ્યો) તો શબ્દોથી તો અગમ્ય ક્યાંય થઈ ગયો. પેલા કહે, એય..! દિવ્યધ્વનિથી પણ લાભ ન કહે, ભગવાનની દિવ્યધ્વનિને જડ કહે. અરે..! ભગવાન તારા સ્વરૂપનું સાધન સ્વતંત્ર પડ્યું છે એની તને ખબર નથી. શ્રદ્ધા જ નથી, શ્રદ્ધા—ભરોસો નથી. આ વસ્તુ મારી શાંતિ, સુખ માટે કોઈ નિમિત્ત ને વિકલ્પ ને કોઈના શબ્દના સાધનની મને જરૂર નથી. સમજાણું કાંઈ? સારે મોઢે બોલાવે તો સુખ થાય, લ્યો! શશીભાઈ! મોટે મોઢે બોલાવે. અહો..! ભાઈ સાહેબ! આવ્યા. તમારા હિન્દીમાં તો બહુ બોલતા હશે લાંબી ભાષા.

ભાઈ સાહેબ પધાર્યા પધાર્યા, ભાઈ સાહેબ પધાર્યા, ભાઈ સાહેબ પધાર્યા. ઓહો..! આમાં સુખ થાય. અહો..! આજ અમારે ઘરે ભાઈ સાહેબ પધાર્યા. આંગણે સૂરજ ઊગ્યો, અમારા ઘર અંજવાળ્યા, અજવાળા થયા. અહો..! એવા બધા વખાણ કરે, હોં! એક જણો કહેતો હતો. શેઠિયો ગયો હતો ચા પીવા કે, આજ તો અમારે ઘરે આંગણા ઉજળા. શેના પણ શું છે પણ? સમજાણું કાંઈ? કો'ક દિ' કામ આવે એમ કહે પાછો મોટો હોય તો. પણ ઈ કામ ન આવે, કામ આવે આત્મા. સાંભળને! એ દુઃખમાં કામ આવે. શેઠી! સારી સિફારીશ શેમાં કામ આવે? દુઃખમાં બહારની. એ દુઃખ થાય એમાં નિમિત્ત થાય છે. સમજ્યા? એ સિફારીશમાં દુઃખ થાય છે. ન્યાં એમાં કામ આવે ઈ.

ભગવાન આત્મા, આહા..હા..! જેને કોઈ પાસેથી કામ લેવું નથી ને કોઈને સાધન બનાવવું નથી. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! એક જણો પહેલા પૂછતો હતો કે, આ પંચાધ્યાયી પાંચસો, હજાર બનાવી દે તો એનો મોક્ષ થાય કે નહિ? પંચાધ્યાયી બનાવનાર. એવો પ્રશ્ન કર્યો. લાખ પંચાધ્યાયી બનાવ તો પણ મોક્ષ ન થાય. એ પ્રશ્ન કર્યો હતો એક જણે. આ 'પંચાધ્યાયી' જેવો ગ્રંથ બનાવે તો? એ..ઈ..! ભાઈ! અહીં તો પ્રશ્ન ઘણી જાતના આવે કે, જાણે આવો 'પંચાધ્યાયી' જેવો ગ્રંથ! ઓહો..હો..! તે શું છે? કીધું. સમજાણું કાંઈ? બનાવે કોણ? એ તો પરમાણુની પર્યાય. વિકલ્પ ઉઠ્યો એ રાગ. કહો, એનાથી આત્માને કલ્યાણ થાતા હશે? 'સમયસાર' 'કુંદકુંદાચાર્યે' રચ્યું એથી એનું કલ્યાણ હશે ન્યાં? આહા..હા..! પરમાણુની પર્યાય થઈ, ઊઠ્યો હતો વિકલ્પ. એમાં સાધન આત્માને શું થયું એમાં?

ઈ અહીં કહે છે કે, ઇન્દ્રિયજ્ઞાનના પરિણમન ને બહારના વિકલ્પ ને આ વિષયો, બિલકુલ એનાથી આત્મા ગમ્ય નથી. ઇન્દ્રિયોસે અગમ્ય એનો અર્થ આ. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો જ્ઞાન સ્વના જ્ઞાનગમ્ય છે, પરના જ્ઞાનથી પણ એ ગમ્ય નથી. આહા..હા..!

**'ઉપાદેય અતીન્દ્રિય સુખકા સાધન અપના સ્વભાવરૂપ વહી પરમાત્મા આરાધને યોગ્ય હૈ.'** આહા..હા..! એ તો પરમાત્મા. એ તો પરમાત્માને ... કર્યો. પાછા કહે કે, ભાઈ! વારંવાર અમે વાત કરીએ છીએ પણ એ પુનરુક્તિ ન લેવું, આ તો ભાવનાનો ગ્રંથ છે. સમાધિ શતકની પેઠે. વારંવાર ભૂખ લાગે તો વારંવાર કેમ ખાવા જાવ છો દરરોજ? કંટાળો આવે છે? આ દશ વાગે ઈ ને ઈ છે. આ ઘઉંની રોટલી ને મગની દાળ કે અડદની દાળ કે લીલોતરીના આમ જડના પાંદડા શેકેલા. પોપટભાઈ! શું હશે દરરોજ?

મુમુક્ષુ :— ....

ઉત્તર :— એ જડના, જડના ભિન્ન ભિન્ન. આહા..હા..! પણ દરરોજ રોટલી કે બીજું કાંઈ છે? એ ઘઉંના ભૂકાનો લોટ ને એનો લોટ કરીને (રોટલી બનાવે). લાકડા છે, લાકડા.

એનો લોટ, એનો ભૂકો. દરરોજ જરૂર પડે છે મને. આહા..હા..! એમાં ન્યાં કંટાળો આવતો નથી. દરરોજ ઈનું ઈ, ઈનું ઈ, રોટલી ઈને ઈ દાળ ને ઈને ઈ શાક. એનો એ ચૂલો અને એનું રાંધવાનું દેખવાનું પાછું ત્યાં. એ.. ભીખાભાઈ! આ ઈની આ આત્માની વાત આવે એમાં કંટાળો નથી, કહે છે. સમાધિ છે એમ કહે છે અહીં. આહા..હા..! દઢતા છે એની વસ્તુની. મજા આવે ને પેલા ખાવાનું, પીવાનું, એને મજા એમાં લાગતી હતી એમ કહે છે. કપુરભાઈ! વકીલ આકડિયાના છે ને? ધૂળમાં પણ નથી.

ભગવાન આત્મા અતીન્દ્રિયગમ્ય છે, ઈન્દ્રિયગમ્ય નથી. '**ઔર ઉપાદેય અતીન્દ્રિય સુખકા સાધન અપના સ્વભાવરૂપ વહી પરમાત્મા આરાધને યોગ્ય હૈ.**' લ્યો!

હવે કહે છે, '**જિસકે નિશ્ચયકર બંધ નહીં હૈં, ઔર સંસાર ભી નહીં હૈ,...**' ઉપાય. ભગવાન પરમાત્મા એને કહીએ... અંદર આત્મા, હોં! જેને બંધ ને સંસાર નથી. બંધ ને સંસાર તે પરમાત્મા નહિ. સમજાણું કાંઈ? જેને વસ્તુના સત્યસ્વરૂપની દૃષ્ટિએ વસ્તુ દેખો (તો) ભગવાન વસ્તુ સત્... સત્... સત્... સત્... સત્નું એકલું સત્ત્વ એકરૂપ વસ્તુ અનાદિ-અનંત પદાર્થ, અનાદિ-અનંત એકરૂપ વસ્તુ. એવો પરમાત્મા નિજ સ્વરૂપ પૂર્ણ વસ્તુ પદાર્થ, એને બંધ નથી, એને સંસાર નથી. આહા..હા..! પેલા કહે, અત્યારે સંસાર છે. સાંભળને. પણ પર્યાયના અંશમાં ઉદય છે અને અંશમાં બંધન છે, વસ્તુમાં બંધ ને સંસાર ક્યાં છે? આહા..હા..! લ્યો! અત્યારથી કહે છે કે, એ આત્મામાં સંસાર નથી. અત્યારથી એમ નહિ, પણ અનાદિથી (નથી).

ભગવાન વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... અબંધસ્વભાવી પદાર્થ, પદાર્થ ઘન વસ્તુ છે ને! પદાર્થ છે ને? અરૂપી પણ પદાર્થ છે ને? રૂપ નથી માટે અપદાર્થ છે? વસ્તુ છે, દળ છે, સત્ત્વ છે, ધ્રુવ છે, એકરૂપ શક્તિએ રહેવાવાળું તત્ત્વ પરમાત્મા એવી વસ્તુને એક સમયનો સંસાર ને બંધ વસ્તુમાં નથી. જુઓ! આ પર્યાયનયનો વિષય સંસાર ને બંધ એ દ્રવ્યદૃષ્ટિમાં નથી, (એવી) વસ્તુ નથી એમ અહીં કહેવા માગે છે. ઓહો..હો..!

'**ઉસ આત્માકો સબ લૌકિકવ્યવહાર છોડકર...**' લૌકિક શબ્દ અહીં વાપર્યો છે. એનો અર્થ કે, વ્યવહાર એટલે ભેગો આ વિકલ્પ-ફિકલ્પ આવે એ બધો લૌકિક જ વ્યવહાર છે. એ દયા, દાન, વ્રત, ભક્તિ આ એમાં વિકલ્પો ઉઠે બધા, એ બધો વ્યવહાર લૌકિક છે. વ્યવહારનય જ લૌકિક છે. એ લોકોત્તર નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલામાં હતું. ભાઈ! નય નથી? નય છે ને. કીધું ને. એનો વિષય છે ને? હવે એ વિષય લૌકિક છે. એને છોડ. સમજાણું? સબ લૌકિકવ્યવહાર, હોં! સમજાણું?

મુમુક્ષુ :— વ્યવહારનયના .. કાઢી નાખ્યો લાગે.

ઉત્તર :— વ્યવહારનય એટલે શું? વિકલ્પ આદિનો ભાગ છે, બંધ આદિનો ભાગ છે

તે વ્યવહારનયનો વિષય છે. ભેદ તરીકે વ્યવહારનય એને કહો. એ બધો વસ્તુમાં નથી. માટે ભૂતાર્થ આને કહ્યું ને આને અભૂતાર્થ કહ્યું. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પદાર્થ, મહાન પદાર્થ, એ ભૂત-છતો પદાર્થ. સમયનો સંસાર અભૂતાર્થ છે. ખોટો પદાર્થ છે. ત્રિકાળી પદાર્થમાં એ નથી. એક સમયનું છે એ નહિ.

'**સબ લૌકિકવ્યવહાર છોડકર અચ્છી તરહ પહચાનો,...**' એવા ભગવાનને ભલી રીતે જોવો, '**ઐસા કહતે હૈં -**' એ ગાથા લેશે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૧૩, શુક્રવાર, તા. ૨૨-૧૦-૧૯૬૫**
**ગાથા-૪૬, ૪૭, પ્રવચન-૩૦**

'પરમાત્મપ્રકાશ'. પહેલો ભાગ. ૪૬મી ગાથા. શબ્દાર્થ છે.

**અન્વયાર્થ :-** '**હે યોગી,...**' એટલે કે આત્મા શુદ્ધ આનંદઘન ચિદાનંદસ્વરૂપ છે, તેમાં જેનું જોડાણ નામ સંબંધ કરવો છે, એને અહીંયા યોગી તરીકે સંબોધન કર્યું છે. હે યોગી! જે આમ જોડાણ છે રાગ-દ્વેષ, વિકલ્પની સાથે, એ જોડાણ છોડી ચિદાનંદ ભગવાન (સાથે જોડાણ કરે). જુઓ! '**જિસ ચિદાનન્દ શુદ્ધાત્માકે...**' એ જ્ઞાન આનંદ, લ્યો! જ્ઞાનાનંદ. એવો જે આ ભગવાન શુદ્ધાત્મા '**નિશ્ચય કરકે...**' એ કેવો છે? એની સાથે તું સંબંધ કર, એમ કહેવું છે. સમજાણું કાંઈ?

કેવો છે એ ખરેખર ચિદાનંદ શુદ્ધાત્મા વસ્તુ? કે, '**નિજ સ્વભાવસે ભિન્ન...**' એ શુદ્ધ ચિદ્‌ઘન ભગવાન આત્મા પૂર્ણ સત્ ચિદાનંદ અનાદિ-અનંત સ્વવસ્તુ. એવો સ્વભાવ, વસ્તુનો સ્વભાવ અને સ્વભાવથી ભિન્ન. '**દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભવ, ભાવરૂપ પાંચ પ્રકાર...**' સંસાર છે. આ ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનઘન, એનાથી દ્રવ્ય નામ પરપદાર્થના સંસર્ગમાં રમવું, એ દ્રવ્યસંસાર. ક્ષેત્રમાં પરિભ્રમણ કરવું એ ક્ષેત્રસંસાર, સમય આદિ કાળમાં એ કાળસંસાર, નારકી આદિ ભવમાં ભવસંસાર, આ પુણ્ય-પાપના ભાવમાં રખડવું એ ભાવસંસાર. મૂળ એમાં ભાવ.

સ્વરૂપ ચિદાનંદ શુદ્ધ ભગવાન આત્મા એનાથી ઉલટો સંસાર એટલે કે મિથ્યાત્વભાવ,

રાગ-દ્વેષ ભાવ એ ભાવસંસાર. એને કારણે દ્રવ્ય સંયોગમાં, ક્ષેત્રના સંસર્ગમાં, કાળમાં ને ભવમાં એવા પાંચ ભવ પરાવર્તનરૂપી સંસાર. એ **'નૈવ નહીં હૈ,...'** એ વસ્તુમાં નથી. કહો, સમજાણું કાંઈ? વસ્તુ જે આત્મા જ્ઞાનઘન વસ્તુ છે, અનાદિ-અનંત છે, જ્ઞાનઘન છે, આનંદની મૂર્તિ છે, એવું જે વસ્તુસ્વરૂપ એનાથી વિરુદ્ધ વિકારભાવ મિથ્યાત્વ આદિ અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભવ. એ પાંચ સંસાર એ વસ્તુના સ્વરૂપમાં નથી. સમજાણું?

**'ઔર સંસારકે કારણ જો પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ, પ્રદેશરૂપ ચાર પ્રકારકા બંધ ભી નહીં હૈ.'** ભાવસંસાર છે, એને કારણે પેલો દ્રવ્યપ્રકૃતિનો બંધ પડે છે. નવા કર્મોનું દળ, નવા કર્મોનું દળ જે બંધ પડે, એ આત્માના સ્વભાવથી વિરૂદ્ધ મિથ્યાત્વ આદિ ભાવસંસાર. પછી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એનું નિમિત્ત, ફળ છે એ તો. સમજાય છે? એનું કારણ ભાવબંધ છે, એનો ભાવ છે એનું કારણ કોણ? સંસારનું કારણ પ્રકૃતિ બંધ. કર્મની પ્રકૃતિ, કર્મની સ્થિતિ, કર્મનો રસ ને પ્રદેશ. એ ચાર પ્રકારનો બંધ પણ આત્મામાં નથી. ક્યારે? અત્યારે?

ભગવાન વસ્તુ એકલો જ્ઞાન આનંદનો પિંડલો પ્રભુ આત્મા છે. એમાં એ સંસાર ને સંસારનું કારણ બંધન—બેયનો એમાં અભાવ છે. સંસાર રહિત મોક્ષસ્વરૂપ છે, બંધ રહિત અબંધસ્વરૂપ છે. સમજાણું કાંઈ? લ્યો! આ ધનતેરસની લક્ષ્મી આવી આ. પહેલું આવ્યું જુઓ! શરૂઆતમાં. લક્ષ્મી પૂજન કર્યું હતું. કેવળજ્ઞાન ભગવાન મોક્ષ જવાના હતા ને? મોક્ષનું પૂજન કર્યું દેવોએ, એમ કહેવાય છે. એમ આ મોક્ષ છે, હોં! ઓલી તમારી પૈસાની, ધૂળની નહિ.

મુમુક્ષુ :— ધનનો અર્થ?

ઉત્તર :— ધન એટલે આ ચૈતન્ય ધન, આત્મધન, કેવળજ્ઞાનરૂપી ધન. એની સંપદાનું પૂજન એનું નામ (લક્ષ્મીપૂજન છે). કહો, સમજાણું આમાં? આ ચોપડામાં પૂજન કરશે ને? લક્ષ્મી. લક્ષ્મી પ્રસન્ન હો. આળસ જાઓ, આળસ જાઓ અને લક્ષ્મી આવો એવું કરે છે. ઈ આળસ જાવ ને લક્ષ્મી આવો એનો અર્થ કે, સ્વરૂપ ચિદાનંદની મૂર્તિ પ્રગટ થાઓ અને ભવભાવનો નાશ થાવ. કહો, સમજાણું કાંઈ?

સંસારનું કારણ, **'જો બંધ કેવલજ્ઞાનાદિ અનંતચતુષ્ટયકો પ્રગટતારૂપ મોક્ષ-પદાર્થસે જુદા હૈ,...'** દેખો! એ બંધ પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ, પ્રદેશ પરમાણુના આઠ કર્મના ફળ, આઠ કર્મનું સ્વરૂપ. એ કેવળજ્ઞાન આદિ પ્રગટ પર્યાય એનાથી બંધપદાર્થ વિરૂદ્ધ છે. સ્વભાવથી સંસાર વિરૂદ્ધ છે અને આખો કેવળજ્ઞાનમય પર્યાય મોક્ષપદાર્થથી વિરૂદ્ધ છે અને વસ્તુથી પણ બંધપદાર્થ વિરૂદ્ધ છે. **'ઉસ પરમાત્માકો તૂં...'** એવો પરમાત્મા એટલે તું, એવું પરમ સ્વરૂપ દ્રવ્યસ્વભાવ, વસ્તુસ્વભાવ, પૂર્ણ સ્વભાવ, એકરૂપ સ્વભાવ. એને, **'मनसि व्यवहारम् मुक्त्वा'** **'મનમેંસે સબ લૌકિક-વ્યવહારકો છોડકર...'** શું કહેવા માગે છે એ? બહારથી આ છોડ્યા

બાયડી, છોકરા એમ નહિ. '**मनसि व्यवहारम् मुक्त्वा**' મનમાં વિકલ્પરૂપી ભાવ આખો સંસાર, એને છોડીને.

'**तथा वीतरागसमाधिमें** ઠહરકર...' જુઓ! ભગવાન શુદ્ધ જ્ઞાનઘન પરમાત્મા. એક સમયમાં. અહીં 'પરમાત્મપ્રકાશ' છે ને? પરમાત્મા એનું સ્વરૂપ જ શક્તિરૂપે પરમાત્મા છે. એનાથી વિરુદ્ધ સંસાર ને બંધ, એનાથી રહિત ભગવાન આત્મા, એને મનમાં પુણ્ય-પાપ આદિ વિકલ્પો જે વ્યવહાર, એ વ્યવહારને છોડી, સ્વરૂપની અંદરમાં એકાગ્ર થા. કેવી રીતે? કે, રાગ રહિત શ્રદ્ધા, રાગ રહિત જ્ઞાન ને રાગ રહિત શાંતિ. એવી વીતરાગ શાંતિમેં ઠહરકર જાન, એમ ઠરીને આત્માને જાણ. આમ એકલું જાણ આત્મા આવો છે એમ નહિ. સમજાય છે કાંઈ?

આ લક્ષ્મીપૂજન કર આ રીતે, કહે છે. ભગવાન અનંત ગુણનો ધણી ચિદ્દઘન, પૂર્ણાનંદ એવો આત્મા તારું સ્વરૂપ પૂર્ણ છે. સંસાર રહિત સ્વરૂપ છે, બંધ રહિત છે. એને મનમાંથી વિકલ્પો આદિનો મનથી ત્યાગ કરી, સ્વરૂપ ચિદાનંદ જ્ઞાનાનંદમાં સ્થિર, શાંતિ, શ્રદ્ધા, જ્ઞાન દ્વારા, અરાગી પરિણતિ દ્વારા ઠરીને એને જાણ. અરાગી પરિણતિ પર્યાયમાં ઠરીને એને જાણ. સમજાણું કાંઈ? માર્ગ તો એ છે.

વિકલ્પ આદિ ભાવ, શુભભાવ એ વિનાની ચીજ છે માટે ભાવને છોડીને. એ ચીજમાં ભાવસંસાર નથી, ઉદયભાવ આખો નથી. એ ઉદય ભાવને મનમાંથી છોડી દઈને સ્વભાવમાં શાંતથી, ધીરજ, શ્રદ્ધા, શાંતિ અને સ્થિરતા દ્વારા ઠહરકર. એ આ આત્માને જાણ. એ આત્મા લક્ષ્મી સંપન્ન પૂર્ણાનંદ છે. સમજાય છે કાંઈ? અને એ રીતે તેનું ચિંતવન નામ ધ્યાન કર. બહુ મોટી વાત છે. માણસ કહે, પણ પહેલું, પહેલું શું કરવું? પહેલું આ જ કરવાનું છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ આ કરવું. વર્તન શું। આ કરવું.

મુમુક્ષુ :— વર્તન કેવું કરવું?

ઉત્તર :— આ વર્તન. બીજું વર્તન શું કરવું હતું? અંતરમાં પર તરફના પુણ્ય-પાપના ભાવમાં જેનું એકાગ્ર વર્તન છે કે, જે એ સ્વરૂપ વસ્તુમાં નથી. સમજાણું? શુભાશુભ વિકલ્પોનું વર્તન, એની મનમાં વર્તન અનાદિનું છે. કે, જે વિકલ્પનું વર્તન સ્વરૂપમાં નથી. એવા વિકલ્પના વર્તનનું પડખું ફેરવીને, આ સ્વરૂપ જેમાં એ નથી એમાં દૃષ્ટિ એકાગ્ર કરીને તે આત્માને તું જાણ. કહો, સમજાણું કાંઈ?

**ભાવાર્થ :— 'शुद्धात्माकी अनुभूतिसे भिन्न...'** ભગવાન શુદ્ધસ્વરૂપ સચ્ચિદાનંદ સત્ શાશ્વત જ્ઞાન ને આનંદ. શાશ્વત અનંત આવ્યું હતું ને? શાશ્વત અનંત છે આત્મા. વસ્તુ શાશ્વત એટલે અનંત એટલે શાશ્વત-ક્યાંય અંત એનો ન આવે. શાશ્વત-અંત ન આવે એવો અનંત.

વસ્તુ છે ને પદાર્થ છે ને? જ્ઞાનઘન, આનંદઘન એવી વસ્તુ તે શાશ્વત-અનંત છે. એવો શાશ્વત, અનંત એટલે શાશ્વતમાં ક્યાંય એનો અંત નથી. એવો ભગવાન એની અનુભૂતિ. એવો શાશ્વત પ્રભુ, પોતાનું સ્વરૂપ, એનો અનુભવ, એનાથી જુદા આ સંસાર ને સંસારનું કારણ બંધ. સમજાણું કાંઈ? ઓહો..હો..! ભારે. માણસને એવું લાગેને કે, આ બધો વ્યવહાર ને આથી (થાય નહિ)? રાડે રાડ પાડે. પોકાર પોકાર કરે છે. અરે..! ભગવાન પણ તારા ઘરમાં સંતોષ આવે એવી આનંદની વાત છે. ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને એ રોગ તો મટે ક્યાંથી? રાડા રાડ કરે. આ થયું, આ થયું, આ થયું. પણ નથી એ બધું એમાં. આ વ્યવહાર કરીએ. હવે પણ વ્યવહાર જે વિકલ્પ છે એ વસ્તુમાં નથી. હવે શું માંડી છે તેં? એમ કહે છે અહીં. જે વિકલ્પને કરીને તું લાભ લેવા માગે છે તે વિકલ્પો વસ્તુમાં નથી. એ વ્યવહાર વસ્તુમાં નથી. એમ બીજી ભાષાએ કહીએ તો. આહા..હા..! ભાઈ!

એવો નિર્ણય કર કે, મારા વસ્તુમાં એ ભિન્ન પુણ્ય-પાપના વિકલ્પ ને ભાવસંસાર જ નથી. એવો ભાવસંસારનો ભાવ સ્વરૂપમાં નથી, એમ ત્યાંથી લક્ષ છોડીને જેમાં એ સંસાર નથી, પણ જેમાં અનંત આનંદ આદિ વસ્તુ સ્વભાવ છે. સંસાર નથી જેમાં પુણ્ય-પાપ, વ્યવહાર, વિકલ્પ નથી, પણ પૂર્ણાનંદ પૂર્ણ ગુણથી ભરેલો પદાર્થ છે. આહા..હા..! જેનો એક એક ગુણ અનંત શક્તિવાન છે. ભલે એક ગુણની પર્યાય ત્રિકાળ હોય, પણ શક્તિ તો અનંત છે. એવું શાશ્વત અનંત દ્રવ્ય અને એનો ગુણ શાશ્વત અનંત છે. એવો ભગવાન આત્મા, એમાં અંતર નજર કર, એ નજરમાં શાંતિ ને શ્રદ્ધામાં ઠરીને એને જો, એમ કહે છે. આહા..હા..! ભારે વાત, ભાઈ!

અહીં તો જેને આત્મા પ્રાપ્ત કરવો હોય અથવા પરમાત્મા છે એવો સમજવું હોય એની વાત છે. બાકી બીજું છે. શુભાશુભભાવ આદિ અનેક પ્રકાર હોય છે, ભવ. એ કાંઈ આત્મા નથી ને એ કાંઈ આત્મપ્રાપ્તિનો ઉપાય નથી. એટલે કે મોક્ષપ્રાપ્તિનો ઉપાય નથી, ધર્મપ્રાપ્તિનો એ કોઈ ઉપાય નથી. શુભ આદિ વિકલ્પ હોય તે ધર્મપ્રાપ્તિનો ઉપાય નથી.

ભગવાન શુદ્ધાત્મા એનો અનુભવ, એમ લીધું છે અહીં. પૂર્ણાનંદ પ્રભુ એની અનુભવ દશા એટલે સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ, સ્થિરતા, એનાથી વિરૂદ્ધ સંસાર ને સંસારનું કારણ બંધ, એનાથી રહિત. **'આકુલતાસે રહિત ઐસે લક્ષણવાલા મોક્ષકા મૂલકારણ...'** દેખો! એવું લક્ષણવાળું મોક્ષનું મૂળ કારણ તારો આત્મા. સમજાણું કાંઈ? પૂર્ણ આનંદની, પૂર્ણ શાંતિની પ્રાપ્તિરૂપી મુક્તિ, એનું કારણ એ આકુળતા અને સંસાર ને બંધનથી રહિત એવા લક્ષણવાળો

આત્મા, તે મોક્ષનું મૂળ કારણ શુદ્ધાત્મા છે. આહા..હા..! એ ટૂંકામાં તો ઘણું (કહ્યું). કહો, સમજાણું આમાં?

એમ કહે છે કે, તારે કાંઈ મોક્ષ માટે કામ કરવું છે કે નહિ? મોક્ષ માટે કામ કરવું છે કે નહિ? કે, વાતું કરવી છે? મોક્ષ એટલે પરમ શાંતિ, સુખને પ્રાપ્તિ કરવાનું કોઈ કામ કરવું છે કે નહિ? એ કામ માટે તો આ ભગવાન શુદ્ધાત્મા, જે સંસાર ને બંધના રહિત લક્ષણવાળો છે. એ અબંધ અને અસંસાર લક્ષણવાળો છે. બંધ અને સંસારના લક્ષણ રહિત છે, અને અબંધ મુક્તસ્વભાવ ને સંસારના અભાવ લક્ષણવાળો છે. સમજાણું કાંઈ આમાં?

વસ્તુ છે, જેની મુક્ત અવસ્થા થાય છે એ બંધ રહિત છે. જે સંસાર રહિત અવસ્થા થાય છે, મુક્તમાં, તો એ વસ્તુ પોતે સંસાર રહિત છે. સમજાણું કાંઈ? પર્યાય નામ વર્તમાન અવસ્થામાં... આ શરીર, વાણી, મન તો એક કોર જડપદાર્થ પરમાં ગયા એ તો. આ ભાવસંસાર જે વિકલ્પ મિથ્યાભ્રાન્તિ આવડો હું નહિ, આવડો હું નહિ, આવડો આ એવી ભ્રાન્તિ અને રાગ-દ્વેષ એવો જે ભાવસંસાર વસ્તુમાં નથી. વસ્તુમાં નથી, ભાવસંસાર એમાં નથી એવા લક્ષણવાળો આત્મા છે. સંસારના લક્ષણવાળો આત્મા નથી. ...ભાઈ! અને બંધ જે છે પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ, એવા લક્ષણવાળો આત્મા નથી. બંધના લક્ષણ રહિત આત્મા અબંધ લક્ષણવાળો છે. આહા..!

આ સંસાર ને બંધ લક્ષણવાળું સ્વરૂપ એમાં નથી માટે એ લક્ષણવાળો નથી. એ લક્ષણ તો બંધ ને સંસારનું છે, એ એનામાં નથી. એટલે બંધ ને સંસાર વિકારીભાવ એ લક્ષણ વિનાનો એ ચૈતન્ય છે. આહા..! એવો આ આત્મ ભગવાન જે સંસાર અને બંધ લક્ષણ વિનાનો એટલે કે મુક્ત લક્ષણવાળો અને સંસારમાં સંસરણ-ખસી જવું એવા લક્ષણ વિનાનો એવું સ્થિર લક્ષણવાળું સ્વરૂપ, મુક્તસ્વરૂપ ભગવાન એના ઉપર એકાગ્ર થા, એકાગ્ર થઈને આ છું, એમ જાણે એમ કહે છે. આમ એકલો એમ નહિ. એમાં ઠરીને આ જાણ કે, આ આત્મા પૂર્ણ છે. સમજાણું કાંઈ? કહો, કાંતિભાઈ! આ તો લોજીકથી વાત છે કે નહિ? વકીલાતની પેઠે કાંઈ આડી-અવળી વાત નથી.

આમ બે (વાત છે). એક ભગવાન ને એક કોર આમ અભગવાન. એક કોર ભગવાન આત્મા મહિમાવંત પદાર્થ શુદ્ધ અનાદિ-અનંત આનંદકંદ શુદ્ધ ચિદ્દ્ઘન, અને એક કોર સંસાર ને બંધ ભાવ એ અભગવાન, મહિમા વિનાની ચીજ. એ ભાવ આમાં નથી ને આ એમાં નથી. કહો, સમજાણું કાંઈ? પણ એને કાંઈ નિર્ણય કરવો નથી, સમજવાની દરકાર કરવી નથી. અને ધર્મ કરવો. શું પણ ધર્મ કોણ? ધર્મ કરનાર ચીજ કેવડી છે કે, જેમાંથી ધર્મ થાય? ધર્મ તો નવો કરવો છે ને? ધર્મ હોય તો તો પછી કરવું રહેતું નથી. તો ધર્મ કરવો છે ને? તો

ધર્મ કરવો છે એ ધર્મદશા કરનારો કેવડો છે? એ બધા ધર્મ થાય, એવા બધા સ્વભાવવાળો છે કે અધર્મ સ્વભાવવાળો એ જીવ છે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પણ આમાં આત્માની સાથેની વાત છે, આમાં ક્યાં પ્રશ્ન છે? આમાં ક્યાંય બહુ ભણતરની જરૂર ક્યાં છે? સમજાય છે?

એક સાકરનો ગોળો છે આખો આવડો મોટો. સમજાણું? હવે જોડે એક મેલ છે. આ દૂધે ધોવે છે કે નહિ? મેલ છે. તો એ સાકર છે એ મેલ વિનાની છે અને સાકરમાં એ મેલ નથી. તો જુદા પડી જાય છે. સાકરમાં મેલ નથી ને મેલ એમાં નથી. માટે આત્મા જે ચિદાનંદ સાકર અમૃતનો ગોળો છે આત્મા. એમાં પુણ્ય-પાપના વિકલ્પનો મેલ નથી, એનો મેલ એમાં નથી તો એ લક્ષણવાળો પણ નથી. એ તો નિર્મળ લક્ષણવાળો છે. સાકર મીઠાશ લક્ષણવાળી છે, મેલ લક્ષણવાળી છે? કહો, સમજાણું આમાં? આહા..હા..! હજી તો આવશે આમાં આવે. આ તો પહેલું હજી ૪૬મીનો ઉપોદ્‌ઘાત થાય છે. ૪૭માં આવે છે. સમજાણું? આહા..હા..!

તારું લક્ષણ શું છે એ લક્ષણ જાણ્યા વિના લક્ષ્ય હાથમાં શી રીતે આવશે? રાગ અને દ્વેષ, પુણ્ય ને પાપ ને બંધ એ લક્ષણ તારા છે? એ તો વિકારના ને બંધના લક્ષણ છે. એનાથી તો બંધ ને એ હાથમાં આવે એવો છે. તું હાથમાં આવે એનું લક્ષણ શું? કે, ભગવાન એ સાકરનો ગોળો જેમ આખો પડ્યો મોટો પિંડલો, એમ આત્મા એકલો અમૃત ને જ્ઞાનના રસનો પિંડ પ્રભુ અરૂપી નિરાલંબી, કંઈ પણ શરીર, વાણી, મનના આધાર વિનાનો રહેલો અંદર. પરના ક્ષેત્રના આધાર વિનાનો, હોં! અને આ વિકલ્પના આધાર વિનાનું તત્ત્વ પડ્યું છે. સમજાણું?

અદ્ધર પરના આધાર વિનાનો અને ભાવ વિકારના આધાર વિનાનો. એવો ભગવાન આત્મા, એને આ વિકાર ને બંધના લક્ષણ વિનાનો જાણ. ક્યારે? કે, એ જ્ઞાનાનંદ, ચિદાનંદ લક્ષણથી લક્ષિત થાય એવો એને જાણ. વિકલ્પમાં ઠરવાથી આ શું આત્મા એમ નહિ લક્ષમાં આવે. કારણ કે, એનું લક્ષણ નથી. એનું લક્ષણ જ્ઞાન ને આનંદ છે. જ્ઞાનાનંદમાં ઠર, એનાથી આ આત્મા છે એમ પ્રતીતમાં આવશે ત્યારે એણે આત્મા જાણ્યો એમ કહેવામાં આવે છે. કહો, સમજાય છે કે નહિ? આમાં કાંઈ બહુ ગડીયા ભણવા પડે એવું નથી.

**'વહી સર્વથા આરાધને યોગ્ય હૈ.'** આવો દેવ લક્ષ્મીથી ભરેલો ભગવાન, એની પૂજા કરવા જેવી છે લ્યો! આ લક્ષ્મીપૂજા. હવે ૪૭.

**'આગે જિસ પરમાત્માકા જ્ઞાન સર્વવ્યાપક હૈ, એસા કોઈ પદાર્થ નહીં હૈ,...'** સર્વવ્યાપક એટલે? એવો કોઈ પદાર્થ નથી કે, જે જ્ઞાનમાં જાણ્યા વિના રહે. સર્વવ્યાપક નામ

એ ભગવાન આત્માનું જ્ઞાન શક્તિરૂપે કે પ્રગટરૂપે. પ્રગટની વાત કરશે કેવળજ્ઞાન. પણ એ શક્તિ અને પર્યાય પ્રગટ, એ જ્ઞાનનું એવું સામર્થ્ય છે કે, સર્વવ્યાપક (છે). સર્વવ્યાપક એટલે સર્વને જાણનાર. કંઈ પણ જાણ્યા વિનાનો રહે એવો એનો સ્વભાવ નથી. આ જ્ઞાનલક્ષ્મી. આહા..હા..! કહો, રતિભાઈ! આ જ્ઞાનલક્ષ્મી, સરસ્વતી. શું કહે છે તમારે? **'सा विद्या या विमुक्त्ये'** લખે છે કે નહિ? આહા..હા..!

**'જિસ પરમાત્માકા જ્ઞાન...'** જુઓ! અહીંયાં જરીક વાત, ધ્યાન રાખજો, આમાંથી કુતર્ક કાઢનારા આમાંથી કાઢે છે ને એમાંથી સ્વભાવનું મહાત્મ્ય બતાવશે. **'ઐસા કોઈ પદાર્થ નહીં હૈ, જો જ્ઞાનસે ન જાના જાવે, સબ હી પદાર્થ જ્ઞાનમેં ભાસતે હૈં,...'** ભગવાન જ્ઞાન એવું છે કે, જેનું જાણવું એવો સ્વભાવ, એમાં કોઈને ન જાણે એવું કેમ હોય? સમજાય છે? એવો ભગવાન જ્ઞાનલક્ષ્મીસંપન્ન પ્રભુ ચૈતન્ય છે, પણ એવી એની અનંત કાળમાં પ્રતીત કરી નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્માનું જ્ઞાન, જાણવું એવો એનો સ્વભાવ. જાણવું એવો જેનો સ્વભાવ, એ જાણવામાં ન જાણવું, આને ન જાણે એમ કેમ હોય? જાણવામાં જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... આવે. સમજાણું કાંઈ? કેટલું કેટલું આવે જાણવું, જાણવું? જરી વાત કરશે.

૪૭) **णेयाभावे विल्लि जिम थक्कइ णाणु वलेवि।**
**मुक्कहँ जसु पय बिंबयउ परम-सहाउ भणेवि।।४७।।**

ઓહો..હો..! **'જૈસે મંડપકે અભાવસે બેલ** (લતા) **ઠહરતી હૈ,...'** મંડપ હોય છે ને મંડપ- માંડવો? માંડવા ઉપર વેલડી હેઠે-ઉપર ચડે તો માંડવાના ઠીંગા સુધી જાય. વાસડાના જ્યાં સુધી મંડપ હોય, ત્યાં સુધી જાય ને? પછી આઘી ક્યાં જાય? જવાની શક્તિ તો ઘણી છે પણ મંડપ નથી. કાઢે છે એમાંથી. અરે..! ભગવાન! શું કહેવું છે, સાંભળ તો ખરો! મંડપ કરે છે ને આ? અને વેલડી નથી કરતા મોટી? મોટી મોટી વેલડી આમ ચારે કોર. ઓહો..હો..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ત્યાં હશે થોડી. પણ મોટી મોટી જોઈ છે. ક્યાં ગયા હતા ત્યાં. ઓહો..હો..!

મુમુક્ષુ :— બાહુબલી.

ઉત્તર :— બાહુબલી તો ઠીક. એ નહોતા ગામમાં? એક જ દિ' રહ્યા હતા, પેલો મરી ગયો માણસ રસોયો. એક રસોયો મરી ગયો ને બહુ ખાધું ને પછી એ રાતે ન્યાં મરી ગયો. એ કો'ક ગામ હતું. ઈ ન્યાં બંગલે ઉતર્યા હતા, શું કહેવાય એ? ગેસ્ટ હાઉસ. એવી વેલડીયું આમ હતી. ઓહો..હો..! એ તો આમથી આમ ચડેલી અને આમથી આમ ચડેલી ઢગલા.

કહે છે કે, એ મંડપ જ્યાં સુધી છે ત્યાં સુધી વેલડી વિસ્તરે, વેલડી વિસ્તરે. ઈ ક્યાં

વિસ્તરે? પણ એથી વિસ્તરવાની શક્તિ નથી, એમ નથી. કહો, બરાબર સમજાણું આમાં? એ વેલડી આમ એવી હોય છે ને ઘણી નીચે અને મૂળ ઝાડા એવા થાય પછી હાલ્યા જ કરે, ઉપરા ઉપર પછી આમ થાય ને આમ થાય, આમ જાય ને આમ જાય. ઠીંગા તો અમુક સુધી હોય. પાંચ, પચ્ચીસ હાથ સુધી કે એટલા સુધી. પેલો મોટો લાંબો હતો. આમથી આમ વેલા ને આમથી આમ વેલા નાખે છે. મંડપથી આઘી જતી નથી એથી મંડપથી આઘી જવાની શક્તિ નથી એમ નથી. મંડપ એવડો નથી એટલે જ્યાં સુધી છે ત્યાં સુધી જાય. પણ એનામાં શક્તિ તો એટલી છે કે મંડપ ગમે એટલા થાય એમ ને એમ ચાલી જ જાય છે વેલડી. લ્યો! એ વેલડીને જાવાની શક્તિ હોવા છતાં મંડપ નથી માટે (નથી જઈ શકતી એ) નિમિત્તની પ્રધાનતા થઈ કે નહિ ત્યાં? લ્યો! આ ઊંધાવાળા એમ કાઢે. આહા..હા..! એ આવશે હમણા જોજો.

**'જહાં તક મંડપ હૈ, વહા તક તો ચઢતી હૈ ઔર આગે મંડપકા સહારા ન મિલનેસે...'** દેખો! **'ચઢનેસે ઠહર જાતી હૈ,...'** આહા..હા..! જે અભિપ્રાય કહેવો (છે) એ ન લેતા એમાંથી ઊંધો બીજો કાઢે છે. અહીં તો કહે છે કે, વેલડી ચડવાની એવી તાકાત રાખે છે, કે એટલો જ મંડપ છે. પણ એથી આઘો હોત તો (પણ જાત). પણ મંડપ જ એટલો એટલે શું થાય? એટલે ત્યાં ને ત્યાં, શક્તિ ઘણી હોવા છતાં એટલામાં ને એટલામાં રહે છે. એથી કરીને પર નથી માટે એના નિમિત્ત વિના આ નથી કામ કરતું, નિમિત્ત હોય તો કામ કરે—એમ ક્યાં સિદ્ધ કરવું છે? અરે..રે..! અહીં તો નિમિત્ત નથી માટે કામ કરતું નથી એમ સિદ્ધ નથી કરવું. એની શક્તિને સિદ્ધ કરવી છે. આહા..હા..! સમજાણું આમાં? આહા..હા..! પણ ભાઈ! જગત... પણ આત્મા છે ને.

**'જહા તક મંડપ વહાં તક તો ચઢતી હૈ ઔર આગે મંડપકા સહારા ન મિલનેસે ચઢનેસે ઠહર જાતી હૈ,...'** એટલે કે એ નિમિત્ત મંડપ નથી માટે ચડતી નથી એમ સિદ્ધ નથી કરવું. એની શક્તિ ઘણી છે પણ આવું નથી એટલે ક્યાં જાય? શક્તિ તો અનંતી સિદ્ધ કરવી છે. નિમિત્ત નથી માટે નથી જતી એમ સિદ્ધ નથી કરવું. આહા..હા..! સમજાણું કાંઈ?

**'ઉસી તરહ મુક્ત-જીવોંકા જ્ઞાન...'** દેખો! ભગવાન કેવળજ્ઞાનીનું જ્ઞાન સર્વજ્ઞપદ... સર્વજ્ઞપદ... સર્વજ્ઞપદ... એક સમયમાં સર્વ... સર્વ... સર્વ... સર્વ... સર્વ જાણે. લોકાલોક મંડપ, લોકાલોક મંડપ, ત્રણ કાળ મંડપ. એ મુક્ત જીવોનું જ્ઞાન (સર્વને જાણે). જુઓ! તારી શક્તિમાં આવું જ્ઞાન પડ્યું છે એમ કહે છે. એ મુક્તસ્વરૂપ શક્તિ એવી જ પડી છે અંદર. કેવળજ્ઞાન પ્રગટ મુક્તા નામ **'જ્ઞાન ભી જહાંતક જ્ઞેય (પદાર્થ) હૈં, વહાંતક ફૈલ જાતા હૈ,...'** જ્યાં જાણવાયોગ્ય પદાર્થ ત્રણ કાળ ને લોકાલોક (છે) ત્યાં સુધી જાણવાનું કામ કરે.

**'ज्ञेयाभावे'** દેખો! ટીકાકારે પણ એમ લીધું છે કે, **'જ્ઞેયકા અવલમ્બન ન મિલનેસે...'** ઠીક. આમાંથી તર્ક કરે છે. એ જ્ઞેય ન મળે—અવલંબન નિમિત્ત નથી તે શું કામ કરે? કામ તો ઘણું કાર્ય કરવાનું છે. ઉપાદાનમાં શક્તિ તો છે. આહા..હા..! અરે..! ભગવાન! તારી પણ બલિહારી છે ને, બાપા!

મુમુક્ષુ :— ... તે નહિ જાણે.

ઉત્તર :— એનું અવલંબન નથી એમ કહીને એની શક્તિની વિસ્તારતાને સિદ્ધ કરે છે. નિમિત્તનો અભાવ છે માટે કામ કરી શકતી નથી એમ નથી સિદ્ધ કરવું. સમજાણું કાંઈ? લોક **'જ્ઞેયકા અવલમ્બન ન મિલનેસે...'** ભાષા એવી શૈલી સમજાવવી છે બીજી. જુઓ! **'बलेपि'** શબ્દ છે કે નહિ?

મુમુક્ષુ :— પોતાનું બળ ...

ઉત્તર :— ના ના. બળ હોવા છતાં એમ અહીં લેવું. **'बलेपि'** છે ને? **'જાનનેકી શક્તિ હોનેપર ભી...'** એમ અહીં લેવું છે. શું કહેવું છે? ભગવાન જ્ઞાનની પર્યાયમાં—કેવળજ્ઞાનમય આત્માની દશામાં બળ હોવા છતાં પણ, બળ હોવા છતાં પણ લોકાલોક ને ત્રિકાળ જ્ઞેય છે એટલું કામ કરે છે. બળ હોવા છતાં પણ. એથી એટલું જ બળ છે એમ નથી. એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! અરે..! તું ચૈતન્ય આનંદકંદ જાણનાર. શું રાગ ને શું શરીર ને શું લોકાલોક. જાણનાર... જાણનાર... જાણનાર... અમાપ—અથાહ જાણનાર તારો સ્વભાવ છે. પણ એ મહિમા જીવની એને ન આવે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— યે સિદ્ધ કરના હૈ. સમજાય છે કાંઈ આમાં?

એ મંડપની હદ આવી, પણ વેલડીની હદ નથી કે હવે એટલે જ રહે. એથી એનો અર્થ એવો નથી કે વેલડીની શક્તિ હોવા છતાં પેલા લાકડા મળ્યા નહિ માટે આઘી ગઈ નહિ. એમ નથી સિદ્ધ કરવું. આહા..હા..! વેલની પણ બલિહારી છે ને? એમાંથી કાઢે છે, હોં! આ દાખલો આવ્યો હતો, ભાઈ! હોં! છાપામાં આવ્યું હતું. શું સમજાણું આમાં? એય...! જ્યોતિ! શું કીધું?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એની શક્તિ અનંતી છે એમ બતાવવું છે. મંડપ નથી માટે આઘી જતી નથી એમ મંડપની પ્રધાનતા બતાવવી નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અવલમ્બન ન મિલનેસે જાનનેકી શક્તિ હોનેપર ભી ઠહર જાતા હૈ,...'** સમજાણું કાંઈ? બીજો પણ શાસ્ત્રમાં બોલ આવે. જુઓ! કે આત્મામાં ઊર્ધ્વ શક્તિનો સ્વભાવ ઘણો

છે સિદ્ધનો, પણ ધર્માસ્તિ નથી તે શું કરે? લ્યો! એ પાઠ બીજો ધર્માસ્તિનો. જેવો આ જ્ઞાનનો એવો ઈ. ઊર્ધ્વ સ્વભાવ, એ તો ઊર્ધ્વ સ્વભાવ છે, અનંત ઊર્ધ્વ સ્વભાવ છે. પણ ધર્માસ્તિ આગળ નથી તો ઊર્ધ્વ કેમ જાય? એથી કરીને નિમિત્તની પ્રધાનતા નથી સિદ્ધ કરવી. એનું સામર્થ્ય છે એટલું જ ત્યાં જાય ને ત્યાં નિમિત્ત એટલું જ છે. શક્તિ તો ઘણી છે, પણ શક્તિ એટલું જ કામ કરે છે, ત્યાં નિમિત્ત એટલું જ છે. આહા..હા..! ભારે પણ ત્યાંથી ઈ કાઢે છે. લ્યો!

ત્રીજું. કાળ ન હોય તો પરિણમન ન થાય, કાળ અભાવે પરિણમન ન થાય. 'નિયમસાર'માં પાઠ છે ચોખ્ખો. કાળ અભાવે પરિણમન અને કાળદ્રવ્ય ન હોય તો પરિણમન ન થાય. પરિણમન ન થાય તો પર્યાય ન હોય, તો દ્રવ્ય નહિ રહે ને પર્યાય નહિ રહે. ઈ કરીને શું સિદ્ધ કરવું છે? પરિણમન કરનાર પદાર્થ વખતે એક નિમિત્ત ચીજ છે એમ સિદ્ધ કરવી છે. આહા..હા..! સિદ્ધ કરવા જાય છે નિમિત્ત, ત્યાં આના બળનું સામર્થ્ય એને લઈને કામ કરે છે, નહિતર એ વિના કામ કરતું નથી. ...ભાઈ! આહા..હા..!

જેમાં જ્ઞેય નથી માટે એ આગળ કામ કરતું નથી નિમિત્તને અભાવે એમ નહિ. એની શક્તિ અપાર છે એમ સિદ્ધ કરવું છે. આટલું જાણનાર શું ન જાણે? કેટલો અનંત ગુણો કાળથી અને કોઈ ક્ષેત્રેથી બધું, એમ એની અપાર, અચિંત્ય શક્તિ સત્ છે... છે... છે... જેના જ્ઞાનનો પર્યાય જાણનાર છે... છે... છે... છે... છે... છે. એમાં છે... છે... છે... છેમાં નથી એમ આવે નહિ એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જેમ સર્વ આકાશ છે... છે... છે... છે... છે... એમાં નથી એમ કાંઈ ન આવે એમ સિદ્ધ કરવું છે. હવે પછી આકાશ નથી ક્યાંય એમ નહિ. છે... છે... છે... છે... છે... છે. એમ જ્ઞાનની પર્યાય ને ગુણ આદિમાં છે... છે... છે... છે. એ છેના અંત નથી એટલું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અરે..! એના પોતાના માહાત્મ્યની વાત કરે ત્યારે માહાત્મ્ય નાખે કો'કનું. બલિહારી છે ને પણ એની! કાળ અભાવે પરિણમન (ન) થાય, ધર્માસ્તિ અભાવે ઊર્ધ્વ સ્વભાવ હોય છતાં ન જાય. એ એના સ્વભાવની સ્થિતિનું વર્ણન કરે છે. પુદ્ગલ ન હોય તો લોક યાત્રા ન થાય. એમ 'નિયમસાર'માં પાઠ છે. લ્યો! જેઠાભાઈ!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ વાત એને એ જાતની ઉંધી ગડ જ બેસી ગઈ હોય. ન્યાંથી જ આમ જોનારા. આમ ચીજ બતાવે છે ત્યારે ન્યાંથી જોવે છે. પુદ્ગલ વિના લોકયાત્રા ન થાય એવું 'નિયમસાર'માં છે. પણ એ તો પુદ્ગલ છે ત્યાં સુધી પરમાણુની ગતિ છે, જીવ પણ એની

સાથે છે, એટલું બતાવવું છે. સમજાણું કાંઈ? ગતિનો વાસ્તવિક એનો કાયમ સ્વભાવ નથી જીવનો. પુદ્ગલના નિમિત્તના લક્ષે યોગ્યતાથી એટલું પરિભ્રમણ છે. યોગ્યતા ક્ષણિક છે, એનો ત્રિકાળી સ્વભાવ નથી. એટલે પુદ્ગલ હોય ત્યાં યાત્રા કરીને એનો યોગ સ્વભાવ ત્રિકાળી છે એ પરિભ્રમણનો નથી. આ રીતે વિભાવમાં ગતિ કરવાનો નથી ચાર ગતિ, એમ કહેવું છે. હવે ત્યાં ઈ લે, કાળમાં ત્યાં લે, ધર્માસ્તિમાં ઈ લે. આ જ્ઞેય વિના જ્ઞાન કામ કરે નહિ એમ લે. ભગવાન! તારી બલિહારી, ભાઈ! આમાં વાદ ને આમાં ચર્ચા શી રીતે કરવી? સમજાણું કાંઈ? ધર્માસ્તિ આવી ગયું, અધર્માસ્તિ ન હોય તો સ્થિરતા ન થાય, કાળ ન હોય તો પરિણમન ન થાય. ધર્માસ્તિ ન હોય તો ગતિ ન થાય, પુદ્ગલ ન હોય તો યાત્રા ન થાય, આ જ્ઞેય ન હોય તો જ્ઞાન ન થાય. લ્યો! આવી ગયું. એ..ઈ..!

**'જાનનેકી શક્તિ હોનેપર ભી...'** એના ઉપરથી આ બધું જરી (આવી ગયું). ભાઈ! એ તો શક્તિ તો ઘણી (છે), પણ જ્યાં જ્ઞેયો નથી એટલે શું કરે? એથી કરીને નિમિત્ત નથી માટે કામ કરતું નથી એમ નથી સિદ્ધ કરવું. આહા..હા..! એનો જાણવાનો સ્વભાવ એની શું કહેશો મર્યાદા? જે ક્ષેત્રનો સ્વભાવ તેને શું કહેશો મર્યાદા? સમજાણું? એમ જેનો જાણવાનો સ્વભાવ ભગવાન આત્મા એક, એક આત્મા. જેનો જાણવાનો સ્વભાવ એમાં છે... છે... છે... છે... છે... છે... છે... છે..., અસ્તિ... અસ્તિ... અસ્તિ... અસ્તિ... અસ્તિ... અસ્તિ... અસ્તિ... અનંત અસ્તિ. એમાં નાસ્તિ ક્યાંય આવે એવું એનું સ્વરૂપ છે નહિ. એમ હોઈ શકે નહિ વસ્તુ. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ આમાં?

**'કોઈ પદાર્થ જાનનેસે બાકી નહીં રહતા,...'** સિદ્ધ આ કરવું છે. 'કોઈ પદાર્થ જાનનેસે બાકી નહીં રહતા, સબ દ્રવ્ય, સબ ક્ષેત્ર, સબ કાલ, સબ ભાવ ઔર સબ ભવ કો જ્ઞાન જાનતા હૈ,...' ભાઈ! તારા જ્ઞાનના અસ્તિત્વની તને ખબર નથી, ભાઈ! એ અસ્તિત્વ સિદ્ધ કરે છે. સમજાણું? એ આટલા આટલા જ્ઞેયો, લોકાલોક, એનું જ્ઞેય છે એટલું જ અહીં જ્ઞાન છે એમ નહિ, એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? લોકાલોક તો છે. કેમ અહીં કેવળ નથી? એને લઈને છે તો અહીં કેવળ કેમ નથી? એ કેવળ પોતાના અંતરમાંથી પ્રગટ કરતો નથી, માટે નથી. સમજાણું કાંઈ?

જેના અંતર સ્વભાવમાં શક્તિરૂપે મહા... મહા... મહા... જ્ઞાન પદાર્થ, મહા જ્ઞાન સ્વભાવ, મહા જ્ઞાન સ્વભાવ (ભરેલો છે). ક્ષેત્ર અસંખ્ય પ્રદેશી એમ ભલે હો, પણ ભાવ એનો મહા સ્વભાવ. એ મહા સ્વભાવ દરિયામાંથી નીકળતી વેળ, એક સમયની વેળ કેવળજ્ઞાનની. એના અંતર સ્વભાવના અસ્તિત્વનું તો શું કહેવું? પણ જેનો પર્યાય પ્રગટ થયેલો એના અસ્તિત્વની હદ નથી કે આટલું જ જાણે, એમ કહે છે. આહા..હા..! શું સિદ્ધ કરે છે? સમજાણું કાંઈ?

આત્મા કેવડો એવું અસ્તિત્વ એને સિદ્ધ કરાવે છે. ભાઈ! તારો એક જ્ઞાનગુણનો એક પર્યાય કેવડો? એક પર્યાય કેવડો? કે, આ લોકાલોકને જાણે એટલું જ જ્ઞેય છે માટે એટલું જ જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય છે, એવું અસ્તિત્વ એટલું જ છે એમ નહિ. આહા..! આ તો સ્વભાવની અલૌકિકતા છે તેમ વર્ણન કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

વર્તમાન શ્રુતજ્ઞાનની પર્યાયનું પણ સામર્થ્ય એટલું છે કે, એ લોકાલોક ને બધું તેના જ્ઞાનમાં જણાઈ જાય છે. ફક્ત પ્રત્યક્ષ ને પરોક્ષનો ફેર છે. પણ તે શ્રુતજ્ઞાનની પર્યાયની પણ બેહદતા છે. આહા..હા..! તો જ્યાં પ્રગટ એકલી પર્યાય જ્યાં પૂર્ણ થઈ ગઈ... આહા..હા..! એ જ્ઞેય ખૂટ્યા, પણ જ્ઞાન નથી ખૂટતું એમ કહેવું છે. આહા..હા..! એ જ્ઞેય ખૂટ્યા માટે જ્ઞાન કામ કરતું નથી એમ પરાલંબી સિદ્ધ નથી કરવું. શશીભાઈ! આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

અરે..! તારા મહાત્મ્ય તેં એક ગુણની એક પર્યાયના પણ જાણ્યા નહિ, કહે છે. આવો જેનો સ્વભાવ, ભગવાન એકરૂપ અખંડ પદાર્થ છે ને? સૌ પદાર્થ ભિન્ન ભિન્ન એની વાત નથી અત્યારે. એક-એક ભગવાન આત્મા... આત્મા, જેનું જાણવું સ્વરૂપ, જાણવો સ્વભાવ, જાણવું તત્ત્વ, એનું નીકળેલું તત્ત્વ પર્યાયરૂપ પરિણમ્યું, એમાં એટલું સામર્થ્ય છે, એક સમયની પર્યાયને એટલું સામર્થ્ય અસ્તિરૂપે, અસ્તિરૂપે છે, છેના સામર્થ્યની એટલી તાકાત છે કે, આ એટલો લોકાલોક જ્ઞેય ને કાળ છે, લોકાલોક જ્ઞેય લોકાલોક ક્ષેત્ર ને જ્ઞેય, કાળ. છતાં એથી અનંત ગણું હોય તોપણ તે જ્ઞાનની એક સમયની પર્યાયમાં ન જાણવું અથવા જાણવું ઓછું છે એમ નથી. એ જાણવાનો સ્વભાવ જ કોઈ બેહદ... બેહદ... બેહદ... બેહદ... બેહદ... હદની ક્યાંય હદ ન લાગે. આહા..હા..! એ.. રતિભાઈ! સમજાણું કાંઈ?

એ જ્ઞેય ખૂટ્યા પણ તારું જ્ઞાન ખૂટે નહિ, હોં, ભાઈ! આહા..હા..! એક સમયની પર્યાયનું જ્ઞાન ખૂટે નહિ કે હવે (જાણવું) રહી ગયું. આ તારા દરિયાની તો શું વાત કરવી! એવા એક એક ગુણના સામર્થ્યનું તો શું કહેવું! અને એવા એવા અનંતા ગુણનું સામર્થ્યનું શું કહેવું! અને એનું એકરૂપ દ્રવ્ય એનું તો શું કહેવું!! આહા..હા..! ઈ વર્ણવે છે, પરમાત્મા વર્ણવે છે. પરમાત્માનો પ્રકાશ વર્ણવે છે ને? સમજાણું કાંઈ?

આ ધનતેરસ છે. આ લાપસી પીરસાય છે. આહા..હા..! જુઓ! આ લક્ષ્મીપૂજન. એ જ્ઞાનની લક્ષ્મી ભગવાન! તારો એક સમયનો પ્રગટ થયેલો પર્યાય જેમાં હદ કહેવાય જ નહિ. આટલું જ જાણે એમ હોય નહિ. આહા..હા..! એવો તો ભગવાન! તારો એક પર્યાય. એક સમયની એક પર્યાય-અવસ્થા-અંશ, એ અંશ. અંશની બેહદતા. આહા..હા..! ભગવાન તારા આવા અનંતા અંશનો પિંડ જ્ઞાન એનું શું કહેવું? આહા..હા..! ધીરૂભાઈ! આ જ્ઞાનપૂજન ચાલે છે. સરસ્વતીપૂજન ચાલે છે ને? ઘરે મફતના ચોપડાની પૂજા કરે છે. ધૂળમાં પણ નથી ન્યાં. પૈસા

મળે માટે આમ કરીએ. અહીં કેવળજ્ઞાન લક્ષ્મીનો ભંડાર દ્રવ્ય પડ્યું છે ને.

મુમુક્ષુ :— ....

ઉત્તર :— પણ સ્વભાવને હદ શું? સ્વભાવને હદ શું? માટે તો ક્ષેત્રનો વારંવાર દાખલો અપાય છે. હેતુ છે એમાં. સમજાય છે? અને એ દાખલો 'અંબર' કરીને 'પરમાત્મપ્રકાશે' આપ્યો. આકાશ... આકાશ... આકાશ... આકાશ... એવો આત્મા... આત્મા... આત્મા... ભાવ-ભાવ. આહા..હા..! અહીં તો 'પરમાત્મપ્રકાશ' પ્રગટ થાય છે.

ભગવાન આત્મા, ઓ..હો..! અરે..! ત્યાં વિકલ્પની કિંમત શું? ત્યાં શુભભાવની કિંમત શું? આહા..હા..! જેના બંધમાં તીર્થંકરપણું બંધાય એની કિંમત શું? એમ કહે છે. આહા..હા..! એવો ભગવાન તારો આત્મા, એના ખજાનાના અસ્તિપણાના જ્ઞાનગુણના અસ્તિ... અસ્તિ... અસ્તિ... અસ્તિ... અસ્તિ... અસ્તિ... અસ્તિ... અસ્તિ... એવી અનંતી પર્યાયો, એથી પણ સામર્થ્ય અનંતગુણું છે. સમજાણું કાંઈ? એ લીધું છે ને ભાઈ! 'ચિદ્‌વિલાસ'માં? એક એક ગુણની અનંતી શક્તિ, એક એક ગુણની અનંતી પર્યાય. ગુણનો ગુણ, વસ્તુ જેનો સ્વભાવ છે, જેનું એક સત્ત્વનું સત્ત્વ એક એક ગુણનું છે, એની હદ શું? ભાઈ! એ વસ્તુ છે, બાપુ! એ પ્રભુ છે. એક એક ગુણે પ્રભુતાની માપ હદ હોય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ... યાત્રા કરાવવાથી ...

ઉત્તર :— એ ચૈતન્ય-સમ્મેદશિખર ઉપર ચડી જા એમ કહે છે અહીં તો. આહા..! એક વાર વીર્યથી એ કબુલ તો કરે. એમ નહિ. કબુલાત એના અંદરમાં આવવી જોઈએ. એના 'હા'ની હા, હોં! હામાં ક્યાંય ના નહિ.

કહે છે, અહીં '**बलेपि**' આવ્યું ને? '**तिष्ठति**' એમાંથી પછી પેલા બે ચાર યાદ આવ્યા. લોકની યાત્રા પુદ્‌ગલ વિના થાય નહિ, ધર્માસ્તિ વિના ઉપર જાય નહિ, કાળ વિના પરિણમે નહિ. અરે..! ભગવાન! અધર્માસ્તિ વિના સ્થિર થાય નહિ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આવું બળ હોવા છતાં પણ. મૂળ તો બીજું કાંઈ નહિ. '**तिष्ठति**' ત્યાં જ્ઞાન તેટલું કામ કરે છે. કરે છે એટલે શક્તિ નથી એમ નહિ.

ભગવાન પરમેશ્વર આત્મા, આ પોતે પરમેશ્વર આત્મા. એની ઈશ્વરતા જ્ઞાનની મોટપ, એની જ્ઞાનગુણની મોટપ, એ તો અપાર. પણ એની પર્યાય એક સમયની એની ઈશ્વરતાની અમાપતા. એમ ઈશ્વરતામાં ખંડન, અપૂર્ણ ક્યાંય હોઈ શકે નહિ. એ જ્ઞાનનો એક સમયનો સર્વજ્ઞપર્યાય, એની ઈશ્વરતા, એની પ્રભુતા એટલી. આટલું જાણે છતાં ઘણું જાણવાની તાકાત એથી અનંત ગુણી છે એવી એક પર્યાયની ઈશ્વરતા છે. આ તો બળ શબ્દથી આવ્યું. સમજાણું કાંઈ? આહા..હા..!

આ તે કાંઈ... કહો, ...ભાઈ! સમજાય છે કે નહિ આ? કે, આ વાણિયાવેડ જેવી વાત હશે આ? એવો છે. અસ્તિ છે તેના અસ્તિનું કથન છે. સત્પદ પ્રરૂપણા હોય છે. શાસ્ત્ર છે ને? ભાઈ! એમ પહેલું. સત્પદ પ્રરૂપણા ભગવાન શરૂઆત કરે ત્યારે. છે તેની કથન કરતું હોય તેનું ... કરશું. સત્ પદ પ્રરૂપણા. પહેલો જ બોલ આવે છે આ 'ધવલ' આદિમાં. યોગદાનમાં પણ એમ આવે છે. સત્ પદ પ્રરૂપણા. છે તેને શબ્દો દ્વારા કથન કરવું. આહા..હા..! ભાઈ!

એમ ભગવાન આત્મા એનો એક જ્ઞાનગુણ, એનો એક સમયની અંશ-દશા પ્રગટ ભેદ અંશ, હોં! એ અંશ કેવળજ્ઞાનની એટલી હદતા... હદતા... હદતા... કે, જેમાં હદ ન મળે. મર્યાદા વિનાનું. લોકાલોક જાણે તોય તેથી અનંત ગણું બળ છે એમાં. એ ઈશ્વરતા અનંત ગુણી છે એમાં. આહા..હા..! અરે..! એ માગે માગણ જ્યાં-ત્યાં રાગ પાસે, પુણ્ય પાસે, વિકલ્પ પાસે માગે કે મને કાંઈક દેજે. ભિખારી થયો. ચક્રવર્તી રાજા માગવા જાય ત્યાં વાઘરીના ઘરે. કૂબે જાય કૂબે. ઓલું ...

અરે..! ભગવાન ત્રણલોકનો નાથ ચૈતન્ય નાથ બિરાજે. એક એક ગુણે જેની હદ ન મળે. એની એક સમયની પર્યાયની જેમાં અસ્તિમાં આ નહિ (એવું આવે નહિ). છે... છે... છે... સ્વભાવમાં નહિ એવું આવે નહિ. એવો તારો સ્વભાવ સર્વજ્ઞ પર્યાયે પ્રગટ થાય ને સર્વજ્ઞસ્વભાવી તું. આહા..! સમજાય છે કાંઈ? એટલા સ્વભાવને જે વીર્ય, જે શ્રદ્ધા જોરે કબુલ કરે... સમજાણું કાંઈ? એમાં વિકલ્પના સહારા-ફહારા હોય નહિ. સમજાણું કાંઈ?

'**સબ દ્રવ્ય,...**' બધા દ્રવ્યો. ઓહો..હો..! એ બધા દ્રવ્યોમાં રહેલો એક એકમાં હદ (વિનાનો) ગુણ, તેવા અનંતા ગુણો. એને પણ કેવળજ્ઞાન પર્યાય જાણે છતાં જાણવાની (શક્તિ) બાકી રહી જાય. અરે..! ભગવાન! સબ દ્રવ્યમાં પાછા આવ્યા કે નહિ? આખા દ્રવ્યમાં એક એક ગુણ આવ્યા કે નહિ બધા? જ્ઞાનમાં...

એક એક પરમાણુમાં એક એક ગુણ લ્યો. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, ગુણ, એ ગુણની પણ અસ્તિની બેહદતા છે. એમ ન જો કે, ક્ષેત્ર આટલું છે. એ સ્વભાવનો એક પિંડ છે, બસ. રૂપી મૂર્ત સ્વભાવનો પિંડ એક પરમાણુ. એ સ્વભાવને-શક્તિને ક્ષેત્રતાની જરૂર નથી. એના સ્વભાવના સામર્થ્યની જરૂર છે. એ સામર્થવાળો એક પરમાણુ પણ એટલો છે, એક વર્ણ, એક વર્ણ શક્તિરૂપ ગુણ, ગુણ છે... છે... છે... છે... છે... છે... .... એના પર્યાયમાં અનંત ગુણી પર્યાય પરિણમે છે, તોપણ એનું સામર્થ્ય તેથી અનંત ગણું છે. સમજાણું કાંઈ?

એમ ન જો કે, ક્ષેત્ર આવડું છે માટે વ્યંજન પર્યાય કાઢી નાખે છે. અર્થપર્યાયમાં તાકાત કેટલી છે એ બતાવે છે. સાત હાથનું ક્ષેત્ર હોય ને કેવળ પામે. પાંચસો ધનુષનું ક્ષેત્ર હોય ને કેવળ પામે. એટલે કેવળની પર્યાયની બેહદતા નાના ક્ષેત્રે રોકી નથી. ...ભાઈ! આહા..હા..!

માટે વ્યંજનપર્યાય અને અર્થપર્યાયને જુદી પાડી છે. સમજાણું કાંઈ? આકૃતિ નાની છે માટે તેનો અર્થપર્યાય નાનો છે એમ નથી. મોટી આકૃતિનો અર્થપર્યાય મોટો થઈ જાય એમ નથી. એનો બેહદ પર્યાય જ્ઞાનનો અર્થ પર્યાયનો એટલો છે, સાત હાથનો હોય ભલે, અમાપ, પાંચસો હાથનો હોય. અમાપ. આ લોક પ્રમાણે વ્યાપે કેવળજ્ઞાન વખતે ક્ષેત્ર. સમજાય છે કાંઈ? તોપણ એ એક સમયની પર્યાયમાં, લોકાલોકથી પણ અનંત ગુણી તાકાત એક સમયની પર્યાયમાં છે. ક્ષેત્ર મોટું-નાનું થવાની અપેક્ષાએ એ વસ્તુ છે જ નહિ. સમજાણું કાંઈ? આ પદાર્થ વિજ્ઞાન, સર્વજ્ઞ ભગવાનના ઘરનું પદાર્થ વિજ્ઞાન ચાલે છે. શશીભાઈ! તમારે ન્યાં પદાર્થવિજ્ઞાન આત્મા ઉતારતા થોડું.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ સમજાવતા હશે ઓલા. તમારી ઉપર હાથ કરે છે. સાયન્સમાં...

મુમુક્ષુ :— એ સંયોગી કાર્ય છે. આ વીતરાગી કાર્ય છે.

ઉત્તર :— આહા..હા..! વાહ રે નાથ! આ તો સ્વભાવ, સ્વભાવ સમર્થ શાસ્ત્ર. સ્વભાવ ઈશ્વર શાસ્ત્ર. આ તો ધનતેરસ છે ને? ભગવાન મોક્ષ પધાર્યા પરમ દિ'. લ્યો! તો આ આવે કે નહિ? અહીં તો અત્યારે જાણે ધનતેરસ (છે). ભગવાન ને મોક્ષની પૂજા છે. કાળને કોણ જોવે છે?

**'સબ દ્રવ્ય,...'** ઓહો..હો..! કેવળજ્ઞાનની એક પર્યાય! એવી પર્યાય અનંતી, જેના એક દ્રવ્ય કે એક આત્મામાં પડી છે, એવો એક જ્ઞાન ગુણ અંદર છે. એવા અનંતા ગુણથી ભરેલું દ્રવ્ય, એવું ક્ષેત્ર અમાપ, કાળ ત્રિકાળ, ભાવ. સમજાણું? ઓહો..! એ ગુણનો સ્વભાવ, ભાવ બધાને કેવળજ્ઞાનનો પર્યાય એક સમયમાં જાણી લે.

**'જ્ઞાન જાનતા હૈ, ઐસે તીનલોક સરીખે અનંતે લોકાલોક હોવેં,...'** લ્યો! એવા ત્રણ લોક જેવા લોકાલોક હો અનંત. **'તો ભી એક સમયમે હી જાન લેવે,...'** કહો, સમજાણું? એક સમયમાં ભગવાન જાણે, એવો પર્યાય છે, ભાઈ! આ જ્ઞાનનો પર્યાય. લ્યો! કુદરતે આજે આ ધનતેરસ ને લક્ષ્મી આવી આ. સમજાણું? લ્યો વખત થઈ ગયો. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૩૦, રવિવાર, તા. ૨૪-૧૦-૧૯૬૫**
**ગાથા-૪૭, ૪૮, પ્રવચન-૩૧**

'પરમાત્મપ્રકાશ'. પહેલો ભાગ, ૪૭મી ગાથા ચાલે છે. આજે ભગવાનનો નિર્વાણ દિવસ છે. ભગવાન મહાવીર પરમાત્મા પાવાપુરીના ક્ષેત્રમાં, અનંત કાળથી સિદ્ધપર્યાય પ્રગટ નહિ થઈ હતી એવી સિદ્ધપર્યાયને પ્રાપ્ત આજે થયા. એને અહીંયા નિર્વાણ દિવસ, મોક્ષ દિવસ કહે છે. એટલે આજ ખરેખર ૨૪૯૧ વર્ષ પૂરા થાય છે ને ૯૨મું વર્ષ બેસે છે, વર્ષ બેસતું પણ આ ને પૂરું પણ આજ. એવા ભગવાનને પાવાપૂરીમાં દેહ છૂટ્યો. અનંત કાળથી જે સંબંધ કર્મનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હતો, એ પૂરો નહિ છૂટેલો. એ સંબંધ છૂટીને પોતાનો જે નિર્મળ પરમપારિણામિક સ્વભાવ જે ધ્રુવ, એનો વર્તમાન પર્યાય પૂર્ણ પ્રગટ્યો, એને ત્યાં મોક્ષ કહે છે. એ મોક્ષની પર્યાયની એટલી તાકાત છે, એ અહીં વર્ણન ચાલે છે.

કેવળજ્ઞાનની એક સમયની પર્યાયમાં એટલી તાકાત છે કે, '**જિસ ભગવાન્ પરમાત્માકે કેવલજ્ઞાનમેં...**' પરમાત્મા એટલે મૂળ દ્રવ્યસ્વરૂપ તો વસ્તુ, વસ્તુ જ છે. પણ જેની એક સમયની જ્ઞાનની અવસ્થા પૂર્ણ શુદ્ધ પ્રગટ થઈ, એ કેવળજ્ઞાનમાં એટલી તાકાત છે કે, '**અપના ઉત્કૃષ્ટ સ્વભાવ સબકે જાનનેરૂપ પ્રતિભાસિત હો રહા હૈ,...**' જે કેવળજ્ઞાનમાં પોતાનો દ્રવ્ય સ્વભાવ, પર્યાય સ્વભાવ અને જે ત્રિકાળી દ્રવ્યનો અને પર્યાય સ્વભાવ, બધું જેને જ્ઞાનપર્યાયમાં પ્રતિબિંબ થઈ ગયું છે. એવી એક સમયના પર્યાયની તાકાત આ આત્માના કેવળજ્ઞાનની એક સમયની છે.

'**જ્ઞાન સબકા અંતર્યામી હૈ,...**' શું કહે છે? એ કેવળજ્ઞાન વસ્તુ જે ધ્રુવ છે એને જાણે છે, પોતાની વર્તમાન અવસ્થાને જાણે છે. ત્રણ કાળ, ત્રણ લોકના જગતના દ્રવ્ય-પર્યાય એ પણ એક સમયની પર્યાયમાં પોતાની તાકાતથી પોતામાં જણાય છે. કહે છે કે, '**જાનકર જ્ઞાનકા આરાધન કરો.**' એ '**સર્વાકાર જ્ઞાનકી પરિણતિ હૈ,...**' સર્વ આકાર એટલે પોતાનું દ્રવ્ય, પોતાના ગુણ, પોતાની પર્યાય ને જગતના દ્રવ્ય, ગુણ, પર્યાય. એ બધારૂપે પરિણમવાની તાકાતવાળો એક સમયનો પર્યાય છે. છતાં એક સમયનો પર્યાય લોકાલોકને જાણે એટલી જ તાકાતવાળો છે એમ નથી. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :-** '**જહાં તક મંડપ વહાં તક હી બેલ (લતા) કી બઢવારી હૈ,...**' મંડપ જ્યાં સુધી હોય ત્યાં સુધી વેલ વધે. એથી વેલ આગળ વધવાની તાકાત નથી, એમ નથી. સમજાણું કાંઈ? એ દિવાળીએ દિ-વળ્યો પર્યાયનો. સ્વકાળ પ્રાપ્ત થયો. એક સમયની

જ્ઞાનની પર્યાય એટલી તાકાત રાખે છે કે, લોક ને અલોક ત્રણ કાળ, ત્રણ લોક છે એટલા તો જાણ્યા, પણ એથી અનંત ગુણા કાળ ને અનંત ગણું ક્ષેત્ર આદિ હોય તોપણ એક સમયની જ્ઞાન પર્યાય જાણવાની તાકાત રાખે છે. કેમ? કે જે જ્ઞાનનો એક સમયનો પર્યાય પૂર્ણ શુદ્ધ થયો, એમાં એનું અસ્તિત્વનું સામર્થ્ય, અસ્તિત્વનું—મોજૂદગીનું સામર્થ્ય આટલું જ જાણવાનું છે એમ માપ નથી. સમજાય છે કાંઈ?

એક સમયનો જે જ્ઞાનપર્યાય એટલી તાકાત રાખે છે કે, જેમાં જેની વ્યક્તતા.. વસ્તુ તો એક કોર રહી. એક સમયની પર્યાયમાં સામર્થ્ય છે... છે... છે... છે... છે... છે... એમાં છે... છેમાં નથી એવું ક્યાંય નહિ આવે. સમજાણું કાંઈ? આટલા કાળ ને લોકાલોક એટલું જાણ્યું એટલું જ (સામર્થ્ય) છે એમેય નહિ. એ છે... છે... છે... છે... છે. એટલે એક સમયની પર્યાયમાં સામર્થ્ય છે... છે... છે... તેનું માપ નથી. ...ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? એવો તો એક જ્ઞાનગુણનો એક સમયનો પર્યાય. એમાં એના સામર્થ્યની હદ જ્યાં આટલી રહે, એમ હોય જ નહિ. કારણ કે, જેનો સ્વભાવ વ્યક્ત થઈ ગયો... સ્વભાવની તો વાત શું કરવી? એ તો જુદો જ છે. સ્વભાવ તો પર્યાયને અડતો નથી. પર્યાય સ્વભાવને અડતી નથી અને દ્રવ્ય તે પર્યાયને અડતું નથી. બેનું અસ્તિત્વ જ ભિન્ન ભિન્ન છે. રાજમલજી! આહા..હા..!

જેનું એક સમયનો... સ્વભાવ છેને, સ્વભાવ છેને, પ્રગટરૂપ જ્ઞાન પર્યાય સ્વ, સ્વભાવ, સ્વભાવ, સ્વ-ભવન, સ્વભાવ. એ સ્વભાવમાં આવા લોકાલોક અને અનંત કાળ જાણ્યો એટલી જ તાકાત છે એમ નથી. આહા..! સમજાણું કાંઈ? એક સમયની પર્યાયમાં એ વેલડી મંડપ જેટલી વિસ્તાર પામી, એથી વેલડીનો વિસ્તાર થવાની તાકાત નથી ને હદ થઈ ગઈ, એમ નથી. એ તો દૃષ્ટાંત દીધું.

એમ ભગવાન આત્મા. પછી કહેશે, હોં! પછીની ગાથા આ ૪૭ ગાથામાં અહીં સુધી લીધું છે. સમજાણું? જેની સુડતાલીસ પ્રકૃતિનો નાશ થયો. પાંચ જ્ઞાનાવરણીય, નવ દર્શનાવરણીય, અઠ્યાવીશ મોહનીય અને પાંચ અંતરાય. એની સુડતાલીસનો નાશ થઈને, વ્યય થઈને ઉત્પાદ થયો જ્ઞાનની પર્યાયનો. જુઓ! ૪૭ ગાથા આવી છે આમાં પાછી. સમજાણું કાંઈ? એક સમયનો પર્યાય સામર્થ્ય. શું કહ્યું? આ વાતની વાત નથી, હોં! કેમકે જેનો પર્યાય સ્વભાવ પૂર્ણ એકરૂપ પ્રગટ થયો, એની એકરૂપતાની પર્યાયની અસ્તિ છે... છે... છે... છે... છે..., અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... એ અનંતમાં ક્યાંય (અંત) નથી. અંત આવે એવું પર્યાયમાં પણ ન હોય. સમજાણું કાંઈ? આહા..!

કહે છે, **'જહાં તક મંડપ વહાં તક હી બેલ (લતા) કી બઢવારી હૈ, ઔર જબ મંડપકા અભાવ હો, તબ બેલ સ્થિર હોકે આગે નહીં ફૈલતી, લેકિન બેલમેં વિસ્તાર-**

**શક્તિકા અભાવ નહીં કહ સકતે,...**' વેલમાં વિસ્તાર-શક્તિના સામર્થ્યનો અભાવ (છે) એમ કહી શકાય નહિ. આહા..હા..! આવો આત્મા જેને લક્ષમાં આવે, એને આ શરીર, સંયોગ, વિકલ્પની મહિમા ઉડી જાય. સમજાણું કાંઈ?

કહે છે, '**ઈસી તરહ સર્વવ્યાપક જ્ઞાન...**' સર્વ વ્યાપક એટલે? સર્વને પહોંચી વળતું, એક સમયનું નિર્વાણી જ્ઞાન, કેવળજ્ઞાન, પૂર્ણ જ્ઞાન. આહા..! '**કેવલીકા હૈ, જિસકે જ્ઞાનમેં સર્વ પદાર્થ ઝલકતે હૈં, વહી જ્ઞાન આત્માકા પરમસ્વભાવ હૈ,...**' પ્રગટરૂપ સ્વભાવની વાત ચાલે છે, હોં! આ. '**ઐસા જિસકા જ્ઞાન હૈ, વહી શુદ્ધાત્મા ઉપાદેય હૈ.**' એ જ્ઞાન જેનું છે, એવો ભગવાન આત્મા પૂર્ણાનંદ એ ઉપાદેય છે. જેની એક સમયની પર્યાયમાં આટલી તાકાત! જેની એક સમયની પર્યાય-અંશીનો અંશ. એવો અંશી ભગવાન ધ્રુવ સ્વરૂપ પરમાત્મા એ જ ઉપાદેય છે, એ જ દૃષ્ટિમાં અંગીકાર કરવા લાયક છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**યહ જ્ઞાનાનંદરૂપ આત્મારામ હૈ,...**' એ આનંદ જ્ઞાનાનંદ પ્રભુ આત્મારામ છે. '**વહી મહામુનિયોંકે ચિત્તકા વિશ્રામ ધામ** (ઠહરનેકી જગહ) **હૈ.**' લ્યો. સંતોના વિશ્રામ ધામ છે ઈ. ભગવાન આત્મા... વિશ્રામની પર્યાય છે, વિશ્રામની પર્યાય છે. એ પર્યાયને ઠરવાનું સ્થાન ચિદાનંદ ધામ છે. સમજાણું કાંઈ? ધર્માત્માને ઠરવાનું સ્થાન શરીર, વાણી, વિકલ્પ નથી. રાજમલજી! આ વાત ભારે જગતને.

કહે છે કે, ભગવાન આત્મા જેના એક સમયની (પર્યાય)... વસ્તુ કોને કહે? અણકરાયેલ, અણવિનાશી અકૃત્રિમ વસ્તુ ચૈતન્ય જ્ઞાનપિંડ આનંદકંદ પદાર્થ વસ્તુ. એ વસ્તુનો સ્વભાવ શું કહેવો? એ પછી વિશેષ ૪૮માં કહેશે. અહીં તો કહે છે કે, એવા વસ્તુના સ્વભાવમાંથી પ્રગટ થયેલી કેવળજ્ઞાન પર્યાય, એક સમયની જેની અવસ્થા. આહા..હા..! જેના આનંદનો પણ પાર નહિ. જેના જ્ઞાનનો એક સમયમાં આ... આ... આ... આ... આ..., અનંત... અનંત... અનંત... અનંત..., છે... છે... છે... છે... એમાં ક્યાંય ન આવે. અનંતને અનંતપણામાં કાંઈ ન આવે એવું નથી. એમ એની પર્યાયમાં અતીન્દ્રિય આનંદમાં અતીન્દ્રિય અનંત આનંદ... આનંદ... આનંદ..., અનંત... અનંત... અનંત... તે આનંદના છે-પણામાં નહિપણું ન આવે. સમજાય છે કાંઈ? ભાઈ! આ તો વસ્તુની સ્થિતિનું વર્ણન છે. આહા..હા..!

કહે છે, અહો..! '**મહામુનિયોંકે ચિત્તકા...**' ઉપાદેય શબ્દ લીધો હતો ને એમાંથી એ કાઢ્યું છે. ઉપાદેય આ ભગવાન આત્મા. અરે..! પણ અકૃત્રિમ પદાર્થ છે કે નહિ? અકૃત્રિમ, અણકરાયેલ નિત્ય વસ્તુ, નિત્ય સત્, નિત્ય સત્. એવો ભગવાન આ આત્મા. એક એક આત્મા, હોં! એના પર્યાયમાં આટલી તાકાત, જેની એ જ્ઞાનની તાકાત પર્યાય છે એવો ભગવાન આત્મા

જ અંતર દૃષ્ટિમાં જ્ઞાનીને વિશ્રામ ધામ છે. આહા..હા..! 'પરમાત્મપ્રકાશ' છે ને? સમજાણું કાંઈ? હવે ઝઘડા કેટલા? આ વ્યવહારથી થાય ને... અરે..! પ્રભુ! પણ તું શું કહે છે? ભાઈ!

એ પરમાનંદની મૂર્તિ તેના સ્વભાવનું (શું કહેવું)! અહીં કહેશે. એને તો શું કહેવું? જેના એક સમયની પર્યાયમાં આટલી તાકાત. સમજાય છે? એવો ભગવાનનો આનંદ. આ ભગવાન એટલે આત્માનો પૂરો પર્યાય-અવસ્થાનો આનંદ, એની અવસ્થાનું જ્ઞાન, એની અવસ્થાનું વીર્ય બળ, એના અવસ્થાનું દર્શન, એની અવસ્થાની સ્વચ્છતા, એની અવસ્થાની પ્રભુતા, એની અવસ્થામાં એ રાગને કારણ ન થાય ને પોતે પરથી ઉત્પન્ન ન થાય, એવું અકારણકાર્યપણાનું અનંત સામર્થ્ય એક સમયની પર્યાયમાં ઉત્પન્ન થયું છે. આહા..હા..! સમજાણું કાંઈ? જે કારણ દ્રવ્યને બનીને કાર્ય થયું, ખરેખર એ કારણ ને કાર્યનું બેનો એકપણે સ્પર્શ નથી. રાગના વિકલ્પને, પર્યાયની મંદતાને, પૂર્વની અવસ્થાના માર્ગને આશ્રય કરીને પ્રગટ નથી થઈ. જે પ્રગટ થઈ છે એ પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાન પૂર્ણ સ્વરૂપ વસ્તુ છે. થયું છે... થયું છે... થયું છે. એ કાર્યરૂપ દશા થઈ છે. સમજાણું? એ કાર્યદશા પણ કારણરૂપ ભગવાન છે એને કાર્ય દશા અડી નથી, કારણ કાર્યને અડતું નથી. આહા..હા..! બહારના કારણથી થાય એ વાત તો ક્યાં રહી? રાજમલજી!

અરે..! ભગવાન! બાપુ! તને તારી મોટપની ખબર ન મળે, અને તું મોટપ બીજાને દેવા જા, ત્યાં તારી હલકાઈ થઈ જાય, ભગવાન! આહા..હા..! ભાઈ! આત્મા પૂર્ણ ધામ, એની એક સમયની પર્યાયની આનંદની, સ્વચ્છતાની આટલી તાકાત! એવો ભગવાન આત્મા ધ્રુવ, ધ્રુવ ધામ એ આદરણીય છે, ત્યાં દૃષ્ટિ મુકવા જેવી છે. ત્યાં વિશ્રામ ઠામ, ત્યાં ધ્રુવ (છે) માટે ઠરવાનું ઠેકાણું એ છે. સમજાણું કાંઈ? ...ભાઈ! મોટી વાતું બધી આ તો જુદી જાતની છે. તમારે રાયપુરમાં કે કલકત્તામાં ક્યાંય મળી ન હોય એવી. હવે જરી એથી વધારે વાત વધારે છે. ૪૮ આવે છે.

**'આગે જો શુભ-અશુભ કર્મ હૈં, વે યદ્યપિ સુખ-દુખાદિકો ઉપજાતે હૈં, તો ભી વહ આત્મા કિસીસે ઉત્પન્ન નહીં હુઆ, કિસીને બનાયા નહીં, એસા અભિપ્રાય મનમેં રખકર ગાથા-સૂત્ર કહતે હૈં -'**

**૪૮) कम्महिँ जासु जणंतहिँ वि णिउ णिउ कज्जु सया वि।**
**किं पि ण जणियउ हरिउ णवि सो परमप्पउ भावि।।४८।।**

**અન્વયાર્થ :-** **'જ્ઞાનાવરણાદિ કર્મ...'** જડ છે. સ્વરૂપ ને પૂર્ણાનંદને ભૂલી, પર્યાયમાં વિકાર કરી, અને કર્મ જે ઉપાર્જ્યા એ **'હમેશા અપને અપને સુખ-દુઃખાદિ કાર્યકો પ્રગટ કરતે હૈં,...'** એ કર્મ પર્યાયમાં સુખ-દુઃખની અવસ્થા હાલતમાં ઉત્પન્ન કરે. **'તો ભી શુદ્ધ નિશ્ચયનયકર જિસ આત્માકા કુછ ભી અર્થાત્ અનંતજ્ઞાનાદિસ્વરૂપ ન તો નયા પૈદા**

**કિયા ઔર ન વિનાશ કિયા, ઔર ન દૂસરી તરહકા કિયા,...**' શું કહે છે? ભગવાન આત્મા જે ધ્રુવ ચૈતન્ય પ્રભુ, વિકારની પર્યાય ઉત્પન્ન થઈ ને વિકારે કર્મ થયા ને કર્મથી વળી સુખ-દુઃખની પર્યાય થઈ. પણ વસ્તુ જે છે એ કર્મથી ઉત્પન્ન થઈ નથી, વસ્તુ છે તેને કર્મે હણી નથી. સમજાણું કાંઈ?

'**ન દૂસરી તરહકા કિયા,...**' ધ્રુવ ભગવાન આત્મા. ઓહો..! ભલે પર્યાયમાં વિકાર થયો ને વિકારનો અભાવ થઈને કેવળજ્ઞાન થયું. એ ભલે ઉત્પન્ન થયું. વસ્તુ છે તે ઢંકાણી નથી અને વસ્તુ તે ઉત્પન્ન થતી નથી. સમજાય છે કાંઈ? આહા..! ભગવાન આત્મા સત્... સત્... સત્... સત્... સત્... સત્... એવો જે એનો ત્રિકાળી સ્વભાવ, એ કાંઈ નવો ઉપજતો નથી. કેવળજ્ઞાન ઉપજ્યું એ પર્યાય ઉપજી, વસ્તુ ઉપજતી નથી. સમજાણું કાંઈ? કર્મના સદ્ભાવમાં પર્યાયની હીણતા ને અભાવમાં ઉગ્રતા. વસ્તુને હીણતા ને ઉત્પન્ન થવું વસ્તુમાં નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ધ્રુવ વસ્તુ એને શું? જે છે સત્... સત્... સત્... સત્... સત્... આહા..હા..! એ સત્‌ની ગાંગડી સત્ સ્વરૂપ ધ્રુવ તારો છે. ભારે વાત, ભાઈ! એ સત્‌ને કોઈ ઉત્પન્ન કરે નહિ, પર્યાયપણે ઉત્પન્ન થાય એ તો અવસ્થા ઉત્પન્ન થાય છે અને હીણી થાય એ અવસ્થા થાય છે. વસ્તુ હીણી થાય કે ઉત્પન્ન થાય એમ છે નહિ. આહા..! સમજાણું કાંઈ?

એક સમયમાં ભગવાન આત્મા સત્ શાશ્વત સત્ છે કે નહિ? શાશ્વત સત્ છે કે નહિ? શાશ્વત અનંત ન કહ્યું? આવ્યું ને? શાશ્વત અનંત, એ શાશ્વત અનંત. વસ્તુ શાશ્વત અનંત. અનંતના અગિયાર બોલ આવ્યા છે એમાં. શાશ્વત અનંત, વસ્તુ શાશ્વત અનંત. શાશ્વતમાં અંત આવે એવું ક્યાં છે? ઉપજવું એ શાશ્વતમાં ક્યાં છે? સમજાણું કાંઈ? આહા..હા..!

વસ્તુ સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... સમજાણું કાંઈ? જેને અલિંગગ્રહણમાં કહ્યું ને? કે વસ્તુ સ્વભાવ કેવળજ્ઞાન પર્યાયને સ્પર્શતી નથી. નહિ? રાડ નાખે, હોં! માણસને... અર..ર..! સાંભળ તો ખરો, ભાઈ! વસ્તુ ધ્રુવ સત્, સત્ જેમાં ઉપજવું, વિણસવું વસ્તુમાં નથી. ઉપજવું, વિણસવું. સંસારનું ઉપજવું ને કેવળનું ઉપજવું ને સંસારનો વ્યય જેમાં નથી. સમજાણું કાંઈ?

વસ્તુ છે ને પોતાની? એ છે એ શાશ્વત અનંત, શાશ્વત અંત નહિ એવું તત્ત્વ. અંત નહિ એટલે શાશ્વત વસ્તુને અંત શા? શાશ્વત. એ વિરાટ વસ્તુ છે દ્રવ્ય. એવો શાશ્વત પદાર્થ, કહે છે, એ '**ન તો નયા પૈદા કિયા...**' એ પેદા થતો નથી. '**ન વિનાશ કિયા,...**' એનો કોઈ વિનાશ થતો નથી. '**ઔર ન દૂસરી તરહકા કિયા,...**' બીજી રીતે રૂપાંતર કરે દ્રવ્યનું, ધ્રુવનું એમ છે નહિ. આહા..હા..! ભાઈ! વાત પણ જગતને...

'**भूदत्थम**' જે છે ને? ૧૧મી ગાથામાં. ભૂતાર્થ એ કૂટસ્થ છે, એ ધ્રુવ છે. એનો આશ્રય

કરનાર ભલે પર્યાય છે. ધ્રુવ દ્રવ્ય વસ્તુ. એ વસ્તુ નવી પેદા થતી નથી, એ વસ્તુની હાનિ થતી નથી, એ વસ્તુનું બીજું રૂપ જે સદૃશનું એકરૂપ એમાં કોઈ બીજી રીત થતી નથી. ઓહો..હો..! આવા બધા ભણતા હશે એમાં પણ આવું કાંઈ નહિ આવતું હોય. પદાર્થ વિજ્ઞાનનું. ગપ્પા મારે બધા ભણાવે પણ ગપ્પા. હિંમતભાઈ ભણાવતા હશે ને એવું બધું? પણ એનું લખેલું હોય એ પ્રમાણે ભણાવે.

મુમુક્ષુ :— એના તત્ત્વો સમજાવવાના નથી, સંયોગો સમજાવવાના છે.

ઉત્તર :— સંયોગો સમજાવવાના છે. આહા..હા..!

ભાઈ! જે સ્વતઃ, સ્વતઃસિદ્ધ સત્ શાશ્વત અનંત વસ્તુ એક પોતાની, હોં! સમજાણું કાંઈ? અરે..! એના અનંત કાળમાં એણે માહાત્મ્ય કર્યા નથી. એના માહાત્મ્ય કરે તો બધું ઊડી જાય. સંયોગનું માહાત્મ્ય ને પરમાં સુખનું માહાત્મ્ય ને આ રાગમાં મજા છે, એ માહાત્મ્ય બધું ઉડી જાય છે. ઝેરના માહાત્મ્ય ઝેરના ઊડી જાય બધા. અમૃતનો દરિયો જે શાશ્વત અનંત, શાશ્વત અનંત. ઓહો..હો..! જમુભાઈ! ભાષા તો બહુ ટૂંકી છે, કાંઈ એવી નથી.

મુમુક્ષુ :— ...મુક્તિની જાહેરાત કરે છે.

ઉત્તર :— બધા મુક્ત સ્વરૂપ જ છે.

વસ્તુ છે કે નહિ? જુઓને! રાત્રે નહોતું કહ્યું? એક પરમાણુ છે આ પરમાણુ, એનું ક્ષેત્ર ન જોશો. એક પરમાણુ અનંત સ્વભાવનો પિંડ સાગર છે. ક્ષેત્ર નાના-મોટાનો પ્રશ્ન અહીં હોય શકે નહિ. એક પોઈન્ટ પરમાણુ છે, એમાં અનંત... અનંત... અનંત... સ્વભાવરૂપ તત્ત્વ છે. રૂપી અનંત સ્વભાવરૂપ તત્ત્વ છે. અનંત જેના વર્ણ, ગંધ, રસ, સ્પર્શની શક્તિનું પણ જેનું સત્ત્વ શાશ્વત અનંત છે. ભાઈ! એક પોઈન્ટ, હોં! આ પરમાણુ. આ તો ઘણા રજકણોનો પિંડ જ દેખાય છે. એક પોઈન્ટ રજકણ લ્યો, છેલ્લો ભાગ, જેના બે ટૂકડા ન થાય, એ પણ મહાન વસ્તુ છે. સ્વભાવ છે, ભાઈ! ધ્યાન રાખો. એ સ્વભાવ છે. અચેતન અનંત રંગ, ગંધ, રસ, સ્પર્શ સ્વભાવ સ્વરૂપ. ક્ષેત્ર નાનું એમ ન લ્યો. ક્ષેત્રનો અર્થ એ ન લ્યો. આવડું એમ નહિ. એક અનંત બેહદ રંગ, ગંધ, રસ, સ્પર્શ, અસ્તિત્વ, વસ્તુત્વ શક્તિનો સાગર શાશ્વત અનંત, શાશ્વત અનંત એવી વસ્તુ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એવા એવા અનંત ગુણા પરમાણુઓ.

હવે એક અંગુલના અસંખ્ય ભાગમાં, આટલામાં અનંતા પરમાત્મા બિરાજે છે, આત્મા. હવે જેટલું ક્ષેત્ર પરમાણુનું છે, આ અંગુલના અસંખ્યભાગ... જરી અસંખ્ય પ્રદેશ રોકે છે ને એક જીવ, બાકી તો એક પ્રદેશમાં અનંતા પ્રદેશ રહે છે. પણ એ અસંખ્ય પ્રદેશ રોકે છે અને પરમાણુ એક પ્રદેશ (રોકે છે). એટલાથી જરી પહોળો-મોટો છે. પણ અંગુલના અસંખ્ય ભાગમાં

અસંખ્ય તો ઔદારિક શરીર છે, અને એક એક શરીરમાં અનંત આત્મા છે. એક એક આત્મામાં અનંત અનંત શાશ્વત, અનંત સ્વભાવની બેહદ ... પડી છે. સમજાણું કાંઈ? આ છે, આ છે. એવા બધા છે એને જ્ઞાનનો પર્યાય કબુલે છે એ જ તે બધું છે. એટલો એક સમયની પર્યાયની તાકાતવાળો છે. દ્રવ્ય તો એકકોર રહી ગયું. દ્રવ્યનું પ્રતીતરૂપ ભલે આવ્યું પર્યાયમાં, પણ દ્રવ્ય પર્યાયમાં આવ્યું નથી. જ્ઞાન આવ્યું, ભાઈ! જ્ઞાનની પર્યાયમાં એ દ્રવ્યનું જ્ઞાન આવ્યું. એમ અનંતા પરમાત્મા ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ સ્વભાવના સાગર, સ્વભાવ. આ સ્વભાવ જ્યાં જોયો, જાણ્યો એને બધા સ્વભાવ આવા છે. સમજાણું કાંઈ?

આ તો વીતરાગ માર્ગ છે અને અનંત આનંદદાયક છે. સમજાણું કાંઈ? એવો એક સમયનો પર્યાય આટલા બધા અનંત કેવળીઓ સિદ્ધોને પણ પર્યાય જાણે. એ દ્રવ્ય છે... છે... છે... ઠીક. પણ આનો એક સમયનો પર્યાય એ છે એને અડ્યા વિના જાણે એવી એક સમયની પર્યાયની તાકાત છે. એવો પર્યાય જેને અડતો નથી એવું દ્રવ્ય ઉત્પન્ન થતું નથી, એ દ્રવ્ય નાશ થતું નથી. શાશ્વત અનંત દ્રવ્ય છે. સમજાણું કાંઈ? શાંતિભાઈ! આ દિવાળીનું આવ્યું છે આ. આહા..!

વસ્તુ છે કે નહિ? છે કે નહિ? એ સત્ છે કે નહિ? છે કે નહિ? હોવાપણે છે કે નહિ? હોવાપણે છે એનું ન હોવાપણું (ક્યે) કાળે હોય? ક્યારે તે કાળે ન હોવાપણું હોય? અને જેનું હોવાપણું છે એના હોવાપણાના સત્તામાં અંત (આવે) કે અહીં હવે નહિ, એવું ક્યારે હોય? ક્યા કાળે હોવાપણે ન હોય અને ક્યા ભાવમાં એના હોવાપણાનો અંત આવે? સમજાય છે કાંઈ? આહા..હા..! મગજમાં લોજીકથી તો વાત કરાય છે, કાંઈ એમ ને એમ ઘસરપસર થાતું નથી.

જે છે તત્ત્વ, પરમાણુ હો કે આત્મા હો, ફક્ત પરમાણુમાં જ્ઞાન નથી, એનો નિર્ણય કરનારું જ્ઞાન છે. એટલે મહત્તા આની છે. પણ આ પણ સ્વભાવ જ્યાં પરમાણુ પણ વસ્તુ છે કે નહિ અણકરેલી અકૃત્રિમ? એને કાળ છે? કે, ક્યે કાળે નથી? ક્યે કાળે નહિ હોય? તો એના ભાવમાં કેટલા ભાવ હોય અને આટલો ભાવ ન હોય, એમ હોઈ શકે નહિ. દ્રવ્ય તો થઈ ગયું. કાળનો ... ભાવ પોતે થયું, ક્ષેત્ર આટલું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

હવે આ આત્મા જેનો એક સમયનો પર્યાય પરિપૂર્ણ પ્રગટ્યો. હવે પરિપૂર્ણ પ્રગટ્યો એની આદિ થઈ પર્યાયની, કાળની આદિ થઈ. હવે નહિ જાય. પણ એના ભાવનું સામર્થ્ય અનંત છે. ત્યારે દ્રવ્ય જે છે એને કાળનો કાંઈ કાળ નથી. ભાવના સ્વભાવની બેહદતા ભરેલી છે. સમજાણું કાંઈ? કોઈ દિ' આવે છે તમારે ત્યાં એમાં? આંકડા-બાંકડામાં નહિ આવતું હોય? આહા..હા..!

આ સર્વજ્ઞ ભગવાનનું પદાર્થ વિજ્ઞાન. સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્મા વાણી દ્વારા કહીને સમાપ્ત થઈ ગઈ આજ. બસ, સમાપ્ત થઈ ગઈ—વાણી પૂરી થઈ ગઈ, સંસાર પૂરો થઈ ગયો. એવો ભગવાન આત્મા... કહે છે, ભાઈ! એ કર્મના સદ્ભાવે દ્રવ્ય હણાણું નથી, કર્મના અભાવે દ્રવ્ય ઉત્પન્ન થતું નથી. વસ્તુ છે એને કાળ પણ નથી અને એના ભાવની હદ નથી. પર્યાય પ્રગટી એનો કાળ નવો ઉત્પન્ન થયો. પણ તેના ભાવના સામર્થ્યનો સ્વભાવ છે ને પર્યાય? સ્વભાવની પૂર્ણતા પ્રગટી એના ભાવનું માપ નથી. કે, હવે આટલું જાણે ને આટલું જાણે. એમ છે... છે... છે... છે... છે... આકાશનો દાખલો તેથી ઘણીવાર આપીએ છીએ. આમ આકાશ એમ ને એમ ચાલ્યું જાય છે એમાં 'છે' એમાં 'નથી' એમ ક્યાંય નહિ આવે. ક્ષેત્ર અસ્તિમાં નાસ્તિ એટલે નહિ એવું નહિ આવે. કેમકે ક્ષેત્રનો સ્વભાવ અસ્તિપણે એમ ને એમ જાય છે. એ અસ્તિમાં ક્યાંય નાસ્તિ નહિ આવે.

એમ ભગવાન આત્મામાં એક સમયની પર્યાયના પ્રગટપણામાં ભાવના સામર્થ્યનું અસ્તિત્વ, મોજૂદગી કેટલી... કેટલી... કેટલી? અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... એનો પાર ન આવે, પણ એની કાળની નવી પર્યાય પ્રગટી એટલો ફેર છે, દ્રવ્યની અપેક્ષાએ. ભાઈ! પણ દ્રવ્ય જે છે એને કાળ પણ નથી. જેમ અહીં હદ નથી એમ આને કાળને હદ નથી. હવે એના ક્ષેત્રનો સ્વભાવ પણ અનંત અનંત એમ ને એમ બધે ચાલ્યો જાય છે. હોં! વ્યાપક ક્ષેત્ર સ્વભાવ. અહીં ભગવાન આત્માનું દ્રવ્ય, એનો સ્વભાવ એટલો છે કે, એક પર્યાયને જાણવી, છ દ્રવ્યને જાણ્યા. એટલામાં દ્રવ્ય નથી આવતું. બહાર દ્રવ્ય નથી આવી ગયું પર્યાયમાં, જ્ઞાન એનું ભલે આવ્યું. સમજાણું કાંઈ?

જે વસ્તુ છે, સત્ છે એને કાળની મર્યાદા નથી, એને ભાવની મર્યાદા નથી. પર્યાયને કાળથી મર્યાદા ઉત્પન્ન થઈ, ભાવની મર્યાદા ન હોય સ્વભાવને. સમજાણું કાંઈ આમાં? અરે..રે..! આવો પ્રભુ તું છો. એવો ભગવાન આત્મા વસ્તુ તરીકે સત્, શાશ્વત સત્ નિરાલંબી દેહ પ્રમાણે ચૈતન્યગોળો ભગવાન આત્મા, જેની ઉત્પત્તિ નહિ, અંત નહિ. જેના સ્વભાવની શક્તિઓની તો વાત શું કરવી! જેના એક સમયના પર્યાયમાં એની મર્યાદા ન આવે કે, હવે બસ. ઘણું જાણ્યું માટે એટલું (હદ) એમાં ન આવે. આહા..હા..! એવી એવી અનંતી પર્યાયો સદશ શક્તિરૂપનો પિંડ ધ્રુવ તત્ત્વ, નવો ઉત્પન્ન થાય નહિ, કર્મ એને હણે નહિ, કર્મના અભાવે એ ઉત્પન્ન થાય નહિ. નવરંગભાઈ! સમજાણું કાંઈ?

'**ઉસ પરમાત્માકો તૂં ચિંતવન કર.**' આહા..હા..! આ તો 'પરમાત્મપ્રકાશ' છે. એવો પરમાત્મા પહેલો વિશ્વાસમાં લાવ. વિશ્વાસ જો બેસે તો એ બાજુ દૃષ્ટિ જાય. વિશ્વાસ બેસે કે આવું આ હોય જ. આવું ન હોય તો એ સત્ત્વને સત્વ જ ન કહેવાય. એમ જે વીર્ય

અને જ્ઞાન અને શ્રદ્ધા ભલે વિકલ્પવાળી, એવી કબુલાત જેની ન આવે તો અંદર વળી નહિ શકે. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, રતિભાઈ! આમાં ન્યાયથી વાત છે કે એમ ને એમ છે? ભગવાન ... જાવ. એમ માનો અમે આમ કહીએ છીએ. પણ કઈ રીતે? બાપા! ભાઈ! સત્ શાશ્વત કહીએ જેને. સત્ શાશ્વત કહીએ. એક એક સત્ શાશ્વત હોય, અનંત શાશ્વત ભિન્ન-ભિન્ન. ઓહો..હો..!

જેનો સ્વભાવ શાશ્વત. સદૃશતાની શક્તિનું સત્ત્વ આખું શાશ્વત. ઓહો..! એવો પરમાત્મા, એનો તું વિશ્વાસ પર્યાયમાં કર. અને વિશ્વાસ કરીને એ બાજુમાં ઢળ. આહા..હા..! સમજાણું કાંઈ? આ એને કરવાનું છે જો સત્ જોઈતું હોય તો. બાકી તો રખડ્યા કરે ચોરાશીમાં. સ્વર્ગ મળે કે નરક મળે, ધૂળ રાજા થાય કે રાંક થાય, બધા ભિખારા છે. સમજાણું કાંઈ? જે ઠરવાના ઠેકાણા ઢીમ પડ્યા છે ધ્રુવપણે, એને વિશ્વાસ લઈને ત્યાં જા તો ત્યાં વિશ્રામ ઠામ ઠરી શકીશ. આહા..હા..! પણ એ બેસવું મુશ્કેલ પડે. આ આવડો હું? એમ કેમ બેસે? આમ દાળ વિના ચાલે નહિ, શાક વિના ચાલે નહિ. જરીક એક અંગ સગવડતાનો એક તૂટે ત્યાં રાડ નાખે. ...ભાઈ!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ પ્રશંસા આવી ગમે તે જૂઠા હાડકાની ને લાકડાની ને ધૂળની. તું પૈસાવાળો ને તું શરીરે સારો ને તું બુદ્ધિવાળો. મૂર્ખ કહે તો અપમાન લાગે. બુદ્ધિવાળો કહે ડાહ્યો. આ બધા જડના અપમાન ને જડની પ્રશંસા ગોઠે છે મૂર્ખને. ચંદુભાઈ! આહા..હા..! અમે નિર્ધન, અમે બાયડી વિનાના. એક બાયડી નથી, વાંઢા. અમને રોગ ખસે નહિ કોઈ દિ'. શું છે પણ હવે?

મુમુક્ષુ :— એ નજરે દેખાય આવે.

ઉત્તર :— શું નજરે દેખે છે? નજરે દેખનાર કેવડો છે એની તો ખબર નથી. જેના અસ્તિત્વમાં આ શું છે એ જણાય છે, ભલે પર્યાય તો એનું અસ્તિત્વ છે ને? જ્ઞાનના અસ્તિત્વ-મોજૂદગીમાં આ આમ જણાય છે કે નહિ? તો એ અસ્તિત્વનો પર્યાય કોનો છે પણ? જેનો છે એનું તો મહાત્મ્ય નથી ને આ અસ્તિત્વનું પરનું અંદર રાખીને... આ આવ્યું ને આ ગયું ને આ થયું ને આ ગયું. હોળી કર્યા જ કરે છે અનાદિથી. એમાં ક્યાંય એને શાંતિ મળતી નથી. કહો, સમજાણું કાંઈ?

કહે છે, એ પરમાત્માનું ચિંતવન કર. પહેલા આઠ કર્મની વાત કરશે જરી કે, જરી પર્યાયમાં આમ થાય છે પણ શુદ્ધ ચૈતન્ય જુઓ તો તેનામાં કાંઈ છે નહિ. થયું ને ગયું એવું કાંઈ છે નહિ. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :-** '**યદ્યપિ જો કે વ્યવહારનયસે...**' જુઓ! એ બધો પર્યાયનું ઉત્પન્ન થવું ને વ્યય થવો બધો વ્યવહારનય છે. નિશ્ચય તો ભગવાન આમ પડ્યો છે. ઉત્પાદ વ્યય છે એ વ્યવહારનયનો વિષય છે, ધ્રુવ તે નિશ્ચયનો સત્ વિષય છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેવળજ્ઞાનની ઉત્પત્તિ થવી ને ન થાય એ બધો વ્યવહારનયનો વિષય છે. ઉત્પાદ-વ્યય વ્યવહારનયનો (વિષય છે). ભગવાન આત્મા ધ્રુવ નિત્યાનંદ પ્રભુ સત્ શાશ્વત. જેના એક પર્યાયમાં છ દ્રવ્ય જણાય એને માને, એણે પર્યાયને માની. આવડી પર્યાયને આટલી માને તો હોં! પણ પાછુ દ્રવ્ય જે છે એમાં તો આટલો પર્યાય અંદર નથી. સમજાણું કાંઈ? એવો પ્રભુ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ (છે).

જેને પર્યાયમાં '**શુદ્ધાત્મસ્વરૂપકે રોકનેવાલે...**' સ્વરૂપ તે રોકનેવાલા એટલે પર્યાયમાં પ્રાપ્તિની પર્યાયને રોકવામાં. દ્રવ્યમાં તો જેમ છે એમ છે. સમજાણું કાંઈ? '**અપને અપને કાર્યકો કરતે હૈં,...**' પર્યાય વિકારી કાર્ય કરે છે. '**અર્થાત્ જ્ઞાનાવરણ તો જ્ઞાનકો ઢંકતા હૈ,...**' ઢંકતાકા અર્થ? એ નિમિત્ત થાય છે અને અહીં પર્યાયમાં હીણી દશા થાય છે. એ કાર્ય છે, કારણ પ્રભુ ભગવાન એમાં એ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

જગતમાં પણ (કહે છે), સારામાં સારી ચીજ લાવજો, હોં! એમ કહે. કહે કે નહિ? છોકરો એનો બાપ જાય તો કહે, બાપા! સારી રીતનું સારું રમકડુ લાવજો, બાયડી કહે કે સારો સાડલો લાવજો, છોકરો મોટો હોય તો (કહે), સારામાં સારો દાગીનો લાવજો, હોં! સારામાં સારો ઊંચો. હવે સારામાં સારો તો આ ભગવાન આત્મા છે, કહે છે. ભગવાનને કહે (છે) કે, સારામાં સારો મહારાજ મને પ્રભુ બતાવજો, હોં! તો કહે છે જો સારામાં સારો આ તારો આત્મા એ સારામાં સારો છે. ચંદુભાઈ!

કેવળજ્ઞાનાદિ ક્ષાયિક ભાવ આદિ જેની પાસે અપરમભાવ છે. ક્ષાયિક કેવળજ્ઞાન પણ જેના દ્રવ્ય સ્વભાવ પરમ ભાવ આગળ અપરમ ભાવ છે. ...ભાઈ! આ શેની વાત ચાલે છે? '**भूदत्थम**' એની. ભૂતાર્થ... ભૂતાર્થ... ભૂતાર્થ. પછી '**अलस्सदो**' એ તો એની નજર કરવી એ તો પર્યાયથી. પણ આવો આ છે. સમજાણું કાંઈ? ઈ કર્મને લઈને જરી નિમિત્તમાં પર્યાયના સંબંધે ઢંકાવું એવો પર્યાયમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હો, વસ્તુમાં નથી.

'**દર્શનાવરણકર્મ દર્શનકો આચ્છાદન કરતા હૈ,...**' દર્શનની પર્યાયમાં નૈમિત્તિકતામાં હીણી દશા, દર્શનાવરણી એ હોય એ બે વ્યવહાર છે. '**વેદનીય સાતા-અસાતા ઉત્પન્ન કરકે અતીન્દ્રિયસુખકો ઘાતતા હૈ,...**' પર્યાયમાં, હોં! પર્યાયમાં સુખની દશામાં નિમિત્ત અશાતા-શાતા છે. એટલો એને સંબંધ છે. વસ્તુમાં એ છે નહિ. ઓહો..! '**મોહનીય સમ્યક્ત્વ તથા ચારિત્રકો રોકતા હૈ,...**' સમકિત એક પર્યાય, હોં! ચારિત્ર પર્યાય. એમાં મોહનીયનું નિમિત્ત

છે. આ એની સાથે બે સંબંધ છે. રોકતાનું નાખે. રોકતા હૈ નામ તું પર્યાયથી ત્યાં અટકે છો એટલે એ રોકે છે એમ કહેવામાં આવે છે. તારું સ્વતંત્રપણું છે એમાં પણ.

**'આયુકર્મ સ્થિતિકે પ્રમાણ શરીરમેં રાખતા હૈ,...'** જેટલી સ્થિતિ હોય એટલું આમાં રહે. આત્માને ક્યાં વળી સ્થિતિ? અહીં તો એક સમયની પર્યાયમાં એની પચાસ-પચ્ચીસ વર્ષની સ્થિતિની યોગ્યતા અને આયુષ્યનું નિમિત્ત. એટલો સંબંધ પર્યાયને ઓલા સાથે છે. વસ્તુ જે છે સ્થિતિની બહાર વસ્તુ અનાદિ-અનંત ભગવાન આત્મા. એમાં આ સ્થિતિ-ફિતિ લાગુ પડતી નથી. સમજાણું કાંઈ? કહો, કાંતિભાઈ! સમજાય છે? આ જુદી જાતની કારીગરી છે.

હવે દિવાળીના દહાડા, અમે તો સાંભળવા આવ્યા. તમે આવી માંડો. અમને સમજાય નહિ. ન સમજાય. પણ તું ન સમજે એમ કહે છો કેમ? ન સમજાય એમ કહે છો કેમ? એ તારી લાયકાતની હાનિ પામે છે. અહીં તો કહે છે, કેવળજ્ઞાનનો પર્યાય છો એ પણ જ્યાં આખો અંશ પૂરી ચીજ નથી, એનામાં પૂરું પડતું નથી સત્‌નું જાણવામાં એટલી તો એની તાકાત છે. એ પર્યાય પણ ઉત્પન્ન થયેલી છે, વસ્તુ ઉત્પન્ન થતી નથી. પછી ન જણાય, ન સમજાય એમ માનવું એ જ એને પોતાના આત્માની મહિમા છોડીને બીજાની હીણાની, હીણો કરનારની મહિમા કરીને સાંભળે છે.

અહીં તો ભગવાન 'કુંદકુંદાચાર્ય' કીધું નહિ? હું સિદ્ધ ને તું સિદ્ધ. સાંભળ. ના પાડીશ નહિ, ના પાડ તો શ્રોતા નહિ અમારો, એમ કહે છે. આહા..હા..! એમ કીધું કે નહિ? અનંતા સિદ્ધને અમારી પર્યાયમાં સ્થાપીએ છીએ. આ દિવાળી છે. અનંતા સિદ્ધો એક તો ભગવાન મોક્ષ ગયા એવા અનંતા ત્યાં ભેગા થયા છે. એ પછી ઘણા સિદ્ધો સંખ્યાતા થયા. મહાવિદેહમાંથી મોક્ષ જાય. અહીંથી ભલે જતા નથી, અહીંથી થોડા ગયા હતા. નહિ? સુધર્માસ્વામી, જંબુસ્વામી આદિ બીજા મુનિઓ કેવળ પામ્યા. ત્યાંથી તો જાય સદાય. છ મહિના આઠ સમય હાર બંધાણી છે આમ. કહે છે કે, બધા સિદ્ધોને અમે આત્માની પર્યાયમાં સ્થાપીએ છીએ. અરે..! જનતા! અમે તારી પર્યાયમાં પણ અનંત સિદ્ધને સ્થાપીએ છીએ. સ્થાપીને અમે વાત કરીએ છીએ, હોં! હવે હીણો ન સમજી શકે, એ તારાથી ન થાય. આહા..હા..! એ ઉપાડી છે વાત ત્યાંથી જ ઉપાડી છે સમયસારની. સમજાણું આમાં?

મુમુક્ષુ :— દાતા તો આવા હોય.

ઉત્તર :— પણ દાતા તે કાંઈ માગે? તું માગ કહે છે. કીધું હતું એક દાતાને. લેવા ગયો હતો ઓલી બીડી. દિવાસળી પીને નાખ્યું ઓલામાં-બાકસમાં. ઓલા લેવા આવ્યા. હવે આની પાસે કેટલું માગવું? શું કરવા આવ્યા છો ભાઈ? દિવાસળીથી બીડી પીવે ને? થોડી .. નાખી બાકસમાં. કીધું, આની પાસે શું માગવું? આ દીવાસળી નાખી દેતા નથી બહાર ફળીયામાં.

શું કરવા ભાઈ આવ્યા છો? શું આશા રાખો છો મારી પાસે? એમ પૂછ્યું. શું આશા રાખો છો મારી પાસે? ... બે-પાંચ હજાર આપશો. તમારી આશા મારે માટે કેટલી છે? કે દશ હજાર આપો. આ દશ હજાર. આ શું? ... પણ એ દીવાસળીનું ઠુંઠું બહાર નાખી દેવું. એની રાખ જરીક હોય આ બાજુમાં એ ક્યાંક પડે, ક્યાંક બગડે કે, આમાં પડશે એવા હેતુથી મેં આમાં નાખી હતી, પેલા માટે નહિ. આ બાજુ સળગી હોય ને થોડી? રાખ હોય ક્યાંક નાખે ત્યાં એ જમીન બગડે, કપડું બગડે. એ કરતા આમાં નાખી છે તે એ બગડે ભલે ને પછી નાખી દેશે. આવા હેતુથી દાતાની કિંમત તું ન કર. ઓલો કહે, માગ, તારે આશા મારી પાસે શું છે? હવે આનાથી પેલા હણાઈ ગયાને અંદર પહેલેથી? સાહેબ! દશ હજાર. ભૂલ્યા. ફરીવાર કાંઈ કહેવાય છે?

ભગવાન પરમાત્મા કહે છે, માગ માગ તું! કેટલું જોવે છે તારે? આહા..હા..! અમે કહીએ છીએ સિદ્ધ છો, પર્યાયમાં સિદ્ધ સ્થાપીએ છીએ. હવે તારે શું માગવું છે? આહા..હા..! એમ કરીને તો 'સમયસાર' ઉપાડ્યું છે. એની ગતિ, સમયસાર કહેવાની ગતિ જુદી જાતની છે. સમજાણું? અમારી પાસે સિદ્ધ સિવાય ઓછું માગીશ નહિ અને એ ભગવાન અંદર પૂરો છે. એ સિદ્ધપદને એક સમયમાં પ્રગટ કરે એવી તાકાત તો એવી અનંતી પડી છે એનામાં. આહા..હા.! સમજાણું કાંઈ? પણ એને એ વસ્તુ, વસ્તુ એની કિંમત નથી એને આવતી. હવે એ કિંમત આવ્યા વિના જેની કિંમત એને છે એ સંયોગ કેમ છોડે? નિમિત્તની કિંમત, રાગની કિંમત, અલ્પજ્ઞતાની કિંમતનો અહંકાર જ્યાં થોડુંક જાણપણું થાય ત્યાં આહા..હા..! હવે એ તે અલ્પજ્ઞતા કે દિ' છૂટશે તને? એમાં ને એમાં સડી જાઈશ રાગમાં ને રાગમાં નિમિત્તમાં લક્ષવાળું. સમજાણું કાંઈ?

ભર્યા ભંડાર જેના ઘરમાં પડ્યા છે. લોકો નથી કહેતા? ભર્યે ભાણે સંતોષ નહિ ને આ એંઠા ચાટવા જા. એમ ભગવાન આત્મા પર્યાયમાં, ભલે કહે છે, કાર્ય-કારણ હો નિમિત્ત સાથે. ભગવાન ધ્રુવમાં કંઈ છે જ નહિ. આહા..હા..! એવો વિશ્વાસ શું કરે? એને કેમ આવે? અર..ર..! આ? ભાઈ! જે સત્ છે, શાશ્વત છે, અણકરાયેલું છે, કાળની હદ વિનાનું છે, કાળના નાશ વિનાનું છે. એના ભાવના હદની શક્તિની શાશ્વતતાનું શું કહેવું? ભાઈ! એને કોઈ ક્ષેત્રની મોટપની જરૂર નથી. આવડું ક્ષેત્ર કે એમ નહિ. એના સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... ધ્રુવ પર્યાયમાં ભલે સ્થિતિ પણ એટલી હો. વસ્તુની કોઈ સ્થિતિ જ નથી. સમજાણું?

**'નામકર્મ નાના પ્રકાર ગતિ જાતિ શરીરાદિકકો ઉપજાતા હૈ, ગોત્રકર્મ ઊંચ નીચ ગોત્રમેં ડાલ દેતા હૈ, ઔર અન્તરાયકર્મ અનંત (બલ) કો પ્રગટ નહીં હોને દેતા. ઈસ પ્રકાર યે કાર્યકો કરતે હૈં,...'** પર્યાય નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એ વ્યવહાર. **'તો ભી**

**શુદ્ધનિશ્ચયનયકર આત્માકા અનંતજ્ઞાનાદિસ્વરૂપકા...**' ધ્રુવ હોં, એ. અનંત જ્ઞાન, વિજ્ઞાનનો પિંડ પ્રભુ એકલો ચૈતન્યઘન છે. અંત જેના જ્ઞાનના, દર્શનમાં સારમાં નથી એવા અનંત... અનંત... અનંત... અનંત... અનંત... શક્તિ, હોં! ઓલી પર્યાયની અનંતતા તો પહેલી કીધી. એવું '**ઈન કર્મોંને ન તો નાશ કિયા, ઔર ન નયા ઉત્પન્ન કિયા,...**' ઉત્પન્ન થાય તો પર્યાય થાય, ધ્રુવ ઉત્પન્ન થતું નથી. ઓહો..હો..! કહો, સમજાણું કાંઈ? લ્યો! શું કહે છે?

'**આત્મા તો જૈસા હૈ વૈસા હી હૈ.**' ભાઈ! ભગવાન! તારા અંતરનું ભગવાનપણું જે ધ્રુવપણું છે, એવું ને એવું પડ્યું છે. એને બેસતું નથી એ જ અહીં વાંધા છે. સમજાણું કાંઈ? એક સમયનો ભગવાન આમ આત્મા. જેવો અનાદિનો એવો અત્યારે એવો ને એવો છે. ધ્રુવપણામાં ઊણપ, ઓછપ, અધિક, વિકાર, હીણો, અધિક કાંઈ છે નહિ. સમજાણું કાંઈ? ઓહો..હો..! જેનામાંથી કેવળજ્ઞાન થાય તો ત્યાં ઉણું થયું નથી, જેમ છે તેમ છે. કેવળજ્ઞાન થાય તો છે તેવો ને તેવો છે. અને નિગોદમાં રહ્યો ત્યાં પર્યાયમાં ફેર હો ભલે, પણ વસ્તુ તો છે એવી છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ત્રિલોકનાથ સર્વજ્ઞ દેવાધિદેવ પરમાત્મા મહાવીર આ છેલ્લી વાણી કરીને મુક્તિએ પધાર્યા. બાપા! તું પણ પ્રભુ! આવો છો, હોં! તારી પ્રભુતાની હદ અમારા જ્ઞાનમાં આવી, વાણીમાં પૂરી ન આવે એવો તું છો. સમજાણું? કહે છે, એવો ભગવાન ધ્રુવ પ્રભુ એ પર્યાયે ઉત્પન્ન થઈ તો એ અવસ્થા ઉત્પન્ન થઈ. હીણી થઈ તો પર્યાય હીણી થઈ, મોક્ષમાર્ગ તરીકે થઈ તો પર્યાયમાં નિર્મળતા આવી, વસ્તુ તો જે છે એવો... એવો... એવો.. ધ્રુવ... ધ્રુવ... સત્.

'**ઐસે અખંડ પરમાત્માકો તૂ વીતરાગ નિર્વિકલ્પસમાધિમેં સ્થિર હોકર ધ્યાન કર.**' લ્યો! આહા..હા..! ભાઈ! એનું માહાત્મ્ય લાવી અને એક કોરનું પડખું ફેરવી, અને આ અંતર પડખે જા. રાગ રહિત શ્રદ્ધા, રાગ રહિત જ્ઞાન, રાગ રહિત શાંતિ, એ દ્વારા આવો આત્મા છે એમ માહાત્મ્ય આવે એટલે આવી દૃષ્ટિની સ્થિરતા થયા વિના રહે નહિ. એ દ્વારા એનું ધ્યાન કર એ મોક્ષનો માર્ગ છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

પાઠકોની નોંધ માટે




: પ્રકાશક :

**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

વિલે પાર્લા, મુંબઇ.

www.vitragvani.com